વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૩૯મું
ઓક્ટોબર - ૨૦૧૪
અંક : ૪૩૭

મંગલ મંદિર ● ઓક્ટોબર-૨૦૧૪ ● ૧
(કુલ પાના : ૨૦૬)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

સંભારણાં વિશેષાંક - ૩

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## દિપોત્સવી અંક



તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા

મુખ્ય કાર્યાલય :-
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org

## સર્વે વાચકોને નવલા વર્ષની શુભ કામનાઓ....

# 'નવનીત'નાં શ્રેષ્ઠ જ્ઞાનવર્ધક પ્રકાશનો...




આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.

NAVNEET®

Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED

**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, **Ahmedabad – 380 052**. India

**Phone :** (079) 6630 5000, 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000

**email :** navneet.ahd@navneet.com • **Website :** www.navneet.com


Since 1958
Leading. Innovating. Growing.
Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012
ISO 9001 : 2008
V-Trans offers unmatched service edge to all its customers
Our Divisions
V-Trans
Reliable Hard Freight Transport
V-Xpress
Timebound Multimodal Express Cargo Service
V-Logis
Warehousing & Inventory Management
• Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
• Expertise in multi point door pickup and door delivery
• Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
• Geographical presence across India at 400 locations in 26 states - further expanding
• Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof
Wishing You All A Very Happy & Prosperous New Year
Corporate Office : V-Trans (India) Limited
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com
V-Trans Toll Free no. : 1800-220-180
V-Xpress Toll Free no. : 1800-220-240


WISHING ALL THE READERS A VERY HAPPY DIWALI & PROSPEROUS NEW YEAR....
COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL®
Masala Grinder
Cum
Mini Flour Mill
PATENTED BY GOVT. OF INDIA
Instagrind
QUALITY CONTROL ORDER 1981.88.93
HOUSE HOLD ELECTRICAL APPLIANCES MAH/10/009/0694
GOVERNMENT OF MAHARASHTRA
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
COOKWELL®
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON™
100% Safe Water
High Performance Mineral Water System
Big 17 Ltrs. CAPACITY
TESTED By
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
NANO Ceramic Candle
Silica Sand
Silver Activated Carbon
Activated Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
COOKWELL®
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ આવકાર્ય

# વાર્તારસિકો માટે વિશિષ્ટ પુસ્તકો

વિશ્વની વિવિધ ભાષાઓના
વીસ સર્જકોની વીસ નવલકથાઓ
સંક્ષિપ્તરૂપે એક જ પુસ્તકમાં




**વિશ્વશ્રેષ્ઠનવલકથાઓ**

યશવંત મહેતા  કિંમત : રૂ. 300

ગુજરાતી સાહિત્યની ઉત્કૃષ્ટ નવલિકાઓ




**૧૫ પ્રતિનિધિ**

**ગુજરાતી નવલિકાઓ**

સંપા. પ્રસાદ બ્રહ્મભટ્ટ  કિંમત : રૂ. 180

## નવલકથાઓ

| | | |
|---|---|---|
| રાજગઢી | રામચંદ્ર પટેલ | 200 |
| આપણે ઘડીક સંગ | દિગીશ મહેતા | 125 |
| અકૂપાર | ધ્રુવ ભટ્ટ | 200 |
| જન્મારો | ઊજમશી પરમાર | 225 |
| નાગમણિ | ભદ્રાયુ વચ્છરાજાની | 80 |
| એક અધૂરી સાધનાકથા | માવજી કે. સાવલા | 100 |
| લેડીઝ હૉસ્ટેલ | કેશુભાઈ દેસાઈ | 180 |
| અણધારી યાત્રા | યોગેશ જોષી | 225 |
| છાવણી (ઇનામી) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| એક ડાળ મીઠી(ઇનામી) | ધીરુબહેન પટેલ | 150 |
| વાડ | ઇલાઆરબ મહેતા | 180 |
| પારકાં જણ્યાં | ઉમાશંકર જોશી | 110 |
| અંગદનો પગ | હરેશ ધોળકિયા | 120 |
| અસૂર્યલોક (ઇનામી) | ભગવતીકુમાર શર્મા | 300 |
| હુ હુ | નરોત્તમ પલાણ | 250 |

## નવલિકા સંગ્રહો

| | | |
|---|---|---|
| આવાગમન | વિજય શાસ્ત્રી | 100 |
| ખંડિયેર | રમેશ ર. દવે | 110 |
| તન તુલસી મન મોગરો | ડૉ.શરદ ઠાકર | 180 |
| કોઈ પ્રેમ કરે, કોઈ પૂજા | ડૉ.શરદ ઠાકર | 150 |
| સૌરાષ્ટ્રની રસધાર(સંકલિત) | ઝવેરચંદ મેઘાણી | 300 |
| ધૂમકેતુની શ્રેષ્ઠ વાર્તાઓ | ધૂમકેતુ | 150 |
| અણહિલપુરની લોકકથાઓ | હરજી પ્રજાપતિ | 100 |

## દીકરા પ્રત્યે સ્નેહ વહાવતાં પુસ્તકો

| | | |
|---|---|---|
| દીકરો વહાલનું આસમાન | નીલમ દોશી | 280 |
| માય ડિયર સન | રેણુકા પટેલ | 165 |

*નૂતન વર્ષની નવલી શુભકામનાઓ સહિત....*

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001**
**ફોન : 22144663 ફેક્સ : 22144663**
*ઈ-મેઇલ : goorjar@yahoo.com*

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
13, શિવરંજની સોસા., ઓવરબ્રિજના છેડે,
અશ્વમેધ બંગલોઝના બસ સ્ટેન્ડ પાસે,
સેટેલાઈટ, અમદાવાદ-15
ફોન : 26761366 મો. 9825268759



ઝગમગતા દીપકનો તહેવાર
આ ધરતી પર સુખ, શાંતિ અને સમૃદ્ધિની બહાર લાવે
તેવી અભ્યર્થના સાથે....
શુભ દીપાવલી પ્રસંગે આપ સૌને અભિનંદન
અને

નૂતન વર્ષના મંગલમયી પ્રભાતે
હાર્દિક શુભ કામના

**કે. આર. શાહ**
માનદ્ મંત્રી

**પ્રતાપ નારાણજી દંડ**
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ

તેમજ ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સર્વે સભ્યો
તથા "મંગલ મંદિર" પરિવાર
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧ ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com ● વેબસાઈટ : www.kutchijainahd.org

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *મંગલ મંદિર સંદર્ભ* — *લેખક* — *પાના નં.*

## તંત્રી લેખ :


- સંભારણાં વિશેષાંક -૩ ..... **અશોક મહેતા** .... ૧૧
- પ્રમુખના બે બોલ ..... **પ્રતાપ નારાણજી દંડ** .... ૧૩
- આગામી કાર્યક્રમોની એક ઝલક ..... ૨૦


## વિભાગ-૧

### અગાઉના તંત્રીલેખ


- સંયુક્ત કુટુંબ વિભાજિત શાથી થાય છે? ..... ફેબ્રુઆરી-૨૦૦૬ ..... **અશોક મહેતા** ... ૧૫
- સામાજિક દીક્ષા ..... મે-૨૦૦૬ ..... **અશોક મહેતા** ... ૧૭
- સ્વસ્થ અને નિર્મળ સમાજરચના ..... જુલાઈ-૨૦૦૬ ..... **અશોક મહેતા** ... ૧૯
- વર્તમાનકાળે ભારત ..... ઓક્ટોબર-૨૦૦૮ ..... **અશોક મહેતા** ... ૨૧
- એક સરાહનીય પ્રયાસ ..... ડિસેમ્બર-૨૦૦૮ ..... **અશોક મહેતા** ... ૨૩


### શિક્ષણ


- ૨૧મી સદીના શિક્ષણ માટે જરૂરી પગલાં ..... ઓક્ટોબર-૨૦૦૬ ..... **કાંતિસેન શ્રોફ** ... ૨૪
- અભ્યાસક્રમના ઘડવૈયાઓએ વિચારવું રહ્યું ..... મે-૨૦૦૭ ..... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ... ૨૫
- કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ આયોજિત શિક્ષક સજ્જતા શિબિર ..... એપ્રિલ-૨૦૦૮ ..... ૨૬


### પર્યાવરણ


- વિકાસમાં ખેતી અને ગામડાઓની અગત્ય ..... જુન-૨૦૦૭ ..... **કુંજન મહેતા** ... ૨૭
- ગાંડો બાવળ તદ્દન ગાંડો નથી, થોડો ડાહ્યો પણ છે ..... જુલાઈ-૨૦૦૭ ..... **એલ.ડી. શાહ** ... ૨૮
- ટીસ્યુ કલ્ચર પ્રયોગશાળા ..... નવેમ્બર-૨૦૦૭ ..... **મૂલચંદ કે. શેઠ** ... ૨૯


### સમાજની ક્ષિતિજો


- જીદ ..... ફેબ્રુઆરી-૨૦૦૬ ..... **કિરીટ નંદુ** ... ૩૦
- આત્મસંતોષ ..... ઓક્ટોબર-૨૦૦૬ ..... **ડો. શરદ ઠાકર** ... ૩૧
- સર્જનહારને શણગારતો બહેરો મૂંગો પરિવાર ..... નવેમ્બર-૨૦૦૬ ..... **જ્યોતિ ઉનડકટ** ... ૩૪
- સેલી ..... ઓક્ટોબર-૨૦૦૭ ..... **ગિરીશ ગણાત્રા** ... ૩૬
- આઈન્સ્ટાઈન ભણવામાં 'ઢ' હતો ..... એપ્રિલ-૨૦૦૮ ..... **ગુણવંત શાહ** ... ૩૯
- કપરાં ચઢાણ ..... નવેમ્બર-૨૦૦૮ **ડૉ. આઈ.કે. વીજળીવાલા** .. ૪૦


### ઇતિહાસ


- સામા પ્રવાહે તરવું છે – બદલાતી સંસ્કૃતિઓ ..... એપ્રિલ-૨૦૦૮ ..... **મુરજી ગડા** ... ૪૪


### વિચાર મંથન


- આપણાં ખર્ચાળ લગ્નો ..... એપ્રિલ-૨૦૦૬ ..... **જલદીપ કું. શાહ** ... ૪૬
- જનરેશન ગેપ ..... જુલાઈ-૨૦૦૭ ..... **કિરીટ પી. નંદુ** ... ૪૭
- સંતોષ : મનની આંખે હૃદયની પાંખે ..... સપ્ટેમ્બર-૨૦૦૭ ..... **પન્નાલાલ છેડા** ... ૪૯
- પરિવર્તન ..... ઓક્ટોબર-૨૦૦૭ ..... **કિરીટ પી. નંદુ** ... ૫૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ઘર : ૦૭૯-૨૬૭૫ ૨૧૨૨ મો. ૯૪૨૭૫ ૫૧૮૭૭

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## વિચાર વિમર્શ


- મન ........ સપ્ટેમ્બર-૨૦૦૭ ......... **નવીન લાલકા** ... ૫૧
- ભારતનો સાચો સુવર્ણકાળ ........ નવેમ્બર-૨૦૦૭ ......... **મુરજી ગડા** ... ૫૨
- ભારત : પતન અને પ્રગતિ ........ નવેમ્બર-૨૦૦૮ ...... **મગનલાલ સંઘવી** ... ૫૫


## કચ્છ


- કચ્છમાં પ્રવાસન ઉદ્યોગ ........ માર્ચ-૨૦૦૭ ......... **ચૌલા કુરુવા** ... ૫૮
- કચ્છના ઔદ્યોગિક વિકાસ માટે તકનિકી તાલીમની જરૂર ........ માર્ચ-૨૦૦૭ **પ્રા. જિતેન્દ્ર અંતાણી** ... ૬૦
- Special Economic Zones ........ માર્ચ-૨૦૦૭ ........ ૬૨
- કચ્છના આર્થિક સુદ્રઢતા સંક્રમણમાં
  ઉત્ખનન તથા ખનિજ પરિસંકુલોનું પ્રદાન ........ માર્ચ-૨૦૦૭ ....... **જયંતી વિ. ભટ્ટ** ... ૬૫
- કચ્છના શિક્ષણ અને પાણીના પ્રશ્ને ચિંતન શિબિર ........ મે-૨૦૦૭ ........ ૬૮
- કચ્છી ડૉક્ટરે સર્જેલો વિક્રમ ........ મે-૨૦૦૭ ........ ૭૧
- કચ્છના અભ્યાસક્રમમાં શૈક્ષણિક ગુણવત્તા ........ નવેમ્બર-૨૦૦૭ .. **રમેશ છબીલાલ દવે** ... ૭૨
- કચ્છમાં લોકોની દીપોત્સવીની ઉત્સવપ્રિયતા ઘટી નથી..... ડિસે.-૨૦૦૭ ....... **પ્રા.સૂર્યકાંત ભટ્ટ** ... ૭૩
- કચ્છની કાયાપલટ પર એક નજર ........ ફેબ્રુઆરી-૨૦૦૮ ...... **અમૃતલાલ માલદે** ... ૭૫
- કચ્છ રણોત્સવથી કચ્છી કારીગરોની
  કદરદાનીનો વ્યાપ વિશેષ વધ્યો છે ........ માર્ચ-૨૦૦૮ ....... **પ્રા.સૂર્યકાંત ભટ્ટ** ... ૭૬
- પ્રવાસનનું સ્વર્ગ એટલે કચ્છ ........ જુલાઈ-૨૦૦૮ ....... **પ્રા. પૃથ્વી શાહ** ... ૭૭
- કચ્છની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ........ જુલાઈ-૨૦૦૮ . **ઉમિયાશંકર અજાણી** ... ૭૯
- કચ્છમાં કૃષિ વિકાસ ........ જુલાઈ-૨૦૦૮ ........ **લાહિરી શાહ** ... ૮૨
- કચ્છની ભૂસ્તરીય ઉત્પત્તિ અને ભૂ-સંપદા ........ જુલાઈ-૨૦૦૮ ... **ડો. યોગેશ જાડેજા** ... ૮૩
- કચ્છનાં સ્થાપત્યો તથા પુરાતત્ત્વીય સ્થળો ........ જુલાઈ-૨૦૦૮ ....... **હરેશ ધોળકિયા** ... ૮૭
- કચ્છના હુન્નરોનો વિકાસ ........ જુલાઈ-૨૦૦૮ ......... **ચંદા કે. શ્રોફ** ... ૯૦
- કચ્છથી સ્થળાંતર થયેલ કચ્છીઓના વસવાટ પર એક દૃષ્ટિપાત..... ઓગસ્ટ-૨૦૦૮ ........ **પ્રવીણચંદ્ર શાહ** ... ૯૨


## સાહિત્ય


- સાચી જોડણી, સાચી સંસ્કૃતિ ........ ઓક્ટોબર-૨૦૦૭ ............ **રોહિત શાહ** ... ૯૮


## તંદુરસ્તી


- હોમિયોપેથી ........ ઓક્ટોબર-૨૦૦૭ ....... **ડૉ. ચાર્મી શાહ** ... ૯૯
- ૨૧મી સદીમાં બાળકોનો માનસિક ઉછેર ........ ઓગસ્ટ-૨૦૦૮ ... **ડૉ. મણિલાલ ગડા**. ૧૦૦
  **ડૉ. દિપ્તી શાહ (ગડા)**
- સ્પોન્ડીલોલીસ્થેસિસ ........ ઓગસ્ટ-૨૦૦૮ ... **ડૉ. દિલીપ પેથાણી**. ૧૦૪
- ઑબેસિટી ........ સપ્ટેમ્બર-૨૦૦૮ . **ડૉ. નીતુબેન પરીખ**. ૧૦૬


## સંસ્થા / વ્યક્તિ વિશેષ / જીવન ચરિત્ર


- કન્યા કેળવણીના કર્ણધાર : દાનવીર ડોસાભાઈ લાલચંદ શાહ .... ફેબ્રુઆરી-૨૦૦૭ **પ્રા. જિતેન્દ્ર અંતાણી** .૧૦૭
- કચ્છી જવાંમર્દને રાષ્ટ્રપતિ ચંદ્રક ........ એપ્રિલ-૨૦૦૭ ... **મણિલાલ કુ.ગોસર**. ૧૦૯
- ઘાયલ ક્રાંતિની મશાલ : તસ્લીમા નસરીન ........ જૂન-૨૦૦૮ ........ **પંકજ**. ૧૧૦
- રાણાજી આવ્યૈ સાથ છડેજી વેળા ........ ઓગસ્ટ-૨૦૦૮ ........ **પંકજ**. ૧૧૧
- મોટા ગજાના શિલ્પી : સરદાર પટેલ ........ ડિસેમ્બર-૨૦૦૮ **પ્રા. જિતેન્દ્ર અંતાણી**. ૧૧૫


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

## ધર્મ


- શું ઈશ્વર છે? ........ જાન્યુઆરી-૨૦૦૬ ........ **સત્યપાલ સંઘવી** ........ ૧૧૭


## સમાજ દર્પણ


- ચાલો, ફરી ઉજવીએ રેડીમેઈડ દિવાળી ........ નવેમ્બર-૨૦૦૭ ........ **કિરીટ પી. નંદુ** ........ ૧૨૦


## માહિતી


- ભારતની એક અજાયબી : ૭૫ વર્ષથી નીકળતી કચ્છી ખબરપત્રિકા ........ નવેમ્બર-૨૦૦૭ ........ **મંગલમ્** ........ ૧૨૨
- જાણવા જેવું ........ જાન્યુઆરી-૨૦૦૮ ........ **સૂરજલાલ મહેતા** ........ ૧૨૩
- ઊભરતા ભારતના આર્થિક વિકાસના ઉદ્દીપક ........ માર્ચ-૨૦૦૮ ........ **ધીરજ સોમપુરા** ........ ૧૨૪
- વિરાટ સંખ્યાને માપવાની અસીમ ક્ષમતા ધરાવતી ભારતની એક પધ્ધતિ ........ એપ્રિલ-૨૦૦૮ ........ **અમૃતલાલ માલદે** ........ ૧૨૫
- હિંદુ મેરેજ એક્ટ હેઠળ થયેલા લગ્નના છૂટાછેડા માટે કોર્ટની ડિક્રી જરૂરી
  કચ્છી જૈન દંપતીના કેસમાં વાંદરા ફેમિલી કોર્ટનો રસપ્રદ ચુકાદો ........ મે-૨૦૦૮ ........ **જેઠાલાલ ગંગર** ........ ૧૨૬
- ૫૦ વર્ષમાં પ્રગતિ કે અધોગતિ? ........ ઓગસ્ટ-૨૦૦૮ ........ **અમૃતલાલ માલદે** ........ ૧૨૭
- વિકાસ સંપન્ન મહાસત્તા બનવાના ન્યુક્લિયર યુગમાં ભારતનો મહત્ત્વાકાંક્ષી પ્રવેશ ........ ઓક્ટો.-૨૦૦૮ ........ **પ્રવીણચંદ્ર શાહ** ........ ૧૨૮


## હળવાશની ક્ષણોમાં


- બાળ વાર્તા : બહુરૂપીની પરીક્ષા ........ એપ્રિલ-૨૦૦૬ ........ **નવનીત પ્રકાશન સાભાર** ........ ૧૩૪
- બાળ વાર્તા : શેઠની શિખામણ ઝાંપા સુધી ........ ઓગસ્ટ-૨૦૦૭ ........ ૧૩૪
- હાસ્ય કટાક્ષિકા : માયાજાળ 'ટેક્સ'ની! ........ જુલાઈ-૨૦૦૬ ........ **ચિત્રસેન શાહ** ........ ૧૩૬
- ''અકુના મટાટા'' ........ મે-૨૦૦૭ ........ **મયૂર દેઢિયા** ........ ૧૩૭
- દિવાળી કાર્ડ — ભગવાનશ્રી તરફથી ........ જાન્યુઆરી-૨૦૦૮ ........ **મલૂકચંદ રતિલાલ શાહ** ........ ૧૩૯
- ટૂંકી લઘુકથાઓ ........ જૂન-૨૦૦૮ ........ **નજમા ગોલીબાર** ........ ૧૪૦
- મારી શ્રીમતી... તોબા... તોબા... ........ જુલાઈ-૨૦૦૮ ........ **એચ.એન. ગોલીબાર** ........ ૧૪૧
- સાત ટૂંકી લઘુકથાઓ ........ જુલાઈ-૨૦૦૮ ........ **નજમા ગોલીબાર** ........ ૧૪૩


## સંસ્થા સમાચાર


- અનોખી મહિલા બેંકર — ચેતના ગાલા ........ સપ્ટેમ્બર-૨૦૦૬ ........ **બિમલ મહેશ્વરી** ........ ૧૪૪
- જાગૃત આંખોનું સ્વપ્ન — શ્રી કચ્છી જૈન અતિથિ ભવન - મુંબઈ ........ નવેમ્બર-૨૦૦૭ ........ **પ્રતાપ નારાણજી દંડ** ........ ૧૪૫


## આંજો કાગર


- અભિપ્રાયો ........ જાન્યુઆરી-૨૦૦૬ ........ **સલોની લાલકા** ........ ૧૪૬
- વિશેષણો ........ મે-૨૦૦૬ ........ **શાંતિલાલ સંઘવી** ........ ૧૪૭
- વાંચવામાં - સાંભળવામાં આવ્યું ........ સપ્ટેમ્બર-૨૦૦૬ ........ **શાંતિલાલ સંઘવી** ........ ૧૪૭
- ખરખરા બાબત ........ એપ્રિલ-૨૦૦૭ ........ **શાંતિલાલ સંઘવી** ........ ૧૪૭
- કર્મના સિધ્ધાંત બાબત ........ મે-૨૦૦૭ ........ **શાંતિલાલ વ. શાહ** ........ ૧૪૮
- ડૉક્ટરોની માનવતા ........ જુલાઈ-૨૦૦૭ ........ **કે.ડી. શાહ** ........ ૧૪૯
- દીપોત્સવી - મુંબઈ વિશેષાંક ........ ડિસેમ્બર-૨૦૦૭ ........ **હંસરાજ કંસારા** ........ ૧૫૦
- દીપોત્સવી - મુંબઈ વિશેષાંક ........ ડિસેમ્બર-૨૦૦૭ ........ **ધીરજ સોમપુરા** ........ ૧૫૧
- સામાજિક પ્રોગ્રામ ........ મે-૨૦૦૮ ........ **ચંદ્રકાંત ગાલા** ........ ૧૫૧
- હવે આ હિંસા પણ અટકાવીએ ........ મે-૨૦૦૮ ........ **શાંતિલાલ વ. શાહ** ........ ૧૫૧
- ૧૯મી સદીનું મુંબઈ ........ જૂન-૨૦૦૮ ........ **લીલાધર વિસરીયા** ........ ૧૫૨
- વિશેષાંકોનો પ્રતિભાવ ........ ઓગસ્ટ-૨૦૦૮ ........ **પ્રા. જિતેન્દ્ર અંતાણી** ........ ૧૫૨
- વસ્તુપાલ - તેજપાલ બાબત ........ ઓગસ્ટ-૨૦૦૮ ........ **શાંતિલાલ સંઘવી** ........ ૧૫૩
- અષાઢીબીજ વિશેષાંક બાબત ........ સપ્ટેમ્બર-૨૦૦૮ ........ **મુલજી ગડા** ........ ૧૫૩
- તંત્રીલેખનો પ્રતિભાવ ........ ઓક્ટોબર-૨૦૦૮ ........ **શાંતિલાલ સંઘવી** ........ ૧૫૪

## વિભાગ-૨

### વિજ્ઞાન અને અહિંસા


- આજની દુનિયા માટેનો તરણોપાય - વિશ્વ અહિંસા દિવસ ........ ડૉ. કિશોર સાધુ ........ ૧૫૬


### પર્યાવરણ


- પર્યાવરણ સુરક્ષા અર્થે સક્ષમ ગાંધીજીના વિચારો ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ........ ૧૫૭


### વિચાર મંથન


- પ્રગતિરોધક માન્યતાઓ – ૩ ........ મૂળ લેખક : સુબોધ શાહ ● રજૂઆત : મુરજી ગડા ........ ૧૫૮


### સમાજની ક્ષિતિજો


- તું અને હું – આ દાસ્તાન સનાતન : (૬) ........ માવજી કે. સાવલા ........ ૧૬૦


### તંદુરસ્તી


- નિદ્રા (Sleep) ........ ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ (ગડા) ........ ૧૬૧


### વાર્તા


- જોઈ લઈશ! ........ હરેશ ધોળકિયા ........ ૧૬૩


### ઇતિહાસ


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ : પ્રકરણ-૩૨ ........ સંકલન : પ્રતાપ નારાણજી દંડ ........ ૧૬૭


### કચ્છ


- કચ્છની આગવી ચિત્રશૈલી ૧૭માં સૈકાથી પણ જૂની છે ........ નરેશ પી. અંતાણી ........ ૧૬૮


### માહિતી


- પ્રધાનમંત્રી જનધન યોજના
  દેશના છેવાડાના નાગરિકને આર્થિક સમવેશીતા અને સ્વનિર્ભર બનાવવાની કોશિશ ........ કિરણ ચાંપાનેરી 'સેતુ' ........ ૧૬૯


### હળવાશની ક્ષણોમાં


- બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ........ ૧૭૧
- પાપા ઈઝ માય બેસ્ટ ફ્રેન્ડ ........ પંકજ વલ્લભજી સાવલા ........ ૧૭૨


### નિયમિત વિભાગો


- આંજો કાગર ........ ૧૭૪
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૧૭૫
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલા લવાજમ ........ ૧૭૬
- શબ્દ રમત - ૯૮ ........ સંકલન : રજનીકાંત પારેખ ........ ૧૭૭
- જાણવા જેવું ........ સંકલન : રજનીકાંત પારેખ ........ ૧૭૮
- *Nano 9 Sudoko* (ક્રમાંક : ૧૦૫૪) ........ સંકલન : રજનીકાંત પારેખ ........ ૧૭૯
- વિશેષ જાણકારી ........ સંકલન : શાંતિલાલ સંઘવી ........ ૧૮૦
- વલોવતન ........ સંકલન : દિનેશ આર. મહેતા ........ ૧૮૧
- સમાજ દર્પણ ........ ૧૮૭
- સંસ્થા સમાચાર ........ ૧૮૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૧૯૬
- ઊડતી નજરે ........ ૧૯૮

# તંત્રી લેખ

## સંભારણાં વિશેષાંક : ૩

*– અશોક મહેતા*

દિવાળી મુબારક – નવા વર્ષના અભિનંદન.

સહુને નૂતન વર્ષ સુખરૂપ નીવડે તેવી મંગલ મંદિરની શુભેચ્છા.

દિવાળીના તહેવાર આવે એ અગાઉ આપણે ત્યાં ઘરસફાઈ કરવાનો રીવાજ છે. જરૂરિયાત જણાય તો દીવાલોને ચુનાથી ધોળવા અથવા રંગરોગાન કરવામાં આવે. ઘરની વસ્તુઓની સાફસફાઈ કરવામાં આવે. ચારેબાજુ ઘરને ધોઈ તેને સાફ - સુથરું કરવામાં આવે. ઘરનો ખૂણેખૂણો સાફ કરી કચરો કાઢી નાખવામાં આવે. ટેબલ - કબાટ પણ અંદરથી સાફ કરાય. નકામી વસ્તુ કાઢી નખાય અથવા ફેંકી દેવામાં આવે. એ જ રીતે પેપર વર્ક, ફાઈલો, બુક્સ વગેરે પણ રીફર કરી, તેની સફાઈ કરી, યોગ્ય સ્થળે મૂકવામાં આવે અથવા તો પસ્તી તરીકે વેચી નાખવામાં આવે.

થોડા વર્ષ અગાઉની જ વાત છે. હિસાબી વર્ષ કારતક સુદ એકમથી આસો વદ અમાસ સુધીનો રહેતો હતો. વ્યાપારના હિસાબો પણ દિવાળીએ પૂરા થતા હતા. જૂના ચોપડા પૂરા કરી નવા વર્ષના ચોપડાઓનું ચોપડા પૂજન કરવામાં આવતું હતું. જૂના ખાતા ચેક કરી, ન આવવાની ઉઘરાણી પીળે પાને લખી, નવા વર્ષની શુભ શરૂઆત વ્યવસ્થિત રીતે કરવામાં આવતી હતી. વ્યાપારની પેઢી કે દુકાન પણ સાફ કરી, તેને નવા વર્ષ માટે સ્વચ્છ બનાવવામાં આવતી હતી. ન વેચાતો અને કડદો થયેલ માલ કાઢી નાખવામાં આવતો હતો.

એ જ રીતે દરેક મુખપત્રે પણ પોતાના ભૂતકાળનું દિવાળીએ વિહંગાવલોકન કરવું જોઈએ. અગાઉના વર્ષમાં વાંચક-વર્ગને શું પીરસવામાં આવ્યું અને આવતા વર્ષમાં તેઓના દિલો-દિમાગને તર રાખવા શું પીરસવું જોઈએ તેની વિચારણા કરી લેવી જોઈએ. અગાઉના વર્ષમાં જે સુંદર વાનગી પીરસવામાં આવેલ હોય અને તેની જરૂરિયાત જણાય તો વાચકનું તેના તરફ ધ્યાન દોરાય એ રીતે તેને ફરી પણ પીરસી શકાય કે જેથી આ મુખપત્રે ભૂતકાળમાં જે વાનગી પીરસેલ હોય તે વાચકના દિલો-દિમાગને તર રાખે. આ મુખપત્રે અગાઉ જે કામગીરી બજાવેલ હોય તેની લોકો નોંધ લે તેવા પ્રયાસો મુખપત્રે જાતે જ કરવા જોઈએ. અને તેથી વાચક વર્ગ મુખપત્રના ગુણદોષ વર્ષાંતે વિચારી શકે.

મંગલ મંદિરે આ લાઈન પર વિચારી, તેને ઉત્કૃષ્ટ લાગી તે વાનગી ફરીથી પીરસી વાચક વર્ગને એ વિગતોથી અવગત કરેલ છે. આ દરેક વિગતને સંભારણા વિશેષાંક તરીકે રજૂ કરવામાં આવેલ છે.

સંભારણા વિશેષાંક-૧ (ભાગ-૧ અને ભાગ-૨) વર્ષ ૧૯૭૫થી વર્ષ ૨૦૦૪ સુધીમાં જે વાનગીઓ રજૂ કરવામાં આવી, તેમાંની ઉત્કૃષ્ટ વાનગીઓને આ વિશેષાંક દ્વારા ફરીથી વાચક વર્ગ સમક્ષ તેના દીપોત્સવી અંક ઓક્ટોબર/નવેમ્બર-૨૦૧૧ દ્વારા રજૂ કરવામાં આવેલ હતી. સંભારણા વિશેષાંક-૨ તેના દીપોત્સવી અંક નવેમ્બર-૨૦૧૩ દ્વારા "કચ્છ અને તેની પાણીની સમસ્યા" પર વર્ષ ૨૦૦૩થી વર્ષ ૨૦૧૩ સુધીમાં આ વિષયે જે લેખો ઉત્કૃષ્ટ જણાયા તેને ફરીથી રજૂ કરવામાં આવેલ હતા. કચ્છ માટે પાણી પ્રશ્ન કાયમથી અગત્યનો હોઈ તેના માટે આ ખાસ વિશેષાંક રજૂ કરવામાં આવેલ હતો.

એ જ રીતે ચાલુ વર્ષની દીપોત્સવીએ, ઓક્ટોબર-૨૦૧૪નો અંક સંભારણા વિશેષાંક-૩ સ્વરૂપે વર્ષ ૨૦૦૫થી વર્ષ ૨૦૦૮માં રજૂ કરાયેલ લેખોમાંથી યોગ્ય લેખો પસંદ કરી, અત્રે રજૂ કરવામાં આવી રહેલ છે. તેની વિવિધતાની વાત કરીએ તો અગાઉના તંત્રી લેખો, ધર્મ, માહિતી, વિચાર મંથન, વિચાર વિમર્શ, કચ્છ, શિક્ષણ, ઈતિહાસ, સમાજની ક્ષિતિજો, સાહિત્ય, લોકકલા, સંસ્કૃતિ, પર્યાવરણ, તંદુરસ્તી, બાળ વાર્તા, હળવાશની ક્ષણોમાં, આંજો કાગર વગેરે વિભાગો દ્વારા તેની રજૂઆત કરવામાં આવેલ છે.

આ સંપૂર્ણ રજૂઆત, વીતી ગયેલા વર્ષોમાં આ મુખપત્રે તેના વિવિધ વિભાગો દ્વારા જે રીતે કરેલ તેના વિહંગાવલોકન સ્વરૂપે ગણી શકાય.

આશા રાખવામાં આવે છે કે દર દીપોત્સવીએ અમારા આ પ્રયાસને તેના વાચક વર્ગ દ્વારા યોગ્ય સ્વરૂપે સ્વીકારવામાં આવશે. કદાચ અન્ય મુખપત્રો પણ આ પ્રથાને સ્વિકારી પોતાનો ભૂતકાળ યોગ્ય સ્વરૂપે તેના વાચક વર્ગ સમક્ષ રજૂ કરી શકશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

*સુંદરતા માટે પ્રસન્નતાથી વધીને બીજો કોઈ શૃંગાર નથી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

આપ સહુ પાસે આવે છે – એક નવીન કાર્ય હાથ પર લઈને....

વૃક્ષારોપણ માત્ર નહીં પણ વૃક્ષારોપણ સાથે વૃક્ષ ઉછેર પણ....

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે સહુજન હિતાય - સહુજન સુખાયને નજર સમક્ષ રાખીને પર્યાવરણના હિતાર્થે એક યોજના હાથ પર લીધેલ છે.

આ યોજના અનુસાર કચ્છના વિવિધ ગામોમાં વૃક્ષારોપણ કરી આ દરેક વૃક્ષની સતત ૩થી ૫ વર્ષ લગી માવજત કરી તેના ઉછેરની જવાબદારી સહિતનો આ કાર્યક્રમ યોજેલ છે.

**પેડ વર્ષા લાતે હૈં, ગરમી સે યે બચાતે હૈં....**

કોઈપણ સંસ્થાની, મહાજનની, ગૌચરની, પાંજરાપોળની કે અંગત માલિકીની જમીન પર તેની બાઉન્ડ્રી પર અને અંદર શક્ય હોય તો ૨૦' x ૨૦'ના અંતરે સામાન્યપણે પર્યાવરણને અનુકૂળ વૃક્ષો આ યોજના અનુસાર રોપી શકાય છે.

આ યોજના અનુસાર જમીન માલિકે તે જમીનની ચારે તરફ કમ્પાઉન્ડ વોલ અથવા તારની ફેન્સિંગ કરી આપવાની રહે છે અને તે જમીન પર એક સ્થળે જરૂરિયાત અનુસાર પાણી પૂરું પાડવાનું રહે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની જવાબદારી રોપા લાવી, ખાડા ખોદી, વૃક્ષારોપણ કરી, ડ્રીપ પધ્ધતિથી તથા અન્ય રીતે વૃક્ષોને પાણી પાઈ, જરૂરિયાત અનુસાર ખાતરનો ઉપયોગ કરી ૩ થી ૫ વર્ષ લગી તેની જતન કરવા સુધીની રહે છે. તેના માટે જરૂરી સ્ટાફ મૂકવાની જવાબદારી પણ આ સમાજે સ્વીકારેલ છે.

ચાલુ વર્ષ દરમ્યાન સામખિયાળી, ભુજપુર, મોટી ખાખર, નાની ખાખર, તુંબડી અને ગોધરા ગામની સીમમાં અંદાજિત ૧૦,૦૦૦ વૃક્ષો રોપવાનું આયોજન વિચારવામાં આવેલ છે.

આપણા સહુની માભોમમાં પર્યાવરણની જતનની આ યોજનામાં અમને કચ્છી સમાજના એકે એક વર્ગનો સહકાર પ્રાપ્ત થઈ શકશે તે ઉદ્દેશથી આપશ્રી સમક્ષ આ ટહેલ નાંખવામાં આવે છે.

| | | |
|---|---|---|
| એક વૃક્ષના નકરાના | રૂા. | ૧૧૦૦/- |
| એક એકરના સ્મૃતિ વન પરના નામ મૂકવાના | રૂા. | ૧,૫૧,૦૦૦/- |

જેટલા એકર જમીન ઉપર વૃક્ષારોપણ થાય તે પ્રમાણે નકરાની ગણના કરી શકાશે.

આપશ્રી આપશ્રીનું દાન નીચે મુજબની કોઈ પણ વ્યક્તિ પાસે નોંધાવી શકશો.

ચેક **"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"**ના નામનો લખવાનો રહેશે. સંસ્થાને અપાયેલ દાન ઈન્કમટેક્ષ એક્ટની કલમ-૮૦જી ને પાત્ર છે.

આવો, આપણે સહુ સાથે મળી પર્યાવરણનું જતન કરીએ.


***યદિ હમ ચાહેં ભારતકે ઘર-ઘરમેં હો ખુશાલી,***
***પેડ લગાયેં જગા-જગા પર, ફેલાયેં ચારો ઔર હરિયાલી.***

| | | | |
|---|---|---|---|
| **શ્રી એલ.ડી. શાહ (બિદડા)** | **ડો. ચંદ્રકાંત દેઢિયા (નાની ખાખર)** | **શ્રી કે. આર. શાહ (રામાણિયા)** | **શ્રી પ્રતાપ નારાણજી દંડ (તેરા)** |
| કચ્છના સંયોજક | કન્વીનર - પર્યાવરણ સમિતિ | માનદ્ મંત્રી | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ |
| **મો. ૦૯૮૭૯૬ ૪૭૯૧૫** | **મો. ૦૯૭૨૬૮ ૨૦૧૮૪** | **મો. ૦૯૩૨૮૦ ૦૧૧૪૦** | **મો. ૦૯૪૨૬૭ ૨૫૬૧૯** |

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*બીજાને ખુશ કરીને આપણે પોતે પણ ખુશ રહી શકીએ.*

# પ્રમુખના બે બોલ....



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે નવા ટ્રસ્ટ મંડળની પ્રથમ બેઠક તા. ૨૭-૭-૨૦૧૪ના રોજ વાર્ષિક સામાન્ય સભા બાદ તરત જ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે મળેલ હતી. જેમાં સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે મારી સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી. તે માટે ટ્રસ્ટ મંડળના સર્વે સદસ્યોશ્રીઓનો હું આભારી છું.

વર્ષ ૧૯૭૫થી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું શરૂ કરેલ. ૧૯૭૬થી સમાજના વિવિધ હોદ્દાઓ ઉપર રહીને કામગીરી કરી છે. નિઃશંકપણે કહી શકાય કે સામાજિક વિકાસની બાબતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની દૃષ્ટિ હંમેશાં સર્વગ્રાહી રહી છે. તેમાં પાયાના મોભીઓ, દાતાશ્રીઓ, કાર્યકર્તાઓ, હોદ્દેદારો તેમજ સમાજ અગ્રણીઓનું મુખ્ય યોગદાન છે. હોદ્દેદારો, કાર્યકર્તાઓ પોતાની શક્તિ અનુસાર તેનું યોગ્ય રીતે સંચાલન કરતા હોય છે, માર્ગદર્શન અને દોરવણી આપતા હોય છે. સમાજની દરેક ઉત્કૃષ્ટ કામગીરી, પ્રવૃત્તિઓ, સિધ્ધિ, વિકાસ અને પ્રગતિમાં દરેકનો સાથ સહકાર હોય છે, એ મુદ્દો હંમેશાં અગ્રસ્થાને છે. આ રીતે સંસ્થાની શરૂઆતથી અત્યાર સુધી થયેલ નોંધનીય પ્રવૃત્તિઓનો હું સાક્ષી છું તેમજ સહભાગી છું.

વર્ષ ૧૯૯૯થી વર્ષ ૨૦૧૪ એટલે કે સતત ૧૫ વર્ષ સુધી મને માનદ્ મંત્રી તરીકેની સેવાઓ આપવાની તક મળી અને હવે અત્યારે મને સમાજના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકેની જવાબદારી સમાજ તથા સમાજના ટ્રસ્ટ મંડળ તરફથી મળેલ છે તે બદલ હું સમાજનો ઋણી છું તથા સમાજે મને સોંપેલી જવાબદારી સારી રીતે નિભાવી શકું અને સમાજે મારા ઉપર મૂકેલ વિશ્વાસમાં પૂરેપૂરો પાર ઉતરું એવી હૃદયપૂર્વક કોશિશ કરીશ તેની ખાતરી આપું છું.

સમાજની પ્રગતિ ઉત્તરોત્તર થતી રહે તથા અત્યારે ચાલતી શિક્ષણ અને મેડિકલની પ્રવૃત્તિઓ વધુ સારી રીતે થાય તે માટે આપણે સૌ સાથે રહી સહકારથી પ્રયત્નો કરીશું. તે સાથે અત્યાર સુધી પેન્ડિંગ રહેલા કાર્યોને ઝડપથી પૂરા કરવાની કોશિશ કરીશું.

બાકી રહેલા કાર્યોમાં ત્રણે ભવન તથા આવાસ યોજનાની ઈમ્પેક્ટ ફી ભરવાની કાર્યવાહી, મુંબઈ અતિથિ ગૃહનું બાંધકામ વહેલી તકે શરૂ થાય તેવા પ્રયત્નો કરવાના છે.

સમાજની અત્યાર સુધીની વિકાસગાથામાં ઉપર જણાવેલ છે તેમ દરેકનો હિસ્સો, સાથ-સહકાર પ્રાપ્ત થયેલા છે અને તે કારણે જ સમાજ પ્રગતિના સોપાનો સર કરી શકેલ છે. આ પ્રકારનો સાથ-સહકાર સમાજને કાયમ મળતો રહેશે તેવી અપેક્ષા છે.

સહુના પુરૂષાર્થ થકી સમાજની પ્રગતિનો પથ પ્રશસ્ત થતો રહે તેવી ભાવના સાથે સૌનો આભાર.

દીપાવલી પ્રસંગે શુભકામના તેમજ નવું વર્ષ દરેકને લાભદાયી, ફળદાયી નીવડે એ જ શુભેચ્છા....

## નૂતન વર્ષાભિનંદન!

*— પ્રતાપ નારાણજી દંડ*

*સફળતા એ અન્યો દ્વારા નક્કી થાય છે, જ્યારે સંતોષ આપણા દ્વારા જ નક્કી થાય છે.*

# "મંગલ મંદિર"

## નિવેદન

★ 'મંગલ મંદિર' અંક-૪૦૨ : માસ ઓક્ટોબર/નવેમ્બર-૨૦૧૧નો વિશેષાંક વર્ષ ૧૯૭૫થી વર્ષ ૨૦૦૪ દરમ્યાન 'મંગલ મંદિર'માં જ પ્રસિધ્ધ થયેલ લેખન સામગ્રીમાંથી વીણેલ કૃતિઓ સંભારણાં-૧ (ભાગ : ૧ – ૨) તરીકે પ્રકાશિત કરવામાં આવેલ હતો.

★ ત્યારબાદ 'મંગલ મંદિર' અંક-૪૨૬ : માસ નવેમ્બર-૨૦૧૩નો વિશેષાંક વર્ષ ૨૦૦૩થી વર્ષ ૨૦૧૩ દરમ્યાન 'મંગલ મંદિર'માં "કચ્છ અને તેની પાણીની સમસ્યા" સંબંધિત પ્રસિધ્ધ થયેલ લેખન સામગ્રી.... સંભારણાં-૨ તરીકે પ્રકાશિત થયેલ.

★ હવે 'મંગલ મંદિર' અંક-૪૩૭ : માસ ઓક્ટોબર-૨૦૧૪નો વિશેષાંક વર્ષ ૨૦૦૫થી વર્ષ ૨૦૦૮ દરમ્યાન 'મંગલ મંદિર'માં જ પ્રસિધ્ધ થયેલ લેખન સામગ્રીમાંથી વીણેલ કૃતિઓ સંભારણાં-૩ તરીકે અત્રે પ્રથમ વિભાગમાં પ્રકાશિત કરવામાં આવે છે.

તે સાથે દ્વિતીય વિભાગમાં નિયમિત લેખન સામગ્રી - કૃતિઓ રજૂ કરી છે.

અપેક્ષા છે કે, અમારો આ પ્રયાસ આપ સૌ સુજ્ઞ વાચકવર્ગને પસંદ પડશે. આપશ્રીના પ્રતિભાવોની રાહ જોઈશું....

*– તંત્રી મંડળ*

*પારમાર્થિક ઉન્નતિ કરવાવાળાની બૌધ્ધિક ઉન્નતિ આપોઆપ થાય છે.*

અગાઉના તંત્રી લેખ

## સંપાદકીય

# સંયુક્ત કુટુંબ વિભાજિત શાથી થાય છે?

*– અશોક મહેતા*

'મંગલ મંદિર'ના ડિસેમ્બર-૨૦૦૫ના અંકના સંપાદકીય લેખમાં 'સામાજિક સમતુલનતા' વિશે (સમાજમાં યુવકના પ્રમાણમાં યુવતીઓની ઘટતી જતી સંખ્યા વિશે) ચર્ચા કરી. જ્યારે જાન્યુઆરી-૨૦૦૬ના અંકના સંપાદકીય લેખમાં 'આદર્શ કુટુંબ પ્રથા' વિશે ચર્ચા કરી. આ લેખમાં સંયુક્ત કુટુંબને વિભાજિત કરતા પરિબળો વિશે ચર્ચા કરીશું.

ભારતીય સમાજ માટે સંયુક્ત કુટુંબ પ્રથા જ આદર્શ કુટુંબ પ્રથા બની રહે છે. આ વિચારસરણી સમાજના વડીલ, ઠરેલ, અભ્યાસુ અને ડાહ્યા લોકોની રહેતી હોય છે. પરંતુ તેમ છતાં સમાજના મોટાભાગના ઘરોમાં આ શક્ય બનતું નથી. દીકરાના લગ્ન બાદ કુટુંબો વિભાજિત થતાં રહે છે. આ હકીકતના વિશ્લેષણમાં આપણે ઉતરવું જોઈએ. સંયુક્ત કુટુંબ પ્રથા અગાઉની માફક હવે ભારતીય સમાજના ઘરોમાં શક્ય કેમ બનતી નથી? આ માટે પુરુષ વર્ગ જવાબદાર છે કે સ્ત્રી વર્ગ? કે પછી બંને વર્ગ જવાબદાર છે?

અગાઉના જમાનામાં વડીલોની જે આમાન્યા ઘરમાં રહેતી હતી તે આમાન્યા હવે રહેવા પામેલ નથી. દીકરા - દીકરીને ઘરના વડીલની વાત યોગ્ય ના લાગે તો તેઓ વડીલની ઈચ્છા વિરુધ્ધ અને પોતાની ઈચ્છા પ્રમાણે વર્તન કરે છે. અગાઉના જમાનાની માફક પોતાને સ્વીકાર્ય ના હોય તેમ છતાં વડીલોની વાત જે ટાળતા ના હતા તે હવે શક્ય બનતું નથી. આના વિશ્લેષણમાં ઉતરીએ તો ઉત્તરોત્તર ભણતર વધતું જાય છે અને નવી પેઢી જૂની પેઢી કરતાં વધુ હોશિયાર બનતી જાય છે. પરિણામે નવી પેઢીને જૂની પેઢીની વાત સ્વીકાર્ય રહેતી નથી. કુટુંબ વિભાજન તરફનું આ કારણ આપણે અગત્યના કારણ તરીકે ગણશું. ભણતરની સાથે સાથે સંયુક્ત કુટુંબ પ્રથાના સંસ્કાર અને તેના ફાયદા જો યુવાન-યુવતીઓના મગજમાં ઉતારી દેવામાં આવે તો જ આ સંયુક્ત પ્રથા જાળવી શકાય અને તે માટે ભણતરના સમયની શિક્ષણપ્રથા આ દિશામાં મજબૂત કરવી રહી.

ભગવાને મનુષ્યના શરીરની રચના જ એવી કરેલ છે કે મા-બાપને તેના નાના બાળકો પ્રત્યે વહાલ નીખરી આવતો રહે છે. પરંતુ આજ બાળકો જ્યારે મોટા થાય છે, ત્યારે તે બાળકોને તેના વડીલો અનેક કિસ્સાઓમાં બોજારૂપ લાગે છે. આવું ના થાય તે માટે બાળકોના મનમાં નાનપણથી જ યોગ્ય સંસ્કાર રેડવા પડે અને આ સંસ્કાર ઘડતર તેની ૨૫ વર્ષની ઉંમર સુધી ચાલતું રહેવું જોઈએ.

અન્ય કારણોનું પણ વિશ્લેષણ કરીએ.

આપણો સમાજ પુરુષપ્રધાન હોવાથી આપણા સમાજની અત્યારની પ્રથા પ્રમાણે દીકરાના લગ્ન થાય ત્યારે પારકી કન્યા આપણા ઘરમાં આવે છે અને દીકરીના લગ્ન થાય ત્યારે આપણી દીકરી શ્વસુરગૃહે સીધાવે છે. દીકરાના લગ્ન ના થયા હોય તે અગાઉ ઘરમાં મા-દીકરો, બાપ-દીકરો કે ભાઈ-બહેન હળીમળીને સંયુક્તપણે રહે છે. કદાચ ક્યારેક અંદરોઅંદર સંબંધો કડવાશભર્યા બનતા હોય તો પણ તેની અમુક હદ રહે છે અને ઘરના સભ્યો સંયુક્ત કુટુંબને વિભાજિત કરતા નથી. પરંતુ દીકરાના લગ્ન થયા બાદ, અન્ય ઘરની દીકરી આ ઘરમાં આવતા, થોડા દિવસ તો બધું બરાબર ચાલે છે પરંતુ ત્યારબાદ અન્ય કુટુંબમાંથી આવેલ દીકરી શ્વસુરગૃહે સ્વસ્થ રહી શકતી નથી. પરિણામસ્વરૂપે ઘરનું વાતાવરણ ડહોળાય છે. મુખ્યત્વે સાસુ-વહુ અને નણંદ-ભોજાઈ વચ્ચે કે દેરાણી-જેઠાણી વચ્ચે અણબનાવનું પ્રમાણ વધી જાય છે. સાસુ પોતાની દીકરીને જુએ એ નજરે વહુને જોતી નથી. બહેન જે રીતે પોતાના ભાઈ-બહેન સાથે વર્તન કરે એ રીતે પોતાની ભાભી સાથે વર્તન કરતી નથી. વહુ પણ પોતાની મા-બહેન પ્રત્યે જે લાગણી દાખવે તે લાગણી સાસુ-નણંદ માટે રાખી શકતી નથી. દેરાણી-જેઠાણી તો એકબીજા પ્રત્યે ખૂબ જ અસહિષ્ણુ બની જાય છે. સરવાળે સંયુક્ત કુટુંબ પ્રથા પર અસર પડે છે. પરણેલ દીકરો

*જે બીજા માટે જીવવા માગે છે, તેને ક્યારેય નિરાશા નથી મળતી.*

એક તરફ મા-બહેન અને બીજી તરફ પોતાની પત્નીના વાદવિવાદમાં થોડો સમય તો તટસ્થ રહેવા પ્રયાસ કરે છે પરંતુ અંતે પરિસ્થિતિ કાબૂ બહાર જતાં તે પોતાની પત્ની તરફ વધુ ઢળે છે. અને સંયુક્ત કુટુંબપ્રથાને તિલાંજલિ આપી, દીકરો-વહુ ઘરથી અલગ પડે છે. ઘરના કલુષિત વાતાવરણમાં ઘરના કોઈ પણ સભ્ય તટસ્થતાથી વિચારી શકતા નથી. માત્ર એકબીજાનો પક્ષ જ ખેંચે છે. અનેક સમયે ઘરનો એકનો એક દીકરો મા-બાપને એકલા મૂકી પોતાની પત્ની સાથે અન્યત્ર રહેવા ચાલ્યો જાય છે. દીકરાના ઉછેરમાં મા-બાપે ૨૦-૨૫ વર્ષ કઈ રીતે પસાર કર્યા તે બધું જ વીસરી જવાય છે.

ફરી જ્યારે આજની વહુ સાસુ બને છે ત્યારે આ જ વસ્તુનું પુનરાવર્તન થાય છે. પરંતુ તે સમયે આજની વહુ સાસુનો રોલ ભજવે છે અને વહુની જગ્યાએ નવી પેઢીની વહુ આવી ગયેલ હોય છે.

આ રીતે આપણી સંયુક્ત કુટુંબ પ્રથામાં વિભાજન થતા હોય તો તે મોટા ભાગે સ્ત્રીના કારણે થતા હોય છે; પછી તે સાસુના, વહુના, નણંદના કે દેરાણી-જેઠાણી એમ કોઈના પણ રોલમાં હોઈ શકે.

આ હકીકત પરથી આપણે બોધ એ લેવાનો રહે છે કે આપણા સમાજના સ્ત્રી વર્ગને આપણે કેળવવાનો રહે છે અને તે સહિષ્ણુ બની સંયુક્ત કુટુંબ પ્રથાને જાળવી રાખે તે જરૂરી છે. નહીં તો જે બાળકોને તેના વડીલોએ પાળી પોષીને મોટા કરેલ છે એ બાળકો મોટા થતા પોતાના વડીલોના આધારસ્તંભ બની શકશે નહીં. વડીલો મોટી ઉંમરે પોતાની આંતરડી ઠારી શકે તે શક્ય બનશે નહીં અને નાના બાળકો કે જેઓના માતા-પિતા પોતાની ધનોપાર્જિત પ્રક્રિયામાં પ્રવૃત્ત હશે તેઓ પોતાના દાદા-દાદીના પ્યારથી વંચિત રહેશે અને નોકરોના હાથમાં ઉછેર પામી મોટા થશે કે જેઓને સહિષ્ણુતા, પ્રામાણિકતા, સત્યપ્રિયતા, સંસ્કારિતા વગેરેના બોધપાઠ મળી શકશે નહીં - તેઓની ગળથૂથીમાં આ સંસ્કારો ઉતરી શકશે નહીં.

આ બાબતે આપણે બધાએ વિચાર મંથન કરી યોગ્ય કેળવણી માટે પ્રયાસો આદરવા જોઈએ.

*'મંગલ મંદિર' : ફેબ્રુઆરી-૨૦૦૬*


# M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.



M/s. J. D. Roadlines

M/s. J. D. Logistics

M/s. J. D. Transport Co.



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**

**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| **Ph. : 26434611** | **Ph. : 27471378, 27475167** | **Ph. : 23426818, 23448705, 23400597** |

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

**E-mail : jdtcompany@gmail.com**


*જો તમે સો વ્યક્તિને સહાય કરી શકો તેમ ન હો તો માત્ર એક વ્યક્તિને સહાય કરો.*

## સંપાદકીય

# સામાજિક દીક્ષા

*– અશોક મહેતા*

પ્રાચીન જમાનામાં ઋષિ મુનિઓ આશ્રમમાં રહેતા. બાળકો તથા રાજકુમારો (મતલબ કે સમાજના દરેક વર્ગના બાળકો) ત્યાં વિદ્યાભ્યાસ માટે આવતા. જરૂરી વિદ્યા પ્રાપ્ત કરી તેઓ સમાજમાં પરત ફરતા અને પોતાના દુન્યવી કાર્યમાં લાગી જતા. સાંદીપનિ ઋષિને ત્યાં કૃષ્ણ - સુદામા તેમજ ગુરુ દ્રોણાચાર્યને ત્યાં પાંડવ - કૌરવો જેવા અનેક દાખલાઓ પુરાણકાળમાંથી આપણે તારવી શકીશું. ઋષિ મુનિઓ એ જમાનામાં સમાજને વિદ્યા પ્રાપ્ત થાય તેવા કાર્યો તો કરતા જ પરંતુ તેઓ સંપૂર્ણ સમાજ પર પ્રભાવ પાડતી રાજનીતિના શાસ્ત્રમાં પણ પારંગત રહેતા. રાજગુરુ રાજા-મહારાજાઓને સલાહ-સૂચનો આપતા અને કોઈ પણ રાજવી આ રાજગુરુની શિખામણ - સલાહનો અહોભાવપૂર્વક સ્વીકાર કરતા. આ રીતે પુરાણકાળના ઈતિહાસ પ્રમાણે ઋષિમુનિઓ - ધર્મગુરુઓ સમાજમાં રહી, સંપૂર્ણપણે સમાજ ઘડતરનું કાર્ય કરતા. તેઓ પોતાના કુટુંબ - કબીલાથી અલિપ્ત નહીં પરંતુ કુટુંબ કબીલાની સાથે રહેતા. ગુરુ ગોરાણીના અનેક દૃષ્ટાંતો પુરાતન કથાનકોમાં વર્ણવેલ હોય છે. આ ઋષિ મુનિઓનું એક માત્ર કાર્ય સમાજને ઉત્કર્ષની દિશા તરફ લઈ જવાનું રહેતું. તેઓની અંગત જવાબદારીઓ એ સમયે રાજવીઓ તથા સમાજ હોંશે હોંશે ઉપાડી લેતું. આ પધ્ધતિના કારણે એ સમયના પરિણામો ખૂબ જ જ્વલંત હતા.

એ જ રીતે પુરાણકાળથી ચાલ્યા આવતા જૈન ધર્મગુરુઓની વાત કરીએ. પોતાના આત્માના મોક્ષની પ્રાપ્તિ કાજે તેઓ કાર્યરત રહેતા. સાથે સાથે વિહાર કરી, સમાજના અનેક સ્થળોની મુલાકાત લઈ સમાજને નીતિમત્તા, મૂલ્ય, સંયમ, તપ, મન પરનો કાબૂ વગેરે અનેક પ્રકારનો બોધ આપી, સુયોગ્ય દિશા તરફના સમાજનું સમાજ ઘડતર કરતા. સમાજ તેઓની અંગત જરૂરિયાત પૂરી પાડતું. ગોચરી વહોરાવવી, આ ધર્માત્માઓને અન્ય વસ્તુઓ વહોરાવવી, ગુરુ પગલાં કરાવવા, ગુરુના આશીર્વાદ મેળવવા વગેરે પ્રક્રિયાઓ દ્વારા લોકો આ ધર્મગુરુઓ પ્રત્યે પોતાનો આદરભાવ દાખવતા. આ જૈન ધર્માચાર્યોને પોતાના કોઈ જ અંગત સ્વાર્થ રહેતા નહીં. તેઓ ચોવીસે કલાક માત્ર શાસનનું જ કામ કરતા. પરિણામ ખૂબ જ પ્રોત્સાહનજનક આવ્યા. અનેક સ્થળોએ શાસનની શાન પ્રવર્તી રહી. અનેક તીર્થધામો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ વગેરેનું નિર્માણ આ સમાજ કરી શક્યું. તાજુબી તો એ છે કે આ પ્રથા આજે પણ એ જ ભાવ અને હૃદયના ઉમળકાથી લોકોને સ્વીકાર્ય બની રહેલ છે.

અર્વાચીનકાળના સ્વામિનારાયણ સંપ્રદાયની વાત કરીએ. ધાર્મિક રીતરિવાજો તથા ધાર્મિક ક્રિયાકાંડ પ્રત્યે વધુ ભાર દાખવવાને બદલે આ સંપ્રદાયે મનને કાબૂમાં રાખવા પર, નીતિ-નિયમોના મૂલ્યો જાળવવા પર તેમજ સામાજિક તથા શૈક્ષણિક કાર્યો પર વધુ જોક આપ્યો. ગુરુકુળ વગેરેની સ્થાપના કરવા પાછળ તેઓ અગ્રેસર બની રહ્યા. ધાર્મિક ક્રિયાકાંડના બદલે સામાજિક કાર્યો પર આ ધર્મગુરુઓએ વધુ લક્ષ્ય આપતા, બુધ્ધિજીવી વર્ગ તેઓ તરફ સારા એવા પ્રમાણમાં આકર્ષાયો. ડૉક્ટરો, એન્જિનિયરો, વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, ઉદ્યોગપતિઓ વગેરે ભણેલ ગણેલ તેમજ બુધ્ધિજીવી વર્ગ આ સંપ્રદાય પ્રત્યે સવિશેષ આકર્ષાયા. અનુયાયીઓને ફુલ ટાઈમ સંપ્રદાયના કામે લાગી જવા જણાવાયું. પ્રથમ સાદો નાગરિક દરવેશ, ત્યારબાદ સફેદ વસ્ત્રમાં વીંટળાયેલ સાધુજીવન અને અંતિમ તબક્કે ભગવાધારી સાધુઓ ચોવીસે કલાક કાર્યરત રહી, આ સંપ્રદાય દ્વારા સમાજના વિકાસ ઘડતરના કાર્યો હાથ પર લેવાયા. તેઓ પોતાના અંગત જીવનમાંથી બહાર નીકળી પોતાના સંપ્રદાયને સમર્પિત થયા. પરિણામ આપણી સમક્ષ મોજૂદ છે. માત્ર છેલ્લા બસ્સો વર્ષની મહેનતના પરિણામે આપણે સારીયે દુનિયામાં સ્વામિનારાયણ મંદિરો તેમજ ગુરુકુળો ઊભા થતા જોઈ રહ્યા છીએ.

ઉપરોક્ત તમામ પ્રકારના સામાજિક ઉત્થાનના કાર્યમાં આપણે એક વસ્તુની નોંધ લઈએ કે તે દરેક પ્રકારમાં પૂર્ણપણે સમર્પિત વ્યક્તિઓનો બહુમૂલ્ય ફાળો હતો. ઋષિ મુનિઓ, જૈને ગુરુ ભગવંતો કે સ્વામિનારાયણ સંપ્રદાયના મહાત્માઓએ સંપૂર્ણપણે પોતાની અંગત સામાજિક જવાબદારીને ત્યાગીને આ ઉત્થાનના કાર્યોમાં પૂરી નિષ્ઠાથી લાગેલ હતા. તેઓએ આ ઉત્થાનના કાર્યોની જવાબદારી સ્વીકારી અને તેના પરિણામે ઠેર ઠેર આશ્રમો (આ ભૂતકાળની વાત છે - હવે જો કે તેનું અસ્તિત્વ રહેવા પામેલ નથી), દેરાસરો, ઉપાશ્રયો, મંદિરો, ગુરુકુળો વગેરે ઊભા થઈ શક્યા છે અને સમાજને નીતિમાન બનાવવા અહીં ધમધમાટ પ્રવૃત્તિઓ ચાલતી રહેલ છે.

*માણસ કાંઈ પણ કરે, તેમાં જોખમો હોવાનાં જ, પણ કંઈ ન કરવામાં તેના કરતાં વધારે જોખમો છે.*

આજે આપણે નિહાળીએ છીએ કે ભલી અને શુભ લાગણીવાળા અને નિષ્ઠાવાન અનેક મનુષ્યો આ સમાજમાં દૃષ્ટિગોચર થાય છે કે જેઓની જહેમતથી અનેક સામાજિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવેલ છે. આ સામાજિક સંસ્થાઓ પાસે બુધ્ધિપ્રધાન અને સેવાની ભાવનાવાળા અનેક કાર્યકરોની સંપત્તિ હોય છે પરંતુ તે કાર્યકરોને પણ પોતાના અંગત જીવન અને જવાબદારીઓ હોય છે. પોતાની અંગત જવાબદારીના કારણે તેઓ સામાજિક ઉત્થાનની સંસ્થામાં સંપૂર્ણપણે કાર્યરત રહી શકતા નથી, પરિણામસ્વરૂપે ગમે તેવી ઉદ્દાત સંસ્થા હોય પરંતુ તેની પાસે પૂર્ણ સમયના (ફુલ ટાઈમ) સમર્પિત કાર્યકરો ન હોવાથી તે સંસ્થાના કાર્યો ધીમી ગતિએ પ્રગતિના પથ તરફ ડગ ભરતા હોય છે. અન્ય રીતે વાત કરીએ તો જે સંસ્થા પાસે આ પ્રકારના સમર્પિત કાર્યકરો દિન-રાત જોયા વગર કાર્યરત રહેતા હોય, તે સંસ્થાનો વિકાસ પૂરઝડપે આગળ વધી શકતો હોય છે, જ્યારે પાર્ટટાઈમ કાર્યકરોવાળી - કે જે મોટાભાગની સંસ્થાઓમાં બનતું આવે છે - સંસ્થાનો વિકાસ ધીમી ગતિએ ચાલતો હોય છે. સામાજિક સંસ્થાઓ પૂરઝડપે પોતાનો વિકાસ સાધી શકતી ના હોય તો તેથી નુકસાન તો સમગ્ર સમાજને થાય છે. સમાજ યોગ્ય માત્રામાં ઉત્થાન પામી શકતો નથી.

નિષ્કર્ષ એ કાઢી શકાય કે દરેક સામાજિક / શૈક્ષણિક / સેવાકીય સંસ્થા પોતાના કાર્યકરોમાંથી અમુક તજજ્ઞ કાર્યકરોને પોતાની સંસ્થાના વિકાસ માટે ''સામાજિક દીક્ષા'' આપે કે જેથી આ કાર્યકરો પોતાની જાતને સંપૂર્ણપણે પોતાની સંસ્થાને સમર્પિત કરી શકે. આ કાર્યકરો ભલે પોતાના ઘેર - પોતાના કુટુંબ કબીલા સાથે રહે, ભલે તેઓ સામાજિક રીત-રસમ પ્રમાણે વર્તન કરે, પરંતુ કાર્ય તો સંપૂર્ણપણે દીક્ષા લીધેલ હોય તે સંસ્થાનું જ કરે અને તેને પૂર્ણપણે આચરણમાં મૂકે. આપણી સામાજિક સંસ્થાઓ તો જ ધાર્યા મુજબની સિધ્ધિઓ હાંસલ કરી શકશે અને તો જ આ સમાજ ઉત્તરોત્તર ઉન્નતિ તરફ પ્રયાણ કરતો રહેશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં લગભગ ૩૦૦થી વધુ વ્યક્તિઓ ૬૦ વર્ષ પછીનું નિવૃત્ત જીવન ગાળી રહેલ છે. આ ગ્રૂપમાંથી અનેક લોકો સંપૂર્ણપણે નિવૃત્ત પણ હશે. આ ગ્રૂપમાંથી ૧૦-૨૦ તજજ્ઞ કાર્યકરો આ પ્રકારની ''સામાજિક દીક્ષા'' અંગીકાર કરે તો સમાજના કાર્યોની ઝડપ અનેકગણી વધી શકે. અમદાવાદમાં ગર્લ્સ હોસ્ટેલ, હેલ્થ ક્લબ, સંગીત ક્લાસ, દેહદાન વગેરેની પ્રવૃત્તિઓ ગીતા મંદિર પરના સેવા ભવનનું રિનોવેશન, શાહીબાગ પરના કચ્છી વિશ્રામ ગૃહ પર અન્ય પ્રવૃત્તિઓ ચાલુ કરવી, મુંબઈમાં અતિથિ ભવન, વગેરે અત્યારના વિચાર પ્રમાણેની અનેક પ્રવૃત્તિઓ ઘણા સમયથી હાથ પર લેવાની બાકી રહે છે.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદની વાત કરીએ તો નર્મદા નદીના સિંચાઈના પાણી તેમજ વધારાના પાણી વહેલી તકે કચ્છમાં પહોંચતા કરાવવા, કચ્છમાં ઠેર ઠેર ચેક-ડેમો બનાવવા સરકારશ્રીના આયોજનમાં જરૂરી ફંડની વ્યવસ્થા કરાવવી, કચ્છમાં ઔદ્યોગિક માળખાકીય સવલતો પૂરી પડાવવી, રતન જ્યોતના વાવેતર માટે પ્રચાર-પ્રસાર કરાવવો, કચ્છ યુનિવર્સિટી, જી.કે. જનરલ હોસ્પિટલના પ્રશ્નો હાથ પર લેવા, કચ્છના લેન્ડ રેવન્યુના પ્રશ્નો હાથ પર લેવા વગેરે પ્રકારના અનેક કાર્યો સમર્પિત કાર્યકરોની ગેરહાજરીમાં વણઉકેલાયેલ રહેવા પામેલ છે.

તે જ રીતે કચ્છમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ટીસ્યુ કલ્ચર લેબોરેટરી, વી.આર.ટી.આઈ., નવનિર્માણ અભિયાન, બીદડા સર્વોદય હોસ્પિટલ, ભોજાય સર્વોદય હોસ્પિટલ, ભચાઉ સર્વોદય હોસ્પિટલ જેવી અનેક સામાજિક સંસ્થાઓ કાર્યરત છે. એ જ રીતે મુંબઈ, હૈદ્રાબાદ, બેંગ્લોર, કલકત્તા વગેરે અનેક સ્થળોએ આ પ્રકારની સંસ્થાઓ કાર્યરત રહેલ છે. આ સંસ્થાઓ પાસે જેટલા ફુલ ટાઈમ સમર્પિત કાર્યકરોની સંખ્યા સવિશેષ, તેટલા પ્રમાણમાં તે સંસ્થાનો વિકાસ ઉત્તરોત્તર વધતો ને વધતો જ રહે. જે સંસ્થા પાસે આ પ્રકારના કાર્યકરોનું જૂથ જૂજ, તે સંસ્થાનો વિકાસ વેગ ધીમી ગતિએ ચાલતો રહે. દરેક પ્રકારની સંસ્થાને પૂર્ણ સમયના સમર્પિત કાર્યકરોની જરૂરિયાત તો રહેવા પામે જ છે.

પ્રથમ દૃષ્ટિએ આ ''સામાજિક દીક્ષા''નો વિચાર નવીન લાગે પરંતુ ખરેખર તે નવીન વિચાર નથી. આ તો આપણી હજારો વર્ષ જૂની પરંપરા છે. આ પરંપરા પ્રમાણે સમર્પિત કાર્યકરો અત્યાર સુધી એક પ્રકારની દીક્ષા લેતા આવેલ છે. આ ''સામાજિક દીક્ષા''ની વાત છે. જેમ જેમ આ પ્રશ્ને આપણે ગહનતાપૂર્વક વિચાર કરતા જઈશું, તેમતેમ આપણને તેની યોગ્યતા મહેસૂસ થતી રહેશે.

દરેક સામાજિક સંસ્થાઓએ આ બાબત યોગ્ય વિચારણા કરી, શક્ય હોય તો આ પ્રશ્ને આગળ વધવું જોઈએ.

*'મંગલ મંદિર' : મે-૨૦૦૬*

*જેનામાં હિંમત છે તેનામાં શ્રધ્ધા છલોછલ ભરેલી છે.*

# સંપાદકીય

## સ્વસ્થ અને નિર્મળ સમાજરચના

*– અશોક મહેતા*

મનુષ્ય દેવદર્શન કરે છે, પૂજા-પાઠ કરે છે, જપ-તપ કરે છે, ક્રિયાકાંડ કરે છે, પ્રભુથી ગભરાઈને ચાલે છે કે જે બધી જ પ્રવૃત્તિઓ નિર્મમ છે. આ પ્રવૃત્તિઓની અસર મનુષ્યને સદ્‌વર્તન તરફ જાણતા કે અજાણતા પણ વાળે છે. મનુષ્ય નીતિમત્તા તરફ વળે છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ સારાયે સમાજમાં નિરંતરપણે ચાલવી જોઈએ કે જેના કારણે સ્વચ્છ અને નિર્મળ સમાજ ઘડાયેલો રહેતો આવે.

જે ઘરમાં વિવિધ પ્રકારના સદાચરણવાળી પ્રવૃત્તિઓને સ્થાન નથી અને જ્યાં માત્ર ટી.વી. કલ્ચર, ક્લબ કલ્ચર જેવી પ્રવૃત્તિઓ ફૂલેફાલે છે, તેના બાળકો પર તે પ્રકારની અસર જરૂરથી પડે છે અને કદાચ એ સમાજ નીતિમત્તાના ધોરણોથી અનેક જોજનો દૂર હડસાયેલો જોવા મળે છે.

આંખ અને મગજ સાબૂત રાખીને આપણે બારીકાઈથી નિરીક્ષણ કરીએ તો ઉપરોક્ત બંને પ્રકારના ઘડતર આ સમાજમાં આપણને ઠેર ઠેર જોવા મળશે અને તેથી જ જ્યારથી મનુષ્ય સંસ્કૃત થયો તે જમાનાથી મંદિરો બાંધવાની, સદ્‌વિચારના કેન્દ્રો સ્થાપિત કરવાની, ધાર્મિક પ્રક્રિયાઓ અને અનુષ્ઠાનો યોજવાની પ્રવૃત્તિઓ સમાજનો એક ચિંતિત વર્ગ નિરંતરપણે યોજતો આવેલ છે.

નજદીકના જ ભૂતકાળની વાત કરીએ તો સારાયે કચ્છી જૈન સમાજમાં આ પ્રકારની પ્રવૃત્તિઓ ખૂબ જ વ્યાપિતપણે અને વ્યવસ્થિત રીતે આદરવામાં આવી. પ્રથમ મુંબઈથી એક છ'રી પાલીત સંઘે પાલિતાણા તરફ પ્રયાણ આદર્યું. ત્યારબાદ પાલિતાણાથી આ સંઘ ગીરનાર, હાલાર, બૌંતેર જિનાલય થઈને સુથરી સુધી પહોંચ્યું. એ જ રીતે શંખેશ્વરમાં પૂ. ગુરુદેવ કલાપૂર્ણશ્રીજીના ગુરુ મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો અને વીર ધનાશાહે તેનો અપૂર્વ અને અનેરો લાભ લીધો. ત્યારબાદ કચ્છના અનેક ગામોમાં જેવા કે સુથરી, સાંયરા, સાંધાણ, કોઠારા, સિંધોડી, ડુમરા, તુંબડી, રામાણિયા, ભુજ વગેરે સ્થળે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવો યોજાયા અને તેમાં સમાજના વિવિધ વિભાગના અનેક લોકોએ ઉલ્લાસપૂર્વકના વાતાવરણમાં ભક્તિભાવપૂર્વક અનેરો લ્હાવો લીધો. મનુષ્યના આંતરિક હૃદયસ્થળે આ બધી જ નિર્મળ અને નિર્ભેળ પ્રવૃત્તિઓને સદ્‌ભાવના તરફ વળવાના અચૂક લીસોટા મૂકેલ જ હશે અને તેના પરિણામે સારોયે સમાજ સ્વચ્છ અને સદાચારી બનવા તરફ ગતિમાન થયેલ હશે. આ પ્રકારની પ્રવૃત્તિઓ તરફ સારાયે સમાજને વાળવાની કોશિશ કરવા બદલ આપણે સમાજના ધર્મગુરુઓ અને ધાર્મિક આગેવાનોને અભિનંદન આપવા ઘટે. આ જ પ્રકારની પ્રવૃત્તિઓ અન્ય સંપ્રદાયોના ધર્મગુરુઓએ પણ આદરી અને હોમ-હવન, તપ-જપ જેવી ક્રિયાઓમાં અન્ય સંપ્રદાયના સમુદાયો પણ જોડાયા.

પરંતુ પ્રશ્ન એ થાય છે કે માત્ર સ્વચ્છ અને નિર્મળ સમાજની રચના કરવા માત્રથી આપણે પરિતૃપ્ત થવું જોઈએ કે સાથે સ્વસ્થ અને સમૃધ્ધ સમાજની રચના માટે પણ વિચારવું જોઈએ? જે સમાજમાં અજ્ઞાનતા હોય, પૂરતું ભણતર ના હોય, અનેક વહેમોથી સમાજ પીડાતો હોય, પુષ્કળ ગરીબી હોય એ સમાજ નિર્મળ સમાજ તરફ કઈ રીતે વળી શકે? પ્રથમ તો સમાજનો જે વર્ગ નબળો હોય તેને બે ટંક ભરપેટ ખાવાનું અને બાળકોને ભણતર તરફ પૂરતું લક્ષ આપવું જોઈએ. સમાજનો દરેક ભાગ સમતોલ હશે તો જ સમગ્ર સમાજ સ્વચ્છ અને નિર્મળ બની શકશે. અસમતોલ સમાજ સમગ્ર રાષ્ટ્રને અસમતોલ બનાવી દેશે.

આપણે સેંકડો કે હજારો વર્ષ અગાઉના ઇતિહાસમાં દૃષ્ટિપાત કરીએ. એ સમયે રાજા-મહારાજા કે ધનિક વર્ગ સારે પ્રસંગે દાન કરતો અને સમાજના કેટલાક લોકો એ દાન સ્વીકારતા. આ એક પ્રકારનો અસમતોલ સમાજ જ થયો કે જેની બુરાઈ હિંદુ સમાજે વર્ષોથી વેઠેલ છે. હજારો વર્ષથી ચાલી આવતી આ ગાથા આજે પણ તેટલી જ સાબૂત છે. આજે પણ આ સમાજમાં દાન આપવાવાળાની અને દાન સ્વીકારની - એમ બંને તરફની લાંબી ફોજો તૈયાર છે. આજે પણ આ સમાજમાં

*જેને માણસથી પ્રેમ છે અને માણસાઈની ઓળખ છે તેને પોતાનાથી જ સંતુષ્ટિ મળી જાય છે.*

દાન આપનાર આર્થિક રીતે ઉપલો વર્ગ અને દાન સ્વીકારનાર આર્થિક રીતે નબળો વર્ગ મોજૂદ છે. દાન સ્વીકારનાર નબળા વર્ગની વિટંબણા આજે પણ તેટલી જ વ્યાપક છે કે જે તેને દરેક ક્ષેત્રે નિર્બળ બનવા મજબૂર કરી રહેલ છે. સમાજમાં આર્થિક રીતે નબળો વર્ગ મોજૂદ હોય, જીવન અસ્તિત્વ ટકાવી રાખવા જેને સતતપણે સંઘર્ષ કરવો પડતો હોય, સતત ૨૪ કલાકની વિટંબણા બાદ પણ તે પોતાના બે છેડા એકત્રિત ના કરી શકતો હોય, તે સમાજ સ્વચ્છ, સ્વસ્થ અને નિર્મળ કઈ રીતે બની શકે? આપણે જે સ્વસ્થ અને સ્વચ્છ સમાજની રચના કરવા માગીએ છીએ, પરિપક્વ અને પ્રગતિકારક સમાજની રચના કરવા માગીએ છીએ તે કાર્ય ઉપલો વર્ગ વિશેષપણે આદરે - અત્યારની પ્રવૃત્તિઓ કરતાં પણ અનેરી વિશેષ પ્રવૃત્તિઓ આદરે - તે જરૂરી છે. સમાજમાંથી શોષિત વર્ગની સંપૂર્ણપણે નાબૂદી જ આનો ઉકેલ છે અને એ જાગૃત પ્રહરીની ફરજ આ ઉપલા વર્ગે નિભાવવાની છે.

મોટા પ્રકારના ઉદ્યોગો માત્ર સ્થાપવાથી આ નબળા વર્ગની નાબૂદી થવાની નથી. હા, કદાચ તેનાથી રાષ્ટ્રીય આવકમાં વધારો થાય પરંતુ તે આવક અસમતોલ રહેવા પામશે. વિકાસના ફળો ગામડાના છેવાડાના માણસ સુધી પહોંચે તેવી સમાજરચના અમલમાં મૂકવા તરફ આપણે પ્રયાણ આદરવા જોઈએ. ગામડાનો ખેડૂત પોતાની જમીનમાં સારી ઉપજ કરી શકે, તેની ઉપજમાંથી આધુનિક મશીનરીની મદદથી તેને મૂલ્ય આધારિત બનાવવામાં આવે. આ મૂલ્ય આધારિત ઉપજ જ ખેડૂતને વધારે ભાવ અપાવી શકે. કારખાના અને મશીનરી ચલાવવા કારીગરો ઉત્પન્ન થાય, કારખાનાના મેનેજમેન્ટની વ્યવસ્થા સંભાળવા મેનેજમેન્ટ નિષ્ણાતો પેદા થાય. દુનિયાભરમાં ફરીને આ માલની ખપત વધે તેવા પ્રયાસો એ પ્રકારના નિષ્ણાતો દ્વારા આચરવામાં આવે અને આ પ્રકારના દરેક ક્ષેત્રના નિષ્ણાતો પેદા કરવા વિદ્યાધામો ઊભા થાય તે આજના સમયની માંગ છે. ટૂંકમાં બાગાયતી પાકો, ઔષધીય પાકો અથવા તો શાકભાજી જેવા પાકોને મૂલ્ય આધારિત બનાવવા એગ્રો બેઝ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના તથા ટેક્નીકલ તેમજ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂશનની સ્થાપના આજની ખાસ જરૂરિયાત છે. સમાજના જાગૃત પ્રહરીને આ તરફ પ્રયાસ આદરવાની તક આહ્વાન આપતી ઊભી જ છે.

સમાજમાં આ પ્રકારની અનેક સામાજિક સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે કે જે જાગૃત પ્રહરીનો રોલ અદા કરી શકે. આપણે સહુ આ પ્રકારની સંસ્થાઓને તેના કાર્યોમાં સહયોગ આપીએ અને સ્વચ્છ, સ્વસ્થ તેમજ નિર્મળ સમાજની રચના કરવા તરફ આપણો પણ સાથ પુરાવીએ તે ઈચ્છનીય છે. સમાજના આદરણીય ગુરુ મહારાજો, ગામેગામના મહાજનો તેમજ આદરણીય શ્રેષ્ઠીઓ આ દિશા તરફ પણ પોતાનો દૃષ્ટિપાત રાખશે તો તે વધુ ઈચ્છનીય ગણાશે.

*'મંગલ મંદિર' : જુલાઈ-૨૦૦૬*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • શુક્રવાર, તા. ૨૪-૧૦-૨૦૧૪ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | નૂતન વર્ષ મિલન સમારંભ |
| • બુધવાર, તા. ૮-૧૦-૨૦૧૪ રાત્રે ૮.૦૦ થી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | શરદ પૂનમોત્સવ. શ્રી ગૂર્જર પરિવાર દાંડિયા રાસ હરીફાઈ. |
| • બુધવાર, તા. ૧૫-૧૦-૨૦૧૪ બપોરે ૨.૩૦ થી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન |
| • નવેમ્બર-૨૦૧૪ (વિગત આવતા અંકે) | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | મહિલા સુરક્ષા વિશે ચિંતન - ચર્ચા. પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા મહિલા સુરક્ષા માટે કાયદાકીય માહિતી તથા મહિલા સુરક્ષા હેલ્પલાઈન - ૧૦૯૧ વિશે અગત્યની સમજ. |
| • રવિવાર, તા. ૨૧-૧૨-૨૦૧૪ બપોરે ૩.૦૦ થી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | પુરસ્કાર સમિતિ | ધોરણ-૮થી ઉપરના વિદ્યાર્થીઓ માટે પુરસ્કાર વિતરણ |

# સંપાદકીય

## વર્તમાનકાળે ભારત

*– અશોક મહેતા*

દેશભરમાં દરરોજ જે કંઈ બનાવો બને છે તેના રોજબરોજના સમાચારો વર્તમાનપત્રો અથવા ટી.વી.ના માધ્યમ દ્વારા પ્રજા સુધી પહોંચતા રહે છે. તેના ફોટાઓ પણ પ્રજા સમક્ષ રજૂ કરવામાં આવે છે. મોટાભાગના સમાચારો ખરેખર હકીકત સ્વરૂપે જ પ્રજા સમક્ષ રજૂ થતા હોય છે. તેમ છતાં જરૂરિયાત પ્રમાણે પાછળથી તેને વિકૃત સ્વરૂપ આપવામાં આવે છે અને તે પણ ખૂબ જ શિક્ષિત એવા ઉચ્ચ વર્ગના પ્રયાસો દ્વારા.

તાજેતરમાં જ બિહાર રાજ્યમાં કોસી નદીમાં ઉપરવાસના બંધમાં ભંગાણ પડવાના કારણે પૂર આવ્યા. આ પૂરે અનેક લોકોની તારાજી સર્જી. ગામડાંના ગામડાંઓનો આ પૂરમાં વિનાશ થયો. કોસી નદી પરના ઉપરવાસના આ બંધને મરામ્મત કરાવવાની જરૂરિયાત છે તે વિગતોની જાણ હોવા છતાં રાજકીય હોદ્દેદારો તથા ઉચ્ચ પ્રકારના સરકારી અધિકારીઓ દ્વારા યોગ્ય કાર્યવાહી કરવાના અભાવના કારણે આ પરિણામ આવ્યું. આ એક જગજાહેર હકીકત છે. તેમ છતાં આવતીકાલે આ હકીકતને આપણા ઉચ્ચ કક્ષાના રાજકારણીઓ, પોતાના કોઈ લાભના કારણે ફેરવી તોળે તો નવાઈ પામવા જેવું નહીં બને. તેઓ પોતાની જરૂરિયાત મુજબની રોટલી શેકવા કહી શકશે કે બંધ તો કેટલાક વિઘ્નસંતોષીઓ દ્વારા તોડી પડાવવામાં આવેલ હતો. પછી તો બંને પક્ષે ગોકીરો મચી જશે. પૂરા ભારત પરના બંને પક્ષના રાજકીય કાર્યકરો બે પક્ષમાં વહેંચાઈ જશે. એક પક્ષ કહેશે કે કેટલાક લોકોની બેદરકારીનું આ પરિણામ છે. અન્ય લોકો કહેશે કે આ બંધને તોડી પાડવામાં હિત સંતોષીઓનો હાથ છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોનો સમાવેશ થયેલ હોય તેવા તપાસપંચો બંને પક્ષો તરફથી નીમવામાં આવશે. આ તપાસપંચોના એકબીજાથી ભિન્ન હોય તેવા અહેવાલો પણ આવશે. એક અહેવાલ કહેશે કે બંધ તૂટી જવાના કારણે પૂર આવ્યા. બીજો અહેવાલ કહેશે કે બંધને તોડી પાડવામાં આવેલ હતું. બંને અહેવાલો સાંયોગિક પુરાવાઓ, સાક્ષીઓની જુબાની વગેરે રજૂ કરી પોતાના અહેવાલને પુષ્ટિ અપાવવા પ્રયાસ કરશે. પ્રજા આ નાટક નિર્લેપભાવે - નિર્માલ્યપણે જોયા કરશે.

આજથી છ વર્ષ અગાઉ ગુજરાત રાજ્યમાં ગોધરાકાંડનો બનાવ બની ગયો. સાબરમતી એક્સપ્રેસના એસ-૬ ડબ્બામાં કેટલાક તત્ત્વો દ્વારા આગ લગાડવામાં આવી. ૫૯ કારસેવકો મૃત્યુને ભેટ્યા. આ એક એવી સત્ય હકીકત છે કે જેનો કોઈ પણ વ્યક્તિ દ્વારા ઈન્કાર થઈ શકે તેમ નથી. તેમ છતાં આજે આપણી સમક્ષ જસ્ટીસ બેનરજી પંચ અને જસ્ટિસ નાણાવટી પંચના અહેવાલો ભિન્ન ભિન્ન સ્વરૂપે રજૂ થયેલ છે. એક પંચ કહે છે કે આ અકસ્માત હતો. બીજું પંચ કહે છે કે આ પૂર્વયોજિત ષડયંત્ર હતું. આ બે માંથી એક ન્યાયપંચ સત્યથી ઘણું જ દૂર છે. આ તપાસપંચો ઉચ્ચ ન્યાયાલયના જસ્ટીસો એવા શિક્ષિતોના બનેલા છે અને તેઓના રાજકીય માંધાતાઓ પણ શિક્ષિતો જ છે. આ નાટકનો ગોકીરો બંને પક્ષના ભારતભરના રાજકીય કાર્યકરો પૂરા જોશથી બજાવી રહેલ છે. ભારતીય પ્રજાજીવન કેટલી હદ સુધી નિમ્ન સ્તરે ઉતરી શકે છે તેનો આ જીવતો-જાગતો પુરાવો છે.

પ્રોવિડન્ટ ફંડ કેસમાં ૩૬ ન્યાયાધીશોની સંડોવણી તાજેતરમાં જ બહાર આવેલ છે.

થોડા સમય અગાઉ ગુજરાતની કોર્ટના એક ન્યાયાધીશે રાષ્ટ્રપતિ પર વોરન્ટ કાઢેલ હતું.

કોઈ પણ પ્રકારના કોર્ટકેસમાં વર્ષો નીકળી જાય છે અને ખૂબ જ વિલંબિત ન્યાય, એ ન્યાય ન મળવા બરાબર છે.

જાલી નોટોની ડિલીવરી રાષ્ટ્રીય કક્ષાની બેંકોમાંથી જ થતી હોવાના સમાચાર તાજેતરમાં જ વર્તમાનપત્રોમાં ચમકી ગયા.

દેશમાં થતા બોંબ ધડાકામાં કોમ્પ્યુટર નિષ્ણાત અને આઈ.ટી. ટેક્નોક્રેટ્સ પણ સંડોવાયેલ છે તેવી હકીકતો બહાર આવેલ છે.

આશારામજીના આશ્રમોના વ્યવહાર કે પાંડુરંગ શાસ્ત્રી પછી દીદીના વ્યવહાર જગજાહેર છે.

સ્વામિનારાયણ સંપ્રદાયની હુંસાતુંસી, જાહેરમાં મારામારી અને ખૂન કેસ પણ વિખ્યાતિ પામેલ છે.

સંસદની ગત સભામાં નોટોના બંડલો ઉછાળવામાં આવેલ હતા કે જે ઈલેક્ટ્રોનિક્સ મિડિયા દ્વારા દેશની સમગ્ર પ્રજાએ નિહાળેલ છે. પ્રિન્ટ મિડિયાએ લોકોને પૂરેપૂરા માહિતગાર કરેલ છે.

ન્યાયાલયે જેને ફાંસીની સજા કરેલ છે તે અફઝલ બેગની ફાંસીને જે રીતે રોકવામાં આવી રહેલ છે તે એક ગૂઢ પ્રશ્નાર્થ છે.

*વિજય એનો જ થાય છે કે જે પોતાની જાતને મુશ્કેલીમાં મૂકીને કાર્ય પૂરું કરે, કાયરોનો કદીય વિજય થતો નથી.*

શેર બજારમાં હર્ષદ મહેતા અને કેતન પારેખના કરતૂતો પણ પ્રકાશિત થયેલ છે અને સમગ્ર પ્રજા તેનાથી વાકેફ છે. હર્ષદ મહેતાએ એ સમયે છાપરે ચડીને પોકારેલ કે મેં પ્રધાનમંત્રીને ત્યાં સૂટકેસ ભરીને નાણાં પહોંચાડેલ.

મેઘા પાટકર અને તિસ્તા શેતલવાડ જેવા કહેવાતા માનવતાવાદી તત્ત્વો આ દેશમાં જ પોતાની બેરોકટોક કાર્યવાહી કરી શકે. તેઓ પ્રજામાં ખૂબ જ અપ્રિય હોવા છતાં તેમને કોઈ રોકી શકે તેમ નથી.

બોફોર્સ કાંડ, મુદ્રા કાંડ કે જીપ કાંડ જેવા અનેક બનાવો ભૂતકાળમાં જગજાહેર હતા.

આજે શિક્ષણ જેવા પવિત્ર કાર્યને કમાણીના એક સાધન તરીકે વ્યાપારમાં ફેરવી નાખવામાં આવેલ છે.

દેશભરના ઉચ્ચ પ્રકારના ડૉક્ટરો કે જેમની પાસેથી નિઃસ્વાર્થ સેવાની ભાવનાવાળા વ્યવસાયની અપેક્ષા રાખવામાં આવે છે તેમના રોજબરોજના કરતૂતોની કોને ખબર નથી?

દેશભરના એન્જિનિયરો દ્વારા કરવામાં આવતા નિમ્ન સ્તરના બાંધકામના કાર્યોથી આ દેશનો કયો પ્રજાજન પીડિત નથી?

કયા ગુરૂજને ધર્મને ક્રિયાકાંડમાં ફેરવેલ નથી? પ્રજાને તેઓ રોજબરોજ કયા પ્રકારનો દારૂ પીરસે છે? શું થવાનું છે આ ક્રિયાકાંડોથી?

ઉપરોક્ત બધા જ પ્રકારના કાર્યો કોઈ અભણ, ભૂખ્યા પેટે તરસતા લોકો, મજબૂર માનવ કે ગેરકાનૂની તત્ત્વો દ્વારા આચરવામાં આવેલ નથી. આ બધા જ લોકો શિક્ષિત છે અથવા ધર્મગુરુ છે અથવા આર્થિક સદ્ધરતા પામેલ અને સમાજમાં આદરણીય છે અથવા આ દેશનું તંત્ર ચલાવવામાં ઉચ્ચ કક્ષાએ બિરાજમાન મહાનુભાવ છે. હાઈકોર્ટના એક જજે તાજેતરમાં જ જણાવેલ કે "આ દેશને તો હવે ભગવાન જ બચાવી શકે." આમ પ્રજા તો દરરોજ આ ઉક્તિ કહેતી આવેલ છે - સહેતી આવેલ છે.

આજે પણ આ દેશમાં અમીચંદો પાકી નહીં શકે તેવું છાતી ઠોકીને કોઈ કહી શકશે નહીં.

ભારતનું પ્રજાજીવન કઈ કક્ષાએ આવી ગયેલ છે! સદીઓની ગુલામીએ ભારતની પ્રજાને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધી! ભવ્ય ભૂતકાળના તો હવે માત્ર ગાણા જ ગાવાના રહ્યા! નાલંદા - તક્ષશિલા, રામાયણ - મહાભારત, મહાવીર - ગૌતમ બુદ્ધ વગેરે આ દેશની જ કહાની છે. કઈ કક્ષાએથી કઈ કક્ષાએ આ દેશ પહોંચી ગયો!

કોણ તારશે આ દેશને!

આશા માત્ર બચી છે થોડા નિઃસ્વાર્થ અને નિર્ભિક સંતોમાં અથવા તો સેવાભાવી અને સમાજલક્ષી કાર્યકરોમાં. આ દેશને જરૂરત છે અનેક રવિશંકર મહારાજ, વિનોબા ભાવે, ઈન્દુલાલ યાજ્ઞિક, કે.કા. શાસ્ત્રી, સ્વામી સચ્ચિદાનંદ, ચંદનાશ્રીજી જેવા નિર્ભિક અને આદ્યદૃષ્ટા સંતોની કે સેવાભાવી કાર્યકરોની. તેઓ આજે પણ દેશને ખૂણે ખૂણે ફેલાયેલ છે. લત્તે લત્તે અને ગલીએ ગલીએ ફેલાયેલ છે. સવાલ છે માત્ર પ્રજાએ તેઓને સહકાર આપવાનો.

નિઃસ્વાર્થ અને નિર્ભિક સંતોએ ધાર્મિક તેમજ આધ્યાત્મિક ક્ષેત્રે આગેવાની લઈ, જાહેર જીવનમાં પ્રાણ પૂરવા ગણતરીપૂર્વક આગળ આવવું પડશે.

સંન્નિષ્ઠ સામાજિક કાર્યકરો તથા તેમની સામાજિક સંસ્થાઓએ નિઃસ્વાર્થ પ્રકારના સેવા ભાવનાના કાર્યોની અહલેક જગાવવી પડશે.

કેટલાક સંન્નિષ્ઠ અને સંપન્ન મહાનુભાવોએ એકત્રિત થઈ, કાર્યની ગતિવિધિ નક્કી કરી, તે લાઈનમાં જ પોતાના પ્રયાસો ચાલુ રાખવા જોઈએ. તેઓશ્રી નીતિમત્તાના ધોરણો પાયાના શિક્ષણ કાર્યના સમયે જ બાળ માનસમાં રેડવા પ્રયાસ કરી શકે.

ખંત અને ચીવટથી એકેક કાર્ય કરતા દસકાઓ વીતી જશે.

દસકાઓ સુધીના આ પ્રયાસો - નૈતિકતા લાવવાના આ પ્રયાસો જ ભવ્ય ભૂતકાળ પાછું લાવી શકશે.

અનેકવિધ દિશાના આ પ્રયાસોની કાર્યવાહી દરેકે પોતાના સ્થળેથી અને ક્ષેત્રેથી જ કરવાની રહી.

ટીપે ટીપે સરોવર ભરાય - તે ઉક્તિને નજર સમક્ષ રાખી, જરૂરી કાર્યવાહી જ આ દેશને તારી શકશે. નૈતિકતાનું ધોરણ ઊંચું લાવી શકશે.

***'મંગલ મંદિર' : ઓક્ટોબર-૨૦૦૮***

*આત્મસંતોષ એ ઈશ્વર પ્રાપ્તિ માટેનું દ્વાર છે.*

# સંપાદકીય

## એક સરાહનીય પ્રયાસ

***– અશોક મહેતા***

કચ્છના જૈનોમાં વીસા ઓસવાળ કોમ, પ્રથમથી જ એક સાહસિક અને ઉદારદિલ પ્રજા છે. આ જ્ઞાતિનો છેલ્લા સો વર્ષનો ઇતિહાસ તેની ગવાહી પૂરે છે. ભૂતકાળમાં આ જ્ઞાતિના અનેક સાહસવીરોએ દેશ-વિદેશમાં રહી પોતાના વ્યાપાર-ધંધા ખૂબ જ સારી રીતે વિકસાવેલ હતા. આ જ્ઞાતિના ઉદારદિલ સજ્જનોએ દાનો પણ તેટલી જ માત્રામાં આપેલ હતા. હાલે તો આ જ્ઞાતિના આવા સાહસિકો અનેક સ્થળે ખૂબ જ મોટા પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે. તેઓની સાહસિક વૃત્તિના કારણે પોતે તો ખૂબ જ સદ્ધર બની ગયેલ છે પરંતુ તેના પરિણામ સ્વરૂપે લગભગ મોટાભાગની આ જ્ઞાતિ અન્ય કચ્છી જ્ઞાતિઓ કરતા સારી એવી સદ્ધરતા પ્રાપ્ત કરી શકેલ છે. છેલ્લા કેટલાક વર્ષોથી આ જ્ઞાતિના વાગડ વિભાગના ભાઈઓએ પણ સારી એવી સદ્ધરતા પ્રાપ્ત કરેલ છે. આ બધા જ પરિણામો માત્ર તેઓની વ્યાપારીક દીર્ઘદૃષ્ટિ, સાહસિક મનોવૃત્તિ અને વ્યાપાર કુનેહના કારણે આવી શકેલ છે. તેઓ માત્ર વ્યાપાર - ઉદ્યોગમાં જ નહીં પરંતુ અન્ય અનેક પ્રકારના સામાજિક કાર્યોમાં અને ઉદારદિલ માતબર દાનો આપવામાં પણ અવ્વલ નંબરે રહેતા આવેલ છે. તેઓની દાન આપવાની ઝીંદાદિલ મનોવૃત્તિ અને પોતાની માતૃભૂમિ - કર્મભૂમિ પ્રત્યેની સદ્‌ભાવના જ આ પરિણામો લાવી શકેલ છે. પોતાની કોમ માટે કાંઈક કરી છૂટવાની મનોવૃત્તિ પણ સારા પરિણામો લાવી શકેલ છે.

આજે આપણે આવા જ એક છપ્પનની છાતીવાળા, ઝીંદાદિલ સ્વભાવવાળા અને દરેક કચ્છી પ્રત્યે સદ્‌ભાવ રાખવાવાળા, કે જેમના માટે તેઓ કાંઈક કરી છૂટવાની ભાવના ધરાવે છે તેવા એક નરબંકાની વાત અત્રે કરવી છે.

મૂળ કચ્છ ગોધરાના તેમજ "રોમન વિઝન ગ્રૂપ"ના શ્રી ભૂપેન્દ્રભાઈ છેડા, સમગ્ર કચ્છી સમાજ આર્થિક રીતે હજુ પણ સદ્ધર બને તે માટે છેલ્લા બે વર્ષથી પ્રયત્નશીલ છે. આ માટે તેઓએ અલગ અલગ યોજનાઓ વિચારી રાખેલ છે. તેમના હિસાબે સમગ્ર કચ્છીઓના અર્થોપાર્જનની વાત કરીએ તો કોઈ ઉદ્યોગપતિ હોય, કોઈ કારખાનાનો માલિક હોય કે કોઈ ગૃહ ઉદ્યોગ ચલાવતો હોય. વળી કોઈ વિશાળ પાયે મોટા મૉલ પ્રકારની સાઈઝના કે તેનાથી પણ મોટા ગજાનો વ્યાપાર કરતા હોય, કોઈ નાના દુકાનદાર કે કોઈ ફેરી કરી પોતાનું ગુજરાન ચલાવતા હોય. કોઈ પ્રોફેશનલ હોય, કોઈ મોટા પદે રહી જોબ કરતા હોય કે કોઈ નાની નોકરી કરતા હોય કે વળી કોઈ મજૂરી પણ કરતા હોય. કોઈ સર્વિસ સેક્ટરમાં હોય કે ટ્રાન્સપોર્ટર હોય કે કોઈ પ્રકારના એજન્ટ પણ હોય — આ બધા જ પ્રકારના લોકો અત્યારે જે કંઈ ઉપાર્જન કરતા હોય, તેનાથી વધારે કમાતા થાય તેવી તેમની મહેચ્છા રહેલ છે અને તે પ્રમાણે તેઓશ્રીએ માત્ર સેવાકીય ભાવનાના નાતે વિવિધ આયોજનો પણ વિચારેલ છે.

સમગ્રપણે વિચાર કરીએ તો તેઓશ્રીએ તેમની યોજનાને ત્રણ ભાગમાં વિભાજિત કરેલ છે : (૧) ઉદ્યોગપતિ અથવા મેન્યુફેક્ચરર, (૨) વ્યાપારી વર્ગ અને (૩) નોકરિયાત વર્ગ. પ્રથમ બે વિભાગની વાત કરીએ તો જેઓ પોતાની રીતે ખૂબ જ સદ્ધર છે તેઓને શ્રી ભૂપેન્દ્રભાઈની યોજનાની કદાચ જરૂરત ના પડે, બલકે તેઓ જાતે જ અન્ય ભૂપેન્દ્રભાઈ બની આ પ્રકારની ઉચ્ચ ભાવનાના કાર્યો કરી શકે. પરંતુ આ વિભાગમાં જેઓ સારા એવા સદ્ધર નથી, તેઓએ પોતાનો આર્થિક વિકાસ વધારવા અને પોતાનું ટર્નઓવર વધારવા "રોમન વિઝન ગ્રૂપ"નું માર્ગદર્શન જરૂરથી મેળવી શકે. ત્રીજા ગ્રૂપની વાત કરીએ તો દરેક કચ્છી સેલ્સમેન નહીં પણ સેલ્સ મેનેજર બને અને પોતાનું કૌશલ્ય, આ નવા માર્ગદર્શન પ્રમાણે દાખવી, જરૂરી સદ્ધરતા પ્રાપ્ત કરે. આ અંગે તેઓશ્રીએ એક બ્લ્યુ પ્રિન્ટ બનાવેલ છે કે જે પિરામિડમાં ૧ + ૪ + ૧૨ + ૬૦ + ૩૦૦ + ૩૦૦૦ = ૩૩૭૭ વ્યક્તિઓનો સમાવેશ થઈ શકે. તેઓશ્રીએ પોતાની આ યોજના છેલ્લા બે વર્ષથી મુંબઈ ખાતે અમલમાં મૂકી દીધેલ છે અને હાલે આ યોજનાના એક ભાગરૂપે તેમાંના કેટલાક લોકોને તેઓ જે અર્થોપાર્જન કરે છે તેના ઉપરાંત તેમને પ્રોત્સાહિત કરવા પોતાના સ્વ-ભંડોળમાંથી અમુક રકમ દર મહિને નિયમિતપણે ચૂકવે છે. તેઓશ્રીના હિસાબે આ યોજના સારી રીતે સેટ થઈ

***(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)***

***ધીરજથી નબળી વ્યક્તિને બળ પ્રાપ્ત થાય છે, અધીરાઈથી શક્તિ બરબાદ થાય છે.***

શિક્ષણ

# ૨૧મી સદીના શિક્ષણ માટે જરૂરી પગલાં

• કાંતિસેન શ્રોફ •

છેલ્લા ૩ મહિનાથી આપણે એક જુદા જ પ્રકારની કુદરતની વર્તણૂકના અનુભવો કર્યા. વરસાદ શરૂ થયો, પાછો ખોવાઈ ગયો અને પછી એકધારો ખૂબ વિષમતાથી વરસતો જ રહ્યો. હજારો કરોડનું આર્થિક નુકસાન તો થયું જ, જાનહાનિ થઈ, પણ એનાથી વધારે તો આપણા જીવન વ્યવહારને પણ ખૂબ અસર કરી રહ્યો છે.

વર્ષોથી આપણે સાંભળતા તો આવ્યા જ છીએ કે Global Warming થઈ રહ્યું છે, હવામાનમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધતું જાય છે. પણ એ બધાથી કેટલી બધી મોટી હોનારતો થઈ શકે, કેટલી બધી જીવન પર મોટી અસરો પડે એના પ્રત્યક્ષ અનુભવ આપણે બધાએ કર્યા અને કરતા રહીએ છીએ.

ત્યારે આપણી સામે સવાલ એટલો જ ઊભો રહ્યો છે - શું એના કોઈ જવાબો શક્ય છે?

અમારા જેવાઓનો અભિપ્રાય એટલો જ છે, કે ચોક્કસ આપણે આ પ્રશ્નો હલ કરી શકીશું.

ફક્ત આપણી દૃષ્ટિ બદલવાની છે, આપણી સક્ષમતા વધારવાની છે. કચ્છમાં બેઠા બેઠા અમે વર્ષોથી જમીન અને પાણીને સાથે સમજી રહ્યા છીએ. જમીનમાં ઉત્પાદક રીતે પાણી સાચવવાના અનેક કાર્યક્રમો કર્યા છે. સાદી ભાષામાં એને વોટર શેડ મેનેજમેન્ટ કહીએ છીએ. હવે આને વધારે મોટેપાયે આખી નદીના સમગ્ર તટને સમજવાનું રહે છે. દાખલો આપું. સૌથી વધારે હોનારત તાપી નદીના પૂરને કારણે સુરતને થઈ. કારણકે તાપી નદીના બધાજ પાણી સુરત પાસે ઠલવાય છે. પણ એ જ તાપી નદીના સંપૂર્ણ ક્ષેત્રફળને સમજાય, તો ચિત્ર જુદું જ દેખાશે. તાપી નદીનો મુલ્ક - એનું ક્ષેત્રફળ એટલે ૫૮,૦૦૦ ચોરસ કિલોમીટરથી પણ વધારે. આપણે એ આખા ક્ષેત્રફળને ઓળખીએ. શહેર કે ગામડાનાં ભેદ ભૂલી જઈએ. કુદરતી દેણનું સમગ્રતાથી જોતા થઈએ તો એના રૌદ્ર સ્વરૂપને બદલે એનું પ્રેમાળ માતૃ સ્વરૂપ અનુભવવાનું જ મળે.

પણ આ વિચારને હવે આચારમાં મૂકવાનો છે. અમે એને માટે ઓક્ટોબરની શરૂઆતમાં ગુજરાતના વિવિધ વિષયના વિદ્વાનોની એક બેઠક ગોઠવી છે અને એમાંથી જે નિર્ણય નીકળશે એનું અમલીકરણ કરવા શરૂઆતમાં ૨૫ જેટલા અમારા શ્રેષ્ઠ કાર્યકરો એના પર સક્ષમ થવા માટેના વિવિધ વિષયના વિદ્વાનો સાથે બેસી શીખશે. શરૂઆતમાં તાપી નદી પરજ અભ્યાસ વધારી-સરખી રીતે આખા પ્રદેશને ઉત્પાદક રીતે જોઈ એના પર કામ કરવાની પધ્ધતિ નક્કી કરીશું, અમલીકરણની યોજના ગોઠવીશું.

આ બધું કામ ફક્ત ટેકનિકલ નહિ બને-પણ આપણો સમાજ ફરીથી સાચા અર્થમાં 'મંગલ મંદિર' બની જાય એવું અમલીકરણ કરવાની યોજના છે.

*'મંગલ મંદિર' : ઓક્ટોબર-૨૦૦૬*

---

## સંપાદકીય : એક સરાહનીય પ્રયાસ

(અનુ. પાના નં.-૨૩ ઉપરથી ચાલુ)

ગયેલ છે અને હવે આવતા દિવસોમાં તે સારા એવા વેગથી આગળ ધપી શકશે. આ પ્રકારે તેઓ ભારતભરના ૧૦૦૦ શહેરના કચ્છીઓ માટે આ જ મોડ્યુલ પ્રમાણે આગળ કાર્યવાહી કરવાની મહેચ્છા ધરાવે છે.

આ આખી યોજના પાછળ તેઓએ આર્થિક રીતે તો કાંઈ મેળવવાનું નથી પરંતુ મારો કચ્છી ભાઈ કઈ રીતે સદ્ધર બને અને કચ્છી સમાજનો સમગ્રતયા કઈ રીતે વિકાસ થાય તેની ચિંતા કરી દર મહિને રૂા. પાંચ લાખથી રૂા. દસ લાખ જેટલો સ્વ-ખર્ચ કરી, આ યોજનામાં પોતાના પ્રાણ રેડી રહેલ છે.

પરિણામ હકારાત્મક આવે કે કદાચ ધાર્યા પ્રમાણે ના પણ આવે, પરંતુ તેઓની બુલંદીને તો કોઈએ પણ સલામી ભરવી પડે.

અન્ય સદ્ધર કચ્છી આગેવાનો તેઓની આ ભાવના સમજી, તેઓશ્રીની યોજનામાં કોઈ કડી ખૂટતી હોય તો તે ઉમેરી, તેમની પડખે ઊભા રહે તે જ આજની માંગ છે.

આપણે ઈચ્છીએ કે શ્રી ભૂપેન્દ્રભાઈ પોતાની યોજના અનુસાર ખૂબ જ સારી રીતે સફળ બને કે જેથી કચ્છી સમાજનું આર્થિક ધોરણ અત્યારે છે તેના કરતા પણ વધુ ઉર્ધ્વ ગતિ પામી શકે.

*'મંગલ મંદિર' : ડિસેમ્બર-૨૦૦૮*

*સત્યને બચાવવા જીવ ત્યાગવાની હિંમત જોઈએ.*

# અભ્યાસક્રમના ઘડવૈયાઓએ વિચારવું રહ્યું

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ •

આજનો વિદ્યાર્થી પ્રગતિ કરે તે ખૂબ આવકાર્ય છે. શિક્ષણશાસ્ત્રીઓ શિક્ષણની ગુણવત્તા સુધારવા અવિરત પ્રયાસ કરતા હોય છે. પરિણામે અવારનવાર અભ્યાસક્રમો બદલાતા રહે છે. વિદ્યાર્થી શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ જ્ઞાન સંપાદન કરે તેવા હેતુથી અભ્યાસક્રમો ઘડવામાં આવે એ સારી બાબત છે પરંતુ બધા વિદ્યાર્થીની સમજ શક્તિ, સ્મરણ શક્તિ એકસરખી હોતી નથી. તેથી એક સામાન્ય સ્તરના, મધ્યમ સ્મરણ શક્તિની ઉપલબ્ધિ ધરાવનારને લક્ષમાં રાખી અભ્યાસક્રમો ઘડવામાં આવે તે વિદ્યાર્થીના હિતમાં છે.

પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમો તરફ એક દષ્ટિપાત કરીએ તો અભ્યાસક્રમોની સમિતિમાં ડૉક્ટરેટ પદવીધારીઓ પણ હોય છે. અલબત્ત તેઓનું જે તે વિષયનું સારું જ્ઞાન હોય છે. તેઓની પાસે ચોક્કસ પ્રકારની માહિતી જે તે વિષયની હોય છે. તેમને અવશ્ય એમ લાગે કે વિદ્યાર્થી આ વિષયમાં ખૂબ જ પારંગત થાય. પરંતુ વિદ્યાર્થીની વયનો ખ્યાલ જરૂર રાખવો જોઈએ. સમગ્ર વર્ષ દરમ્યાન માંડ માંડ અભ્યાસક્રમ પૂરો થાય તેટલા લાંબા અભ્યાસક્રમો વિવિધ વિષયોમાં પ્રાથમિક કક્ષાએ આજે ચાલી રહ્યા છે. પરિણામે વર્ગમાં ઝડપથી અભ્યાસ પૂરો કરાવવા શિક્ષકે પ્રયત્ન કરવો પડે છે. શિક્ષકો પણ કહેતા રહે છે કે, ‘અમારે કોર્સ પૂરો કરવા પાઠ, કાવ્યો વગેરે દોડાવવા પડે છે.’ આમ, શિક્ષક લાંબા અભ્યાસક્રમોને ન્યાય આપી શકતો જ નથી. બીજી તરફ અનેક બાબતોથી વિદ્યાર્થી અજ્ઞાત રહી જાય છે.

ઘેરથી ગૃહકાર્યો આપીને અભ્યાસક્રમની પૂર્ણતા દર્શાવવા શિક્ષકને પ્રયત્ન કરવો પડે છે અને ગૃહકાર્ય તેની સાબિતી પણ છે. સાત આઠ વિષયના ગૃહકાર્યો કરવામાં વિદ્યાર્થી સ્વયં અટવાય છે. માતા-પિતાને પણ હોમવર્ક પૂરું કરાવવામાં સાથ આપવો પડે છે. વિદ્યાર્થી આટલા બધા વિષયના હોમવર્ક કરવામાં કેટલો બધો પરેશાન થતો હોય છે તેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. વિદ્યાર્થીના મન પરનો બોજ વધતાં તે મનોશારીરિક રોગોનો ભોગ બનવા પામે છે. આજે તો અનેક વિષયોના અભ્યાસક્રમો તપાસીએ તો વિદ્યાર્થીની કક્ષા કરતાં જરૂરથી વધારે છે.

સરળ ભાષામાં જ અભ્યાસક્રમ હોય તે આવશ્યક છે. ભાષાનો ખ્યાલ તો રાખવો જ જોઈએ. પ્રાથમિક કક્ષાએ એક જ વિષયની બે ત્રણ નોટબુકો હોય છે. પાઠ્યપુસ્તકો, નોટબુકો, કંપાસ, નાસ્તાનો ડબ્બો આ બધું ઓછામાં ઓછા પાંચ કિલોનું ભારણ બંને ખભા પર પાંચ-છ વર્ષના બાળકના ખભા પર જોઈ કોઈ પણ વ્યક્તિને જરૂરથી દયા આવે. ભાર વિનાના ભણતરની માત્ર વાતો જ થયા કરે છે. અમલ તો અતિ અલ્પ જણાય છે. અતિ લાંબા અભ્યાસક્રમોની બોલબાલા છે. પ્રત્યેક વિષયમાં વધુ માહિતીઓ ભરી દેવી કેટલી યોગ્ય છે? વિદ્યાર્થીની યાદદાસ્તની પણ કોઈક સીમા જરૂર હોય છે.

નવા નવા પુસ્તકો છપાય તો છાપકામ કરનારા, વિક્રેતાઓ, આદિ સૌનો આર્થિક વ્યવહાર વધે તે સ્વાભાવિક છે. પણ તે વિદ્યાર્થીઓના ભોગે ન હોવો જોઈએ. ક્યારેક અમુક જ લેખકોનું અભ્યાસક્રમમાં પ્રાધાન્ય હોય ત્યારે અવારનવાર થોડા થોડા પ્રકરણો જુદી જુદી કક્ષામાં ફેરવાતા હોય છે. આવું માધ્યમિક કક્ષાએ, કોલેજ કક્ષાએ પણ અનુભવવા મળ્યું છે. કોલેજના પ્રથમ વર્ષના અમુક વિષયના પ્રકરણો ફેરવી તેને બીજા કે ત્રીજા વર્ષમાં લઈ જવામાં આવે અને ક્યારેક તો પ્રકરણોનું પુનરાવર્તન જ થતું રહે ત્યારે કોને કહેવું? આથી અભ્યાસક્રમો ઘડનારાઓએ તટસ્થતા જાળવવી પડે.

*‘મંગલ મંદિર’ : મે-૨૦૦૭*

## પ્રેમનો જાદુ

સાબરમતી આશ્રમની વાત છે. એકવાર રાત્રે એક ચોર ચોરી કરવા આશ્રમમાં ઘુસી ગયો. જેવો ચોર અંદર આવ્યો કે તરત એક આશ્રમવાસી જાગી ગયો. તેણે બધાને જગાડી ચોરને પકડીને રૂમમાં પૂરી દીધો. તે વખતે પૂજ્ય ગાંધી બાપુ આરામ કરતા હતા.

બીજા દિવસે સવારે તેની ચર્ચા થવા લાગી. બધા ચોરને જોવા તથા તેને શિક્ષા કરવા ઉત્સુક હતા. વ્યવસ્થાપક, ચોરને બાપુની સામે લઈ ગયા. બાપુએ તેની સામે જોયું. એક નવજવાન છોકરો આંખ નીચી કરીને ઊભો હતો. બધાની આંખો બાપુ તરફ હતી. બાપુએ ચોરને પૂછ્યું કે, ‘તેં નાસ્તો કર્યો?’ કોઈ ઉત્તર ન મળ્યો. તેથી તેઓએ વ્યવસ્થાપક સામે પ્રશ્નાર્થ દૃષ્ટિથી જોયું.

વ્યવસ્થાપક થોડા મુંઝાઈ ગયા. તેમણે બાપુને કહ્યું કે આ તો ચોર છે! આ સાંભળી બાપુનો ચહેરો ગંભીર બની ગયો અને થોડી ક્ષણ પછી દયાના સ્વરમાં બોલ્યા કે આ છોકરાને લઈ જાઓ અને નાસ્તો કરાવો. આ સાંભળી ચોરની આંખોમાં પ્રાયશ્ચિતના આંસુ આવી ગયા અને તે બાપુના ચરણોમાં નમી પડ્યો. ચોર મટી સજ્જન બની ગયો. આમ, આ યુગમાં કરુણા અને પ્રેમ જેવા અનેક ગુણોને કારણે ગાંધીજી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી બની ગયા. ■

*આ જન્મનો અંત તે આગલા જીવનનો આરંભ છે.*

# કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ આયોજિત "શિક્ષક સજ્જતા શિબિર"

કચ્છના ગામડાઓમાં અપાતું શિક્ષણ વધુને વધુ ઉચ્ચ કક્ષાનું બનતું જાય એ આશયથી ભુજના ટાઉન હૉલ ખાતે શનિવાર તા. ૮-૩-૨૦૦૮ના દિવસે એક શિક્ષક સજ્જતા શિબિરનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. જેમાં સી.આર.સી., બી.આર.સી. તથા વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ - એમ બધા મળીને અંદાજિત ૫૦૦ની સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. કચ્છમાં સરકારી અંદાજિત ૧૬૨૫ પ્રાથમિક શાળાઓ છે કે જેમનું ઉપરોક્ત શિક્ષકો પ્રતિનિધિત્વ કરતા હતા.

આ શિક્ષણ શિબિર કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સહકારથી યોજવામાં આવેલ હતી. શિબિરનું આયોજન મુખ્યત્વે કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી પ્રફુલ્લભાઈ એ. જલુનું રહેવા પામેલ હતું.

માનનીય મંત્રી શ્રી વાસણભાઈ આહીર, સાંસદ શ્રી પુષ્પદાનભાઈ ગઢવી, જિલ્લા પંચાયતના અધ્યક્ષ શ્રી જીવાભાઈ આહીર તથા જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડા આ શિબિરમાં થોડા સમય માટે ઉપસ્થિત રહેલ હતા. માનનીય મંત્રીશ્રીએ આ પ્રસંગે બાળકો તથા શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવેલ શૈક્ષણિક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરેલ હતું. આ પ્રસંગે બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજવામાં આવેલ હતો કે જેમાં અનેક શિક્ષકોએ સ્વૈચ્છિક રક્તદાન કરેલ હતું. બ્લડ ડોનેશન કેમ્પનું ઉદ્‌ઘાટન નિયામક શ્રી આર. સી. રાવલના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું.

શિબિરનું અધ્યક્ષ સ્થાન શ્રી આર.સી. રાવલ, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય દ્વારા સંભાળવામાં આવેલ હતું. મંચ પર નિયામકશ્રી આર.સી. રાવલ, જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારીશ્રી મહેશભાઈ રાવલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી પ્રફુલભાઈ જલુ, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ તથા માનદ્ મંત્રી શ્રી અશોકભાઈ મહેતા, શ્રી શશીકાંતભાઈ ઠક્કર તથા શ્રી પ્રતાપભાઈ દંડ, કેળવણીકાર શ્રી રમેશભાઈ દવે, શ્રી કાંતિસેનભાઈ શ્રોફ, જી.સી.ઈ.આર.ટી.ના પૂર્વ નિયામકશ્રી નલિનભાઈ પંડિત, શ્રી હરેશભાઈ ધોળકિયા, શ્રી દિનેશભાઈ સેવક, કે.ડી.સી.ના શ્રી નિમેષભાઈ ફડકે વગેરે ઉપસ્થિત રહેલ હતા.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી અશોકભાઈ મહેતાએ ઉપસ્થિત સહુને આજની આ શિબિરમાં આવકાર્યા હતા અને ઉપસ્થિત શિક્ષકોને જણાવેલ હતું કે આજની આ શિબિરમાં જે કાંઈ કાર્યવાહી કરવામાં આવે તેનો ગામડામાં જઈ નિષ્ઠાપૂર્વક અમલ કરવામાં આવશે તો આ શિબિરની સાર્થકતા બની રહેશે.

ત્યારબાદ શિક્ષણકાર શ્રી રમેશભાઈ દવેએ આજની આ "શિક્ષક સજ્જતા શિબિર"ના હેતુ અને ઉદ્દેશ અંગે વિગતવાર માહિતી આપેલ હતી.

માનનીય મંત્રી શ્રી વાસણભાઈ આહીરે જણાવેલ કે શિક્ષકમાં પુષ્કળ તાકાત રહેલ છે. તે આજના વિદ્યાર્થીને નાનામાં નાના કર્મચારીથી માંડીને કલેક્ટર સુધીનું અને તેનાથીયે ઉપર મુખ્યમંત્રી કે પ્રધાન મંત્રીનું પદ અપાવી શકે છે. ઉચ્ચ આસને પહોંચેલ એક વખત તો વિદ્યાર્થી જ હતો. આથી પણ ઉચ્ચ સ્તર ધરાવતા માસ્તરો સમાજના ઉત્થાન માટે સક્રિય સહયોગ આપે તેવા સજ્જ હોવા જોઈએ. આજની શિબિરને આવશ્યક ગણાવી તેઓશ્રીએ આયોજકોને અભિનંદન આપ્યા હતા.

નિયામક શ્રી આર.સી. રાવલે જણાવેલ કે કોઈ પણ વિદ્યાર્થીનો પાયો પ્રાથમિક શિક્ષણ મારફતે ઘડાતો હોય છે ત્યારે શિક્ષકો આ પ્રકારની શિબિર મારફત સજ્જ બની આગળની કાર્યવાહી કરે તેવો તેમણે અનુરોધ કરેલ હતો.

જી.સી.ઈ.આર.ટી.ના પૂર્વ નિયામક શ્રી નલિનભાઈ પંડિતે જણાવેલ કે કચ્છી બોલીનો હજુ સુધી અલાયદો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો ન હોવાના કારણે કચ્છમાં વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે યોગ્ય રીતે સંવાદ સાધી શકાતો નથી. જ્યાં સુધી કચ્છી બોલીને અભ્યાસક્રમમાં અમલી નહીં બનાવાય ત્યાં સુધી વિવિધ પ્રકારની અડચણો આવતી રહેશે. રાજ્યકક્ષાની તાજેતરની વિચારસરણી પ્રમાણે કચ્છને પોતાનો અલાયદો અભ્યાસક્રમ હોવો જોઈએ અને એ પ્રમાણે શિક્ષણવિદોએ આગળ આવવું જોઈએ.

પ્રેરણા - મોટીવેશન પર પ્રવચન આપતા શ્રી હરેશભાઈ ધોળકિયાએ જણાવેલ કે અત્યારની પરિસ્થિતિ શું છે? આ પરિસ્થિતિ સામે શિક્ષણની પરિસ્થિતિ શું છે? તે માટે શિક્ષણે શું કરવાનું છે? આ બધા માટે આપણે વિચારવું જોઈએ. હાલે દુનિયામાં એશિયાના દેશો પ્રગતિશીલ થઈ રહ્યા છે. ૨૦૨૦ સુધી ચીન આગળ રહેશે. ભારત લોકશાહી દેશ હોવાથી તેનો વિકાસ ધીમો રહેશે પરંતુ ૨૦૫૦માં ભારત સુપર પાવર હશે. આપણા બાળકોના ખભા પર આવતીકાલનું ભારત છે. ઉદ્યોગોના કારણે અદ્‌ભુત રોજગારીની તકો આવેલ છે. ઉદ્યોગોને જરૂરિયાત છે તે પ્રમાણે આપણે બાળકોને ભણાવીએ. બાળકોને સુસજ્જ

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૩ ઉપર)

*લોકહિતનું કાર્ય નિયમ વિરુધ્ધ હોય તો પણ યોગ્ય જ છે.*

પર્યાવરણ

# વિકાસમાં ખેતી અને ગામડાઓની અગત્ય

● કુંજન મહેતા ●

ભારતમાં ગામડા અને ખેતી એકબીજાની સાથે ચાલે છે. આઝાદી બાદ હરિયાળી ક્રાંતિ અને શ્વેત ક્રાંતિની લહેરોનો સમયગાળો આવ્યો. તેમના પરિણામરૂપે ખેતી અને પશુપાલન આધારિત ગામડાઓને અને પ્રજાને ઘણું જ પ્રોત્સાહન મળ્યું. સાંપ્રત સમય ઔદ્યોગિકીકરણ દ્વારા વિકાસના દરવાજા ખોલી રહ્યો છે. ગુજરાતમાં અને ખાસ કરીને કચ્છમાં ઉદ્યોગોનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે.

ઉદ્યોગો દ્વારા વિકાસની ગણતરી સવળી પડી રહી છે. ઉદ્યોગોમાં કામદારોને વળતર પણ સારું મળે છે. આથી ખેતીમાં રોકાયેલા લોકો પણ ધીમે ધીમે ઉદ્યોગ એકમોમાં કામ મેળવવા ખેંચાઈ રહ્યા છે. પરંતુ ઉદ્યોગો ખેતી જેટલું વિશાળ ફલક ધરાવતા નથી. આથી તેમાં સારા એવા પ્રમાણમાં રોજગારી ઉપલબ્ધ હોવા છતાં, તેનું પ્રમાણ ખેતીની તુલનાએ તો ના જ આવી શકે. સામે ખેતીમાં પણ રોજગારી નિયમિત નથી.

ખેતીકામમાં વીજળી અને પાણીની સમસ્યાઓ, આધુનિક ખેતી પધ્ધતિઓના સ્વીકારનો અભાવ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો અયોગ્ય ઉપયોગ, શહેરની રહેણીકરણીનું આકર્ષણ, અપૂરતું વળતર, મહેનતુ જીવનશૈલી પ્રત્યે અરુચિ વગેરે ખેતી સાથે સંકળાયેલા કારણોસર ગામડાનો સામાન્ય માનવી ધીમે ધીમે ખેતીથી વિમુખ થઈ રહેલો દેખાય છે. પશુપાલન પણ અમુક અંશે ખેતી પર આધારિત વ્યવસાય હોવાથી તેના પર પણ અસર થઈ રહી છે. ઉદ્યોગોમાં સારા વળતરની અપેક્ષાએ ગામડાના લોકો સ્થાનાંતર કરીને પણ ગામડા, ખેતી અને પશુપાલનથી દૂર થઈ રહ્યા છે.

પરિણામે શહેરોમાં વધારે પડતી વસતિ, પ્રદૂષણ, આવાસની મર્યાદિત ઉપલબ્ધિ અને આનુષંગિક સમસ્યાઓ વકરી રહી છે. પરંતુ ખેતીની આધુનિક પધ્ધતિઓના સમજપૂર્વકના સ્વીકાર તથા રાસાયણિક ખાતર, છાણીયું ખાતર અને જંતુનાશક દવાઓના વિવેકપૂર્વકના ઉપયોગ દ્વારા ખેતીમાં વધુ વળતર મેળવી શકાય તેમ છે. ઉદાહરણ તરીકે ટપક સિંચાઈ પધ્ધતિના સુઆયોજિત ઉપયોગ દ્વારા વીજળી અને પાણીની ખેંચ એ બંને સમસ્યાઓને પહોંચી શકાય છે. હવે ખેડૂતે ધીમે ધીમે પરંપરાગત બોરવેલ - પાણીના ટાંકા - ધોરિયાવાળી ખેતીની પધ્ધતિમાંથી બહાર આવી પરિવર્તનશીલ બનવું જ પડશે. કારણકે ભૂગર્ભ જળ પણ ઘણા ઊંડા જઈ ચૂક્યા છે. વળી કચ્છના બહોળા વિસ્તારને નર્મદાની નહેર દ્વારા પાણી સિંચાઈ માટે મળે ત્યારે સાચું અને એ પણ ના ભૂલવું જોઈએ કે નહેર દ્વારા સિંચાઈ પણ તેની આનુષંગિક મુશ્કેલીઓ સાથે લઈને જ આવશે. માટે ખેડૂતે સરવાળે વધુને વધુ રચનાત્મક ઉપાયો સતત પ્રયોજતા રહીને ખેતી અને તેના આધારિત પશુપાલનને ટકાવી રાખવા પડશે. કારણકે ઘણા ઉદ્યોગો કાચો માલ ખેતી દ્વારા મેળવે છે. આથી ઉદ્યોગો પણ અમુક અંશે ખેતી પર આધારિત છે. આથી સાચા અર્થમાં વિકાસના પંથે આગળ વધવું હોય તો ખેતી અને ઉદ્યોગોએ એકબીજાના પૂરક બનીને સમાંતરે ચાલવું જરૂરી છે.

દેશના ગામડાઓ મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર આધારિત છે. દેખીતી રીતે પણ પર્યાવરણની સાનુકૂળતા અનુસાર ગામડામાં ખેતી અને પશુપાલન વ્યવસાયના બહોળા વિકાસની તકો રહેલી છે. ખેતીકામમાં ડગલે ને પગલે ઉદ્ભવતી નાની-મોટી સમસ્યાઓનો પોતાની આગવી કોઠાસૂઝથી ખેડૂત હંમેશાં ઉકેલ મેળવતો આવ્યો છે. ખેડૂતના કેટલાક નિરીક્ષણો પણ અદ્ભુત સાબિત થયા છે. કારણકે ખેડૂત કુદરતના ખોળે રહીને તેની સાથે તાદાત્મ્ય સાધીને જીવન જીવી રહ્યો છે. સામાન્ય ખેડૂત ભલે ઘણીવાર અશિક્ષિત હોય પરંતુ તેમની વ્યવહારિક બુધ્ધિક્ષમતા એન્જિનિયર અને વૈજ્ઞાનિકને સમકક્ષ જોવા મળેલ છે.

સાર એવો મળે છે કે શિક્ષણ અને ખેતીના સુભગ સમન્વય દ્વારા સારામાં સારી રીતે ખેતીકામ કરીને ઉચ્ચ વળતર મેળવી શકાય છે. કચ્છમાં પણ ઘણા ખેડૂતોએ પોતીકી-આગવી સૂઝના બળે કઠિન સંજોગોમાં પણ સફળતા હાંસલ કરી પ્રગતિ કરી બતાવી છે જ. ભારતના પંજાબ જેવા સમૃધ્ધ પ્રદેશોમાં પણ પીએચ.ડી. (ડૉક્ટર) પદવીધારી ખેડૂતો ગર્વ, મહેનત અને આનંદપૂર્વક ખેતીકામમાં જોડાયેલા છે તથા સમૃધ્ધ છે.

આમ ખેતી, પશુપાલન અને ગ્રામ્ય વિકાસને સાથે રાખીને પૂરક રીતે ઉદ્યોગોનો વિકાસ થાય તો દેશનો સાચા અર્થમાં વિકાસ થાય. ઉદ્યોગોના પૂરક બનવાની બાબત ઉદ્યોગોનું મહત્ત્વ જરાય ઘટાડતી નથી. પરંતુ ઊલટું એકબીજાના પૂરક બની સમાંતરે વિકાસ પામતા વ્યવસાયો - ખેતી, પશુપાલન અને ઉદ્યોગો દ્વારા વિકાસની પ્રક્રિયાને વધુ વેગ મળે તેમ છે. સાથે સાથે વૈશ્વિકીકરણના મીઠાં ફળો શહેરો સાથે ગામડાઓ સુધી પહોંચવા પણ જરૂરી છે. શહેરોની વિકરાળ સમસ્યાઓની આડમાં ગામડાનો વિકાસ છૂપાઈ ના જાય તે જોવું ઘટે. કારણકે ગામડા આપણી સંસ્કૃતિનો પાયો છે. વિકાસ અને તેના પરિણામોમાં ગામડાની સંપૂર્ણ સામેલગીરી ના હોય તો તેવો વિકાસ ભ્રમ માત્ર છે. આમ વિકાસની પ્રક્રિયામાં શહેરો અને ઉદ્યોગોની પ્રગતિ સાથે ગામડા, ખેતી અને પશુપાલનનો સમન્વયી વિકાસ અનિવાર્ય અને અગત્યનો છે.

*'મંગલ મંદિર' : જુન-૨૦૦૭*

*જ્યાં સુધી સ્વાર્થ અને અભિમાન છે ત્યાં સુધી કોઈની પણ સાથે પ્રેમ થઈ શકતો નથી.*

# ગાંડોબાવળ તદ્દન ગાંડો નથી, થોડો ડાહ્યો પણ છે

• એલ. ડી. શાહ •

કુદરતે રચેલી સૃષ્ટિમાં ક્યાંય ભેદભાવ નથી. પ્રત્યેક પ્રદેશની જમીન, હવા અને પાણીને અનુલક્ષીને વનસ્પતિનું સર્જન થયું છે. આપણે કદાચ ગાંડા બાવળને લાયક હોઇશું, એટલે ગાંડો બાવળ આપણે ત્યાં છૂટથી વગર મહેનતે, વગર પાણીએ થાય છે.

ઉપલેટા (સૌરાષ્ટ્ર)ના વૃક્ષપ્રેમી પ્રેમજીભાઇ પટેલ દર વર્ષે લાખો ગાંડા બાવળના બીજ પોતાના પ્રદેશમાં વાવે છે. એમણે પોતાની જીપમાં પાછળની સાઇડમાં મશીનગન જેવું મશીન બેસાડેલું છે. જેના વડે એ ધોરીમાર્ગની બંને બાજુ મોટી સંખ્યામાં ગાંડા બાવળના બીજ વાવે છે. તેઓ કહે છે કે, ગાંડો બાવળ અમારા માટે આશીર્વાદરૂપ છે. જો ગાંડો બાવળ ન હોય તો અમારા ખેતર, વાડી અને બંગલામાં એકપણ ઝાડ સલામત ન રહે. મોટાભાગના લોકો ઘરમાં બળતણ તરીકે ગાંડા બાવળનો ઉપયોગ કરતાં હોવાથી એ ન હોય તો અમારી ઝાડી કપાઇ જાય.

કચ્છના કેટલાક ગામો ગાંડા બાવળની ફળીનો ઉપયોગ ખાણદાણમાં કરી રોજી-રોટી કમાવે છે. ગાંડા બાવળને બદનામ કરવામાં નામ મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણા ઘરમાં પણ કોઇ ઓછી બુદ્ધિવાળો બાળક હોય તેને ગાંડો ગાંડો કહીને વધારે ગાંડો બનાવતા હોઇએ છીએ. એની સાથે ડાહ્યા બાળક જેવો વ્યવહાર કરીએ તો થોડો ડાહ્યો બની શકે છે. વૃક્ષ ઉછેરની ઝુંબેશમાં ગાંડો બાવળ ઊગાડવામાં સૌથી ઓછી મહેનત પડે છે. ક્યારેક પડતી જ નથી. એ જ્યારે મોટો થાય છે તેમ એની આજુબાજુ ઊગી આવતી ડાળીઓને શરૂઆતથી જ ટ્રીમિંગ કરતા જઇએ તો એ જ ગાંડો બાવળ બીજા વૃક્ષોની જેમ ઉપરની તરફ વધે છે અને બીજા વૃક્ષોની જેમ છાંયડો આપે છે. થોડી મહેનત કરવાની જરૂરત છે. આવા પ્રયોગો ઘણાં ઠેકાણે સફળતાપૂર્વક થયા છે. આવા વૃક્ષોને આપણે ઓળખી પણ ન શકીએ કે આ ગાંડો બાવળ છે. એનું થડ જાડું થતાં એનું લાકડું શીશમ જેવું હોવાથી સારું ફર્નિચર પણ બની શકે છે.

આપણે આ ગાંડા બાવળને ડાહ્યો બનાવવાની પ્રક્રિયામાં ભાગ લઇએ. જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં આવા પ્રયોગો કરીએ જેથી એને કાપીને કોલસા બનાવવાની જરૂરત ન રહે. સરકાર પણ આ દિશામાં ફેરવિચારણા કરે એ પર્યાવરણના હિતમાં છે. આપણે કુદરત પર શ્રદ્ધા રાખીને આવા પ્રયોગો કરીશું તો ભવિષ્યમાં એનું નામ ડાહ્યો બાવળ રાખવાની ફરજ પડશે.

★ ★ ★

હમણાં હમણાં આપણા જિલ્લાના વીસ ગામોને રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત થયા. આ સૌ ગામનાં સરપંચ તેમજ કર્મઠ ગ્રામપ્રેમીઓ સલામના હક્કદાર છે.

‘નિર્મળ ગ્રામ’ તરીકેનો પુરસ્કાર મેળવવો એ કંઇ રમત વાત નથી. એમાં વર્ષોની જહેમત, અખૂટ સંકલ્પબળ અને બુદ્ધિપૂર્વકની સંકલન શક્તિ સમાયેલી છે. નિર્મળ પુરસ્કાર મેળવેલા ગામોનું નિરીક્ષણ કરતાં એક વસ્તુનો ચોક્કસ ખ્યાલ આવશે કે આ સૌ ગામોએ પર્યાવરણ અંગેની જાગૃતિ આવતાં સૌ પ્રથમ વૃક્ષારોપણનું કાર્ય મોટેપાયે કર્યું હતું. નિર્મળ ગ્રામ પુરસ્કૃત ગામોમાંના ઘણાં ખરાં ગામોમાં સ્વ. તુલસીભાઇ ગજરા (વી.આર.ટી.આઇ.) એ વૃક્ષની મહત્ત્વતા સમજીને મોટેપાયે વૃક્ષારોપણનું કાર્ય શરૂ કરી દીધું હતું. આ ગામોની વિકાસ યાત્રામાં વૃક્ષોએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. એટલે એના યશનાં ભાગીદાર વૃક્ષોને પણ ગણીએ તો અતિશયોક્તિ નહીં ગણાય.

અમેરિકાની પ્રસિદ્ધ હાર્વર્ડ યુનિવર્સિટીનાં પ્રોફેસર મેકગ્રાથે કચ્છમાં ચાલી રહેલી પર્યાવરણની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ પોતાનાં બે મહિનાનાં કચ્છમાં રોકાણ દરમ્યાન કર્યું હતું. તેમણે કરેલા અભ્યાસ ઉપરથી જાણવા મળ્યું હતું કે જે જે ગામોમાં વૃક્ષોનું પ્રમાણ વધારે છે, તે તે ગામોમાં સંગઠિત પ્રયાસોને કારણે વિકાસના સારાં કાર્યો થાય છે. વૃક્ષોનો પ્રાણવાયુ જેમ અંગાર વાયુનો નાશ કરે છે તેમજ નકારાત્મક પરિબળોનો પણ નાશ કરે છે.

જિલ્લાના પ્રત્યેક ગામોને નિર્મળ ગ્રામ પુરસ્કાર પ્રાપ્ત થાય એવા સંકલ્પ સાથે નિર્મળ ગ્રામ પુરસ્કૃત ગામોનો સહકાર અને માર્ગદર્શન મેળવી વિકાસ યાત્રામાં જોડાઇએ. પુરસ્કૃત ગામોની વિકાસ યાત્રાનો અભ્યાસ કરતાં સ્પષ્ટ સમજાય છે કે વિકાસની યાત્રામાં વૃક્ષે ઘણો મહત્વનો ભાગ ભજવ્યો છે.

આપણે સૌ દૃઢ સંકલ્પ સાથે સૌપ્રથમ વૃક્ષારોપણ શરૂ કરીએ. સરકાર તરફથી પુરસ્કૃત પંચવટી યોજનાનો અમલ કરીએ જેમાં સરકાર તરફથી રૂા. એક લાખ મળે છે, બાકીનાં ૫૦ હજાર લોકફાળા દ્વારા ઊભા કરવાના હોય છે. ધાર્મિક સ્થળે સ્મૃતિ-વન બનાવીએ જેમાં વૃક્ષ દત્તક યોજના વડે આપણા જીવનમાં આવતા દરેક પ્રસંગોએ એક એક વૃક્ષ દત્તક લઇ એટલો પ્રાણવાયુ ઉત્પન્ન કરીએ કે જેનાથી અંગારવાયુ, દુષ્કાળ તેમજ નકારાત્મક પરિબળોનો નાશ થાય. ‘કર વિચાર તો પામ’ મંત્રથી શરૂઆત કરી દઇએ.

*‘મંગલ મંદિર’ : જુલાઈ-૨૦૦૭*

*ઓછામાં ઓછા કાયદાથી જે રાજ ચાલે તેને ઉત્તમ ગણી શકાય.*

કચ્છના સ્થાયી વિકાસના ક્ષેત્રે રૂરલ એગ્રો રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટી - મુંદ્રાનો એક અભિનવ પ્રયાસ

# ટીસ્યુ કલ્ચર પ્રયોગશાળા

● મૂલચંદભાઈ કે. શેઠ - મુંબઈ ●

વાત છે, ૧૯૯૮ના કચ્છના કિનારા પર ત્રાટકેલા વિનાશક વાવાઝોડાની. જૂન મહિનાની એક સવારે ત્રાટકેલા આ વાવાઝાડોએ કંડલા વિસ્તારમાં ભયંકર જાનહાનિ કરી, તો કિનારા પરના બાગાયતી વિસ્તારમાં ઉત્પાદન આપતા આંબા, ખારેક, નારિયેળ અને જમરૂખ જેવા લાખો વૃક્ષો ધરાશાયી થયા. વૃક્ષોમાં સૌથી વધુ નુકસાન ખારેકનું ઘર એવા મુંદ્રાના ધ્રબ અને ઝરપરા, ભુજપુર વિસ્તારમાં થયું. લાલ પીળી ખારેકના ફાલથી લચી પડેલા ખારેકના યુવાન દસ વર્ષના ઝાડથી લઈ ૮૦થી ૧૦૦ વર્ષના ઉત્તમ જાતના વૃક્ષો લાખોની સંખ્યામાં ધરાશાયી થયા. ખેડૂતોએ પોતાના પુત્રો ગુમાવ્યાનું દુઃખ અનુભવ્યું. આ ભયંકર નુકસાનનો અંદાજ કાઢવો મુશ્કેલ હતો.

કચ્છ સ્થિત સ્વૈચ્છિક સંસ્થાઓ કચ્છના દરિયાદિલ દાતાઓના આર્થિક સહયોગથી પીડિતોની મદદે આવી. ભાંગી પડેલા ખેડૂતોને ફરી બેઠા કેમ કરી શકાય? આ બાબતે કચ્છના શ્રેષ્ઠીઓ (દેશ વિદેશમાં વસતા), સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓએ વિચાર વિમર્શ શરૂ કર્યા. ઘણી યોજનાઓ બની. સરકારે જુદા જુદા રાહત પેકેજ જાહેર કર્યા. પરંતુ રૂરલ એગ્રો રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટીના દીર્ઘદૃષ્ટા પ્રમુખ આદરણીય સ્વ. શ્રી સુમતિભાઈ મહેતાએ એક નવો જ વિચાર આપ્યો. તેમણે સૂચવ્યું કે ધરાશયી થયેલા ખારેકના વૃક્ષોની જગ્યાએ ઉત્તમ જાતના ખારેકના રોપાઓ આપીને પુનઃવસન કરવું યોગ્ય રહેશે.

આદરણીય સુમતિભાઈ અને શ્રી મૂલચંદભાઈ (આ લેખના લેખક) કે જેમને ખેતી તજજ્ઞો પાસેથી તેમજ ખેડૂતોના અનુભવમાંથી જાણેલ કે ખારેકના બી થી થતાં વૃક્ષો તે જ જાતનાં ફળો આપતા નથી. વળી બી થી થતાં વૃક્ષો ૬૦ ટકાથી વધારે નર વૃક્ષો અને માત્ર ૪૦ ટકા માદા વૃક્ષોમાં મળે છે તે પણ કોઈ નિશ્ચિત ગુણવત્તાવાળી જાત નથી.

આ સંજોગોમાં ટીસ્યુ કલ્ચરથી લેબોરેટરીમાં તૈયાર થતાં રોપાઓ જ ઉત્તમ ગુણવત્તાવાળા એક જ જાતનાં ફળો આપે તેવા રોપાઓનું મોટેપાયે ઉત્પાદન કરવું જોઈએ.

આદરણીય સ્વ. શ્રી સુમતિભાઈ સાથે આ લેખ લખનાર શ્રી મૂલચંદભાઈ શેઠે આ વિચારને પુષ્ટિ મેળવવા અને આગળ વિચારવા ખેતી તજજ્ઞોને લઈ ખારેક જ્યાં થાય છે તેવા કેલિફોર્નિયાના વિસ્તારમાં રૂબરૂ ગયા. ખારેકની ખેતી અને ટીસ્યુ કલ્ચર લેબોરેટરી અંગે પ્રત્યક્ષ સમજ મેળવી, નિષ્ણાતોની શોધ આદરી, ટીસ્યુ કલ્ચર લેબનો પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કર્યો.

ખારેકની ટીસ્યુ કલ્ચરની લેબોરેટરી એક માત્ર કોચીનમાં જ છે.

આપણે માટે તો તે સંશોધનનો વિષય રહ્યો. તે માટે લાંબાગાળાનું સંશોધન અને પછી ઉત્પાદન. ખૂબ લાંબા સમયનો મોટું ખર્ચ માંગતો આ પ્રોજેક્ટ શરૂ કરવા નિર્ણય કર્યો. સંશોધનના પરિણામે સફળતા પણ મળે, નિષ્ફળતા પણ મળે એવા બધા જ પડકારો વચ્ચે આવી લેબોરેટરી ખારેકના વિસ્તાર મુંદ્રામાં શરૂ કરવા વિચાર્યું.

"જન્મ ભૂમિ" ટ્રસ્ટે માતબર આર્થિક ટેકો પૂરો પાડી હિંમત આપી અને વિશેષમાં કચ્છના દાતાઓનો ટેકો મળતાં લેબોરેટરી તો તૈયાર થઈ ગઈ પણ તેનું સંચાલન એક મુશ્કેલ સમસ્યા હતી. મુંદ્રા જેવા નાના શહેરમાં તજજ્ઞોની ઉપલબ્ધિ, તાંત્રિક અને નાણાંકીય સંચાલન - આ બધું ખૂબ જ મુશ્કેલ રહ્યું. પછી પ્રાથમિક તબક્કે સફળતા - નિષ્ફળતા વચ્ચે આજે ૭ વર્ષના પ્રયાસના અંતે સફળતા નજરે અનુભવાય છે ત્યારે અમારા આનંદનો પાર નથી. સ્વ. શ્રી સુમતિભાઈ આપણી વચ્ચે નથી, સફળતા નજરે નિહાળે તે પહેલાં જ પરમાત્માએ તેમને આપણી વચ્ચેથી લઈ લીધા. ટીસ્યુ કલ્ચર લેબોરેટરીમાં ઉત્પન્ન થયેલા આ રોપાઓ હંમેશાં આપણને તેમની યાદ તાજી કરાવતા રહેશે.

## *ટીસ્યુ કલ્ચર લેબોરેટરીમાં કચ્છના વિકાસમાં શું યોગદાન રહેશે? તેવું કોઈ પૂછે તો....*

ક્ષારવાળું પાણી, ક્ષારવાળી જમીન, ગરમ સૂકું હવામાન અને ઓછો અને અનિયમિત વરસાદ જ્યાં છે તેવા કચ્છની વિશાળ ધરતી પર શું પકાવી શકાય, કે જે લોકોને આકર્ષક વળતર આપે, જેથી કરીને કચ્છના લોકોને રોજી રોટી માટેનું સ્થળાંતર અટકે. લોકો પોતાના જ પ્રદેશના જળ, જમીન અને સંશાધનોથી સારી રીતે પોતાના જ પ્રદેશમાં ટકી શકે.

ખારેક એક એવું વૃક્ષ છે જેમાં તે ક્ષમતા છે.

પ્રાથમિક રીતે વિચારીએ તો ગુજરાતમાં ખારેકનાં આશરે ૧૫ લાખ વૃક્ષો છે. જેમાંથી ૧૩ લાખ વૃક્ષો કચ્છમાં જ છે. ૨૦૦૬ અને ૨૦૦૭માં ૧૩,૩૭૧ હેક્ટરમાં ખારેકનું વાવેતર હતું જેનું ઉત્પાદન ૯૩,૫૯૭ ટન હતું. આ ૧૩ લાખ વૃક્ષોમાંથી ૫ ટકા ઉત્તમ વૃક્ષો હશે, ૧૦ ટકા ઉચ્ચ મધ્યમ વૃક્ષો હશે, ૧૦ ટકા મધ્યમ વૃક્ષો

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૩ ઉપર)

*સામા કાંઠે જવા માટે હાડમારી સહન કરવી પડે.*

સમાજની ક્ષિતિજો

# જીદ

• કિરીટ નંદુ •

બાળકો પાછળ તમે ગમે એટલી મહેનત લો છતાંય મોટા થઈને તેઓ મા-બાપ જેવા જ બની જતા હોય છે. દરેક માતાને-પિતાને હોંશ હોય જ છે કે પોતાનું સંતાન પોતાનાં કરતાં વધુ સારું બને. કમસે કમ પોતાની નબળાઈઓ - પોતાના વ્યક્તિત્વની ખામીઓ એનામાં ઉતરી ન આવે. જ્યારે અમુક મા-બાપ આ અંગેની બિલકુલ દરકાર લેવાનો પ્રયત્ન જાણે કે અજાણે નથી કરતા. આ એક અલગ વિષયની વાત છે. મૂળ વાત સામાન્ય રીતે આપણી, બાળકો માટે સૌથી મોટી ફરિયાદ હોય છે કે એ જીદ્દી છે. ખરેખર બાળહઠ સાથે પનારો પાડવો આસાન નથી. બે બાળકો એકબીજા સાથે રમતાં હોય અને બીજું જેનાથી રમે છે એ જ રમકડું પોતાને જોઈએ છે એવી જીદથી માંડીને જમતી વખતે અમુક જ શાક, અમુક જ વાનગી ખાવી અને અમુક ન જ ખાવી આવી ધરાર જીદ પકડવી કે રસ્તે ચાલતા દુકાનમાં કે ફેરિયા પાસે જોયેલી કોઈ વસ્તુ અપાવી દેવા માટે હઠ પકડવા સુધીની અનેક જીદોનો મા-બાપ તરીકે રોજબરોજ સામનો કર્યો છે અથવા તો બાળક તરીકે તમે એવી જીદ કરી ચૂક્યા હો છો.

બાળક જીદ કરે ત્યારે દરેક વખતે લાગણીવશ થઈ એની માંગણીને શરણે થઈ જવું એ સહેલો, સરળ પણ અત્યંત જોખમી ઉપાય છે. ઘણા મા-બાપની માનસિકતા એવી થઈ ગઈ હોય છે કે બાળક જે માંગે છે તે અપાવી દેવું. બિચારાને કોઈ વાતની ખોટ પડવી ન જોઈએ. ભગવાને આ બધું આપ્યું છે તે શા માટે? વાપરવા માટે જ ને! આવા તર્કથી તેઓ નાનપણથી જ બાળકની નાની મોટી માંગણીઓથી માંડીને ગેરવાજબી માંગણીઓને પણ પોષતા રહે છે. ક્યારેક બાળક પોતાની જીદ ન સંતોષાય ત્યારે રડવા માંડે તો એ સમયે ઘરમાં કકળાટનું વાતાવરણ ન સર્જાય એવા આશયથી મા-બાપ બાળકની જીદને વશ થઈ જતા હોય છે.

જીદની બાબતમાં કે કશીક વસ્તુ પ્રાપ્ત કરવાની બાબતમાં બાળકનું મન પુખ્ત વયની વ્યક્તિના મનની જેમ વર્તતું હોય છે (અથવા તો કહો કે આ બાબતમાં પુખ્ત વયની વ્યક્તિ બાળકની જેમ જ વર્તન કરતી હોય છે) મોટા માણસને પણ જાહેરખબર જોઈને દુકાનો અને મૉલમાં ડિસ્પ્લે જોઈને કે પછી ઓળખીતી વ્યક્તિની પાસે કોઈ ચીજ જોઈને, ક્યારેક દેખાદેખીમાં પણ આવી જઈને, મન થઈ આવતું હોય છે કે પોતાની પાસે પણ એવી વસ્તુ જોઈએ. ક્ષમતા હોય (ક્યારેક નથી પણ હોતી) અને તરત એ વસ્તુ ખરીદાઈ પણ જાય. અનેક કિસ્સાઓમાં તમે જોયું હશે કે એ વસ્તુ ઘરમાં આવતા જ એના પરનો તમામ મોહ ઉતરી જાય છે. મનમાં છૂપી રીતે તમે કબૂલ પણ કરતા હો છો કે આ ખરીદીમાં ઉતાવળ થઈ ગઈ. તમારી ભૂલ હતી. પણ બીજા સમક્ષ એવી કબૂલાત કરવાની કોઈ જરૂર પણ નથી હોતી કારણકે તમને કોઈ પૂછવાવાળું નથી હોતું. વસ્તુ ખરીદવાની ક્ષમતા ન હોય ત્યારે પુખ્ત વયની વ્યક્તિ મનને સમજાવી શકતી હોય છે કે આટલી આવકમાં મારાથી આ કિંમતી ચીજ ન ખરીદી શકાય પણ બાળક આ સમજતું નથી. બાળક માટે મા-બાપ સર્વ સત્તાધારી ઈશ્વર જેવા છે, માંગો તે ચીજ ત્યારે ને ત્યારે જ હાજર કરી આપવાની મા-બાપમાં શક્તિ છે એવું બાળક માનતું ન થઈ જાય એ બહુ જરૂરી છે. સાવ નાના બાળકો જીદે ચડે ત્યારે એમનું ધ્યાન ખૂબીપૂર્વક એને રસ પડે એવા કોઈક બીજા જ વિષય તરફ દોરવાની યુક્તિ જાણીતી છે અને અસરકારક પણ છે.

બાળકનો જીવ ખરેખર એ ચીજમાં ચોંટી ગયો હશે તો એ ફરીફરીને એની માંગણી કરશે, દિવસો પછી પણ માંગણી કરશે. આવા વખતે આપણી ક્ષમતા અને બાળકની પાત્રતાનો વિચાર કરવો જોઈએ. ત્રણ વર્ષનું બાળક બે પૈડાની સાઈકલ માંગે કે આઠ વર્ષ કે દસ વર્ષનું સંતાન મોપેડ માંગે ત્યારે મા-બાપની ક્ષમતા હોય તે છતાં એને ન અપાવાય.

ખરેખર તો નાનપણથી બાળકને એક વાતની ટેવ પાડવી જોઈએ કે પોતાને મેળવવાની ઈચ્છા થાય છે તે ચીજ તુરંત મળશે જ એ જરૂરી નથી. મોટા થયા પછી આવી તાલીમ આપવા બદલ તમારું સંતાન તમારો આભાર માનશે.

હમણાં એક સિગારેટની જાહેર ખબરમાં 'મને જે જોઈએ છે, તે હું મેળવીને જ રહું છું' એવું એક વાક્ય મોટા અક્ષરોમાં આવે છે. ખરેખર તો આવું કહેવામાં કે માનવામાં ખુમારી નથી, પણ ગાંડપણ છે. કોઈ પણ માણસને એ જે કંઈ પણ ઈચ્છે છે તે બધું જ મળતું નથી. મને જે કંઈ જોઈતું હતું તે બધું જ મળી ગયું છે, માંગ્યા કરતાં વધારે મળ્યું છે એવું બોલવામાં - સાંભળવામાં સારું લાગે છે પણ આવું ત્યારે જ બોલાતું હોય છે જ્યારે માણસને ખાતરી થઈ ગઈ હોય છે કે જે મળ્યું છે એથી વધુ મળવાની હવે કોઈ તક કે કોઈ શક્યતા બાકી રહી નથી.

બાળકને અભાવની આદત પડવી જોઈએ. આવશ્યક ચીજો વિના પણ ચલાવી લેતા આવડવું જોઈએ અને આ તાલીમ મા-બાપ સિવાય બીજું કોઈ ન આપી શકે.

*'મંગલ મંદિર' : ફેબ્રુઆરી-૨૦૦૬*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.

ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# આત્મસંતોષ

• ડૉ. શરદ ઠાકર •

*ઉઘાડ આવ્યો નથી ચહેરા ઉપર કૈં એમ ને એમ જ,*
*કદી ઝાકળની સાથોસાથ આંખો પણ રડેલી છે!*

*– રશીદ મીર*

પંદર-સોળ વર્ષ પહેલાંની વાત છે. ચોમાસાની રાત હતી. મધરાત વીતી ગયાને પણ બે કલાક થવા આવ્યા હતા. આખું અમદાવાદ પથારીમાં હતું, પણ આકાશ જાગતું હતું અને વરસતું હતું. કોઈ મહાસાગરને ઊંચકીને પૃથ્વી ઉપર ઊંધો વાળી દીધો હોય એમ વરસાદ ખાબકી રહ્યો હતો.

રાતના બે વાગવા આવ્યા હતા અને મારા નર્સિંગહોમમાં ત્રણ-ચાર જીવ જાગી રહ્યા હતા. પ્રસૂતિના ટેબલ ઉપર ચીસો પાડતી જીવી, એના છુટકારાનો અધ્ધરજીવે રાહ જોઈને બહાર ઊભેલો એનો પતિ રાજુ અને ઊંડી ગડમથલમાં ડૂબેલો હું. જીવી અને રાજુની ચિંતાઓ સમજી શકાય એવી હતી, મારી પરેશાનીના કારણો માત્ર હું જ જાણતો હતો.

જીવી અને રાજુ મારા નર્સિંગહોમથી થોડે દૂર આવેલા સ્લમ ક્વાટ્ર્સમાં રહેતાં હતાં. આ એની પહેલી જ સુવાવડ હતી. એમની આર્થિક હાલત એમણે ધારણ કરેલા થીંગડાંવાળા કપડાં જેવી જ હતી. ખાનગી નર્સિંગહોમનું પગથિયું ચડવાની પણ એ લોકો કલ્પના ન કરી શકે, પણ અચાનક મધરાતે ઊઠેલી પ્રસવ-પીડા, મુશળધાર તૂટી પડેલો વરસાદ અને રિક્ષાનું ન મળવું, ત્રણ વાતમાંથી જન્મેલી મજબૂરી એમને મારે ત્યાં ખેંચી લાવી.

મેં કંઈક કરુણાવશ થઈને અને કંઈક મારા તબીબી ધર્મની સભાનતાને કારણે એનો દર્દી તરીકે સ્વીકાર કર્યો.

‘સાહેબ, ખિસ્સામાં પૈસા નથી, છૂટક સફાઈકામ કરું છું. જરા રહેમનજર રાખજો, બાપા!’ રાજુએ વરસાદથી ભીંજાયેલા બે હાથ જોડ્યા. મેં આડો-અવળો કશો વિચાર કર્યા વગર રહેમભર્યું સ્મિત કરીને માથું હલાવ્યું. આવી કરુણા એ વખતે વાસ્તવમાં મને પરવડે એમ નહોતી. નવું નવું જ નર્સિંગહોમ હતું. આવક હજી ઊભી થઈ રહી હતી, બેંકની લોનના અને એના વ્યાજના હપ્તાઓ રાત્રે ઊંઘમાં પણ ડરામણા સ્વપ્નની જેમ ફરકી જતા હતા અને નર્સિંગહોમના અન્ય ખર્ચાઓ તો ઊભા જ હતા.

પણ એ એક ક્ષણ હતી, જ્યારે આંખ સામે બેવડી વળી જતી જીવી હતી અને બે હાથ જોડીને ઊભેલો રાજુ હતો. બીજું બધું એ ઘનઘોર રાત્રિના કાજળઘેરા અંધકારમાં નજરે ચડતું નહોતું.

બાર વાગે શરૂ કરેલો પ્રયત્ન બે વાગતાં સુધીમાં નિષ્ફળ જઈને ઊભો રહ્યો. થોડી-ઘણી આશંકા તો શરૂથી જ હતી કે આ સુવાવડ ‘નોર્મલ’ રીતે થશે નહીં. લગભગ બે વાગે ગર્ભાશયમાં રહેલા બાળકના હૃદયના ધબકારા અત્યંત મંદ પડી ગયા. સુવાવડ થવાની કોઈ જ શક્યતા બચી નહોતી, હવે તો બાળક બચવાના પણ સાંસા હતા. એક જ રસ્તો હતો, સિઝેરિયન કરીને બાળકનો અને એની માનો જીવ બચાવવાનો.

પણ જીવીનું ઓપરેશન કરવું એટલે કોઈ ભિખારીને વિમાનનો પ્રવાસ કરાવવો.

મારું ખિસ્સું સામાન્ય સુવાવડનો ભાર ઝીલી શકે એવડું હતું, પણ સિઝેરિયન એટલે કીડીને કોશનો ડામ દેવા સમાન હતું. મોટું ઑપરેશન, મોટું ખર્ચ, સાત-આઠ દિવસનું હોસ્પિટલાઈઝેશન. આ બધું તો ફક્ત મારા પૂરતું જ હતું. એ ઉપરાંત બહારથી બેહોશ કરવા માટે એનેસ્થેટિસ્ટને બોલાવવો પડે અને મેડિકલ સ્ટોરમાંથી દવાઓ મંગાવવી પડે એ તો વળી જુદું જ.

મેં ખૂબ વિચાર કરીને રાજુને સમજાવવાની શરૂઆત કરી : ભાઈ, હું લાચાર છું. તારી ઘરવાળીનું ઑપરેશન કર્યા વગર બીજો રસ્તો નથી. એ માટેના પૈસા ચૂકવવા તને નહીં પોસાય અને મફતમાં ઑપરેશન કરવું એ મને નહીં પોસાય. મહેરબાની કરીને તું એને મ્યુનિસિપલ હોસ્પિટલમાં...’

પણ હું વાક્ય પૂરું કરું એ પહેલાં જ એ કરગરી પડ્યો : ‘સાહેબ, દયા કરો. આવા વરસાદમાં, આવી હાલતમાં હું કેવી રીતે...? મને રિક્ષા ક્યાંથી મળવાની? તે ચીસો પાડે છે એ તો જુઓ’

રાજુની વાત સાચી હતી. જીવીની ચીસો સાંભળી શકાય એમ નહોતી, પછી રાહ જોવાની તો વાત જ ક્યાં રહી?

ફરીથી સવાલ એક ક્ષણનો બનીને ઊભો રહ્યો. એક ક્ષણ જ્યારે નજર સામે ફક્ત લૅબર-ટેબલ ઉપર તરફડિયા ખાતી, અમળાતી, પરસેવાનાં પૂર વહાવતી, ત્રસ્ત, ઘાયલ હરણી જેવી એક સ્ત્રી હતી અને સામે બે હાથ જોડીને ઊભેલો એનો ગરીબ પતિ હતો. એ ક્ષણના ધસમસતા પ્રવાહમાં મારી તમામ દુનિયાદારીની ગણતરીઓ પૂરમાં તણાતાં વૃક્ષોની જેમ વહી ગઈ.

હું ઑપરેશનની તૈયારીમાં ડૂબી ગયો. મારે ત્યાં લગભગ રોજ આવતા જુવાન એનેસ્થેટિસ્ટને ફોન કર્યો. સામે છેડે એને

*કુદરતી દુઃખ એક કસોટી છે, ઊભું કરેલું દુઃખ એક શિક્ષા છે.*

આંખો ચોળતો હું કલ્પી શકતો હતોઃ 'શું છે, સાહેબ?'

'સિઝેરિયન કરવાનું છે. આવવું ફાવશે?'

'કેમ ન ફાવે? પૈસા માટે તો પાકિસ્તાન સુધી લાંબો થવા તૈયાર છું.'

'તો વિચાર માંડી વાળજે.' મને લાગ્યું કે અહીં મારે એની સાથે ચોખવટ કરી લેવી જરૂરી હતી. એક વાર ઑપરેશન પતી જાય પછી એને ઓછા પૈસા લેવા માટે વિનંતી કરવી એ એની સાથેની છેતરપિંડી પણ ગણાય અને એનું શોષણ કર્યું પણ કહેવાય. સામાન્ય રીતે આ મિત્ર એની ફીની બાબતમાં પાંચ-દસ રૂપિયાની બાંધછોડ કરતાં પણ નારાજગી અનુભવતો એ વાતની મને માહિતી હતી.

'મતલબ?' એનો અવાજ હજીયે ઘેનભર્યો હતો.

'પેશન્ટ ઈઝ વેરી પૂઅર. શી કાન્ટ એફોર્ડ યોર ચાર્જ.' એનો પ્રશ્ન સંભળાયો : તમે તમારી ફીમાં કેટલા ટકા માફી આપવાના છો?'

હું એની પૂછપરછનું હાર્દ સમજી શક્યો. મને એ પછી ક્યારેય સમજાયું નથી કે મારા દિમાગમાં કઈ ગણતરીઓ ચાલી હશે, લાગે છે કે કદાચ એટલા સમય પૂરતી તમામ ગણતરીઓ અટકી ગઈ હશે.

મારાથી આવેગવશ બોલી જવાયું : 'મારા તરફથી સો ટકા માફ છે. હું ઑપરેશન કે હોસ્પિટલ સ્ટેનો એક પણ રૂપિયો લેવાનો નથી. તું તારી વાત કર.'

'અમને એનેસ્થેટિસ્ટસને જનાવર માનો છો? મારા તરફથી પણ સો ટકા માફી આપું છું. તમે ટ્રોલી તૈયાર કરો, હું આવું છું.'

એના અવાજમાં રહેલા રણકા ઉપરથી હું સમજી શક્યો કે હવે એ સંપૂર્ણ જાગ્રતાવસ્થામાં હતો, એની 'ઊંઘ' પૂરી થઈ ચૂકી હતી.

બીજું કામ મેં દવાઓનો બંદોબસ્ત કરવાનું કર્યું. સામે મેડિકલ સ્ટોર હતો, પણ સ્વાભાવિક રીતે જ અત્યારે બંધ હતો. મેં કેમિસ્ટના ઘરનો ફોન નંબર લગાડ્યો : 'ઇમરજન્સી... મેજર સર્જરી... બધી જ મેડિસીન્સ જોઈએ છે... શું કરીશું?'

જવાબ મળ્યો : 'વરસાદ છે, પણ આવું છું. તમે કોઈને ધક્કો ન ખવડાવશો. હું જાતેજ આવીને આપી જઉં છું.'

મેં ખુલાસાની કેડીએ શબ્દ વહેતા મૂક્યા : 'પેશન્ટ બહુ ગરીબ છે. ગ્લુકોઝના બાટલા, નળીઓ, પેશાબની કોથળી, કેથેટર, એન્ટિબાયોટિક્સ, ટાંકા માટેના દોરા અને અન્ય દવાઓ...! બધું મળીને કેટલા રૂપિયા થશે?'

'લગભગ પંદરસો.' પૈસાની ગણતરી વેપારીની જીભ ઉપર હતી.

'એમાં તમે કેટલા જતા કરી શકો?'

'મારો નફો પંદર ટકા જેવો હોય છે, એ બધા જ છોડી દઉં છું.

'આભાર, પણ મૂળ કિંમતેય અત્યારે નહિ મળે. ઉધારીની તૈયારી છે?'

'છે.' એણે ફોન મૂક્યો. એ પછીની વીસ મિનિટમાં હું ઑપરેશન માટે તૈયાર હતો. ધોધમાર વરસતા વરસાદમાં નીતરતા રેઈનકોટ સાથે એનેસ્થેટિસ્ટ મિત્ર આવી ગયો. છત્રીના આવરણમાં દેહને બદલે દવાઓને કોરી રાખવાની કાળજી લેતો કેમિસ્ટ આવી ગયો. ઑપરેશન શરૂ થયું. મારે કહેવું પડશે કે એક પણ પૈસા નથી મળવાનો એ વાતની ખાતરી હોવા છતાં એનેસ્થેટિસ્ટ મિત્રએ એના કામમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. એક પણ વાતમાં બેકાળજી નહીં. મેં જ્યારે ગર્ભાશયમાં ચીરો મૂકીને બાળકને બહાર કાઢ્યું અને બે પગ પકડીને ઊંધું લટકાવ્યું, ત્યારે આખું ઑપરેશન થિયેટર નવજાત શિશુના રુદનથી ભરાઈ ગયું. દુનિયાનું આ એકમાત્ર આક્રંદ એવું છે જે સાંભળીને સાંભળનારા સૌ હસી ઊઠે છે. આ વખતના હસવામાં હું પણ સામેલ હતો, મારો એનેસ્થેટીસ્ટ મિત્ર પણ સામેલ હતો અને જીવી તો સ્વાભાવિકપણે બાકાત ન જ હોય. બહાર ઊભેલો રાજુ પણ હસી રહ્યો હશે એ વાત હું કલ્પી શકતો હતો.

એ પછીનો ઘટનાક્રમ તમે સૌ પણ કલ્પી શકો છો. પણ મારા મનમાં હવે નવી જ જાતની ચિંતા સતાવતી હતી. જેમ જેમ અઠવાડિયું પૂરું થવા ઉપર જઈ રહ્યું હતું, તેમ તેમ મને દવાઓના બિલની ફિકર સતાવી રહી હતી. આટલા સમયમાં મને સમજાઈ ગયું હતું કે જીવી અને રાજુ પાસે પૈસાના નામે મોટું શૂન્ય જ છે. સાડી બારસોની રકમ સાંભળીને જ રાજુ તો મરવા જેવો થઈ ગયો હતો. એની પાસે બીજી વાર પૈસા માગવાની મારામાં પણ હિંમત નહોતી.

આનો મતલબ એક જ હતો, આ રકમ મારે જ ભોગવવી પડશે. જીવીનો જીવ બચાવવાનું મને શારીરિક ઉપરાંત આર્થિક રીતે પણ મોંઘું પડી રહ્યું હતું. આવા પાંચ-સાત પેશન્ટ્સ આવી જાય તો મારે નર્સિંગહોમને તાળું વાસીને સરકારી નોકરી સ્વીકારી લેવી પડે એમાં કોઈ શક ન રહ્યો.

આઠમે દિવસે મેં જીવીને ટાંકા કાઢીને રજા આપી. એ હજુ તો એના ઘરે પણ નહિ પહોંચી હોય. ત્યાં કેમિસ્ટનાં દર્શન થયાં.

'ડૉક્ટર સાહેબ, પેલા પેશન્ટનું શું થયું?' એણે ખુરશીમાં બેસતાં જ પૂછ્યું. મારો ચહેરો સહેજ ઊતરી ગયો, પણ મેં સ્વસ્થતા ટકાવી રાખવાનો અભિનય કર્યો.

'તમે દવાઓના બિલ માટે આવ્યો છો ને?' મેં ટેબલનું ખાનું ઉઘાડવાની માનસિક તૈયારી સાથે પૂછ્યું.

'હા, પણ બિલ લેવા માટે નથી આવ્યો. ફક્ત વાત કરવા માટે જ આવ્યો છું' એના ચહેરા ઉપર ઉદારતાભર્યું સ્મિત ઝબક્યું.

'બોલો.'

'મારી દુકાન તમારા નર્સિંગહોમની સામે જ છે, એટલે હું અવારનવાર જીવીના ઘરવાળાને તમારે ત્યાં જતો-આવતો જોયા કરતો હતો. એક વાર મેં એને દુકાને

*અપમાનની સ્થિતિમાં પણ ધીરજ ગુમાવવી જોઈએ નહિ.*

બોલાવીને પૂછપરછ કરી, તો જાણવા મળ્યું કે તમે જીવીના ઑપરેશનની રાતી પાઈ પણ લીધી નથી. તમે તો ઠીક પણ બેભાન કરનાર ડૉક્ટરે પણ એમની ફી નથી લીધી. બાકી વધ્યો હું. મને મારી જાત ઉપર ધિક્કાર વછૂટ્યો. સાહેબ, અત્યારે હું એટલા માટે જ આવ્યો છું, તમને કહેવા માટે કે દવાઓ તો મેં આખી જિંદગી વેચી છે, ક્યારેક આમ પ્રેમ પણ વહેંચવા દેશો તો મારી ઉપર ઉપકાર થશે. પેલા સાડા બારસો રૂપિયાની વાત ભૂલી જજો અને આવી બીજી જીવી તમારા દવાખાને આવી ચડે ત્યારે ફરીથી મને યાદ અવશ્ય કરજો'

બહુ ટૂંકી વાત. ઓછામાં ઓછા શબ્દો. બે-ત્રણ મિનિટનો જ સમય. એ 'માણસ' ગયો પણ મારા મન ઉપરનો અને ખિસ્સા ઉપરનો બોજ હલકો કરતો ગયો.

એ દિવસે મને ખાતરી થઈ કે શુભ નિષ્ઠાથી અને કરુણાવશ બનીને કોઈ ગરીબ દર્દી માટે વિના મૂલ્યે અથવા રાહતદરે સારવાર કરવાનું વિચારીએ તો ભગવાન પણ એના અદૃશ્ય હાથો વડે સહાય કરે જ છે. સારું કામ ક્યારેય અટકી પડતું નથી.

એ પછી સત્તર વરસની પ્રેક્ટિસમાં અનેક ઑપરેશનો કર્યાં હશે, જેને પોષાયું છે એમણે મોં માગી ફી ચૂકવી છે, જેનો હાથ ભીડમાં હશે, એણે થોડાક રૂપિયા ઓછા પણ આપ્યા હશે, પણ જો કોઈ ઑપરેશનના વળતરને આત્મસંતોષના ચલણમાં મૂલવવા બેસું તો હું બેધડક કહી શકું કે મને સૌથી વધારે 'ફી' એ ફાટેલાં કપડાંવાળી જીવી ચૂકવી ગઈ છે.

*('શ્વાસના પ્રવાસમાં' પુસ્તકમાંથી સાભાર)*

*'મંગલ મંદિર' : ઑક્ટોબર-૨૦૦૬*

## શિક્ષક સજ્જતા શિબિર

**(અનુસંધાન : પાના નં.-૨૬ ઉપરથી ચાલુ)**

કરવા આપણે તૈયાર રહેવાનું છે. શિક્ષકોએ સ્પર્ધાત્મક મગજ ઊભું કરવું પડશે. શિક્ષકોએ સજ્જ થઈને અહીંથી જવાનું છે.

શ્રી દિનેશભાઈ સેવકે પોઝિટિવ મેન્ટલ એટિટ્યૂડ - હકારાત્મક્તા વિશે ટૂંકું પણ અર્થસભર પ્રવચન આપેલ હતું.

આ શિબિરમાં વિવિધ ક્ષેત્રે ઍવૉર્ડ પ્રાપ્ત કરનાર શિક્ષકો આઝાદબહેન કટારિયા, શ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી માવજી મહેશ્વરી, શ્રી રમેશ ભટ્ટ, શ્રીમતી મંજુલાબહેન આચાર્ય તથા શ્રી દિનેશ શાહનું બહુમાન કરવામાં આવેલ હતું. એ જ રીતે શ્રેષ્ઠ શાળાનું બહુમાન મેળવનાર (૧) જશનગર પ્રાથમિક શાળા, (૨) વરજડી પ્રાથમિક શાળા, તા. માંડવી; (૩) નાની ભુજપુર પ્રા.શાળા, તા. મુંદ્રા; (૪) નગરપાલિકા પ્રા. શાળા નં.-૬, અંજાર; (૫) લખપત પ્રા. શાળા, તા. ભચાઉ તથા (૬) પદમપર પ્રાથમિક શાળા, રાપરનું પણ બહુમાન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમના બપોર પછીના ભાગમાં ઉપસ્થિત શિક્ષકો દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોના, નિયામક શ્રી આર.સી. રાવલે મુદ્દાસર જવાબ આપેલ હતા અને અંતમાં નિયામકશ્રીએ ખૂબ જ લાગણીસભર અને વિશાળ માહિતીપૂર્વક ઉદબોધન કરેલ હતું કે જેણે આ શિબિરને ચરમ કક્ષાએ પહોંચાડી દીધેલ.

આભારવિધિ શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી દિનેશભાઈ શાહે કરેલ હતી.

સ્ટેજ સંચાલન સી.આર.સી. કો-ઓર્ડિનેટર - ભારાપરના કૃપાબહેન આર. નાકરે તથા રાપરના મદદનીશ શિક્ષક મોરારદાન ગઢવીએ સંભાળેલ હતું.

અગાઉ પ્રારંભમાં માધાપર શાળા નં.-૨ ની વિદ્યાર્થિનીઓએ પ્રાર્થના અને ભીડ શાળા નં.-૨ ની વિદ્યાર્થિનીઓએ સ્વાગત ગીત રજૂ કરેલ હતા. રાજેશ પઢારિયા એન્ડ પાર્ટીએ 'મુંજી માતૃભૂમિ કે નમન' તથા 'ગુજરાત ગૌરવ' વિશે માવજી મહેશ્વરીએ ગીત વાદન રજૂ કરેલ હતું.

આ રીતે શિક્ષક સજ્જતા શિબિર તેના ખરા અર્થમાં સાર્થક નીવડેલ હતી. વિવિધ ગામડાની શાળાઓના બાળકોનું શિક્ષણ ઉચ્ચ સ્તરે લઈ જવાની કાર્યવાહીની શરૂઆત અહીંથી કરવામાં આવેલ હતી તેવું કહી શકાય.

*'મંગલ મંદિર' : એપ્રિલ-૨૦૦૮*

## ટીસ્યુ કલ્ચર પ્રયોગશાળા

**(અનુસંધાન : પાના નં.-૨૯ ઉપરથી ચાલુ)**

હશે અને ૭૫ ટકા નબળા વૃક્ષો હશે. ઉત્તમ વૃક્ષોના ફળની કિંમત ૫૦થી ૨૦૦ રૂા. પ્રતિ કિલો, ઉચ્ચ મધ્યમ વૃક્ષો ૪૦થી ૫૦ રૂા. પ્રતિ કિલો, મધ્યમ વૃક્ષોની કિંમત ૨૫થી ૪૦ રૂા. પ્રતિ કિલો અને નબળાની ૨ થી ૫ રૂા. પ્રતિ કિલોની છે. આમ ૭૫ ટકા વૃક્ષો ઉત્તમ કક્ષાના વૃક્ષોથી બદલીએ તો કરોડોની આવક વળી શકે છે.

### *કયું એક ઝાડ રૂપિયા ૨૦૦૦થી ૫૦૦૦ની ઉપજ આપે છે?*

ખારેકનું એક ઝાડ રૂપિયા ૧૦,૦૦૦ પણ કમાવી આપે છે. એક હેક્ટરના ટીસ્યુ કલ્ચરના રોપાઓનું વાવેતર ૫ વર્ષ પછી ૨ લાખ રૂપિયાનું ચોખ્ખું વળતર આપશે, શું તે આકર્ષક નથી?

ખારેકની ખેતી હવે પછીના બાગાયતી પાકોમાં આકર્ષક બનતી જાય છે. કર્ણાટકના કચ્છ જેવા વિસ્તારમાં ખારેકની ખેતી મોટાપાયે શરૂ થઈ છે.

કેલિફોર્નિયાના નિષ્ણાતો કચ્છ આવી ગયા. ખારેકની ખેતીને ઝીણવટથી સમજ્યા. તેઓ કહે છે કે દુનિયાની શ્રેષ્ઠ ખારેકની જાતો માત્ર કચ્છમાં જ છે.

બીજો પણ એક કુદરતી લાભ છે. દુનિયાના ખારેક ઉગાડતા દેશોની સરખામણીએ આપણા ખારેકના ફળો બે મહિના વહેલા પાકે છે, જે દુનિયાની બજારમાં જઈ શકે.

કચ્છના પુરુષાર્થીએ કચ્છની કાયાપલટ માત્ર ઉદ્યોગથી જ નહિ, ધરતીના ધનથી પણ કરી શકશે. વિકાસની આ દિશા કદાચ ટકાઉ સાબિત થશે.કચ્છના કેટલાક સાહસિક મિત્રોએ ખારેકની ખેતીને ઉદ્યોગના રૂપમાં વિકસાવવાનો પ્રયાસ કર્યો છે.

આવા સંજોગોમાં આ લેબોરેટરી કચ્છના વિકાસને એક નવી દિશા આપશે તેવી શ્રદ્ધા છે.

*'મંગલ મંદિર' : નવેમ્બર-૨૦૦૭*

# સર્જનહારને શણગારતો – બહેરો-મૂંગો પરિવાર

• જ્યોતિ ઉનડકટ - વડોદરા •

*શ્રી જગદીશ ર. શાહ - સુરતની કોલમથી મંગલ મંદિરનો વિશાળ વાચક વર્ગ પરિચિત છે જ. તેઓ શ્રી માંડવીના ગુર્જર જૈન છે અને અભ્યાસ બાદ પોતાની કેરીયર પત્રકાર તરીકે શરૂ કરેલ. તેઓએ સૌરાષ્ટ્ર ટ્રસ્ટ ગ્રુપના 'કચ્છ મિત્ર', 'જન્મ ભૂમિ' 'ફૂલછાબ' વગેરે સમાચાર પત્રોમાં અનેક વર્ષ સુધી કામ કરેલ હતું. છેલ્લે છેલ્લે તેઓએ સુરતથી પ્રસારિત થતા 'પ્રતાપ'ની જવાબદારી વર્ષો સુધી સંભાળેલ હતી. અત્યારે તેઓ નિવૃત્તિના સમયમાં પણ ફ્રીલાન્સ પત્રકાર તરીકે કામ કરે છે, નિયમિતપણે સામાજિક તથા ધાર્મિક બાબતે લેખો લખતા રહે છે, જૈન ફિલોસોફીમાં ઊંડા ઉતરતા રહે છે.*

*શ્રી જગદીશભાઈના એક ભાઈ શ્રી 'જિતેશ' બહેરા-મૂંગા છે પણ અસમર્થ નથી. તેઓશ્રીએ વડોદરાને પોતાની કર્મભૂમિ બનાવેલ છે. તેઓમાં શારીરિક ખામીઓનું કુદરતે નિરૂપણ કરેલ છે તો અન્ય શક્તિઓ કુદરતે જ તેમને ભરપૂર આપેલ છે. આ શક્તિના પ્રતાપે તેઓએ પોતાના જીવનને કાર્યશીલ બનાવેલ છે. આ "જીતેશ શાહ" વિષેનો એક લેખ ચિત્રલેખાના તા.૬ નવેમ્બર-૨૦૦૬ના અંકમાં (તેની ડિલીવરી એક અઠવાડિયા અગાઉ કરવામાં આવે છે) પ્રસારિત કરવામાં આવેલ છે કે જે અત્રે શબ્દસહ, સાભાર પ્રગટ કરીએ છીએ.*

*કચ્છ માંડવીના વડોદરા સ્થિત એક કચ્છીની કહાણી આપણને પણ રોમાંચિત કરી દેશે.*

*– મુખ્ય તંત્રી*

કમજોરી જ બની છે એમની તાકાત...

પચ્ચીસ ગણપતિની આરસની મૂર્તિઓ એક વીકમાં શણગારીને રેડી રાખજો. અમારી કંપનીનો વાર્ષિક મેળાવડો છે એમાં અમારે ક્લાયન્ટ્સને ગિફ્ટ કરવી છે. બજેટ દોઢ હજારથી માંડીને બે હજાર સુધીનું છે...

ઓ.કે., એક વિકમાં તમારો ઓર્ડર તૈયાર થઈ જશે.

આ કોઈ બે વ્યક્તિ વચ્ચેનો સંવાદ નથી, પણ એક કલાકારને એસએમએસથી મળેલો ઓર્ડર છે. મોબાઈલ ફોનની શોર્ટ મેસેજ સર્વિસ વડે અનેક લોકોનો બિઝનેસ ચાલે છે, પણ વડોદરાના જિતેશ શાહની વાત કંઈક અનોખી છે. એ એવા કલાકાર છે, જેમના માટે શોર્ટ મેસેજ સર્વિસ (એસએમએસ) જીવાદોરી છે. જિતેશ શાહના વિઝિટિંગ કાર્ડમાં મોબાઈલ નંબર છે, પણ કૌંસમાં લખ્યું છે એસએમએસ ઓન્લી. કારણ... જિતેશભાઈ સાંભળી અને બોલી નથી શકતા!

વડોદરાના કોઈ કલાકારની વાત કરીએ એટલે લોકો આંખો મીંચીને બોલી જશે કે આ કલાકાર મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનો ફાઈન આર્ટનો સ્ટુડન્ટ હશે. પણ ના, વડોદરાના આ કલાકારે નથી કોઈની પાસે તાલીમ લીધી કે નથી એટલું ભણ્યા, પણ એમની શણગારેલી ભગવાનની મૂર્તિઓ દેશ-વિદેશમાં વખણાય છે અને વેચાય છે.

વડોદરાના ખૂણેખાંચરે એવા કલાકારોની કલા ધબકે છે, જે તાલીમ લીધેલા આર્ટિસ્ટને પણ ઝાંખા પાડી દે. અભ્યાસ અને પ્રેક્ટિસ બાદ તો સૌ કોઈ કામ કરી બતાવે, પણ કોઈ તાલીમ વગર કામ કરવું બહુ આકરું છે. એમાંય ભગવાને જ્યારે સાંભળવાની અને બોલવાની શક્તિ આપી જ ન હોય એવા માણસનું તો ગજું જ શું?

માત્ર સાત ચોપડી ભણેલા અને બહેરા-મૂગા જિતેશ શાહને જો કે પોતાની જન્મજાત ખામી એમની કલામાં કદી નથી નડી. ઊલટું, એ ખામીને જ એમણે પોતાની શક્તિ બનાવી દીધી અને પોતાના કામમાં જીવ રેડી દીધો. આરસપહાણની ભગવાનની મૂર્તિને જિતેશભાઈ શણગારે તો એવું લાગે કે મૂર્તિ જાણે હમણાં બોલી ઊઠશે.

મૂળ માંડવીના તપગચ્છ વાણિયા પરિવારમાં જન્મેલા જિતેશભાઈને ચૌદ ભાઈભાંડુ. જિતેશભાઈનો નંબર તેરમો. બે ભાઈ અને ચાર બહેન મૂગાં-બહેરાં અને બાકીના ભાઈભાંડુ નોર્મલ. પિતાજીની નાનકડી કરિયાણાની દુકાન હતી. એના પર ગુજરાન તો કેવી રીતે ચાલે? જિતેશભાઈને સાત ચોપડીથી આગળ ભણવું હતું, પણ આર્થિક પરિસ્થિતિના કારણે ન ભણી શક્યા. આજે પણ એમને ન ભણી શક્યાનો વસવસો છે. જો કે ઓછું ભણતર એમના કામની આડે નથી આવ્યું.

જિતેશભાઈ માટે આગળ ભણવાનું શક્ય નહોતું એટલે એમણે પિતાજીને કમાવામાં મદદ કરવા માંડી. દિવાળી કાર્ડ બનાવે અને ચાલીને વેચવા જાય. પછી ઘઉંના ઘાસમાંથી વોલપીસ બનાવ્યા. એ પછી ઘઉંના ઘાસમાંથી મસમોટી ફ્રેમ બનાવવાનો ઓર્ડર મળ્યો. ડેકોરેશન કરતી વખતે વિચાર આવ્યો કે આજકાલ ભગવાનની મૂર્તિ ગિફ્ટમાં આપવાનો દોર ચાલી રહ્યો છે તો આપણેય પ્રયાસ કરી જોઈએ.

છેલ્લા ત્રણ વર્ષથી એ ગણપતિ દાદા, લક્ષ્મીજી, સરસ્વતી માતા, સ્વામિનારાયણ ભગવાન, વગેરેની આરસની મૂર્તિ જાતે ખરીદવા જાય અને એને શણગારે. એક

*ધીરજ રાખવામાં જ જીવનનું સુખ છે.*

ઈંચથી માંડીને ત્રણ ફૂટ સુધીની મૂર્તિ એમણે શણગારી છે. આરસપહાણની થોડાઘણાં કલરકામ કરેલી મૂર્તિ ખરીદીને લઈ આવે. એને સોનેરી રંગનાં ઘરેણાથી શણગારે. એ પછી એક્રેલિકના બોક્સમાં મૂર્તિ સાથે મ્યુઝિક સિસ્ટમ ગોઠવવાનું કામ પણ જિતેશભાઈ કરે.

તમને થશે કે જિતેશભાઈ તો બહેરા-મૂગા છે તો પછી મ્યુઝિક સિસ્ટમ કે મંત્ર કેવી રીતે ગોઠવી શકે. એ ઈશારાથી સમજાવે છે કે શણગાર બાદ મૂર્તિ એક્રેલિકના બોક્સમાં ગોઠવું પછી મ્યુઝિક સિસ્ટમ પણ ગોઠવું. ટેસ્ટ કરવા એ ચાલુ કરું. એક્રેલિકના બોક્સમાં વાઈબ્રેશન ફીલ થાય એટલે ખબર પડે કે મારું કામ બરોબર થઈ ગયું છે.

ત્રણ વર્ષમાં જિતેશભાઈની એક પણ કૃતિ પાછી નથી આવી કે એક પણ મૂર્તિનો શણગાર એમનાથી બગડ્યો નથી. વડોદરાની મોટી મોટી કંપની તથા અમદાવાદ સુધીની ગિફ્ટ શોપથી માંડીને અનેક એનઆરઆઈને એ ડેકોરેટિવ મૂર્તિઓ સપ્લાય કરે છે.

'દિવાળી કાર્ડ અને ઘઉંના ઘાસની આઈટમમાંથી કોઈ ખાસ આવક ન થતી, પણ ભગવાનના શણગારે અમારી જિંદગીને ચાર ચાંદ લગાવી દીધા.'

જિતેશ શાહ (કાગળમાં લખીને) કહે છેઃ

'છેલ્લા ત્રણ વર્ષમાં મૂર્તિઓનાં ડેકોરેશનની આવકમાંથી મેં પોતાનું ઘર લીધું. ટીવી, મોબાઈલ, વગેરે ચીજોથી માંડીને માનસિક શાંતિ પણ મને આ કલાની આવકમાંથી મળી. પિતાજીની આર્થિક હાલત બહુ ખરાબ હતી. આથી નાનપણમાં જ નિર્ધાર કરી લીધો હતો કે હું મૂક-બધિર છું, પણ મારી આ ખામીમાંથી જ હું મારી જિંદગી બનાવીશ.'

વડોદરાના અકોટા વિસ્તારમાં રહેતા જિતેશ શાહના ઘરમાંથી કોઈ અવાજ જ ન આવે. ન ટીવીનો, ન ફોનનો કે ન રેડિયોનો... આવા શાંત વાતાવરણમાં રોજ ભગવાનની અનેક મૂર્તિ શણગાર પામે છે. જિતેશભાઈ જન્મથી બહેરા-મૂગા છે. પત્ની જાગૃતિ થોડા શબ્દ બોલી શકે છે. આ દંપતીને ભગવાને લગ્નનાં અગિયાર વર્ષે બાળક આપ્યું. એનું નામ પાડ્યું ગુંજ!

જિતેશ અને જાગૃતિને એમ કે ઘરની શાંતિને ગુંજની કિકિયારીનો ગુંજારવ જીવંત કરી દેશે, પણ ગુંજના જન્મના છ મહિને ખબર પડી કે એ પણ બહેરો-મૂગો છે!

જો કે આ દંપતી કહે છે કે અમારું બાળક અમારા જેવું છે એ સારું છે, નહીં તો એ અમને સમજી ન શકત. ગુંજ અને જાગૃતિબહેન થોડીઘણી મદદ કરે, પણ જિતેશભાઈના હાથ નીચે એમના જેવા જ ત્રણ આસિસ્ટન્ટ છે.

આખો દિવસ કામ કરીને આ પરિવાર રિલેક્સ થવા માટે ટીવી સિરિયલો જુએ છે. સાંભળી નથી શકતાં, પણ સાડા આઠથી અગિયાર વાગ્યા સુધી ટીવી જોવાનું એ નથી ચૂકતાં. લેટેસ્ટ ડિઝાઈન અને અમુક સિરિયલની સ્ટોરી ક્યાં અટકી છે એની પણ એમને ખબર હોય છે.

રૂબરૂ આવતા ક્લાયન્ટને ઈશારાથી સમજાવવામાં જિતેશ શાહ પાછા ન પડે. તકલીફ પડે તો બહુ જ થોડા શબ્દો બોલી શકતાં જાગૃતિબહેન એમની વહારે આવી જાય. ગુંજ નોર્મલ બાળકો સાથે ભણે છે, પણ સાઈન લેન્ગ્વેજમાં એ સામેની વ્યક્તિને પોતાની વાત ગળે ઉતરાવી દે. પરિવારના દરેક સભ્યની કમજોરી અહીં તાકાત બનીને બહાર આવી છે.

છેલ્લે એમને પૂછ્યું કે તમને ભગવાને વાચા ન આપી, સાંભળી નથી શકતા, જીવનસાથી અને બાળક પણ મૂક-બધિર છે. તમને ભગવાન પર ગુસ્સો નથી આવતો? તમે ફરિયાદ નથી કરતા?

જિતેશ શાહ કાન પકડીને હાથ જોડી ઈશારાથી સમજાવે છેઃ 'હું ભણી ન શક્યો, હું સાંભળી કે બોલી નથી શકતો. મારામાં ખામી હોવા છતાં ભગવાને મારામાં એક છૂપી આવડત મૂકી. ઉપરવાળાનો આભાર તો માનું એટલો ઓછો છે. દરેક મૂર્તિ શણગારતી વખતે ભગવાન પર મારો પ્રેમ વધતો જાય છે. આસક્ત થઈને હું એને દરેક શણગાર વખતે થેન્ક યુ કહું છું.'

જિંદગી સામે ફરિયાદ કરતા લોકોએ એક વાર જિતેશભાઈના પરિવારને મળવું જોઈએ. અકોટા વિસ્તારમાં સંવાદ વગરના શાંત ઘરમાં ખામોશી છે, પણ એ ખામોશી ધ મ્યુઝિકલ છે... એમના ઘરમાં શાંતિ છે, પણ સાંભળી અને બોલી ન શકતા આઠ વર્ષના ગુંજના ઈશારા કોઈ કેકારવથી કમ નથી.

*'ચિત્રલેખામાંથી સાભાર'*

*'મંગલ મંદિર' : નવેમ્બર-૨૦૦૬*

## મેઘાણીની લાગણી

સૌરાષ્ટ્રની લોકકથાઓ અને લોકગીતોને શિષ્ટ સાહિત્યની કક્ષાએ લાવી મૂકનાર અને ગાંધીજીએ જેમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરૂદ આપ્યું હતું, એવા લોકોના લાડકવાયા કવિ શ્રી ઝવેરચંદ મેઘાણીના બચપણનો એક પ્રસંગ છે.

એમના પિતા કાલીદાસ મેઘાણી એક મોટા અમલદાર હતા. એક દિવસ તેમણે પ્રીતિભોજનનું આયોજન કર્યું. ભોજનમાં દૂધપાક-પૂરી રાખવામાં આવ્યા હતા. જમનારાઓની સંખ્યા ઘણી મોટી હોવાથી આજુબાજુના ગામોથી પણ દૂધ મંગાવવું પડ્યું હતું. બાલ ઝવેરચંદ જમવા બેઠા. પણ દૂધપાકની વાડકીને હાથ પણ લગાડ્યો નહીં. પિતાએ નવાઈ પામતાં પૂછ્યું, 'તું દૂધપાક શા માટે ખાતો નથી?'

બાળક ઝવેરચંદે કહ્યું, 'દૂધપાક મારા ગળા નીચે ઊતરી શકે જ નહીં, કેમકે આજે સવારે આ દૂધ લાવનારાઓ પાસેથી મને જાણવા મળ્યું હતું કે આટલું બધું દૂધ લાવવાના કારણે વાછરડાઓને માટે એક ટીપું પણ દૂધ રહ્યું નહીં. અરે, ગામના નાના બાળકો માટે પણ દૂધનો છાંટો રહ્યો નથી. બોલો, આ રીતે મેળવેલા દૂધનો દૂધપાક હું કઈ રીતે ખાઈ શકું?

*પાંદડું ફરી ઝાડ પર ચોંટાડી શકાય નહિ તો તોડવું પણ નહિ.*

# સેલી

• ગિરીશ ગણાત્રા •

એક રસપ્રદ પાત્રનો પરિચય કરાવતાં પહેલાં હું તમને મારી ઓળખાણ કરાવી દઉં.

હું એક પત્રકાર છું. નાનપણથી જ છાપાં વાંચતાં વાંચતાં જાણ્યે-અજાણ્યે મેં કાગળ-શાહી પ્રત્યે પ્રેમ કેળવ્યો. હું કોલેજમાં હતો ત્યારે એક વર્તમાનપત્રે યોજેલી વાર્તા-હરીફાઈમાં મેં ભાગ લીધો અને મને આશ્વાસન ઇનામ મળ્યું. એ પત્રમાં મારી વાર્તા મારા ફોટા અને પરિચય સાથે પ્રગટ થઇ કે મારામાં ઉદયમાન થઇ રહેલો પત્રકાર સળવળી ઊઠયો. ગ્રેજ્યુએટ થા પછી જ્યારે નોકરીની તલાશમાં હતો ત્યારે સૌ પ્રથમ મારી નજર શહેરમાંથી પ્રગટ થતા વર્તમાનપત્રો તરફ ગઇ. એ બિલ્ડિંગોનાં પગથિયાંઓની ચડઊતર દરમિયાન મને એક નવા પ્રગટ થતા સામયિકના તંત્રીએ કહ્યું - લોકોને મળવાનો તમને શોખ હોય, એમના જીવનમાં ડોકિયું કરવાની દિલચશ્પી હોય અને એમની પાસેથી અવનવી વાતો કઢાવવાની કળા હોય તો તમે અમને કામના છો.

આ શોખ તો નાનપણથી જ હતો. જે કોઇ એમની વાતો કહે એને હું કાન સરવા કરી સાંભળ્યે રાખું. વડીલો કોઇ બાબતની ચર્ચા કરતા બેઠા હોય તો એમની વાતો એક ધ્યાનથી સાંભળતો રહું. મેં તંત્રીનો પડકાર ઝીલી લીધો. અલબત્ત, શરૂ શરૂમાં મારાં લખાણો મઠારાતાં, ફકરાઓનું સૂચના મુજબ નવેસરથી લખાણ થતું, હેડિંગ બદલાતાં અને વર્તમાનપત્રમાં કઇ રીતે બયાન કરાય એની મારા સિનિયર સહકાર્યકર્તાઓએ તાલીમ, શિખામણો આપી.

એ વર્તમાનપત્રમાં ચારેક વર્ષની નોકરી બાદ હું ઘડાયો. મારા તંત્રીને મારા પર વિશ્વાસ બેઠો. મારાં લખાણો હવે કોઇ જાતની કાપકૂપ કે મઠારાયા વિનાના પ્રગટ થતાં. મારી આ જીવતી જાગતી 'સ્ટોરીઝ'ની સરાહના થવા પણ માંડી.

એક દિવસ તંત્રીએ મારા હાથમાં એક આમંત્રણ કાર્ડ મૂકી પૂછ્યું - આનું શું કરીશુ?

એક આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ પપેટીયર (કઠપૂતળીવાળો) એમનો શો લઇ અમારા શહેરમાં આવેલો. એની પાસે જાતજાતની કઠપૂતળીઓ હતી જેને નચાવી, એ મનોરંજન કાર્યક્રમો કરતો હતો. એની ખ્યાતિ સાંભળી શહેરની એક સંસ્થાએ આ કાર્યક્રમ ગોઠવેલો. આ પપેટીયર ઇવાનચેરી એટલો ખ્યાતનામ હતો કે શહેરના એના ચારેય શો હાઉસ-ફૂલ થઇ ગયેલા. એના પ્રેક્ષકો બહુધા બાળકો હતાં. આમંત્રણ કાર્ડ વાંચી મેં તંત્રીને પૂછ્યું -

'આ કાર્યક્રમનો રીવ્યૂ લખવાનો છે?'

'એ તો આપણા સમીક્ષક લખશે. એને અલગ કાર્ડ મળી ગયું છે.'

'તો મારે શું કરવાનું છે?'

'તમે નક્કી કરો.'

આમંત્રણ કાર્ડને આડુંઅવળું ફેરવતાં, એનું લખાણ વાંચતાં હું વિચારમાં પડી ગયો કે આનું મારે શું કરવું? પણ પછી મનમાં એક વિચાર ઝબકી ગયો. કઠપૂતળીની કલા ધીમે ધીમે વિસરાતી જાય છે ત્યારે આ ઇવાન ચેરી નામનો વિદેશી કલાકાર દેશ-પરદેશમાં શો યોજતો જ રહે છે. એની લોકપ્રિયતાથી પ્રેરાઇ એના પ્રાયોજકો એને અહીં ખેંચી લાવ્યા. મારે આ ઇવાનને મળવું રહ્યું.

મેં તંત્રીને એની મુલાકાત લઇને રિપોર્ટ લખવાની વાત કરી. સહસા એ બોલી ઊઠ્યા :

'આટલા માટે તો મેં તમને કાર્ડ આપ્યું છે. હવે ઇવાન ચેરીની મુલાકાત, એમના પપેટ્સ સાથે એ ઊભા હોય એવો ફોટો અને બીજી તસવીરો લેતા આવજો. અને હા, એપોઇન્ટમેન્ટ લઇને એને મળવા જજો.'

ઇવાન ચેરીને મળવા જતા પહેલાં એનો કાર્યક્રમ તો જોઇ જ લેવો એમ મેં નક્કી કરી લીધું. કાર્યક્રમ પછી મુલાકાતના દૌરની મંજૂરી પણ એમણે આપી દીધી.

એના પપેટ-શો પછી હું એને મળ્યો. બેકસ્ટેજ પર ખુરશીઓ ગોઠવાઇ અને ઠંડાં પાણી સાથે મેં મુલાકાતનો આરંભ કર્યો. મારા હાથમાં પૅડ હતું અને ફ્લેશ લાઇટવાળો કેમેરા હતો. હું મારો પહેલો પ્રશ્ન પૂરો કરું તે પહેલાં હસીને એણે મને કહ્યું -

'હું તમારા રિપોર્ટિંગને સહેલું કરી આપું? હવે હું જ તમને પ્રશ્ન પૂછું. તમને મારો શો કેવો લાગ્યો? મારા પપેટ્સ (કઠપૂતળીઓ)માંથી તમને કયા પપેટનું કામ વિશેષ ગમ્યું?'

'શો અદ્‌ભુત હતો, તમારી અને તમારા સાથીદારોની આંગળીઓની મુવમેન્ટ્સ પર જે આ પપેટ્સ નાચતા હતા એ જોઇને હું મારા બાળપણમાં ખોવાઇ ગયો.'

'કયું પપેટ, આઇ મીન, એની કામગીરી વિશેષ પસંદ પડી?'

'સેલી શ્રેષ્ઠ હતું, જો કે કથાનકમાં સેલીની જ કામગીરી અગત્યની હતી.'

'યુ આર રાઇટ. જે જે દેશોમાં મેં શો કરેલા એનાં બાળકો સેલી પાછળ ગાંડા હતાં. આમ તો સુથાર પાસે ઘડાવતી વખતે મને વિચાર આવેલો કે બાલ સાહિત્યના વિખ્યાત સર્જકોના અતિ પ્રસિદ્ધ એકાદ પાત્રનું નિર્માણ કરું - જેવા કે મિકી માઉસ, પીનાશીઓ, ટોમ સાયર વગેરે. પણ પછી મને વિચાર આવ્યો કે હું જે પાત્ર બનાવીશ એને જ એની મેળે પ્રસિદ્ધ થવા દો.

*આપણી માન્યતા વ્યક્ત કરી શકાય, કોઈ ઉપર લદાય નહિ.*

જ્યારે લાકડાનો એક મોટો ટુકડો એનો આકાર લઇ રહ્યો હતો ત્યારે હું સુથારની બાજુમાં જ બેઠો હતો. એણે મને પૂછ્યું - આને પુરુષ બનાવું કે સ્ત્રી? હું વિચારમાં પડી ગયો. પછી નક્કી કર્યું કે આનું નામ હું એવું આપું કે છોકરા તરીકે પણ ચાલી શકે અને છોકરી તરીકે પણ. એની આજુબાજુ મારે જ વાર્તાની માંડણી કરવાની છે ને! છોકરાનાં કપડાં પહેરાવો તો એ છોકરો બને અને છોકરીનાં કપડાં પહેરાવો તો એ છોકરી. આ આશયથી મેં સુથારને એના વાળ, નાક, કાન, ગળું વગેરેની સૂચના આપી.

આ પપેટ પર પછી તો વિવિધ રંગો ચડ્યા. એના માપનાં કપડાં બનાવડાવ્યાં. એને પહેલી બે કથામાં છોકરો બનાવેલો પણ પછીની એક કથા એક છોકરીના સાહસની, મસ્તી તોફાનથી ભરપૂર હતી. એ કથાનું મુખ્ય પાત્ર હતું સેલી. આ સેલીએ જ પોતાની જાતને ઘડી. કદાચ, એને છોકરો થવાનું પસંદ નહિ પડ્યું હોય. એને છોકરી બનાવી મેં એની આસપાસ જે કથા ગૂંથી એ કથાની નાયિકા બની એણે બાળકોનાં દિલ જીતી લીધાં. એના ઘણા ઘણા શો થયા. બાળકો હવે સેલીને છોકરાના સ્વાંગમાં જોવા જ નહોતા માગતા. શો પૂરો થાય એટલે સેલીને હું ખભા પર ઊંચકી સ્ટેજની સમીપે આવું. સેલીના હાથ હલાવી એની પાસે બાળકોના અભિનંદન ઝીલાવું. કોણ જાણે, બાળકોને સેલીની પાસેથી ખસવું નહોતું ગમતું એટલે બધાં પોતાની ખુરશીઓ છોડી સ્ટેજની આસપાસ વીંટળાઇ જતાં અને ક્યાંય સુધી એની સામે હાથ હલાવતાં ઊભાં રહેતાં. બાળકોને થિયેટરની બહાર કાઢતાં અમારો દમ નીકળી જતો. શો પૂરો થાય એટલે બધી પૂતળીઓને હું સાચવીને કપડાની થેલીમાં મૂકું.

'તમે આ કલા કોની પાસેથી...' મારો પ્રશ્ન પૂરો થાય તે પહેલાં જ ઇવાન ચેરી બોલી ઊઠ્યા -

'હજુ સેલીની વાત તો સાંભળો!'

'એક દિવસ શું બન્યું કે હું શો પૂરો કરી સ્ટેજની પાછળ ગયો. ઓડિટોરિયમ ખાલી થઇ ગયું હતું. હરવખતની જેમ મેં એક પછી એક પૂતળીઓને થેલીમાં મૂકવાનું શરૂ કર્યું. સેલીને પણ એની કોથળીમાં મૂકવા જતો હતો ત્યાં સ્ટેજ પર એક બાર વર્ષની બાલિકા મારી પાસે આવી અને મારો હાથ પકડી કહ્યું - 'સેલીને ઠંડી નહિ લાગતી હોય?'

એ વખતે સખત શિયાળો શરૂ થઇ ગયો હતો. લાકડાની પૂતળીને વળી ઠંડી શું અને ગરમી શું? પણ એ બાલિકાની લાગણીને હું ઠેસ પહોંચાડવા નહોતો માગતો એટલે મેં એના મસ્તક પર હાથ મૂકી હસીને કહ્યું- 'ના, સેલીને ઠંડી નહિ લાગે. એને આ કોથળીમાં મૂકી વીંટાળી દઇશ અને બીજી પૂતળીઓ જોડે પતરાની આ મોટી પેટીમાં મૂકી એને બરાબર બંધ કરી દઇશ એટલે એને જરા પણ ઠંડી નહિ લાગે.'

'પણ તમારી પેટી પતરાની છે. પતરું જલદી ઠંડું થઇ જાય. એટલે એ બિચારી ટ્રંકમાં ધ્રૂજતી હોય તો તમને એની શી રીતે જાણ થાય?' કહી એણે એની પીઠ પાછળ ધરેલું નાનકડું સ્વેટર કાઢી મારી સામે ધર્યું અને બોલી-

'આ મેં મારી જાતે બનાવ્યું છે. સેલી માટે ખાસ. તમે એને એ પહેરાવો ને.'

એ બાલિકાની આંખોના ભાવ વાંચી મેં એના હાથમાંથી સ્વેટર લઇ સેલીને પહેરાવ્યું. સેલીને એ બંધબેસતું આવી ગયું. એની છાતીના ભાગ પર અંગ્રેજી અક્ષરનો 'એસ' ગૂંથાયેલો હતો.

'હંઅઅઅ' આનંદ પામતી એ બાલિકા બોલી, 'હવે એને થેલીમાં મૂકી દો એટલે ઠંડી નહિ લાગે.'

સ્વેટર સહિત મેં સેલીને સાચવીને થેલીમાં મૂકી અને પછી થેલીની દોરી ખેંચી એને બરાબર પેક કરી ટ્રંકમાં ગોઠવતાં બોલ્યો-

'થેંક યૂ. મારા તરફથી અને સેલી તરફથી. તારું નામ શું, છોકરી?'

પણ એ બાળા ત્યાં નહોતી. મારું ધ્યાન સેલીને ટ્રંકમાં ગોઠવવામાં રહ્યું હોવાથી એ જતી રહેલી. મને ખબર પણ ન પડી.

એ રાત્રે મારા મુકામ સ્થાન પર પહોંચી મેં સેલીને ટ્રંકની બહાર કાઢી એને ફરી ફરીને નીરખી. સ્વેટરમાં સેલી ખૂબ જ સરસ શોભતી હતી. સ્વેટરનું ઊન મુલાયમ અને ઊંચી જાતનું હતું.

'આ સેલીનો આકાર કેવી રીતે નક્કી થયો?' મેં ઇવાનને પ્રશ્ન પૂછ્યો પણ મારા પ્રશ્ન પરત્વે એનું ધ્યાન ક્યાં હતું? એ તો ખોવાઇ ગયેલા એના ભૂતકાળમાં. એમાં જ તન્મય થઇ એણે સેલીની દાસ્તાં આગળ લંબાવી-

'પછીના વર્ષમાં મેં જ ખુદ સેલીને સ્ટેજ પરથી નિવૃત્ત કરી દીધી. એ દરમિયાન સેલી મારા પપેટ થિયેટરની પ્રતીક બની ચૂકી હતી. થિયેટરના નામના પાટિયા પર, પેમ્ફલેટ, બ્રોશર કે જાહેરાત પર સેલી અવશ્ય દેખાતી. ભવિષ્યના શો માટે મારી એવી કલ્પના હતી કે 'એલીસ ઇન વન્ડરલેન્ડ' જેવું એક કથાનક બનાવી બાળકોને કલ્પનાના પ્રદેશમાં વિહાર કરાવું, જેમાં રીંછ, સિંહ, સસલું, શિયાળ, ચંદ્ર, સૂરજ જેવાં પાત્રો હોય.'

'આવી વાર્તા સાથે, નવાં નવાં પાત્રોનું સર્જન કરી મેં જે પપેટ-શો તૈયાર કર્યો એ પણ ખૂબ જ વખણાયો. બાળકોથી થિયેટર ઊભરાતું રહેતું પણ બધા મને એક જ પ્રશ્ન પૂછતા : 'સેલી ક્યાં ગઇ? એ અત્યારે શું કરે છે?' બાળકોને મન તો સેલી માત્ર પૂતળી જ નહોતી, જીવતુંજાગતું પાત્ર હતું. ઘણાં બાળકો પૃચ્છા કરતા પત્રો લખતાં કે સેલી માંદી છે? અમે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે સેલી જલદી સાજી થઇ જાય અને ફરી અમારી વચ્ચે આવે. પ્રકાશથી છવાયેલા સ્ટેજ પરથી ઓડિટોરિયમના અંધકારમાં બેઠેલાં

*સર્જન ન કરી શકાય તો કંઈ નહિ પણ કોઈના સર્જનનું વિસર્જન ન કરાય.*

બાળકોની લાગણી હું જોઇ શકતો હતો....'

હવે મને જ ખુદને સેલીમાં ખૂબ રસ પડ્યો. મારા તંત્રીએ મને સુવિખ્યાત પપેટિયર ઇવાન ચેરીની મુલાકાત લેવા મોકલ્યો છે એ વાત હું ભૂલી ગયો. હું પણ અંધકારભર્યા થિયેટરમાં જાણે બાળકો વચ્ચે ગોઠવાઇ ગયો અને કલ્પના કરવા લાગ્યો કે ઇવાન ફરી પાછો સેલીને સ્ટેજ પર લાવશે? મેં મનોમન સેલીની કલ્પના કરી લીધી. સેલીને મેં બાર્બી નામની ઢીંગલીમાં આરોપી દીધી.

ઇવાન બોલ્યો-

'એક દિવસ મને પોતાને જ થયું- જૂનું એટલું સોનું. બીજા શો મને કમાણી કરાવી આપતા હતા પણ સેલીની વાત જુદી જ હતી. મારા આંગળીના ટેરવે એને નચાવતાં મને જેટલો આનંદ થતો એની લાગણીઓ કંઇક અનોખી જ હતી.'

એક એવી ઘડીએ મેં સેલીને એની કોથળીમાંથી બહાર કાઢી. એના દેહ પરથી રંગ ઊડી ગયો હતો. મારા આર્ટિસ્ટ મિત્રે તેની ત્વચાને રંગ આપ્યો અને એને નવેસરથી શણગારી. એના દેહને અને પાત્રને અનુરૂપ પોશાક પહેરાવ્યો અને એક દિવસ સેલીના જૂના શોની રજૂઆતની જાહેરાત કરી.

સેલીના પુનરાગમનની વાત જાણી બાળકોએ થિયેટરને ઉભરાવી દીધું. આ સ્ટેજ શો ખૂબ જ સફળ બની ગયો. કાર્યક્રમ પૂરો થયા પછી હું સંભાળપૂર્વક એક પછી એક પૂતળીઓને એની બેગમાં મૂકતો હતો ત્યાં પાછળથી મને અવાજ સંભળાયો-

'અરે! સેલી એવી ને એવી જ યુવાન છે. મને એમ કે એ ઘરડી થઇ ગઇ હશે.'

મેં પાછળ વળીને જોયું તો પાંત્રીસેક વર્ષની સ્ત્રી મારા હાથમાં રહેલી સેલી તરફ આંગળી ચીંધી એની નાનકડી પુત્રીને કહી રહી હતી.

હું મા-દીકરી સામે જોઇને હસ્યો. એ સ્ત્રીએ મને કહ્યું-

'તમે મને નહિ ઓળખતા હો! એક દિવસ હું પણ બાલિકા હતી અને મારી મમ્મી સાથે થિયેટરમાં બેસી સેલીના શો જોતી રહેતી. સેલીએ મને જે હસાવી છે, દુનિયાદારીનું ડહાપણ શીખવ્યું છે એ મારી જિંદગીમાં ક્યારેય ભૂલી શકીશ નહિ. મારા ખરાબ સમયે પણ મેં સેલીને યાદ કરી મેં મારાં દુઃખો ભૂલવાના પ્રયત્નો કર્યા છે.' અને પછી એની નાનકડી પુત્રીના ખભા પર હાથ મૂકી મારા હાથમાં રહેલી પૂતળી બતાવીને કહ્યું, 'આ સેલી છે.'

મા-દીકરી મારી પાસે આવ્યાં, સેલીના માથા પર હાથ ફેરવ્યો. ઠંડીના દિવસો હોવાથી મેં એક વખત એક છોકરીએ આપેલું સ્વેટર એને પહેરાવ્યું હતું. સ્વેટર પરનો રંગ ઊડી જવા લાગ્યો હતો પણ પેલી બાલિકાએ સેલીને આપેલી ભેટ એનાથી દૂર કરતાં મારો જીવ ચાલ્યો ન હતો.

'તમે આ સ્વેટર હજુ સાચવી રાખ્યું છે?' સ્ત્રીએ આશ્ચર્યથી પૂછ્યું.

'હા, ઠંડીના દિવસોમાં એ બહુ કામ લાગે છે. સેલીને પણ એ બહુ જ ગમે છે.'

અમે બંને ખડખડાટ હસી પડ્યાં.

મેં એની પુત્રીને ઊંચકી. એક હાથમાં સેલી અને બીજા હાથમાં નાનકડી બાળા. મેં એને કહ્યું-

'બેટી, એક દિવસ એવું બનેલું કે શો પૂરો થયા પછી તારી ઉંમરની એક નાનકડી છોકરી મારી પાસે આવી હતી અને સેલીને પહેરાવવા એના હાથે ગૂંથેલું આ સ્વેટર એને ભેટ આપી ગઇ હતી. છાતીના ભાગમાં એણે એના નામનો પહેલો અક્ષર પણ ગૂંથ્યો છે. આ સ્વેટર પહેરાવવાથી સેલીને ઠંડી લાગતી નથી. એ શાંતિથી ઊંઘી જાય છે. તારું નામ શું, બેટી?'

'સેલી.' નાનકડી છોકરીએ જવાબ આપ્યો.

*'મંગલ મંદિર' : ઓક્ટોબર-૨૦૦૭*

# રાષ્ટ્રીયતા

રાષ્ટ્રીયતા એટલે શું? દરેક દેશના નાગરિકોને તેમના દેશ પ્રત્યેનો પ્રેમ - લગાવને રાષ્ટ્રીયતા કહી શકાય. દરેક નાગરિકને પોતાના દેશ માટે સાચા હૃદયથી રાષ્ટ્રપ્રેમ હોવો જ જોઈએ. આપણા દેશમાં કારગીલ યુધ્ધ જેવા પ્રસંગે રાતોરાત રાષ્ટ્રીયતા જાગી જાય છે, પરંતુ કમનસીબે પછી તેને ભૂલી જઈએ છીએ તે યોગ્ય નથી. લોકોને પરમવીર ચક્ર વિજેતા પાંચ સૈનિકોના નામ યાદ નહીં હોય, પણ ફિલ્મ સ્ટારોના નામ જીભે હશે. રાષ્ટ્રીયતા એ દેશદાઝનું સ્વરૂપ છે, પણ તે અતિશય નકારાત્મક સ્વરૂપે ન હોવો જોઈએ. બીજા વિશ્વયુધ્ધમાં ઈટાલીના મુસોલિની અને જર્મનીના હિટલરે રાષ્ટ્રીયતાના જે બીજ રોપ્યા હતા તેના પરિણામો જગત સમક્ષ સ્પષ્ટ છે. ઈઝરાયેલનો દાખલો પણ ધ્યાને લેવો જોઈએ. ચોમેર દુશ્મનોથી ઘેરાયેલ દેશ કેવા સ્વમાન અને ખુમારીથી જીવે છે. ચીન, કોરિયા જેવા પછાત ગણાતા રાષ્ટ્રો આજે કયા મુકામે પહોંચ્યા છે? એશિયન ગેમ્સ હોય કે ઓલિમ્પિક, રાષ્ટ્ર માટે રમીએ છીએ તે ભાવનાને જિંદાદીલ કરી રમે છે અને મેડલોના ઢગ જીતી લાવે છે. આઝાદી પછી આપણા દેશમાંથી દસ ખેલાડીઓ પણ ઓલિમ્પિક ફાઈનલ સુધી નથી પહોંચ્યા. ચીન, જાપાન, જર્મની જેવા દેશોને પોતાના પોષાક તથા ભાષા પ્રત્યે પણ માન છે. આપણે આપણા દેશમાં રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ, વફાદારી, સંન્નિષ્ઠતા, પ્રતિબધ્ધતા જાગૃત કરવી જોઈશે. દરેક નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમ પ્રજ્વલિત થાય તે માટે ફરજિયાત લશ્કરી તાલીમ, એન.સી.સી.નું પ્રશિક્ષણ, નાગરિક સંરક્ષણની તાલીમ જેવી બાબતો પર ભાર મૂકવો રહ્યો. આ દષ્ટિકોણ માત્ર ૧૫મી ઓગસ્ટ કે ૨૬મી જાન્યુઆરી પૂરતું સીમિત ન રાખતાં શ્વાસોચ્છવાસમાં અણુ અણુમાં વ્યાપક કરવો પડશે.

*એક કવિએ કહ્યું છે :*

***"આ દેશ મારો મુજ દેશભક્તિ; આ દેશ માટે મુજ સર્વશક્તિ.'***

**અશોક વાડીલાલ શાહ - ગાંધીનગર**

*'મંગલ મંદિર' : જાન્યુઆરી-૨૦૦૬*

*લાલચનું ફળ હંમેશાં ખરાબ જ મળતું હોય છે.*

ભણવામાં નબળાં હોય એવાં સંતાનોનાં મા-બાપ કાન દઇને સાંભળે

# આઇન્સ્ટાઇન ભણવામાં 'ઢ' હતો

• ગુણવંત શાહ •

એક હતો રાજા. એણે એક માણસને મોતની સજા ફટકારી દીધી. રાજા, વાજાં ને વાંદરા! મોતની પ્રતીક્ષા કરનાર માણસે રાજાની મુલાકાત માગી. એણે રાજાને કહ્યું, 'મારી પાસે એવી વિદ્યા છે કે તમારા ઘોડાને ઊડતાં શિખવાડી દઉં.' રાજા તો આશ્ચર્યમાં ડૂબી ગયો. એણે એ માણસને એક વર્ષની મુદત આપી અને કહ્યું, 'એક વર્ષમાં ઘોડો ઊડતો ન થયો તો તને વધસ્તંભ પર ચડાવી દઈશ.' માણસે વાત મંજૂર રાખી.

કોઇ કેદીએ એ માણસને પૂછ્યું : 'ઘોડો તે વળી આકાશમાં ઊડે ખરો?' માણસે જવાબમાં કહ્યું : 'ઘોડો ન ઊડે તે તો હું પણ જાણું છું, પરંતુ ત્રણ શક્યતાઓ બચી છે. કોને ખબર, કદાચ એક વર્ષમાં રાજા મૃત્યુ પામે. એ પણ શક્ય છે કે એક વર્ષમાં હું કદાચ મરી જાઉં અને હા કદાચ ઘોડો ઊડે પણ ખરો! મને 'કદાચ' પર શ્રદ્ધા છે.'

મૃત્યુની પ્રતીક્ષા કરનારા કેદીને 'કદાચ' પર હતી એટલી શ્રદ્ધા પણ ભણવામાં નબળાં સંતાનો પર એમના મૂર્ખ માતા પિતાને નથી હોતી. શું બાળકો રેઇસના ઘોડા છે? ઘણાં માતા-પિતા એમને રેઇસકોર્સ પર કિકિયારીઓ પાડીને મેડિકલ કે એન્જિનિયરિંગ લાઇન પર દોડાવે છે. એ માતા-પિતાના હાથમાં દૂરબીન નથી હોતું. ભારતમાં આજે એવા કેટલાય ડૉક્ટરો અને એન્જિનિયરો છે જેઓ પોતાની મરજી વિરુદ્ધ અને રસ ન હોવા છતાં કેવળ મા-બાપના આંધળા અભરખાને કારણે ડૉક્ટર કે એન્જિનિયર બની ગયા છે. આવા લોકો પૈસા મેળવે છે, પણ જીવન ગુમાવે છે. તેઓ શું ગુમાવી ચૂક્યા છે એનો એમને ખ્યાલ નથી. તેઓ વેર લેતા હોય એ રીતે ખૂબ પૈસા પ્રાપ્ત કરે છે પરંતુ પૈસા ખર્ચવાનો સમય એમને નથી મળતો. એમની પત્નીઓ ખાનગીમાં દુ:ખી હોય છે. ભણવામાં નબળાં હોય એવાં સંતાનોનાં મા બાપ આજના હરીફાઇના યુગમાં જબરી ચિંતામાં પડી જાય છે. તેઓને ભવિષ્ય અંધકારમય જણાય છે. તેઓ કોઇ હોશિયાર વિદ્યાર્થી સાથે પોતાનાં સંતાનને સતત સરખાવતાં રહે છે. બાળકને માટે આવી સરખામણી ભારે અળખામણી બની રહે છે. એની લઘુતાગ્રંથિ વધતી જાય છે અને એને લાગવા માંડે છે કે પોતે નકામો છે. અજ્ઞાન માતા-પિતા તરફથી થતી આ પ્રેમાળ હિંસા ટાળવા જેવી છે. આવા લાખો મા બાપ નીચેની વાતો કાન દઇને સાંભળે તો એમનાં સંતાનોનું કલ્યાણ થાય.

કેવળ થોડી હકીકતો અહીં પેશ છે. બ્રિટનને બીજા વિશ્વયુદ્ધમાં વિજય અપનાવનાર સમર્થ નેતા વિન્સ્ટન ચર્ચિલ ભણવામાં ઢીલો હતો. એના પિતાને ખાતરી ન હતી કે પોતાનો નમૂનો મોટો થઇને ભરણપોષણ કરી શકશે. ઉત્ક્રાંતિના સિદ્ધાંતની ભેટ જગતને આપનાર ચાર્લ્સ ડાર્વિનના પિતાએ કહેલું : 'ચાર્લ્સ! તું કુળનું નામ બોળશે.' વિખ્યાત લેખક જી.કે. ચેસ્ટર્ટન આઠ વર્ષની ઉંમર સુધી વાંચી શકતા ન હતા. ઇલેક્ટ્રિક બલ્બના શોધક થોમસ એડિસનને એના શિક્ષકે 'અક્કલનો ઓથમીર' કહેલો. સાપેક્ષતાનો મહાન સિદ્ધાંત દુનિયાને આપનાર મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઇન્સ્ટાઇન ભણવામાં 'ઢ' હતો. એના શિક્ષકે કંટાળીને કહેલું : 'આઇન્સ્ટાઇન! તું જીવનમાં કશી ધાડ મારવાનો નથી.' ફ્રાન્સની ક્રાંતિનો વિચારપિતા વોલ્ટેર બધી રીતે ઠેકાણા વગરનો હતો. એના પિતાએ કહેલું : 'મારે તો બે પુત્રો છે : ગદ્યમૂર્ખ અને પદ્યમૂર્ખ.' નેપોલિયન બેંતાળીસ વિદ્યાર્થીઓના વર્ગમાં બેંતાળીસમા નંબરે હતો.

આપણા દેશની જ નહીં આપણા ગુજરાતની વાત કરીએ. જેનાં ભજનો ગુજરાતીઓ હોંશે હોંશે ગાય છે તે નરસિંહ કૃષ્ણદામોદર મહેતા આઠ વર્ષની ઉંમર સુધી સાવ મૂગો હતો. દયાકોરબહેનના એ દીકરાના વિવાહ તૂટી ગયેલા, કારણ કે નરસૈયો ઠોઠ નિશાળિયો હતો. આખી દુનિયામાં વસતા ભારતીય નાગરિકોને રામકથાનું ઘેલું લગાડનારા કથાકાર લોકશિક્ષક મોરારી બાપુ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં માત્ર ત્રણ વાર નપાસ થયેલા. ના છૂટકે અંગત વાત કરું. બારમા ધોરણની પરીક્ષામાં મારા દીકરાના માત્ર ૩૮ માર્ક આવ્યા. મેં બોર્ડમાં પૈસા ભરીને રીચેકિંગની વાત કરી ત્યારે એણે કહ્યું : 'મને એસ.એસ.સી. બોર્ડ તરફથી જરા પણ અન્યાય થયો નથી. ફેર ચકાસણી કરાવશો તો જેટલા છે તેમાં કદાચ ઘટાડો થાય એમ બને.' એણે વડોદરાની ફાઇન આર્ટસ ફેકલ્ટીમાં પેઇન્ટિંગનો કોર્સ કર્યો અને પછી પૂણેના ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટમાં ચાર વર્ષનો સિનેમેટ્રોગ્રાફીનો કોર્સ કર્યો. એ કામ એનું ગમતું કામ છે. મુંબઇમાં રહીને એ ટીવી સિરિયલોમાં કેમેરામેન તરીકે પૂરતા રૂપિયા રળે છે. એ ડૉક્ટર ન થયો તેથી કેટલાય દર્દીઓ બચી ગયા! શાહબુદ્દીન રાઠોડની એક મજાકના મિજાજમાં લાગણીઘેલા માતા-પિતાને સંતાનો તરફથી એટલું જ કહેવાનું : 'નડો મા'. આવા મા-બાપ પોતાને ત્યાં ઊગેલા ગુલાબમાંથી ગુલકંદ બનાવીને કમાઇ ખાવાની ઉતાવળમાં હોય છે. ગુલાબની સુગંધ એમને મન ગૌણ છે.

ફિયાટ, એમ્બેસેડર કે મારૂતિ જેવી કારની ડાઇ તૈયાર હોય છે. માતા-પિતાને પોતાનાં સંતાનો માટે આવી ડાઇ તૈયાર

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૩ ઉપર)

*કોઈ તમને મહત્ત્વ આપે કે ઉપેક્ષિત કરે એને ધ્યાનમાં લીધા વિના કર્મ કરો.*

# કપરાં ચઢાણ

● ડૉ. આઈ.કે. વીજળીવાલા ●

એ વખતે હું એક ટ્રસ્ટ હોસ્પિટલમાં મુખ્ય બાળરોગ નિષ્ણાત તરીકે કામ કરતો હતો. શહેરની એ મુખ્ય ટ્રસ્ટ હોસ્પિટલ હોવાથી કામ પણ ખૂબ રહેતું હતું. દુષ્કાળના એ અતિ દોહ્યલા દિવસો હતા. પાણીની કારમી તંગીના કારણે પાણીના તળની માફક જ પાણીની ચોખ્ખાઈનું સ્તર ખૂબ જ નીચું ગયેલું. એના કારણે પાણીજન્ય રોગોનું પ્રમાણ ખૂબ વધી ગયેલું. માંદગી તેમજ ઝાડા ઊલટીનો રોગચાળો અસહ્ય પ્રમાણમાં ફાટી નીકળ્યો હતો. સો વીઘા જમીન ધરાવતા માણસો પણ સરકારે શરૂ કરેલાં રાહતકાર્યોમાં ખાળિયા ખોદવા જતા હતા. લોકોને વરસ કેમ કાઢવું એ ફિકર જ પીડતી હતી, ત્યાં બાળકોના આરોગ્ય પ્રત્યે કોણ ધ્યાન આપે? એના કારણે દિન-પ્રતિદિન મારી ઓ.પી.ડી.માં આવતા દર્દીઓની સંખ્યા વધતી જ જતી હતી. એમની સારવાર કરતી વખતે મારે પણ એમની પરિસ્થિતિનો બરાબર ખ્યાલ રાખવો પડતો. એટલે હું બની શકે તેટલું સચોટ નિદાન કરી શકાય તે માટે મહેનત કરતો. જેથી ઓછામાં ઓછી દવાથી બાળક સારું થઈ શકે. દવા લખતી વેળાએ પણ સારામાં સારી કંપનીની તેમજ ઓછા ભાવની દવા માતા-પિતાના ખિસ્સાને ખ્યાલમાં રાખીને લખવી પડતી હતી.

આ વાત એટલા માટે કરી કે અન્ય ક્ષેત્રોની માફક તબીબી ક્ષેત્રમાં પણ અમુક ખૂણે લૂણો લાગેલો જોવા મળે છે. આમાં ડોક્ટર્સને ઘણી વખત હાથા પણ બનાવી દેવાય છે. મને ભણાવનાર મારાં પ્રોફેસર ઉષાબહેન મોદી ખૂબ જ કર્તવ્યનિષ્ઠ તેમજ સિદ્ધાંતપ્રિય વ્યક્તિ હતા. બાળકનું હિત સૌથી પહેલું જોવું એ સિદ્ધાંત અમને શિખવાડનારાં અમારાં એ મેડમ જ હતા. એમના વ્યક્તિત્વની અસર નીચે અમે એવા આવી ગયેલાં કે નાનાંમોટા પ્રલોભનો કે એના જેવી બાબતોથી અમે ભણીને બહાર પડ્યા તે પહેલાં જ પર થઈ ચૂક્યા હતા. એટલે આવા કપરા સમયમાં પણ દરેક દર્દીનું હિત જળવાય એ માટે હું મથતો રહેતો. દર્દીઓની ભીડ રોજેરોજ વધતી જ જતી હતી. કામના સતત વધતા જતા ભારણ તળે રખેને કંઈક ચૂક થઈ જાય એવો ભય પણ સતાવતો રહેતો.

આવા જ એક અતિ વ્યસ્ત દિવસની સવારના દસેક વાગ્યા હશે. હું મારી ઓપીડીમાં ગળાડૂબ કામમાં પડ્યો હતો. દર્દીને તપાસી એમનાં માબાપને દવાની ચિઠ્ઠી આપું. એટલે એ લોકો દવાની બારી પરથી દવા લઈ લે. હોસ્પિટલમાં ન મળતી દવા લેવા જુદી ચિઠ્ઠી બનાવવી પડતી. એ લઈને દર્દીનાં સગાં હોસ્પિટલના કંપાઉન્ડની બહાર આવેલા ઘણા બધા મેડિકલ સ્ટોર્સમાંથી કોઈ પણ જગ્યાએથી દવા ખરીદી લે. પણ મેં એક નિયમ બનાવેલો. દરેક દર્દીના સગાંએ દવા બહારથી ખરીદ્યા પછી મને બતાવી જવી. આમાં ભૂલ ન થાય તેવો મારો હંમેશનો આગ્રહ રહેતો. દવા હું જોઈ લઉં પછી જ એ બાળક અને એના સગા ઘરે જઈ શકે.

આવા જ એક દર્દીની ખરીદેલી દવા તપાસતાં એક દવા એવી કંપનીની નીકળી કે જે મેં નહોતી લખી. 'અરે ભાઈ! આ દવા તો મેં નથી લખી!' મેં બાળકના પિતાને કહ્યું, 'આ કંપની તો કોઈ ભળતી જ લાગે છે! મેં તો આ કંપનીનું નામ પણ નથી સાંભળ્યું. ક્યાંથી દવા ખરીદી તમે?'

'મુખ્ય બજારમાંથી. ફલાણા મેડિકલ સ્ટોરમાંથી.' બાળકના પિતાએ જવાબ વાળ્યો.

'જાઓ પાછા. અને એ મેડિકલ સ્ટોરવાળા ભાઈને કહો કે સાહેબ આ દવાની ના પાડે છે. અને એમ પણ ભાર દઈને કહેજો કે મેં લખેલી દવા જ આપે. કંપની પણ મેં લખી છે એ જ હોવી જોઈએ.' મેં દવા પાછી આપતા કહ્યું. હકારમાં માથું હલાવીને દર્દીના સગા ગયા. ભણીને બહાર પડ્યો ત્યારથી જ મને દવાના નામ નીચે કૌંસ કરી તેમાં કંપનીનું નામ લખવાની ટેવ પડેલી. જેના લીધે ભળતી દવા અપાઈ જવાની શક્યતા ઓછી રહે.

હજુ તો દસેક મિનિટ જ વીતી હશે ત્યાં જ એ પાછા આવ્યા. પરંતુ આ વખતે એમની જોડે પાનમાવો ચાવતા એક બીજા ભાઈ પણ હતા. મારા પૂછવા પર દર્દીના સગાએ જણાવ્યું કે આ એ જ ભાઈ હતા જેમને ત્યાંથી દવા ખરીદવામાં આવી હતી અને ખોટી દવા આવી ગઈ હતી.

'કાં સાહેબ! શું થયું? દવાની બાબતે શો વાંધો પડ્યો?' હું કંઈ બોલું એ પહેલાં જ એમણે બોલવાનું શરૂ કરી દીધું. એમની બોલવાની સ્ટાઈલ, બેસવાની તેમજ પાનમાવો ચાવવાની જુગુપ્સાપ્રેરક ઢબ મને જરા પણ ન ગમ્યાં. પણ હું આ શહેરમાં સાવ નવો જ હતો. એ ભાઈ પણ મારા માટે અજાણ્યા હતા. આવામાં ઉગ્રતાથી વાત બગડતી હોય છે. એટલે નરમાશથી મેં કહ્યું, 'જુઓ ભાઈ! આ દર્દીના સગાએ તમારે ત્યાંથી દવાઓ ખરીદેલી છે. તમારી દુકાનનું બિલ પણ જોડે જ છે. પરંતુ બન્યું છે એવું કે દવાઓ મેં લખેલી છે તે નથી. એક દવા જે મુખ્ય છે તે બદલાઈ ગઈ છે. એ કોઈ બોગસ કંપનીની આવી ગઈ છે. જો તમારા માણસથી ભૂલથી બન્યું હોય તો કંઈ વાંધો નથી, એમને દવા બદલી આપજો.'

'ભૂલથી નહીં સાહેબ! મેં જાતે જ એ દવા આપી છે. અને એ કંપની મારા સગાની

*જ્ઞાન એ એકવીસમી સદીની મૂડી છે.*

છે. અહીં બધા ડોક્ટર્સ દવાઓ લખે છે પણ હું જે દવા આપું એ ચલાવી લે છે. કોઈ મને કંઈ કહેતું નથી. આ તો તમે સાવ નવા આવેલા છો એટલે તમને આની ખબર નથી. હું પણ હમણાં કામના બોજા નીચે તમને મળવા આવી શક્યો નથી. બાકી મારી તો એવી ટેવ છે કે જે કોઈ ડોક્ટર નવા આવે તેને હું પહેલાં દિવસે જ મળી જાઉં છું! અને આમેય આપણે તો એક જ ધંધાના કહેવાઈએ. આવું થોડુંક આઘું-પાછું તો ચલાવવું જ પડે. સમજી ગયા ને?! હેં!... હેં!... હેં!... હેં!...' જાણે બધા જ ડોક્ટર્સ એના કહેવા મુજબ જ હંમેશાં કરવાના હોય એની ખાતરી હોય તેમ એણે અટ્ટહાસ્ય કર્યું. એના બોલવામાં મને એક સૌથી વધારે ખૂંચતી વાત એ હતી કે મારા અને એના ધંધાને એ માણસ એક ગણતો હતો!

'નહીં ભાઈ! આ દર્દીઓની જિંદગીનો સવાલ છે. અને એમાં જરા પણ બાંધછોડ નહીં ચાલે, સમજ્યા?' મેં કહ્યું, 'અને હા! આજ પછી મારી લખેલી દવામાં ક્યારેય કોઈ પણ ફેરફાર તમારે જાતે નહીં કરવાનો. અને જો કરશો તો પરિણામ ભોગવવાની પણ તૈયારી રાખવી પડશે, સમજણ પડી? હવે તમે જઈ શકો છો.' હું માંડ માંડ સ્વસ્થતા રાખી બોલી રહ્યો હતો. મને મનોમન એ માણસ પર સખત ગુસ્સો ચડી રહ્યો હતો.

'અરે સાહેબ! મારી વાત તો સાંભળો!' જાણે જિંદગીમાં પ્રથમ વખત જ આવો અનુભવ થયો હોય તેમ એનો અવાજ સહેજ લથડ્યો, એને શબ્દો જડતા ન હોય તેવું લાગ્યું. 'સાહેબ! આવું થોડુંક તો એકબીજાનું સાચવી લેવું પડે!'

મારાથી હવે ક્રોધ પર કાબૂ રાખવો મુશ્કેલ કામ હતું. મારો અવાજ ઊંચો ગયો. મારાથી ગુસ્સાભર્યા અવાજે પૂછાઈ ગયું, 'કેમ? શું કામ સાચવી લેવું પડે? હું તમારી નોકરી કરું છું? હું મારા દર્દીઓની બાબતમાં આવું હરગીજ નહીં ચલાવું સમજ્યા? અને હવે તમે અહીંથી જઈ શકો છો અને ભવિષ્યમાં આવું ક્યારેય ન થાય તેની કાળજી રાખજો.' આટલું કહી મેં મારા પટાવાળાને બીજો દર્દી મોકલવા માટે ઈશારો કર્યો. જિંદગીમાં આવું અપમાન પેલા માણસે ક્યારેય સહન નહીં કર્યું હોય. રોષભર્યા ચહેરા સાથે કંઈક બબડતાં બબડતાં એણે વિદાય લીધી. મારું મન પણ ગુસ્સાથી તેમજ કંઈક હદે ખિન્નતાથી ભરાઈ ગયું.

***મારા મનમાં અનેક વિચારો ઊઠતા હતા. શું મેડિકલ ફિલ્ડ આવા જ ગોટાળાઓથી ભરેલું હશે?*** ભણતા હતા ત્યારે આવું બધું સાંભળ્યું તો ખૂબ હતું પણ આવી કોઈ વાતનો સામનો કરવાનો વારો તો આજે જ આવ્યો હતો. વારે વારે થતું હતું કે શું દિવસ-રાત કાળી મજૂરી કરતા કેટલાયે દર્દીઓની આવી બોગસ કંપનીની દવાઓ જ પધરાવી દેવામાં આવતી હશે? આવું કરતી વખતે એ માણસોનો જીવ શી રીતે ચાલતો હશે? અને એવું બધું ચલાવી લેતા ડોક્ટર્સને કંઈ પણ નહીં થતું હોય? શું થોડાક પૈસા કોઈને પણ ખરીદી શકે? માણસની જિંદગી, આદર્શો, નૈતિક મૂલ્યો એ બધાથી પણ પૈસાનું મૂલ્ય વધારે? પૈસા જીવનની જરૂરિયાત છે એ હકીકત સ્વીકારીએ પણ શું પૈસો જ જીવન છે? કંઈ સૂઝતું નહોતું. વાવાઝોડાની જેમ સવાલો મનમાં ઘૂમરાઈ રહ્યા હતા. હું એ વખતે નવોસવો જ ભણીને આવેલો એટલે આવા બધા સવાલો થાય એ પણ અત્યંત સ્વાભાવિક હતું. ***એક અત્યંત ઉમદા પ્રોફેશનમાં ચાલી રહેલા કાળા ધંધાઓનો પર્દાફાશ પીડાદાયક નીવડે એ પણ હકીકત હતી.*** મારી ભ્રાંતિ તૂટવાને કારણે ઓ.પી.ડી.ના દર્દીઓ જોવાની મારી હંમેશની એકાગ્રતા આજે વારંવાર તૂટતી હતી. પેલા મેડિકલ સ્ટોરવાળા માણસના શબ્દો 'આવું થોડું-ઘણું આઘુંપાછું તો બધા ચલાવી જ લેતા હોય છે!' મને હચમચાવી રહ્યા હતા. એક નોબલ - અતિ ઉમદા ધંધાનો આવો પણ ચહેરો હશે? અરે! હશે શું, હતો જ ને?! એના કહેવા પ્રમાણે આવું આઘુંપાછું ચલાવી લેતા ડૉક્ટર્સ ખરેખર આવું ચલાવતા હશે કે એમને ચલાવી લેવું પડતું હશે? આ ધંધામાં પણ ધાક-ધમકી, લાંચ રુશવત વગેરે ચાલતું હશે? ભણતા હતા ત્યારે આછુંપાતળું જે સાંભળેલું તે આજે તાદૃશ થતું હતું.

વારે ઘડીયે મારું મન એક સવાલ કરતું હતું કે, 'આવાં બધાં તત્ત્વો સામે ટકી શકાશે ખરું? એકલા હાથે લડી શકાશે? જો બધાં જ આવું કરતા હશે તો તને કોણ સાથ આપશે?' પણ આ બધી મૂંઝવણની વચ્ચે પણ અંદર ક્યાંક ઊંડે ઊંડેથી એક નાનકડો અવાજ સધિયારો આપતો હતો કે, 'કંઈ વાંધો નહીં. મૂંઝાવું નહીં અને ઝૂકવું પણ નહીં. પડશે તેવા દેવાશે. પણ જો તરવાનું નક્કી જ કરી લીધું હોય તો પછી સામા પૂરે પણ તરવું તો ખરું જ! પ્રવાહની સાથે નિષ્પ્રાણ લાકડાંની જેમ તરવાવાળાનો તો આમેય ક્યાં તોટો છે? પછી પડશે તેવા દેવાશે!'

આવા અનેક વિચારો વચ્ચે મારી સવારની ઓ.પી.ડી. બપોરના સાડા ત્રણ વાગ્યાની આસપાસ પૂરી કરીને હું ઘરે જમવા માટે ગયો. આ આખા પ્રસંગ અંગે થોડી માનસિક તૈયારીઓ પણ કરી લીધી. પછી જમીને થોડીક વાર માટે આડો પડ્યો. દસથી પંદર મિનિટ થઈ હશે ત્યાં જ એક સિરિયસ બાળક દાખલ થયું. એટલે એની સારવારમાં આ સમગ્ર ઘટના જ ભુલાઈ ગઈ. એ સિરિયસ દર્દીની સારવારમાં જ સાંજ પડી ગઈ. એને બરાબર સેટ કરીને હું સાંજની ઓ.પી.ડી.માં જતો હતો ત્યાં જ પટાવાળાએ મને લૉબીમાં જ ઊભો રાખ્યો.

'વીજળીવાળા સાહેબ! તમને મુખ્ય ટ્રસ્ટીસાહેબ બોલાવે છે!' પટાવાળાએ કહ્યું.

'કેમ? મુખ્ય ટ્રસ્ટી સાહેબને વળી મારું શું કામ પડ્યું? એમના છોકરાના છોકરાને કંઈ થયું છે કે શું?' મેં પૂછ્યું.

'ના સાહેબ! એ તો કંઈ ખબર નથી પણ અત્યારે જ અર્જન્ટ બોલાવે છે. શું કામ એ નથી જણાવ્યું.' એટલું કહીને પટાવાળાએ વિદાય લીધી. શું હશે તેનો અંદાજ લગાવતો હું એમની ચેમ્બર સુધી પહોંચ્યો. એમની ચેમ્બરના સ્વિંગડોર પર ટકોરા માર્યા. એ ક્ષણે જાણે મારા આ ટકોરાની રાહ જ જોતો

*નિર્બળને ભલે દુશ્મન બનાવો, પણ એને મિત્ર કદી નહીં બનાવતા.*

હોય તેવો અવાજ આવ્યો, 'કમ ઈન!'

'ગુડ ઈવનિંગ!' ચેમ્બરમાં દાખલ થતાં જ મેં કહ્યું.

'આવો ડોક્ટરસાહેબ! બેસો!' મુખ્ય ટ્રસ્ટીએ એમના ચહેરા પર બનાવટી હાસ્ય લાવીને મને આવકાર્યો. ત્યાં જ મારું ધ્યાન સવારે મારી પાસે આવેલા મેડિકલ સ્ટોરવાળા પેલા ભાઈ તરફ ગયું. ખૂણામાં પડેલી એક ખુરશી પર તમાકુ મમળાવતાં એ બેઠા હતા. એક જ ક્ષણમાં હું સમગ્ર વાત પામી ગયો. મારી અંદરથી સવાલ ઊઠ્યો, 'ટકી શકાશે?' પછી જાણે કોઈએ અંદરથી જ હિંમત આપી કે, 'પડશે તેવા દેવાશે!'

'પ્લીઝ ડોક્ટરસાહેબ! ટેક યોર સીટ, બેસો!' મને ખુરશી પર બેસવાનો ઈશારો કરતાં મુખ્ય ટ્રસ્ટીએ કહ્યું. હું બેઠો. વાત મારે તો શરૂ કરવાની હતી નહીં. એ બંને જણાએ એકબીજા સામું જોયું. પછી મુખ્ય ટ્રસ્ટી મને ઉદ્દેશીને બોલ્યા, 'જુઓ સાહેબ! આ ભાઈ વરસોથી અમારા સ્નેહી છે. અમારા વચ્ચે વરસોનો સંબંધ છે. એમના ભાઈની દવા બનાવવાની કંપની અમદાવાદમાં છે. સવારે એ તમને આ અંગે વાત કરવા આવેલા પણ દર્દીઓની વચ્ચે કદાચ બરાબર વાત કરવાનો સમય નહીં રહ્યો હોય. એટલે તમને અહીં બોલાવ્યા છે. જુઓ! તમે રોજના ૧૦૦ દર્દીઓ જુઓ છો. તેમાંથી પાંચ-દસ દર્દીને પણ આમના ભાઈની કંપનીની દવાઓ લખી આપો એવી અમે આશા રાખીએ છીએ. કેમ ફલાણાભાઈ, બરાબર ને? તમારું શું કહેવું છે?' છેલ્લાં બે વાક્યો એ પેલા ભાઈ તરફ ફરીને બોલ્યા.

'હોવે!' પેલા ભાઈ મારી સામે ખંધું હસીને બોલ્યા, 'આ વાત બરાબર જ છે. આ વસ્તુ જ હું તમને સવારે સમજાવવા આવેલો. પણ તમે એક તો નવાસવા ડોક્ટર અને એમાંય પાછું ચડતું લોહી! એ વખતે મારી વાત તમારા ધ્યાનમાં આવી જ નહીં. એટલે મને થયું કે મુખ્ય ટ્રસ્ટી સાહેબ જેવા ઠરેલ માણસ જ તમને સમજાવી શકશે.'

હું કંઈ પણ બોલ્યા વગર બેઠો હતો. આવા જ કોઈ પ્રસંગ માટેની માનસિક તૈયારી મેં કરી જ લીધી હતી. એટલે અત્યારનો પ્રસંગ સવારની માફક સાવ અણધાર્યો તો નહોતો જ. બે-ચાર મિનિટની શાંતિ પછી મુખ્ય ટ્રસ્ટીએ મારી સામે જોઈને કહ્યું, 'તો પછી વીજળીવાળા સાહેબ! શું વિચાર્યું? મને તો લાગે છે કે આમાં હવે વધારે શું વિચારવાનું હોય? રોજ પાંચ-દસ બાટલી આમની કંપનીની લખી નાખવાની, એનાથી વધારે કંઈ કરવાનું પણ નથી. જાવ તમે તમારે, કરી દો ઓ.પી.ડી. શરૂ! તમારી ઓ.પી.ડી.માં તો ઢગલો નાના-નાના બાલગોપાલ રાહ જોતાં હશે!' પછી મેડિકલ સ્ટોરવાળાભાઈ તરફ ફરીને બોલ્યા, 'અને ફલાણાભાઈ! તમે પણ હવે ચિંતા વગર જાવ. તમારું કામ થઈ ગયું સમજો. તમારે પણ સાહેબને સાચવી લેવાના સમજ્યા? જાવ, તમારે હવે કંઈ ફરિયાદ કરવાપણું નહીં રહે, બરાબર?'

'જરાય બરાબર નહીં ટ્રસ્ટીસાહેબ!' પેલા ફલાણાભાઈ કંઈ પણ કહે તે પહેલાં હું બોલ્યો. રૂમમાં થોડીક ક્ષણો માટે શાંતિ અને સ્તબ્ધતા છવાઈ ગયાં. મુખ્ય ટ્રસ્ટી માટે આ અણધાર્યા હુમલા જેવું જ હતું. પોતાની ખુરશીમાં અર્ધા ઊભા થઈ ગયેલા પેલા ફલાણાભાઈ પાછા બેસી ગયા.

'ટ્રસ્ટીસાહેબ તમે ક્યારેય ભૂખ જોઈ છે?' મેં મુખ્ય ટ્રસ્ટીને પ્રશ્ન કર્યો. એ કંઈ પણ જવાબ આપે તે પહેલાં જ હું બોલ્યો, ***'તમે ક્યારેય ઉનાળાના બળબળતા તાપમાં ખાળિયાં ખોદ્યાં છે? ક્યારેય ત્રિકમ-પાવડો ઉપાડ્યાં છે?'***

'ના!' એમણે ટૂંકો જવાબ આપ્યો. હજુ એ સમજી નહોતા શકતા કે હું શું કહી રહ્યો હતો.

'તો પછી મારા સાહેબ! તમને એ દસ રૂપિયાની કિંમત શું છે એ કદી નહીં સમજાય.' હું બોલ્યો. એ વખતે મારા માનવા મુજબ સરકારી રાહતકામોમાં વ્યક્તિદીઠ દસ રૂપિયા મજૂરી પેટે મળતા. 'એકાદ દિવસ ત્રિકમ-પાવડો લઈને આ ઉનાળાના તડકામાં મજૂરીએ જાવ તો ખરા! અને તનતોડ મહેનત કર્યા પછી એ દસ રૂપિયા લઈને આવ્યા હો અને પછી કોઈ ડોક્ટર તમારા માંદા બાળકને આવી બોગસ કંપનીની દવા લખી આપે તો? અરે ન કરે નારાયણ અને દરદ વધી જવાથી એ બાળક મૃત્યુ પામે તો? તમારો આત્મા તો ઠીક પરમાત્મા પણ હાયકારો ન નાખી જાય? હવે પછી તમે બધા બરાબર યાદ રાખજો કે મારાથી એ ગરીબ દર્દીઓને અન્યાય નહીં જ થઈ શકે. મારા હાથથી તો હું આવી બોગસ દવાઓ કદી નહીં લખી શકું. અને હા! હવે બીજી પણ એક વાત તમે સૌ સાંભળી લો. આજ પછી મારે કઈ દવા લખવી, કઈ કંપનીની લખવી એ મારો વિષય છે. એમાં તમારે કોઈએ માથું મારવું નહીં. એ અંગે મહેરબાની કરીને કોઈએ મને સલાહ પણ આપવી નહીં. હા! મારી ક્યાંય મોટી ભૂલ થઈ હોય તો જુદી વાત છે. અને હું પણ તમારા લોકોના કામમાં ક્યારેય માથું મારતો નથી. તમારે લોકોએ પણ મારા કામમાં દખલઅંદાજી ન કરવી, સમજી ગયા? હું પણ આશા રાખું છું કે તમે સૌ આટલી વાતમાં સમજી જ ગયા હશો.' મારા હાથપગ અને હવે તો અવાજ પણ આ પુણ્યપ્રકોપના કારણે ધ્રૂજતા હતા.

'ડોક્ટરસાહેબ! તમે અહીંયાં અમારી નીચે નોકરી કરો છો એ તમે પણ ભૂલશો નહીં. તમારી અહિંયાંની નોકરીનું પણ મેં જ નક્કી કરેલું એ ભૂલી ગયા?' એમણે સામ-દંડવાળી નીતિ અખત્યાર કરવાનું શરૂ કર્યું.

'ના, ટ્રસ્ટીસાહેબ! હું એ જરાય નથી ભૂલ્યો. પણ એ વખતે તમે આવી ભ્રષ્ટાચારવાળી વાત કરવાનું જરૂર ભૂલી ગયા હતા. અને બીજી વાત મારી નોકરીની, તો સાંભળો! તમારા દવાખાનાને જરૂર હતી એટલે તમારી વિનંતીથી હું અહીં આવ્યો છું. એ તમે લોકો પણ ભૂલશો નહીં. બાકી મારી પાસે અત્યારે વધારે પગારની ક્લાસ-વનની સરકારી નોકરીનો કાગળ તૈયાર જ છે. એટલે તમારી નોકરીની મને જરાયે પડી નથી! અને છતાંયે તમને મારું વલણ યોગ્ય

*બહાદુર હોય કે બીકણ, કોઈપણ વ્યક્તિ એના ભાવિમાંથી છટકી શકશે નહિ.*

ન લાગતું હોય તો આ સ્વીકારી લો!' એટલું કહી મેં મારા રાજીનામાનું કવર એમના ટેબલ પર મૂક્યું.

મુખ્ય ટ્રસ્ટીસાહેબ પણ વરસોના અનુભવી અને જમાનાની નાડના બરાબરના પારખુ વ્યક્તિ હતા. પળવારમાં જ એ મારું પોત અને વાત બંનેને પામી ગયા હોય તેવું લાગ્યું. પોતાના સ્નેહીની દાળ ગળાવવા જતાં મને ગુમાવવો એમને પાલવે તેમ હતું જ નહીં. એટલે જાણતા હોવા છતાં તેમણે પૂછ્યું, 'શું છે આ કવરમાં?'

'મારું રાજીનામું.' મેં જવાબ દીધો. 'મારા સિદ્ધાંતોના ભોગે હું કામ કરવા નથી માગતો. નોકરી તો બીજી પણ મળશે. પ્રાઈવેટ પ્રેક્ટિસ પણ થઈ શકશે. પણ તમે હમણાં જેને બાલ-ગોપાલ કહ્યાં એ બાળ દર્દીઓનો ગુનેગાર હું તો કદી નહીં બની શકું. થોડાંક પૈસા કે કોઈના રાજીપા માટે હું એ ફરિશ્તાઓને દગો ન જ દઉં! જો એવું કરું તો પછી ઉપર જઈને હું મારા ખુદાને કયા મોઢે જવાબ આપી શકીશ?' હવે મારો સ્વર સહેજ રૂંધાયો. મારા ગળે ડૂમો ભરાયો હોય તેવું લાગ્યું.

રૂમમાં નીરવ શાંતિ છવાઈ ગઈ. આ સમગ્ર વાતચીતના દોર દરમિયાન બીજા ૩થી ૪ ટ્રસ્ટીઓ પણ આવીને બેસી ગયેલા એ પણ શાંત બની ગયા હતા. એમના સૌના માટે કદાચ આવું દશ્ય જિંદગીમાં પ્રથમ વખત જોવા મળ્યું હોય તેવું લાગતું હતું. થોડીક વાર સુધી કોઈ કંઈ જ ન બોલી શક્યું.

પછી મુખ્ય ટ્રસ્ટીએ ધીમેથી મારા રાજીનામાનો પત્ર ઉઠાવ્યો. કવર ખોલ્યા વિના જ એમણે એ ફાડી નાખ્યું. પછી કચરા ટોપલીમાં એ ટુકડાઓ નાખતાં બોલ્યા, 'ઓ.કે.! જાવ તમારી ડ્યૂટી પર ઓ.પી.ડી.માં પહોંચી જાવ. હવે પછી તમને કોઈ કંઈ નહીં કહે તેની મારી ખાતરી!'

પેલો મેડિકલ સ્ટોરવાળો તો કાપો તો લોહી પણ ન નીકળે તેવો થઈ ગયો હતો.

હું નરમાશથી ઊભો થયો. બધાને હાથ જોડીને અભિવાદન કર્યું. પછી એમની ચેમ્બરમાં પથરાયેલી શાંતિને મારા બૂટના અવાજથી ચીરતો હું બહાર નીકળ્યો. લોબીના ખુલ્લા ઠંડા પવનથી ફેફસાંને ભરી દે તેવો એક ઊંડો શ્વાસ લીધો. દિલોદિમાગમાં તાજગી ભરાઈ ગઈ. પછી મનને કહ્યું કે, 'દોસ્ત! આવામાં પણ ટકી શકાશે! આ બધામાં પણ જરૂરથી ટકી શકાશે!'

*(ડૉ. આઈ. કે. વીજળીવાળા લિખિત તેમના 'સત્ય ઘટના' આધારિત લેખોના 'સાઈલન્સ પ્લીઝ!' નામના પુસ્તકમાંથી સાભાર)*

***'મંગલ મંદિર' : નવેમ્બર-૨૦૦૮***

---

## આઈન્સ્ટાઈન ભણવામાં 'ઢ' હતો

**(અનુસંધાન : પાના નં.-૩૯ ઉપરથી ચાલુ)**

રાખવાનો અધિકાર નથી. ખલિલ જિબ્રાન સાચું કહે છે : 'તમારાં સંતાનો તમારા દ્વારા આવે છે પરંતુ એ ભગવાનનાં છે, તમારાં નથી.' હિરણ્યકશ્યપ એક એવો પિતા હતો જેણે પ્રહલાદને પોતાની ડાઇમાં ઢાળવાનો પ્રયત્ન કરેલો. આપણે ક્યારેક આવી જ ભૂલ કરીને સંતાનો પર આપણા વિચારો લાદીએ છીએ. પરિવારોમાં ક્યાંક ગાંધીપંથની, ક્યાંક માર્ક્સવાદી પંથની કે ક્યાંક રજનીશ પંથની ડાઇ તૈયાર હોય છે. પ્રત્યેક બાળક ભીતરથી પ્રોગ્રામ્ડ હોય છે. એની અંદર પડેલી શક્યતાઓને પુષ્પની કળીની માફક ખૂલવા અને ખીલવા દેવી જોઇએ. કૃષ્ણે અર્જુનને ગીતામાં કહેલું : 'યથેચ્છસી તથા કુરુ'. બાળકને માતા પિતા વિચાર ન આપે, વિચારવાની શક્તિ ભલે આપે, અંધ માણસને લાકડી આપવા કરતાં દૃષ્ટિ આપવી સારી. ઘરનું ડાઇનિંગ ટેબલ એક છૂપી યુનિવર્સિટી છે. મા બાપે સંતાનો પાસેથી વિચારનો કોન્ટ્રાક્ટ લેવાનો નથી. માતા-પિતા સંતાનોને બદલે ન વિચારે, પરંતુ એમને વિચારતાં કરે તે જરૂરી છે. સંતાનોને સારાં સારાં પુસ્તકો આપી દીધા પછી બધું એમની પર છોડી દો. સ્વામિનારાયણ પંથમાં શ્રદ્ધા ધરાવનાર પરિવારમાં પરણીને આવેલી પુત્રવધૂ કબીરપંથી હોઇ શકે છે? વિચારની અને પવનની પોટલી ન બંધાય. સંતાનોએ પણ માતા-પિતાને વિનયપૂર્વક કહેવું જોઈએ : 'તમારી કંઠી તમને મુબારક.' જો પ્રહલાદે સત્યાગ્રહ ન કર્યો હોત તો આજે પણ હિરણ્યકશ્યપ જીવતો હોત. સંતાનોને પોતાના જેવાં બનાવવાની તામસિક ઝંખનામાં હિરણ્યકશ્યપ વૃત્તિનો નિવાસ છે.

શોપનહોઅર અને કાન્ટની માફક હર્બાર્ટ સ્પેન્સર પણ પરણ્યો ન હતો. હર્બાર્ટ સ્પેન્સરના આખરી દિવસોમાં એક મિત્રે એના ખોળામાં સ્પેન્સરના જ અઢાર ગ્રંથો મૂકી દીધા. એ ગ્રંથો સિન્થેટિક ફિલસૂફી પર લખાયેલા મૂલ્યવાન ગ્રંથો હતા. સ્પેન્સરે એક ઊંડો નિસાસો નાંખીને મિત્રને કહ્યું : 'કાશ! આ અઢાર થોથાંની જગ્યાએ અત્યારે મારા ખોળામાં મારો પૌત્ર હોત તો!' સંતાનો ઈશ્વરની ભેટ છે. મા બાપ માળી છે માલિક નથી. એમને એમની રીતે ખીલવા દો. માણસમાં પડેલી શક્યતાઓનો કોઇ ઓવારો નથી હોતો. સાગર કિનારે બંદર હોઇ શકે, નદી કિનારે ઓવારો હોઇ શકે, ઝરણાંને કાંઠે ઓવારો કે બંદર ન હોઇ શકે. ઝરણાનું ગંતવ્ય ઝરણું જ નક્કી કરે છે. પેલા કેદીની માફક માતા-પિતાએ જાતને કહેવું : 'ઘોડો કદાચ ઊડે પણ ખરો!'

**પાઘડીનો વળ છેડે :**

*વાતોડિયા લોકો પાસેથી હું,*
*મૌનનું શિક્ષણ પામ્યો છું.*
*અસહિષ્ણુ માણસો પાસેથી હું,*
*સહિષ્ણુતાના પાઠ ભણ્યો છું.*
*અને દયાહીન માણસો પાસેથી હું,*
*દયાનું શિક્ષણ પામ્યો છું.*
*તોય કેવી વિચિત્ર વાત છે કે આવા શિક્ષકો પ્રત્યે મારામાં ઉપકારભાવ નથી.*

***– ખલિલ જિબ્રાન***

***('હલચલ'માંથી સાભાર)***

***મોકલનાર :- નટુભાઇ જે. શાહ - અમદાવાદ***

***'મંગલ મંદિર' : એપ્રિલ-૨૦૦૮***

---

*આશાવાદીને દરેક વિપત્તિમાં તક દેખાય છે, નિરાશાવાદીને દરેક તકમાં વિપત્તિ દેખાય છે.*

ઇતિહાસ

# સામા પ્રવાહે તરવું છે – બદલાતી સંસ્કૃતિઓ

• મૂરજી ગડા •

આપણે જ્યારે ભારતીય સંસ્કૃતિની વાત કરીએ છીએ ત્યારે આપણા મનમાં એક આદર્શ સમાજ વ્યવસ્થાનો ખ્યાલ હોય છે. આપણે જે સાંભળતા અને વાંચતા આવ્યા છીએ, એને સ્વાભાવિકપણે સ્વીકારી લીધું છે. વાસ્તવમાં એ અર્ધસત્ય છે.

આપણી પ્રાચીન સંસ્કૃતિ ખરેખર કેવી હતી એ કહેવું લગભગ અશક્ય છે. ગણ્યાગાંઠ્યા મહાકાવ્યો કે ગ્રંથો પરથી એનો સાચો ખ્યાલ ન આવે. એમાં થોડી અતિશયોક્તિ અને ઘણી બધી કવિ કલ્પના, (વિશફુલ થિંકિંગ) પણ હોઇ શકે છે. સદીઓ પછી પણ એ અકબંધ જળવાઇ રહી છે એમ માનવું ભૂલ ભરેલું છે.

આપણને વર્તમાનમાં જે નજર સામે દેખાય છે તે આપણી સદીઓની સંસ્કૃતિનો નિચોડ છે, આપણો સાંસ્કૃતિક વારસો છે. આપણી કુટુંબભાવના, વડીલો પ્રત્યેના માનમર્યાદા, પડોશીઓ સાથેનો ગાઢ સંબંધ, સહિષ્ણુતા વગેરે આપણી સંસ્કૃતિનું જમા પાસું છે. સાથેસાથે દંભ, ભ્રષ્ટાચાર, દેખાદેખી, બહાનાંબાજી, અંધશ્રદ્ધા, જાતિભેદ, વર્ણભેદ, અસ્પૃશ્યતા, પરિવર્તનનો વિરોધ, જાહેર જગ્યાઓની ગંદકી વગેરે બધું જ આપણી સંસ્કૃતિનું ઉધાર પાસું છે. આમાથી ઘણું પહેલેથી ચાલ્યું આવે છે.

ભારતીય સંસ્કૃતિ ઘણી જૂની છે. પાંચ પ્રાચીન સંસ્કૃતિઓમાંની તે એક છે. આ બધી સંસ્કૃતિઓનો ત્યારે પણ એકબીજા સાથે સંપર્ક હતો અને પરસ્પર વિચારોની આપલે થતી હતી. જો એમાં ઊંડા ઉતરીએ તો પ્રાચીન સંસ્કૃતિઓ વચ્ચે ઘણી સમાનતા દેખાઇ આવે છે. સાથે સાથે બધી સંસ્કૃતિઓમાં પોતાની સ્થળ આધારિત વિશિષ્ટતા પણ હતી.

સંસ્કૃતિઓ આદિકાળથી અસ્તિત્વમાં છે, અને સમયાંતરે બદલાતી રહી છે. એમને બદલે છે ધર્મ, માનવીય, સ્થળાંતર, રાજકારણ ઇતિહાસ, ઔદ્યોગિકીકરણ, વૈશ્વિકીકરણ વગેરે.

ધર્મ અને સંસ્કૃતિ બે ભિન્ન બાબતો છે. ધર્મ એ મનુષ્ય જીવનનું ખૂબ અગત્યનું અંગ છે, જ્યારે સંસ્કૃતિ તો આપણી દરેક પ્રવૃત્તિ, વિચારો, માન્યતાઓ વગેરે બધાનો સરવાળો છે. એને જીવન વ્યવસ્થા કે સમાજ-વ્યવસ્થા પણ કહી શકાય. એ આપણા વહેવાર, તહેવાર, રીતરિવાજ, રહેણીકરણી, સાહિત્ય, સંગીત, કળા, ફિલ્મ વગેરે દ્વારા છતી થાય છે.

સંસ્કૃતિ અને ધર્મ અલગ હોવા છતાં એકબીજાના પૂરક છે. આજના સ્વરૂપમાં જે જુદા જુદા ધર્મો અસ્તિત્વમાં છે તે પ્રાચીન સમયમાં મોજૂદ નહોતા. સ્થાનિક સંસ્કૃતિની તત્કાલીન જરૂરિયાત તેમજ તેમાં રહેલી કેટલીક અતિરેકતાના પર્યાયરૂપે જુદા જુદા ધર્મોનો ઉદય થયો અને તે પ્રમાણે ધર્મોના સિદ્ધાંત રચાયા. (ખ્રિસ્તી, મુસ્લિમ, વગેરે ધર્મોનો ઉદય આ માન્યતાની પુષ્ટિ કરે છે. હિંદુ અને જૈન ધર્મના અનુયાયીઓ એમનો ધર્મ આદિકાળથી હોવાનો દાવો કરે છે. એની ચર્ચામાં અત્યારે નહીં ઉતરીએ) ધર્મના ફેલાવા સાથે એમાં રહેલ વિચારભેદને કારણે સંસ્કૃતિઓ વચ્ચેનું અંતર વધવા લાગ્યું. એકબીજાની પૂરક બનવાને બદલે સ્પર્ધક બની ગઇ.

સમાજશાસ્ત્ર એ બધીજ શાળાઓમાં ભણાવવામાં આવતો વિષય છે. વ્યવસાયમાં એનું મહત્ત્વ ન હોતાં મોટા ભાગના વિદ્યાર્થીઓ દ્વારા એ અવગણાયેલ છે. છતાંયે એ ફરજિયાત ભણાવાય છે કારણકે એ આપણા જીવન સાથે વણાયેલ છે.

સમાજશાસ્ત્રનો એક ભાગ છે ઇતિહાસ. ઇતિહાસ એ રાજાઓના નામો અને લડાઇની તારીખો ઉપરાંત ઘણું વધારે છે. ઐતિહાસિક ઘટનાઓ પાછળના કારણો અને તેમની અસર ઇતિહાસનું હાર્દ હોય છે. દરેક મહત્ત્વની ઘટના અને વહેણ (ટ્રેન્ડ) એની અસર અચૂક મૂકતી જાય છે.

સંસ્કૃતિ, ધર્મ અને ઇતિહાસ ગાઢપણે સંકળાઇને એકબીજાને ઘડે છે. ધાર્મિક ભેદભાવોએ યુદ્ધો સર્જ્યાં છે. યુદ્ધોએ રાજકીય નકશા બદલી સંસ્કૃતિને મઠારી છે. એમાંથી નવા ધર્મોનો ઉદય થયો છે અથવા તો પ્રસ્થાપિત અને પ્રચલિત ધર્મમાં ફાંટા પડ્યા છે. આ ચક્ર ચાલતું રહે છે.

સંસ્કૃતિઓને સ્પષ્ટપણે બદલાવતી છેલ્લી સદીની થોડીક ઘટનાઓ અને વહેણ છે : યુરોપિય સંસ્થાનવાદનો અંત, લોકશાહીનો તેમજ શિક્ષણનો ફેલાવો, સામ્યવાદનો ઉદય અને પીછેહઠ, બે વિશ્વયુદ્ધો, ઔદ્યોગિકીકરણ અને વૈશ્વિકીકરણ વગેરે.

ભારતના સંદર્ભમાં જોઇએ તો ઇતિહાસમાં પ્રથમવાર ભારત એક દેશ તરીકે ઉદ્ભવ્યો છે. એ પહેલાં ભારત ઉપખંડ સેંકડો નાનાં રજવાડાંઓમાં વહેંચાયેલ હતો. પડોશી રાજ્યો સાથેના ઘર્ષણ સામાન્ય ઘટના હતી. એની અસર આજે પણ આપણી સંસ્કૃતિ પર અને રાજકારણમાં દેખાય છે. આપણી વફાદારી પોતાના સમાજ, જ્ઞાતિ, ધર્મ કે પ્રાંત પ્રત્યે વધુ છે અને રાષ્ટ્ર પ્રત્યે ઓછી છે. મોગલ શાસન તેમજ અંગ્રેજી શાસનની અસર પણ આપણી સંસ્કૃતિમાં વણાઇ ગઇ છે. તે છતાંયે પરિવર્તનના સ્વીકારને બદલે વિરોધની વૃત્તિ અકબંધ છે.

આશરે પાંચસો વર્ષ પૂર્વે યુરોપમાં વૈજ્ઞાનિક વિચારસરણી સાથે આવેલી ઔદ્યોગિક ક્રાંતિએ ત્યાંની સંસ્કૃતિ મહદ્અંશે બદલી નાંખી. આપણી સામાજિક તેમજ

*ક્યાંય કશું કાયમી નથી, સિવાય કે પરિવર્તન.*

અન્ય સમસ્યાઓ માટે પશ્ચિમી સંસ્કૃતિને દોષ દેવાનું આપણને ફાવી ગયું છે. આપણે એમનાથી જુદા છીએ એમ કહેવા કરતાં એમની પાછળ છીએ એમ કહેવું વધુ ઉચિત છે. આપણે જેને પશ્ચિમી સંસ્કૃતિ કહીએ છીએ તે હવે પશ્ચિમના દેશો પૂરતી જ મર્યાદિત નથી રહી. જ્યાં પણ વૈજ્ઞાનિક વિચારસરણી અને ઔદ્યોગિકીકરણ પહોંચ્યા છે ત્યાંની મૂળ સંસ્કૃતિ પર એની અસર અચૂક થઇ છે. અહીં સારા-નરસાની સરખામણી નથી. દુનિયાની બધી જ સંસ્કૃતિઓનો પ્રવાહ કઇ બાજુએ વહી રહ્યો છે એની ચર્ચા છે.

સાંસ્કૃતિક રીતે ભારતના મોટા શહેરોમાંનો અમુક વર્ગ એકવીસમી સદીમાં જીવે છે, ગામડાના લોકો ઓગણીસમી સદીમાં જીવે છે અને આદિવાસીઓ કદાચ સત્તરમી સદીમાં જીવે છે. દુનિયાના બધાજ વિકાસશીલ દેશોમાં વત્તે ઓછે અંશે આવીજ વ્યવસ્થા દેખાય છે. માહિતી પ્રસારણમાં જે જબરદસ્ત ક્રાંતિ આવી છે એના લીધે કાળક્રમે આ ભેદ ઓછો થશે. પરંપરાગત માન્યતાઓની પકડ ઢીલી પડશે અને દુનિયાની બધી જ સંસ્કૃતિઓ ફરી પાછી એકબીજાની વધુ નજીક આવે એવી શક્યતા દેખાય છે.

ભારતીય પશ્ચિમી કે બીજી કોઇ સંસ્કૃતિને બદલે, લોકો કઇ સદીમાં જીવે છે, એ શબ્દપ્રયોગ વધુ યોગ્ય લાગે છે. દરેક દેશમાં બધી જ વિચારધારાઓ અનુસરતા લોકો હવે મળે છે. પશ્ચિમનો અમુક વર્ગ આપણી પાસેથી યોગ અને ધ્યાન શીખે છે તો આપણે પૂર્વ એશિયાના દેશો પાસેથી કરાટે શીખીએ છીએ. દુનિયા આખી પશ્ચિમ પાસેથી વૈજ્ઞાનિક વિચારસરણી શીખે છે. દુનિયાના બધાજ મોટા શહેરોમાં બધા દેશોની ખાવાની વસ્તુઓ મળે છે. ફક્ત વ્યાપાર ક્ષેત્રે નહીં પણ સાંસ્કૃતિક સ્તરે વૈશ્વિકીકરણ થઇ રહ્યું છે. એનો આંધળો વિરોધ કરવાને બદલે એમાંથી સારાં તત્ત્વોને અપનાવવું આપણા હિતમાં છે.

વર્તમાન સમાજ વ્યવસ્થા ચાલુ રહે એમાં એક ચોક્કસ વર્ગનું હિત સમાયેલું છે. તેઓ પરિવર્તનનો વિરોધ કરે એ સ્વાભાવિક છે. એના માટે તેઓ ''મહાન સંસ્કૃતિ, શ્રેષ્ઠ પરંપરા'' વગેરે દલીલોનો ઉપયોગ કરે છે. આજ સુધી તેઓ સફળ થતા આવ્યા છે પણ હવે એમનો સમય પૂરો થયો છે. સમાજ અને દેશ ધીરે ધીરે જાગી રહ્યો છે. આંધળા વિરોધનો વિરોધ કરવાનો સમય આવ્યો છે. આવનારો સમય પોતે એનો ઉત્તર આપશે.

સમાજશાસ્ત્રનો બીજો ભાગ છે ભૂગોળ. ભૌગોલિક રીતે છૂટા પડેલા પ્રદેશો પર સંસ્કૃતિના ફેરફારની અસર મોડી પડતી હતી. હવે એ ભેદ પણ ભૂંસાઇ રહ્યો છે.

ભૂગોળે બીજો એક મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એમાં સમાયેલી બાબતો નક્કર હકીકત હોવાથી એણે ઘણી પરંપરાગત ગેરસમજો દૂર કરી છે. કમનસીબે કેટલીક રૂઢિગત ગેરસમજો હજી પણ આપણી વચ્ચે પ્રચલિત છે તેમજ તેમનો ફેલાવો કરવામાં આવે છે.

જે બાબતો નિઃશંક રીતે સાબિત કરી દુનિયાએ સ્વીકારેલ છે, બધી જ શાળા કૉલેજમાં ભણાવવામાં આવે છે છતાં જેની વિરુદ્ધ પ્રચાર કરવામાં આવે છે એ ધાર્મિક જડતાની પરાકાષ્ઠા છે. આવા અપપ્રચારના કેટલાક અંશ છે, ''પૃથ્વી ગોળ નહીં પણ સપાટ છે, પાણી પર તરે છે, ગુરુત્વાકર્ષણનું અસ્તિત્વ નથી, ચંદ્ર પર માનવી ગયો નથી અને જઇ શકે નહીં, ભૂતકાળમાં લોકોનું આયુષ્ય લાખો-કરોડો વરસનું હતું'' વગેરે વગેરે.

બધાજ ધર્મોના મૂળભૂત સિદ્ધાંતોમાં સત્યનું આગવું સ્થાન છે. સત્યપાલન એટલે સાચું બોલવા અને આચરવા ઉપરાંત સત્યનો સ્વીકાર પણ છે. જે બાબતો નિઃશંકપણે પુરવાર થયેલી છે એની સાથે પરંપરાને નામે અવિરત લડવા કરતાં સ્વીકારી લેવામાં વધારે ધાર્મિકતા છે. ભૂતકાળમાં કોઇએ કંઇ કહ્યું હોય એટલા માટે એને વળગી રહેવામાં અંધશ્રદ્ધા સિવાય બીજું કંઇ નથી.

આવી બાબતો વિશે આપણે જે પણ માનીએ એનાથી આપણા રોજિંદા જીવનમાં કંઇ ફરક પડતો નથી. છતાંયે એ આપણી વિચારસરણીનો પડઘો જરૂર પાડે છે. ખોટી હઠ રાખવાથી બદલાતી દુનિયા સાથેનું તાદાત્મ્ય અઘરું બને છે, સત્યપાલનથી દૂર રાખે છે. એકવીસમી સદીમાં જીવવું હોય, પ્રગતિ કરવી હોય તો પંદરમી સદીની માન્યતાઓને છોડવી પડશે.

*'મંગલ મંદિર' : એપ્રિલ-૨૦૦૮*

## દ્રઢ મનોબળ

રવિશંકર મહારાજનું જીવન એક ગૃહસ્થ સંત જેવું હતું. દિવસભર સખત પરિશ્રમ કરનારા રવિશંકર મહારાજ રાતે દસ વાગે પથારીમાં પડે અને ઘસઘસાટ ઊંઘી જાય. સવારે ત્રણ 'ગીતા' દીવો કરી શ્રી ભગવદ્ ગીતાના બધા અધ્યાયો વાંચીને પાઠ કરવાનો એમનો નિયમ.

એક દિવસ રવિશંકર મહારાજને થયું કે મારે મુસાફરીનો યોગ ઘણો છે. યજમાનો બહુ ભાવુક હોય છે. ત્રણ વાગે દીવો કરવાથી એમને ખલેલ પડે છે. આનો ઉપાય તો એ જ કે હું આખી 'ગીતા' કંઠસ્થ કરું... અને દ્રઢ સંકલ્પ સાથે તેઓએ આખી ગીતા કંઠસ્થ કરી લીધી!

પ્રાણશંકર મહેતાના ઘરે ઇ.સ. ૧૯૫૮માં વીસનગર આવ્યા ત્યારે રવિશંકર મહારાજે કહ્યું, 'સવારે દીવાની જરૂર નહીં પડે.'

'કેમ દાદા, હવે ગીતાપાઠ નથી કરતા?'

'કરું જ છું. પરંતુ હવે 'ગીતા' કંઠસ્થ કરી લીધી છે. દીવાની કે પુસ્તકની જરૂર પડતી નથી.

પ્રાણશંકર તો ચમકી ગયા.

આટલી મોટી વયે આખી 'ભગવદ્ ગીતા' કંઠસ્થ કરી!

***આપણાથી બીજાને તકલીફ ન પડે એની સતત કાળજી રાખવી તે બહુ ઊંચી વાત છે. દ્રઢ સંકલ્પ સાથે સાતત્યપૂર્વક કરાતી સાધના સિદ્ધિને વરે છે.*** ■

*સમૃધ્ધિ ભય વિનાની હોતી નથી અને વિપત્તિ આશા અને આશ્વાસન વિનાની હોતી નથી.*

વિચાર મંથન

# આપણા ખર્ચાળ લગ્નો (લગનો)

• જલદીપ કુંવરજી શાહ •

આજકાલ મોંઘવારી ખૂબ વધી ગઇ છે - બધાના ભાવ વધી ગયા છે અને વધી રહ્યા છે. મંડપવાળા, હોલવાળા, કેટરિંગવાળા, ફૂલ સુશોભન વાળા, ઈવેન્ટ મૅનેજમેન્ટવાળા, મહેંદીવાળા, બ્યુટી પાર્લરવાળા, પાર્ટી પ્લોટવાળા, મ્યુઝિકલ પાર્ટીવાળા, બેન્ડબાજાવાળા વગેરે બધા જ બહુ મોંઘા થઇ ગયા છે!

પણ મનમાં એક પ્રશ્ન ઉદ્‌ભવે કે આ મોંઘાં લગ્નો જરૂરિયાત (Necessity) છે કે લક્ઝરી (Luxury)? જરૂરિયાત ગણીએ તો લગ્નની છે પણ મોંઘા લગ્ન એ તો લક્ઝરી જ થઇ ને? કે પછી આપણે એના દ્વારા આપણી આર્થિક સધ્ધરતાનું પ્રદર્શન કરવા માગીએ છીએ?

જે દેશમાં આઝાદીનાં પચાસ-સાંઇઠ વર્ષો પછી પણ પીવાનું પાણી - બે ટંક ખાવાનું - દવાઓ કે રહેવાની સગવડ કેટલાય લોકોને ઉપલબ્ધ ન હોય તે દેશમાં આટલો બધો ભપકો, એ એક જાતની બિભત્સતા ન કહેવાય?

અને આમ જોવા જઇએ તો આપણે બધા ક્યાં લક્ષ્મીનિવાસ મિત્તલ છીએ! કેટલાય લોકો જીવનભરની મૂડી આમાં ખર્ચી નાંખે છે કે પછી લોકલાજથી પર્સનલ લોન લઇને પણ ખોટા ખોટા તણાય છે અને પછી પાછળની જિંદગીમાં હેરાન થાય છે.

આજનાં ગ્લોબલાઇઝેશનના જમાનામાં આવી વાતો બહુ જ જુનવાણી હોય એવું લાગશે. કદાચ ગરીબોની કે મધ્યમ વર્ગની ફિલોસૉફી લાગશે પરંતુ ધ્યાનથી વિચારો તો આજના સંદર્ભમાં જ આ વાત સમજવા જેવી છે.

આજકાલ બધી જ બજારો ગ્લોબલ બની રહી છે - ફૉરેનથી આવતી વસ્તુઓ માટે આપણી બજારો ખૂલી ગઇ છે. હજી તો આ શરૂઆત છે. ૨૦૧૦ પછીનું ચિત્ર આપણને કોઇને ખબર નથી. કદાચ એટલી બધી ફૉરેનની વસ્તુઓ અહીં જ મળતી થઇ જશે કે આપણે સાવરકુંડલામાં છીએ કે સાન ફ્રાન્સીસ્કોમાં એ જ ખબર નહીં પડે! બહુ ખુશ થઇ ગયાને? તો પછી આપણી બધી બ્રાંડોનું શું થશે? આપણે પણ આપણી પ્રોડક્ટ-ટૅકનોલોજી-માઇન્ડસેટ - નૉલેજ અપગ્રેડ કરવા પડશે કે નહીં? તો પછી એ બધા માટે પૈસા ક્યાંથી આવશે? અત્યારે ૨૦૦૬માં જ આપણા ટ્રેડિશનલ ધંધાઓને કેટલી બધી તકલીફ પડી રહી છે. કેટલાય ધંધા તો બંધ થઇ ગયા ને હજી કેટલાય Outdated થઇને બંધ થઇ જશે! ટપાલ-ગ્રિટિંગ કાર્ડ-પેજરની જેમ!

આ બધી વાતોથી ડરી જવાની વાત નથી - સામે એટલી બધી નવી તકો પણ ખૂલશે. પરંતુ એ તકોને ઝડપવા માટે આપણે પણ ખૂબ ઝડપથી બદલાવું પડશે - આંખ-કાન-નાક-મગજ ખુલ્લું રાખીને.

નવી ટૅકનોલૉજીથી માહિતગાર થવા માટે આપણે ભણવા - નવા નવા કોર્સ કરવા માટે વધુ ને વધુ પૈસાની ફાળવણી કરવી પડશે. એના માટે આપણે આપણા જૂના સામાજિક રીતરિવાજને કરકસરથી પતાવીને ઘણાબધા પૈસા બચાવી શકીએ. વ્યક્તિગત રીતે તો એમાંથી કંઇ મોટો ફેર ન પડે પરંતુ કચ્છી જૈન સમાજના સ્તરે એનાથી જરૂર મોટો ફેર પડે.

ધારો કે એક જણનાં લગ્ન પ્રસંગને સાદગીથી ઊજવીને ફક્ત રૂ. પચીસ હજાર બચાવી શકાય.

તો ૩૦૦૦ વ્યક્તિનાં સમાજમાં રૂ. ૨૫,૦૦૦ x ૩૦૦૦ = કેટલાં રૂપિયા બચાવી શકાય?

આ તો એક રફ એસ્ટીમેટ છે. કોઇકના માત્ર દસ હજાર પણ બચે ને કોઇકના એક લાખ પણ બચે. પણ ટોટલ ગણીએ તો ઘણું મોટું ફંડ ભેગું થાય. જેને આપણે કોઇ ફંડ મૅનેજર (પ્રોફેશનલ) રોકીને કાંતો શેરબજાર કે મ્યુચ્યુઅલ ફંડમાં રોકીને એક સોલીડ કોર્પસ ફંડ ઊભું કરી શકાય.

જેની આવકમાંથી સમાજનાં દરેકે દરેક મેમ્બરને ભણાવીને તૈયાર કરી શકાય આવતી કાલ માટે.

આવી તો ઘણીબધી સંભાવનાઓ ઊભી થાય પરંતુ તે માટે આપણે માનસિક રીતે તૈયાર થવું પડે. વ્યક્તિગત કે કુટુંબની પ્રતિષ્ઠાને ભૂલીને આવતીકાલે કોઇ ચીનો કે ઇજીપ્શીયન આપણા ધંધા બંધ ન કરાવી દે તે માટે સામૂહિક રીતે વિચારવું પડે. એ માટે આપણે આપણાં વડીલોને સમજાવવું પડે કે ભલે અત્યાર સુધી આપણે આમ કરતાં હતા પણ હવે એ જરૂરી નથી. પરિસ્થિતિ કે સંજોગ જે કાલે ઊઠીને કરાવે એની પહેલાં જ આપણે જો ચેતી જઇએ તો ડબલ તાકાતથી એનો મુકાબલો કરી શકીએ.

આપણે એ હવે વિચારવું જ રહ્યું કે બે દિવસની ધામધૂમથી અંતે કોને ફાયદો થાય છે? છત્રીસ પકવાનની સોડમ કેટલા દિવસ યાદ રહે છે? એ જ પૈસા જો વરવહુનાં ભવિષ્ય માટે ફિક્સ કરી દેવાય તોય લેખે લાગે!

આપણો કચ્છી જૈન સમાજ ઘણો જ પ્રગતિશીલ છે અને નવા નવા વિચારોને આવકારનારો અને તરત જ અમલમાં મૂકનારો છે. આ નવી દિશા તરફ જરૂરથી સમાજના મોભીઓ વિચારશે અને આશા છે કે સમાજનાં સ્ટેજ પરથી જરૂર કોઇક જાહેરાત કરશે કે હવેથી અમારા ઘરમાંથી કોઇપણ લગ્ન ખોટા ખર્ચાથી નહીં થાય. આવી જાહેરાત કોઇ મોટા માણસે જ કરવી પડશે કેમકે કોઇ સામાન્ય માણસની જાહેરાતને તો લોકો પૈસા બચાવવાની યુક્તિ કે ત્રેવડ ન હોવાનું જ સમજશે!

આવનાર નવા જમાનાની નવી ચૅલેંજોને નવા વિચારો જ સ્વીકારી શકશે!

*'મંગલ મંદિર' : એપ્રિલ-૨૦૦૬*

*માણસ સમય પસાર કરવા ઈચ્છે છે પણ એમ કરવા જતાં પોતે પસાર થઈ જાય છે.*

# જનરેશન ગેપ

• કિરીટ પી. નંદુ •

મનુષ્ય તરીકે જન્મ મળે એ મહાનમાં મહાન ઘટના છે. દીવામાંથી દીવો પ્રગટે એમ જીવ પ્રગટે છે. જીવ તો પ્રગટ્યો પણ જીવન પ્રગટાવવાનું કામ જનમ્યા પછી આપણું છે. બાળક, એ ઈશ્વરનો પ્રગટ અચંબો છે. માણસે દરેક અવસ્થાને પૂર્ણપણે જાણવી-માણવી જોઈએ. બાળકની મોટા થવાની વૃત્તિ હોય છે. પણ એનો વિકાસ અમુક ક્રમે જ થતો હોય છે. બાળક જન્મે છે, પછી એ આંખ માંડે છે, માના સ્પર્શને ઓળખે છે, કાલીઘેલી વાણી ફૂટે છે, ઘૂંટણિયાં તાણે છે, પડે છે, આખડે છે અને પછી ઊભો થતાં અને ચાલતાં શીખે છે. બાળક માટે દોડવું, કૂદવું, રમકડે રમવું, રમકડાંને તોડીને અંદર શું છે એ જોવું એ બધું બાલસહજ છે. બાળક હોય અને બચપણ ન હોય, શિશુ હોય અને શૈશવ ન હોય તો એના જેવી કોઈ વિચિત્રતા નથી.

કોઈ જુવાન માણસ પાસે સપનાં ન હોય, કશુંક કરવાની વૃત્તિ ન હોય, 'ઘટમાં ઘોડા થનગનતાં' ન હોય, સાહસની શ્રી ન હોય, એદી અને આળસુ હોય તો સમજવું કે એ અકાળે વૃધ્ધ થયા છે. પાણીમાં પડે અને હાથપગ ન હલાવે અને ક્યાંય પણ પૌરુષ અને પરાક્રમની ઝલક ન બતાવે એ માણસને જુવાન કહેતાં શરમ આવે છે.

વૃધ્ધાવસ્થા એ જીવનનો ત્રીજો તબક્કો છે. જીવનના કડવા મીઠા અનુભવો બચપણની જેમ યુવાનીમાં પણ કોઈ તબક્કે પડ્યા હશો, આખડ્યા હશો, પડીને ઊભા થયા હશો, કોઈકે ઊભા કર્યા હશે. આ બધું - પડવાનું, આખડવાનું, આખડીને ઊભા થવાનું એ બચપણ કરતાં કંઈક જુદું હશે. આ તબક્કે જીવનને સ્વસ્થ અને તટસ્થભાવે સાક્ષીરૂપે જોવાની અવસ્થા છે. વૃધ્ધાવસ્થાને એ જ માણસ સુંદર કરી શકે છે જેની પાસે બાળકની મુગ્ધતા હોય, યૌવનનો ઉત્સાહ હોય અને અનુભવોનું શાણપણ હોય. તમે કેવું જીવ્યા છો એની વાત ચહેરા પરથી ખબર પડે છે.

હવે મૂળ વાત. આધુનિક યુગમાં યુવાવર્ગનો સિંહ ફાળો હોવા છતાં વડીલ વર્ગ ક્યારેક જાણતા-અજાણતા તેમના તરફ નારાજગીભર્યું વલણ દાખવે છે. ખરેખર તો પ્રત્યેક યુગના નિર્માણ અને વિકાસમાં યુવાશક્તિનું પ્રદાન નોંધપાત્ર હોય છે. યૌવન શક્તિનો ભંડાર છે. તેની પાસે ઉત્સાહ અને થનગનાટ હોય છે, સાહસિકતા અને પરાક્રમશીલતા હોય છે. એટલે યૌવન દરેક યુગમાં મહત્વનું લેખાયું છે. વડીલો ઈતિહાસને વાગોળે છે, યૌવન ઈતિહાસ રચે છે. આ બધુ સાહજિક છે વિશ્વમાં જે કાંઈ નવું નિર્માણ થાય છે, એ નિર્માણમાં યુવાશક્તિની કલ્પના અને સર્જનાત્મકતાનું યોગદાન નોંધપાત્ર હોય છે.

યૌવન સ્વભાવે આવેશશીલ અને ચંચળ છે. એટલે દોડવું એને ફાવે છે, રોકાવું એને ગમતું નથી. યૌવન જાણે કોઈ ધસમસતો જળપ્રવાહ છે. એને નિરંતર વહેવું ગમે છે. ગમે તેવા અવરોધોની પરવા કર્યા સિવાય યૌવન પોતાનો રસ્તો બનાવવા, શોધવા ઉત્સુક હોય છે.

પણ જિંદગી એકલા જોશથી ચાલતી નથી. સફળતા માટે જોશ અને હોશ બંનેનું સંતુલન કરવું પડે છે. એકલું જોશીલું જળ ઘોડાપૂર સ્વરૂપે સર્વનાશ નોતરી શકે, પણ એ જ પાણીને નહેર રૂપે વહેવાની અનુકૂળતા કરી આપવામાં આવે તો એ ખેતરોમાં મબલખ પાકનું નિમિત્ત બની શકે. એટલે જોશની સાથે હોશ એટલે ઉચિત સંયમની જરૂર પડે છે.

વડીલો અને વૃધ્ધો પાસે અનુભવનો ભંડાર હોય છે. એવા અનુભવો સકારાત્મક પણ હોઈ શકે અને નકારાત્મક પણ હોઈ શકે. વડીલોએ જિંદગીના અનેકવિધ વળાંકો જોયા હોય છે. આધિ-વ્યાધિ-ઉપાધિની અગ્નિ પરીક્ષાઓમાંથી તેઓ પસાર થયા હોય છે. બીજી તરફ શારીરિક શક્તિમાં ઓટ આવી હોય છે. મન અને હૃદય પણ થોડાંક કમજોર બન્યાં હોય છે.

પરિણામે સાહસ માટે તેમનું મન તૈયાર હોતું નથી! જાતજાતના સારા નરસા અનુભવો પછી વડીલો 'દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકી-ફૂંકીને પીએ'ની મનોવૃત્તિથી મુક્ત નથી હોતા. પરિણામે નિર્ણય કરવામાં તેઓ ઉતાવળ કરતા નથી અને કોઈ ઉતાવળ કરે તો તે તેમને ગમતું નથી. જિંદગીના નકારાત્મક અનુભવોએ વડીલોને થોડાક શંકાશીલ અને ક્યારેક જીદ્દી બનાવ્યા હોય છે. એટલે યુવાનના નિર્ણયો, કાર્યો, યોજનાઓ, જીવનશૈલી વગેરેને પોતાની દૃષ્ટિએ ચકાસે છે. વડીલોથી દોડાતું નથી યુવાનથી થોભાતું નથી. વડીલો પોતાના ઠરેલપણાના ત્રાજવે પ્રત્યેક નિર્ણયને તોળવા, અને ગુણ-દોષો તપાસવાના હિમાયતી હોય છે. યુવાન 'પડશે તેવું દેવાશે' વિચારીને કૂદી પડવા માટે તત્પર હોય છે. વડીલો ઈચ્છતા હોય છે કે યુવાનો તેમની સલાહ મુજબ વર્તે, આજ્ઞાંકિત બને અને વડીલોની સલાહ માની તેઓ જે છોડવાનું કહે તે છોડી દે અને જે સ્વીકારવાનું કહે તે સ્વીકારે. યૌવનને ચીલે ચાલવાનું ગમતું નથી. નવી કેડી કંડારવાના તેને અરમાન હોય છે. ભૂલ થાય, પડી જવાય, તેની યુવાનને ચિંતા નથી હોતી કારણકે ભૂલચૂકને તે યૌવન સહજ અધિકાર માને છે.

*સંજોગો સામે લડતા રહેવું તે જ સૌથી શ્રેષ્ઠ કર્મ છે.*

અહીં એક વાત યાદ રાખવા જેવી છે. તનનું ઘડપણ સહજ છે, પણ ચિત્તનું ઘડપણ ચિંતાજનક છે. જો માણસનું મન ઘરડાપો અનુભવે તો એનામાં નવા વિચારો આવકારવાની, સ્વીકારવાની અને નવા વિચારો વિકસાવવાની શક્તિ સમાપ્ત થાય છે. ઘરડું મન વાસી બની જાય છે. પરિણામે ટકોરના બદલે ટકટક, સહિષ્ણુતાને બદલે રોષ, ત્યાગને બદલે અધિકાર અને હક્ક તથા વટને મહત્ત્વ આપતું થઇ જાય. 'જનરેશન ગેપ' કે બે પેઢી વચ્ચેના અંતરનું ઉદ્ભવ સ્થાન આવું ઘરડું મન હોય છે. મનનું આવું ઘડપણ ઉદારતા દેખાડવામાં પણ ઊણું ઉતરે છે. ભૂતકાળમાં રાચે છે. જે યૌવનને પસંદ નથી હોતું. એક અજબ-ગજબનો નશો હોય છે – યોવનમાં! અભિલાષાઓનો મહાસાગર ઘૂઘવતો હોય છે! ઘણીવાર એ અભિલાષાઓ સંતોષવાનાં સાધનો ન દેખાય, ત્યારે મનમાં વિચિત્ર મથામણ ચાલતી હોય છે! 'મારે પાંખ વિના ઉડવાનું, મને ગગન પડે છે નાનું' એવી મનોદશામાંથી પસાર થાય છે. અનુભવીઓએ સાચું જ કહ્યું છે યૌવન-યુવા અવસ્થા આવેશમય હોય છે. એ ક્રોધથી આગ બની શકે છે તો કરુણાથી પાણી પણ બની જાય છે.

વૃધ્ધાવસ્થા પોતાની ધાક જમાવવાનું પ્રલોભન છોડી શકતી નથી. એટલે જ રાજકારણમાં પણ વૃધ્ધો યુવાનો માટે જગ્યા ખાલી કરવાનું ઔદાર્ય દાખવી શકતા નથી. હકીકતમાં વૃધ્ધાવસ્થાએ યૌવન ઘડતરની સહૃદયી 'વર્કશોપ' બનવું જોઇએ. યૌવનને પોતાની અપેક્ષાઓ અને માપદંડથી માપવાને બદલે સહાનુભૂતિ, સ્નેહ, સદ્ભાવ અને પ્રગતિશીલ દૃષ્ટિથી મૂલવવું જોઇએ. યૌવનના મોનીટર બનવાના બદલે મિત્ર બનવું એજ વડીલ ધર્મ અદા કરવાનો શ્રેષ્ઠ રસ્તો છે. વડીલોએ યૌવન સાથે આત્મીયભર્યા સંવાદ સાધી તેમની સમસ્યાઓ સમજીને, જે કાંઇ શ્રેષ્ઠ સમાધાન હોય તે યુવા સાથે સમજણ અને સદ્ભાવથી મહેકતો અહંકારશૂન્ય અભિગમ દાખવીને તેને ગળે ઉતારવાની કોશિશ કરવી જોઇએ. યૌવનના માર્ગદર્શક બનાય. પોતાના વિચારો લાદવાની પ્રવૃત્તિથી જે વડીલો કે વૃધ્ધો મુક્ત રહે છે, અને યૌવનને વાત્સલ્યની સુરસરીમાં સ્નાન કરાવે છે, એવા વડીલની વાત યૌવન હોંશે હોંશે સ્વીકારે છે. એટલે યૌવનની શક્તિ બિરદાવી ઉચિત માર્ગદર્શન આપવું અને એમ કરતી વખતે જીદ, હઠ, વટને કોરાણે મૂકીને પણ ક્યાંક જતું કરવાની પહેલી ફરજ વડીલની છે.

યૌવનને ફંટાઇને ચાલવું ગમે છે. એની નાનમ પણ તેને નથી હોતી. આ સત્ય સ્વીકારીને યુવા સંતાનની ભૂલચૂકના પ્રસંગોએ ક્રોધાભિવ્યક્તને બદલે ક્ષમાભાવ દાખવવામાં આવે તો યૌવનનો વહેલો મોડો પશ્ચાતાપ થાય છે. અને માનો કે યૌવનને પસ્તાવો ન થાય અને વડીલની સલાહ કે આમન્યાની ધરાર ઉપેક્ષા કરે તેવી નાજુક ક્ષણે ઉચિત મૌન ધારણ કરી વડીલે સમયને ન્યાયાધીશ બનવાની તક આપી યોગ્ય અવસરની પ્રતીક્ષા કરવાનું શાણપણ દાખવવું એજ શ્રેયસ્કર રસ્તો છે. યૌવનની પીઠ થાબડી, તેમની શક્તિ, સામર્થ્ય અને સિધ્ધિઓને બિરદાવીને સમાજ, ઘર, પરિવારના નિર્માણમાં સદુપયોગ કરવો એ જ વડીલનું સાચું કર્તવ્ય છે. અને યૌવન પણ વડીલોના જ્ઞાન, અનુભવ અને માર્ગદર્શનનું મૂલ્ય સમજી તેમને આદર આપે તે અગત્યનું છે. જ્યાં સમજણ, સ્નેહ અને સંવાદ છે ત્યાં જ સ્વસ્થ સંબંધો વિકસે છે.

*"કોઇ વૃધ્ધ ન માને કે એનું જીવન નકામું છે, તે હવે કંઇ કરી શકતો નથી. એ પ્રેમ આપી શકે છે, લાગણી બતાવી શકે છે, હૂંફ આપી શકે છે. એ મૂડી ઘરની બહાર ન મળે, એની સૌને જરૂર છે."*

*– ફાધર વાલેસ*

*'મંગલ મંદિર' : જુલાઈ-૨૦૦૭*

## ભૂખ

સિકંદર એક પછી એક દેશો પર વિજય પ્રાપ્ત કરી ભારત પર આક્રમણ કરવા આવ્યો. તે ભારતના જે પ્રદેશ પર ચઢાઈ કરવા તૈયારી કરી રહ્યો હતો ત્યાંનો રાજા જાણી ગયો કે સિકંદર ચઢાઈ કરશે.

રાજાએ સિકંદર પાસે એક રાજદૂત મોકલ્યો.

રાજદૂતે રાજાનું આમંત્રણ સ્વીકારવા નમ્ર વિનંતી કરી. ભેટ-સોગાદો અને ભોજન માટે આમંત્રણ આપ્યું.

સિકંદર તે પ્રદેશના રાજ્યમાં ગયો. રાજાએ તેનું ભવ્ય સ્વાગત કર્યું. શણગારેલા ભોજનખંડમાં સિકંદરને તેડી જવામાં આવ્યો. ત્યાર પછી જમવાનો સમય થતાં તેની સમક્ષ ભોજનમાં મોતી, હીરા, ઝવેરાત, સોનું, ચાંદીથી ભરેલો થાળ મૂકવામાં આવ્યો.

સિકંદરને આશ્ચર્ય થયું. તેણે કહ્યું : 'મને ભૂખ લાગી છે. ભૂખ માટે ભોજન જોઈએ...આ બધાથી ભૂખ કેવી રીતે મટે?'

'જનાબ, આપની ભૂખ અલગ તરહની છે. આપની ભૂખ ધનદોલત, સોના-ચાંદી, મોતી-હીરા વગેરેની છે. હજારોનું લોહી વહેવડાવી આપ આ બધી વસ્તુઓથી ધરાયા નથી. એટલે મેં આ બધી ચીજો થાળમાં પિરસાવી છે.'

રાજાના મર્મસ્પર્શી શબ્દો સાંભળી સિકંદરે ત્યાર પછી વિશ્વવિજેતા બનવાનું છોડી દીધું.

**બોધ વાક્યો :**

★ લોભ પણ એક પ્રકારની ભૂખ છે.
★ ધનદોલતથી પૂર્ણ તૃપ્તિ થતી નથી
★ કોઈને દુઃખ આપી સુખ મેળવાતું નથી
★ સાચું સુખ સંતોષમાં છે.
★ હિંસા સર્વ પાપોનું મૂળ છે.

*'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી*

*અસત્ય શક્તિશાળી હશે પણ તે સત્યને જીતી શકતું નથી.*

# સંતોષ : મનની આંખે હૃદયની પાંખે

• પન્નાલાલ છેડા •

મનની પ્રતિકૂળતા અસંતોષને જન્મ આપે છે, અનુકૂળતા સંતોષને. માણસ સામાજિક સંસ્કારોની ભીડ વચ્ચે જીવે છે. પોતાની આસપાસ વસતાં લોકો સુખી છે જ્યારે પોતે આ સુખથી છેટે છે એવી ભ્રાંતિ એને સતત પીડ્યા કરતી હોય છે. પરિણામે પોતાના સુખમાં ઊણપ અનુભવે છે. બીજાઓનું સુખ એને કોરી ખાય છે તેથી પોતાનું સુખ માણી શકતો નથી. પ્રાપ્ત થતી અનુકૂળતામાંય અસંતોષની લાગણીઓ અનુભવે છે. પોતાના સંતોષ અને અસંતોષની લાગણીઓને અન્ય જનોની સ્થૂળ પ્રવૃત્તિઓ પર નિર્ભર રાખી જીવન વ્યતીત કરનાર વ્યક્તિઓ પર નકારાત્મક લાગણીઓ સવાર થતી હોય છે.

અસંતોષથી જીવનમાં સંઘર્ષ પેદા થાય છે. વાદ વિવાદોથી ઘેરાયેલું મન સદાય કુંઠિત રહેતું હોય છે. આવી વ્યક્તિઓમાં સંતોષ અને સફળતાની લાગણી ક્યારેય સ્થાયીભાવ તરીકે રહેતી નથી. શોક, ક્રોધ, ભય, નિંદા આદિ અનેક વિપરીત ભાવોને કારણે તેનો સ્થાયીભાવ ખોરવાઇ જાયછે.

'સંતોષી નર સદા સુખી'એ સૂત્રની પાછળ મનનો ઊંડો ભાવ છુપાયેલો છે. વિચાર જગત અને ભાવ જગત વચ્ચે રહેલી અસમાનતા, વ્યવહાર અને આદર્શ વચ્ચેની ગડમથલની સ્થિતિને ટાળવા બુધ્ધિ અને લાગણીને સાક્ષી ભાવમાં સ્થિર કરવી પડે, તટસ્થતા અનુભવવી પડે. જે ભાવ આપણે શબ્દો દ્વારા પ્રગટ નથી કરી શકતાં, કોઇને સમજાવી નથી શકતાં માત્ર વ્યવહારની સપાટી પર ખળભળાટ અનુભવીએ છીએ, અસ્પષ્ટ તરંગો સાથે તાલમેળ અનુભવીએ છીએ એમાં વિચારોની સ્પષ્ટતાનો અને પારદર્શિતાનો અભાવ હોય છે. ઘડીભરમાં સંતોષનો મુખવટો હટી જતાં ચહેરા પર અસંતુષ્ટતાની લાગણીઓ ચાડી ખાતી હોય છે.

વિચારો એ મનની ભાષા છે, ભાવો હૃદયની. દૈનિક જીવનમાં પોતાને અનુકૂળ થાય તેવા પ્રતિસાદની અપેક્ષા સાથે વ્યવહાર કુશળ માનવી અપેક્ષિત કાર્યોને પરિપૂર્ણ કરવા હામ ભીડે છે ત્યારે પણ, તેના મનના ઊંડા ખૂણે અસંતોષની લાગણીઓ આકાર લેતી હોય છે. તેની ફરતે શંકાઓનું ગૂંચવું સળવળતું હોય છે. શ્રધ્ધાની વાટને સંકોરવાનું તેનું ગજું હોતું નથી અને બને છે પણ તેવું જ. ચેતનાની ક્ષણોને તેનું અસ્તિત્વ સ્વીકારી શકતું નથી. અવિશ્વાસના ખભા પર બેસી જતું તેનું વ્યક્તિત્વ સંતોષ અને અસંતોષ વચ્ચેની પાતળી ભેદરેખાને પામી શકતું નથી. અંતે મનની ભીતરમાં રહેલું અસંતોષનું આગળિયું મનના કમાડને અંદરથી મુશ્કેટાટ વાસી દે છે.

શાસ્ત્રો કહે છે : ''मन एवम् मनुष्याणं कारणं बन्ध मोक्षयो।'' મન એજ મનુષ્યોના બંધ અને મોક્ષનું કારણ છે. આપણું મન સામાજિક સંસ્કારો દ્વારા પ્રશિક્ષિત છે એટલે મન અને શરીરના સ્તરે એમાં સ્પર્ધા અને પ્રતિસ્પર્ધાનો ભાવ છૂપાયેલો હોય છે. ભાવોની કુમાશ સ્પર્શે તે પહેલાં એને મનની લાગણીઓ આળી બનાવી નાખે છે. મન અને હૃદય વચ્ચે તુમુલ યુધ્ધ જામતું હોય છે. સારા કે નરસાનો ભેદ ભૂલી મન એવા કળણમાં સરી જાય છે જ્યાંથી ઊંચું ઊઠી શકવા અસંભવ બને છે. આંખ પર બાંધેલાં શંકાના પડળ ધૃતરાષ્ટ્રની આંખે જોવા પ્રેરે છે.

ધન, સંપત્તિ, પદ, પ્રભાવ અને યશની લાલસા મનુષ્યના અસંતોષનું મૂળ છે. સફળતાથી જીવનમાં સંતોષ આવવો જોઇએ, સંતોષ સફળતાનો માપદંડ બનવો જોઇએ, મન અને હૃદય વચ્ચેનો સંવાદ પારમાર્થિક બનવો જોઇએ. જેનો શિવભાવ લાગણીઓને સ્પર્શે, મનના શુભ ભાવોને ઉર્ધ્વગામી બનાવે, સત્ય અને સૌંદર્યથી લસલસતું રાખે, વિધાયકતાનું પાત્ર બને.

कस्तूरी कुंडलि बसे और मृग ढूंढे वन मांहि માણસની સ્થિતિ પણ તેવી બની ગઇ છે. અંદર પડેલું સુખ માણસ અનુભવી શકતો નથી, સુખને માટે ફાંફા મારે છે. બાહ્ય સુખની અપેક્ષામાં માણસ ગાંગો થઇને ફરે છે. નાની નાની સ્પૃહાઓનો ગુલામ થઇ બેઠેલી વ્યક્તિ સુખના મૃગજળ પાછળ દોડે છે. જ્યારે સંતોષી વ્યક્તિ પ્રત્યેક ક્ષણે જીવનના સાચા સામાયિકનો આવિર્ભાવ પામી પોતાના તેમજ સહયોગી વ્યક્તિઓના જીવનમાં પ્રકાશના દીવડાને ઝળહળતો રાખે છે.

સુખ અને દુઃખ, સંતોષ અને અસંતોષ, ભાવજગતની આ તમામ વૃત્તિઓ, લાગણીઓ પરત્વે અંતરાત્માના અવાજની ઉપેક્ષા કરનાર સંજોગોનો ગુલામ બને, વિચારોને પોતાના બીબામાં ઢાળવાને બદલે બીજાને અનુરૂપ પોતાની જાતને ઢાળનાર હંમેશાં સંતોષથી વેંત છેટે રહેશે, તણાવ અનુભવશે, જીવન મૂલ્યોથી દૂર જતો રહેશે. વૈચારિક પ્રામાણિકતા દ્વારા જ સફળતા અને સંતોષ પોતાના બની રહે છે.

ઘણીવાર એવું બને છે, હૃદય અને બુધ્ધિ વચ્ચે ઘર્ષણ થાય ત્યારે વ્યક્તિનું ધ્યાન પોતાના પર કેન્દ્રિત થવાને બદલે અન્યો ભણી જાય છે. પોતાનાથી દૂર જવું એટલે અસંતોષની નજીક જવું. જેમ જેમ આકૃતિ સમીપ આવે તેમ તેમ મન અસંતોષથી ભરાઇ જાય. સંવેદનાઓ અને ભાવનાઓનું નિરીક્ષણ અને પરીક્ષણ બુધ્ધિના તત્વથી છેટું થતું જાય. બીજાઓ પર નિર્ભર રહેતું મન જ્યાં સુધી દિશા ન બદલી શકે ત્યાં સુધી સ્વયંને ન પારખી શકે, મનની માંગણીઓ સામે ઝૂકી જાય, સમતોલપણું ચૂકી જાય ત્યાં સુધી મન આવા અસંતોષથી ભરાઇ રહેશે. એકમાત્ર તટસ્થતા જ લાગણીઓના પૂરને ખાળી શકે અને સંતોષ તરફ જવાનો માર્ગ કરી આપે.

જરૂર છે, અજવાળામાં ખુલ્લી રહેલી આંખ. અંધારામાંય શ્રધ્ધાની આંખે, વિશ્વાસની પાંખે આત્માભિમુખ બની રહે. પ્રેમની પરિપૂર્તિ અભિવ્યક્તિમાં છે, શ્રધ્ધાની પરિપૂર્તિ જાગૃત સમર્પણમાં.

*'મંગલ મંદિર' : સપ્ટેમ્બર-૨૦૦૭*

*રાત ગમે તેટલી લાંબી હોય પણ ક્યારેક તેનો અંત આવે છે.*

# પરિવર્તન

● કિરીટ પી. નંદુ ●

આ જગત પર દરરોજ બનતી કુદરતી પ્રક્રિયાઓ એના ટાઈમટેબલ પ્રમાણે જ થતી હોય છે. સૂર્યદેવતા એમના સમય પ્રમાણે આવી અને જાય છે. ફૂલો એમના સમયે ખીલી નિયત સમયે કરમાઈ જાય છે (આ કાળા માથાનો માનવી આ પ્રક્રિયામાં ચંચુપાત ન કરે તો!) આવી અનેક પ્રક્રિયાઓ દરરોજ આ જગત પર થાય છે એમાં કોઈ જગ્યાએ ઉતાવળ નથી પણ પૂરતી ચીવટ છે.

આ તો વાત થઈ કુદરતની. પણ કુદરતે જ બનાવેલ આ મનુષ્ય કુદરતી રીતે જીવતો નથી અને ત્યારબાદ શરૂ થાય છે હાડમારી અને દુઃખ. સાચા હૃદયથી સ્વીકારીએ તો આપણે ઊભી કરેલી આ હાડમારી અને દુઃખોની પરિસ્થિતિ માણસ બદલવા તો માંગે છે. હાડમારી અને દુઃખ કાંઈ પણ મનુષ્યને ગમતા નથી. અહીં જરૂર છે પરિસ્થિતિને નહીં પણ જાતને બદલવાની. પણ એ બદલવા કેમ તૈયાર થતો નથી?

જિંદગીનો પ્રવાહ ક્યારેક મંદ-મંદ વહે છે તો ક્યારેક ધસમસતાં ઘોડાપૂરની જેમ. માણસને તરવું ગમે છે, પણ તણાવાનું કે ડૂબવાનું લેશમાત્ર ગમતું નથી. માણસને જીતવું ગમે છે, પરાજિત થવું નથી. એટલે પોતાની સામે વિપરીત સંજોગોની આંધી શરૂ થાય, પ્રતિકૂળતાનો પવન ફૂંકાય, પરાજયના એંધાણ વર્તાય ત્યારે માણસ પરિસ્થિતિને ભાંડવા માંડે છે અથવા ભાગ્ય કે ઈશ્વરને દોષ આપવા બેસી જાય છે.

માણસને પોતાની પરિસ્થિતિ કે સંજોગો બદલવાનો હક્ક છે અને એમાં એણે પાછી પાની કરવી પણ ન જોઈએ. પરંતુ એટલું ચોક્કસ માનવું જ રહ્યું કે પરિસ્થિતિઓ રાતોરાત બદલાઈ જતી નથી. માણસને કશુંક મેળવવું હોય તો પરિશ્રમ અને ધૈર્ય બંનેની જરૂર પડે. નિષ્ફળતા કે પરાજયનાં કારણો કેવળ બહારની પેદાશ નથી હોતા. માણસના પોતાનામાં ક્ષતિઓ પણ એમાં અવશ્ય કારણભૂત બનતી હોય છે. જેઓ પરિસ્થિતિઓ બદલવા ઈચ્છતા હોય એમણે બહિર્દર્શન કરતાં આત્મદર્શન પર વધુ ભાર મૂકવા મનને રાજી કરવું પડે છે.

પોતાની જાતને બદલવા માટે જે તત્પર હોય એ જ પરિસ્થિતિ પરિવર્તનમાં કામિયાબ નીવડી શકે. પોતાની જાતને બદલવાની મક્કમ મનોવૃત્તિ એ પાયાની ચીજ છે. એ પછીની વસ્તુ છે ત્યાગવૃત્તિ. જાતને બદલવા ઈચ્છનારે ઘણું બધું છોડવાની, જતું કરવાની, ઘણાં બધા પ્રલોભનોમાંથી મુક્ત રહેવાની તૈયારી રાખવી પડે. જાતને બદલવાનો માર્ગ કાંટાથી ભરેલો છે. ક્ષણેક્ષણે આકરી કસોટીઓ અને કષ્ટ સહન કરવા માટે માણસે તૈયાર રહેવું પડે છે. અડગ આત્મવિશ્વાસ કેળવ્યા સિવાય જાત ઘડતર - આત્મ ઘડતર શક્ય જ નથી. હાડમારીઓ ભોગવવાની સતત તૈયારી, અપરાજયે ઉત્સાહની જાળવણી, બુદ્ધિશક્તિ ખિલવવાની સંકલ્પબદ્ધતા, નાનેરી તક મોટી તકમાં પરિણત કરવાની કુનેહ, પ્રતિકૂળ સંજોગોનેય સાનુકૂળ બનાવવાની નેમ અને પડકારો ઝીલવાની તમન્ના સિવાય જાતનું ઘડતર થઈ શકતું નથી.

આવી જ પરિસ્થિતિ આપણી ક્રિકેટ ટીમના ફાસ્ટબોલર ઈરફાન પઠાણે World Cup પછીના દિવસોમાં અનુભવી છે. ખૂબ જ આલોચના અને બધી જ પરિસ્થિતિઓ એની વિરુધ્ધમાં હતી. એવા સમયે હિંમત હાર્યા વગર બધી જ આલોચનાઓને ભૂલી, ફરી એ પોતાની લય પાછી મેળવવા મનને મક્કમ કરી ફરી પાછો મહેનત કરવા લાગી ગયો અને એવી જ લય હાલ પૂરી થયેલ Twenty 20 World Cupમાં જોવા મળી. ટૂંકમાં, ખરાબ પરિસ્થિતિમાંથી બહાર આવવા એણે કોઈ શોર્ટ-કટનો ઉપયોગ ન કરતાં પોતાની જાત પર વિશ્વાસ રાખી ખૂબ જ નિષ્ઠા, એકાગ્રતા અને ચીવટથી મહેનત કરી ખરાબ પરિસ્થિતિમાંથી બહાર આવી ગયો.

સામાન્ય રીતે માણસો બે પ્રકારના હોઈ શકે. એક સાધનાશૂરા અને બીજા પ્રાપ્તિશૂરા. જેઓ સાધનાશૂરા હોય છે એમને પ્રાપ્તિની ઉતાવળ નથી હોતી, પણ સાધનાનો આનંદ જ તેમને પ્રાપ્તિ છે. એ આનંદ અનુભવવાની સાથે પોતાનાં શ્રમ, નિષ્ઠા, એકાગ્રતા, સમર્પણ અને ચીવટના અંતિમ પરિપાકરૂપે એનું જે કાંઈ ફળ મળે તેને તેઓ વધાવી લે છે.

બીજા પ્રકારના માણસો તે પ્રાપ્તિશૂરા. એમનું ધ્યેય ઉતાવળે, ઉતાવળે સાધના કે પ્રતીક્ષા સિવાય કેવળ મેળવી લેવાનું છે. તેઓ તૃષ્ણાઓને ઈશારે નાચે છે. સંયમવૃત્તિમાં જ જીવનની સાર્થકતા તલાશે છે. ધન, પદ, મોટાઈ અને પ્રતિષ્ઠા સરળતાથી કેમ મળી જાય એ જ એમના પ્રયત્નોનો ઉદ્દેશ હોય છે. એટલે ઘણાબધા રાતોરાત અમીર થઈ જવાના સ્વપ્નોમાં રાચે છે અને અમીર વિશ્વના અબજોપતિમાં સ્થાન પામવા આતુર છે. એમ.એલ.એ. સેવાવ્રત ધારણ કર્યા સિવાય એમ.પી.ના ખ્વાબમાં રાચે છે અને ચૂંટાયેલા પ્રત્યેકનું મન મંત્રી બનવા તડપતું હોય છે. આવી ધનેષણાઓ, પદેષણાઓ માણસને દિલ દઈને કામ કરવા દેતી નથી. પરિણામે દરેક ક્ષેત્રે આજે અરાજકતા જોવા મળે છે.

પરિશ્રમ અને ધૈર્યના અભાવે જ્યારે માણસને નિષ્ફળતા મળે છે ત્યારે મોટાભાગનાં લોકો સંજોગો, કોઈનું પીઠબળ

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૪ ઉપર)

*નબળું મન શરીરને ઢીલું પાડે, મજબૂત મન ટટ્ટાર બનાવે છે.*

વિચાર વિમર્શ

# મન

• નવીન લાલકા •

પપ્પા, ચંચળ એટલે શું? ને આ દુનિયામાં સૌથી વધારે ચંચળ કોણ? હજી તો ઓફિસેથી આવીને ઘરમાં પગ મૂકું છું કે તરત જ મારી નાની દીકરી મોક્ષાએ સવાલ પૂછવા માંડ્યા. બેટા, ચંચળ એટલે કે જે કોઇક એક જગ્યાએ સ્થિર ન રહેતાં સતત આમ-તેમ ફરતું રહે. કોઇ સ્થળ કે કોઇ કાર્ય તેના માટે બંધનરૂપ ન હોય એ ચંચળ. આટલું સાંભળતાં જ મોક્ષા તરત જ બોલી, 'બરાબર-બરાબર હવે મને ખ્યાલ આવી ગયો. જેમ કે, પતંગિયું એક ફૂલ ઉપરથી બીજા ફૂલ ઉપર સતત ઊડ્યા કરે છે. ચકલી એક વૃક્ષ ઉપરથી બીજા વૃક્ષ પર ઊડે છે, ને હરણ કેટલી ચપળતાપૂર્વક પોતાની ચંચળતા બતાવે છે.' મેં કહ્યું, 'તારી વાત કદાચ સાચી છે. પણ બેટા, આ દુનિયામાં જો કોઇ સૌથી વધારે ચંચળ હોય તો તે છે માનવીનું 'મન'. એને ઊડવા ન તો પાંખોની જરૂર પડે છે કે ન તો દોડવા હરણ જેવા પગની. એ તો બસ તરંગોનાં મોજાં પર સવાર થઇને ઘડીકમાં તો જોજનો દૂર પહોંચી જાય છે.' મોક્ષાને તો એના પ્રશ્નનો ઉત્તર મળી ગયો. પણ મારું મન વિચારોના વમળમાં અટવાઇ ગયું. થોડીક ક્ષણોમાં તો કેટકેટલાય વિચારોના તરંગ મોજાં મનમાં આવી ગયાં.

મન માનવીના વિચારોનું જન્મ સ્થાન. માનવીના કાર્યોનું કેન્દ્ર સ્થાન. મન કે જેના જન્મ લેતા વિચારો માનવી પાસેથી કર્મ કરાવે છે. જો વિચારો સારા, તો કર્મ સારા; ને વિચારો ખરાબ, તો કાર્યો પણ ખરાબ. ક્યારેક હકારાત્મક તો ક્યારેક નકારાત્મક. કોઇના મનમાં સર્જનાત્મક તો કોઇના મનમાં આવે છે વિનાશકારી વિચારો. માનવીનું મન તેના વિચારો, તેના કાર્યો દ્વારા તેના સ્વભાવનો, તેના હૃદયના ભાવનો ખ્યાલ આપે છે.

'મન હોય તો માળવે જવાય', 'મન ચંગા તો કથરોટમેં ગંગા.' આપણી જૂની કહેવતો પણ આપણા મન બાબતે ઘણું કહી જાય છે. જો તમારું મન હશે તો જ તમે કોઇ કાર્ય સફળતાપૂર્વક કરી શકશો. તમારા મન ઉપર તમારી મરજી, તમારું ઇન્વોલમેન્ટ (Envolvement), તમારા કાર્યની સફળતાનો આધાર રહેલો છે. તમારી ગમતી પ્રવૃત્તિ, તમારો ગમતો વિષય, તમારી પ્રિય વ્યક્તિ સાથે તમે વધારે સારી રીતે રહી શકશો, કાર્ય કરી શકશો. આવું કેમ? કારણકે એ તમારા મનને ગમે છે. તમારા મનમાં જન્મ લેતા વિચારોના તરંગો સાથે જે તે વ્યક્તિના વિચારોના તરંગો સુમેળતા સાધી શકે છે, તાલ મેળવી શકે છે. અને એટલે જ તમારું મન, તમારું ચંચળ મન તે વ્યક્તિને, તે કાર્યને, તે વિષયને વધારે સારી રીતે અપનાવે છે.

કહે છે કે કુદરતની લીલા અકળ છે. કુદરત ક્યારે કઇ લીલા કરે તે આપણે કળી શકતા નથી, જાણી શકતા નથી. માનવીના મનનું પણ કંઇક આવું જ છે. માનવીનાં મનમાં એક જ વિચારનું ઉત્પાદન સર્જન નથી થતું. ગમે ત્યારે, ગમે તેવા, સારા-ખરાબ, સર્જનાત્મક-નકારાત્મક વિચારો અવિરતપણે માનવીના મનમાં બને છે. દીર્ઘકાલીન વિચારો માનવીના મનના આદેશ મુજબ વિકાસ પામે છે. કોઇક આકાર, કોઇ યોજના બને છે. આ યોજના કદાચ રચનાત્મક પણ હોય, કદાચ વિનાશકારી પણ હોય. કારણ.... કારણ માનવીનું મન.

*'કદમ અસ્થિર હોય તો, રસ્તો નથી જડતો,*
*અડગ મનના મુસાફરને, હિમાલય પણ નથી નડતો.'*

નાનકડી બે લીટી દ્વારા કેટલું બધું કહેવાઇ ગયું, સમજાવાઇ ગયું, મહત્ત્વ બતાવાઇ ગયું મનનું. જો તમારું મન, તમારું મનોબળ મજબૂત નહીં હોય તો તમને રસ્તો નહીં જડે. અર્થાત તમારું નિર્બળ મન કાંઇ પણ વિચારવા સક્ષમ નહીં હોય. તમે તમારું સારું-ખરાબ, તમારી મંઝીલ-ધ્યેય નક્કી નહીં કરી શકો. તમને સફળતા તરફનો મારગ જડશે જ નહીં. પણ જો તમારું મન, તમારું મનોબળ મજબુત હશે તો તમે તમારા કાર્યને, તમારા ધ્યેયને સિદ્ધ કરવા સાચો અને સારો મારગ પસંદ કરી શકશો. તે માટે રસ્તામાં આવતી તમામ મુશ્કેલીઓનો સામનો કરીને તમારી મંઝિલ, તમારા ધ્યેયને સિદ્ધ કરશો. મુશ્કેલીઓ નાની હોય કે મોટી તમારા મનને ડરાવી નહીં શકે, ડગાવી નહીં શકે. તમે જરૂર વિજય મેળવશો. કારણ.... કારણ તમારું મન. જી હા, તમારું મજબૂત મનોબળવાળું મન.

આપણા જૈન ધર્મમાં પણ મનને પ્રાધાન્યતા આપવામાં આવેલ છે. સાંવત્સરિક ક્ષમાપના કરતી વખતે આપણે પરસ્પર હાથ જોડીને બોલીએ છીએ કે, ''મન વચન અને કાયાના ત્રિવેણી યોગથી મારાથી જાણતા કે અજાણતા આપના દિલને ઠેસ પહોંચી હોય, દુઃખ પહોંચ્યુ હોય તો 'મિચ્છામિ દુક્કડમ' '' જોયું, અહીંયા પણ મનને પ્રથમ બોલીએ છીએ. કારણ જો મારા મનમાં તમારા પ્રત્યે કોઇ વેરભાવ, કોઇ દ્વેશ ઉત્પન્ન થાય તો તે વચન (જીભ) દ્વારા કે કાયા દ્વારા તમને તકલીફ આપે, હાનિ પહોંચાડે પણ જો મનમાં આવો કોઇ વિચાર ન આવે તો.... તો આ પ્રશ્ન જ ન ઊભો થાય. અર્થાત્ માનવીનું મન વિચારોનું, તરંગોનું ધમધમતું કારખાનું. તેના પોતાના જીવન ઉપર અતિશય પ્રભાવ પડે છે.

આ લેખ વાંચતી વખતે પર્યુષણ પર્વ ચાલતા હશે અથવા સમાપ્તિના આરે હશે. આ પ્રસંગે 'મંગલ મંદિર'ના તમામ વાંચકોની ભાવનાને વર્ષ દરમિયાન ઠેસ પહોંચી હોય, જાણતા કે અજાણતા દુઃખ પહોંચ્યું હોય તો તે સર્વેને 'મિચ્છામિ દુક્કડમ.' લેખ વાંચીને જો તમને ઇચ્છા થાય તો તમારા મનને, તમારી જાતને સમજવાનો પ્રયત્ન કરજો.

***'મંગલ મંદિર' : સપ્ટેમ્બર-૨૦૦૭***

*જે માણસ પોતાની આબરુ જેટલી જ બીજાની પણ આબરુ સાચવે છે તેનામાં સ્વમાનનો સાચો વાસ છે.*

# ભારતનો સાચો સુવર્ણકાળ

• મુરજી ગડા •

સતત ભૂતકાળમાં રાચતા અને એને વટાવતા વર્ગની એક ખાસિયત એ છે કે નાની અમથી વાતમાં એ તરત "પહેલાના જમાનામાં" પહોંચી એની ભવ્યતાની વાતો કરવા માંડે છે. એમનો એ પહેલાનો જમાનો એટલે રામાયણ અને મહાભારતમાં વર્ણવાયેલ વેદિક કાળ. "જૂનું એટલું સોનું, નવું એટલું નકામું" એ એમનો મંત્ર છે. તે સિવાય અન્યત્ર જ્યારે પણ ભારતીય સંસ્કૃતિની વાત આવે છે ત્યારે એની વિશિષ્ટતાનો બધો યશ આ વેદિક સમયકાળને ફાળે જાય છે.

આ સમયકાળ ઉપરાંત પણ ભારતના ભૂતકાળમાં ઘણું બધું બની ગયું છે. ઘણાંને એનો ખ્યાલ નહીં હોય કે પછી એનાથી એમનો હેતુ સરતો નહીં હોય એટલે રસ ન હોય. ક્યાંક સાંભળેલું કે વાંચેલું આગળ ચલાવવાની વૃત્તિ પણ આમાં ભાગ ભજવે છે.

આ વેદિક કાળ સાચે જ કેવો હતો, એનું યોગદાન કેટલું અને કેવું રહ્યું, એની ભવ્યતાના ખ્યાલ ક્યાંથી અને ક્યારે આવ્યા એની થોડી ચર્ચા કરીએ.

ઈતિહાસે છેલ્લા ૨૫૦૦ વરસની આછીપાતળી નોંધ રાખી છે એને ઐતિહાસિક સમય કહેવાય છે. એના પહેલાંનો ૧૦૦૦ વર્ષ લાંબો એવો સમય વેદિક કાળ કે પૌરાણિક કાળ ગણાય છે. એના પહેલાં પણ ૨૦૦૦ વરસ સુધી ઉત્તર અને પશ્ચિમ ભારત તેમજ આજના પાકિસ્તાનમાં હરપ્પન સંસ્કૃતિ વિકસી હતી. કમનસીબે આજે એના વિશે ઘણી ઓછી માહિતી ઉપલબ્ધ છે. ભૂતકાળની આ પ્રસ્તાવના અને ચર્ચા વર્તમાનને સમજવા તેમજ ભવિષ્યની શક્યતાઓને આલેખવા જરૂરી છે.

એક વિચારધારા પ્રમાણે વિદેશીઓએ કરેલ ભારતીય સંસ્કૃતિના તેજોવધના પ્રત્યાઘાતરૂપે ૧૭મી સદી અને ત્યાર પછીના ઈતિહાસકારોએ ભારતનો વેદિક સમય હતો એના કરતાં ઘણો જ વધારે ભવ્ય ચીતરવાનો શરૂ કર્યો. એ મનોવૃત્તિ અને ખ્યાલ ત્યારથી પાંગરતા આવ્યા છે.

જે ઈતિહાસમાં નોંધાયેલું હતું એને વધુ પડતું બદલાવવું શક્ય નહોતું, પણ પૌરાણિક કાળને જોઈએ એટલો અને એવો ઑપ આપી શકાતો હતો. એના માટેનો મંચ પણ તૈયાર હતો, જેનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો. વૈદિક કાળની આ વિશિષ્ટ માર્કેટિંગને લીધે બીજા બધા સમયકાળની સિદ્ધિઓને યથાયોગ્ય સ્વીકૃતિ નથી મળી. આજના ભારતના વારસા પાછળ બધા જ સમયકાળનું યોગદાન છે. એની પાછળ જે અગણિત લોકોનો પુરુષાર્થ રહેલો છે તેઓ હંમેશને માટે ગુમનામ થઈ ગયા છે.

વ્યક્તિ, બનાવ અને વિચારસરણીના માર્કેટિંગની અસર તેમજ એના અભાવના પરિણામોની ઊંડાણપૂર્વકની ચર્ચા સ્વતંત્ર લેખમાં કરવામાં આવશે.

વિદેશી ઈતિહાસકારો જ્યારે પ્રાચીન સભ્યતાઓની વાત કરે છે ત્યારે ઈજિપ્ત, મેસોપોટેમિયા, ગ્રીસ, ચીન વગેરેનું નામ પહેલાં લેવાય છે. ભારતનું નામ પછી લેવાય છે. આની પાછળ એમનો ભારતદ્વેષ નહીં પણ પુરાવાના અભાવ ઉપરાંત એમના ખ્યાલો આપણાથી અલગ હોવાની શક્યતા વધુ છે. ઈજિપ્ત અને ગ્રીસની પ્રાચીન સભ્યતાના પ્રતિક સમા અવશેષો ત્યાં હજી ઊભા છે અને એમની સિદ્ધિઓની પ્રતીતિ કરાવે છે. આપણી પાસેના પ્રતીક એના બૌદ્ધ સ્તુપ, શિલાલેખ, નાલંદા વગેરે બધા વેદિક કાળના નહીં, બલકે ત્યાર પછીના ઐતિહાસિક સમયના અવશેષ છે.

પુરાતત્ત્વ ખોદકામથી મળી આવેલી બધી વસ્તુઓ હરપ્પન સભ્યતાની છે. જેમાં ખેતીના અને બીજા ઓજારો છે પણ યુદ્ધને લગતા હથિયાર ખાસ નથી. આ એમની શાંતિપ્રિયતાની નિશાની છે. વેદિક સભ્યતાના પ્રતીક એવા શસ્ત્રો, અસ્ત્રો, રાજાઓના મુગટ, તૂટેલા રથના ભાગ વગેરે વસ્તુઓ હજી સુધી કોઈ ખોદકામમાંથી મળી નથી.

હરપ્પન સંસ્કૃતિ વિશે ભલે મર્યાદિત માહિતી હોય પણ એના પછીના સમય પરની એની અસરને અવગણી ના શકાય. અહિંસક વિચારધારા ધરાવતા બૌદ્ધ અને જૈન ધર્મના મૂળ શાંતિપ્રિય હરપ્પન સભ્યતામાં હોવાની શક્યતા વધારે છે. યુદ્ધવીરોને બિરદાવતી લડાયક વેદિક સભ્યતામાં હોવાની શક્યતા ઘણી ઓછી છે.

વેદિક કાળની સૌથી મોટી પૂંજી છે ગ્રંથો, મહાગાથાઓ અને અન્ય પુસ્તકો. વિવિધ વિષયો પરનું લખાણ ત્યારથી જ શરૂ થયું છે. એમાં સમાયેલું વિસ્તૃત જ્ઞાન આજે પણ એટલું જ સુસંગત છે. છતાંયે પુસ્તકોની કેટલીક મર્યાદાઓ હોય છે. એ ક્યારે લખાયા અને પાછળથી એમાં કેટલા અને કેવા ફેરફાર થયા એ વિશે ચોક્કસપણે કંઈ કહી શકાતું નથી. શું હોવું જોઈએ અને શું હોઈ શકે છે, એવી લેખકની કલ્પનાઓ અને અપેક્ષાઓ પુસ્તકોમાં વધુ હોય છે. એ બધું સો ટકા વાસ્તવમાં હતું એમ માની લેવામાં ભોળપણ છે. વેદિક કાળનું જ્ઞાન સૈદ્ધાંતિક હોવાની શક્યતા વધુ છે. એનો વ્યવહારિક ઉપયોગ ઘણી સદીઓ પછી થયો હતો. આજે પણ નવી શોધના વ્યવહારિક ઉપયોગ માટે સદીઓ નહીં તો દાયકાઓ તો લાગે જ છે.

*બાળકો સાથે સફળતાપૂર્વક કામ પાર પડાવવાનું રહસ્ય એના વડીલ નહીં બનવામાં રહેલું છે.*

પૌરાણિક દંતકથાઓ અવાસ્તવિક્તા, અસંગતતા અને વિરોધાભાસથી ભરપૂર છે. એની ચર્ચા, એ વિવાદોનો મધપૂડો છંછેડવા બરાબર છે. ચમત્કારોથી ભરપૂર વાર્તાઓ લોકોને વધુ ગમે છે. પણ દંતકથાઓને જ્યારે ઈતિહાસના નામે ફેલાવવામાં આવે છે ત્યારે અજ્ઞાન અને અંધશ્રદ્ધા પાંગરે છે. ભૂતકાળનું ગૌરવ હોવું એ એક વાત છે અને એના નશામાં પડ્યા રહેવું એ બીજી વાત છે. દરેક પ્રકારનો નશો પ્રગતિની આડે આવી હાનિકારક બને છે.

વર્ણવ્યવસ્થાને પરિણામે શરૂ થયેલી અસ્પૃશ્યતા પણ વેદિક સભ્યતાની જ ઉપજ છે. આ ભારતીય સંસ્કૃતિ પરનું સૌથી મોટું કલંક રહ્યું છે. વેદિક સમય બ્રાહ્મણો અને ક્ષત્રિયો માટે ભલે સુવર્ણકાળ હોય, આમપ્રજા માટે તો નહોતો જ.

છેલ્લા ૨૫૦૦ વરસની ઈતિહાસની નોંધ પ્રમાણે ઉત્તર ભારતનો સુવર્ણકાળ મૌર્યવંશ, ગુપ્તવંશ અને પછી ઠેઠ મોગલકાળના પૂર્વાર્ધ દરમિયાન ગણવામાં આવે છે. આ ઉપરાંત ભારતમાં એક લાખથી પણ વધારે રાજાઓ થઈ ગયા. એમાંથી ઈતિહાસમાં ગૌરવશાળી સ્થાન પામેલા રાજાઓની સંખ્યા સો બસોથી વધુ નહીં હોય.

રાજાશાહીના જમાનાની ફક્ત ઉપલા વર્ગની વાતો જ નોંધાયેલી છે. ૯૯ ટકા પ્રજાની કથા વ્યથાનો ક્યાંય અણસાર નથી. પ્રજાનો એક મોટો ભાગ દલિત અને દાસ હતો. એમના માટે સંપત્તિ રાખવાનું શક્ય અને માન્ય નહોતું. બીજો વિશાળ વર્ગ ખેડૂતોનો હતો. તેમના પર કરનો બધો ભાર હતો. પુષ્કળ રાજકીય અને સામાજિક બંધનો હતા. શિક્ષણ અને સ્વતંત્રતાનો સદંતર અભાવ હતો. પડોશી રાજ્યો વચ્ચેના યુદ્ધ એક સામાન્ય ઘટના હતી. વેપારી વર્ગ સિવાય વ્યક્તિગત આર્થિક પ્રગતિ શક્ય નહોતી.

સદીઓ સુધી ચાલેલી આ રાજકીય અરાજકતા છતાંયે ભારતીય સંસ્કૃતિ પાંગરતી રહી છે. ભવ્ય મંદિરોનું નિર્માણ, સ્થાપત્ય શિલ્પ, ચિત્રકામ, સંગીત, સાહિત્ય વગેરે જે આજે પણ મોજૂદ છે એનો મોટો ભાગ આ સમય દરમિયાન થયેલો છે. કમનસીબે ઈતિહાસે એની ખાસ નોંધ લીધી નથી.

વર્તમાનને વખોડનારાઓને નહીં દેખાય પણ ભારત માટે સાચો સુવર્ણકાળ હવે આવ્યો છે. સાચો એટલા માટે કે પહેલાંની જેમ એ ફક્ત ખાસ વર્ગ પૂરતો મર્યાદિત નથી પણ સંપૂર્ણ દેશ માટે છે. આ માત્ર આર્થિક પ્રગતિ નહીં પણ બધી બાબતોને લાગુ પડે છે.

પહેલીવાર ભારત એક રાષ્ટ્રીય એકમ તરીકે ઉભરી આવ્યો છે. ગુંગળાવી નાંખતી પુરાણી સમાજ વ્યવસ્થા આજે શોષિત આર્થિક વ્યવસ્થામાંથી દલિત, ગરીબ અને સ્ત્રી વર્ગ બહાર નીકળી રહ્યો છે. રાજકીય સ્વતંત્રતા કરતાં આ સામાજિક અને આર્થિક સ્વતંત્રતા એમના માટે વધુ મહત્ત્વ ધરાવે છે. શિક્ષણ વધ્યું છે. ચેપી રોગો અંકુશમાં આવ્યાથી આવરદા લંબાઈ છે. બધાને વિવિધ ક્ષેત્રોમાં પોતાની કુશળતા અજમાવવાની તક મળી છે. કળા, મનોરંજન, વ્યવસાય વગેરે બધા ક્ષેત્રોમાં આ સ્પષ્ટ દેખાય છે. જાતિવાદ, અસ્પૃશ્યતા, પરપ્રાંતના લોકો પ્રત્યેનો અણગમો અને અવિશ્વાસ ઓછા થઈ રહ્યા છે. વિકસતા શહેરો, પરિવહન અને સંદેશા વ્યવહારનો આની પાછળ ઘણો મોટો ફાળો રહેલો છે.

આર્થિક પ્રગતિના આંકડામાં ન દેખાતી આ બધી બાબતો સમાજ અને દેશને શક્તિશાળી બનાવવામાં અને ટકાવી રાખવામાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

છેલ્લા દોઢ દાયકામાં આર્થિક ક્ષેત્રે સાધેલ પ્રગતિના લીધે ભારત આજે આગલી હરોળના દેશો વચ્ચે સ્થાન મેળવી શક્યું છે. આની પાછળ આપણી મહેનત અને કાબેલિયત ઉપરાંત કુદરતની કૃપા અને આંતરરષ્ટ્રીય સંજોગોએ પણ મોટો ભાગ ભજવ્યો છે. આઝાદીએ આપણને આબાદીની જે તક આપી છે એના ફળ બધાને એકસરખા અને આપોઆપ નથી મળી જવાના. એ મેળવવાની સ્વતંત્રતા મળી છે, જે પુરાણી સમાજવ્યવસ્થામાં નહોતી. લાયકાત આપણે પોતે કેળવવાની છે.

બદલાતી સામાજિક અને આર્થિક વ્યવસ્થાથી જેમને કંઈક ગુમાવવાનું છે એ લોકો ધર્મદ્રોહ, નૈતિક અધઃપતન, સંસ્કૃતિનો નાશ વગેરે નારા લગાવીને એનો વિરોધ કરતા રહેવાના. એમની વાતોમાં જે થોડુંઘણું પણ સત્ય હોય તે એકંદરે થયેલ પ્રગતિની ચૂકવવી પડતી કિંમત ગણાશે.

કોઈ ગમે તેટલો વિરોધ કરે પણ જે પરિવર્તન ચાલુ થયું છે તે અટકવાનું નથી, કારણ એમાં આપણે એકલા નથી. આપણા પૂરતું એને ધીમું પાડી શકીએ એટલું જ.

પહેલી વખત મોટાભાગની દુનિયા એક જ દિશામાં જઈ રહી છે. એ છે લોકશાહી રાજ્ય પદ્ધતિ અને મુક્ત વેપારની આર્થિક નીતિ. બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ અને ભારતની આઝાદી વખતે ફક્ત ૨૫ દેશોમાં લોકશાહી હતી. ૬૦ વરસમાં એ સંખ્યા વધીને ૧૨૫ જેટલી થઈ ગઈ છે. જે દેશોમાં હજી સુધી લોકશાહી નથી અપનાવી, એમણે પણ મુક્ત આર્થિક નીતિ અપનાવી છે. દુનિયાથી અલિપ્ત રહેવાની સનાતની મનોવૃત્તિ અધોગામી છે.

આપણી જ પ્રગતિથી અંજાઈને આપણે આત્મગૌરવથી આગળ વધી આત્મપ્રશંસા / આત્મશ્લાઘા સુધી જવા લાગ્યા છીએ. બેઠામાંથી ઊભા થઈ ચાલવા માંડ્યું છે. દોડવાનું હજી બાકી છે ત્યાં જીતવાની વાતો થાય છે. કેટલાક લોકોને મહાસત્તા બનવાનું હાથવેંતમાં લાગે છે.

ઊંચું ધ્યેય રાખવામાં કંઈ ખોટું નથી પણ પગ જમીન પર હોવા જરૂરી છે. સફળતા કોઈને સારો કે ખરાબ નથી બનાવતી. માણસ કે સમાજમાં મૂળભૂત ગુણ કે અવગુણ, જે પણ હોય એને તે બહાર લાવે છે. આ નિયમ માણસની જેમ રાષ્ટ્રને પણ લાગુ પડે છે.

*એક પરમાત્મા પ્રાપ્તિનો ઉદ્દેશ હોવાથી કોઈપણ સાધન નાનું મોટું હોતું નથી.*

હવે વાસ્તવમાં એક ડોકિયું કરીએ. દુનિયાની કુલ વસતિનો છઠ્ઠો ભાગ ભારતમાં વસે છે. જ્યારે આપણે દુનિયામાં થતાં કુલ ઉત્પાદનના છઠ્ઠા ભાગ જેટલું ઉત્પાદન કરીએ, દરેક ક્ષેત્રની "એકસો શ્રેષ્ઠ"ની યાદીમાં ૧૭ નામો ભારતીયોના આવતા થાય ત્યારે આપણે દુનિયાની સરેરાશમાં આવ્યા કહેવાશું. આગેવાન બનવાની વાત પછી આવશે. રમતગમત જેવા કેટલાક ક્ષેત્રોમાં હજી તો ખાતું માત્ર ખોલ્યું છે.

રાષ્ટ્રીય ઉત્પાદનમાં જે રાષ્ટ્રોથી આગળ નીકળવાની સંભાવના છે એમના કરતાં આપણે વિસ્તારમાં દસ ગણા અને વસતિમાં પંદર ગણા જેટલા મોટા છીએ. વૈશ્વિકીકરણ અને ઔદ્યોગિકીકરણના આ જમાનામાં જ્યારે માનવ સંખ્યા એ ખરી સંપત્તિ છે ત્યારે વસતિ પ્રમાણે દેશોના ક્રમ અને મહત્ત્વ રહે એ સ્વાભાવિક છે. આપણું વાજબી સ્થાન હોવું જોઈએ એ તરફ આગળ વધી રહ્યા છીએ એટલું જ. આજે વસતિની રીતે ભારત દુનિયાનો બીજા નંબરનો અને ક્ષેત્રફળની રીતે દુનિયાનો સાતમા નંબરનો મોટો દેશ છે (ક્ષેત્રફળમાં ભારતથી ગણા મોટા દેશ એવા કેનેડા અને ઓસ્ટ્રેલિયાની જેટલી વસતિ છે એટલો વસતિ વધારો ભારતમાં એક વર્ષમાં થાય છે.)

આર્થિક પ્રગતિથી ન્યાયતંત્રની જડતા, કાયદો અને વ્યવસ્થાનો અભાવ, ભ્રષ્ટાચાર, ટ્રાફિકની સમસ્યા, જાહેર જગ્યાઓની ગંદકી વગેરે પ્રશ્નો હલ નથી થઈ જવાના. એમ કહેવાય છે કે અંદરથી સડો લાગ્યા સિવાય બહારથી પડી ભાંગવું સહેલું નથી. આને જ બીજી રીતે જોતાં એમ કહેવાય કે બીજાઓ પર સરસાઈ મેળવવી હોય તો અંદરનો સડો દૂર કરવો આવશ્યક છે. મહાસત્તા બનવા માટે આ બધું કરવું જરૂરી છે.

રાજકારણીઓ ભલે આંતરિક વિવિધતાને આપણી શક્તિ કહેતા હોય પણ એ એક પ્રચાર જ છે. વાસ્વતમાં આપણો જાતિવાદ, પ્રાંતવાદ, ધર્મવાદ વગેરે પ્રગતિમાં હંમેશાં બાધારૂપ રહ્યા છે. આપણું રાજકારણ એનો પડઘો પાડે છે.

ભાગ્યમાં માનતી અને મન મનાવીને બેસી રહેતી અશિક્ષિત, ગરીબ પ્રજા હવે એટલી ભોળી નથી રહી. આનો યશ ટી.વી.ને ફાળે જાય છે. એમની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ વધી છે. આર્થિક અસમાનતા પ્રત્યેના એમના પ્રત્યાઘાતો પ્રગતિમાં અવરોધ બની શકે છે.

આટલા બધા નકારાત્મક પરિબળો ઉપરાંત વર્તમાનકાળ આગલા કોઈપણ સમયકાળ કરતાં પ્રજા માટે વધારે સારો છે. ભારતના સાચા સુવર્ણકાળની આ હજી શરૂઆત છે. મધ્યાહ્ને પહોંચવામાં હજી ઘણી વાર છે. જ્યારે પણ ત્યાં પહોંચીએ એનો યશ પ્રગતિશીલ નવી વિચારસરણીને હશે. પરિવર્તન વિરોધી જૂનવાણી માનસને નહીં.

***'મંગલ મંદિર' : નવેમ્બર-૨૦૦૭***

---

## પરિવર્તન

**(અનુસંધાન : પાના નં.-૫૦ ઉપરથી ચાલુ)**

નથી, ધારી તક ન મળી... વગેરે વગેરે જેવી ઘસાઈ ગયેલી દલીલોનો આશરો લે છે. પરિણામે જીવનમાં કશી પ્રગતિ કરી શકતા નથી અને પરિસ્થિતિમાં પોતાની ઈચ્છા મુજબનું પરિવર્તન લાવી શકતા નથી.

જેઓ પોતાની જાતને મદદગાર ન હોય તેને જગતના લોકો પણ ક્યાંથી મદદ કરવાના? જીવન પ્રત્યે માંદલો દૃષ્ટિકોણ, પ્રયત્નો પ્રત્યે નિષ્ઠાનો અભાવ, સમુચિત સાધનો સંચિત કરવા પ્રત્યેની ઉદાસીનતા ધરાવનાર એક પણ કદમ આગળ વધી શકતો નથી. એનાથી પોતાની જાતને ઘડનાર સામાન્ય માણસો પણ પરિસ્થિતિને મનોવાંછિત દિશા આપવામાં સફળ નીવડ્યાના હજારો દાખલાની ઈતિહાસના પાના શાખ પૂરે છે. કોઈપણ કાર્યમાં મનને સંપૂર્ણપણે કેન્દ્રિત કર્યા સિવાય સફળતા પ્રાપ્ત થતી નથી. આપણને મકાનના ઈજનેર બનવાની કળા આવડે છે પણ સફળતાના ઈજનેર બનવાની કળા નથી ફાવતી. પરિણામે ગણ્યાગાંઠ્યા ઈજનેરો સફળ બની શકે છે અને બાકીનાને મોઢે ફરિયાદનો ઢગલો હોય છે.

જાતને ઘડનારે ખ્વાબમાં રાચવાને બદલે જીવનના સિપાહી બનવા માટે સતત તૈયારી રાખવી પડે છે. સિપાહી વિજયને નજર સમક્ષ રાખે છે. પણ એની નિષ્ઠા યુધ્ધલક્ષી હોય છે. પોતાના ધ્યેયને વરેલા છે અને એ ધ્યેય જ રણસંગ્રામમાં એનું પ્રેરકબળ બનતું હોય છે. જાતને ઘડનારે પ્રત્યેક પળ ઝઝૂમવા તૈયાર રહેવું પડે છે. એક જ લક્ષ્ય, એક જ દ્રઢ નિર્ધાર. મારે જે કાંઈ પામવું છે એને માટે મારી જાતને ઘડીને સર્વથા તૈયાર કરીશ. જાતમાં આવો બદલાવ લાવી શકે તે જ પરિસ્થિતિઓને બદલી શકે. આત્મ ઘડતર એ તપસ્યા છે. આ તપસ્યા એટલે જાતને સાચવવી પડે છે, ટીપવી પડે છે, ટપારવી પડે છે અને કસોટીઓની હિંમતતોડ આગમાંથી પસાર કરવી પડે છે. આ કામ સહેલું નથી. એટલે જો પરિસ્થિતિ - બદલાવવાનું તૈયાર ભાણું મળતું હોય તો માણસ ખેતર ખેડીને પાક તૈયાર થાય એટલો પરિશ્રમ ઉઠાવવા શું કામ તૈયાર થાય? પાર્થિવ જીવન એટલે જ જાત મહેનતથી જીવન ઘડતર માટે પરમ શક્તિને કોલ આપીને ધારણ કરેલો માનવજન્મ! દુઃખ કેમ આવ્યું એવું પૂછવાનો આપણને અધિકાર નથી! દુઃખ તો આવવાનું જ, એના સામના માટે પડકાર ઝીલવા કટીબધ્ધ મનઃસ્થિતિ એ આપણા પાર્થિવ જીવનનું સ્તર છે. આ વાત સમજનાર જ જાતને બદલવા - ઘડવા તૈયાર થાય.

*જ્યારે તક આવે ત્યારે તૈયાર રહો કેમકે જ્યાં તક અને તૈયારી ભેગા મળે છે તેને જ "ભાગ્ય" કહે છે.*

***ડેલ કાર્નેગી***

*ક્યાંય કશું કાયમી નથી, સિવાય પરિવર્તન.*

***- હેરા ક્લિટસ.***

***'મંગલ મંદિર' : ઓક્ટોબર-૨૦૦૭***

*બીજાના દુઃખને સમજવામાં જ સાચી માનવતા સમાયેલી છે.*

# ભારત : પતન અને પ્રગતિ

• મગનલાલ સંઘવી •

સપ્ટેમ્બરના મંગલ મંદિરનો તંત્રી લેખ વિચાર પ્રેરક રહ્યો, સાથે છેલ્લો ભાગ સ્ફોટક પણ લાગશે.

તેઓએ મધ્યયુગમાં થયેલા ભારતના સામાજિક અને રાજકીય પતનના કારણોનો ઉલ્લેખ કરેલો છે. એ કદાચ જૈનોને અનુલક્ષીને કરેલો છે. પણ પતન ઉત્થાનની પ્રક્રિયા તો જૈનો આવ્યા પહેલાંથી ચાલતી આવી છે અને સમગ્ર ભારતીય સમાજને અસર કરી છે એવા અન્ય પરિબળો પતન માટે કદાચ વધારે જવાબદાર છે.

સમગ્ર ભારતીય સમાજની દૃષ્ટિએ જોઈએ તો ધર્મના શુદ્ધ સ્વરૂપને જવાબદાર ગણી શકાય નહીં. 'હિંદુ' નામનો કોઈ સ્થાપિત ધર્મ છે ખરો? પરદેશીઓએ સિંધુ નદી આસપાસ વસેલી પ્રજાને એ નામ આપ્યું. પ્રાચીન ઋષિઓએ એક આદર્શ જીવન પદ્ધતિ કે સંસ્કૃતિ વિકસાવી હતી. જેને કોઈ ધર્મનું નામ સંપ્રદાયના અર્થમાં અપાયું જ ન હતું. કહેવા માટે એ વૈદિક ધર્મ હતો. વિદેશીઓના આવ્યા બાદ જ હિંદુ ધર્મ બન્યો.

અહિંસાના ઉપદેશને પણ પૂરી રીતે જવાબદાર ગણી શકાય નહીં. વેદકાળના યજ્ઞોમાં હિંસા વ્યાપક પ્રમાણમાં થતી. ક્રિયાકાંડો ખૂબ જ વધી ગયા હતા. આ બાબતોનો જૈન અને બૌદ્ધ ધર્મના પ્રચારકોએ સખત વિરોધ કર્યો અને બ્રાહ્મણ તથા વૈશ્ય સમાજમાંથી હિંસા લગભગ નાબૂદ થઈ, પણ એ સિવાય બાકીના મોટા સમૂહમાં ચાલુ રહી હતી.

આમ સમગ્ર ભારતના સામાજિક, રાજકીય અને આર્થિક પતન માટે નીચેના કારણો આપી શકાય :

૧. ધર્મ અને અધ્યાત્મનું ખોટું અર્થઘટન.
૨. વર્ણવ્યવસ્થા. એના કારણે થયેલા સમાજના ભાગ.
૩. રાજકીય એકતાનો અભાવ. એના કારણે લાંબા સમય સુધી રહેલું વિદેશી શાસન.

આ બાબતોને વિસ્તારથી જોઈએ.

## • વૈદિક ધર્મ :

વૈદિક ધર્મે ભૌતિક સંપત્તિનો નિષેધ ક્યારેય કર્યો નથી. તેઓના યજ્ઞો અને કર્મકાંડ ભૌતિક લાભ માટે જ હતા. મહાવીર અને બુદ્ધે યજ્ઞો અને ક્રિયાકાંડોમાં થતી વ્યાપક હિંસાનો વિરોધ કર્યો અને ઘણા અંશે સફળ પણ થયા. તેઓએ પોતાના ધર્મોને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું. સિદ્ધાંતો પ્રસ્થાપિત કર્યા. બુદ્ધે મધ્યમ માર્ગ પસંદ કર્યો. મહાવીરના અહિંસાના વિચારને વ્યાપક આવકાર મળ્યો. મૂળભૂત રીતે આ બંને ધર્મો પૂરા પુરુષાર્થવાદી હતા. પણ ત્યાગ, મોક્ષ કે નિર્વાણ ઉપર વધારે ભાર આપવાના કારણે ધર્મ અધ્યાત્મનો અર્થ જ બદલાઈ ગયો. સંસાર અસાર છે, જગત મિથ્યા છે. ભૌતિક સંપત્તિનો ત્યાગ, ઇંદ્રિય દમન, શરીરને કષ્ટ આપો, પરભવનું ભાથુ બાંધો, પોતાના આત્માનો ઉદ્ધાર કરો વગેરે ઉપદેશો અપાયા. આમાં નવા વિચારો જ બંધ થયા. નવા સંશોધનોનો સવાલ જ રહ્યો નહીં. જે બધું કલ્પનામાં જ હતું એ સ્વર્ગ અને મોક્ષની લાલચ અને નરકના ભયની પાછળ પુરુષાર્થનો છેદ ઊડી ગયો. બધું મિથ્યા કહેવાય ત્યાં વારસાને સાચવવાની વાત જ કોણ કરે? સાહિત્ય સર્જન ઘણું થયું. ગ્રંથો લખાયા. ભવ્ય કલ્પનાઓ ગ્રંથોમાં થઈ પણ મૂર્ત સ્વરૂપ આપવાની વાત જ નહીં. વિદેશીઓએ બધું આપણા શાસ્ત્રોમાંથી લીધું છે એવી શેખી કરીએ છીએ પણ તેઓ જે કરી શક્યા તે આપણે કેમ ન કર્યું એનો કોઈ જવાબ છે? ***આધુનિક સમયની એક પણ શોધ આપણા નામે ચડી છે ખરી?*** લાખોની સંખ્યામાં સંઘરાયેલી આપણી હસ્તપ્રતો ધૂળ ખાય છે. વિદેશીઓ લઈ ગયા ત્યારે હવે આંખ ઉઘડી છે. આપણી કલા કૃતિઓથી વિદેશોના સંગ્રહાલયો સમૃદ્ધ થયા છે, પણ આપણને સાચવવાની પડી ન હતી. આજે પણ આ પ્રક્રિયા ચાલુ છે.

ધર્મમાં પ્રવેશેલા ત્યાગવાદ અને મિથ્યાવાદનું આ પરિણામ છે.

## ૨. વર્ણ વ્યવસ્થા :

ભારતીય સમાજના પતનનું બીજું મોટું કારણ.

૪ વર્ણના ભેદ વ્યવસ્થાઓના વર્ગીકરણના હિસાબે પાડવામાં આવ્યા હતા, તે જન્મ આધારિત બન્યા અને મનુસ્મૃતિના આધારે બ્રાહ્મણો સૌથી ઉચ્ચ અને ક્ષુદ્ર સૌથી નીચ ઠરાવાયા. બ્રાહ્મણો વિદ્યા મેળવે અને વહેંચે - શીખવે એવી વ્યવસ્થા નક્કી થઈ, પણ તેઓએ વિદ્યા અને ભાષા ઉપર એકાધિકાર સ્થાપી દીધો. હદ તો ત્યારે થઈ જ્યારે સફાઈ કરતા વર્ગ (જે સમાજ માટે જરૂરી હતો) ને સૌથી નીચો ગણી અસ્પૃશ્ય ઠરાવાયો. જાનવર કરતાં પણ નીચા. એનો પડછાયો પણ ન લેવાય. એને શિક્ષણનો અધિકાર નહીં. શસ્ત્રજ્ઞાન માત્ર ક્ષત્રિયોને જ અપાય (યાદ કરો એકલવ્યને!) વેદ વગેરે શાસ્ત્રો ભણે તો મૃત્યુદંડ (મર્યાદા પુરુષોત્તમ રામે વેદ ભણવા બદલ ક્ષુદ્રને મૃત્યુદંડ આપ્યો હતો.)

સંસ્કૃતમાં મોટાભાગનું સાહિત્ય હતું તેનો લોકભાષામાં અનુવાદ પણ ન કરાય. રામચરિત માનસની રચના બદલ તુલસીદાસજીને એટલો ત્રાસ આપવામાં

*દાન, પશ્ચાતાપ, સંતોષ, સંયમ, દીનતા, સત્ય અને દયા — આ સાત વૈકુંઠના દરવાજા છે.*

આવ્યો કે તેઓ ગ્રંથને ગંગાજીમાં ડૂબાડવા તૈયાર થઈ ગયા હતા. ક્ષત્રિય અસ્ત્ર શસ્ત્રો અને વૈશ્ય અર્થ ઉપાર્જન પૂરતી વિદ્યા મેળવે. ***બ્રાહ્મણ મૂર્ખ હોય તો પણ ઊંચો અને શુદ્ર મહાપરાક્રમી હોય તો પણ નીચો.*** (મહારથી કર્ણની કથા સૌ જાણીએ છીએ.)

હિંદુઓને દેશાટનની પણ મનાઈ કરીને કૂપમંડુક બનાવી દીધા. ભારતીય સંસ્કૃતિ સમગ્ર દક્ષિણ પૂર્વ એશિયામાં ફેલાઈ હતી. તેની સાથે સંપર્ક ન રહ્યો. દરિયો ઓળંગે એ ન્યાત બહાર. શુદ્ધિ કરવી પડે. આના પરિણામે બાલીને બાદ કરતાં ઈન્ડોનેશિયા, મલાયા, મુસ્લિમ બન્યા અને મ્યામા - શ્રીલંકા - થાઈલેન્ડ - કામ્પુચિયા વગેરે બૌદ્ધ બન્યા. છતાં સંસ્કૃતિની અસર આજે પણ ત્યાં દેખાય છે.

આ સમયમાં મોટા પ્રમાણમાં વિદેશીઓ દ્વારા ધર્મ પરિવર્તન થયા. દલિત વર્ગ દાન અને અપમાનથી એટલો ત્રસ્ત થયો હતો કે તેઓએ ઇસ્લામ સ્વીકાર્યો. જબરદસ્તી થઈ હતી પણ પ્રમાણમાં ઓછી. ઈસ્લામે તેઓને માણસ તો માન્યા, અહીં તો જાનવરથી પણ નીચા હતા અને જબરદસ્તી થઈ ત્યાં પણ શું થયું? કાશ્મીરમાં લગભગ હિંદુ વસતિ હતી, ત્યાં જબરદસ્તી થઈ અને ત્યારબાદ મુસ્લિમ બનાવાયા હતા. તે હિંદુઓએ પાછા હિંદુ બનવાની કોશિશ કરી તો વારાણસીના વિદ્વાન બ્રાહ્મણોએ કહી દીધું કે "એ નહિં બને, તમે ભ્રષ્ટ થઈ ગયા." આમ, કાશ્મીર ખીણની બધી પ્રજા મુસ્લિમ બની ગઈ. જેના પરિણામ આજ સુધી ભોગવીએ છીએ.

વનમાં વસતા આદિવાસીઓને આપણે જંગલી કહી સમાજમાં ભળવા જ ન દીધા. ખ્રિસ્તી મિશનરીઓએ આવી તેઓની સેવા - શુશ્રૂષા કરી, ભણાવ્યા અને પરિણામે તેઓ મોટા પ્રમાણમાં ખ્રિસ્તી બન્યા. મિશનરીઓની સેવા ભાવનાને બિરદાવવી જ પડે. ૫૫ વર્ષ પહેલાં અમે ઓરિસ્સાના આદિવાસી જિલ્લા સુંદરગઢના રૂરકેલા નામના નાના ગામડામાં ગયા હતા ત્યારે અને બિહાર (હવે ઝારખંડ)ના હજારીબાગ, રાંચી અને પલાખુ જિલ્લાઓમાં આ કામ નજરે જોયું છે.

હિંદુઓ મોડા મોડા જાગ્યા છે પણ નુકસાન તો થઈ ચૂક્યું છે. એનાથી વધારે ન થાય એટલું જ શક્ય થાય તો ઘણું.

હિંદુ જીવન પદ્ધતિના સદ્‌ભાગ્યે અહીં સમાજની અંદર જ સુધારકો પાક્યા અને સુધારાની ઝુંબેશ ઉપાડી. ***રાજા રામમોહન રાયથી શરૂ કરીને ગાંધીજી સુધીમાં વચ્ચે ઘણા સમાજ સુધારકો આવ્યા.*** વિદેશી શાસકોને તો સુધારાની શું પડી હોય? તો પણ લોર્ડ બેન્ટીક જેવા વાઈસરોયે સતી પ્રથા ઉપર પ્રતિબંધ મૂક્યો. સદ્‌ભાગ્યે હિંદુ ધર્મમાં કોઈને પણ એમ કહેવાની સત્તા નથી કે "જાઓ તમે હિંદુ નથી." કારણ આ સંપ્રદાય મૂલક ધર્મ નથી. આના પરિણામે સુધારકો આવતા રહ્યા અને હિંદુ સમાજ સુધારાઓને પ્રમાણમાં ઠીક ઠીક ઝડપથી અપનાવતો રહ્યો છે. દલિતોને આટલી હદે હડધૂત કરવા છતાં જેઓએ ધર્મ પરિવર્તન ન કર્યું તેઓ હિંદુ તો રહ્યા જ.

- **રાજકીય એકતાનો અભાવ :**

અગાઉ જણાવ્યું તેમ ભારત રાજકીય રીતે ક્યારેય એક ન હતું. છેક ચંદ્રગુપ્તના સમયથી તે મોગલ બાદશાહો સુધી રાજકર્તાઓ આવ્યા અને ગયા, તેમાંના તાકાતવર રાજકર્તાઓએ મોટા વિસ્તાર ઉપર આણ વરતાવી, પણ તંત્ર તો તાબેદાર અને ખંડિયા રાજાઓના હાથમાં જ રહ્યું. પંદરમી સદીથી જ વિદેશી લુંટારુઓ આવવાના શરૂ થઈ ગયા હતા. અઢળક ધનસંપત્તિ લૂંટી ગયા, પ્રજાની કત્લેઆમ કરી, મંદિરો તોડ્યા, કોઈ રોકી ન શક્યું. કારણ રોકવાવાળા મુઠ્ઠીભર જ હતા. સંપત્તિ લૂંટાઈ તો રાજા મહારાજાઓની અને મંદિરોની કે શેઠિયાઓની. આમ પ્રજાને કંઈ લેવા દેવા ન હતી. મોગલોનું અને અંગ્રેજોનું રાજ આવ્યું તો પ્રજાને તો એકના બદલે બીજાને સલામ ભરવાની. રાજાઓએ તાબેદારી સ્વીકારીને રાજ બચાવ્યા, બાકી બધું એમ જ ચાલતું રહ્યું. મોગલો આવ્યા એ ભારતના જ થઈને રહી ગયા પણ અંગ્રેજોએ તો ઉંદરની જેમ ફૂંકી ફૂંકીને ભારતને ફોલી ખાધું.

આમ છતાં અમુક બાબતોનો યશ અંગ્રેજોને આપવો પડે. સૌપ્રથમ તેઓએ સમગ્ર ભારત (એટલે હાલના પાકિસ્તાન, બાંગ્લાદેશ, મ્યામા અને શ્રીલંકા)ને એકસૂત્રે બાંધ્યું. સેંકડો નાના મોટા રજવાડાઓ હોવા છતાં એક વ્યવસ્થિત રાજતંત્ર આપ્યું. આજનું તંત્ર જે ચાલે છે, તેનો પાયો તેઓએ જ નાખ્યો.

બીજું સર્વને પ્રાપ્ય અને સમાન ન્યાયતંત્ર ગોઠવ્યું. કાયદાનું રાજય અને સલામતી આમ જનતાને આપી. અલબત્ત, તેઓનો વિરોધ ન કરો ત્યાં સુધી જ! આપણા કવિ દલપતરામે ગાયું કે "દેખ બિચારી બકરીનો પણ કોઈ ન જાતાં પકડે કાન" એ આમ જનતા માટે બિલકુલ સાચું હતું.

ત્રીજું અંગ્રેજોએ શિક્ષણને સમગ્ર પ્રજા માટે ખુલ્લું કર્યું. ભલે મૅકોલે છાપ શિક્ષણ હોય, પણ બધા માટે સુલભ તો બન્યું જ. અંત્યજોને તો આઝાદી પછી જ શિક્ષણ સુલભ બન્યું, પણ એમાં રાજકર્તાઓ કરતાં સમાજનો દોષ વધારે હતો. ઉપરાંત આ જ શિક્ષણમાંથી આપણા રાજનેતાઓ તિલક, ગાંધી, સરદાર, નહેરૂ જેવા અનેક પેદા થયા અને સ્વતંત્રતા તરફ દોરી ગયા. સદ્‌ભાગ્યે આપણો પનારો સુસંસ્કૃત અંગ્રેજો સાથે પડ્યો હતો. તેઓની જગ્યાએ હિટલર હોત તો?!

આટલું બધું આપનાર અંગ્રેજોએ આર્થિક રીતે ભારતને કંગાળ બનાવી દીધું. હુન્નરો, ગૃહ ઉદ્યોગો પડી ભાંગ્યા. તેઓની એક જ નીતિ રહી કે ભારતમાં પેદા થતો કાચો માલ સસ્તા ભાવે લેવો અને ઈંગ્લેન્ડના કારખાનાઓમાં બનેલ પેદાશોને ઊંચા ભાવે ભારત અને તેઓના અન્ય ગુલામ દેશોમાં વેચવી. સ્થાનિકે કોઈ ઉદ્યોગો ઊભા થવા દેવા જ નહીં.

*ધનથી નહિ, સંતાનથી પણ નહીં, અમૃત સ્થિતિની પ્રાપ્તિ માત્ર ત્યાગથી જ થાય છે.*

***છેલ્લે અંગ્રેજોએ આઝાદી આપી એના કરતાં આપવી પડી એમ કહેવું વધારે સાચું છે.*** બીજા વિશ્વયુદ્ધ બાદ ઈંગ્લેન્ડ એટલું ખોખલું થઈ ગયું હતું કે રાજકીય રીતે જાગૃત થયેલા ભારતને ગુલામ રાખવું શક્ય ન હતું અને બળ પ્રયોગ કરવાનું પોષાય એમ ન હતું. ભાગલા સાથે લોહિયાળ આઝાદી મળી ત્યારે અર્ધું ભારત જ હાથમાં રહ્યું.

ચાલીસના દાયકામાં આઝાદી પહેલા અને બાદમાં ભારતની શું હાલત હતી એની ઉપર એક દૃષ્ટિપાત કરીએ તો :

**૧. અર્થ વ્યવસ્થા :**

અર્થવ્યવસ્થા લગભગ પડી ભાંગી હતી. ટાટા સ્ટીલ અને થોડી કાપડ મિલો બાદ કરતાં કોઈ પાયાના ઉદ્યોગો ન હતા. આજની પેઢીને કહીએ છીએ કે 'અમે કાગળ, પેન્સિલ, ફાઉન્ટન પેન, શાહી વગેરે ઈમ્પોર્ટેડ વાપરતા હતા' તો તેઓને માન્યામાં નથી આવતું! ૩૫ કરોડ લગભગની વસતિનું પેટ કચરા જેવા ઑસ્ટ્રેલિયન ઘઉં અને અમેરિકા પાસેથી દાનમાં મળતા ઘઉંથી ભરાતું હતું.

**૨. આરોગ્ય :**

ભારતીય પુરુષનું સરેરાશ આયુષ્ય ૩૪ વર્ષ અને સ્ત્રીનું ૨૩ વર્ષ! ટાઈફોઈડ, ટી.બી. ઉપરાંત સીધા સાદા ચેપ (ઈન્ફેક્શન)ની પણ કોઈ દવા ન હતી. તો હૃદયરોગ, કેન્સર વગેરેની તો વાત જ નહીં કરવાની. પ્લેગ અને કોલેરાના રોગચાળાઓ વખતે ગામો ખાલી થઈ જતા. શીતળા - ઓરી વગેરેના રોગચાળા વખતે બાળકોની અડધી વસતિ ખતમ થઈ જતી યા અંધ થઈ જતી. ૧૫થી ૨૦ ટકા પ્રસૂતા યુવતીઓ પહેલી પ્રસૂતિ વખતે અથવા પ્રસૂતિ બાદના ઈન્ફેક્શનમાં મરતી હતી.

**૩. રાજકીય :**

ભાગલા વખતના નરસંહાર અને બાદના બેઘર થયેલા લાખો લોકોને થાળે પાડવાના હતા, કાશ્મીરની લડાઈ, અંગ્રેજો સેંકડો નાના મોટાં રજવાડાઓને સ્વતંત્ર છોડીને ગયા હતા, આવા મોટા પ્રશ્નો ઉપરાંત અર્થવ્યવસ્થા, સંરક્ષણ વગેરેને વ્યવસ્થિત કરવાના હતા. વાહન વ્યવહાર - સંદેશા વ્યવહારને વિકસાવવાના હતા.

● **પ્રગતિ :**

ચાલીસના દાયકાના આ ચિત્ર સામે આજની પરિસ્થિતિને સરખાવી જોઈએ તો ચિત્ર સ્પષ્ટ થઈ જ જાય છે, વધારે વિવરણની જરૂર જ નથી. નિરાશાવાદીઓ ભલે કહેતા હોય કે 'દેશ ખાડે જવાનો છે' પણ શરૂના ત્રણેક દાયકાઓ બાદ કરતાં મળેલા નપાવટ રાજકર્તાઓ હોવા છતાં દેશની પ્રગતિ આશ્ચર્યજનક છે.

સદીઓ સુધી ગુલામ રહેલા અને કચડાયેલા દેશ માટે ૫૦-૬૦ વર્ષનો સમયગાળો મોટો ન કહેવાય. અમેરિકા અને યુરોપને ઊંચે આવતા ૧૫૦થી ૨૦૦ વર્ષ લાગ્યા હતા. આજે આપણે ક્યાં છીએ?

સરેરાશ આયુષ્ય લગભગ બમણું થયું છે.

૧ અબજ ઉપરની વસતિ છતાં અમુક અનાજ અને કૃષિ પદાર્થોની નિકાસ પણ કરી શકીએ છીએ.

પાયાના ઉદ્યોગોમાં લગભગ સ્વાવલંબી થયા છીએ.

વિદેશથી લોકો સારવાર કરાવવા ભારત આવે છે.

મોટા રોગચાળાઓ ઇતિહાસની વાત બની ગયા છે.

સેંકડો રજવાડાઓ ટીપું લોહી પણ વહેવડાવ્યા વિના ભારત ગણરાજ્યમાં વિલીન થઈ ગયા. (જો સરદાર પટેલના હાથમાં હોત તો કાશ્મીર પ્રશ્ન પણ ઉકેલાઈ ગયો હોત.)

સંરક્ષણ ક્ષેત્રે ભારત અણુસત્તા છે. આજે અમેરિકા સામેથી અણુસંધિ કરે છે.

વાહન વ્યવહારમાં રસ્તા અને રેલવેનું જાળું દેશના ચારે ખૂણે પહોંચી ચૂક્યું છે.

ઘરની ટેલિફોન નંબરની ડાયરીમાં હવે સુથાર, પ્લમ્બર, ઈલેક્ટ્રિશિયન, શાકવાળા, પાનવાળા, છાપાના ફેરિયા, પસ્તીવાળા, અરે ઘરકામ કરવાવાળાના પણ મોબાઈલ નંબર આવી ગયા છે!

માત્ર બટનો દબાવીને દુનિયાના કોઈપણ ખૂણામાં ૫-૧૦ સેકંડમાં વાત કરી શકાય છે અને એકબીજાને જોઈ પણ શકાય છે.

ભારતનું યુવાધન દેશ પરદેશમાં નામ કાઢી રહ્યું છે.

આપણા ઉદ્યોગપતિઓ વિદેશી કંપનીઓને ખરીદવા લાગ્યા છે.

સાપ, મદારીઓ અને ભિખારીઓના દેશ તરીકે ઓળખાતા આ દેશને દુનિયા ભવિષ્યની આર્થિક મહાસત્તા તરીકે સ્વીકારે છે.

માન્યું કે ઘણું કરવાનું બાકી છે. માનવજાતની પ્રગતિની ભૂખ તો પેટની ભૂખની જેમ અનંતકાળ સુધી રહેવાની છે.

પણ જે થયું છે એ શું ઓછું છે?

*'મંગલ મંદિર' : નવેમ્બર-૨૦૦૮*

## અમૃતબિંદુ

★ સુખી જીવનના ચાર સૂત્ર છે : (૧) વસ્તુનો 'આગ્રહ' ન રાખો. જે મળે તેને પ્રસાદ સમજી સ્વીકારી લો. (૨) વાણીથી 'વિગ્રહ' ન કરો કારણકે મોંમાંથી એક પણ શબ્દ ખોટો નીકળી જાય તો મહાભારત મચી જાય. (૩) સંપત્તિનો વધુ 'સંગ્રહ' ન કરો કારણકે વધુ સંઘરો દુઃખનું કારણ બને છે. (૪) કોઈ પણ વ્યક્તિ પ્રત્યે 'પૂર્વગ્રહ' રાખી વ્યવહાર ન કરો કારણકે ક્યારેક રાતોરાત દોસ્ત દુશ્મન અને દુશ્મન દોસ્ત બની જાય છે.

★ સમય અમૂલ્ય છે. સમય તો જીવન છે. સમયને વેડફી નાખવો દરેક પળે મરવા બરાબર છે. સમય કોઈની રાહ જોતો નથી કે કોઈની શરમ ભરતો નથી.

★ માર્ગ પરથી પસાર થતી સ્મશાનયાત્રાને જોઈને એમ વિચારવું કે એક દિવસ મારી અરથી પણ આ માર્ગ પરથી પસાર થશે. તે અરથીથી પોતાના મોતનો બોધ લેવો. અરથી ઊઠતાં પહેલાં જીવનનો અર્થ સમજી લેવો, નહીં તો ભારે અનર્થ થઈ જશે. ■

*માણસમાં પોતાની જાતને છેતરવાની અનંત શક્તિ પડી છે, આમાં ભલભલા જોગી, ઋષિ, તપસ્વી કોઈ જ અપવાદ નથી.*

કચ્છ

# કચ્છમાં પ્રવાસન ઉદ્યોગ

• ચૌલા કુરૂવા •

હેરિટેજ ટુરિઝમ અને હેરિટેજ વિલેજ એટલે કચ્છનો પ્રવાસન ઉદ્યોગ

ભૂકંપ પછી નવસર્જન પામેલ કચ્છ હવે ટુરિઝમના ઉદ્યોગને આકર્ષવા સજ્જ બની ગયું છે. નવસર્જન પામેલ કચ્છમાં ૨૦૦થી વધુ ઉદ્યોગો અને નવા રસ્તા, નવા મકાનોની અને નવા ગામડાઓની સાથે નવી પચરંગી વસ્તી છેલ્લા પાંચ વર્ષમાં આવી છે. નર્મદાના નહેરના પાણીએ સમૃદ્ધિ અને વિકાસ આપ્યા છે. ગ્રામીણ સંસ્કૃતિનો ભાતીગળ પ્રદેશ કચ્છ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો છે. કચ્છની સંસ્કૃતિ અને ઇતિહાસનો હેરિટેજ પ્રવાસીઓને આકર્ષે છે. રણ એની વિશેષતા છે, તો શૌર્ય અને માનવતા કચ્છની સંપત્તિ છે. કચ્છમાં સૌરાષ્ટ્રની જેમ સંતોની પરંપરા છે. ઠેક-ઠેકાણે તીર્થધામો છે અને પ્રાચીન મંદિરો છે. નારાયણ સરોવર જેવું તીર્થ કચ્છની વિશિષ્ટતા છે. બાજુમાં ઐતિહાસિક કોટેશ્વરનું શિવમંદિર છે. જોકે ભૂજિયો ડુંગર પણ તેની આગવી વિશિષ્ટતા ધરાવે છે.

• ભુજ : કચ્છ જિલ્લાનું મુખ્ય મથક છે. રેલવે અને હવાઇ માર્ગે તેમજ રસ્તા માર્ગે જોડાયેલું છે. ભુજના જોવાલાયક સ્થાનોમાં આયના મહેલ, મ્યુઝિયમ, છતરડી વગેરેને ભૂકંપમાં સારું એવું નુકસાન થયું છે. પરંતુ નવા રસ્તાઓ, વિશાળ મોટી હોસ્પિટલ સાથે ભુજ હવે એક આધુનિક નગર બની ગયું છે. પાસે જ ભૂજિયો ડુંગર રમણીય સ્થાન છે. અને શહેરના મધ્યભાગમાં આવેલું હમીરસર અને દેશલસર એ મહત્વના તળાવો છે. હસ્તકલા કારીગરીની ખરીદી માટે આદર્શ સ્થાન છે.

• અંજાર : ભુજથી ૪૦ કિ.મી. દૂર આવેલ અંજાર નગર એ અજેપાળના નામથી પડ્યું છે. જેસલ-તોરલની સમાધિ માટે આ નગરને પ્રસિદ્ધિ મળી છે. જો કે ભૂકંપે આ ઐતિહાસિક નગરને સારું એવું નુકસાન પહોંચાડયું છે. નવસર્જન પામેલ નગર જોવા જેવુ છે. અહીંના સૂડી ચપ્પા પ્રખ્યાત છે.

• કંડલા-ગાંધીધામ : કંડલા બંદરને કરાંચીની અવેજીમાં વિકસાવવામાં આવ્યું હતું. આ એક મહત્ત્વનું બંદર છે. કંડલા અને ગાંધીધામમાં મોટા પ્રમાણમાં ઉદ્યોગો વિકાસ પામ્યાં છે અને હોટલ ઉદ્યોગ પણ સારો એવો વિકાસ પામ્યો છે.

• નારાયણ સરોવર-કોટેશ્વર :- ભુજથી ૧૬૦ કિ.મી. અંતરે આવેલું આ પુરાણોમાં પ્રસિદ્ધ એવું તીર્થ છે. હિન્દુ ધર્મશાસ્ત્રોએ ભારતમાં જે પાંચ પવિત્ર સરોવાર ગણાવ્યા છે તેમાં નારાયણ સરોવરનો સમાવેશ થાય છે. નારાયણ સરોવર કચ્છના યાત્રાધામોમાં સૌથી પ્રાચીન અને પવિત્ર મનાય છે. આજુબાજુના ખારા પાણી અને ખારી જમીન વચ્ચે આ મીઠા પાણીનું સરોવર છે. અહીં ત્રિકમરાયજીનું મંદિર છે. તે ઉપરાંત અન્ય દેવસ્થાનો છે, રહેવા જમવાની સગવડ છે. કોટેશ્વર નારાયણ સરોવરથી ૨ કિ.મી. અંતરે છે, જે દરિયા કિનારે છે. આ તીર્થ પાકિસ્તાનથી નજદીક કરાંચીની સામે છે અને પૌરાણિક કથા પ્રમાણે આ પ્રસિદ્ધ શિવ મંદિર છે.

• માતાના મઢ-આશાપુરા : ભુજથી ૯૯ કિ.મી. દૂર આવેલ કચ્છના કુળદેવી મા આશાપુરાનો ગઢ આવેલ છે. આશાપુરા મંદિર ઘણું જ પુરાણું મનાય છે. ભૂકંપમાં એને સારું એવું નુકસાન થયેલ છે. કચ્છના રાજવીઓની કુળદેવી ગણાય છે. નવરાત્રિમાં અહિંયાં હજારો લોકો આવે છે, પગપાળા પણ આવે છે. કચ્છનું મહત્વનું તીર્થસ્થાન છે.

• લખપત : કચ્છનાં પશ્ચિમ છેવાડાનું ગામ લખપત એક સમયે જાહોજલાલીવાળું બંદર હતું. જમાદાર ફતેમહંમદે ૧૮૦૧માં લખપત ગામની ફરતે ગઢ બનાવેલ છે. એક સમયે લખપતમાં દસ હજાર લોકોની વસતિ હતી અને લાખો રૂપિયાની ઉપજ હતી જેથી લખપત નામ પડ્યું છે. આજે સાવ વેરાન છે. અહીં આવેલું ગુરુદ્વારા જોવાલાયક સ્થળોમાંનું એક છે. કોટેશ્વર અને લખપત આસપાસ પાંચ હજાર જેટલા બૌધ્ધમઠો હતા અને બૌધ્ધ ગુફાઓ હતી તેવો ઉલ્લેખ ચીની મુસાફર યુહાનસંગના વર્ણનમાં મળે છે.

• કાળો ડુંગર : ભુજથી ખાવડા થઈને ૧૫૧૫ ફૂટ ઊંચા કાળા ડુંગર ઉપર જવાય છે. આ સરહદી વિસ્તાર છે. ડુંગરની ટોચ ઉપર ગુરુ દત્તાત્રેયના પગલાં છે અને પવિત્ર મંદિર છે. ડુંગરની ટોચ ઉપરથી કચ્છનું મોટું રણ દેખાય છે. આ જગ્યાએથી સૂર્યોદય અને સૂર્યાસ્તનો લહાવો જોવા જેવો છે.

• ધોળાવીરા : ધોળાવીરા એ વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક હડપ્પન સંસ્કૃતિના અવશેષો છે. ભુજથી ૨૫૦ કિ.મી. દૂર વાગડના ખડીરબેટ વિસ્તારમાં આવેલ આ ઐતિહાસિક સ્થાન ધોળાવીરાના ઉત્ખનન પછી કચ્છની મહત્તા પ્રવાસીઓમાં વધી ગઈ છે. પૂર્વ સમયમાં ધોળાવીરા, એ શહેરી વિસ્તાર હતો અને એ સમયે એની દસ હજારની વસતિ હશે તેમ મનાય છે.આજે પણ આ પ્રાચીન અવશેષો સચવાયેલા છે અને વિદેશી પ્રવાસીઓ ધોળાવીરાની મુલાકાતે આવે છે. પરંતુ સરહદી વિસ્તાર હોવાથી આનો વિકાસ વધારે થઇ શક્યો નથી અને પ્રવાસીઓને પણ અહીં અવર-જવર માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ધોળાવીરાના અવશેષો અહિયા સચવાયેલા છે તેમજ દિલ્હીના મ્યુઝિયમમાં પણ સચવાયેલા છે. કચ્છના પ્રવાસન વિકાસમાં ધોળાવીરાનો મહત્ત્વનો રોલ છે. ધોળાવીરા ગામને હેરિટેજ વિલેજ તરીકે મહત્ત્વ આપવાની જરૂર છે.

• માંડવી અને મુંદ્રા : માંડવી અને મુંદ્રા કચ્છના પ્રાચીન સમયનાં બંદરો જે પ્રાચીન સમયમાં ઘણા પ્રખ્યાત અને સમૃદ્ધ હતા. માંડવી પાસે વિજયવિલાસ પેલેસ કચ્છના

*જે આરામ ચાહે છે તે પોતાની વાસ્તવિક ઉન્નતિ કરી શકતો નથી.*

રાજવીઓનો આલીશાન પેલેસ જોવાલાયક સ્થળ છે. તેનો કેટલોક ભાગ હેરિટેજ હોટલ તરીકે ચાલે છે. અહીંનો દરિયાકાંઠો પર્યટકોને આકર્ષે છે. પરંતુ રહેવાની આધુનિક સુવિધા હજુ સુધી ઊભી થઇ નથી. વિન્ડફાર્મ પ્રવાસીઓ માટે આકર્ષણ છે. પાસે આવેલું મુંદ્રા આમ તો પ્રાચીન ગણાય છે અને બ્લોક પ્રિન્ટ અને હસ્તકલા કામગીરી માટે જાણીતું છે. માંડવી પાસે આવેલું જિનાલયનું મંદિર પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છે તેમજ પ્રસિદ્ધ ધાર્મિક સ્થળ છે.

● અબડાસા-જૈન મંદિરો અને ભદ્રેશ્વર : અબડાસાની પંચતીર્થી એટલે જખૌ, તેરા, નલિયા, કોઠારા, સુથરી વગેરે સ્થળો. આ ગામોમાં પ્રસિદ્ધ જૈન મંદિરો આવેલા છે. જયાં પર્યુષણ દરમ્યાન મુંબઈ અને ગુજરાતમાંથી તેમજ દેશનાં અન્ય ભાગોમાંથી મૂળ કચ્છના રહેવાસીઓ એવા જૈનો આવે છે અને આરાધના તપ કરે છે. અહીંના મંદિરો પણ પ્રાચીન છે અને રહેવા-જમવાની સારી સુવિધા છે. ભદ્રેશ્વરના પ્રસિદ્ધ જૈન મંદિર ભૂકંપમાં ધરાશાયી થયા પછી ફરીથી નવસર્જન થયેલ છે. ગોધરા, સાંધાણ, ભૂજપુર વગેરે ગામોમાં પણ જૈન મંદિરો યાત્રિકોની અવર-જવરના કેન્દ્રો છે. કચ્છ એ જૈનોનું બીજું તીર્થયાત્રાનું સ્થાન છે તેમ કહીએ તો ચાલે. તેરા જૈન તીર્થસ્થાન હોવા ઉપરાંત ઐતિહાસિક સ્થાનો ધરાવતું હોવાથી તાજેતરમાં ભારત સરકારે રૂરલ ટુરિઝમ અને હેરિટેજ હેઠળ જુદા જુદા કામો કરવા પચાસ લાખ જેટલી મોટી રકમ જિલ્લા વહીવટી તંત્રને ફાળવી હતી. આમ તેરા, એ હેરીટેજ વિલેજ બની ગયેલ છે.

● હોડકો-હેરીટેજ વિલેજ : ભુજથી ૫૩ કિ.મી. દૂર બન્ની જતાં ખાવડા પાસે હોડકો આવેલ છે, જે તેની હસ્તકલા અને લોકજીવન તેમજ ભૂંગાઓ માટે જાણીતું છે. કેન્દ્ર સરકારે હોડકાને હેરિટેજ વિલેજ તરીકે છેલ્લા કેટલાક વર્ષોથી વિકસાવેલ છે. તેમજ અહીં આવતા પ્રવાસીઓ માટે રહેવાની સુવિધા ભૂંગાઓમાં કરવામાં આવે છે અને પરંપરાગત ખાણી-પીણી અને ગ્રામીણ જીવનનો લ્હાવો પ્રવાસીઓ લઇ શકે છે. અનેક દેશી-વિદેશી પ્રવાસીઓ છેલ્લા કેટલાક વર્ષોથી હોડકોની મુલાકાત લઇ ગયા છે. હોડકો, એ મિરરવર્ક, ભરતકામ, માટીકામ, લાકડાકામ, મેટલકામ, ચામડાકામ વગેરે તમામ પ્રકારની કારીગરી માટે જાણીતું છે. પાસેના અન્ય ગામો ધોરડો, ભીરંડયારી, નખત્રાણા વગેરે પણ પરંપરાગત જીવનશૈલી હસ્તકલા અને લોકકલા માટે જાણીતા છે અને પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છે. આમ કચ્છમાં ભૂકંપ પછી પણ લોકકલા અને સંસ્કૃતિ હસ્તકલા જીવંત રહ્યા છે. જેને પરિણામે કચ્છ પ્રવાસીઓ માટે હેરિટેજ ટુરિઝમના અને હેરિટેજ વિલેજના આકર્ષણનું અને આનંદ પ્રમોદનું કેન્દ્ર બન્યા છે.

છેલ્લા પાંચ વર્ષથી કચ્છમાં વાઈબ્રન્ટ ગુજરાત વખતે શરદ મહોત્સવ તેમજ અન્ય કાર્યક્રમો રાજ્ય સરકાર દ્વારા યોજાતા હોવાથી કચ્છને પ્રવાસન ક્ષેત્રે સારી એવી લોકપ્રિયતા અને પ્રસિધ્ધિ મળ્યા છે. કચ્છની હસ્તકલા કારીગરી દેશ-વિદેશમાં વિખ્યાત છે અને છેલ્લા ૩૦ વર્ષથી આ હસ્તકલાનો વિકાસ થતાં કચ્છી કારીગર દેશમાં અને વિદેશમાં નામ અને દામ બન્ને કમાયા છે. કચ્છની હસ્તકલા કારીગરીને જોવા અને ખરીદવા જ મુખ્યત્વે પ્રવાસીઓ અહીંયાં આકર્ષાય છે અને આવે છે. આ એક મહત્વનું હેરિટેજ છે. હસ્તકલા કારીગરીની હાટ અને બજારો ભુજ આસપાસના વિસ્તારમાં વિકસાવવાની જરૂર છે. હોડકો જેવાં બીજાં દસેક ગામો હેરિટેજ વિલેજ તરીકે વિકસી શકે તેવી તમામ શક્યતાઓ છે.

છેલ્લા દસ વર્ષથી કચ્છમાં થતા કચ્છ મહોત્સવ દ્વારા પણ કચ્છને ઘણી લોકપ્રિયતા મળી છે. પરંતુ ૧૫ વર્ષ પછી પણ નવી પ્રવાસ નીતિના કોઈ એકમો કચ્છમાં ઊભા થયા નથી. જેમાં હેરિટેજ હોટલો, મલ્ટીપ્લેક્ષ, વોટરપાર્ક, શોપિંગમોલ વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતના અન્ય નગરોમાં વોટરપાર્ક, શોપિંગ મોલ, મલ્ટીપ્લેક્ષના કારણે સારો એવો વિકાસ થયો છે તેમજ સ્થાનિક અને પ્રવાસીઓ બન્ને માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. કોઇ કારણવશાત્ કચ્છમાં હજુ સુધી આ સુવિધાનો વિકાસ થયો નથી. રિસોર્ટો અને ભૂંગા જેવા આવાસકેન્દ્રો થોડા ઘણા બન્યા છે, જેની સંખ્યા વધારવાની જરૂર છે. ખાસ કરીને દરિયા કિનારે અને ગ્રામીણ વિસ્તારોમાં હેરિટેજ વિલેજની સુવિધા ઊભી કરવાની જરૂર છે, જયાં પરંપરાગત ગ્રામીણ જીવનશૈલીમાં પ્રવાસીઓ રહી શકે અને કચ્છની સંસ્કૃતિ, લોકકલા અને ખાણી-પીણીનો આનંદ માણી શકે. તેજ રીતે આધુનિક હોટલો, શોપિંગ મોલ અને મલ્ટીપ્લેક્ષની પણ એટલી જ જરૂર છે. તાજેતરમાં એક ઉદ્યોગગૃહ દ્વારા ફાઈવસ્ટાર હોટલ બનાવવાનો પ્રોજેક્ટ પાઇપ લાઇનમાં છે.

અંતમાં કચ્છની પક્ષી સૃષ્ટિનો ઉલ્લેખ કરવો જ પડશે. કચ્છની સંસ્કૃતિ અને હવામાનનું એક મુખ્ય આકર્ષણ કચ્છ આવતા વિદેશી પક્ષીઓ છે. રાપર પાસે તેમજ કચ્છના દરિયા કાંઠે અને ભુજમાં હમીરસર તળાવ પાસે વિશાળ સંખ્યામાં જાતજાતના પક્ષીઓ શિયાળામાં પ્રવાસી બને છે. જેમાં ફ્લેમિંગો અને અન્ય પક્ષીઓ પણ હોય છે. કચ્છનું પંખીધામ સુરખાબનગર જે ખૂબ પ્રસિધ્ધ છે અને મોટા રણમાં આવેલું છે, ત્યાં જવું બધા પ્રવાસીઓ માટે શક્ય નથી. પરંતુ શિયાળામાં કચ્છ આવનારા પ્રવાસીઓને રાપર પાસે કે ભુજમાં કે અન્ય દરિયાકાંઠે સુંદર પક્ષીઓ જોવા મળે છે. આ કચ્છને પક્ષીઓના નગર તરીકે પણ મૂકી શકાય અને પ્રવાસીઓને આકર્ષી શકાય.

કચ્છમાં અનેક મેળાઓ થાય છે. જેમાં ધ્રંગનો મેળો, નવરાત્રિમાં આશાપુરા માતાએ થતો મેળો, કાકડભીટ યક્ષનો મેળો અને રવેચીનો મેળો વગેરે મુખ્ય છે. રાપર પાસે આવેલા રવેચી ગામે ભાદરવા માસમાં ભરાતો આ મેળો પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છે. રવેચી માતાના મંદિર પાસે પરંપરાગત પહેરવેશમાં દૂરદૂરથી લોકો આવે છે અને કચ્છની ગ્રામીણ સંસ્કૃતિના દર્શન થાય છે. અનેક પ્રવાસીઓ ભાદરવા સુદ-૮ના ભરાતા આ મેળામાં હવે આવી રહ્યા છે જેમાં વિદેશી પ્રવાસીઓ પણ આકર્ષાય છે. પર્યુષણ પછી તેમજ તરણેતરના મેળા પછી આ મેળાની મુલાકાત લઇ શકાય છે.

***'મંગલ મંદિર' : માર્ચ-૨૦૦૭***

***જો આપણી ભાવના સાચી નહીં હોય તો આપણા નિર્ણયો ચોક્કસપણે ખોટા જ હશે.***

# કચ્છના ઔદ્યોગિક વિકાસ માટે તકનિકી તાલીમની જરૂર

• પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી •

ખેતીને બાદ કરતાં, વિકાસની યાત્રામાં, ઉદ્યોગ ક્ષેત્ર ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.

ઉદ્યોગ માટે કામદારની જરૂર પડે, જે ત્રણ પ્રકારના હોઇ શકે :

૧. કુશળ (SKILLED)

૨. અર્ધ કુશળ (SEMI SKILLED) અને

૩. અકુશળ (UNSKILLED)

**• ભૂકંપ બાદ કચ્છની કાયાપલટ :**

પ્રજાસત્તાક દિન-૨૦૦૧ના વિનાશક ભૂકંપની આપદાને કચ્છી લોકોએ આશીર્વાદમાં ફેરવી નાખી છે. કેન્દ્ર તથા રાજ્ય સરકારની કર રાહતો (TAX HOLIDAY) તથા ઔદ્યોગિક નીતિને કારણે કચ્છમાં સ્વપ્નમાં પણ ન વિચાર્યું હોય એવા અને એટલા ઉદ્યોગો આવી રહ્યા છે.

રાજ્ય તથા કેન્દ્ર સરકારની પ્રોત્સાહક ઔદ્યોગિક તથા કરવેરા નીતિને કારણે તથા માળખાગત સેવામાં રેલવેના વિકાસને કારણે, કચ્છને સીંગાપુર બનાવવાનું માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું શમણું સાકાર થતું નજરે પડે છે.

**• જિલ્લામાં સંભવિત મૂડીરોકાણ :**

સરકારની યોજનાને સારો પ્રતિસાદ સાંપડ્યો છે અને જિલ્લામાં રૂા. ૨૮,૮૬૨ કરોડ જેટલું મૂડી રોકાણ થવાની સંભાવના છે, જેની વિગત નીચે મુજબ છે :

**ટેબલ-૧**

| | *વિગત* | *પ્રોજેક્ટની સંખ્યા* | *અંદાજિત મૂડી રોકાણ (રૂા. કરોડમાં)* |
|---|---|---|---|
| ૧. | *ઉત્પાદનમાં ગયેલ પ્રોજેક્ટો* | | |
| | *લઘુ ઉદ્યોગ* | *૭૭૧* | *૪૧.૩૨* |
| | *મધ્યમ અને મોટા ઉદ્યોગ* | *૦૫૬* | *૩૦૪૬.૯૨* |
| | *કુલ* | *૮૨૭* | *૩૦૮૮.૨૪* |
| ૨. | *અમલીકરણ હેઠળ રહેલ મધ્યમ અને મોટા ઉદ્યોગો* | *૯૭* | *૮૧૯૫.૫૪* |
| ૩. | *વાઈબ્રન્ટ ગુજરાત વૈશ્વિક નિવેશક પરિષદ-૨૦૦૫ અને ૧૨-૨-૦૫ના રોજ ગાંધીધામમાં યોજાયેલી ગોળમેજી પરિષદમાં થયેલ જાહેરાતો* | *૦૨૩* | *૧૭૫૭૮.૬૧* |
| | ***જિલ્લામાં એકંદરે સંભવિત મૂડીરોકાણ*** | ***૯૪૭*** | ***૨૮૮૬૨.૩૯*** |

*(સંદર્ભ : સેમિનાર ઑન ઈન્ડસ્ટ્રીઝ, ગાંધીધામ- ૨૩-૯-૦૫)*

ઉપરોક્ત મૂડીરોકાણ થકી ઉત્પાદનમાં ગયેલ પ્રોજેક્ટોમાં મુખ્યત્વે ટેરીટોવેલ, વિવિધ પ્રકારના માઇલ્ડસ્ટીલ તેમજ આયર્નના પાઇપો, લૉ એશ મેટલર્જિકલ કોક, એડીબલ ઓઇલ રિફાઇનરી, સિમેન્ટ, રસાયણો, સાબુ, ડિટર્જન્ટ બાર, ગ્રેનાઇટ ટાઇલ્સ, બ્રોમિન તથા સંલગ્ન રસાયણો, કાસ્ટીંગ, પવન ઊર્જા ઉત્પાદન કરવા માટે વપરાતી ટર્બાઇનો, વિડિયો સી.ડી. વગેરેનો સમાવેશ થાય છે.

**• સ્થપાઈ રહેલા ઉદ્યોગો :**

જ્યારે સ્થપાઈ રહેલા ઉદ્યોગોમાં મુખ્યત્વે એલ્યુમિનિયમ રિફાઇનરી, ગેલ્વેનાઇઝના પતરાંઓ તથા કોઇલ્સ, પીએફવાય, કલર ટેલિવિઝન સેટ્સ, રેફ્રિજરેટર એસેમ્બલી, ટીન પ્લેટ, મીઠા આધારિત રસાયણો, સ્પોન્જ આયર્ન, ફેરો એલોયઝ, વિટ્રીફાઇડ તથા ગ્લેઝ્ડ ટાઇલ્સ, વિજાણું સાધનો, ગૃહ વપરાશના વિદ્યુત સાધનો, ટુથબ્રશ, મેટલ પ્રિન્ટીંગ, મચ્છર મારવાની કોઇલ, સ્ટીલ અને એલ્યુમિનિયમ રોલિંગ સ્ટીલ કાસ્ટીંગ્સ, વોશિંગ મશીન્સ નો સમાવેશ થાય છે.

**• આનુષંગિક જરૂરિયાતો :**

"કચ્છ જિલ્લાનું ઔદ્યોગિકીકરણ : આર્થિક વિકાસનો નવો આયામ" શીર્ષક સાથેના તા. ૧૨-૨-૦૫ના સેમિનારના સૂવેનિયરમાં રજૂ થયેલ લેખમાં ઈન્ડેક્ષ્ટ-બી ગાંધીનગરના જનરલ મેનેજર શ્રી એચ.સી. દેસાઈ જણાવે છે કે :

"આનુષંગિક ઉદ્યોગોમાં ખાસ કરીને એલ્યુમિનિયમ વાયર રોડ, એલ્યુમિનિયમ ફોઇલ, એલપીજી સિલિન્ડર્સ, વેલ્ડેડ લીન્ક ચેઇન્સ, એર અને ગેસ કોમ્પ્રેસર કટીંગ ટુલ્સ, પમ્પ્સ, ટેલિ કોમ્યુનિકેશન કેબલ, મીઠા આધારિત રસાયણો ફૂડ પ્રોસેસિંગ વગેરેનો સમાવેશ થાય છે. સેવા પ્રકારની વાણિજ્યિક પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે ઈન્ફર્મેશન ટેકનોલોજી આધારિત સેવાઓ, કોમ્પ્યુટર રિપેરિંગ, ફોન તથા મોબાઇલ રિપેરિંગ, ઓટોમોબાઇલ ગેરેજ, પરિવહન સુવિધાઓ, હોટલ, ગેસ્ટ હાઉસ, રેસ્ટોરન્ટ તથા પ્રવાસન સંબંધિત સેવાઓ માટે ઉજળી તકો રહેલી છે."

**• ટેકનિકલ મેન પાવરની મોટી માંગ:**

જે નવા નવા ઉદ્યોગો કચ્છમાં આવી રહ્યા છે, તેઓને જોઇતા પ્રમાણમાં સ્થાનિકે ટેકનિકલ મેનપાવરની ઉપલબ્ધિ ન હોતાં, તેઓને આ પ્રકારના મેનપાવરની બહારથી આયાત કરવી પડે છે, જે ખૂબજ મોંઘી

*ખુદના અંતરને માપો, બીજાને માપવાની જરૂર નથી.*

સાબિત થાય છે.

- **જિલ્લામાં ટેકનિકલ ટ્રેનિંગનું માળખું :**

કચ્છમાં અત્યારે તકનિકી તાલીમ માટે નીચે મુજબ માળખું ઉપલબ્ધ છે.

*ટેબલ-૨*

| | | |
|---|---|---|
| ૧. | એન્જિનિયરીંગ કોલેજ | ૧ |
| ૨. | પોલિટેકનિક | ૨ |
| ૩. | આઈટીઆઈ | ૫ |
| ૪. | ટેકનિકલ વિકાસ સાથેની હાઈસ્કૂલ | ૧ |
| ૫. | વાયરમેન વગેરેના કોર્સીસ | ૨ |

- **૪૬,૦૦૦ નોકરીની શક્યતા :**

તા. ૦૨-૧૨-૨૦૦૫ના ઈ-ટી.વી.ને ઈન્ટરવ્યૂમાં ગુજરાતના ઉદ્યોગ કમિશનર શ્રી અરવિંદ અગ્રવાલે જણાવ્યું હતું કે, "કચ્છમાં ટેક્ષ હોલીડે જાહેર થયા પછીના પ્રથમ સર્વેમાં જણાયું છે કે કચ્છમાં ૪૬,૦૦૦ નોકરીની શક્યતા છે. ૧૦માંથી ૭ ટેકનિકલ અને ત્રણ નોન ટેકનિકલ હશે."

- **ભાવિ જરૂરિયાતો :**

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે, ભુજથી અંદાજિત ૧૦ કિ.મી. દૂર કુકમા ગામની સીમમાં બીએમસીબી બેંકના સહકારથી ૫૦૦૦ વારનો પ્લોટ મેળવી ટેકનિકલ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવાના શ્રીગણેશ કર્યા છે. કાઉન્સિલના મંત્રીશ્રી પ્રતાપભાઈ દંડે તેમના તા. ૧૩-૩-૨૦૦૬ના પત્રાંક કેડીસી/૩૦૯/૨૦૦૫-૦૬થી સૂચિત સંસ્થા દ્વારા નીચે મુજબ ટેકનિકલ મેન પાવર પૂરો પાડવાની શક્યતા દર્શાવી છે : (૧) રેફ્રીજરેશન એન્ડ એર કન્ડિશન મિકેનિક, (૨) ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક, (૩) ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ), (૪) એટેન્ડન્ટ ઑપરેટર (કેમિકલ પ્લાન્ટ), (૫) લેબોરેટરી આસિસ્ટન્ટ (કેમિકલ પ્લાન્ટ), (૬) મિકેનિકલ મેઈન્ટેનન્સ (કેમિકલ પ્લાન્ટ), (૭) મિકેનીક-કમ-ઓપરેટર ઈલેક્ટ્રો કોમ્યુનિકેશન સિસ્ટમ, (૮) ઈલેક્ટ્રિશિયન, (૯) વાયરમેન, (૧૦) ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનીક, (૧૧) વેલ્ડર, (૧૨) ફીટર, (૧૩) મિકેનીક-ડીઝલ, (૧૪) મિકેનીક-મોટર વ્હીકલ, (૧૫) મિકેનીક, રિપેર એન્ડ મેઈન્ટેનન્સ ઓફ હેવી વ્હીકલ્સ, (૧૬) મિકેનીક - રિપેર એન્ડ મેઈન્ટેનન્સ ઓફ લાઈટ વ્હીકલ્સ, (૧૭) મિકેનીક, રિપેર એન્ડ મેઈન્ટેનન્સ ઓફ ટુ વ્હીલર (૧૮) મશિનિસ્ટ, (૧૯) ઈન્ફર્મેશન ટેકનોલોજી એન્ડ ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ, (૨૦) કોમ્પ્યૂટર ઓપરેટર કમ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ, (૨૧) મિકેનીક-કોમ્યુનિકેશન ઈક્વીપમેન્ટ મેઈન્ટેનન્સ, (૨૨) સર્ટિફિકેટ કોર્સ ઓફ સોફ્ટવેર પ્રોગ્રામિંગ, (૨૩) સર્ટિફિકેટ કોર્સ ઈન મલ્ટીમિડિયા ટેક્નો. એન્ડ ડી.ટી.પી., (૨૪) સર્ટિફિકેટ કોર્સ ઈન વેબ ડિઝાઈન, (૨૫) સર્ટિફિકેટ કોર્સ ઈન હાર્ડવેર ટેકનો. એન્ડ નેટવર્ક એડમિનિસ્ટ્રેશન, (૨૬) સર્ટિફિકેટ કોર્સ ઈન કોમ્પ્યૂટર એઈડેડ એન્ડ ડિઝાઈન ઓટોકેડ-૨૦૦૦, (૨૭) ટેલિફોન, મોબાઈલ ફોન રિપેરિંગ, (૨૮) ડ્રેસ મેકિંગ, (૨૯) કટિંગ એન્ડ સોઈંગ, (૩૦) એમ્બ્રોઇડરી એન્ડ નીડલ વર્ક, (૩૧) ફેશન ટેકનોલોજી, (૩૨) કોમ્પ્યૂટર એઈડેડ એમ્બ્રોઈડરી એન્ડ નીડલ વર્ક, (૩૩) કોમ્પ્યૂટર એઈડેડ ડ્રેસ મેકિંગ એન્ડ ડ્રેસ ડિઝાઈન, (૩૪) સોઈંગ મશીન ઓપરેટર, (૩૫) ફિનીશિંગ ગારમેન્ટ ચેકર, (૩૬) હોર્ટીકલ્ચર, (૩૭) ઈન્સ્ટીટ્યુશન હાઉસ કિપીંગ, (૩૮) કોર્પોરેટ હાઉસ કિપીંગ, (૩૯) ડોમેસ્ટીક હાઉસ કિપીંગ, (૪૦) બિલ્ડિંગ મેઈન્ટેનન્સ, (૪૧) ડેરીઈંગ, (૪૨) સેનેટરી હાર્ડવેર ફીટર, (૪૩) આર્મેચર મોટર રિવાઈન્ડિંગ, (૪૪) સ્ટેનો કમ કોમ્પ્યૂટર ઓપરેટિંગ (ગુજરાતી) અને (૪૫) સ્ટેનો કમ કોમ્પ્યૂટર ઓપરેટર (અંગ્રેજી).

- **તાત્કાલિક શરૂ કરવા જેવા કોર્સીસઃ**

***સિરેમિક***

યુરો ટાઈલ્સ જેવા અનેક સિરેમિક ઉદ્યોગો કચ્છમાં આવ્યા છે / આવશે જે માટે મારી નજરે નીચે મુજબ ટ્રેડ શરૂ કરવાની જરૂર છે :

| | | |
|---|---|---|
| ૧. | સિરેમિક | મોલ્ડર |
| ૨. | સિરેમિક | કાસ્ટર |
| ૩. | સિરેમિક | ક્લિન ઓપરેટર |
| ૪. | સિરેમિક | ડેકોરેટર |
| ૫. | સિરેમિક | પ્રેસ ઓપરેટર |

- **સૉ મિલ :**

આયાતી ટીમ્બર લોગ્સને વેરવા કચ્છમાં આશરે ૪૦૦ સૉ મિલ સ્થપાઈ છે. આ ઉદ્યોગ કંડલા સંકુલમાં પરોક્ષ / પ્રત્યક્ષ અંદાજે વીસેક હજાર લોકોને રોજી રોટી આપે છે. સૉ મિલો ઉપરાંત આયાતી ટીમ્બર પર આધારિત પ્લાયવુડ તથા બ્લેક બોર્ડનું ઉત્પાદન કરતી ફેકટરીઓ પણ સ્થપાઈ છે. આ સૉ મિલ ચલાવવા માટે અનુભવી કારીગરો, સ્કીલ્ડ વર્કરોનો કચ્છમાં અભાવ છે. કંડલા ટીમ્બર એસોસિએશને પંદર વર્ષ પહેલાં ગુજરાત સરકારશ્રીને આઈ.ટી.આઈ.માં આવા કોર્સ શરૂ કરવા ભલામણ કરી છે. પ્રજાકીય પ્રતિનિધિઓ આ અંગે સક્રિય થાય તે જરૂરી છે.

- **મીઠા ઉદ્યોગ :**

કચ્છમાં અત્યારે બેથી ત્રણ વોશરી ડેવલપ થઈ છે, વધુની શક્યતા છે.

- **એન્જિનિયરીંગ કોલેજને અપગ્રેડ કરો.**

ભુજમાં જિલ્લાની એકમાત્ર એન્જિનિયરિંગ કોલેજ (સરકારી) છે. જેમાં નવા નવા ડિગ્રી કોર્સીસ શરૂ કરવા સરકારે પહેલ કરવી જોઈએ.

ભૂકંપ બાદ જાપાનની યુરોપિયન બોર્ડ નામની સંસ્થાએ, જો ગુજરાત સરકાર બસો એકર જમીન આપે તો, ભુજની એન્જિનિયરિંગ કોલેજને, ડીમ્ડ યુનિવર્સિટીના લૅવલે લઈ જવાની ઈચ્છા વ્યક્ત કરી છે આ ફાઈલને અભેરાઈ પરથી ઉતારવાની જરૂર છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૪ ઉપર)**

*સાચું એકાંત એટલે શરીર - ઈન્દ્રિયો - મન - બુધ્ધિ સાથે આપણો સંબંધ ન રાખવો.*

# SPECIAL ECONOMIC ZONES

*From the website of Industries Commissionerate Govt. of Gujarat*

Special Economic Zones (SEZs) are growth engines that can boost manufacturing, augment expect and generate employment. The Government has introduced the scheme of SEZs in order to provide hassle free operational regime and encompassing state of the art infrastructure and support service. Special Economic Zone (SEZ) is a specifically delineated duty free enclave and shall be deemed to foreign territory for the purpose of trade and operations and duty and tariffs. The goods and service going into Special Economic Zone are from DTA shall be treated as exports and goods coming from Special Economic Zone area into DTA shall be treated imports. SEZ units may be set up manufacture of goods and for rendering of services.

**SETTING UP OF SEZ**

An SEZ may be set up in the public, private or joint sector or by the State Government. The minimum size of a SEZ shall not be less than 1,000 hectares. The promoter of SEZ is required to submit application to the Chief Secretary of the State Government, indicating name and address of applicant and status of the promoter along with a project report covering the following particulars:

- Location of the proposed zone with details of existing infrastructure that is proposed to established.
- Its area, distance from the nearest sea port, air port, railway terminal, etc.
- Financial details, including investment proposed, mode of financing the project and viability of the project.
- Details of foreign equity as repatriation of dividend, etc.
- Whether the SEZ will allow only certain specific industries or will be multi-product zone.

**ADVANTAGE FOR SEZ UNITS**

**Income Tax Incentives**

- 10 years corporate tax holiday on export profit-100% for initial 5 years and 50% for the next 5 years
- No MAT

**Other Benefits**

- Exemption electricity duty
- Duty free procurement of capital goods (including second hand capital goods), raw materials and consumable spares from domestic market
- Full freedom for sub contracting
- Facility to realize and repatriate export proceeds within 12 months
- Facility to retain 100% foreign exchange receipts in the export earners foreign currency account

The State Government shall forward the application to the Department of Commerce, Government of India giving commitment on the following:

- The area incorporated in the proposed SEZ is free from environmental restrictions.
- Water, electricity and other services will be provided as required.
- Full exemption on electricity duty and tax on sale of electricity for self generated and purchase power.
- To allow generation, transmission and distribution of power within the SEZ.
- Exemption from state Sales Tax, Octroi and other taxes.
- For units inside the zone, the powers under the Industrial Dispute Act and other related / would be delegated to the Development Commissioner.
- Single window clearance system and minimum inspection requirements under the State laws

Applications so received shall be considered by

*દુનિયાના ગમે તે ખૂણે જઈએ તો પણ નસીબમાં જે છે એ જ મળવાનું છે.*

an inter-ministerial committee in the Department of Commerce, Government of India. On acceptance of the proposal, a Letter of Promotion is issued to applicant.

**INCENTIVE TO SEZ DEVELOPER**

The SEZ developer will be entitled to the following facilities :

- Freedom in allocation of developed plots to approved SEZ units on purely commercial basis;
- Full authority to provide services like water, electricity, security, recreation centres, restaurants on commercial lines;
- Facility to develop township adjacent to SEZ, with residential areas, markets, play grounds, clubs, recreation centres, etc.

The SEZ developer shall be eligible for the following entitlements for development, operation and maintenance of infrastructure facilities in the SEZ:

- Income Tax exemption (for the specified number of years) under sector 80 - IA of the Income Tax Act;
- Import/procurement of goods without payment of Customs/Excise Duty;
- Exemption from Service Tax;
- Exemption from Central Sales Tax.

**MILESTONES FOR SEZ DEVELOPMENT**

The promoter of SEZ is required to initiate the following steps:

- Identify suitable location where SEZ can be developed;
- Decide land requirement, identify survey numbers and make application to District Collector for allocation of land;
- Get detailed Project Report prepared, incorporating promoter's background with financial strength, SEZ location details, area to be covered in SEZ, details of likely industries and their specific requirements in terms of infrastructure and amenities, other requirements, land use planning, cost of the project and means of finance;
- Make application in prescribed format to Industries Commissionerate, Udyog Bhavan, Gandhinagar, along-with enclosures;
- On approval by the State Government, after recommendation from Gujarat SEZ Authority, the approval will be forwarded to Government of India;
- On acceptance of the proposal, Government of India gives in-principle approval;
- On receipt of the letter, Developer is required to initiate activities for acquisition of land. He may have to make formal application to District Collector;
- After obtaining physical possession of land, the Developer has to prepare detailed Project Report and Development Plan and approach Government of India for final approval of SEZ with area boundary;
- Developer is required to submit detailed Development Plan to SEZ Authority for approval.

### ADVANTAGE FOR DEVELOPERS OF SEZS

**Income Tax Incentives**

- 100% tax holiday for a period of any 10 consecutive years out of 15 years beginning from the year in within the SEZ is notified
- Exempt from dividend distribution tax
- Tax exempt on interest of long term finance
- Long-term capital gains arising on transfer of shares in developer company tax exempt
- No minimum alternate tax (MAT)

**Other Benefits**

- Full freedom in allocation of developed plots to approved SEZ units on purely commercial basis
- Full authority to provide services like water, electricity, security, restaurants and recreation centres on commercial line
- No net foreign exchange earning requirement imposed

*એકાંત એટલે પરમાત્મા સાથે ગોઠડી કરવાની જગ્યા.*

The State Government vide GR No.SEZ-2001-1465-G dated 19.7.2002 has introduced SEZ Policy of the State. Under the policy, following concessions and incentives have been introduced for establishment of SEZ in the state.

- The management of the Special Economic Zones will be under the designated Development Commissioner who will grant all the permissions as Single Point Clearance from his office.
- All SEZs in the State will be declared as Industrial Township (Notified Area).
- SEZ developer will be permitted to set up IPP for generation and distribution of power and also approve power connections and carry out billing of units in SEZ.
- SEZ units will be exempted from electricity duty for 10 years.
- SEZ units will also be allowed to set up captive power plant.
- All types of environmental clearances will be granted by Development Commissioner except those falling under the purview of MOEF, GOI.
- Implementation of labour laws within SEZ will be simplified. A Consolidated Annual Report (CAR) has been designed which will be filed by industrial units once in a year.
- The industrial units in SEZ will be declared as Public Utility Service under the provisions of Industrial Disputes Act.
- Exemption from stamp duty and registration fees on transaction of land as well as financial agreement, deeds etc.
- Sales-tax and other state taxes will be exempted on transaction within SEZ.
- Inputs made to SEZ units from DTA units will also be exempted from Sales Tax.
- Exclusive arrangement within SEZ for law and order.
- A committee headed by CS is constituted to review promotion, development and functioning of SEZs in the state.
- Kandla and Surat SEZs are already functional. They are in the process of carrying out expansion and improvement in infrastructure facilities. The Central Government has provided grant under Critical Infrastructure Fund to Kandla as well as Surat SEZs.

**SEZ - COMMON INCENTIVES**

- Indirect Tax Incentives
- Nil customs duty
- Nil excise duty
- Exemption from central sales tax
- Exemption from service tax
- Exemption from securities transaction tax
- Exemption from tax on sale of electricity for self generated and purchased power

*'મંગલ મંદિર' : માર્ચ-૨૦૦૭*

## કચ્છના ઔદ્યોગિક વિકાસ માટે તકનિકી તાલીમની જરૂર

(અનુસંધાન : પાના નં.-૬૧ ઉપરથી ચાલુ)

- **માંડવીમાં જહાજ નિર્માણ યુનિવર્સિટી :**

તા. ૩-૪-૦૫ના 'કચ્છ મિત્ર' દૈનિકના અહેવાલના આધારે એમ જાણી શકાય છે કે, સંયુક્ત આરબ અમીરાતે (યુ.એ.ઇ.) દ્વારા કેનેડાની એક સંસ્થાના સહયોગથી માંડવીમાં ભારતની સૌપ્રથમ શિપ-બિલ્ડિંગ (જહાજ નિર્માણ) યુનિવર્સિટી સ્થાપવાની દરખાસ્ત કરવામાં આવી છે. માહિતગાર સૂત્રોના જણાવ્યા મુજબ કેનેડિયન ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સી (સીડા)ના ભંડોળ સાથે કેનેડા અને ભારત સરકારના ટેકાવાળા દ્વિપક્ષીય ટેકનિકલ એજ્યુકેશન પ્રોજેક્ટ-કેનેડા ઇન્ડિયા ઇન્સ્ટીટ્યૂટ ઇન્ડસ્ટ્રીઝ લીંકેજ પ્રોજેક્ટની તાજેતરમાં (૨૦૦૫માં) ગોવા પરિષદ દરમ્યાન આ અંગેની દરખાસ્ત ગુજરાત સરકારને કરવામાં આવી છે. આ યુનિવર્સિટીની સ્થાપના કેનેડા અને ગુજરાત સરકાર સાથે ત્રિપક્ષીય સાહસ તરીકે કદાચ થશે. આ સૂચિત યુનિવર્સિટી શરૂ કરવા પ્રમોટર્સ રૂા. ૧૫૦થી ૨૦૦ કરોડનું રોકાણ કરશે.

- **પોલીટેકનિક વિકસાવો :**

ભુજની તથા આદિપુરની પોલીટેકનિકમાં ૨૧મી સદીને અનુરૂપ અભ્યાસક્રમો શરૂ કરવા પડશે. ઉપરાંત નખત્રાણા જેવા મથકમાં એક નવી પોલીટેકનિક શરૂ કરી સિમેન્ટ ઉદ્યોગને અનુરૂપ વિષયો શરૂ કરવાની જરૂર છે.

- **કચ્છ યુનિવર્સિટી પહેલ કરે :**

ગાંધીધામ-સામખિયાળી, ગાંધીધામ-પાલનપુર તથા ગાંધીધામ-મુન્દ્રા વચ્ચે ટ્રેઈન વ્યવહાર શરૂ થયો છે. કંડલામાં સ્પેશિયલ ઇકોનોમિક ઝોન છે તે ઉપરાંત મુન્દ્રામાં પણ શરૂ થયેલ છે. અદાણી ગ્રૂપ - સાંઘી સિમેન્ટ - કંડલા પોર્ટ ટ્રસ્ટ તથા સરકારની ગોળમેજી પરિષદ યોજી ક્રાન્તિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી પહેલ કરી શકે.

જો તકનિકી સંસ્થાઓ / કોર્સીસ શરૂ નહિ થાય તો કચ્છીઓના નસીબે માત્ર મજૂરી કરવાના દિવસો જ આવશે.

*'મંગલ મંદિર' : માર્ચ-૨૦૦૭*

# કચ્છના આર્થિક સુદૃઢતા સંક્રમણમાં ઉત્ખનન તથા ખનીજ પરિસંકુલોનું પ્રદાન

• જયંતી વિ. ભટ્ટ (મિનરલ કન્સલ્ટન્ટ) •

ગુજરાત રાજ્યમાં કચ્છ જિલ્લો ભૌગોલિક દૃષ્ટિએ મોસમની વિષમતા તથા વિસ્તારની અગ્રીમતા ધરાવે છે. ભૂસ્તરીય રચનાની વિશેષતા તથા વિપુલ ખનીજ સમૃધ્ધિના પરિબળે વસ્તી ઘનતાના ૩૪.૭ નિમ્ન આંક છતાં ખનીજ મહેસૂલ આવકમાં પ્રથમ નંબર હાંસલ કરેલ છે.

ભૂસ્તરીય અન્વેષણ સંસ્થાઓના વિગતવાર સંશોધન કાર્યક્રમો દ્વારા ચૂના પથ્થર, લિગ્નાઇટ, બોક્સાઇડ, સિલિકા સેન્ડ, ચાઇનાક્લે, અગેટ, જીપ્સમ તથા બેન્ટોનાઇટ ખનીજોના વિપુલ જથ્થાઓ પ્રકાશમાં આવ્યા છે. ખાનગીક્ષેત્રો દ્વારા ''બેન્ટોનાઇટ'' ઔદ્યોગિક માટીના આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખનીજ બજારો સર કરાયાં છે. "ગુજરાત ખનિજ વિકાસ નિગમ"ના પાનન્ધ્રો લિગ્નાઇટ પ્રોજેક્ટે, પછાત લખપત તાલુકાની સામાજિક-આર્થિક કાયાપલટ કરી છે.

રાજ્ય સરકારની ૨૦૦૩ની ખનિજ નીતિમાં "બહુમૂલ્ય પેદાશોના પ્રોજેક્ટો" માટે ભાર મૂકાયેલ છે. ઔદ્યોગિક નીતિની "નિકાસ પાર્ક યોજના" માંડવી તાલુકા તથા લખપત તાલુકાના બેન્ટોનાઇટ ઉત્ખનન તથા પ્રોસેસિંગ એકમોની પ્રવૃત્તિને લાગુ પાડવા ઉપરાંત મમુઆરા, ભચાઉના ચાઇનાક્લે એકમોને "ઔદ્યોગિક પાર્ક યોજના" લાગુ પાડી આંતરમાળખાકીય સવલતો ઊભી કરી પરદેશી હૂંડિયામણ તથા આંતરરાષ્ટ્રીય ખનીજ બજારો સર કરી, બંને ખનીજોના ઉત્પાદન તથા પ્રોસેસિંગના લક્ષ્યાંકોમાં વધારો કરી નવા મૂડી રોકાણ તથા રોજીરોટી વધારવાના પ્રયત્નો સ્થાનિક ખનિજ મંડળોએ હાથમાં લેવા અત્યંત આવશ્યક જણાય છે. સૂચિત પગલાં માંડવી તથા ભચાઉ તાલુકાની કાયાપલટ કરી શકશે.

જિલ્લાની આર્થિક સુદૃઢતા, ભાવિ એલ્યુમિના પ્રોજેક્ટ, પાવર પ્રોજેક્ટ તથા સિમેન્ટ પ્રોજેક્ટોના પરિસંકુલો કાર્યરત થતાં વધુ અસરકારક થશે. સિમેન્ટ વિસ્તૃતીકરણ તથા ચાઇનાક્લેના બહુમૂલ્ય પેદાશોના તથા સિલિકાસેન્ડના બહુમૂલ્ય પેદાશોના પ્રોજેક્ટો ખાનગી ક્ષેત્ર દ્વારા અમલમાં મૂકાતાં અંજાર તથા ભચાઉ તાલુકાઓનું ઔદ્યોગિકીકરણ ઝડપી બનતા બંને તાલુકાઓની 'ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ નિગમની' એસ્ટેટો ભરાશે.

નવા સંભવિત સિમેન્ટ, પાવરના પરિસંકુલો રૂા. ૧૦,૦૦૦ કરોડનું નવું મૂડી રોકાણ જિલ્લામાં લાવશે. બહુમૂલ્ય પેદાશોની નિકાસ પણ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦૦ કરોડનું પરદેશી હૂંડિયામણ રળી આપશે.

આયોજિત પરિસંકુલો કચ્છને રાજ્યનું 'સિંગાપોર' તથા ગુજરાતને રાષ્ટ્રનું 'જાપાન'બનાવી ઔદ્યોગિક ક્રાંતિ આપશે. રાજ્ય સરકારનો નવા ૨૦૨૦નો એક્શન પ્લાન રેલ રોડ, બંદરની સુવિધાઓ વધારી જિલ્લાનો 'જીડીપી' આંક ૧૦% કરવાનું ધ્યેય રખાયેલ છે. તે હાંસલ થતાં 'સિંગાપોર'નું સ્વપ્ન સિધ્ધ થશે.

## • ભૌગોલિક પરિસ્થિતિ :

કચ્છ જિલ્લામાં રાજ્યનો ૪૫,૬૫૨ ચોરસ કિલોમીટર વિસ્તાર રણ તથા જમીન સાથે સંકલિત છે. જિલ્લાના ૩૬૦ કિલોમીટરના સાબરકાંઠા ઉપર કંડલા, મુંદ્રા, માંડવી, જખૌ, કોટેશ્વર અને તુણા જેવા બંદરો છે. મોસમની વિષમતાને અનુલક્ષી જિલ્લામાં કૃષિ સંપત્તિ દરિયાઈ સંપત્તિના પરિબળોની તુલનામાં ''ખનિજ સંપત્તિ'' આર્થિક પાસાઓનું મુખ્ય સંચાલક બળ છે. ભૂસ્તરીય રચનાની વિશેષતાને પરિણામે જિલ્લામાં વિવિધ ખનીજ સમૃધ્ધિ દટાયેલ છે. વરસાદની ખેંચ તથા સરેરાશ ૩૦-૪૦ સેન્ટીમીટરના આંકથી જિલ્લાનો મોટો ભાગ બિનખેતી લાયક ખરાબા, ડુંગરાળ વિસ્તાર તથા રણપ્રદેશથી આચ્છાદિત છે. વરસાદી ઊણપથી ખેતી આધારિત રોજગારીના વિકલ્પે ખનીજ આધારિત તથા ઉત્ખનન અવલંબિત રોજગારી જિલ્લામાં વિકસેલ છે. વિવિધ ખનીજોની ઉપલબ્ધતા, વિપુલ જથ્થાઓ તથા ગુણવત્તાના ઉચ્ચ આંકથી જિલ્લાના ખનીજ સમૃધ્ધિ આધારિત સિમેન્ટ, સિરામિક, પાવર અને કાચ ઉદ્યોગો માટે ભાવિ ઉજળું છે. હાલના ખનીજ આધારિત ઉદ્યોગો વિસ્તૃતીકરણ અને વૈવિધ્યકરણની પરિયોજનાઓનું આયોજન કરી રહેલ છે.

## • ખનીજ સમૃધ્ધિ :

ભૂસ્તરીય સ્તર રચનાએ વિવિધ ખનીજોની ઉત્પત્તિ તથા સફળ ઉપલબ્ધિ જિલ્લાને બક્ષી છે. લિગ્નાઇટ, બૉક્સાઇટ, લાઇમ સ્ટોન, સિલિકાસેન્ડ, ચાઇનાક્લે, જીપ્સમ, અગેટ, બેન્ટોનાઇટ, બાંધકામ પથ્થરો માટે ભૂસ્તરીય સંસ્થાઓ દ્વારા વિગતવાર સંશોધન કરી અંદાજિત જથ્થા તથા ઊંચી કક્ષાના પરિબળોએ સિમેન્ટ, સીરામિક, પાવર અને કાચ ઉદ્યોગ માટે ખાનગી ઉદ્યોગ ગૃહોને આકર્ષેલ છે.

અન્વેષણના પરિણામે જિલ્લાના આર્થિક પાસા પર અસર કરતા ખનીજોના જથ્થાઓ તથા લીઝોની સંખ્યા પર દૃષ્ટિપાત કરતાં બેન્ટોનાઇટ અને ચાઇના ક્લે ખનીજોનું ખાનગી ક્ષેત્રે પ્રભુત્વ છે.

*કોઈ ઈર્ષ્યા કરે એટલા પૈસાદાર થવું નહિ અને કોઈ હડધૂત કરે એટલા ગરીબ રહેવું નહિં.*

| ખનીજનું નામ | અંદાજિત જથ્થો મિલિ. ટન | લીઝોની સંખ્યા | વાર્ષિક ઉત્પાદન લાખ ટન આશરે |
|---|---|---|---|
| લિગ્નાઇટ | ૨૮૫.૬૦ | ૪ | ૫૦ |
| લાઇમ સ્ટોન | ૭૭૬૫.૦૦ | ૬ | ૧૫ |
| બૉક્સાઇટ | ૪૨.૫ | ૭ | ૨ |
| બેન્ટોનાઇટ | ૨૦૨ | ૨૦૯ | ૫ |
| ચાઇનાક્લે | (મોજણી ચાલુ) | ૪૦ | ૨.૫૦ |
| સિલિકાસેન્ડ | (મોજણી ચાલુ) | ૮ | ૨ |

"ગુજરાત ખનીજ વિકાસ નિગમ" મુખ્યત્વે લિગ્નાઇટ તથા બૉક્સાઇટનું ઉત્ખનન તેના પાનન્ધ્રો તથા ગઢશીશા પ્રોજેક્ટ માટે કરે છે. જથ્થાઓની વિપુલતા લક્ષમાં લેતાં ઉપરોક્ત ખનીજોનું ઉત્ખનન તથા બહુમૂલ્ય પેદાશોના પ્રોજેક્ટો પૂર્ણ કક્ષાએ વિકસી શક્યા નથી.

- **કાર્યરત ખનીજ આધારિત ઉદ્યોગોનું આર્થિક ક્ષેત્રે પ્રદાન :**

વિવિધ ખનીજોના વિપુલ જથ્થા તથા ઊંચી ગુણવત્તાથી આકર્ષાઈને જિલ્લામાં આંતરમાળખાકીય સવલતોની ઊણપ છતાં 'અદાણી', 'સાંઘી', 'આશાપુરા', '૨૦ માઇક્રોન', 'યુરો' સીરામિક બેન્ટોનાઇટ અને કેઓલિન માટીના પરિસંકુલો ઊભા કરી જિલ્લાનું આર્થિક પાસું સબળ બનાવેલ છે. જાહેર ક્ષેત્ર 'ગુજરાત ખનીજ વિકાસ નિગમ'ના પાનન્ધ્રો તથા ગઢશીસાના લિગ્નાઇટ તથા બૉક્સાઇટની ઉત્ખનન પરિયોજનાઓ લખપત તથા માંડવી તાલુકાઓમાં રોજીરોટીના પ્રશ્નો હલ કરવામાં સહાયરૂપ પુરવાર થયેલ છે.

ખાનગીક્ષેત્રે બેન્ટોનાઇટનું ઉત્ખનન ૨૦૯ ખાણ પેટેદારો દ્વારા લગભગ પાંચ લાખ ટન થાય છે. ઉત્પાદનના ૮૦% ઇરાક, ઇરાન, દુબઈ, મલેશિયા, શ્રીલંકા, જકાર્તા દેશોમાં તેલના શારકામના ઉપયોગ તથા પામ ઑઈલના શુધ્ધીકરણ માટે મુંદ્રા, કંડલા તથા માંડવી બંદરેથી નિકાસ થાય છે. બેન્ટોનાઇટનો ઉત્ખનન ઉદ્યોગ જિલ્લાના પાંચ હજાર બિનશિક્ષિત લોકોને સીધી યા આડકતરી રીતે રોજગારીની તકો આપે છે અને રાજ્ય સરકારને વાર્ષિક રૂા. ૨૫ કરોડની રોયલ્ટીની આવક આપે છે.

કેઓલિન (ચીનાઈ માટી)નો ઉદ્યોગ જિલ્લાના ખેડૂતોએ હાથ ધરી, સારી પ્રગતિ હાંસલ કરી છે. ચાઇના ક્લેનું ઉત્ખનન તથા લેવિગેશન જિલ્લાના ભુજ, ભચાઉ, માંડવી, અંજાર તાલુકાઓમાં રોજીરોટીના પ્રશ્નો મહદ્અંશે હલ કર્યા છે. 'કમિશનર ઑફ જિઓલોજી એન્ડ માઇનિંગ' ગુજરાત સરકાર દ્વારા સુખપર, નડાપા, મમુઆરા, માનફેરા, ડગલા, લોઢાઈ, કંડરાઈ, પડધર, ગોનિયાસર, ડગલા, લેફરી, રચનાલ વિસ્તારોમાંથી સુખપર તથા નડાપામાં વિગતવાર સંશોધન કરી જથ્થા તથા ગુણવત્તાની ચકાસણી કરાયેલ છે. આ સિવાયના વિસ્તારોમાં વિગતવાર સંશોધનની યોજના ઘડાઈ નથી. ચીનાઈ માટીની ખનીજ બજારોમાં ઊંચી માંગ રહેતાં ખાનગીક્ષેત્ર આ માટીના બહુમૂલ્ય પેદાશોના પરિસંકુલો ઊભા કરવા તત્પરતા બતાવે છે. આધુનિક તાંત્રિક વિદ્યાની જાણકારી તથા જથ્થાના ચોક્કસ મૂલ્યાંકનને અભાવે ખાનગી સાહસકારો મૂડી રોકાણ કરતાં અચકાય છે. ચીનાઈ માટીના લઘુ એકમો મોરબી, વાંકાનેર, થાન, હિંમતનગર, અમદાવાદના વીટ્રિફાઇડ ટાઇલ્સ તથા સેનેટરી એકમોને રિફાઇન્ડ ક્લેનું વેચાણ કરે છે. જિલ્લામાં પ્રતિ દિન ૩૦૦ ટન રિફાઇન્ડ ક્લેના ઉત્પાદન સાથે રાજ્યને પ્રતિદિન રૂા. ૨૫૦૦૦ની રોયલ્ટીની આવક થાય છે.

સૂચિત ચાઇના ક્લેના વિસ્તારોના જથ્થાના મૂલ્યાંકન બાદ આધુનિક તાંત્રિક વિદ્યાથી પેપરગ્રેડ તથા ફાર્માસ્યૂટિકલ ગ્રેડ બહુમૂલ્ય પેદાશોના પરિસંકુલો ઊભી કરવાની ઉજળી તકો છે. સંભવિત ચીનાઈ માટીના મધ્યમ તથા વિશાળકાય પરિસંકુલો ભચાઉ તથા અંજારને ચીનાઈમાટીના બજારોમાં મુખ્ય ઉત્પન્ન કેન્દ્રો બનાવી શકશે.

- **સંભવિત તથા આયોજિત ખનીજ ઉદ્યોગના પરિસંકુલોના આર્થિક સુદૃઢતા સંક્રમણમાં હિસ્સો :**

'અદાણી ગ્રૂપે' મુંદ્રા ખાતે ૨૦૦૦ મેગાવોટનો પાવર પ્રોજેક્ટ ઇન્ડોનેશિયાની કોલસાની ખાણોમાંથી કોલસા લાવી ત્રણ તબક્કામાં પૂરો કરવાનું આયોજન કરેલ છે. પ્રથમ તબક્કાનું કાર્ય બે વર્ષમાં કાર્યરત થશે. બીજા તબક્કામાં ઉત્પાદન કરી મુંદ્રા ઇકોનોમિક ઝોનમાં અલગ શિપીંગ કંપની દ્વારા રૂા. ૨૮૦૦ કરોડના મૂડી રોકાણ કોલના વહન માટે ઊભા કરી કુલ રૂા. ૮૦૦૦ કરોડનું મૂડી રોકાણ જિલ્લામાં લાવશે. આ પાવર પ્રોજેક્ટ માટે ચીનની "સીચુમ મશીનરી" સંસ્થાને હુકમો પણ અપાઈ ગયા છે. ગ્રૂપ દ્વારા કેન્દ્ર સરકારના ૪૦૦૦ મેગાવોટના મુંદ્રામાં આવતા બીજા પ્લાન્ટ માટે પણ ભાવપત્રક ભર્યા છે. બંને સૂચિત પાવર પ્લાન્ટો રૂા. ૧૨૦૦૦ કરોડનું મૂડી રોકાણ લાવશે.

નલિયા તાલુકામાં "સાંઘી ગ્રૂપ" દ્વારા ૨૦૦૦ મેગાવોટનો સાંઘી નગરમાં પાવર પ્લાન્ટનું આયોજન ઓસ્ટ્રેલીઆની કોલસાની ખાણોમાંથી કોલસો પોતાની જેટી દ્વારા લાવી કરાયેલ છે. પાવર પ્લાન્ટ ઊભા કરવા માટેના સર્વે પગલાં લેવામાં આવે છે. આ પરિસંકુલ પણ નલિયા તાલુકામાં નવું રૂા. ૪૦૦૦ કરોડનું મૂડી રોકાણ લાવશે.

"આશાપુરા ગ્રૂપ"એ કચ્છના બૉક્સાઇટ પર આધારિત "એલ્યુમિના પ્લાન્ટ" નાખવા ચીનની "સીછુઅન ઓસ્ટાર એલ્યુમિનિયમ કંપની" સાથે કરાર કરેલ છે. સંયુક્ત ક્ષેત્રના રૂા. ૨૫૦૦ કરોડના મૂડી રોકાણ સાથે માંડવી તાલુકામાં પરિસંકુલ ઊભું કરવા માટેના પ્રયત્નો ચાલુ છે. લાંબા સમયથી પડતર આ યોજના જિલ્લાનું સેવેલ સ્વપ્ન સિદ્ધ કરી શકશે. 'સીછુઅન પેઢી' સંકુલનું ૭૫% ઉત્પાદન ખરીદ કરશે અને

*ભાષા એ એક એવું નગર છે જેને બાંધવામાં દરેક જણે ઈંટનો ફાળો આપેલો છે.*

બાકીનાનો નિકાસ કરશે. સીછુઅન ઓસ્ટાર એલ્યુમિના કું., મુખ્ય સીછુઅન ઈલેક્ટ્રિસિટી કંપનીની પેટા પેઢી છે. ચીનનું GAMI ઈન્સ્ટીટ્યૂટ તાંત્રિક સેવા આપશે. પરિસંકુલનો તબક્કાવાર વિકાસ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૦.૫ મિલિયન ક્ષમતા રૂા. ૧૨૫૦ના મૂડી રોકાણથી કરવામાં આવશે. બંને પેઢીઓ સંયુક્ત રીતે રૂા. ૧૭૦ કરોડનું મૂડી રોકાણ કરશે જ્યારે બાકીના નાણાં ભારતીય તથા ચીનની બેંકો દ્વારા લોન દ્વારા ઊભા કરાશે. સૂચિત પરિસંકુલ માંડવી, લખપત તાલુકાનો બિન ઉત્ખનન થયેલ બૉક્સાઈટનું ઉત્ખનન રોજી રોટી ઊભી કરી ખાણક્ષેત્રે નવી કાયાપલટ લાવશે.

ખનીજગૃહોની આયોજિત ત્રણે યોજનાઓ જિલ્લાના આર્થિક પાસાંઓ સુદઢ બનાવશે. પાવર પ્લાન્ટો દ્વારા ઈંધણની ખેંચ ચાલી જશે તથા નવી તાંત્રિક વિદ્યાના પરિસંકુલો શિક્ષિત બેરોજગારી નિવારવા માટે મહદ્ અંશે ફાળો આપશે. માંડવી, નલિયા અને મુંદ્રા તાલુકાની ઔદ્યોગિક ક્રાંતિ માટે ત્રણે પરિસંકુલોનો ફાળો તથા આંતરમાળખાકીય સગવડોનો વધારો જિલ્લાની આર્થિક સુદઢતા વધારી રાજ્યના ''સીંગાપુર''નું બિરૂદ હાંસલ કરશે.

- **નવા ખનીજ પરિસંકુલો દ્વારા કચ્છ જિલ્લામાં શિક્ષિત રોજગારીની તકો :**

કચ્છ જિલ્લામાં "ગુજરાત ખનીજ નિકાસ નિગમ" દ્વારા ખાણ ઈજનેરીનો ડિપ્લોમા કોર્સ શરૂ થયેલ છે. ખાણક્ષેત્રે અનુભવી સ્થાનિક ઈજનેરોની ઊણપ દિન પ્રતિદિન ઘટતી જાય છે. આદિપુરના મેનેજમેન્ટના સ્નાતકો ખનીજ બજારોના માર્કેટિંગ માટે નિપુણતા ધરાવતા થયા છે. શૈક્ષણિક ક્ષેત્રે સ્થાનિક ઈનહાઉસ પ્રયોગશાળાઓ જે ખનીજ સંકુલો ઊભી કરે છે, તેના અદ્યતન ચકાસણી સાધનો પર કામ કરવા વિજ્ઞાનક્ષેત્રના એનાલીટિકલ કાર્ય કરતા માણસોની ઉપલબ્ધતા સરળ થવા માંડી છે. ખાણ ઈજનેરી, ગુણાત્મક ખનીજ પૃથક્કરણ કરતા વિજ્ઞાનના સ્નાતકો, ભૂસ્તરીય સ્નાતકો જિલ્લાની ''લાલન કોલેજમાંથી'' દર વર્ષે ઉપલબ્ધ થાય છે. શિક્ષિત યુવા વર્ગને ખનીજ પરિસંકુલોમાં રોજગારીની તકો મળી રહે છે. સીરામિક ટાઈલ્સ, સિમેન્ટ તથા પાવરના પરિસંકુલોની આંતરિક પ્રયોગશાળાઓ ખનીજોના રાસાયણિક તથા ભૌતિક ગુણધર્મોની ચકાસણી તથા આખરી પેદાશના વપરાશકારોના ધારાધોરણની ઊણપો ચકાસી તેના નિવારણ માટેના ઉપાયો માટે વૈજ્ઞાનિક પધ્ધતિઓની જાણકારી ધરાવતો શિક્ષિત વર્ગ સૂચિત નવા પરિસંકુલોમાં રોજગારી મેળવી શકશે. જિલ્લાની ટેકનિકલ કોલેજ તથા આઈ.ટી.આઈ.ના શિક્ષિત યુવા વર્ગને રોજગારી તથા નવા ખનીજ પરિસંકુલો પ્રદાન કરી શકશે.

- **સમાપન :**

નિસર્ગના પ્રતિકૂળ સંજોગો, કચ્છની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ, વિશાળ ભૂપૃષ્ઠ, સાગર સંપત્તિ અને વિપુલ ખનીજ સમૃધ્ધિએ જિલ્લાને વિશિષ્ટ અસ્મિતા આપી છે.

વિપુલ વિવિધ ખનીજ સમૃધ્ધિ જિલ્લાનું આર્થિક પાસાનું મુખ્ય સંચાલક પરિબળ રહેલ છે. ભૂસ્તરીય તથા ખાણ ઈજનેરી ફેકલ્ટી સુદઢ બનાવી, કચ્છ યુનિવર્સિટી નવા સંભવિત ખનીજ પરિસંકુલોની અનુભવી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રેની રોજગારીની તકો પૂરી પાડી, રાજ્ય સરકારનું કચ્છને "સિંગાપુર" બનાવવાનું સ્વપ્ન સિધ્ધ કરી શકશે.

વિપુલ ખનીજ સમૃદ્ધિ જિલ્લાની આર્થિક ઉન્નતિ માટે મુખ્ય સંચાલક બળ છે.

*'મંગલ મંદિર' : માર્ચ-૨૦૦૭*

*જ્ઞાનથી સમાધાન થાય,*
*ભક્તિથી ભાવ મળે,*
*તપથી હલકા થવાય.*

## પાંચ કારણો

અબુઅલી એક સાચા સંતપુરુષ હતા. તેઓ ખૂબ ભક્તિ કરતા હતા, પરંતુ ભોજનની વ્યવસ્થા તો મજૂરી કરીને તેના પૈસાથી જ કરતા. એક ધનિકને તેમના પર દયા આવી. તેથી તેમના માટે અનાજ અને જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ એમની પાસે લઈ આવ્યો. ધનિકે અબુઅલીને વિનંતી કરતાં કહ્યું : 'લો, આ અનાજ અને જરૂરિયાતની વસ્તુઓ. મજૂરી કરીને આપની આબરૂ કાઢશો નહિ.'

અબુઅલીએ એ બધાંનો અસ્વીકાર કરતાં નમ્રતાથી કહ્યું : 'હું પાંચ કારણોને લીધે આપનું અનાજ અને વસ્તુઓ સ્વીકાર કરતો નથી' અને એ પાંચ કારણો બતાવતાં તેમણે કહ્યું :

'આ બધું લેવાથી મારા મનમાં લાલચવૃત્તિ વધશે.'

'પરિશ્રમ વગર મેળવેલું અનાજ મારામાં આળસવૃત્તિ લાવશે, જેથી શરીર અને મન હરામી થઈ જશે.'

'સમૃદ્ધિ હશે તો ચોર મારા ઘરમાં આવશે.'

'તમારું દેવું-ઉપકાર ગમે ત્યારે મારે ચૂકવવું પડશે.'

'તમારા આ ઉપકારને કારણે મારું મસ્તક હંમેશાં નીચું રાખવું પડશે.'

અને અંતમાં તેમણે સચોટ કહ્યું : 'મને બધી સગવડો તો પ્રાપ્ત થઈ જાય, પરંતુ તેની સાથે હું મારું સાચું સંતપણું ખોઈ નાખુંને!'

તેમનું કથન સાંભળી ધનિક મૌન બની ગયો.

**બોધ વાક્યો :**

★ સાચો સંત સ્વાશ્રયી હોય છે.
★ વગર પરિશ્રમનું સર્વ અનર્થ નોતરે છે.
★ પરિશ્રમથી કમાયેલું ધન સાત્વિકતા આપે છે.
★ વગર મહેનતનું પ્રાપ્ત થાય તો આળસ આવે છે.
★ પરિશ્રમ મન અને શરીરને તંદુરસ્ત રાખે છે.

***'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી***

*ભવિષ્યમાં રસ છે, કારણકે મારી બાકીની જિંદગી હું ત્યાં જીવવાનો છું. – ચાર્લ્સ કેટરિંગ*

# "કચ્છના શિક્ષણ અને પાણીના પ્રશ્ને ચિંતન શિબિર"

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા અમદાવાદ ખાતે એક દ્વિ-દિવસીય ચિંતન શિબિરનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. પ્રથમ દિવસનો વિષય હતો "કચ્છમાં પર્યાપ્ત ઉચ્ચ શિક્ષણ અને તેનું વિસ્તૃતીકરણ". જ્યારે બીજા દિવસનો વિષય હતો "કચ્છની જળ સમસ્યા અને તેનું નિવારણ"

પ્રથમ દિવસે જાણીતા કચ્છી ઉદ્યોગપતિ અને શિક્ષણપ્રિય શ્રી હરીશભાઈ રંગવાલા, શિબિરના અધ્યક્ષ સ્થાને બિરાજમાન હતા. દીપ પ્રાગટ્ય નવનીત પબ્લિકેશન્સવાળા શ્રી નવીનભાઈ પોલડિયાના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષ શ્રી અશોક મહેતાએ આવકાર પ્રવચન આપતા જણાવેલ કે જે તે પ્રદેશના વિકાસ માટે શિક્ષણ તથા પાણી પણ અન્ય પરિબળોની જેમ અગત્યના પરિબળ છે અને તેથી આ વિષય પર કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે આ ચિંતન શિબિરનું આયોજન ગોઠવેલ છે.

**"કચ્છમાં ઉપલબ્ધ સ્નાતક કક્ષા તથા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો"** ના વિષય પર કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કાંતિલાલ ગોરે વિષદ્ છણાવટ કરતાં જણાવેલ કે કચ્છ યુનિવર્સિટીની રચના થતાં કચ્છમાં અભ્યાસની વિવિધ ફેકલ્ટી બાબતનો વેગ હવે સારો એવો વધવા પામશે. કચ્છના બે તાલુકા રાપર અને અબડાસામાં ઉચ્ચ અભ્યાસની એક પણ કૉલેજ નથી, જેને આપણે પ્રથમ પગલારૂપે સ્થાપિત કરવી જોઈએ. કચ્છમાં સાયન્સને લગતી ખૂબજ ઓછી શાળાઓ અને કૉલેજો છે, જેના પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. ધરતીકંપ બાદ કચ્છમાં સ્થપાયેલા ઉદ્યોગોને નજર સમક્ષ રાખી કચ્છમાં અભ્યાસક્રમો શરૂ કરવા જોઈએ. કચ્છમાં માઈનિંગ અને મિનરલ્સની સ્થાપના માટે ચક્રો ગતિમાન થઈ ગયેલ છે. કચ્છમાં મરીન બાયોલોજી, મરીન કેમેસ્ટ્રી, મરીન એન્જિનિયરિંગ અને મરીન ટેક્નોલોજીને લગતા અભ્યાસક્રમો ચાલુ થવા જોઈએ. અદ્યતન લાઈબ્રેરી શરૂ કરવા કચ્છ યુનિવર્સિટી આગળ વધી રહેલ છે.

**"કચ્છમાં ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો શરૂ કરવા માટેની શક્યતાઓ"** પર બોલતા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાની લૉ ફેકલ્ટીના રિટાયર્ડ ડીન શ્રી હરસુખરાય ધોળકિયાએ જણાવેલ કે, કચ્છમાં માઈનિંગ, મરીન, પશુપાલન, ડેરી ઉદ્યોગ, કળા કારીગરી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, વ્યવસાયિક અભ્યાસક્રમો વગેરે પ્રકારના નવા અભ્યાસક્રમો ચાલુ કરી શકાય.

આજ વિષય પર બોલતાં જાણીતા કેળવણીકાર શ્રી હરેશભાઈ ધોળકિયાએ જણાવેલ કે શિક્ષણનું કાર્ય એ માત્ર યુનિવર્સિટીનું કાર્ય નથી - સમગ્ર કચ્છી પ્રજાએ આ કાર્યમાં રસ લેવો જોઈએ. શિક્ષણ માટે વિદેશની યુનિવર્સિટી સાથેના જોડાણની શક્યતા વિચારવી જોઈએ. કચ્છ યુનિવર્સિટીમાં વિવિધ વિષયોની "ચેઅર્સ" હોય તે જરૂરી છે.

**"કચ્છમાં મેડિકલ ક્ષેત્રનાં અભ્યાસક્રમો"** બાબત કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ - અમદાવાદના ચેરમેન ડો. મધુભાઈ શાહે જણાવ્યું કે કચ્છમાં મેડિકલ અભ્યાસક્ષેત્રે મેડિકલ તથા ડેન્ટલ કૉલેજ ઉપરાંત પેરા મેડિકલ કોર્સીસનો પણ અભ્યાસ ચાલુ કરવા વિચારી શકાય.

આ જ વિષય પર બોલતાં એસોસિએશન ઓફ સર્જન્સ ઓફ ઇન્ડિયાની ગવર્નિંગ કાઉન્સિલનાં મેમ્બર ડૉ. જ્ઞાનેશ્વર રાવે જણાવ્યું કે કચ્છમાં જી.કે. જનરલ હોસ્પિટલ થયા બાદ મેડિકલ કોલેજની ખાસ જરૂરિયાત છે અને તે પબ્લિક / પ્રાઈવેટ સેક્ટરના નેજા હેઠળ તાત્કાલિક સ્થપાવી જોઈએ. સાથે તેઓએ એક વાત એવી પણ કરી કે જેમ હાવર્ડ કે ઓક્સફર્ડ યુનિ. વિખ્યાત થઈ છે તે રીતે કચ્છ યુનિ.એ પણ એકાદ વિષય એવો લેવો જોઈએ કે જેમાં એનું નામ આંતરરાષ્ટ્રીય શિક્ષણ જગતમાં ગૌરવથી લેવાય.

**"કચ્છમાં પી.ટી.સી. કક્ષાના શિક્ષણની સવલતો"** પર બોલતા જાણીતા કેળવણીકાર શ્રી રમેશભાઈ દવેએ જણાવેલ કે કચ્છમાં પી.ટી.સી.ની પાંચ કોલેજો દ્વારા દર વર્ષે ૪૦૦ તાલીમાર્થી બહાર પડે છે. હવે કચ્છમાં વધુ પી.ટી.સી. કોલેજોની જરૂરિયાત નથી પરંતુ જે વિદ્યાર્થીઓ બહાર પડે છે તેમની ગુણવત્તા સુધારવાની ખાસ જરૂરિયાત છે.

**"કચ્છમાં ટેકનીકલ કક્ષાના અભ્યાસક્રમો"** બાબત તોલાની પોલીટેકનીક કોલેજ, આદિપુરના હેડ ઓફ મિકેનીકલ ડિપાર્ટમેન્ટ શ્રી નીતિન હીરાનંદાનીએ જણાવ્યું કે કચ્છમાં એક જ એન્જિનિયરિંગ કૉલેજ છે અને બે પોલીટેકનિક છે. કચ્છમાં સ્થાપિત ઉદ્યોગો વિશેની આંકડાકીય માહિતી આપતા તેમણે જણાવેલ કે કચ્છમાં વિવિધ ફેકલ્ટીનાં એન્જિનિયર્સની સારી એવી માંગ છે અને તે અંગે નવા અભ્યાસક્રમો સાથેની કોલેજો તથા પોલીટેકનિકો સારા એવા પ્રમાણમાં શરૂ કરવાની વિશાળ તકો રહેલી છે. તેની સાથે ટીચિંગ સ્ટાફને આકર્ષે તેવા પગાર ધોરણો અને બીજાં આકર્ષણો પણ મૂકવા જોઈએ જેથી તેઓ અહીં સ્થિર થાય.

ગુજરાત સરકારશ્રીના રોજગાર અને તાલીમ વિભાગના રાજકોટ રિજિયનના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી એસ.એ. પાંડે તથા

*આપણે સમજીએ કે આપણે ભોગ ભોગવીએ છીએ, પણ ખરેખર તો ભોગ આપણને ભોગવતા હોય છે.*

ભુજની આઈ.ટી.આઈ.ના પ્રિન્સીપાલ શ્રી જે. પી. ચોટાઈએ ઉદ્યોગોને જોઈતા ટેકનિકલ સ્ટાફની વિગત અને કચ્છમાં પ્રસ્થાપિત આઈ.ટી.આઈ.માંથી વિવિધ અભ્યાસક્રમ પાસ કરી બહાર નીકળતા વિદ્યાર્થીઓની વિગત આપેલ હતી. કચ્છમાં રાપર અને મુંદ્રા ખાતે સરકારી નવી આઈ.ટી.આઈ. શરૂ કરવાની પણ તેઓએ વિગત આપેલ હતી.

આ તબક્કે શ્રી સુરેશચંદ્ર મહેતાએ જણાવ્યું હતું કે નબળા લોકોને હતાશામાં ન લઈ જાય તેવું ફ્રેમ-વર્ક ડેવલપ કરવું જોઈએ અને લોકો અભ્યાસક્રમથી આકર્ષાય તેવું વાતાવરણ ઊભું કરવા માટે "વિઝન ડોક્યુમેન્ટ" હોવું જોઈએ.

પ્રથમ દિવસની શિક્ષણના વિષય પરની ચર્ચાના અંતે સમાપન કરતાં શ્રી હરીશભાઈ રંગવાલાએ જણાવેલ કે આપણે આવતા દિવસોના અભ્યાસક્રમ માટે "વિઝન ડોક્યુમેન્ટ્સ" તૈયાર કરવા જોઈએ અને તે પરથી આગળ કાર્યો કરવા જોઈએ. ત્યારબાદ આ વિષયે અન્ય ઠરાવો પણ પાસ કરવામાં આવેલ હતા. ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં સરકારશ્રીએ વહેલી તકે મેડિકલ કૉલેજ ચાલુ કરવી જોઈએ તેવો ઠરાવ પણ સર્વાનુમતે પાસ કરવામાં આવેલ હતો.

પહેલા દિવસના અંતે અધ્યક્ષ સ્થાનેથી શ્રી હરીશભાઈ રંગવાલાએ યુનિ.ને વિદ્વાનોના પ્રવચનની શૃંખલા ગોઠવવા માટે એક ચેર ઊભી કરવા યોગદાનની જાહેરાત કરી હતી. આજ રીતે લલિતકળા, નૃત્ય વગેરે માટે દિવંગત તાર શરણાઈવાદક શ્રી વિનાયક વોરાની સ્મૃતિમાં તેમના મિત્રો વતી એક ચેરની જવાબદારી શ્રી બાબુભાઈ મેઘજી શાહે ઉપાડી લીધેલ હતી.

★

## ચિંતન શિબિરનો બીજો દિવસ

**"કચ્છની જળ સમસ્યા અને તેનું નિવારણ"** ના વિષય પર બીજા દિવસની ચિંતન શિબિરનું અધ્યક્ષ સ્થાન નર્મદા વોટર રિસોર્સીસ, વોટર સપ્લાય તથા કલ્પસર વિભાગના ચીફ એન્જિનિયર તથા એડિશનલ સેક્રેટરી શ્રી ઓ.ટી. ગુલાટીએ સંભાળેલ હતું. દીપ પ્રાગટ્ય ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ તથા જાણીતા ઉદ્યોગપતિ શ્રી દીપેશભાઈ શ્રોફના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું.

શિબિરની શરૂઆતમાં આવકાર પ્રવચન આપતાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષ શ્રી અશોકભાઈ મહેતાએ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અત્યાર સુધીના કાર્યોની વિગતવાર માહિતી આપેલ હતી અને આજનો પાણીનો વિષય આવતા દિવસોમાં કચ્છ માટે કેટલો અગત્યનો છે તેની વિગત જણાવેલ હતી.

આજના દિવસની ચર્ચાની શરૂઆત કરતાં પ્રમુખપદેથી બોલતાં ચીફ ઈજનેર અને એડિ. સેક્રેટરી શ્રી ગુલાટીએ કહ્યું કે ગુજરાતનો કોઈ વિસ્તાર એવો નથી, જેને પાણીનો પ્રશ્ન નથી. પાણીના પ્રશ્નનું પ્રમાણ વધે-ઘટે એવું બને પણ અહીંથી પાણીના પ્રશ્નની છણાવટ અને ઉપાયો સરકાર સુધી પહોંચે એવા સૂચનો થાય, પ્રશ્નને ગતિ મળે, અને તે કચ્છના પાણીનો પ્રશ્ન હળવો કરવામાં મદદરૂપ થાય, એવું આપણે ઈચ્છીએ.

**"કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના નિયમિત પાણી અંગેના આયોજનો તથા કાર્યો"** ના વિષય પર બોલતા નર્મદા નિગમની કેનાલ-૪ ની ડિવિઝનના ચીફ એન્જિનિયર શ્રી યુ.એસ. ચંદોરીકરે જણાવેલ કે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો વ્યવસ્થિત રીતે ચાલુ થઈ ગયેલ છે અને જૂન-૨૦૧૧માં આ કેનાલના બધા જ પ્રકારના કાર્યો પૂરા કરી નર્મદા નદીના સિંચાઈ માટેના નીર વિતરણ કરવાના પ્લાનિંગ ઘડાયેલ છે. કચ્છ બ્રાંચ કેનાલની વિવિધ આંકડાકીય માહિતી આપતા તેમણે જણાવ્યું કે આ યોજનાનો ખર્ચ લગભગ રૂા. ૨,૦૦૦/- કરોડનો થવાની ગણતરી છે. આ તબક્કે ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતાએ નર્મદા નિગમના પ્લાનિંગમાં અવિશ્વાસ વ્યક્ત કરતાં જણાવેલ કે આ રીતે નર્મદા નિગમે અનેક વખત રિવાઈઝ્ડ પ્લાનિંગ આપેલ છે. તેથી આ પ્લાનિંગ આખરી રહેશે કે નહીં? શ્રી ચંદોરીકરે વિશ્વાસ આપતાં જણાવેલ કે હવે પછી આ પ્લાનિંગમાં કોઈ જ ફેર નહીં થાય અને આ પ્લાનિંગ પ્રમાણે જ કાર્યો પૂર્ણ કરવાની ગણતરી છે.

**"કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી અંગેના આયોજનો"** અંગે નૈરોબી સ્થિત કચ્છી આગેવાન શ્રી લક્ષ્મણભાઈ રાઘવાનીએ આ વિષયે સરકારશ્રીમાં રજૂ કરેલ પોતાના પ્રોજેક્ટ રિપોર્ટની વિગતો અંગે જણાવેલ કે પ્રથમ લિફ્ટ દ્વારા કચ્છના ઊંચાઈવાળા ભાગમાં પાણી ચઢાવવામાં આવે અને ત્યારબાદ ગ્રેવિટી દ્વારા ચારે દિશામાં આ પાણી વહાવવામાં આવે કે જેથી કચ્છના મોટાભાગને સિંચાઈની ખેતીનો લાભ આપી શકાય.

ઉપરોક્ત વિષય પર બોલતાં નર્મદા વોટર રીસોર્સીસ, વોટર સપ્લાય તથા કલ્પસર વિભાગના ચીફ એન્જિનિયર તથા એડિશનલ સેક્રેટરી શ્રી ઓ.ટી. ગુલાટીએ જણાવેલ કે અમારા વિભાગે કચ્છને ફાળવાયેલ વધારાના પાણી અંગેના આયોજનો પ્રાથમિક તબક્કાની રીતે વિચારી રાખેલ છે. આ અંગેના ફિલ્ડ સર્વે બાકી છે. ફિલ્ડ સર્વે થઈ ગયા બાદ જ આયોજનો ફાઈનલ થઈ શકે. અત્યારે

ફાર ઈસ્ટ
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ
All Inclusive Rs. 39,999/- + $ 999
11 Days – 11 Nights • નિયમિત પ્રસ્થાન
દુબઈ • આબુધાબી
All Inclusive Rs. 24,444/- + $ 499
4 Nights – 5 Days • નિયમિત પ્રસ્થાન
યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
મુલુંડ
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

વિચારી રાખેલ આયોજનો મુજબ :

૧. ફતેહગઢ (સારણ) તળાવ (રાપર તાલુકા)માં ૦.૧૦ M.A.F. પાણીનો સંગ્રહ અને વપરાશ.

૨. બન્ની વિસ્તારમાં કેનાલ લંબાવી ૦.૨૦ M.A.F. પાણીનો વપરાશ.

૩. ફોર્મિંગ અપ એરિયામાં લીંક કેનાલ બનાવી ૦.૨૧ M.A.F. પાણીનો વપરાશ.

૪. હાઈ કંટુર લેવલે (૮૦થી ૧૯૦ મીટર) કેનાલથી પાણી લઈ જઈ ૦.૧૬ M.A.F. પાણીનો વપરાશ.

૫. કચ્છ શાખા નહેરના ટેઈલને નારાયણ સરોવર સુધી લંબાવી ૦.૨૩ M.A.F. પાણીનો વપરાશ.

૬. હાઈ કંટુર લેવલે (૪૦થી ૬૦ મીટર) કેનાલથી પાણી લઈ જઈ ૦.૧૦ M.A.F. પાણીના વપરાશના આયોજનો વિચારેલ છે.

આ પધ્ધતિથી ૩,૩૦,૯૮૦ હેક્ટર ખેતી ખરીફમાં અને ૪૬,૯૪૦ હેક્ટર ખેતી રવિમાં થઈ શકશે. આ યોજનાનો ટોટલ ખર્ચ રૂા. ૨૬૧૩/- કરોડ જેટલો થવા જશે. આ યોજના જૂન-૨૦૧૧ સુધીમાં પૂરી કરવાના આયોજનો વિચારાયેલ છે.

**"કચ્છમાં ઉદ્યોગોને જોઈતા પાણી માટે ડી-સેલિનેશન પ્લાન્ટ"** ના વિષયે બોલતાં "ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન"ના સેક્રેટરી શ્રી નિમેષ ફડકેએ જણાવેલ કે આ યોજનાના વિગતવાર અભ્યાસ માટે ઉદ્યોગ વિભાગે જી.આઈ.ડી.બી.ને કાર્યભાર સોંપેલ છે. અત્યારની યોજના પ્રમાણે "ગુજરાત વોટર ડિસ્ટ્રિબ્યુશન કંપની" નામની એક કંપનીની જોઈન્ટ સેક્ટરમાં રચના કરવી કે જેમાં ૭૬% હિસ્સો સરકારશ્રીનો હોય અને ૨૪% હિસ્સો ઉદ્યોગકારોનો હોય. અત્યારે નક્કી કરવામાં આવેલ આયોજન પ્રમાણે ૧૫૦ M.L.D.ના ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના માટે ગ્લોબલ ટેન્ડર મંગાવવા અને યોગ્ય કંપનીને કામ સોંપવું. આ કંપની તેના ડોર સ્ટેપ પર નક્કી થયેલ ભાવ પ્રમાણે "ગુજરાત વોટર ડિસ્ટ્રિબ્યુશન કંપની"ને શુધ્ધ કરેલ પાણીની ડિલિવરી આપે. આ કંપની દરેક ઉદ્યોગના ડોર સ્ટેપ પર પાણી પહોંચાડે. વપરાશકાર ઉદ્યોગ આ પાણીના કોઈપણ જાતના ભાવ નક્કી કર્યા વગર પરચેઈઝ એગ્રીમેન્ટ પર સહી કરીને આપી દે તેવા સરકારશ્રીના આગ્રહ સાથે આ વાટાઘાટો તૂટી ગયેલ છે. જેથી આ યોજનાનું કામ હાલે ખોરંભે ચડેલ છે.

બેઠકમાં ઉપસ્થિત રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહે જણાવેલ કે આ પ્રશ્ન કચ્છના ઉદ્યોગો અને સરકારશ્રીનો છે અને તેમાં અમારે કંઈ કરવાનું રહેતું નથી. જ્યારે બેઠકમાં ઉપસ્થિત શ્રી અશોકભાઈ મહેતા અને ડો. ચંદ્રકાંત દેઢિયાએ જણાવેલ કે કચ્છમાં ધરતીકંપ બાદ સ્થાપિત ઉદ્યોગો મોટાભાગનું પાણી કચ્છના ભૂતળનું વાપરતા હોવાથી આ પ્રશ્ને સરકારશ્રીએ તાત્કાલિક ઉકેલ લાવવો જોઈએ અને કચ્છમાં એકથી વધુ માત્રામાં આ પ્રકારના ડી-સેલિનેશન પ્લાન્ટની રચના થવી જોઈએ. બેઠકમાં ઉપસ્થિત મોટાભાગના સભ્યોનો મત આ પ્રમાણે રહેવા પામેલ હતો.

**"કચ્છમાં વરસાદી પાણીના સંગ્રહ તથા વોટરશેડ્સ યોજનાઓ"** વિષે સ્લાઈડ શો સહિત જાણીતા ભૂસ્તરશાસ્ત્રી શ્રી યોગેશ જાડેજા તથા વાસ્મોના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી આર. કે. શમાએ વિગતવાર રજૂઆત કરેલ હતી અને જણાવ્યું હતું કે કચ્છમાં કયા સ્થળે કયા પ્રકારના ખડકો આવેલા છે, તેનો અમે વિગતવાર અભ્યાસ કરેલ છે અને તેના પરથી નક્કી કરી શકાય કે કઈ જમીન પર કયા પ્રકારના ચેક ડેમ બાંધવા અને વરસાદી પાણીનો સંગ્રહ કરવો. આ બાબતે અત્યાર સુધી કચ્છભરમાં કરવામાં આવેલ કાર્યવાહીની વિગતોની રજૂઆત પણ તેઓશ્રીએ કરેલ હતી.

**"કચ્છમાં પીવાના પાણી માટે નર્મદાની પાઈપ લાઈન અને અન્ય સવલતો"** વિશે સ્લાઈડ શો સહિતની રજુઆત શ્રી એસ.વી. આહુજાએ કરેલ હતી. પરંતુ તેઓશ્રીએ રજૂ કરેલ આંકડાઓ અંગે ઉપસ્થિત કેટલાક સભ્યશ્રીઓએ અન્ય રજૂઆતો કરેલ હતી.

શિબિરના અંતમાં ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના ભૂતપૂર્વ ગૃહમંત્રી અને ભચાઉ વિભાગના શ્રી હરિલાલ નાનજી પટેલે કચ્છમાં પર્યાવરણ, સ્થાનિક લોકોની ઉદ્યોગો દ્વારા કરાતી ભરતી વગેરે અંગે પ્રવચન કરેલ હતું. ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ નાણામંત્રી અને રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહે જણાવેલ હતું કે કચ્છને ગ્રેવિટીથી પાણી આપવામાં આવે. અંજાર નગરપાલિકા પ્રમુખ શ્રી માવજીભાઈએ પણ પ્રાસંગિક પ્રવચનો કરેલ. આ સભામાં શ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રી છબીલદાસ પટેલ, શ્રી હરિલાલ નાનજી પટેલ, શ્રી માવજીભાઈ સોરઠિયા, શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી અરજણભાઈ કાનગડ, શ્રી બચુભાઈ આહીર, શ્રી લક્ષ્મણભાઇ રાઘવાની, શ્રી નિમેષ ફડકે, શ્રી એસ.વી. આહુજા, શ્રી આર. કે. શમા, શ્રી યોગેશ જાડેજા, શ્રીમતી લીલાબહેન વીસરિયા, કુ. ચૌલા કુરૂવા, ડો. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હસમુખ ગઢેચા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના સેક્રેટરી શ્રી પ્રતાપભાઈ દંડે આભારવિધિ કરેલ હતી.

*'મંગલ મંદિર' : મે-૨૦૦૭*

**Meera Marketing**

**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**

**Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions**

30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

# કચ્છી ડોક્ટરે સર્જેલો વિક્રમ

**હર્નિયાની ૭ કલાક અને ૫૮ મિનિટમાં ૬૦ સર્જરી**
**લીમ્કા બુકમાં સ્થાન**
**॥ કચ્છડો વંકો, કચ્છી વંકા જેંજા, સારે જગમેં ડંકા ॥**



**ડૉ. કૌશિક શાહ**

ઉપરોક્ત પંક્તિને સાર્થક કરતા કચ્છ - માંડવીના સુખ્યિાત ડૉ. કૌશિક શાહે કચ્છની વિખ્યાત ભોજાય સર્વોદય ટ્રસ્ટની હૉસ્પિટલમાં યોજાયેલા મેગા તબીબી શસ્ત્રક્રિયા કેમ્પ દરમિયાન ૭ કલાક અને ૫૮ મિનિટમાં ૬૦ હર્નિયાની શસ્ત્રક્રિયા કરી લીમ્કા બુકમાં અગાઉ નોંધાયેલ બે સર્જનોની સાથે મળીને ૬ કલાક અને ૧૦ મિનિટમાં હર્નિયાની ૫૬ શસ્ત્રક્રિયાના વિક્રમને એકલે હાથે મહાત કર્યો હતો. ઉપરોક્ત વિક્રમની નોંધ ગીનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડસમાં લેવાય તે માટેના સઘન પ્રયત્નો ડૉ. કૌશિક દ્વારા કરવામાં આવ્યા છે.

કચ્છી સર્જન ડૉ. કૌશિક શાહે શસ્ત્રક્રિયાની ટેકનિક વિશે જણાવતાં કહ્યું કે સામાન્ય રીતે હર્નિયાની શસ્ત્રક્રિયામાં અડધો કલાકથી એક કલાક નીકળી જતો હોય છે. પણ એનોટોમિકલ રિપેર ટેકનિક દ્વારા સારણગાંઠને રિપેર કરી મેશપ્લાસ્ટી દ્વારા જાળી બેસાડી અને ચામડીમાં ટાંકાના બદલે સ્ટેપલનો ઉપયોગ કરવાથી શસ્ત્રક્રિયામાં ઘણો સમય બચ્યો અને વિશેષ, દર્દીને તકલીફ ઓછી થઈ તેમજ લોહી ઓછું વહેવાથી દર્દી ઝડપભેર પોતાની રોજિંદી કામગીરીમાં લાગી જાય છે. ઉપરોક્ત સફળ શસ્ત્રક્રિયા માટે તેમણે ભુજની જનરલ હૉસ્પિટલના વર્ગ-૧ના એનેસ્થેટિસ્ટ ડૉ. માધવ નાવલેકરના સહયોગને બિરદાવ્યો હતો. ડૉ. નાવલેકરની આ સમય દરમિયાનની એનેસ્થેટિસ્ટ તરીકેની વિશેષ કામગીરીની નોંધ "લીમ્કા બુક" દ્વારા લેવાઈ છે.

ડૉ. કૌશિક શાહે તેમણે મેળવેલ વિશિષ્ટ સિધ્ધિ માટે તેમના પત્ની કિંજલ શાહ તેમજ લાડકી દીકરી રિયા શાહને પ્રેરણાસ્રોત તરીકે લેખાવ્યા હતા. જ્યારે ભોજાય સર્વોદય ટ્રસ્ટના લોકલાડીલા અધા શ્રી લીલાધરભાઈ ગડાને એક ઉત્સાહ પ્રેરકબળ ગણાવ્યા હતા. કચ્છના પશ્ચિમ કાંઠે આવેલી ભોજાય સર્વોદય હૉસ્પિટલમાં વિક્રમ નોંધાવનારી શસ્ત્રક્રિયાઓ સફળતાથી પાર પાડવાનું તેમનું સિધ્ધ થયેલ સ્વપ્ન માટે પરોક્ષ અને પ્રત્યક્ષરૂપે મદદગાર બનનાર સર્વે સેવાભાવી કાર્યકરોની પ્રશંસા કરી હતી.

લીમ્કા બુક્સમાં સ્થાન પ્રાપ્ત કરનાર સપ્તરંગી મેઘધનુષની આભા ધરાવતા ૩૨ વર્ષીય ડૉ. કૌશિક એચ. શાહ સમાજસેવાની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. માંડવીની પ્રખ્યાત રાણા હૉસ્પિટલ તેમજ ભોજાય સ્થિત સર્વોદય હૉસ્પિટલમાં બહુ જ અલ્પ સમયમાં દર્દીઓ તેમજ તેમના કુટુંબીજનોનો વિશ્વાસ સંપાદન કરવામાં સફળતાની અટારીએ ડૉ. કૌશિક શાહ પહોંચ્યા છે.

૨ ડિસેમ્બરના કચ્છ માંડવી મુકામે જન્મેલા ડૉ. કૌશિક શાહે એમ.બી.બી.એસ.ની ડિગ્રી ઈ.સ. ૧૯૯૬માં એમ.પી. શાહ મેડિકલ કોલેજ, જામનગરથી પ્રાપ્ત કરી. એક અત્યંત સફળ સર્જન થવા માટે ઝીણવટભરી આંખો, શાંત મગજ અને સુઘડ શસ્ત્રક્રિયા કરી શકે તેવા ત્રિગુણોનો સુમેળ હોવો જરૂરી છે અને તે ડૉ. કૌશિક શાહમાં પર્યાપ્ત રીતે ઉપલબ્ધ હોવાથી એમ.એસ.ની ઉપાધિ ગોલ્ડ મેડાલિસ્ટ તરીકે મેળવવામાં સિધ્ધતા પ્રાપ્ત કરી છે. પોતાની કારકિર્દીમાં ત્રણ વ્યવસાયિક નિબંધો રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના સર્જનોના સંમેલનમાં રજૂ કર્યા છે. એમ.પી. શાહ મેડિકલ કોલેજ, જામનગરમાં વિદ્યા સંપાદન કરવાની સાથે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ છે.

ડૉ.કૌશિક શાહે પાંચ વ્યવસાયિક વર્ષોમાં ૫,૦૦૦ કરતાં પણ વધુ ઑપરેશન કર્યા છે. હર્નિયા સર્જરીમાં તેઓ નિપુણતા ધરાવે છે અને કોઈપણ પ્રકારની તાત્કાલિક સર્જરીમાં પણ સફળતા પ્રાપ્ત કરે છે. કચ્છ જિલ્લામાં યોજાતી ઘણી તબીબી શિબિરોમાં અતિ ઓછા સાધનો વડે ખડેપગે શસ્ત્ર ક્રિયાઓ કરે છે.

ડૉ. કૌશિક શાહની યશગાથામાં સામાજિક ક્ષેત્રે કરેલા વિશિષ્ટ કામો અંકિત થયેલા છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા રોટરીની

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૮ ઉપર)**

*શરીરથી સંબંધ વિચ્છેદ થવો અર્થાત્ તેમાં અહંતા - મમતા ન રહેવી તે જ વાસ્તવિક એકાંત છે.*

# કચ્છના અભ્યાસક્રમમાં શૈક્ષણિક ગુણવત્તા

• રમેશ છબીલાલ દવે •

*કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ દ્વારા ગત તા. ૨૨-૯-૦૭ના અમદાવાદ મધ્યે કચ્છના પ્રાથમિક શિક્ષણ અંગે એક ચિંતન શિબિરનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. જેમાં પ્રાથમિક શિક્ષણના અનેક નિષ્ણાતોએ પોતાના મંતવ્યો રજૂ કરેલ હતા. જેનો અહેવાલ મંગલ મંદિરના ઓક્ટોબર-૨૦૦૭ના અંકમાં પ્રસિદ્ધ થઈ ગયેલ છે.*

*કચ્છના ગામડાંઓના પ્રાથમિક શિક્ષણ તથા માધ્યમિક શિક્ષણના સ્તરને ઊંચું લાવવા શિક્ષણ વિશારદ્ શ્રી રમેશભાઈ દવેએ અહીં પોતાના વિચારો રજૂ કરેલ છે. તેઓશ્રીના જણાવ્યા પ્રમાણે કચ્છમાં આ અંગે અનેક દિશાએથી પ્રયાસો થાય છે પરંતુ દરેક જૂથ પોતપોતાની રીતે અલગ અલગ પ્રયાસ કરે છે. જેના કારણે તેના પરિણામો જોઈએ તેવા દેખાતા નથી. અગર જો આ બાબતે સંગઠિતપણે પ્રયાસ કરવામાં આવે તો ટૂંકા સમયમાં આપણે જરૂરથી સારા પરિણામો લાવી શકીશું.*

*આ માટે દરેક ગામમાં ગ્રામ્ય સમિતિ હોય. ત્યારબાદ તાલુકા સમિતિઓ અને સૌથી છેલ્લે જિલ્લા સમિતિ રચાય. તેના પર મધ્યસ્થ સમિતિ હોય. નીચેથી ઉપર સુધી દરેકે પોતાના ભાગે આવતા કામને પ્રામાણિકપણે પૂરા કરવા કોશિશ કરવી જોઈએ. આ પ્રમાણે આપણે સંગઠિત થઈ સમગ્ર કચ્છમાં માળખું ગોઠવી શકીશું તો નજદીકના ભવિષ્યમાં જરૂરથી સારા પરિણામો હાંસલ કરી શકીશું.*

***– મુખ્ય તંત્રી***

વર્તમાન સમયમાં ગામડે ગામડે શિક્ષણ દ્વારા તૈયાર થતી નવી પેઢીને સમયને અનુરૂપ કંડારવા ઉદ્યોગપતિઓ, દાતાઓના સહયોગની જરૂર છે. સરકાર પ્રાથમિક ક્ષેત્રમાં શિક્ષણના વ્યાપને વધારી શકેલ છે. માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને આગળના અભ્યાસમાં સ્વૈચ્છિક ટ્રસ્ટો વધારે જોડાયેલા છે. મુખ્યત્વે આપણે આ બાબતો ધ્યાનમાં લેવી પડે :

૧. ધોરણ સાત સુધીનો પાઠ્યક્રમ ગુણવત્તાયુક્ત થાય,
૨. બાળકનું આરોગ્ય સારું રહે.
૩. સ્પોકન ઈંગ્લિશ પર ભાર અપાય
૪. કમ્પ્યુટર શિક્ષણ સમૃધ્ધ બને
૫. તેજસ્વી બાળકો ઉચ્ચ અભ્યાસથી વંચિત ન રહે.
૬. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં ગુણવત્તા આવે.

- **કેન્દ્રીય સંસ્થા :**

દાતાઓ, ઉદ્યોગો પોતપોતાની રીતે કોઈક ક્ષેત્રે સાચવી કામ કરતા રહે છે. મૂડી અને શક્તિ વપરાય છે પણ આને યોગ્ય રાહે લઈ જવા 'બ્રેઈન ટ્રસ્ટ'ની જરૂર પડે. સારા તજજ્ઞો અને દાનવીરો સાથે મળે અને જ્યાં જરૂર છે ત્યાં કઈ રીતે મદદરૂપ થવાય તેની યોજના બનાવી તેમાં સહભાગી બને તે જરૂરી છે. રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગામડાઓને જોડતી એક સુદૃઢ સંસ્થાની આવશ્યકતા છે. આનાથી ખોટા વ્યય અટકશે અને મૂડી યોગ્ય ઉપાર્જન આપશે. નિયત ભંડોળ, કામગીરીમાં ઝડપ અને સાતત્ય તથા અનુકાર્ય મહત્ત્વનાં રહે છે. જે કરવા ધારેલ છે તેનાં પરિણામો મળવા જરૂરી છે.

- **ગુણવત્તાયુક્ત શિક્ષણ : (સી.ડી., આકાશવાણી અને યોગ્ય સાહિત્ય)**

હાલે ગણિત, અંગ્રેજી, કમ્પ્યુટર અને વાંચન લેખનમાં બાળકો નબળા સાબિત થાય છે. આનું મુખ્ય કારણ એ છે કે પાઠ્યક્રમ નવો આવ્યો પણ શિક્ષકો ઓછા છે. પરંપરાયુક્ત સરકારી પરિપાટી તૂટે નહીં ત્યાં સુધી યોગ્ય સી.ડી.ઓ અને વિષયને અનુરૂપ મિનિમમ લેવલનું સાહિત્ય તૈયાર કરાવી શાળાઓ સુધી પહોંચી શકાય. આમાં ડાયેટ (જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન) તથા જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગરના તજજ્ઞોની સેવાઓ લેવી પડે.

આ ઝડપથી થઈ શકે અને વ્યાપમાં વધુ ઝડપે પહોંચી શકાય તેવી કામગીરી છે.

પ્રારંભિક સ્વરૂપે નાની શાળાઓ, નાના ગામોમાંથી આની શરૂઆત કરવી સરળ પડે. પાઠ્ય પુસ્તકના પાઠો સારી રીતે વાંચવા, અંગ્રેજી બોલવા, સી.ડી.ઓ તૈયાર કરાવાય. રેડિયોની મદદ લઈ શકાય. પ્રાયોજિત કાર્યક્રમો માટે ફંડ અપાય. આકાશવાણીનો સહકાર મળી શકે તેમ છે. આનાથી સરસ કાર્યક્રમો શાળા શિક્ષણને ગુણવત્તા આપી શકશે.

આ કેમ કરી શકાય તે માટે શિક્ષક તાલીમ અને સંચાલન મહત્ત્વના રહે છે.

આ પ્રયોગ તાત્કાલિક અમલમાં મૂકી શકાશે અને સ્પોકન ઈંગ્લીશ, વાંચન-ગણનને સાચી દિશા આપશે.

કમ્પ્યુટર શિક્ષણ માટે નવા શિક્ષકોમાં

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૪ ઉપર)**

*શિક્ષણ પુસ્તકોમાંથી મળે છે પરંતુ અનુભવ જીવનમાંથી જ મળી શકે છે.*

# કચ્છમાં લોકોની દીપોત્સવીની ઉત્સવપ્રિયતા ઘટી નથી

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

કચ્છની પ્રજા ઉત્સવપ્રિય પ્રજા છે. સાહિત્ય, સંગીત તથા કલાને પીછાણનારી કે આગવી સમજ ધરાવનારી પ્રજા છે. સમગ્ર કચ્છમાં વિવિધ સ્થળે ધાર્મિક તહેવારો ઉત્સાહથી આખું વર્ષ ઉજવાતા રહે છે. આવા તહેવારો કે ઉજવાતા ઉત્સવોથી કચ્છની પ્રજામાં નવું ચેતન, નવું જોમ ઉદ્‌ભવે છે. આપણા ઉત્સવો ભૌતિક સ્તરથી બૌધ્ધિક, આત્મિક અને આધ્યાત્મિક અર્થ છાયાઓમાંથી વિભૂષિત થયેલા છે.

પૃથ્વીવાસીઓને દીપશિખા દ્વારા ઈશ્વરનો સ્પર્શ થાય અને ક્ષણભર તો ઇશનું અજવાળું આત્મામાં પથરાઇ જવા પામે એ અનેરો દીપ ઉત્સવ એટલે જ દિવાળી. વાસ્તવમાં તો આ પ્રકાશનું મહાપર્વ આશા, શ્રધ્ધા અને શક્તિનું પર્વ આપણા આંતરદીપને પ્રગટાવે છે. આવો અનેરો દિન મધ્ય રાત્રીએ કરવટ બદલે – વર્ષ પણ અતિ હર્ષથી જાણે પડખું બદલે, નીત નવા કેલેન્ડરોમાં નૂતન વર્ષની તારીખ, વાર, તહેવાર અને કલાકો કે ક્ષણોમાં પ્રત્યેક વ્યક્તિનું ભાગ્ય આલેખાઇ જાય એ આ પૃથ્વીવાસીઓને સમજતાં તો વર્ષો વીતી જાય છે.

ભુજમાં ઉજવાતા દીપોત્સવી ઉત્સવની વાતો વાગોળતા વૃધ્ધો ભાવવિભોર બની જાય છે. ગાર માટીના દેશી નળિયાંવાળા ઘરોની એ સમયે બોલબાલા હતી. પાકા સિમેન્ટના મકાનો જૂજ જોવા મળે. રાજાશાહી સમયે ડેલાઓમાં રહેતા મહાનુભાવો તો ડેલીઓમાં જે મકાનો હોય તેમાં રહેતા. ભુજવાસીઓ શ્રાધ્ધ પક્ષ પછી લગભગ તરત જ ઘરનું સફાઇ કામ હાથ ધરે. ઘર લીંપવા માટે ગાયના છાણની તથા માટીની માંગ વધી જાય. લાંબી લાકડીમાં બાંધેલા ઝાડુની માંગ વધી જાય અને દિવાળીના ચાર દિવસ પહેલાં તો પ્રત્યેક ઘર લીંપીગુંપીને અતિ સ્વચ્છ બની ગયેલું, અતિથિઓને આવકારવા તૈયાર હોય.

કચ્છમાં હિન્દુ-મુસ્લિમ ભાઇચારો અનેરો છે. ચિત્રકલામાં કમાગર વર્ગ અતિ નિષ્ણાત હતો. રંગોમાં ગળી, હળદર, કંકુ આદિનો ઉપયોગ પણ કરતો. કેટલાક લોકો પોતાના પ્રવેશદ્વારની બન્ને બાજુ તથા પ્રવેશદ્વાર ઉપર કમાગર પાસે સુંદર ચિત્રો દોરાવતા. ડેલીઓ કે ડેલાઓની દિવાલો પર પણ એકતરફ અંબાડી અને મહાવત ધરાવતો ગજરાજ અને બીજી દીવાલ પર અથવા કહોકે તેની સામે સિંહનું ચિત્ર દોરાતું. ઉપર તોરણનું ચિત્ર હોય.

દિવાળી પહેલાં લગભગ ત્રણેક માસથી કુંભારો દીપોત્સવીના તહેવારો માટે નાના મોટા કોડિયાં તથા માટીનાં અનેક રમકડાં, કપ-રકાબી, હાથી, ઘોડા, ઊંટ, ચૂલ્હા, તાવડી, કોઠી જેવી અનેક વસ્તુઓ બનાવતા. ભુજમાં તો ચોક ફળિયામાં શાક માર્કેટ પાસે, ભીડ ચોકમાં, સરપટ ગેઇટની બહાર અને કુંભારવાડામાં વેચાતા અને આ પ્રકાશ પર્વના ચાર દિવસ મીઠાના થેલા લઇને કુંભાર ભાઇઓ સકન, સકન ની મીઠી મધુરી બૂમો પાડી મળસ્કે ત્રણ વાગ્યાથી લોકોને જગાડતા અને પર્વનું શુકન માની આ સબરસ લોકો ખરીદતા. પ્રાતઃકાળે ઘરની સફાઇ કરી સૂપડા કે માટલામાં ભરી તેને ટકોરા મારીને ઉકરડે ફેંકવા સન્નારીઓ જતી. પ્રત્યેક ઘરમાં પ્રવેશદ્વારે કોડિયાં રાખવા ગોખલાઓ હતા. આજે નવા બાંધકામમાં તે ક્યાંય જોવા મળતા નથી.

ભુજના આઇના મહેલની અગાસી પર તો શરદ પૂનમથી રોશની ઝળહળતી અને દીપોત્સવી દરમ્યાન લાભપાંચમ સુધી આઇના મહેલમાં લટકતી કાચની હુંડીઓ અને ઝામરમાં મીણબત્તીઓ અને રંગબેરંગી પ્યાલામાં ઝગમગતા દીવડાઓ નિહાળવા લોકોની કતાર લાગે. સાંજે દરબારગઢ ચોકમાં આતશબાજી થાય. જેમાં રાજવી પરિવાર આતશબાજી નિહાળવા બિરાજે, લોકસમુદાય એકત્રિત થાય. ખાસ કરીને વ્હોરા કોમના ભાઇઓ આતશબાજીમાં સામેલ હોય. તેઓ દારૂખાનું-ફટાકડા પણ બનાવતા. નાના મોટા ભંભુ, જલેબી, મરચાં, ફટાકડા, નાના બોમ્બ, ફૂલજરી આદિ બનાવતા. લોખંડના બનાવેલા ચાકી ખીલાનું મહત્વ હતું. તેમાં પોટાશ ભરીને ફોડવામાં આવતા, તો બીજી લોખંડની નાની સરખી તોપમાં પણ દારૂ ભરીને ફોડવામાં આવતી.

લોકો મળસ્કે વહેલા ઊઠી દેવ દર્શને જાય. ખાસ કરીને મંગળાઆરતી માટે શ્રી હાટકેશ્વરજીના મંદિરે, સત્યનારાયણ દેવ, કલ્યાણેશ્વર મહાદેવ, આશાપુરા માતાજીના મંદિર આદિમાં અનોખી ભીડ જામે. મહાદેવના નાકામાં ફટાકડા ફોડવા યુવાનીયાઓની ઠઠ જામે. મહાદેવ ગેઇટથી કલ્યાણેશ્વર મહાદેવ સુધી, બીજી તરફ રાજેન્દ્રબાગ સુધી વિવિધ ટોળકીઓ ફટાકડા ફોડે. જેના ગગનભેદી અવાજોથી કોઇના કાનમાં ક્ષણભર બહેરાશ આવી જાય, પ્રકાશથી આંખો અંજાઇ જાય. હમીરસર સામેની ગઢની રાંગ પાસેના પગથિયા પર લોકો ખીચોખીચ બેસીને સૌને નિહાળી રહ્યા હોય. જે આજે પણ લોકો ત્યાં બેસીને આ ફટાકડાની મોજ માણે છે. રાજાશાહીમાં રાજેન્દ્રપાર્ક, એ લાખોટા બાગ કહેવાતો. આ બાગમાં આતશબાજી થતી. હમીરસરની પાળ

*સુખ - આનંદનો આધાર પરિવાર પણ છે, માત્ર પૈસા નહિ.*

પરથી પગથિયા પર ઊભીને જનમેદની મજા માણતી. આજની જેમ જ લગભગ એકાદ માસ પહેલાં દરજીઓને લોકો પોતાના વસ્ત્રો સીવવા આપતા. ધનાઢ્ય લોકો પોતાના ઘેર દરજીને બેસાડી વસ્ત્રો સીવવા આપતા.

ગૃહિણીઓ વિવિધ વાનગીઓ બનાવવામાં મશગુલ રહેતી. આજે તો તૈયાર વાનગીઓ ખરીદવા લોકો પડાપડી કરે છે. કારણ શ્રમનો મહિમા ઘટ્યો છે. દેખાદેખી વધતી જ જાય છે. બેસતા વર્ષે ભગવાન સમક્ષ મંદિરોમાં અન્નકૂટ ઉત્સવો યોજાય છે જેમાં છપ્પન ભોગ ધરાવવાની પ્રણાલી છે એ આજે પણ યથાવત છે. કમાણીનો દશાંશ કે વીશાંશ ભાગ ધર્માદા તરીકે લોકો કાઢતા અને દેવ મંદિરોમાં અર્પણ કરતા. અન્નકૂટ માટે પણ આર્થિક સ્થિતિ મુજબ રકમ નોંધાવતા. આજે પણ કેટલાક પરિવારોમાં આ પ્રથા ચાલુ છે. દીપોત્સવી ઉજવણીના ભાગરૂપે આજે તો અનેક પરિવારો પોતાના ઘર પર લાઇટ ડેકોરેશન કરી ઘર શણગારે છે.

રાજાશાહીમાં પણ ભુજના પ્રાગ મહેલમાં શાસકોને નૂતન વર્ષાભિનંદન કરવા માટે, પાયવંદન કરવા લોકો શ્રીફળ, સાકર આદિ લઇને જતા. તેમને મીઠાઇ ભેટમાં મળતી. લોકો અમલદારો પાસે શ્રીફળ લઇને જતા. આજે પણ લોકો કેટલાક અમલદારો પાસે નવા વર્ષની શુભેચ્છા અર્થે ખાલી હાથે જતા નથી. કેટલાક ડૉક્ટરો, વકીલો, જ્ઞાતિના કે સમાજના સંબંધો રાખી વ્યક્તિ પાસેથી ફી ન લે તેવા લોકો, બેસતા વર્ષે ડોક્ટર - વકીલને કવરમાં રોકડ રકમ કે મીઠાઇનું બોક્ષ આપી સાલમુબારક કરતા.

હાલે તો ફોન અને મોબાઇલનું ચલણ વ્યક્તિગત સંપર્ક માટે વધ્યું હોઇ પોતાના શહેરમાં ગામમાં કે અન્યત્ર નૂતન વર્ષના અભિનંદન પાઠવવા આ સાધનોનો વિશેષ ઉપયોગ આજે કરે છે. સ્વહસ્તે પોસ્ટકાર્ડમાં ચિત્ર દોરી શુભેચ્છા પાઠવવાની રીત લુપ્ત થતી જાય છે. વ્યાપારીઓ પોતાના ગ્રાહકોને નવા વર્ષના કેલેન્ડર આપતા રહે છે. કોઇ મોટી કંપનીઓ નવા વર્ષે ભેટમાં ડાયરી આપે છે. અલબત્ત કેલેન્ડર કે ડાયરીમાં મહદ્અંશે કંપનીની કે પેઢીની જાહેરાત હોય છે. ધનતેરસથી લાભપાંચમ સુધીના શુભ મુહૂર્તો પ્રત્યેક દૈનિક આજે પ્રસિધ્ધ કરે છે. હાલે દૈનિકો કે માસિકો દીપોત્સવી અંકો પ્રગટ કરે છે.

ખાસ કરીને ભુજમાં કાળી ચૌદશના દિવસે પોતાના કુળદેવતાનું પૂજન સતીઓના સ્થાનકનું પૂજન કુળાચાર પ્રમાણે લોકો કરે છે. ધનતેરસ તથા દિવાળીના રોજ ધન પૂજન કે લક્ષ્મી પૂજનની પરંપરા આજે પણ યથાવત છે. દીપોત્સવી એ એક સર્જનનો તહેવાર છે. ધોબી, સુથાર, લુહાર, કડિયા, રંગરેજ, કંદોઇ, દરજી, મોચી અને રેડીમેઇડ ગાર્મેન્ટસ અને ઇલેક્ટ્રીકલ ઇક્વિપમેન્ટસ ધરાવતા વ્યાપારીઓ આદિ સૌની રોજીમાં વધારો થાય છે. વાસ્તવમાં તો આપણા આત્માને અજંપા અને અંધકારમાંથી જગાડવાનું આ પર્વ છે.

*'મંગલ મંદિર' : ડિસેમ્બર-૨૦૦૭*

---

## કચ્છના અભ્યાસક્રમમાં શૈક્ષણિક ગુણવત્તા

**(અનુસંધાન : પાના નં.-૭૨ ઉપરથી ચાલુ)**

સજ્જતા છે. સાધનો, લાઈટ વ્યવસ્થા ખૂટે છે ત્યાં મદદરૂપ થવાય. આ માટે તાલુકા દીઠ સર્વે જરૂરી બને. ઉપલબ્ધ સાધનો વપરાવા જોઈએ. ઘણું સાહિત્ય ગુજરાત રાજ્ય તાલીમ અને સંશોધન સંસ્થા દ્વારા તૈયાર છે. ફક્ત આ સાહિત્ય ગામડે ગામડે પહોંચે તે માટે પ્રયાસમાં આર્થિક સહાય કરવી પડે.

નવું સાહિત્ય તૈયાર કરાવી કેબલ ચેનલની મદદથી પ્રસારિત કરાવી શકાય.

આમ થાય તો શૈક્ષણિક કામગીરીમાં ચોક્કસ રીતે અને તાત્કાલિક ધોરણે મદદ કરી શકાય.

ધોરણ-૮ અને ૧૦ના ચારેક વિષયો માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ - ગાંધીનગર દ્વારા સારો પ્રયાસ થયેલ છે. દરરોજ બે ટાઈમ વિષયોનું શિક્ષણ અપાતું. આવા પ્રયોગો માટે શાળાઓની સજ્જતા નથી. હવે સી.ડી. ઉપલબ્ધ થતી આવે છે. શાળામાં આના પ્રસારણ માટે કમ્પ્યુટર, સી.ડી. પ્લેયર, ટી.વી., એલ.સી.ડી. પ્રોજેક્ટરની જરૂર પડે. પ્રોજેક્ટર સિવાયના સાધનો મોટાભાગની શાળાઓ પાસે ઉપલબ્ધ હોવાની સંભાવના છે.

અહીં આટલું ખૂટે છે : (૧) પ્રસારિત કાર્યક્રમનું પ્રિન્ટેડ સાહિત્ય, (૨) લેશન બાળકો સમજ્યા કે નહીં તેની છાપેલી કસોટીઓ અને (૩) ગૃહકામ સાહિત્ય. આટલું કામ ઉમેરી શકાય તો બાળકો, શિક્ષકો તેનો ગુણવત્તાયુક્ત ઉપયોગ કરી શકે છે.

● **જિલ્લાના વિષય નિષ્ણાતો અને કામગીરી :**

સરકારની મંજૂરી સાથે રાજ્યમાં જિલ્લામાં તાલીમ આપતા અને પાઠ્યપુસ્તક બોર્ડ સાથે સંકળાયેલા ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન અને સમાજવિદ્યાના નિષ્ણાતોની એક ટીમ બનાવાય. દર માસે તેની એક બેઠક થાય. તૈયાર થતા સાહિત્ય અને તેના થયેલ ઉપયોગની સમીક્ષા કરાય. આ માટે આ અધ્યાપકોને આવવા-જવા અને ભોજનનો ખર્ચ પૂરો પાડવા અલગ ફંડ રખાય. રાજ્યની આપણી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ સંસ્થા સાથે જિલ્લા સમિતિ આ કામગીરી કરે તો પણ ગુણવત્તાસુધાર કાર્યક્રમને ઝડપી અમલી બનાવી શકાય.

● **બાળકોનું ભાવિ :**

શૈક્ષણિક ગુણવત્તા સુધાર યોજના આકાશવાણી, વર્તમાનપત્રો અને ટેક્નોલોજીના માધ્યમથી ઝડપથી વિસ્તારી શકાય તેમ છે.આપણું નાનું કદમ ભાવિની વિરાટ યોજનામાં પરિણમશે.

*'મંગલ મંદિર' : નવેમ્બર-૨૦૦૭*

*સત્યનું આચરણ કરનાર નૈતિક રીતે મજબૂત બને છે.*

# કચ્છની કાયાપલટ પર એક નજર

• અમૃતલાલ માલદે •

છેલ્લા દોઢ દાયકામાં કચ્છમાં જે નોંધપાત્ર આર્થિક - સામાજિક પરિવર્તનો થયાં એનું સર્વાંગી વિકાસની દૃષ્ટિએ મૂલ્યાંકન કરવાનો એક નમ્ર પ્રયાસ છે. રાષ્ટ્રીય સ્તરે ૧૯૯૧થી દેશમાં ઉદારીકરણ, ખાનગીકરણ અને જાગતિકીકરણ અન્વયે નવા આર્થિક સુધારા સઘન રીતે હાથ ધરાયા. એની અસર ગુજરાત રાજ્ય અને જિલ્લા સ્તરે પણ જણાઇ. દસ વરસ પછી ૨૦૦૧ની ૨૬ જાન્યુઆરીએ કચ્છમાં ભયંકર વિનાશકારી ભૂકંપના પગલે ઔદ્યોગિક પ્રવૃત્તિઓને ઓર પ્રોત્સાહિત કરવા વિશેષરૂપે 'ટેક્સ હોલીડે' હેઠળ કરમાફી અને અન્ય સવલતો/રાહતો જાહેર થઇ. નવા નવા ઉદ્યોગો આવવા લાગ્યા, માળખાકીય સવલતો ઊભી થવા લાગી. ખાનગી ક્ષેત્રે મુંદ્રા બંદરનો વિકાસ થયો. કેટલીક સમસ્યાઓ પણ ઊભી થઇ.

મુંબઇ સ્થિત સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમી (C.M.I.E.)ના જાન્યુઆરી ૨૦૦૭ના ગુજરાત રાજ્યના આર્થિક અવલોકન પ્રમાણે જિલ્લાવાર આ મૂડીરોકાણનું વિભાજન જોતાં કચ્છ જિલ્લો (રૂા. ૮૩,૫૬૬ કરોડ) રાજ્યમાં સૌથી મોખરે છે. ત્યારબાદ ભરૂચ, જામનગર અને સુરત આવે છે.

કચ્છ જેવા સીમાવર્તી, આર્થિક દૃષ્ટિએ પછાત અને સરકાર તરફથી ઉપેક્ષિત પ્રદેશમાં જ્યાં જળ જમીનની બુનિયાદી સમસ્યા સતત સતાવતી હોય છે, આ બન્ને સંશાધનોની ગુણવત્તા ઉત્તરોત્તર કથળતી જાય છે. નબળાને સશક્ત કરવા વધારે પડતી શક્તિવર્ધક ઔષધિઓ આપવામાં આવે તો એને ફાયદો થવાના બદલે નુકસાન થવાનો ભય હોય છે. આ બાબતમાં કચ્છમાં ક્યાં કેટલું અને ક્યા પ્રકારનું મૂડીરોકાણ થઇ રહ્યું છે અને એની સંભવિત આડઅસર શી થઇ શકે તેના પર વિચારીએ.

કચ્છમાં રૂા. ૧૦૦ કરોડ અથવા વધુ મૂડીરોકાણ ધરાવતા પ્રકલ્પો છે. જેમાં ૮૨૦૦૦ કરોડ રૂા. ખર્ચાય એવો અંદાજ છે. આમાંથી ગણનાપાત્ર મૂડીરોકાણ મુંદ્રાની આસપાસ આકાર પામે છે.

પ્રકલ્પોની નક્કર જાહેરાત થાય એટલે રાતોરાત જમીનોના ભાવ વધી જાય. જમીનધારકો અને સંપત્તિવાનને ફાયદો થાય. વચેટિયાઓને ઘી, કેળાં. એકરના હિસાબે લઇ વારના હિસાબે વેચે.

નાના સીમાંત ખેડૂતો લાભ-લાલચ અને દમદાટીના દબાણમાં પોતાની જમીન વેચી જમીન વિહોણો થઇ જાય અને મજૂરી કરવાનો વારો આવે. શરૂઆતમાં બાંધકામને લગતા કામકાજ-કડિયા સુથારકામ વગેરેની માંગ ઉભી થાય. ભાવ તાલ વધે. ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ વધે. અમુક સ્થાનિક કારીગરો/મજૂરોને રોજી મળે. બાકીના બહારથી આવે એ વિસ્તારમાં જીવન જરૂરિયાતની ચીજો મોંઘી થાય. અસામાજિક તત્ત્વો પણ આમાં લાભ મેળવે. અશાંતિ ઊભી કરે. કાયદો વ્યવસ્થાના પ્રશ્નો ઊભા થાય.

હાલ કચ્છમાં કોક બનાવવાની ૩૦ જેટલી ફેક્ટરીઓ છે. દરેક દરરોજ ૧૦ લાખ લિટર જેટલું પાણી વાપરે છે. જો આ બાબતમાં સમયસર પગલાં નહીં લેવાય તો પેટાળમાં પાણીના ભંડારો ખૂટી જશે. ભુજ ઉપરાંત આ ફેક્ટરીઓની ચીમનીઓ કાર્બન ઓકે છે અને આજુબાજુ હાનિકારક વાયુ પ્રદૂષણ ફેલાવે છે.

કચ્છમાં એક બાજુ 'વૃક્ષો દેવો ભવઃ' છોડમાં રણછોડ સમજીને વૃક્ષારોપણનાં ઉત્સવ ઉજવાય છે, તો બીજી બાજુ ઝાડોનું નિકંદન નીકળે છે. જ્યારથી કચ્છમાં ગાંડા બાવળમાંથી કોલસો બનાવવાની છૂટ અપાઇ છે ત્યારથી 'સૂકા સાથે લીલુંય બળી જાય' એમ દેશી બાવળ અને બીજા વૃક્ષોનું છેદન થાય છે. લાગતા વળગતા તંત્રના ભ્રષ્ટ કર્મીઓ 'કુહાડાના હાથા' બની અમૂલ્ય વન સંપદાનો સોથવાળે છે. મોટાભાગના પ્રકલ્પો સામાન્ય રીતે મૂડીપ્રચૂર (કેપિટલ ઇન્ટેન્સિવ) હોઇ એમાં સીધી રોજગારીને વધુ અવકાશ નથી. એમા કયા પ્રકારની રોજગારી સર્જાય છે અને એમાંથી કેટલા અંશે સ્થનિક લોકોને રોજી મળશે એ એક અભ્યાસનો વિષય છે. બીજું, મોટાભાગનું મૂડીરોકાણ બંદર-વીજ-સિંચાઇ-રસ્તા જેવી માળખાગત સવલતો ઊભી કરવામાં થાય છે. જે વિકાસ માટે જરૂરી છે પણ સાથે બીજું મૂડીરોકાણ આપોઆપ આવશે એ માનવું ભૂલભરેલું છે. ઘોડાને જળાશય સુધી લઇ જવાય પણ પાણી પીવાની ફરજ ન પાડી શકાય.

કચ્છના સર્વાંગી વિકાસમાં સામાન્ય 'કચ્છી માડુ'નો ચહેરો વિકસવો જોઇએ. કચ્છના વિકાસનો નક્શો કચ્છના આગવા લક્ષણોને લક્ષમાં રાખી તૈયાર થવો જોઇએ. કચ્છના અંતરિયાળ ગામનો છેવાડેનો માણસ પણ વિકાસ યાત્રામાં સામેલ થઇ શકે અને એના લાભ માણી શકે. સર્વોદયમાં અંત્યોદય ભૂલાવો ન જોઇએ.

કચ્છમાં મોટાભાગના કચ્છીઓ ખેતી અને પશુપાલન પર નભે છે. એ માટે પાણી એ પાયાની જરૂરિયાત છે. પાણી, એ કચ્છનો પ્રાણપ્રશ્ન છે. સિંધુના જળ તો જ્યારે મળે ત્યારે ખરા, પરંતુ હાથવગા લાગતા નર્મદાના નીર પણ રાજકારણમાં અટવાઇ ગયા છે. કચ્છ લગી ગ્રેવિટીથી પાણી પહોંચે એ પ્રમાણે ઊંચાઇ નક્કી કરાઇ. પણ હવે એ નીરની વહેંચણીનો સવાલ છે. નર્મદાનું પાણી કચ્છને પૂરતા પ્રમાણમાં મળે એ મુજબની જે ન્યાયી માગણી છે એ સંતોષાવી જોઇએ. પરંતુ કચ્છ માટે નર્મદા પ્રશ્ને ગુજરાત સરકારના ઠાગાઠૈયા સર્વવિદિત છે. કચ્છની નહેરનું ૭૦% કામ બાકી છે.

અનેક અન્યાયો અને ઉપેક્ષાઓ કચ્છી પ્રજા મૂંગે મોઢે સહન કરતી આવી છે એવી ઉદાસીનતા હવે છોડવી પડશે. માગ્યા વગર મા પણ ન પીરસે. આ તો સરકાર પાસે કામ કઢાવવું છે. કચ્છીઓએ 'પાંજો કુરો?' એવી મનોવૃત્તિ છોડી આત્મવિશ્વાસ અને ખંતથી પોતાનો ન્યાયી અધિકાર મેળવવા આગળ આવવું પડશે. જનજાગૃતિ એ આજના સમયનો સાદ છે.

*'મંગલ મંદિર' : ફેબ્રુઆરી-૨૦૦૮*

*ધનના ઘમંડમાં ચૂર મનુષ્યને પડ્યા વગર ભાન નથી આવતું.*

# કચ્છ રણોત્સવથી કચ્છી કારીગરોની કદરદાનીનો વ્યાપ વિશેષ વધ્યો છે

● પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ ●

કચ્છી પ્રજાએ એક નવીનતમ ખુમારીભરી લોક સંસ્કૃતિ આપવામાં પહેલ કરી છે. કારણ માત્ર એટલું કે એક તરફ રણકાંધી, તો બીજી તરફ વિશાળ સાગરકાંઠાએ કચ્છીઓની સાહસ વૃત્તિ ખિલવી છે. કચ્છ જિલ્લાની ઉત્તરે, વાયવ્યે અને ઈશાને કચ્છનું મોટું રણ ૧૮,૦૦૦ ચો.કિ.મી.ના વિસ્તારમાં તથા અગ્નિએ નાનું રણ ૫,૧૪૩ ચો.કિમી. વિસ્તારમાં આવેલું છે. મોટા રણમાં સૂરખાબ નગરે, નાના રણમાં ઘુડખર અભયારણ્ય તથા રણની ઉત્તર કાંધીથી શરૂ થતા ભાતીગળ બન્ની પ્રદેશે રણ અને કચ્છને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે. વિશ્વના અન્ય રણોની જેમ કચ્છનું રણ માત્ર રેતાળ રણ નથી. અહીંનો રણ પ્રદેશ મીઠાથી છવાયેલો ખારોપાટ કહેવાય છે.

ઈ.સ. ૧૯૯૨થી ૨૦૦૬ સુધીમાં ૧૩ કચ્છ ઉત્સવો ઉજવાઈ ગયા. જેમાં આ ૧૪મો 'કચ્છ રણોત્સવ-૨૦૦૮' સીમા ચિહ્નરૂપ બની રહ્યો. કચ્છ ભીષણ ભૂકંપ બાદ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, કચ્છીઓના કરોમાં નવી શક્તિઓનું સિંચન કરવા, તેમની દેખભાળ રાખવા, નવો જોમ જુસ્સો જગવવા કચ્છમાં અનેક વખત આવ્યા અને કચ્છીઓને સાચી ધરપત આપતા જાહેરમાં જણાવ્યું કે, 'મારે કચ્છ અને કચ્છીઓને માત્ર ભારતમાં જ નહીં, વિશ્વના વિકાસના નકશામાં અગ્રસ્થાન આપવું છે. હું કચ્છને સિંગાપુર બનાવીને જ રહીશ.' તેઓશ્રીના અવિરત પ્રયત્નોથી કચ્છનાં આર્થિક વિકાસના દ્વાર ખૂલી ગયા છે. રાજ્ય સરકારશ્રી દ્વારા તા. ૨૦-૨૧-૨૨ ફેબ્રુઆરી, ૨૦૦૮ એમ ત્રિ-દિવસીય કચ્છ રણોત્સવ અતિશય દબદબાભેર ઉજવાયો. જેની સુગંધ દેશ વિદેશમાં વર્તમાનપત્રો, સામયિકો અને અનેક ટી.વી. ચેનલોના માધ્યમથી ચોમેર પ્રસરી ગઈ.

બુધવાર તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ આ પ્રસંગે બોલતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, 'શ્રેષ્ઠ રોજગારીના સાધન તરીકે ટુરિઝમનું મહત્ત્વ અનેરું છે. રાજ્યમાં કચ્છ એ એવો જિલ્લો છે કે જ્યાં પ્રવાસન ક્ષેત્રને વિકસાવવા વિપુલ તકો પડેલી છે. આવતા દિવસોમાં કચ્છ ટોપમોસ્ટ પ્રવાસન જિલ્લા તરીકે પોતાની આગવી પ્રતિભા દર્શાવશે. દેશ વિદેશથી પધારેલા મહેમાનો પુનઃ મહેમાનગતિ માણવા મજબૂર બને તેવી આગતા સ્વાગતા કચ્છી મિત્રો જરૂર કરશે. ધોળા દૂધ જેવી ચાંદનીમાં રણને માણવું એક આગવો લ્હાવો છે તેમ અમાસની રાત્રિએ ટમટમતા તારલાઓભરી રાત્રિ રણમાં માણવી આહ્લાદક છે. કચ્છવાસીઓના હૃદયમાં સદાય 'અતિથિ દેવો ભવઃ'નો ભાવ રહેલો છે." ભુજની પ્રજાને તેમણે ત્રણ વિશેષ ભેટ અર્પણ કરી હતી. હિલ ગાર્ડન મધ્યે એશિયાનું સૌથી શ્રેષ્ઠ માછલીઘર અર્પણ કર્યું હતું. કચ્છના નજરાણા સમી હેન્ડિક્રાફ્ટ કલાને સમૂહમાં વેચાણ પ્રોત્સાહન સાંપડે અને ગરીબ લોકો સ્વરોજગાર પ્રાપ્ત કરી શકે તે માટે ગ્રામ હાટનું તથા કચ્છની સંસ્કૃતિની ઝાંખી કરાવતા કચ્છ મ્યુઝિયમનું લોકાર્પણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે, "સંસ્કૃતિના જતનની બાબતે હું ખૂબ સંવેદનશીલ છું. મારી રગે રગમાં સંસ્કૃતિના જતનની ખેવના વહે છે." આ પ્રસંગે જાપાન, શ્રીલંકા, કોરિયા, કેનિયા, ફિલીપાઈન્સ અને સાઉથ આફ્રિકાના હાઈ કમિશનરોએ રણોત્સવ માણ્યો હતો.

ભુજના શિરમોર સમા પ્રાગમહેલ તથા ભુજિયા કિલ્લાને રંગબેરંગી લાઈટો વડે સુશોભિત કરાયા. ટ્રાફિક સર્કલો, કલેક્ટર કચેરી, માહિતીખાતું, ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ, મ્યુઝિયમ તથા ભુજના હૃદય સમા હમીરસર તળાવની ચોમેર રંગબેરંગી ધજા પતાકા અને લાઈટ ડેકોરેશન ઊડીને આંખે વળગતું હતું. હમીરસરમાં તરતી હોડીઓમાં લેઝર શો યોજાયા હતા. કચ્છની અસ્મિતા દર્શાવતા લગભગ ૫૫ સ્પર્ધક ગ્રૂપ્સમાં ૧૩૦૦ કલાકારો સામેલ હતા. ત્રણ લાખ પંદર હજાર રૂપિયાના ઈનામો જાહેર થયા હતા. લોકોની સુવિધા માટે તથા સુરક્ષા માટે બે જિલ્લા પોલીસવડા, છ ડી.વાય.એસ.પી., ૫૦ સબ ઈન્સ્પેક્ટરો, એક હજાર કોન્સ્ટેબલો, એસ.આર.પી. તથા બી.એસ.એફ.ની ત્રણ કંપનીઓ તહેનાત કરવામાં આવી હતી. કાર્નિવલની શોભાયાત્રા બાદ હમીરસર કિનારે ભવ્ય આતશબાજી યોજાઈ હતી.

રણ મહોત્સવનો અંદાજિત ખર્ચ રૂપિયા બે કરોડ જેટલો થશે. તે ખર્ચ જાણીતા ઉદ્યોગગૃહો ટાટા ગ્રૂપ ઑફ ઈન્ડસ્ટ્રીઝ, વેલસ્પન ગ્રૂપ, આશાપુરા ઈન્ડસ્ટ્રીઝ, સુઝલોન ગ્રૂપ, સાંઘી ગ્રૂપ આદિ ભોગવશે. તેમાં ખૂટતી રકમ સરકારશ્રીની રહેશે તેમ કચ્છના કલેક્ટર શ્રી આર.આર. વરસાણીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. કચ્છ કાર્નિવલમાં આનંદ મહાલવા પધારેલા અતિથિઓ, ટુરિસ્ટોના કચ્છ દર્શન માટે લક્ઝરી બસોની વ્યવસ્થા તથા ૨૦ જેટલા ટુરિસ્ટ ગાઈડની વ્યવસ્થા કરવામાં આવી હતી. જે માટે પાંચ જુદા જુદા વિભાગો જોવાની સુવ્યવસ્થા કરવામાં આવી હતી. એક વિભાગ કચ્છની સરહદની મુલાકાત માટે, બીજો વિભાગ સુવિખ્યાત ધીણોધર ડુંગરની મુલાકાત માટે, ત્રીજો ધોળાવીરા માટે, ચોથું માંડવી વિંડફાર્મ કે જ્યાં દરિયાઈ રેતીમાંથી રેતશિલ્પની આકૃતિઓ ઓરિસ્સાના રેતશિલ્પ કલાકારોએ કંડારેલી

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૬ ઉપર)

*રાગ-દ્વેષને કારણે જ મનુષ્યને કર્તવ્ય પાલનમાં પરિશ્રમ યા કઠણાઈ પ્રતીત થાય છે.*

# પ્રવાસનનું સ્વર્ગ એટલે કચ્છ


## પ્રવાસન ક્ષેત્રે કચ્છની અસ્મિતા

• પ્રા. પૃથ્વી શાહ •

*૨૫ જૂન, ૧૯૪૭ના ગદગ (કર્ણાટક) ખાતે જન્મ. અમદાવાદની એસ.વી. કૉમર્સ કૉલેજમાં અધ્યાપક અને વિભાગીય અધ્યક્ષ તરીકે સેવા આપી સ્વૈચ્છિક સેવા નિવૃત્ત થયા. તેમના ત્રણ વાર્તાસંગ્રહ (ગુજરાતી) અને બે કાવ્ય સંગ્રહ (હિંદી) પ્રસિધ્ધ થઈ ચૂક્યા છે. કચ્છ જિલ્લાની વિવિધ સમસ્યા પર તેમના પંદરેક લેખ 'ગુજરાત સમાચાર'માં પ્રસિધ્ધ થયેલ. સરકાર તરફથી વિવિધ સમયે તેમની જિલ્લા નાગરિક પુરવઠા, હૉસ્પિટલ, રમત-ગમત, દુકાળ રાહત, પ્રૌઢ શિક્ષણ, પરિવહન, સાંપ્રદાયિક સદ્‌ભાવ સમિતિમાં નિમણૂક થયેલ. રેડક્રોસ સોસાયટી અને સેન્ટ જહોન એમ્બ્યુલન્સ એસો.ની રાજ્ય શાખામાં ગવર્નરશ્રી તરફથી તેમની નિમણૂક થયેલ. સૌરાષ્ટ્ર યુનિ.માં રીડર, પ્રોફેસરની બઢતી કમિટીમાં નામદાર ગવર્નરશ્રીએ તેમની સભ્યપદે નિમણૂક કરી હતી. વિવિધ અખબારમાં તેમજ સામયિકમાં પત્રકાર તરીકેનો તેમનો બહોળો અનુભવ છે.*

પ્રવાસન પ્રવૃત્તિ એ માત્ર મનોરંજન કે સમય પસાર કરવાનું સાધન નથી. કોઈ પ્રદેશની જનતાની અભિરુચિઓ, ખૂબીઓ, સ્થાપત્ય, સંસ્કૃતિ તેમજ પરંપરાઓને સમજી રાષ્ટ્રીય એકતાનો સંદેશ ફેલાવવાની ઉત્તમ પધ્ધતિ છે. વિવિધ રાજ્ય અને વિવિધ દેશના પ્રવાસી આકર્ષી વિશ્વબંધુત્વની ભાવના વિકસાવી, શાંતિ અને માનવતાની પ્રવૃત્તિમાં પ્રદાનનું અણમોલ માધ્યમ છે. પ્રવાસન પ્રવૃત્તિના વિકાસ થકી કોઈ પ્રદેશના કુદરતી સૌંદર્ય, ઐતિહાસિક મહત્ત્વ, રીતરિવાજ અને સ્થાનિક અજાયબીઓથી સમસ્ત વિશ્વને પરિચિત કરી શકાય છે.

કચ્છ પાસે તો સાગરની સમૃદ્ધિ છે. ડુંગરોની હારમાળા છે. વન્ય અભયારણ્ય છે, તીર્થભૂમિ છે. પોતાની આગવી પ્રાચીન કલા અને સંસ્કૃતિ છે. કચ્છની ધરતી સંતો, સતીઓ, તપસ્વીઓ, દાનવીરોના ઇતિહાસથી ભરપૂર છે. જગડુશા - સુંદરજી સોદાગર જેવા દાતાર અહીં થયા છે. દાદા ધોરમ અને મેકણ દાદા જેવા સંત થયા છે. જેસલ-તોરલની સમાધિ આ ધરતી પર છે. શ્યામજી કૃષ્ણવર્મા જેવા દેશભક્ત આ ધરતીની પેદાશ છે. સાહિત્ય અને ચિત્રકલાના પ્રોત્સાહક ખોજા સદ્‌ગૃહસ્થ હાજી અલારખિયા અહીંના વતની હતા. સાગરખેડૂ તરીકે કચ્છની પ્રજાની નામના છે. કચ્છની ખારેક અને કેરી વિદેશ સુધી વિખ્યાત છે. કચ્છી આભલા - ભરતના તોરણ, થેલીઓ તેમજ આહિર - કણબી - જત - રબારી ભરતકામની શાલ, અજરખ પ્રિન્ટની


નારાયણ સરોવર

ચાદરો, બાંધણી, ડ્રેસ અને સાડીઓ, ચાંદીની ઝીણી નકશીભરી કારીગરી, સૂડી ચપ્પા બેનમૂન છે. કચ્છની વિવિધ પ્રકારની મીઠાઈઓ જેવી કે ગુલાબ પાક, મેસુક, અડદિયા, ખાજલી અતિ સ્વાદિષ્ટ હોય છે.

કચ્છની સંસ્કૃતિનો અભ્યાસ કરવા કચ્છની કાબેલિયતને જોઈ ધન્યતા અનુભવવા જેવા અનેક સ્થળો કચ્છમાં છે.

કચ્છના ભચાઉ તાલુકામાં આવેલ ધોળાવીરા ખાતે હડપ્પન સંસ્કૃતિના અવશેષ પ્રાપ્ત થયા છે. ધોળાવીરાની નગર રચના અને મળેલ ચીનાઈ માટીના વાસણો, ઓજારો, આભૂષણો પરથી કચ્છની ધરતી પર હજારો વર્ષ અગાઉ સુસંસ્કૃત અને વિકસિત માનવ વસતિ હતી એ સાબિત થાય છે.

નારાયણ સરોવરની ગણના પુરાણ પ્રસિદ્ધ તીર્થ સ્થાનમાં થાય છે. અહીં ત્રિકમરાય, આદિ નારાયણ, લક્ષ્મીનારાયણ, મહાલક્ષ્મી વગેરે મૂર્તિઓ પ્રભાવક અને દર્શનીય છે. દર વરસે કારતકી પૂનમના અહીં મેળો ભરાય છે. નારાયણ સરોવરથી માત્ર બે કિલોમીટરના અંતરે સાગરતટે વિખ્યાત કોટેશ્વરનું મંદિર છે.

અબડાસા તાલુકો જૈન ધર્મની પંચતીર્થી માટે જાણીતું છે. સુથરી, કોઠારા, નલિયા, તેરા, જખૌ વગેરે સ્થળે અદ્‌ભુત કોતરણીવાળા વિશિષ્ટ શૈલીના પ્રાચીન જૈન મંદિરો છે.

નખત્રાણામાં આવેલ મડ ગામમાં આશાપુરાજીનું મૂળ સ્થાનક છે. આઈ આશાપુરા એટલે જાડેજા વંશના ઈષ્ટદેવી. આ ગામ માતાના મઢ તરીકે ઓળખાય છે.

*અંતઃકરણના પીડા દૂર કરવા માટે આધ્યાત્મિક વલણ મદદરૂપ થાય.*

દર વરસે આસો મહિનામાં અહીં મેળો ભરાય છે. મડ ગામની ધરતીમાંથી સુગંધી માટી નીકળે છે તે અહીંની વિશિષ્ટતા છે.

ગોરખનાથજીની તપભૂમિ તરીકે નખત્રાણા તાલુકાનું ધીણોધર ડુંગર પ્રખ્યાત છે. અહીં ગોરખનાથજીનું મંદિર છે.

કચ્છમાં આવેલ હાજીપીર, એ તમામ કોમ માટે ભાઈચારાની ભાવનાનું દૃશ્ય ખડું કરતું શ્રધ્ધાનું ધામ છે. ચૈત્ર મહિનામાં અહીં ભરાતા મેળામાં વિવિધ કોમના લોકો વિવિધ જગ્યાએથી પગપાળા વિશાળ સંખ્યામાં અહીં આવે છે.

અંજાર એટલે ઇતિહાસ પ્રસિદ્ધ જેસલ-તોરલની સમાધિનું સ્થળ. અહીં પ્રાચીન શિવમંદિર - અંબાજી મંદિર અભ્યાસ કરવા જેવા છે. કચ્છી પ્રિન્ટના કાપડ, શાલ, સાડીઓ તેમજ સૂડી ચપ્પા વાજબી ભાવે ખરીદવા અંજાર મુખ્ય મથક ગણાય છે.

ભુજથી માત્ર પાંચ કિ.મી.ના અંતરે આવેલ ભુજોડી ગામની દીવાલો તોરણ, ચાકળા, છીંકા વગેરેના ભરત ગૂંથણથી સુશોભિત જોવા મળે છે. કચ્છની પ્રખ્યાત શાલ એ ભુજોડીનો ગૃહ ઉદ્યોગ છે.

ભુજથી માત્ર ત્રણ કિ.મી. અંતરે આવેલ માધાપર ગામનું ઘરડાઘર, અદ્યતન સ્મશાન, જાહેર વૃક્ષ ઉછેરની ગામલોકોએ વિકસાવેલ પદ્ધતિ અભ્યાસ કરવા જેવી છે. પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે આ ગામની મહિલાઓએ એરપોર્ટ રિપેરિંગમાં બજાવેલ સેવા બાબતની જાણકારી મેળવી રોમાંચિત થઈ જવાય છે.

ભુજ એટલે કચ્છનું પાટનગર. અહીંના વિશાળ હમીરસર તળાવને નિરખવો જિંદગીનો લહાવો છે. નજીકમાં જ નવીનીકરણ પામેલ પ્રાચીન મ્યુઝિયમ છે. અહીંના સ્વામિનારાયણ મંદિરના દર્શન જીવનના અવર્ણનીય આનંદની પળ હોય છે. ભુજ મીઠાઈઓ, સોના ચાંદીના ઘરેણાં ખરીદવાનું સ્થળ છે. અહીંનો આઈના મહેલ પણ જોવા જેવો છે.

માંડવીનો સાગરતટ આકર્ષિત કરે એવો છે. દરિયા કિનારા નજીક જ વિન્ડફાર્મ છે. માંડવીથી દસ કિ.મી. અંતરે જૈનોનું પ્રસિધ્ધ ૭૨ જિનાલય આવેલું છે. મહારાવશ્રીએ બંધાવેલ વિજય વિલાસ પેલેસ શિલ્પ સ્થાપત્યની રીતે અદ્વિતીય છે અને તે પણ માંડવીથી નવ કિ.મી.ના અંતરે છે. કંડલા એ દેશના મહાબંદર પૈકીનું એક છે. મુંદ્રા મોટા ઔદ્યોગિક કેન્દ્ર તરીકે રાજયમાં અવ્વલ સ્થાન પ્રાપ્ત કરવાની દિશામાં પ્રગતિ સાધી રહ્યું છે.

આ ઉપરાંત કચ્છમાં ઘુડખરનું અભયારણ્ય છે. દર વરસે શિયાળામાં હજારો માઈલ દૂરથી વસવાટ માટે કચ્છ આવતા ફ્લેમિંગો પક્ષી જોવાનો પણ લહાવો છે.

કચ્છમાં નારાયણ સરોવરની આગવી પ્રાચીન વિશિષ્ટતાને ધ્યાનમાં લઈ પ્રવાસન પ્રવૃત્તિના વિકાસ માટે પ્રવાસન નિગમે કેન્દ્ર સરકાર અને રાજય સરકારના સહયોગથી ટૂરિસ્ટ ભવન ઊભું કર્યું છે. થોડા સમયમાં માતાના મઢને પણ રસ્તા, પાણી, વીજળી, ગટર જેવી પ્રાથમિક સુવિધાથી સજ્જ બનાવી અન્ય મથક સાથે સીધા સંપર્કમાં વિકસાવવા પગલાં લેવાઈ રહ્યા છે. કચ્છના રણમાં આવેલ ધોરડો જયાં રાજય સરકારે તાજેતરમાં રણ ઉત્સવ ઉજવ્યો ત્યાં કાયમી ધોરણે હેન્ડિક્રાફ્ટ બજાર સ્થાપવા આયોજન થઈ રહ્યું છે.

અમદાવાદથી આશરે ૩૦૦ કિ.મી.ના અંતરે વાયા ધ્રાંગધ્રા, હળવદ રસ્તે ગાંધીધામ આવેલ છે. ગાંધીધામમાં રાહતદરે રહેવા સ્ટેશનની નજદીક જ ક.વી.ઓ. જૈન ધર્મશાળા, લોહાણા ધર્મશાળા ઉપરાંત અનેક હોટેલો આવેલ છે. અમદાવાદથી ગાંધીધામ માટે રેલવે, એસ.ટી. બસ તેમજ ખાનગી વાહનો ઉપલબ્ધ છે.

ગાંધીધામથી અંજાર માત્ર ૧૫ કિ.મી. અંતરે છે. અંજાર ખરીદીનું મુખ્ય કેન્દ્ર છે. અંજારથી ભુજ ૪૫ કિ.મી. અંતર છે. ભુજમાં પણ જૈન ધર્મશાળા, રહેવા જમવાની દૃષ્ટિએ અદ્યતન છે. ભુજથી એક દિવસમાં ૭૨ જિનાલય સહિત અબડાસાની પંચતીર્થીના દર્શન થઈ શકે છે. એક દિવસ હાજીપીર, નારાયણ સરોવર અને માતાના મઢ માટે ફાળવી શકાય.

આવો, પ્રવાસન થકી આપણા કચ્છની સુંદરતાને જાણીએ, વતનની માટીની ખુશ્બૂને માણીએ. ભૂકંપ બાદ વતનના થઈ રહેલ વિકાસ તરફ દૃષ્ટિપાત કરીએ અને વતનના સર્વાંગી વિકાસ અંગે નવી દૃષ્ટિથી વિચારી આપણી રીતે યોગદાન આપીએ.

*'મંગલ મંદિર' : જુલાઈ-૨૦૦૮*

## કચ્છી ડોક્ટરે સર્જેલો વિક્રમ

**(અનુસંધાન : પાના નં.-૭૧ ઉપરથી ચાલુ)**

માંડવી ક્લબના તેઓ સદસ્ય છે અને પી.એચ.એફ.ની સિધ્ધિ પ્રાપ્ત કરી છે. ક્લબની જુદી જુદી કમિટીઓ પર સેવા અર્પિત કરી વર્ષ ૨૦૦૪-૦૫માં ઝોન ચેરમેન તરીકે હેલ્થ ટાસ્ક ફોર્સમાં પોલિયો, થેલેસેમિયા, કેન્સર, એઈડ્સ વિશે જાગૃતિ અભિયાનો ચલાવી પ્રજાને માહિતગાર કર્યા છે. વિશિષ્ટ લકવાથી પીડાતા બાળકોની સ્કૂલના પ્રોજેક્ટ ચેરમેન તરીકે, અંધ-અપંગ માનવકલ્યાણ સોસાયટીના ખજાનચી તરીકે નામના મેળવી છે. હાલમાં જ માંડવી શહેરની પાસે ભુજ જકાતનાકા પાસે જનકલ્યાણ મેડિકલ સોસાયટી દ્વારા સ્થાપિત થનાર કેન્સરના દર્દીઓને સામાન્ય જીવનમાં પુનઃસ્થાપિત કરવાના કેન્દ્રની સ્થાપનામાં એક ખંતીલા કાર્યકર તરીકે ડૉ. મધુ રાણા સાથે સક્રિય કાર્ય કરી રહ્યા છે.

શૈક્ષણિક ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવતી કચ્છ જિલ્લાની પ્રથમ ફાર્મસી ડિગ્રી કોલેજ - વીરાયતનની ઈન્સ્ટીટ્યૂટ ઑફ ફાર્મસીની સ્થાપનામાં અગત્યનો ફાળો આપેલ છે. હાલમાં ગવર્નિંગ બૉડીના સદસ્ય તરીકે સેવા આપી આ સંસ્થાના વિસ્તૃતીકરણમાં સહયોગ આપી રહ્યા છે.

કહેવાય છે કે દરેક પુરુષની સફળતામાં તેની સહધર્મચારિણીનો મહદ્અંશે ફાળો હોય છે. શ્રીમતી કિંજલ શાહ પોતાની વિવિધ પ્રવૃત્તિઓના વિકાસ સાથે ડૉ. કૌશિક શાહની રોજબરોજની જવાબદારીઓ ઉપાડી સમતોલન જાળવી રાખે છે.

*'મંગલ મંદિર' : મે-૨૦૦૭*

*સફળતા અને પ્રગતિ માટે પુરુષાર્થને વધારવો પડે.*

# કચ્છની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

• ઉમિયાશંકર અજાણી •

વિશ્વના નક્શામાં જે સાવ નગણ્ય લાગે એવો કચ્છ ભૂતકાળમાં એની ભૌગોલિક સ્થિતિને કારણે દેશના અન્ય ભાગોથી વિખૂટો રહેલ હોવા છતાં તેના દરિયાઇ વેપારના કારણે સાગર પારના વિશ્વના અન્ય દેશો સાથે તે સંકળાયેલો રહ્યો હતો. ભારતના હરિયાણા રાજ્ય કરતાં ૧૪૪૦ ચો. કિ.મી. જેટલો વધુ વિસ્તાર ધરાવતો અને એ રાજ્ય કરતાં ૧,૬૩,૧૭,૭૧૫ જેટલી ઓછી માનવ વસતિ ધરાવતો કચ્છ ભારતના પશ્ચિમ કાંઠે આવેલ છે. ઉત્તર અક્ષાંશ ૨૨-૪૪-૧૧ થી ૨૪-૪૧-૨૫ અને પૂર્વ રેખાંશ ૬૮-૦૯-૪૬ થી ૭૧-૫૪-૪૭ વચ્ચે ઉત્તર પૂર્વમાં રણ અને દક્ષિણ-પશ્ચિમે દરિયાઇ કંઠાર ધરાવે છે. તેનો વિસ્તાર ૪૫,૬૯૨ ચો. કિ.મી. નો છે.

પ્રાચીન કાળે ભોજકટ, અનૂપ, અપરાંતત, આભીર, કુશદ્વીપ, જતદેશ, પચ્છમ, કાશ્મીર, ભૂજ-શ્રીપતિદેશ, સીગરડીશ (સાગરદ્વીપ), પાતાળદ્વીપ, તાજરાષ્ટ્ર, ઉદમ્બર અને ઉબ્રાસ તરીકે ઓળખાતો આ પ્રદેશ એના ભૌગોલિક આકાર અનુસાર 'કચ્છ' તરીકે ઓળખાતો રહ્યો છે. ભગવદ્‌ગો મંડળમાં કચ્છ શબ્દના ૩૧ અર્થ આપવામાં આવેલ છે. જેમાંનાં કેટલાક અર્થ એની સ્થળ સ્થિતિ નિર્દેશે છે, જેમકે ઘણાં જળવાળો પ્રદેશ, અનૂપ દેશ, દરિયાની ભૂમિ, કિનારાનો પ્રદેશ, સિંધ અને કાઠિયાવાડ વચ્ચે આવેલ એ નામનો પ્રદેશ. અમરકોશના બીજા કાંડમાં કચ્છ શબ્દનો અર્થ જ્યાં બહુ પાણી હોય તેવા દેશનું નામ જેને જલપ્રાય, અનૂપ અને કચ્છ તરીકે દર્શાવેલ છે. કચ્છનું નામ પાણિનીની અષ્ટાધ્યાયીમાં આવતું હોવાથી અને પાણિનીનો સમયગાળો ઇ.સ. પૂર્વે ૭૦૦ ગણાતો હોવાથી કચ્છ ત્યારથી એ નામે ઓળખાય છે એમ કહી શકાય. પણ શ્રી પી.આર. શ્રીનિવાસનને કચ્છમાંથી અંધો, વોંધ અને મેવાસામાંથી મળી આવેલા ત્રણ શિલાલેખો પૈકી વોંધમાંથી મળેલા શિલાલેખમાં



શ્રી ઉમિયાશંકર અજાણી

ઉલ્લેખાયેલા શબ્દ 'કશદેસિકએ' આ દેશને વૈદિક કાળમાં લઇ જાય છે. શિલાલેખની વાચના આ પ્રમાણે થઇ છે : રાજન મહાક્ષત્રપ રૂદ્રદામાના પુત્ર, રાજન મહાક્ષત્રપ સ્વામી રૂદ્રસિંહ (શક સંવત) ૧૦૫ અને કાર્તિક મહિનાની બહુલ (એટલે વદ) પક્ષમાં... માતાની સેવિકા (ચાકર)ના મૃત્યુ પછી આ શિલા 'કશદેસિકએ' (કશ દેશમાં) ઊભી કરી (એટલે કે બેસાડી) હતી. શિલાલેખમાં ઉલ્લેખાયેલ 'કશ' શબ્દ સંસ્કૃત ભાષાનો છે અને તે પહેલી જ વાર સ્વતંત્ર રીતે વપરાયો છે તેવી સ્પષ્ટતા સાથે આ શિલાલેખના આધારે ડૉ. હસમુખ સાંકળિયાએ કચ્છને પાણિનીથી પણ પહેલાંના સમયમાં એટલે કે વૈદિક યુગમાં તે નામે અસ્તિત્વ ધરાવતો હોવાનું માન્યું છે. પણ કે.કા. શાસ્ત્રીએ ડૉ. સાંકળિયાના અર્થઘટનને નકાર્યો છે. જ્યારે શ્રી છો.મ. અત્રિએ ડૉ. સાંકળિયાના અર્થઘટનને સમર્થન કરેલ છે.

નકશા પ્રમાણે કચ્છનો વિસ્તાર ૪૫૬૯૨ ચો. કિ.મી. છે. તેમાં મોટા રણનો વિસ્તાર ૧૮૧૨૯.૯૧ ચો. કિ.મી. અને નાના રણનો વિસ્તાર ૫૧૭૯.૯૮ ચો. કિ.મી. નો પણ સમાવેશ થાય છે. ગુજરાતમાં તે સૌથી મોટો જિલ્લો છે. ભૌગોલિક દૃષ્ટિએ તેને ત્રણ ભાગમાં વિભક્ત કરી શકાય.

*૧. મુખ્ય ભૂખંડ વિસ્તાર*

*૨. રણમાંના બેટ વિસ્તારો*

*૩. રણ વિસ્તાર.*

મુખ્ય જમીન વિસ્તારની ઉત્તરમાં પૂર્વથી પશ્ચિમ દિશામાં દૂર દૂર સુધી પથરાયેલી ત્રણ પર્વતીય હારમાળાઓ પૈકી ઉત્તરે આવેલી રણવાળી ધાર, મધ્યમાં આવેલી મધ્ય ધાર અને દક્ષિણે આવેલી દક્ષિણ ધાર પૈકી ઊંચામાં ઊંચું શિખર ધરાવતો ધીણોધર ડુંગર મધ્ય ધારમાં આવેલ છે જેના શિખરની ઊંચાઇ ૧૪૬૮ ફીટની છે. આ હારમાળાઓની દક્ષિણે ૩૨ થી ૪૮ કિ.મી. જેટલી પહોળાઇ ધરાવતો સપાટ પ્રદેશ આવેલો છે. જે ખેતી કરવાના ઉપયોગમાં આવે છે. દક્ષિણમાં ૩૫૨ કિ.મી.ની લાંબી દરિયાઇ પટ્ટીમાં રેતીની ટેકરીઓ સાથે સાંકડી સપાટ પટ્ટીઓ આવેલ છે.

મોટા રણ વિસ્તારમાં છૂટાછવાયા નાના મોટા બેટો આવેલા છે. જેમાં પચ્છમ, ખડીર, પ્રાંથલ એ મુખ્ય બેટો છે. પૂર્વ પશ્ચિમ લંબાયેલી આ હારમાળામાં રાએ મલરો, ખડીઓ, ભાંજડો, લકડી, પચ્છમાઇ, પ્રાંથલવાળો કે પચ્છમાઇ દોળો, નીલવો, મોવાણીઓ અને કાળો ડુંગર આવેલ છે.

કચ્છનો રણ વિસ્તાર મૂળભૂત રીતે નીચાણવાળો સપાટ વિસ્તાર છે. ઉત્તરનો વિસ્તાર કચ્છના મોટા રણ તરીકે અને પૂર્વનો વિસ્તાર કચ્છના નાના રણ તરીકે ઓળખાય છે. આ રણ વિસ્તાર જૂનથી નવેમ્બર સુધીના ગાળામાં પાણી નીચે રહે છે. પણ નાના રણના વિસ્તારમાં એટલું પાણી રહેતું નથી. મુખ્ય જમીનની ઉત્તરે આવેલ ૧૩૧૫ ચો. કિ.મી.નો નીચાણવાળો વિસ્તાર બન્ની તરીકે ઓળખાય છે. આ વિસ્તારમાં વિપુલ પ્રમાણમાં સારી જાતનું પૌષ્ટિક ઘાસ ઉગે છે. આ આખોય વિસ્તાર કચ્છના ઘાસિયા મેદાન તરીકે જાણીતો છે.

જિલ્લામાં વધુમાં વધુ ઉષ્ણતામાન ૪૫° સે.ગ્રે. અને ઓછામાં ઓછું ૧° ડિગ્રી સે.ગ્રે.

*ગુરુ પણ વિવેક ભૂલી સારા-નરસાનો ભેદ કરે તો ગુરુનો પણ ત્યાગ કરવો.*

જેટલું રહે છે. કચ્છમાં અક્ષાંશ-રેખાંશના હિસાબે સરેરાશ ૨૦ ઇંચ (૫૦૦ મિ.મિ.) વરસાદ પડવો જોઇએ પણ તે માંડ ૩૪૬ મિ.મિ. જેટલો પડે છે અને તે પણ નિયમિત થતું નથી. તેથી મોટે ભાગે વરસ કરવરાં આવે છે. દસ વરસમાં ત્રણેક વર્ષ અછતના હોય છે.

મધ્યમાં આવેલ પર્વતીય હારમાળાઓના કારણે ઉત્તર અને દક્ષિણ તરફ વહી જતા વરસાદના પાણીને રોકવાના પ્રયત્નો રાજાશાહીના સમયમાં થયા હતા પણ પ્રમાણમાં તે અપૂરતા હતા. ભૂતકાળમાં જ્યારે સિંધુ નદીના પાણી વહેતા હતા ત્યારે કચ્છમાં ચોખા પાકતા હતા.

કચ્છમાં શિયાળામાં ઠંડીનું પ્રમાણ વધુ રહે છે તેની સરખામણીએ ઉનાળામાં ગરમીનું પ્રમાણ અસહ્ય બને એવું બનતું નથી. ઉનાળામાં દિવસના ભાગે ગમે તેટલી આકરી હોય તો પણ સાંજ પડતાં જ રાહત અનુભવાય છે અને રાત્રિ આહ્‌લાદક બની રહે છે. એકંદરે કચ્છનું હવામાન સૂકું હોવાથી તંદુરસ્તી માટે આ ભૂમિ સારી ગણાય છે. એટલે જ તો કહેવાયું છે કે,

*શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,*
*ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ.*

કોઇ પણ દેશના આર્થિક વિકાસનો પાયો તેના ભૂગર્ભમાં સચવાઇ રહેલી ખનીજ સંપત્તિ પર અવલંબે છે. સમૃદ્ધ ગણાતા સોના ચાંદી જેવા ખનીજની સંપત્તિનો જથ્થો પણ કચ્છમાં છે એવો ઉલ્લેખ દલપતરામ પ્રાણજીવન ખખ્ખરે કચ્છની ભૂગોળમાં કરેલ છે. ભુજ તાલુકાના હબાય અને ઝુરા ડુંગર વચ્ચે આવેલ સોનઝર નામની ખીણમાંથી મળતા પથ્થરોમાં સોના જેવી કણીઓ જોવામાં આવે છે. પરંતુ જહોન હ્યુબર્ટ સ્મિથે જણાવ્યા પ્રમાણે તે પાયરાઈટ્સ (Pyrites) નામની એક જાત છે. તેમાં અલ્પ માત્રામાં સોનાનો અંશ હોય છે. તેને અલગ પાડ્યા પછી પણ ખર્ચનું વળતર મળે નહિ.

દલપતરામ ખખ્ખર આ પાઈરીટસનો ઉલ્લેખ સુવર્ણમુખી તરીકે કરે છે. પરંતુ સોનાથી પણ કિંમતી ગણી શકાય એવી ખનીજ સંપત્તિનો અખૂટ ખજાનો કચ્છની ધરતીના પેટાળમાં સચવાયેલો છે. આવા ખનીજ પદાર્થોમાં લિગ્નાઇટ, બૉક્સાઇટ, ચાઇના ક્લે (ચિનાઇ માટી), કોલસો, જિપ્સમ (ચિરોડી) કેલ્સાઇટ, લાઇમ સ્ટોન (ચૂના પથ્થર), બ્રાઇન વોટર, સિલિકાસેન્ડ, બેરાઇટ, અકીક, બાંધકામના પથ્થરો, સિડેરાઇટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પણ ગોકુલદાસ બાંભડાઇએ કચ્છ બૃહદ ભૂગોળમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે ફટકડી, ક્રોમાઇટ, ગેરુ (લાલ માટી), પીળા રંગનો કાયો, જાંબલી રંગનો કાયો, પીળી માટી, સ્લેટ માટી, કાળી માટી, લીલી માટી, હલકા વજનની માટીઓ, આરસ (તાજ મહેલની અંદર કચ્છના ઘણી જાતના રંગીન આરસ વપરાયેલ છે), વિવિધ પ્રકારના પથ્થરોમાં બિલી પથ્થર, આચ્છો લાલ સફેદ ટપકાંવાળો, ઈમારતી પથ્થરોમાં- કામરાઇ, ભૂરો સફેદ, પીળો નક્કર, દાંતાનો પથ્થર, રોહાઇ પથ્થર, પાંચટીઓની છીપરો, મરીઆન, જાંબલી, ભુકરીઓ, લીલો સંગીન, ભૂરો કાળો સંગીન, જંદરીઓ, ચુનાઈ, મણિયલ અને ગોમેદ અથવા સુલેમાની એવા વિવિધ પ્રકારના પથ્થરો, કચ્છની ખનીજ સંપત્તિમાં સમાવેશ પામેલા છે. તેવી જ રીતે કચ્છમાં અગાઉ થયેલી તપાસ નજરે તથા લખપતની દક્ષિણે અને અગ્નિ ખૂણામાં ચોક્કસ પ્રકારના પથ્થરો મળી આવે છે. તે, તે વિસ્તારમાં કેરોસીન પ્રાપ્ત થવાની શક્યતા નિર્દેશે છે. તો ખનીજ ઈંધનમાં પ્રવાહી સોનું ગણાતું પેટ્રોલિયમ પણ કચ્છના પેટાળમાં છે તેની વિગતો સંશોધકોએ દર્શાવી છે. લખપત તાલુકાના લફરી ગામમાં એક યુરોપિયન શોધકે ત્યાંના અલ્બેરટાઇટ જાતના કોલસાને જોઇને અભિપ્રાય દર્શાવેલ કે, આ જાતના કોલસા જ્યાં હોય ત્યાં પેટ્રોલ હોય છે. રામસિંહજી રાઠોડે નોંધ્યું છે કે, બન્નીમાં ઉપર દૂધ અને નીચે પેટ્રોલનો પ્રવાહ છે. તેમણે કચ્છના બન્ની, લખપત, અબડાસાને કંઠારના બીજા ભાગોમાં અને કચ્છના અખાત તથા રણના વિસ્તારમાં જ્યાં પેટ્રોલિયમધારી પડોવાળું ભૂસ્તરનું બંધારણ છે ત્યાં પેટ્રોલ હોવાની સંભવિતતા દર્શાવી છે. 'ગુજરાતમાં પેટ્રોલિયમ' નામનો તેમનો એક લેખ 'કુમાર'ના એપ્રિલ ૧૯૪૯ના અંકમાં પ્રસિધ્ધ થયેલ તે પરથી કેન્દ્ર સરકારના ખાણ અને વિદ્યુત મંત્રી શ્રી ગાડગીલે પેટ્રોલની શોધ માટે વિશેષજ્ઞોનું એક દળ કચ્છ મોકલવાનું પણ જાહેર કરેલ. આમ સોના રૂપાની ધાતુઓ સહિત વિવિધ પ્રકારના ખનીજથી કચ્છની ધરતીનું પેટાળ અતિ સમૃધ્ધ છે.

વિસ્તારમાં વિશાળ એવો કચ્છ જિલ્લો એના ક્ષેત્રફળની ગણનાએ ઘણી ઓછી વસતિ ધરાવે છે. ડૉ. સાંકળિયાએ કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના અંગીઆ ગામ પાસેની ભૂખી નદીમાંથી પાષાણના હથિયારો શોધી કાઢ્યા હતા. આ સંબંધમાં તેમણે કહ્યું છે કે, એ કાળમાં હથિયારોના આકાર અને એની બનાવટ પ્રમાણે જે થરમાં ઉપલબ્ધ થયા છે તે દર્શાવે છે કે, આજથી દોઢ બે લાખ વર્ષો પર કચ્છના આ વિસ્તારમાં હમણા કરતાં નિયમિત રીતે અને વધુ પ્રમાણમાં વરસાદ પડતો હોવો જોઇએ. તેથી આસપાસના ડુંગરોમાંથી રેતીના, પથ્થરના, બેઝાલ્ટ અને લેટેરાઇટના નાના મોટા ટુકડા નદીમાં તણાઈ આવ્યા અને કાંપ બન્યો. કચ્છનો પ્રથમ આદિ માનવ એ વખતે ડુંગરોની તળેટીમાં વસતો હતો અને તેણે બનાવેલા મોટા હથિયારો જેને પુરાતત્ત્વની ભાષામાં ડોલેરાઇટ તરીકે ઓળખવામાં આવે છે તે અહીંથી મળી આવેલા છે.

આ હથિયારોના આધારે તેમણે કચ્છમાં આદિ માનવનો વસવાટ દોઢથી બે લાખ વર્ષો પહેલાંનું જણાવ્યું છે. ઉપલબ્ધ ઇતિહાસની દૃષ્ટિએ જોતાં વૈદિક કાળથી પોતપોતાની આગવી પરંપરા સાથે અનેક જાતિઓએ કચ્છની ભૂમિ પરથી આવ જાવ કરી છે તો કેટલીય જાતિઓએ અહીં જ વસવાટ કરીને વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવનાને સાચા અર્થમાં સાકાર કરી છે. સિંધુ અને સરસ્વતીને કાંઠે કાંઠે પાંગરેલી માનવ સંસ્કૃતિને વિશ્વના પ્રાંગણમાં વિચરતી જોઇ શકાય છે. વાસ્તવમાં વૈદિક પણ હરપ્પન્ન કે સિંધુ સંસ્કૃતિના નામે ઓળખાવવામાં આવતી સંસ્કૃતિ એની શાખ પૂરે છે. આર્ય, યાદવ, યવન, શક, ક્ષત્રપ, તુર્ક, ઇરાની, પહેલવી, ગુર્જર, આભીર અહીં આવ્યા અને વસ્યા. ત્યારપછી પણ આ જ

*મહેનતથી મળેલી સફળતા સાચો સંતોષ આપે છે.*

પ્રક્રિયા ચાલુ રહી અને તેમાં કાઠી, આહીર, રબારી જત અને અન્ય પશુપાલનના વ્યવસાય જોડે સંકળાયેલી જાતિઓએ પણ અહીં આવી, રહી અને પોતાની જરૂરિયાત પ્રમાણે સ્થળાંતર પણ કર્યું. જમદગ્નિ પુત્ર પરશુરામની પૃથ્વીને નક્ષત્રિય કરવાની દંતકથા સાથે સંકળાયેલી અનેક જાતિઓ મારવાડ, પંજાબ કે સિંધમાંથી આવીને કાં તો સૌરાષ્ટ્રમાં ગઇ કે ગુજરાતમાં ગઇ ને કાંતો અહીં જ વસવાટ માટે રહી ગઇ. એમાં વાણિયા, બ્રાહ્મણ, ચારણ, કણબી-પાટીદાર, લોહાણા, ભાટિયા, મેઘવાળ-હરિજન, નાગર, ભાનુશાલી, કાયસ્થ, ગુર્જર ક્ષત્રિયો, ભાવસાર, સોની, કંસારા, બ્રહ્મક્ષત્રિયો, જેઠીમલ્લ, લુહાર વગેરે તેમજ મુસલમાનોની પણ વિવિધ કોમો તથા પારસીઓ, યહુદીઓ અને ખ્રિસ્તીઓ પણ સમયાંતરે અહીં વસવાટ કરીને આ દેશની અસ્મિતાની ઓળખ ઊભી કરી અને તેને ટકાવી રાખી છે. કચ્છના જાડેજા રાજવીઓનો પ્રવેશ તો નવમી સદી પછી થયો પણ તે પહેલાં અહીં અનેક રાજવીઓ રાજ કરી ગયા હતા.

સમયે સમયે વૈશ્વિક મુસાફરોએ કચ્છનો પ્રવાસ કરી પોતાની નોંધ કરી છે. તેમાં કચ્છી મનુષ્યના કદ અને સ્વરૂપ વિશેની પણ નોંધ કરી છે. તેમણે કચ્છના મનુષ્યોને 'કદમાં કદાવર, શરીરે ઘાટીલા અને સ્વરૂપવાન અને સાહસિક' ગણાવ્યા છે. આજે પણ કચ્છના ભરવાડો, આહીરો, રબારીઓ, ચારણો તથા બન્નીના જત, સમેજા વગેરે તેમના ભરાવદાર શરીર અને છ ફીટ આસપાસની ઊંચાઇ વચ્ચે આગવું વ્યક્તિત્ત્વ ઉપસાવી શકે છે.

ભારતમાં અનેક ભાષાઓ બોલાય છે. સને ૧૯૬૧ની વસતિ ગણતરી પ્રમાણે ભારતમાં વસતા ભાષકોએ પોતાની માતૃભાષા તરીકે ગણાવી હોય તેવી ભાષાઓની સંખ્યા ૧૬૫૨ની હતી. આવી ભાષાઓમાં કચ્છી ભાષાને પણ સ્વતંત્ર ભાષાનો દરજ્જો અપાયો છે. કચ્છી ભાષાની ઉત્પત્તિ તરફ દૃષ્ટિ કરતાં જણાય છે કે પ્રાચીન કાળે ભારતમાં ત્રણ ભાષા સ્વરૂપો પ્રચલિત હતા.

*(૧) આદિમ વૈદિક સંસ્કૃત*

*(૨) શિષ્ટ સંસ્કૃત*

*(૩) જન વ્યવહારમાં વપરાતી લૌકિ સંસ્કૃત*

આમાં ત્રીજા પ્રકારની જન બોલીને ભગવાન બુદ્ધ તથા મહાવીર સ્વામીએ પોતાના ઉપદેશના કામમાં લેતાં તેની પ્રતિષ્ઠા વધી અને તે શિષ્ટ વ્યવહાર તથા સાહિત્યમાં સ્થાન પામી. તે પછી તે પ્રાકૃત તરીકે ઓળખાવા લાગી. આ પ્રાકૃત ભાષાનું સ્થાન અપભ્રંશે લીધું ત્યારે કેટલાક ભાષાકુળો જુદા પડ્યા. આ સમયગાળો ઇ.સ. ૮૦૦ થી ૧૦૦૦ વચ્ચેનો. પ્રાકૃતમાંથી જે કેટલીક ભાષાઓનું સર્જન થયું તેમાં સૌરસેની પ્રાકૃત તરીકે ઓળખાતી ભાષામાંથી પંજાબી, લહંદા અને સિંધી ભાષાનું સર્જન થયું. અપભ્રંશ પણ પ્રાકૃતનો જ એક ભાગ હતી અને મુખ્યત્વે તે ભારતના પશ્ચિમ કાંઠાના કેટલાક પ્રદેશો સાથે સંકળાયેલ હતી. આ અપભ્રંશમાંથી કચ્છી ભાષાનું પ્રાગટ્ય ઇ.સ. ૮૦૦ના ગાળામાં થયું.

સ્વાતંત્ર્ય પૂર્વે કચ્છની ભૌગોલિક પરિસ્થિતિ વિખૂટા રહી ગયેલા એક પ્રદેશ જેવી હતી. રણ અને દરિયાના કારણે તે અન્ય પ્રદેશોથી અલગ પડી ગયેલ. સામાન્ય રીતે પ્રાદેશિક એકમો તે તે પ્રદેશ કે વિસ્તારની ભાષાની ઓળખ બની રહ્યા હતા. જેમકે પંજાબની પંજાબી, કાશ્મીરની કાશ્મીરી, આસામની અસમિયા, બંગાળની બંગાળી, રાજસ્થાનની રાજસ્થાની, સિંધની સિંધી અને ગુજરાતની ગુજરાતી. કચ્છ પણ અલગ પ્રદેશ હોવાથી તેની ભાષા કચ્છ પરથી કચ્છી તરીકે ઓળખાતી હતી.

માત્ર ભૌગોલિક દૃષ્ટિએ જ નહિ, સાહિત્ય અને વહીવટની દૃષ્ટિએ પણ કચ્છની વિશિષ્ટતા હતી. કચ્છ ત્રિભાષી રાજ્ય હતું કચ્છમાં બોલાય કચ્છી, સાહિત્યની ભાષા વ્રજ અને રાજભાષા ગુજરાતી! સાહિત્ય સર્જન માટે તો કચ્છના મહારાવશ્રી લખપતજીએ અઢારમી સદીમાં ભુજમાં વ્રજભાષાની પાઠશાળાની સ્થાપના કરી હતી. કચ્છ રાજ્યનું ભારતીય સંઘમાં વિલિનીકરણ થયા પછી પણ તે પાઠશાળા સને ૧૯૪૯ સુધી ચાલુ રહી હતી. ગુજરાતી અને કચ્છી ભાષા સર્જન માટે તે અવરોધરૂપ નહોતી.

મામઇ દેવના આગમો કચ્છી ભાષામાં છે. (મામઇ દેવનો સમયગાળો સંવત ૧૨૫૯થી ૧૪૫૫ બતાવવામાં આવે છે.) મામઇ દેવ રચિત વેદના એક પાનાની હસ્તપ્રત પરથી ઝેરોક્ષ નકલ મને જામનગરના શ્રી એલ.ટી. માતંગ પાસેથી મળી છે તેની લિપિ શિરોરેખાવાળી દેવનાગરી છે. કચ્છીભાષામાં સાહિત્યનું સર્જન ગુજરાતી ભાષાની જે તે સમયે ઉપયોગમાં લેવાતી લિપિમાં થયેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના હસ્તપ્રત ભંડારમાં સચવાયેલી હસ્તપ્રતમાં લયલા મજનૂની કચ્છીભાષામાં રચાયેલ પ્રેમકથાની લિપિ દેવનાગરી છે. પણ ગુજરાતી ભાષાનું સાહિત્ય જ્યારથી ગુજરાતી લિપિમાં રચાતું થયું ત્યારથી કચ્છી ભાષાની લિપિ પણ ગુજરાતી રહી છે. આમ કચ્છીભાષા એક સ્વતંત્ર ભાષા તરીકે સ્થાન પામી અને વિકસી છે.

સને ૧૮૮૧ની વસતિ ગણતરી વખતે પણ કચ્છી ભાષાને સ્વતંત્ર ભાષા તરીકે ગણવામાં આવેલ છે. આની વિગતો તે સમયના કચ્છના સેન્સસ સુપ્રિન્ટેન્ડન્ટ વિઠ્ઠલજી કેશવજી દવેએ સુપરવાઇઝરોને વિશેષ સમજૂતી આપતી તારીખ ૭-૧-૧૮૯૧ની સૂચનાઓ બહાર પાડી હતી તે પરથી જણાય છે.

વસતિ ગણતરી પ્રમાણે કચ્છીભાષી વસતિ નીચે મુજબ

| *સમયગાળો* | *કુલ વસતિ* | *કચ્છીભાષી* |
|---|---|---|
| ૧૯૩૧ | ૫,૧૪,૩૦૭ | ૨,૯૫,૦૦૦ |
| ૧૯૫૧ | ૫,૬૭,૬૦૬ | ૩,૨૩,૬૦૪ |
| ૧૯૬૧ | ૬,૯૬,૪૪૦ | ૩,૪૧,૬૪૦ |

૧૯૬૧ની વસતિ ગણતરી પ્રમાણે ૪૨.૩૬% લોકોની ભાષા કચ્છી હતી.


હાલે ભારતીય આર્યકુળની ભાષાઓ બોલનારાઓની સંખ્યા ભારતીય ઉપખંડમાં ૫૪ કરોડની ગણાવી છે. એટલે ૭૫% જેટલા લોકો ભારતીય આર્યકુળની ભાષા બોલે છે તેવું જણાવેલ છે તેમાં પણ કચ્છની ભાષા કચ્છી તરીકે નિર્દેશવામાં આવેલ છે.

*'મંગલ મંદિર' : જુલાઇ-૨૦૦૮*

*અજ્ઞાનતા એક એવી રાત જેવી છે, જેમાં ચંદ્ર નથી હોતો કે તારા પણ નથી હોતા.*

# કચ્છમાં કૃષિ વિકાસ

**• લાહિરી શાહ - હૈદ્રાબાદ •**



શ્રી લાહિરી શાહ

*લક્ષ્મીકાંત હીરજી શાહ (ઉર્ફે લાહીરી શાહ)નો જન્મ નવેંબર ૧૯૨૫માં રંગૂન - બર્મા (હાલનું યાંગોન - મ્યાનમાર)માં થયો. કચ્છમાં મૂળ વતન મોટા કાંડાગરા, તા. મુંદ્રા છે. પ્રાથમિક શિક્ષણ રંગૂનની ગુજરાતી એ.વી. હાઈસ્કૂલમાં લીધું. ત્યારબાદ અંગ્રેજી માધ્યમમાં ભણી, મુંબઈમાં મેટ્રીક પાસ કર્યું. મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ભણી રસાયણશાસ્ત્ર અને ભૂસ્તરશાસ્ત્રમાં સ્નાતકની પદવી મેળવી.*

*વર્ષ ૧૯૫૦માં પ્રજા-સમાજવાદી પક્ષના કચ્છ એકમના મંત્રી તરીકે કચ્છ માંડવીમાં પદાર્પણ કર્યું. ૧૯૫૨થી ૧૯૫૮ દરમ્યાન કચ્છ માંડવીની રામકૃષ્ણ મહાશાળામાં શિક્ષક તરીકેની કામગીરી કરી. ૧૯૫૪થી ૧૯૫૭ના ૩ વર્ષ માટે માંડવી નગર પાલિકાના સભ્ય, પાલિકાની લાઈબ્રેરી કમિટીના ચેરમેન તરીકે લાઈબ્રેરીને અદ્યતન અને સુસજ્જ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું. માંડવીથી અલ્પજીવી સાપ્તાહિક ''પ્રજામત''નું સંપાદન અને પ્રકાશન કર્યું.*

*૧૯૮૫થી હૈદ્રાબાદમાં સ્થાયી થયા છે અને ટીંકુ પ્રિન્ટરી નામના કૌટુંબિક વ્યવસાયમાં કાર્યરત છે. સ્વતંત્ર (ફ્રીલાન્સ) પત્રકાર તરીકે જાહેર લેખન પ્રવૃત્તિ શરૂ કરી. કચ્છ ભુજથી પ્રકાશિત થતા દૈનિક ''કચ્છ મિત્ર''ના અધિકૃત કાર્ડ હોલ્ડર છે.*

છેલ્લા દોઢેક દાયકાથી ખેતી - ખાસ કરીને વરસાદ આધારિત ખેતી મતલબ જ્યાં નહેરના પાણી પહોંચ્યા નથી - ખોટનો ધંધો બની ગઈ છે. જેના માટે વરસાદની અનિયમિતતા, રાસાયણિક ખાતરના વધતા જતા ભાવ તથા સસ્તા વ્યાજે પૂરતી અને સમયસરની ધીરાણ વ્યવસ્થાના અભાવને કારણભૂત ગણી શકાય. આ ત્રિવિધ તાપના કારણે આંધ્ર અને મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તારમાં હજારો ખેડૂતોએ આત્મહત્યા કરી છે. ગુજરાત અને ખાસ કરીને કચ્છ જિલ્લામાં આવા કમનસીબ બનાવો નથી બન્યા એ હકીકતની ખાસ નોંધ લેવી રહી. સાથે સાથે ભાંગતી જતી ખેતીના કારણો, ખેડૂતો ખેતી છોડી શહેરો તરફ દોટ મૂકી રહ્યા છે અથવા તો ખેત મજૂરો કે વિકસતા ઉદ્યોગોમાં શ્રમજીવી બની રહ્યા હોવાની હકીકતને પણ નજરઅંદાજ કરી શકાય તેમ નથી. આ કારણોસર દેશમાં અનાજની - ખાસ કરીને કઠોળની અછત સર્જાઈ છે અને ખાદ્ય અનાજના ભાવોમાં આકરો ભાવવધારો નોંધાયો છે.

આવા માહોલમાં TANU (તામિલનાડુ કૃષિ વિશ્વવિદ્યાલયે) ખેડૂતો પોતાની આવકમાં વધારો કરી શકે તેવા ટૂંકી મુદતના, વીસેક જેટલા અભ્યાસક્રમો શરૂ કરવાની આવકારદાયક યોજના જાહેર કરી છે. આ યોજનામાં મધમાખી ઉછેર, વર્મિ કમ્પોસ્ટીંગ (સજીવ ખેતી માટે અનિવાર્ય એવું અળસિયા આધારિત ખાતર), શાકભાજીના બિયારણનું ઉત્પાદન, નાળિયેરીનો ઉછેર, ખરાબાની જમીન નવસાધ્ય કરવી, ખેત ઓજારોનું ઉત્પાદ સંભાળ અને મરામત, ફળો અને શાકભાજીની જાળવણી, ઔષધિય છોડવાનો ઉછેર, ફૂલોની ખેતી, રતન જ્યોતની ખેતી વગેરે બાબતોની તાલીમ માટે છ મહિનાના અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. અલબત્ત, આ બધા અભ્યાસક્રમ અંગ્રેજીમાં જ રહેશે.

તામિલનાડુ (જૂના મદ્રાસ રાજ્ય)ના કોઈમ્બતુર શહેર સ્થિત આ કૃષિ વિશ્વ વિદ્યાલયે શરૂ કર્યા છે તેવા અભ્યાસક્રમ ખેડૂતોને તાલીમ આપતા અને તેને પોતાની ખેતપેદાશ અને આવક વધારવા સક્ષમ બનાવતા તાલીમવર્ગો ગુજરાત કે સૌરાષ્ટ્રના કૃષિ વિદ્યાલયો શરૂ કરે તો તે આવકારદાયક ગણાશે. કચ્છ જિલ્લામાં આ પ્રવૃત્તિ વી.આર.ટી.આઈ. માંડવી તાલુકા સ્થિત વિવેકાનંદ રૂરલ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરી શકે.

કચ્છમાં હાલે કાર્યરત ઉદ્યોગોના વિકાસ હેતુ સરકાર દ્વારા અનેક સવલતો અપાય છે. આ ઉદ્યોગ સંકુલો કચ્છની ધરતી પ્રત્યેનું ઋણ અદા કરવા આગળ આવે તો ઉદ્યોગો સાથે કૃષિનો પણ સમુચિત વિકાસ થાય. દા.ત. કચ્છના બે-ત્રણ તાલુકામાં આધુનિક અને સજીવ ખેતીનું શિક્ષણ આપતી શાળાઓ શરૂ ન કરી / કરાવી શકે?

કચ્છી ધર્મપ્રેમી શ્રેષ્ઠીઓ, કચ્છમાં જિનાલયો, અપાસરા, અતિથિગૃહો, સ્મૃતિ ગેટ આદિના નિર્માણમાં એમનું યોગદાન છે. તેઓ સુધારણા તથા ડેરી ઉદ્યોગના વિકાસ માટે તથા સ્મૃતિ વનોના વિકાસ માટે કોઈ નક્કર આયોજનને પ્રોત્સાહન આપે. વર્તમાન સમયનો આ તકાજો છે.

અપીલ રૂપી આ લખાણ પૂરું કરતા પહેલા ભારતના અગ્રીમ ઉદ્યોગ ગૃહ તાતા ગ્રૂપના રાહબર, જે.આર.ડી. તાતાએ, વર્તમાનમાં આઈ.ટી. અને સામાજિક સેવાના ક્ષેત્રે મોટું નામ ધરાવતી ''ઈન્ફોસીસ'' કંપની શરૂ કરતી વખતે, તેના સ્થાપક, શ્રીમતી સુધા મૂર્તિએ નીચે આપેલી સોનેરી સલાહ ટાંકવી જરૂરી સમજું છું.

''તમારા સાહસમાં સફળ થાવ તો સમાજનું ઋણ ચૂકવવાનું ભૂલતા નહીં. સમાજ તરફથી આપણને કેટકેટલું મળે છે! તે પાછું વાળવાનું આપણે યાદ રાખવું જ જોઈએ.''

આશા છે, કચ્છની કુદરતી સંપત્તિનો લાભ લઈ, કચ્છમાં નફો રળતા ઉદ્યોગો, કચ્છની ખેતીના ઉત્કર્ષ માટે ઉદ્યોગ સંકુલો અવશ્ય કોઈ નક્કર આયોજન હાથ ધરશે.

*'મંગલ મંદિર' : જુલાઈ-૨૦૦૮*

*નાણાં, નામ અને સફળતા રાતોરાત ન મળે.*

# કચ્છની ભૂસ્તરીય ઉત્પત્તિ અને ભૂસંપદા

● ડૉ. યોગેશ જાડેજા (પીએચ.ડી., ભૂસ્તરશાસ્ત્ર) ●
ડાયરેક્ટર, એરિડ કોમ્યુનિટીસ એન્ડ ટેકનોલોજિસ, ભુજ



ડૉ. યોગેશ જાડેજા

*ડૉ. યોગેશ જાડેજા, પીએચ.ડી. (જિયોલોજી) હાલે એરિડ કોમ્યુનિટીઝ અને ટેક્નોલોજીસમાં ડાયરેક્ટર તરીકે પોતાની કામગીરી બજાવી રહ્યા છે. ગુજરાત રાજ્યના એરીડ અને અર્ધ એરીડ વિભાગોમાં ૧૯૯૩થી પાણી સંગ્રહ, વિકાસ અને તેની વ્યવસ્થા અંગેના ક્ષેત્રોમાં તેઓશ્રીની મુખ્ય કામગીરી રહી છે. પાણી સંગ્રહ, વિકાસ અને વિકેન્દ્રીકરણ અંગે યોગ્ય આયોજન અને આધુનિક વૈજ્ઞાનિક જ્ઞાન સાથે સ્થાનિક પરંપરાગત હાઈડ્રોલોજિકલના સંયોજન દ્વારા તેઓશ્રીનું યોગદાન આ ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે. તેઓશ્રીએ પોતાના જાત અનુભવોના આધારે ગ્રામીણ યુવાવર્ગ માટે આ વિષયે એક ખાસ ટ્રેનિંગ પ્રોગ્રામ વિકસાવ્યો છે. સરકારી સંસ્થાઓ અને સ્થાનિક એન.જી.ઓ.ના સંયોજનથી વૉટરશેડ વિકાસ કાર્યક્રમનું અમલીકરણ અને પાણી પુરવઠા પરત્વેના પ્રોજેક્ટ્સ તેમની જ્વલંત કારકિર્દીના એક ભાગરૂપે છે.*


*તેઓશ્રીએ ગાંધીનગરમાં સ્કૂલ લૅવલનું શિક્ષણ પૂરું કર્યું હતું અને સ્નાતક (સાયન્સ) અને અનુસ્નાતક (માસ્ટર ઑફ સાયન્સ અને પીએચ.ડી. જિયોલોજી)નો અભ્યાસ ભુજ - કચ્છની આર.આર. લાલન કૉલેજ અને એમ.એસ. યુનિવર્સિટીમાં અનુક્રમે પૂરું કર્યું હતું.*

## ● સ્થાન અને વ્યાપ :

વિસ્તારની દૃષ્ટિએ બીજા નંબરનું સ્થાન ધરાવતો કચ્છ જિલ્લો કુલ ૪૫,૬૫૨ ચો.કિ.મી. જેટલા ક્ષેત્રફળમાં ફેલાયેલો છે. જેની ઉત્તરે પાકિસ્તાન અને રાજસ્થાનના વિસ્તારો જ્યારે પૂર્વમાં બનાસકાંઠા જિલ્લો તેમજ દક્ષિણે અને પશ્ચિમે અનુક્રમે કચ્છનો અખાત અને અરબી સમુદ્ર આવેલા છે.

## ● ભૂસ્તરીય ઉત્પત્તિ :

કાચબા જેવા આકાર ધરાવતા કચ્છ જિલ્લાનું ભૂસ્તર બનવાની શરૂઆત આશરે ૧૮ કરોડ વર્ષ પહેલા થઇ હતી. આ સમયે ઉપરની તરફ દરિયો અને તેની નીચે જમીન જેવી પરિસ્થિતિ હતી. કાળક્રમે જમીનની અંદર ભૌગોલિક ફેરફાર જેવા કે, જવાળામુખીની હલચલ, પૃથ્વીના જમીન ભાગોની પ્લેટોનું એકબીજા તરફ સરકવું વગેરે જેવા કારણોને લીધે ધીરે-ધીરે જમીનનો ભાગ ઉપર આવવા લાગ્યો અને દરિયો જમીન પરથી સરકવા લાગ્યો.




| વિગત | કચ્છ | ગુજરાત |
|---|---|---|
| **કુલ્લ ક્ષેત્રફળ ચો.કિ.** | **45,652** | **1,96,024** |
| કુલ્લ વસ્તિ | 12,62,507 | 4,13,09,582 |
| અંતીમ દાયકા માં વૃદ્ધી % | 20.22 | 21.19 |
| અંતીમ સદી માં વૃદ્ધી % | 158.7 | 354.2 |
| વસ્તિ ગીચતા પ્રતી ચો.કિ. | 28 | 211 |
| પ્રતી ૧,૦૦૦ પુરુષે સ્ત્રી | 964 | 934 |
| સાક્ષરતા કુલ્લ % | 52.75 | 61.29 |
| સાક્ષરતા પુરુષ % | 64.29 | 73.13 |
| સાક્ષરતા સ્ત્રી % | 40.89 | 48.64 |
| ગ્રામ્ય વસ્તિ | 8,74,650 | 2,70,63,521 |
| શહેરી વસ્તિ | 3,87,857 | 1,42,46,061 |
| શહેરી વસ્તિ નું પ્રમાણ % | 30.72 | 34.49 |
| **અનુસુચીત જાતી %** | **11.9** | **7.41** |
| **અનુસુચીત જનજાતી %** | **6.95** | **14.92** |
| કુલ્લ ગામ | 949 | 18,509 |
| ૫,૦૦૦ થી વધુ વસ્તિ ધરાવતા ગામ | 16 | 650 |
| શહેરો | 10 | 264 |
| તાલુકા | 9 | 184 |


પૃથ્વીની જમીનનો ભાગ જે સમયે અલગ-અલગ ખંડોમાં વિભાજિત થયેલ ન હતો ત્યારે ભારતીય પ્લેટ (ઇન્ડો-ઑસ્ટ્રેલિયન પ્લેટ)નું યુરેશિયન પ્લેટ સાથે અથડાવાથી બન્ને વચ્ચે આવેલ ટ્રિથિસ સમુદ્રમાં બની રહેલા ખડકો ઊંચકાઇ હિમાલય પર્વતનું નિર્માણ થવાનું શરૂ થયું. આ ઘટના સમયે કચ્છની જમીન પણ દરિયાની બહાર ઉપસી આવવાની શરૂઆત થઇ હતી. આ સમયને પૃથ્વીના ઉત્પત્તિકાળના મેસોઝોઇક યુગ તરીકે ઓળખાવવામાં આવે છે. કચ્છમાં મળી આવતા અગત્યના દરિયાઇ જીવાવશેષો જેવા કે, એમોનોઇડ વગેરે તે બાબતની પૂર્તતા કરે છે. કચ્છમાં મળી આવતા શેલ (મુલઇ), ઝીણા દાણાવાળો સાગ (ફાઇન ગ્રેઇન

*ઈચ્છાઓ એક સંતોષાય તો બીજી જાગ્રત થાય.*

સેન્ડ સ્ટોન) ના (એકાંતરીકરણ ઇન્ટર કેલેશન) તથા ચીકણી માટીના ખડકો અને ચૂનાના પથ્થરના ખડકોના એકાંતરીકરણ એ દરિયાઇ બનાવટના ખડકો હોવા છતાં પણ કચ્છના મોટા ભાગના ડુંગરો પર મળી આવે છે. જે સૂચવે છે કે કચ્છની ધરતીની ઉત્પત્તિ દરિયામાંથી થઇ છે. આજે પણ આ ખડકોમાં આવતું પાણી ઘણી જ વધારે માત્રામાં ખારાશ ધરાવે છે. આવી ખારાશને જન્મજાત ખારાશ (Inherent Salinity) કહેવાય છે જે આ વાતની પૂર્તતા કરે છે.

આ સમય બાદ જમીનના પેટાળમાં રહેલો લાવારસ, પ્લેટો સરકવાના કારણે ઊભા થયેલ તણાવ તથા દબાણ તેમજ વજનની અસમતુલાને કારણે પૃથ્વીના પોપડા પર નીચેથી દબાણ આવવા લાગ્યું અને જમીનનો ભાગ દરિયામાંથી ઉપર આવવા લાગ્યો. જેમ-જેમ જમીન ઉપર આવવા લાગી તેમ-તેમ તેના પર પર્યાવરણીય પરિબળોની તથા વરસાદની અસરને લીધે નદી-નાળાઓ વહેવા શરૂ થયા, જે જૂના ડુંગરોનું ધોવાણ થતાં અને જમીન પર પથરાતાં તે જ્યુરાસિક યુગ બાદના ક્રિટેસિયસ યુગના સાગ પથ્થર (સેન્ડ સ્ટોન) રૂપે જમીન પર પથરાયો. આ પ્રક્રિયા પૂરી થાય એ પહેલાં જમીન નીચેના જ્વાળામુખીનું દબાણ સહન ન થતાં મોટા પાયે જ્વાળામુખીની પ્રક્રિયા સમગ્ર પૃથ્વી પર થઇ અને જમીન પર કાળમિંઢ જેવા પથ્થરો પથરાયા.

આવી રીતે આવેલા જ્વાળામુખી જમીનની સપાટીથી લગભગ ૭૦૦ થી ૮૦૦ કિ.મી. ઊંડાઇએ આવેલા હોય છે. આ પ્રક્રિયા લગભગ ૬.૫ થી ૮ કરોડ વર્ષ વચ્ચેની છે. કચ્છમાં મળી આવતા ધીણોધર, કીરો ડુંગર વગેરે આ પ્રકારની જ્વાળામુખીની પ્રક્રિયાના દૃષ્ટાંત છે. આ સમયકાળને પૃથ્વીની ઉત્પત્તિના ઇતિહાસના ડેક્કન ટ્રેપ (ટ્રેપ/કાળમિંઢ/બેસાલ્ટ) તરીકે ઓળખાય છે. આમ, જ્યુરાસિક યુગ પછીના ક્રિટેસિયસ તથા ડેક્કન ટ્રેપ સમયના ખડકો અનુક્રમે નદીના વહેતા પાણીથી તથા જ્વાળામુખીથી બન્યા હોઇ તેમાં ખારાશનું પ્રમાણ નહિવત્ છે. આજે કચ્છમાં જે સાગ પથ્થર તરીકે ઓળખાય છે, તેમાં મળી આવતું ભૂગર્ભજળ આશરે ૧૦ કરોડ વર્ષથી સંગ્રહાયેલું વરસાદનું મીઠું પાણી છે. જ્વાળામુખીથી બનેલા કાળમીંઢ પથ્થર જમીનમાંથી બહાર આવ્યા બાદ પૃથ્વીના વાતાવરણની અસરમાં આવતા તેમાં રાસાયણિક ખવાણ થવાને લીધે લેટેરાઇટમાં પરિવર્તન થવાનું શરૂ થયું. આ સમયને કચ્છમાં ટર્સરી યુગની શરૂઆત ગણવામાં આવે છે. આ




***ડુંગરાળ કચ્છ મેઇનલેન્ડ :***

ભુજની દક્ષિણે આવેલ કંટોલ ડુંગરોની હારમાળા, ઉત્તર તરફની ટેકરીઓ અને વાગડનો ઊંચાણવાળા ભાગનો કચ્છ મેઇનલેન્ડ તરીકે ઓળખવામાં આવે છે તે દરિયાની સપાટીથી લગભગ ૨૦ થી ૩૮૦ મીટરની ઊંચાઇ પર આવેલો છે. કચ્છ મેઇનલેન્ડ મુખ્યત્વે જુદા-જુદા પ્રકારના ખડકોનો બનેલો છે. ઉત્તર તરફની ટેકરીઓ જ્યુરાસિક અને ક્રિટેશિયસ ખડકોની બનેલી છે. કંટોલ હિલ રેન્જ મેસોઝોઇક ખડકોની બનેલી છે, જ્યારે વાગડનો ઊંચાણવાળો ભાગ મેસોઝોઇક અને ટર્સરી પ્રકારના ખડકોનો બનેલો છે.

***બન્નીના ઘાસિયા મેદાનો :***

બન્ની ઘાસિયા મેદાનો દક્ષિણ તરફથી કચ્છ મેઇનલેન્ડ, ઉત્તર તરફથી પચ્છમ બેટ અને પૂર્વ તરફથી વાગડ અને બેલા ટાપુથી ઘેરાયેલો છે, જેનો વિસ્તાર લગભગ ૩૦૦૦ ચો. કિ.મી. જેટલો છે. તે દરિયાઇ સપાટીથી ૩ થી ૧૦ મીટર જેટલો ઊંચો છે. આ પ્રદેશ રેતાળ અને ચીકણી માટીની જમીનમાંથી બનેલ છે.

***કચ્છનું રણ :***

કચ્છના મોટા રણે સમગ્ર જિલ્લાનો ઉત્તર તરફનો અને પૂર્વ તરફનો ભાગ રોકેલો છે. જેનો કુલ વિસ્તાર ૧૬,૯૯૧ ચો. કિ.મી. જેટલો છે. તે મોટા તથા નાના રણ તરીકે ઓળખાય છે. તેમાંથી મોટા રણનો વિસ્તાર ૧૨,૯૯૧ ચો. કિ.મી. અને નાના રણનો વિસ્તાર ૪,૦૦૦ ચો. કિ.મી. જેટલો છે. તે વિસ્તાર દરિયાઇ સપાટીથી લગભગ ૪ મીટર જેટલી ઊંચાઇએ આવેલો છે. કચ્છના મોટા રણમાં પશ્ચિમથી પૂર્વ તરફ પસાર થતી ચાર બેટની હારમાળા એ રણની આગવી લાક્ષણિકતાઓ ધરાવે છે. પશ્ચિમે પચ્છમથી શરૂ કરી અનુક્રમે ખડીર, બેલા તથા ચોરાર બેટ આવેલા છે, જેમાંથી ચોરાર બેટ બનાસકાંઠા જિલ્લાના રણ પ્રદેશમાં આવેલો છે. અહીં એ નોંધવું જરૂરી છે કે પશ્ચિમ ટાપુમાં આવેલા કાળો ડુંગર કચ્છનો સૌથી ઊંચો ડુંગર છે, જેની ટોચની ઊંચાઇ દરિયાઇ સપાટીથી ૪૫૮ મીટર છે.

***દરિયાનો કાંઠાળ પ્રદેશ :***

આ વિસ્તાર કચ્છ મેઇનલેન્ડ અને કચ્છના અખાત વચ્ચે આવેલો છે, જે કચ્છનો દક્ષિણ ભાગ રોકે છે. તે મુખ્ય ટર્સરી અને ક્વાર્ટરનરી યુગના ખડકોનો બનેલો છે. તે ૨૫ થી ૩૦ કિ.મી. જેટલા પહાડોના પટ્ટામાં ફેલાયેલ છે. તે દરિયાની સપાટીથી ૦-૧૨ મીટર જેટલો ઊંચો છે.

*સુખ, સમૃધ્ધિ પ્રારબ્ધમાં હોય તેટલી જ મળે છે.*

યુગમાં કચ્છની જમીનનો પશ્ચિમ ભાગ હજી પણ દરિયામાં હતો. જ્યાંથી કાળક્રમે દરિયો બહાર આવી જતાં પશ્ચિમ ભાગમાં ચૂનાના પથ્થર, ચીકણી માટીના ખડકો વિપુલ પ્રમાણમાં મળી આવે છે. અંદાજે આજથી ૧ લાખ વર્ષ પહેલાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહી હતી.

લગભગ ૧૮ કરોડ વર્ષ પહેલાં ગુજરાતની ઉત્તર-પૂર્વનો થોડો જ ભાગ જમીન સ્વરૂપે હતો. તેમાંથી ૨૦ લાખ વર્ષની આસપાસ સૌરાષ્ટ્ર તથા કચ્છનો મેઇનલેન્ડ પ્રદેશ દરિયાથી બહાર ઉપસી આવ્યો હતો. ત્યારબાદ છેલ્લા ૨૦,૦૦૦ થી ૫,૦૦૦ વર્ષ દરમ્યાન સમગ્ર ગુજરાત તથા સૌરાષ્ટ્રનો તમામ ભાગ, મોટા ભાગનો કચ્છ મેઇનલેન્ડ તથા કેટલાક ટાપુઓ બહાર આવ્યા અને અંતે ૫,૦૦૦ વર્ષ પહેલાં લગભગ હાલમાં છે તે ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છનું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું. દરિયાની આવન-જાવન સાથે તથા જ્વાળામુખીની પ્રક્રિયા સાથે કચ્છની ધરતી પર ધરતીકંપ જેવી ટેક્ટોનિક પ્રક્રિયાના પણ ઉદાહરણ જોવા મળે છે. આ બધી પ્રક્રિયાના પરિણામ સ્વરૂપે કચ્છની આજની જમીનનું સ્વરૂપ જોવા મળે છે. ૧૮૧૯માં થયેલ ધરતીકંપને લીધે કચ્છના રણમાં અલ્લાહબંધ બન્યો હતો, જેને લીધે સિંધુ નદીના વહેણ જે પહેલાં કચ્છના રણમાંથી વહેતા હતા તે ફંટાઇ ગયા. જો કે આ વિષય કચ્છના રણમાં હજી વધારે સંશોધન માંગે છે.

પૃથ્વી પર જીવસૃષ્ટિની શરૂઆત આમ તો લગભગ ૩૫૦ કરોડ વર્ષ પહેલાં થઇ હતી. સૌથી પહેલો દરિયાઇ જીવ અમિબા (એકકોષી) હતો. ત્યારબાદ તેમાંથી ધીરે-ધીરે બીજા સજીવો બનવાની શરૂઆત થઇ, જેમાં અમિબા પછી માછલીઓ અસ્તિત્વમાં આવી. ત્યારબાદ નાના જીવાણું તેમજ પ્રાણીઓ અસ્તિત્વમાં આવ્યાં અને એ પછીના સમયથી ડાયનોસોર, સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓ ઉત્પન્ન થયા. આમ, ધીરે-ધીરે પૃથ્વી પર જીવસૃષ્ટિની રચના થઇ હતી. કચ્છમાં વનસ્પતિ ઉગવાની પ્રક્રિયા આશરે ૭ થી ૮ કરોડ વર્ષ પહેલાં થઇ હતી. આમ આવી રીતે બનેલ કચ્છની જમીનને જુદા જુદા ભૌગોલિક ભાગોના સ્વરુપમાં વર્ણવી શકાય.

● **ભૂ-સંપદા :**

ઉપર જણાવેલ ભૂસ્તરીય ઉત્પત્તિ સાથે સાથે કચ્છમાં કુદરતી સ્રોતોના સ્વરુપમાં ખડકો અગત્યનો ભાગ ભજવે છે. આમ તો ભૂ સંપદાની વાત કરીએ ત્યારે ખાસ કરીને ખનિજોની વાત ઉભરી આવતી હોય છે. પણ અહીં આપણે ભૂગર્ભ જળને પણ ભૂ સંપદાના સ્વરુપમાં જ જોઇશું કેમ કે ભૂગર્ભ જળ ખાસ કરીને દુષ્કાળના વિસ્તારોમાં એવી અમૂલ્ય સંપદા છે જે સમગ્ર વિકાસ માટે કરોડરજ્જુ સમાન આધાર બની રહે છે.

● **ભૂગર્ભ જળ :**

કચ્છમાં પાણીના સ્રોતો માટે કચ્છની ભૂસ્તરીય રચના પણ એટલી જ અગત્યતા ધરાવે છે. મોટા ભાગના વિસ્તારમાં જળકૃત ખડકો તથા કેટલાક ભાગમાં અગ્નિકૃત ખડકો ધરાવતા કચ્છ જિલ્લામાં ભૂગર્ભ જળની ઉપલબ્ધિ ઊંડા પાતળી પાણીના એકવીફર (પાણી ધરાવતો ખડક) તથા ઓછી ઊંડાઇવાળા એકવીફર એમ બન્ને રીતે રહેલી છે. પાતળી પાણી (Deep Ground Water)ના એકવીફર તરીકે સેન્ડસ્ટોન મળી આવે છે. જ્યારે ઓછી ઊંડાઇના (Shallow Ground water) એકવીફર તરીકે કાંપનાં થરો, લેટેરાઇટ, ખવાણ થયેલ બેસાલ્ટ (કાળમીંઢ), સેન્ડસ્ટોન ખડકો મળી આવે છે. કચ્છમાં મળી આવતા એકવીફર ખડકોની પાણીના જથ્થા, ગુણવત્તા તથા રિચાર્જ ક્ષમતા બાબતની લાક્ષણિકતાઓ નીચેના કોષ્ટકમાં દર્શાવી છે.

| ભૂતળનો પ્રકાર | સ્થાનિક નામ | પાણીની ગુણવત્તા | પાણીનો જથ્થો | રિચાર્જ બાદ શક્યતા |
|---|---|---|---|---|
| સેન્ડ સ્ટોન | સાગપાણ | મીઠાથી મોળું | પૂરતો | દુષ્કાળમાં પણ પાણી આપે |
| લેટેરાઇટ | રાતી દાવડી અને | મીઠું | પૂરતો | દુષ્કાળમાં પણ પાણી આપે |
| | ધોળી બીટ્ટુ | | | |
| એલ્યુવિયમ | કાંપ | મીઠાથી મોળું | દુષ્કાળમાં અપૂરતો | દુષ્કાળમાં પણ પાણી આપે |
| બેસાલ્ટ | કાળમીંઢ | મીઠું, ક્યારેક ફ્લોરાઇડ | દુષ્કાળમાં અપૂરતો | દુષ્કાળમાં પણ પાણી આપે |
| ક્લે | ચીકણી માટી | ખારું | અપૂરતો | - |
| શેલ | મુલઇ | ખારું | અપૂરતો | - |

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E),
Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

*કોઈની પણ બધી ઈચ્છાઓ પૂર્ણ થતી નથી.*

● **ખનીજ :**

ખનિજ એ પૃથ્વી સપાટીના જમીનના બંધારણના એક ભાગરૂપે મળી આવે છે. જે તે દેશ કે વિસ્તારની આર્થિક પરિસ્થિતિમાં ખનિજ સંપત્તિ મહત્વનો ભાગ ભજવે છે. આ ખનિજ સંપત્તિમાં ઇંધણ જેવા કે પેટ્રોલ, ડીઝલ, કોલસો, લોખંડ, સોનું, ચાંદી, નીકલ, તાંબુ, પ્લેટીનમ, બોક્સાઇટ વગેરેનો સમાવેશ થાય છે. કોઇ ખનિજનો જગતમાં મળી આવતો કુલ જથ્થો તેમજ તેની માંગના આધારે તેની કિંમત નક્કી થાય છે. દરેક દેશ તેની બધી જ જરૂરિયાત મુજબની દરેક ખનિજ પોતાના વિસ્તારમાંથી સંતોષી શકતો નથી. તેથી પોતાના વિસ્તારમાં જરૂરિયાત કરતાં વધારાની ખનિજ બીજા જરૂરિયાતમંદ દેશોને નિકાસ કરે છે અને પોતાને ખૂટતી ખનિજની બીજા દેશ પાસેથી આયાત કરે છે. આમ, દરેક દેશ વચ્ચે ખનિજની નિકાસ અને આયાત થતી રહે છે, જે દેશની આર્થિક પરિસ્થિતિ પર અસર કરે છે. જેમ કે ઇરાન, ઇરાક દેશમાં ખનિજ તેલનો ભરપૂર ભંડાર છે, જે આજના યુગની સૌથી મોટી જરૂરિયાત છે. આ દેશ બીજા દેશોને નિકાસ કરે છે, જે તેની આર્થિક પરિસ્થિતિને મજબૂત બનાવે છે.

જે તે વિસ્તારમાં કોઇ ખનિજના પ્રાપ્તિસ્થાનમાં અંદાજિત જથ્થો માપી તેનું ઉત્ખનન કરવામાં આવે છે. કચ્છ વિસ્તાર પણ અમુક ખનિજો ધરાવે છે. જેની અંદર મુખ્ય અને ગૌણ એમ બે પ્રકારના ખનીજો મળી આવે છે. આ ખનિજો કચ્છ જિલ્લાની આર્થિક પરિસ્થિતિનું સબળું પાસું બની રહે છે. આ ખનિજના આધારે કચ્છમાં ઘણા બધા ઉદ્યોગો વિકસ્યા છે. જે કચ્છના ઘણા લોકોને રોજગારી પૂરી પાડે છે. કચ્છ જિલ્લામાં વિપુલ પ્રમાણમાં ચૂનાનો ખડક (લાઇમ સ્ટોન) મળી આવે છે. જેને લીધે અહીં સિમેન્ટ ઉદ્યોગો મોટાપાયે વિકસ્યા છે. અહીં એશિયાનો સૌથી મોટો સિમેન્ટ પ્લાન્ટ સાંઘી સિમેન્ટ છે. લખપત તાલુકાના પાનન્ધ્રોમાં લિગ્નાઇટ કોલસો વિપુલ પ્રમાણમાં મળી આવે છે. જેની આપણે બીજા રાજ્યમાં નિકાસ કરીએ છીએ. આ ઉપરાંત બેન્ટોનાઇટ, ચાઇના ક્લે, બોક્સાઇટ જેવી ખનિજો મળી આવે છે. કચ્છમાં મળી આવતા ખનિજોની માહિતી નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

| ***કચ્છમાં મળી આવતા મુખ્ય ખનિજો*** | | |
|---|---|---|
| *ક્રમ* | *મુખ્ય ખનીજો* | *(ઉત્પાદન (મેટ્રિક ટન)* |
| ૧ | ઓકર | ૭૦ |
| ૨ | વ્હાઇટ ક્લે | ૫૪,૧૭૨ |
| ૩ | કેલ્સાઇટ | ૩૪ |
| ૪ | ચાઇના ક્લે | ૩૦,૭૦૨ |
| ૫ | જિપ્સમ | ૪૦૯ |
| ૬ | બૉક્સાઇટ | ૩૮,૧૫૫ |
| ૭ | બૉલ ક્લે | ૧૨૪ |
| ૮ | લિગ્નાઇટ | ૧૩,૫૬,૦૭૪ |
| ૯ | લાઇમ સ્ટોન | ૧,૪૬૯ |
| ૧૦ | સીલીકા અને ગ્લાસ સેન્ડ | ૩૦,૩૨૯ |
| ***કચ્છમાં મળી આવતા ગૌણ ખનિજો*** | | |
| ૧ | સેન્ડ સ્ટોન | ૩૫,૧૩૫ |
| ૨ | મોરમ | ૧,૧૫,૧૬૭ |
| ૩ | બ્રીક અર્થ | ૨,૫૭૭ |
| ૪ | બેન્ટોનાઇટ | ૧,૭૧,૬૧૪ |
| ૫ | ક્લો | ૯૫૦ |
| ૬ | સેન્ડ સ્ટોન | ૧,૦૪,૮૪૫ |
| ૭ | બ્લેક ટ્રેપ | ૨,૪૦,૩૩૯ |
| *(સ્રોત : જિલ્લા સેન્સસ હેન્ડ બુક, કચ્છ : ૧૯૯૧)* | | |

*'મંગલ મંદિર' : જુલાઇ-૨૦૦૮*

## કચ્છ રણોત્સવથી કચ્છી કારીગરોની....

**(અનુસંધાન : પાના નં.-૭૬ ઉપરથી ચાલુ)**

અને પાંચમો વિભાગ છરી ઢાંઢ તરફ હતો. રેતશિલ્પ સ્પર્ધામાં ૧૧ ટીમોએ ભાગ લીધો.


કચ્છના વિખ્યાત બન્ની વિસ્તારના ધોરડો ગામને રણોત્સવ માટે પસંદ કરવામાં આવ્યું હતું. ભુજથી ૮૫ કિ.મી.ના અંતરે આવેલા આ ગામમાં લગભગ ચારસો જેટલા મકાનો છે. જેમાં નેવું ટકા કચ્છી ભૂંગા છે. આ ગામમાં વાસ્મોના સહકારથી સોલાર સિસ્ટમ અપનાવવામાં આવી છે. આ ભૂંગાઓમાં છાણ માટીના લીંપણ કલાત્મક હોય છે. અહીં રહેતા મુતવા જ્ઞાતિના લોકો અતિ સુંદર સૂક્ષ્મ ભરતકામ તથા મડવર્ક કરે છે. જે વિદેશી સહેલાણીઓ માટે ખૂબ જ આકર્ષક બનવા પામ્યું છે. આ સુંદર વિસ્તારમાં ચારસો ટેન્ટ બાંધવામાં આવેલા. જેમાં એ.સી. તથા નોન એ.સી. સમાવિષ્ટ હતા. ધોરડો વિલેજમાં રસ્તા, પાણી, લાઇટની સુવિધા કરવામાં આવી હતી. કચ્છના ૫૦૦ વિદ્યાર્થીઓ તથા ૯૦ વિદેશી વિદ્યાર્થીઓએ આતિથ્ય માણ્યું. ધોરડોમાં કચ્છ વિશે માહિતી આપતા તથા આધ્યાત્મિક વાંચન માટે પુસ્તકાલય પણ બનાવાયું. રાત્રે ચાંદની તથા તારાઓને નજદીકથી નિહાળવા એસ્ટ્રોનોમિ ક્લબના સહયોગથી પાંચ ટેલિસ્કોપ મૂકવામાં આવ્યા. રાત્રે રણ સફારી માટે લગભગ અઢીસો જેટલી ચાર પૈડાવાળી ઊંટ ગાડીઓ કાર્યરત હતી. ૩૦ બાય ૪૦ની ફ્રેમવાળી કચ્છની ૭૫ તસવીરોનું પ્રદર્શન યોજાયું.

રાત્રે એક સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો. જેમાં મોરચંગ વાદન, નોબત વાદન, રાવણ હથ્થો, જોડિયા પાવા, ઘડા ગમેલા વાદન તથા રાજકોટ ગ્રૂપે જેસલ તોરલ નાટક તથા પોરબંદરની મેર ટીમે રાસ રજૂ કર્યા. રણોત્સવ સ્થળે કચ્છની મધુર વાનગીઓ પકવાન, ગુલાબપાક, મૈસુક, દાબેલી અને દેશી ખાણામાં રોટલા, કઢી, ખીચડી, મરચાંને ટુરિસ્ટોએ માણ્યા હતા. આભલા ભરતની અસંખ્યાત ચાદરો, વોલપીસ, ટેબલ ક્લોથ અને મડવર્ક શો પીસની ધૂમ ખરીદી ટુરિસ્ટોએ કરેલી હતી. આમ કચ્છ કાર્નિવલ - ૨૦૦૮માં કચ્છીઓએ કલાના કામણ પાથર્યા હતા. જેનો યશ કચ્છની પ્રજા એક અવાજે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને જ પાઠવી રહી છે.

*'મંગલ મંદિર' : માર્ચ-૨૦૦૮*

# કચ્છનાં સ્થાપત્યો તથા પુરાતત્ત્વીય સ્થળો

• હરેશ ધોળકિયા •



શ્રી હરેશ ધોળકિયા

*શ્રી હરેશભાઈ ધોળકિયા વ્યવસાયે શિક્ષક છે અને કચ્છ ભુજના વતની છે. તેઓશ્રીએ ભુજની સ્વામિનારાયણ વિદ્યાલયમાં શિક્ષક તરીકે ૨૦ વર્ષ અને શ્રી વી. ડી. હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે ૫ વર્ષ શિક્ષણ કાર્ય સંભાળેલ હતું. ત્યારબાદ તેઓશ્રીએ નિવૃત્તિ સ્વીકારી. પણ એ નિવૃત્તિમાં વિવિધ રીતે પ્રવૃત્ત રહ્યા. તેઓશ્રીએ વાંચનશોખ અને લેખનશોખ અનહદપણે વિકસાવેલ છે. 'કચ્છમિત્ર'માં તેમના વિવિધ વિષયના લેખો છેલ્લા ૨૮ વર્ષથી નિયમિતપણે પ્રસારિત થતા રહે છે.*

*અત્યાર સુધી તેઓશ્રીના ૭૬ જેટલા સ્વતંત્ર, અનુવાદિત તથા સંપાદિત પુસ્તકો પ્રગટ થયેલ છે. આ પુસ્તકોમાં નવલકથાઓ, હાસ્ય લેખો, પ્રેરણાત્મક પ્રકારના અને આરોગ્ય વિષયક પુસ્તકો પણ છે. તેઓશ્રી અન્ય વિવિધ વિષયો પર લખે પણ છે અને પ્રવચનો પણ આપે છે.*

*કચ્છના સ્થાપત્ય અને પુરાતત્ત્વિય સ્થળો પર પણ તેમનું જ્ઞાન અગાઢ છે. તેઓશ્રીનો આ લેખ 'મંગલ મંદિર'ના વાચક વર્ગ માટે ખૂબ જ અભ્યાસપ્રદ અને રોચક બની રહેશે.*

---

કોઈ પણ પ્રદેશની પ્રાચીનતા જાણવી હોય તો જેમ પુરાતત્ત્વીય અવશેષોનો અભ્યાસ અનિવાર્ય બને છે, તેમ પ્રદેશની સંસ્કૃતિનો પરિચય મેળવવો હોય, તો તેની કળા, સંગીત, ચિત્ર વગેરે સાથે શિલ્પ સ્થાપત્યનો પણ અભ્યાસ જરૂરી બને છે.

આપણા દેશમાં આમ તો મોટા ભાગનું સ્થાપત્ય "ભારતીય સ્થાપત્ય" તરીકે જ ઓળખાય છે, છતાં તેના પેટા વિભાગોમાં હિંદુ સ્થાપત્ય, મુસ્લિમ સ્થાપત્ય જૈન સ્થાપત્ય વગેરે વિભાગો કરી શકાય છે.

કચ્છનો ભૂતકાળ ઘણો લાંબો છે. હડપ્પીય સંસ્કૃતિથી વર્તમાન સુધી તેનો ઈતિહાસ પથરાયેલો છે. સમગ્ર કાળમાંનું જે આજે વિદ્યમાન છે, તેમાંથી સ્થાપત્યનો અભ્યાસ કરી શકાય છે. આ વિષય અતિ વિશાળ છે. અહીં તો કચ્છમાંના સ્થાપત્યોની ઝાંખી કરવી પૂરતી થશે.

કચ્છનાં કેટલાંક સ્થળો સ્થાપત્યની દૃષ્ટિએ ધ્યાન ખેંચે છે.

### • કેરાનું શિવ મંદિર :

ભુજથી મુંદ્રા તરફ જતાં ૨૦ કિ.મી. પર કેરા ગામ આવેલ છે. ત્યાં ઘણી જગ્યાઓ મુલાકાત લેવા જેવી છે. પણ તેમાં ગામ બહાર આવેલ કેરા કોટ પાસે આવેલ અને પ્રાચીન શિવમંદિર સ્થાપત્યની દૃષ્ટિએ અગત્યનું છે.

કેરા પોતે પ્રાચીન ગામ ગણી શકાય. પૌરાણિક કપીલ મુનિનો આશ્રમ અહીં છે. મોડ મનાઈ, લાખો ફુલાણી વગેરે નામો સાથે ગામ સંકળાયેલ છે. લાખાએ આ શિવ મંદિર બંધાવેલ છે. કેટલાકના મતે તેના પહેલાં બંધાયેલ છે. જે હોય તે, પણ મંદિરનું સ્થાપત્ય ધ્યાન ખેંચે છે. મંદિર ઘણું જ જીર્ણ થઈ ગયેલ છે. ભૂકંપોએ તેને પાયાથી હચમચાવી દીધું છે. છતાં જે કંઈ બચ્યું છે તેનું સ્થાપત્ય આકર્ષક છે.

આ મંદિર નાગરશૈલી કે ચૌલુક્ય શૈલીમાં બંધાયેલ છે. તેના ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણા પથ છે. ત્રણ ઝરુખાદાર જાળીવાળી બારીઓ છે. ત્યાં અપ્સરાઓ તથા દેવીઓની આકૃતિઓ કંડારેલ છે. તેના બાંધકામ પર નજર કરાય તો તે પ્રચંડ શિલાઓથી, સિમેન્ટનો ઉપયોગ કર્યા વિના, સરસ રીતે ચણાયેલ છે. પથ્થરમાંનું કોતરકામ પ્રમાણસર અને સૌંદર્યમંડિત છે. મૂર્તિઓનું અંગભંગ લાવણ્યમય છે. આ બધાને જોતાં તત્કાલીન ધર્મ, લોકજીવન વગેરેનાં દર્શન થાય છે.

### • કોટાયનું શિવ મંદિર :

ભુજથી ઉત્તરે જતાં હબાય ડુંગર પાસે આ કોટાયનું મંદિર આવેલ છે. તે ભૂતકાળમાં કાઠી લોકોની વસાહત હતી. તેઓ સૂર્યપૂજક હતા. તેમણે સૂર્ય મંદિરો સર્જ્યા હતા. આ મંદિર પણ કાળની થપાટો ખાઈ ખાઈને ખખડધજ થઈ ગયેલ છે. બહુ ઓછું સ્થાપત્ય બચ્યું છે.

આ મંદિરની ઉત્તર અને દક્ષિણ દિશામાં એક એક ઝરુખાબારી છે. આમ તો તે સળંગ પથ્થરમાં કોતરી છે, પણ આજે તે તૂટેલ હાલતમાં છે. સભામંડપ ભગ્ન હાલતમાં છે છતાં તેની જૂની ભવ્યતાની ઝાંખી તો થાય જ છે. તેમાં ક્યાંક નૃત્ય મૂર્તિઓ, જલલહર કે પદ્મપૂંજો જોવા મળે છે. તેના સ્તંભો પર સિંહ મુખો તથા કીચકો મૂકી તેના પર છત ટેકવી છે. છતમાં રાસમંડળી અને પાંખડીઓવાળું કમળનું શિલ્પ આંખને ગમી જાય તેવું છે.

આ ઉપરાંત, ત્યાં ગણેશ મૂર્તિ, નવગ્રહનો પટ્ટ, રાસમંડળ, વેલ વગેરે પણ ધ્યાનાકર્ષક છે. આ બધું જોતાં માનવજીવનની ગતિશીલતા, ઉલ્લાસ, તાલબધ્ધતાનો ધબકાર

*પરમાત્માની જેના પર કૃપા વરસે છે તેમને જ જીવનની સફળતા મળે છે.*

દેખાય છે. મંદિરના તોરણ પર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પ્રતિમાઓ અને ચામરધારિણીઓ કોતરેલ છે. ઉત્તરમાં જળધારી અને ગોમુખ દેખાય છે. મંદિર આસપાસ ભોગાસનો આલેખેલ છે જે શૈવ સંસ્કૃતિને સ્પષ્ટ કરે છે. સંગીતનાં વાદ્યો દેખાય છે. આ બધું અજંતાના શિલ્પોને અનુસર્યું છે તેવો અભિપ્રાય છે.

● **કંથકોટનું સ્થાપત્ય :**

કંથકોટ પણ પ્રાચીન સ્થળ છે. તે રાપર પાસે આવેલ છે. આઠમી સદીમાં તે કાઠીઓની રાજધાની હતું. તેથી અહીં પણ સૂર્ય મંદિર છે. યોગી કંથડનાથ સાથે સંકળાયેલ હોવાથી તેનું નામ 'કંથકોટ' પડ્યું છે. અહીં જુદા જુદા સમયે વિવિધ રાજવીઓએ રાજ્ય કરેલ છે. અહીંના સ્થાપત્યમાં તેનો કિલ્લો 'કંથદુર્ગ' તરીકે જાણીતો છે. તે અત્યારે તો ભગ્નાવશેષ છે.

કંથકોટનું જિનમંદિર ધ્યાન ખેંચે છે. તે પણ ખખડધજ છે. છતાં સ્થાપત્ય ડોકિયાં કરે છે. મંદિરનો ગભારો, ઘુમ્મટો, સ્તંભો પર જર્જરિત અને ખવાઈ ગયેલ છતાં સ્થાપત્યના સુંદર નમૂના જોવા મળે છે. આ બધા સૂચવે છે કે જ્યારે તે મૂળ સ્થિતિમાં હશે ત્યારે વિશાળ, શોભનીય અને કલાસભર હશે. એવું જ ત્યાં સૂર્યમંદિર છે. અત્યારે તો ભૂકંપને કારણે નષ્ટ સ્થિતિમાં છે. તેના સ્થાપત્યમાં સાદગીની આકર્ષકતા છે. અહીં શિલ્પકામ ઓછું છે. કેવળ શિખર પર અને ગર્ભ મંદિરના શાખ પર દેખાય છે. કીચકો, સૂર્યની મૂર્તિ વગેરે દેખાય છે. દરવાજા પર અષ્ટગ્રહોની આકૃતિ છે. સમગ્ર મંદિર પર રાજસ્થાની પ્રભાવ દેખાય છે.

● **પુંઅરેશ્વરનું શિવ મંદિર :**

ભુજથી પશ્ચિમ તરફ જતાં મંજલ પાસે આવેલ પુંઅરાગઢમાં આ પ્રાચીન મંદિર આવેલ છે. તે રાજા પુંઅરાએ બંધાવેલ છે એમ મનાય છે. મંદિર પશ્ચિમાભિમુખ છે. તે પંચાયતન પ્રકારનું છે. ઊંચી જગતી પર બાંધેલ છે. સાદું ગર્ભગૃહ છે. શિખરનો ઉપરનો ભાગ ખંડિત છે. બાંધણીની દૃષ્ટિએ સાદું છે. કીચકો, કરાલમુખો, પુષ્પાકૃતિઓ પ્રશંસનીય છે. ભગ્ન માનવ આકૃતિઓની અંગભંગીઓ સુંદર છે.

● **અન્ય :**

આ ઉપરાંત અંજાર પાસે આવેલ ભડેશ્વરનું શિવમંદિર પ્રાચીન મનાય છે. તેની મૂર્તિઓની કોતરણી મનમોહક છે. વિવિધ યુગ્મ શિલ્પો ધ્યાન ખેંચે છે. ચારેબાજુ વિવિધ શિલ્પોથી મંદિર શોભે છે. તેની શિલ્પ સમૃદ્ધિ મંદિરને દસમી સદીનું હોવાનું સૂચવે છે.

● **મુસ્લિમ સ્થાપત્યો :**

કચ્છમાં થોડાં મુસ્લિમ સ્થાપત્યો પણ છે. આ સ્થાપત્યોમાં મુખ્યત્વે મસ્જિદ, ઈદગાહ, મિનારા, રોજા વગેરેનો સમાવેશ થાય છે. મુસ્લિમ સ્થાપત્યમાં કમાન, ઘુમ્મટ, મિનારા, ગોખલા, કુરાનની આયાતો, જાળીઓ, સપાટ દીવાલો વગેરે મુખ્ય હોય છે. મુખ્ય સ્થાપત્યોમાં....

**(૧) સોળથંભી મસ્જિદ :** તે ભદ્રેશ્વરમાં આવેલી છે. તેનો મોટો ભાગ રેતી નીચે દબાઈ ગયેલ છે. જે બચેલ ભાગ દેખાય છે તેને આધારે તેમાં પથ્થરનાં મોટા ચોસલાં વપરાયા હોય તેવું લાગે છે. નામને આધારે તે સોળ થાંભલા પર હશે એમ માની શકાય. કોઈ તેને 'સો થંભી' - સો થાંભલાવાળી પણ માને છે. તેનું શિલ્પ જૈન શિલ્પને મળતું છે. તેથી પાછળથી તે કદાચ મસ્જિદમાં ફેરવાઈ હશે એમ માની શકાય.

**(૨) ખીમલી મસ્જિદ :** તે પણ ભદ્રેશ્વરમાં જ છે. ત્યાં ખાસ કોતકરામ જોવા મળતું નથી. બે સાદાં બારણાં છે. તે સોળથંભીને મળતી જ છે.

**(૩) લાલ શાહબાજનો મકબરો :** તે પણ ભદ્રેશ્વરમાં જ છે. તે મકબરા સ્થાપત્યનો નમૂનો છે. દીવાલો પર બાર થાંભલા છે. ગોળ આકાર ગુંબજ છે. બહાર તે શંકુ આકારનો છે. છત પર કમળનાં ફૂલ દેખાય છે. ત્રણે બાજુ વેલની કોતરણી છે.

**(૪) પીરગોસનો મકબરો :** તે લખપતમાં આવેલો છે. તેની રચના ગોળાકાર છે. સ્તંભો મિનારા જેવા છે. તેમાં સરસ કોતરકામ છે.

**(૫) લખપતિ પીરની દરગાહ :** તે લખપતમાં જ છે. તેનું શિલ્પ સ્થાપત્ય સરસ છે. વચ્ચે ગોળ ગુંબજ છે અને તેને આસપાસ ફરતા નાના ગુંબજો છે. આગળના ભાગ પર નકશીકામ છે. છત પર કાંગરીઓ છે.

● **જૈન સ્થાપત્યો :**

કચ્છમાં જૈન ધર્મનો પ્રસાર ઘણો થયો છે. તેથી સ્વાભાવિક રીતે, તેનાં દેરાસરો બંધાયા છે. તેના પર હિંદુ મિશ્રિત જૈન સ્થાપત્ય શૈલી જોવા મળે છે. તેની વિશિષ્ટતાઓમાં ઊંચે ઈમારત બાંધવી, ત્યાં જવા પગથિયાં હોય, પથ્થરનો વધારે પડતો ઉપયોગ, સપાટ છત, સજાવટવાળી ઈમારતો, આસપાસ આંગણું, અપ્સરાની મૂર્તિઓનો અભાવ વગેરે ગણી શકાય.

કચ્છમાં જૈન સ્થાપત્યો મુખ્યત્વે જૈન પંચતીર્થિઓનાં દેરાસરોમાં જોવા મળે છે. તેમાં ભદ્રેશ્વર, નલિયા, કોઠારા, સુથરી અને તેરા છે. જૂનું ભદ્રેશ્વરનું દેરાસર ૨૦૦૧ના ભૂકંપમાં નાશ પામ્યું છે. હવે નવું દેરાસર બંધાય છે. જૂના દેરાસરમાં પુષ્કળ મૂર્તિઓ અને કોતરકામ હતું.

કોઠારાનાં જૈન દેરાસરની ભીંત પર પુષ્કળ મૂર્તિઓ અને આકૃતિઓ જોવા મળે છે. સુથરીનાં દેરાસરોનો સિમેન્ટી રંગ પૂનમની રાતે એક અલગ જ માહોલ ઊભો કરે છે. તેમનું દેરાસર પણ જોવાલાયક છે. અન્ય દેરાસરોમાં પણ હિંદુ મિશ્રિત સ્થાપત્ય જોવા મળે છે. આ ઉપરાંત ભુજના જૈન વંડામાં આવેલ દેરાસરો શિલ્પ સમૃધ્ધ છે. નવા દેરાસરોમાં બહુંતેર જિનાલય દર્શનીય છે. આ સિવાય પણ નાનાં નાનાં શિલ્પ

*જે ખીલે છે તે કરમાય છે, ઉન્નતિ સાથે જ અવનતિ પણ હોય છે.*

સ્થાપત્યો ઠેર ઠેર વેરાયેલ જોવા મળે છે. દરેકમાં નાની મોટી વિશિષ્ટતાઓ ધ્યાન ખેંચે છે. પણ એકંદરે બધા ભારતીય શિલ્પ સ્થાપત્યની પરંપરાને અનુસરે છે.

● **કચ્છમાં પુરાતત્ત્વીય સ્થળો :**

કચ્છને પુરાતત્ત્વીય પ્રયોગશાળા કહી છે તે ખોટું નથી. સિંધુ નદીના કિનારે જે પ્રાચીન સંસ્કૃતિ વિકસી તેનો એક હિસ્સો કચ્છમાં પણ હતો. તેના મહત્ત્વના પુરાવા રાપર પાસેના ખડીર ટાપુ પર આવેલ ધોળાવીરામાં જોવા મળે છે. તે શહેરી વસાહત હોય તેમ લાગે છે. તે એક બંદર હશે તેવી પણ માન્યતા છે. આ શહેરમાં અનેક બાબતો જે ધ્યાન ખેંચે છે. તેને ફરતો કિલ્લો મળે છે. પાંચ હજાર વર્ષ પહેલાં દુશ્મનથી બચવા કેટલું સાવચેત હશે તે દેખાય છે. આ ઉપરાંત તેની નગર રચના તો આજના ઈજનેરોને પણ ચકિત કરે છે. પાણી એકઠું કરવા જે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે તે ત્યારની આધુનિક વિચારસરણી બતાવે છે. તેની લિપિ પણ મળી છે જે હજી ઉકેલાઈ નથી. ગટર વ્યવસ્થા પણ હતી. આ ઉપરાંત ત્યાંથી મળેલ મુદ્રાઓ, વજનિયાં, મણકા, સોનાનાં આભૂષણો, માતૃકા વગેરે પણ તેના વિશે વધારે અભ્યાસ કરવા પ્રેરે છે. ધોળાવીરાને જ મળતાં અવશેષો કચ્છમાં નવી નાળ, દેશલપુર, ગુંતલી, નાની રાયણ, શિકારપુર અને હાલમાં ખાવડામાં કુરન પાસે મળેલ છે. આ બધી ગ્રામ્ય વસાહતો હોય તેમ દેખાય છે.

● **અન્ય :**

આ ઉપરાંત પુરાતત્ત્વીય બાબતોમાં અશ્મીભૂત અવશેષો પણ મળેલ છે. તેના આધારે ત્યારનાં વૃક્ષો કે જનાવરોનો ખ્યાલ આવે છે. એક તો દેવદાર વૃક્ષનું અવશેષ હોય તેવું લાગે છે. તેને આધારે કહી શકાય કે ત્યારે કચ્છમાં દેવદાર વૃક્ષ પણ થતાં હશે.

આ ઉપરાંત કચ્છમાં માનવજાતનું પગેરું દોઢ લાખ વર્ષ પહેલાનાં પથ્થર યુગના ઓજારોમાંથી મળે છે. ભુજ, અંગિયા વગેરે સ્થળોએથી તે મળેલ છે. ત્યારબાદ ક્ષત્રપ સમયનો શિલાલેખ પણ અંધૌમાંથી મળેલ છે. તે બૌદ્ધ વસતિને સૂચવે છે. ઉપરાંત રૂદ્રસેનના તથા ગુપ્ત યુગના સિક્કાઓ પણ મળેલ છે. સાથે મંદિરો, મસ્જિદો અને ગુફાઓ મળેલ છે. ગામે ગામ છતરડીઓ અને પાળિયાઓ મળે છે. કાષ્ટકળાના નમૂના મળે છે. ચિત્રો મળે છે. મહેલો દેખાય છે.

આ બધાની હાલત અત્યારે સારી નથી. તેની ખૂબ જ સંભાળ લેવાની જરૂર છે. પણ આ બધા સચવાઈ જાય તો કચ્છના ઈતિહાસનો પૂરો દસ્તાવેજ તૈયાર કરી શકાય. સંશોધકોને પણ તે ખૂબ જ ઉપયોગી થાય.

*'મંગલ મંદિર' : જુલાઈ-૨૦૦૮*

## તત્ત્વ ચિંતન - અહંકાર

એક સમ્રાટ એક સંત પાસે ગયા. તેમણે સંતને કહ્યું, 'મને પણ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી દો.' સંતે કહ્યું, 'કાલે આવો. બીજા દિવસે સમ્રાટ આવ્યો. ત્યારે સંતે કહ્યું કે સાત દિવસ અહિંયાં રોકાઈ જાવ. આ સાત સાત દિવસ તમારે તમારા નગરમાં જઈ ભિક્ષા માગવાની છે. ભિક્ષામાં જે મળે એનાથી જ પેટ ભરજો. આ ઝૂંપડીમાં વિશ્રામ કરજો. આશ્રમની સાફ સફાઈ કરજો. સમ્રાટ માટે ખૂબ મુશ્કેલી ઊભી થઈ. પોતાના જ નગરમાં ભિક્ષા માગવા કેમ નીકળાય? બીજું બધું તો કરી શકાય પણ પોતાની જ પ્રજા પાસે ભીખ કેમ કરી માગી શકાશે! તેમણે સંતને વિનંતી કરી કે મને બીજા કોઈ રાજ્યની સીમામાં ભિક્ષા માગવાની રજા આપો. સંતે આવી રજા આપી નહીં. કહ્યું કે તમારાથી આ ન થતું હોય તો પરમાત્માની વાત ભૂલી જાવ અને પાછા વળી જાવ. સમ્રાટને પરમાત્માની પ્યાસ તો ખરેખર લાગી હતી. સાત દિવસ તેણે સંતની આજ્ઞા પ્રમાણે પોતાના જ રાજ્યની, પોતાની પ્રજા પાસેથી ભિક્ષા માંગી.

સાત દિવસ પછી સંતે સમ્રાટને બોલાવ્યો અને કહ્યું : 'હવે પરમાત્માના સાક્ષાત્કાર વિશે પૂછો.' સમ્રાટે હાથ જોડી કહ્યું, 'હવે કંઈ પૂછવાનું છે જ નહીં. મેં તો સ્વપ્ને પણ કલ્પના નહીં કરેલી કે આમ કરતાં મને પરમાત્માના દર્શન થઈ જશે.' સંતે પૂછ્યું, 'શું બન્યું?' સમ્રાટે કહ્યું, 'બન્યું કંઈ નથી પણ સાત દિવસ મારી જ પ્રજા પાસેથી ભીખ માગવાથી મારો અહંકાર ઓગળી ગયો, વહી ગયો. જે સમ્રાટ થઈને મને ન મળ્યું, એ સમ્રાટને ભિખારી થઈ મળી ગયું.'

સવાલ સમ્રાટ કે ભિખારી હોવાનો નથી, અડચણ છે અહંકારની. ભિખારીને પણ અગર અહંકાર હોય તો પરમાત્મા ન મળે અને વિનમ્ર, બિનઅહંકારી સમ્રાટને મળી જાય. પરમાત્મા અને પરમ આનંદ પર્યાયવાચી છે. આ અહંકારનો ભ્રમ દુઃખનું કારણ છે. જે અંદર છે, બહાર નહીં. જેમ પ્રકાશ અને અંધકાર સાથે રહી શકતા નથી તેમ અહંકારને આનંદનું મિલન નથી હોતું. અહંકારને મજાનું મિલન છે પણ આનંદ સાથે નહીં.

અહંકાર ફક્ત પદ, મિલકત, શક્તિનો જ હોય છે એવું નથી. જ્ઞાનનો, ત્યાગનો, ભક્તિનો, સાધનાનો અહંકાર પણ હોય છે અને બીજા અહંકાર કરતાં ઘણો જ વજનદાર પણ. માનવ 'અહં બ્રહ્માસ્મિ' 'અનલહક' અનુભવી શકે એટલો વિરાટ છે પણ અહંકાર એને ક્ષુદ્ર, વામણો, સંકુચિત બનાવી દે છે. જ્ઞાનની મૂઢતા ડૂબાડે છે પણ મૂઢતાનું જ્ઞાન ભવસાગર પાર ઉતારે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે. ડી. શાહ) - અમદાવાદ*

*'મંગલ મંદિર' : મે-૨૦૦૮*

*પરમાત્મા સિવાય સંસારમાં સુખ-શાંતિ નામની કોઈ પણ વસ્તુ છે જ નહીં.*

# કચ્છના હુન્નરોનો વિકાસ

• ચંદા કે. શ્રોફ •



શ્રીમતી ચંદાબહેન કાંતિસેન શ્રોફ

*૧૯૬૯ના કચ્છના દુષ્કાળમાં સેવાકામ કરતા ચંદાબહેન શ્રોફે બહેનોની લાચાર પરિસ્થિતિ જોઈ. પૈસા આપી રાહત - મદદ કર્યાનો સંતોષ પામવાને બદલે આ બહેનો સ્વમાનભેર પગભર થઈ ઊભા રહી શકે તેવું કાયમી કામ થવું જોઈએ એવો નિશ્ચય કર્યો. આ નિશ્ચય સાથે "શ્રુજન" સંસ્થાની સ્થાપના કરી. શ્રુજનના માધ્યમથી સેવાયાત્રા દરમ્યાન ૧૨૦થી વધારે ગામોમાં ૨૫,૦૦૦ બહેનોને તાલીમ આપી પગભર કર્યા. આમાંની કેટલીક બહેનોને રાષ્ટ્રીય ઍવૉર્ડ અને યુનેસ્કો ઍવૉર્ડ મળેલ છે. મુંબઈ છોડી કચ્છ આવી, ૭૫ વર્ષની ઉંમરે આજે પણ વહેલી સવારથી રાત સુધી યુવાનોને શરમાવે તેવા તરવરાટ સાથે દૂરદૂરના અંતરિયાળ ગામોનો પ્રવાસ કરી બહેનોને તાલીમ આપી શ્રેષ્ઠ સર્જન કરાવે છે. કચ્છની લુપ્ત થતી ભરતગૂંથણની કલાને જાળવી રાખવા અને આવતી અનેક પેઢી સુધી પહોંચાડવું - આ તેમનું ધ્યેય છે. આ માટે તેમણે એક ડિઝાઈન બેંક બનાવેલ છે અને લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર નામનું વિશાળ સંકુલ બનાવી રહ્યા છે.*

*શ્રીમતી ચંદાબહેન શ્રોફને, ૨૦૦૬માં, આંતરારાષ્ટ્રીય રોલેક્ષ ઍવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.*

છેલ્લા પાંચ હજાર વર્ષથી કચ્છની અખંડ સંસ્કૃતિમાં હુન્નર કલા વણાયેલી છે. હુન્નરકલા એ સર્જનશીલ પ્રવૃત્તિ છે. લલિત કલા અને ઉપયોગી કલા એવો ભેદ પાડવામાં આવ્યો છે. લલિત કલામાં - સંગીત, નૃત્ય, નાટ્ય, શિલ્પ, કાવ્ય વગેરે.

ઉપયોગિતાલક્ષી કળા જે હાથ કારીગરીની વસ્તુઓ જે ઉપયોગમાં લઈ શકવાના હેતુથી બનાવ્યું હોય છે પરંતુ તેમાં સુંદરતાલક્ષી પરિમાણ જાળવીને બનાવવાનું હોય છે. સુંદર પદાર્થ તરીકે પણ તેનો આનંદ માણી શકાય છે. આ વસ્તુની પસંદગીમાં સુંદરતાનું પ્રાધાન્ય વધારે હોય છે. કચ્છમાં સૂકી ખેતી હતી, ઉદ્યોગ હતા જ નહીં ત્યારે આ માધ્યમથી રોજગારી પ્રાપ્ત થતી હતી.

- **કચ્છના વિવિધ હુન્નરો :**
  - ★ ભરતગૂંથણ
  - ★ ચાંદીની નકશી
  - ★ લેધર વર્ક
  - ★ માટીકામ
  - ★ સૂડી - છરી - ચાકુ
  - ★ વુડ કાર્વિંગ
  - ★ લેકર વર્ક



  - ★ નમદા
  - ★ બાંધણી
  - ★ બાટીક કામ
  - ★ રોગાન પ્રિન્ટ
  - ★ ખરલકામ
  - ★ પટોળા વગેરે.

કચ્છમાં હુન્નરકલા, એ આર્થિક તકલીફમાં પડતી મુશ્કેલીઓમાંથી બહાર નીકળવા માટેનું સાધન રહ્યું છે. કુદરતી આફતો દુષ્કાળ, વાવાઝોડા, ધરતીકંપમાં પણ હુન્નરકલા એમની જીવાદોરી બની રહી છે. એટલે કચ્છમાં હુન્નરકલા જીવંત રહી છે.

બીજું એ કે, આ એવું શિક્ષણ છે કે દરેક બાળક પોતાના મા-બાપ કે કૌટુંબિક સભ્યો પાસેથી શીખી શકે છે. એટલે આ કલામાં એને પારંગત થવાનું સહેલું બને છે. અને જ્યાં ભણતર કે સ્વરોજગારીનું સાધન જ નથી ત્યાં હુન્નર કલા એ એક એવો વિષય બની જાય છે કે એના વિકાસ દ્વારા વ્યક્તિ પોતે જ પોતાનો વિકાસ કરીને સ્વરોજગારી ઊભી કરી શકે છે અને હુન્નરકલાના વિકાસમાં માનવીય વિકાસ સંકળાયેલો છે.

કચ્છની પરંપરાગત હુન્નરકલાનો વિકાસ કરવો એટલે જરૂરી બની જાય છે કે મોટાભાગની વ્યક્તિઓ માટે એ સ્વરોજગારી પૂરી પાડી શકે છે અને હુન્નરકલા એ જ એક એવું સાધન છે કે જે હાથવગું છે. જેમાં ઓછા મૂડી રોકાણમાં ઘણાં લોકોને કામ મળી રહે છે.

હુન્નરકલાનો વિકાસ કરવા માટે ખૂબ જ સર્જનાત્મકતા, ધીરજ, સૂઝ, સુંદરતા, મટિરિયલની સમજ અને ખંત - આ બધાને

*જ્યાં ભોગ છે ત્યાં રોગ છે.*

ભેગું કરીને એને ધંધામાં રૂપાંતર કરવાની આવડત કેળવવી. આ બધાના સંયોજનથી જ હુન્નરકલાનો વિકાસ શક્ય બને.

હુન્નરકલાના ઉદ્યોગમાં થોડાક જ લોકો સારા સર્જક હોય. કેટલાકમાં કાર્ય કરવાની સારી ગુણવત્તા હોય, માર્કેટમાં કઈ પ્રોડક્ટ, કઈ ક્વોલિટીની અને કયા ભાવની ચાલશે એની સમજ અને જ્ઞાન બહુ ઓછાને હોય. એટલે હુન્નરકલાને ધંધામાં રૂપાંતર કરવાની આવડત બહુ ઓછાને હોય છે. અને દરેક કલાને ટોચ સુધી પહોંચાડવાથી જ એનો વિકાસ શક્ય બને છે. હુન્નરમાં જ્યારે કલા ઉમેરાય અને એની અંદરની નવી નવી શોધ કરતા જઈએ તો જ એને લોક વપરાશમાં ઉપયોગી બનાવી શકીએ અને તો જ બજાર મળે. અને એની ડિમાન્ડ ઊભી થાય તો જ કારીગર એને બનાવવા માટે પ્રેરાય.

આમ જોઈએ તો હુન્નરકલામાં હાથ ભરતની એક જ કલાને લઈને શ્રુજને ચાલીસ વર્ષથી એકધારું કામ કરીને એનો ટકાવ વિકાસ કરવાનું કાર્ય કર્યું છે. ભરતકામના ઉદ્યોગને સંસ્થાકીય સ્વરૂપ આપવાથી બહેનોને માનસિક સલામતી લાગે છે કારણકે ત્રણ હજાર બહેનોમાં ભરતકામની આવડત છે. અને એમાંથી દસથી પંદર બહેનોમાં જ ડિઝાઈન કરવાની આવડત છે. અને ભરત તૈયાર થાય પછી જ એની પ્રોડક્ટ બનાવવાની આવડત જોઈએ. તો આ બધાની આવડતનો શ્રુજનમાં સરવાળો થાય છે.

શ્રુજનની કાર્યપદ્ધતિની રીત એ જાતની છે કે આ પ્રકારના માળખાથી ઘણાં બધા કારીગરોને કામ આપી શકાય છે. પહેલા તો જુદી જુદી દસ પ્રકારની અલગ અલગ કોમ છે અને એમાં સોળ પ્રકારની ભરતની શૈલી છે. ૧૨૦ ગામમાં પથરાયેલી બહેનો એમને પહોંચાડવા માટે કઈ કઈ વસ્તુની અને પદ્ધતિની જરૂર રહે છે. મટિરિયલ, ભરતની ડિઝાઈનો, એવી (જેમાં જુદા જુદા ટાંકાઓ ફીટ થાય), શેઈપની અને કલર મેચિંગની સમજ, પ્રોડક્ટ ડિઝાઈન (આ બધા માટે વારંવાર નવી આવતી કારીગર બહેનો માટે ટ્રેનિંગ) આ બધાના સરવાળાની મદદથી ચોક્કસ પ્રકારની ગુણવત્તા. આવી પ્રોડક્ટ તૈયાર થાય તો માર્કેટ એને સ્વીકારે અને ખરીદશક્તિ વધે તો જ કાયમી ધોરણે કામ આપી શકાય. આ કામ બહેનો પોતાના અનુકૂળ ટાઈમમાં કરે છે.

આ કલાને જીવંત રાખવા માટે અને ટકાવવા માટે રોજ રોજ નવી ડિઝાઈનો, નવા નવા વિચારો અને બદલાવ લાવતાં લાવતાં, એને એવી રીતે સ્ટાન્ડર્ડાઈઝ્ડ કરવું ખૂબ જ જરૂરી છે. સર્જનાત્મક વિચારો ૧૦% હોય તો જ ૯૦% કારીગરોને કાર્ય આપવામાં શક્તિ વાપરવી પડે અને છતાંય ગ્રાહકને લક્ષમાં રાખીને એટલી વેરાયટી ઊભી કરવી પડે જેમાં ડિઝાઈન, કલર મેચિંગ, લૅ આઉટ અને નવીનતા અને મોભો - આટલું કરીએ તો જ ઘણાંને સ્વરોજગારી આપી શકાય અને તો જ સફળતા મળે. જે શ્રુજનમાં થયું છે. આ કાર્યની ૪૦ વર્ષની ફળશ્રુતિમાંથી જે બહાર આવ્યું છે, તે નીચે પ્રમાણે છે :

૧. દૂર દૂરના ગામડાંઓમાં બેઠેલી કારીગર બહેનો પાસેથી ગુણવત્તાવાળું અને મેં જેવું વિચાર્યું હોય એવું જ કામ ઠરાવી શક્યા.
૨. જે સમયે બજારમાં આ વસ્તુની માંગ જ નહોતી તે ઊભી કરીને, હાથ ભરતકામનું બજાર ઊભું કરી શક્યા.
૩. આ કલાના ઉદ્યોગને ધંધાકીય સ્વરૂપ આપી શક્યા.
૪. ઘણા બધા ગામડાં કવર કર્યા અને બધાની આવડતનો સરવાળો કર્યો.
૫. હસ્ત ભરતકામને રોજબરોજની જિંદગીમાં વાપરી શકાય એવું બનાવ્યું.
૬. ગામડાંમાં વ્યવસ્થિત કાર્ય પહોંચે એવું નેટવર્ક ગોઠવ્યું.
૭. ટ્રેનિંગ રિસર્ચ પ્રોડક્શન અને માર્કેટિંગ બધું એક જ જગ્યાએ રાખ્યું.
૮. શહેરનો પૈસો ગામડામાં આવતો થયો.

આ રીતે અત્યાર સુધી શ્રુજને એક જ હુન્નરકલાને વિકસાવવામાં ૪૦ વર્ષ વાપર્યા છે. એમાં ભરતકલા, વણાટકામ અને બ્લોક પ્રિન્ટિંગ એટલે ટેક્ષટાઈલનું કાર્ય કર્યું છે.

સામાજિક અમુક સંસ્થાઓ અને સરકારશ્રી એમ વિચારતા હોય છે કે એને બજાર વ્યવસ્થા ઊભી કરી આપવી જોઈએ. પણ એનાથી પહેલાં જરૂરી છે હુન્નરકલાના વિકાસ માટે સારી અને સાચી સ્કૂલોની. એવી સ્કૂલ કે જ્યાં કારીગર અને કલાકાર સાથે મળીને દરેક કલાને ટોચ પર પહોંચાડવા માટે કાર્યરત રહી શકે એવા વાતાવરણની અને રિસર્ચ અને ટ્રેનિંગની જરૂર છે.

કચ્છની સંસ્કૃતિ ઘણાં વર્ષોથી હુન્નરકલા ઉપર જ નિર્ભર રહી છે. હુન્નરકલાના વિકાસ દ્વારા જ સમાજ ઘણો બેલેન્સ રહે છે. એટલે બનાવનારને તેમજ ખરીદનારને બંનેને એને માટે ગૌરવ અને પ્રેમ હોવો ખૂબ જ જરૂરી છે. બનાવનારે પોતાની બધી જ આવડત, એમાં વાપરીને ગુણવત્તાવાળી વસ્તુઓ બનાવવી જોઈએ અને ખરીદનારે એની કદર કરીને પૂરેપૂરી કિંમત કરવી જોઈએ. પૈસાની રીતે અને પ્રશંસા કરીને. અમુક અમુક હુન્નર કલાના વપરાશને કારણે ટકાઉ રહ્યા છે. દા.ત. વણાટકામ, લેધરવર્ક, બ્લોક પ્રિન્ટ, મંદિરોને કારણે સ્ટોન કાર્વિંગ અને વુડ કાર્વિંગ. દા.ત. આપણી રહેણીકરણી બદલાઈ જતાં કુંભારકામ જેવાં કેટલાંક હુન્નરો મુશ્કેલીમાં છે.

હાલમાં કચ્છની પરિસ્થિતિ, ઔદ્યોગિકીકરણના કારણે મુશ્કેલીમાં મૂકાવાનો ભય દેખાઈ રહ્યો છે. કારીગર સર્જકમાંથી મજૂર બનતો થયો છે. હુન્નર કલા એટલે કારીગરી અને કસબ ટકી રહે તે જરૂરી છે. તે કચ્છની સંસ્કૃતિ છે. કચ્છની ઓળખ છે અને કચ્છનો આત્મા છે.

*'મંગલ મંદિર' : જુલાઈ-૨૦૦૮*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS &
ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601,
G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# કચ્છથી સ્થળાંતર થયેલ કચ્છીઓના વસવાટ પર એક દૃષ્ટિપાત

(ભાગ-૨)

• પ્રવીણચંદ્ર શાહ •

## ભારતના અન્ય પ્રદેશોમાં વસવાટ કરતા કચ્છીઓ : મુંબઇ-મહારાષ્ટ્ર

*મંગલ મંદિરના જુલાઈ-૨૦૦૮ના અંકમાં "કચ્છથી સ્થળાંતર થયેલ કચ્છીઓના વસવાટ પર એક દૃષ્ટિપાત"ના શીર્ષક હેઠળના લેખમાં જે કચ્છીઓ ભારત દેશની બહાર - પરદેશમાં વસવાટ કરવા ગયા, તેના વિશેની વિગતવાર અને રસપ્રદ માહિતી આપણે જોઈ ગયા. આ લેખના ભાગ-ર માં આપણે ભારતના અન્ય પ્રદેશોમાં વસવાટ કરતા કચ્છીઓની વિગતવાર માહિતીનો અભ્યાસ કરીશું. લેખકશ્રીએ આપણી સમક્ષ જે અભ્યાસપ્રદ વિગતો અને તારવણ રજૂ કરેલ છે તે કાબિલે દાદ છે. આ વિગતો કોઈ પણ કચ્છીના રોમાંચ ખડા કરી દે તેવા પ્રકારની છે.*

*– મુખ્ય તંત્રી*

વહાણવટા દ્વારા મુંબઇના હમણાના પરા જેવા વસઇ બંદર સાથે કચ્છીઓનો પ્રારંભિક પરિચય પાંચેક સો વર્ષો પહેલાંથી હતો. તે સમયે આજના મુંબઇને બનાવનારા સાત નાના ટાપુઓ પણ એકબીજાથી અજાણ અને અણજોડાયલા હતા. તે અરસામાં ન તો મહારાષ્ટ્ર હતું, ન તો મુંબઇ હતું, ન તો બ્રિટિશ સરકાર હતી, ન તો પોર્ટુગીઝ કે ઇસ્ટ ઇંડિયા કંપની હતી. વસઇ આસપાસ તો પૂના કેન્દ્રિત પશ્ચિમી ઘાટની પેશ્વાઇ પણ નહોતી. મુગલાઇ, મરાઠા અને અલીબાગ બાજુના સીદી-પરિવારો વચ્ચેનાં ઘર્ષણો હતાં. અલીબાગ-માલવણ કિનારાનાં નાના-મોટાં બંદરી બારાઓ સાથે, સૌરાષ્ટ્રના ઘોઘા, દીવ, દમણ, સુરત, ઉમરગામ, વાપી, વલસાડ, વસઇવાળી દરિયાઇ કિનારાની પટ્ટી સાથે કચ્છનો દરિયાઇ પરિચય હતો જે ક્રમે ક્રમે ધીમે ધીમે વિસ્તરતો જતો હતો. આના પાયાનાં કારણો અને નિમિત્તમાં વેપાર પણ હતો અને કચ્છ કરતાં વધુ આશ્વાસનદાયક શાસન અને બહેતર ભવિષ્યની તલાશ હતી.

લોકભાષામાં એમ બોલાતું રહ્યું છે કે લક્ષ્મીને આવવાના ત્રણ માર્ગ : દેવ, દરિયો અને દગો. આ ત્રણમાંથી દરિયાલાલ દેવની તપસ્યા તો કચ્છી વસાહતીઓને ફળતી જ રહી છે. વિ.સં. ૧૮૭૦ આસપાસ કચ્છના ભાટિયા જીવરાજ બાલુ કચ્છથી સ્થળાંતર કરી મુંબઇ આવ્યાનું મનાય છે. બસો-સવા બસો વર્ષ પહેલાંના મુંબઇનો ખ્યાલ કરવો સહેલો નથી. સાત સાત ટાપુના ભંગારને જોડાઇ જોડાઇ આજનું મુંબઇ હજુ ઊભું થતું હતું ત્યારે મહાલક્ષ્મી મંદિરવાળા હમણાંના મુંબઇના દરિયાકાંઠે એક ગઢ હતો. દરિયો છેક બોરીબંદર સુધી આવતો. બોરીબંદર ત્યારે બંદર હતું. કોલાબા એ કંપની સરકારનું બંદર, બોરીબંદર કંપનીના વેપારનું કંપનીનું બંદર. કંપની એટલે ઇસ્ટ ઇન્ડિયા કંપની, જેના માલિકોએ પોર્ટુગીઝો પાસેથી એ મેળવેલું. મુંબઇને ફરતો ઊંચો ગઢ હતો. ગઢની બહાર મોટું તળાવ હતું. ત્યાં ધોબીઘાટ પણ હતો જ્યાં ધોબીઓ કપડાં ધોતા અને સૂકવતા. ભૂલેશ્વરને ભીંડી બજારને ત્યાંથી વાડી બંદર ને ત્યાંથી દરિયો આવતો. દરિયાને સામે પાર ભાયખલ્લા પડે. ભાયખલ્લાને સામે પાર પરેલ પડે. એક સાવ નાના ટાપુમાં ધારાવીનાં અને તુંગ માતાનાં ઝૂંપડાં પડે. એની સામે પાર માહિમનો બેટ પડે. એની સામે પાર ફિરંગીઓનું પારલા, ને પારલાની બરાબર સામે દરિયામાંથી ઊંચી થતી ટેકરીઓ ઉપર ફિરંગીઓનો દરિયાઇ ગઢ શિવ અને ત્યાં મુંબઇ પૂરું થાય. વરલી એ નાનકડું ગામડું, તે માછીમારોનું. કાળાંતરે એક પછી એક ટાપુ જોડાયા. શિવ, તુંગ માતા, પરેલ, ભાયખલ્લા એ દરિયાની પહોળી ખાડીઓથી વિખૂટા પડેલા વિસ્તારો હતા. આ બેટોમાં કંપની સરકારને વેપાર ખીલવવાની ભારે હોંશ હતી. એમણે કચ્છમાંથી, સુરતમાંથી ને કાઠિયાવાડમાંથી કોળીઓ અને દુકાનદારોને વસાવવા માંડ્યા. કચ્છ-કાઠિયાવાડના રજવાડાંઓની આંતરિક હાલતથી કંટાળી-ત્રાસીને આવી વસેલાઓ મોટે ભાગે માંડવીમાં વસતા. કચ્છમાંથી કચ્છીઓ આવીને વસ્યા. તેમાંય કેટલાય તો આબરૂની સલામતીને ખાતર. કચ્છમાં સૈકાઓ પહેલાંથી એક ભલા ઇરાદાથી થયેલો, પણ ઘણા બૂરા ઇરાદાઓથી અમલમાં મૂકાયલો કાયદો હતો. એનું નામ : ભૂંડી ભૂછીનો કાયદો.

### • ભૂંડી ભૂછીનો કાયદો :

આ કાયદો એટલે કે લોકવરણ ગણાય એવા સથવારા, મેઘવાળ, ચમાર, ઢેડ, ઓડ ને ઉભડ મજૂર વર્ગની સ્ત્રીઓ ઉપર કોઇ ઉજળા વરણનો માણસ બળાત્કાર કરે તો એનું કોઇ કામકાજ પોલીસમાં કે કચેરીમાં ન ચાલે. એવા આરોપીને રાજ દંડ લઇને છોડી મૂકે.

આ કાયદો જ્યારે થયો હશે ત્યારે તો તેની પાછળનો આશય અને ઇરાદો ઘણો સારો હશે. રા'દેશળ, રા'લાખા ને દેવકરણ દીવાન ને દેવચંદ દીવાનના કારભારમાં

*પેટની જરૂરિયાત સંતોષવી જોઈએ, જીભની નહિ.*

રાજ્યમાં ઠેર ઠેર તળાવો ખોદવાનાં ને નાનાં મોટાં બાંધકામોનાં કામો નીકળેલાં. સડકો બંધાવાનું શરૂ થયું, દવાખાનાં ને નાની નિશાળો બંધાતી થઈ. માંડવી ને લખપત ને મુંદ્રા ને ભદ્રેશ્વર ને ખારી-રોહરનાં બંદરો બંધાતાં-સુધરતાં થયાં. આવાં કામો માટે ચારેકોરથી મજૂરો ઘણા આવે. એ જ અરસામાં કચ્છમાં ઉપરાઉપર ચાર પાંચ ભયંકર દુકાળો પણ પડ્યા. એટલે રાજ્યે ખાણેતરાં અને મજૂરી માટેનાં નાનાં-મોટાં ઘણાં કામો કાઢવા પડેલાં. ઘણી બધી સ્ત્રીઓ અને ઘણા બધા પુરુષોનો ચારેકોર થતો જમેલો અનેક નાના મોટા ને સાવ અણધાર્યા, નવેનવા સવાલો લાવ્યો. એમાં આ વાતનો પણ સવાલ મોટો થયો. એમાં ક્યારેક સારા માણસોની ખોટી હેરાનગતિ થતી ને ક્યારેક ખોટા માણસોની દાદાગીરી પણ મજૂરોને વેઠવી પડતી. મજૂર બૈરાંઓનાં ટોળેટોળાં રાજમાતા ને રાજરાણીઓ પાસે આવી બાબતોની રાવ ખાવા, ફરિયાદો કરવા આવવા-જવા લાગી. કચ્છ રિયાસતનો સૈકાઓ જૂનો એક રાજ-શિરસ્તો હતો : કોઈ પણ સ્ત્રી રાજમાતા પાસે કે રાજરાણી પાસે રાવ ખાવા, ફરિયાદ કરવા, દાદા માગવા જાય, તો એને કોઈ રોકી શકે નહીં. રાજમાતા કે રાજરાણી આવી સ્ત્રીઓની દાદ-ફરિયાદની રાવ સાંભળે, વાતો-વિગતો જાણે, એને મદદ કરે. એટલે જેમ સાચી ફરિયાદો જતી તેમ કેટલીક લબાડોએ પણ આવી રાવ-ફરિઆદોનો ધંધો માંડ્યો. જતાં ને આવતાં જેટલા રોજ થાય એમાંથી એક રોજ-મજૂરીના કામનો દિવસ-પણ ન કપાય. આમાં સાચાં જૂઠાંની ભેળસેળ એવી અને એટલી બધી થતી ગઈ કે કોઈને સળ સૂઝે નહીં. રાજખટપટી અદાવતીયાઓ ઘણીવાર આવી ફરિયાદો માથે રહીનેય કરાવતા. આ બધાથી રાજમાતા-રાજરાણીઓ, રાજા અને ભલા અધિકારીઓ, આખરે ત્રાસ્યા. આ ત્રાસથી પોતાને રક્ષવા અને રૈયતને બચાવવા આખરે આના માટેનો કાયદો કર્યો, જે ભૂંડી-ભૂછીના કાયદાના નામથી ઓળખાયો.

એમાં એવી જોગવાઈ થઈ કે રાજનો એક માણસ તાબડતોબ આવી ફરિયાદની તે જ સ્થળે તપાસ કરે, ત્યાંને ત્યાં થોડો ઘણો દંડ કરીને એ વાત ત્યાં જ પતાવે.

પણ વાસ્તવિકતા વકરવા લાગી. ક્રમે ક્રમે આ કાયદા નીચે થતા દંડના ઈજારા અપાવા મંડાયા. ને ઈજારદારને જ દંડની રકમ નક્કી કરવાની સત્તા પણ અપાઈ. પછી એ કાયદાના અર્થનો પાર ન રહ્યો. ઈજારદાર પોતાની આવક વધારવાને માટે થોડી એવી બાઈઓ, જે ગામનો ઉતાર હોય, બદચલનની હોય, ભ્રષ્ટ હોય, તેને પોતાની ખાનગી પગારદાર તરીકે રાખે. આ બાઈઓનું કામ શું? બાંધકામો ઉપરની મજૂરી નહીં, પણ ગામડાંના ગામના કે શહેરના સારા કે માલદાર માણસોને વીણી વીણી તેમની સામે ફરિયાદો નોંધાવવાનું. આ માણસે અમારી આબરૂ લીધી. અમારી સાથે આમ કર્યું ને અમારી સાથે તેમ કર્યું. ફરિયાદ ઈજારદારને થાય (જેની એ પગારદાર હોય) ઈજારદાર આરોપી અને તહોમતદારને સાંભળવાનું નાટક કરે. પછી દંડની રકમ ઈજારદાર ઠોકી બેસાડે. આના સામે નહીં સાચ-જૂઠની તપાસ, કે નહીં દાદ-ફરિયાદ. ભૂંડી-ભૂછીનો કચ્છનો આ કાયદો અને આ એનાં પરિણામો.

આખરે પરિણામ એ આવ્યું કે સારા ને સમજદાર, સરળ ને સીધા માણસોએ ફરજિયાત રીતે કચ્છથી સ્થળાંતર કરી, બહાર વસવાનું પસંદ કર્યું.

- **દેશમાંનું સ્થળાંતર :**

આવી રીતે અને આ લેખમાં પ્રારંભમાં વર્ણવાઈ ચૂકેલાં છે એવાં પ્રાકૃતિક, કુદરતી, શાસકીય સુલતાની અને આસમાની કારણોની ભીંસને કારણે મુંબઈમાં વસવાટ કરવા આવેલાઓમાં કચ્છના ભાટિયાઓથી પ્રારંભ થયો. પછીથી એમાં કચ્છના મહાજન ગણાતા જૈનો અને પછી લુહાણા અને પછી ભણશાલીઓ અને બીજી કોમો અને સમાજના લોકો જોડાતા ગયા. એ અરસામાં મુંબઈનો ગવર્નર આન્જિયર હતો. શરૂઆતમાં કંપનીની કોઠી સુરત હતી. પણ તાપી નદીમાં રેલ ઉપર રેલ, પૂર ઉપર પૂર, આવવાથી સૂરતનું બારું પુરાતું જતું હતું એટલે કંપની પણ ધીમે ધીમે પોતાનો કારભાર સાલસેટ (મુંબઈ) બાજુ વધારતી હતી. આવી રીતે મુંબઈમાં વસવાટ કરવા આવતા થયેલાઓમાં શેઠ જેરામ શિવજી પણ હતા, જેમની જંગબારમાં મોટી પેઢી અને મોટી આબરૂ હતી. આયાત-નિકાસના એ મોટા વેપારી હતા.

ગુજરાતી સાગરકથાઓના ધૂરંધર લેખક સ્વ. શ્રી ગુણવંતરાય આચાર્યએ એમની રોમાંચક સાગરકથા 'સાગરસમ્રાટ રણમલ લાખા'માં નોંધ્યું છે કે ... અને આજે બહુ કડવી વાત લાગે, છતાં એના સમયમાં બહુ સાહજિક લાગે એવી વાત એ હતી કે (જેરામ શિવજીની) એ પેઢી ગુલામોનો પણ મોટો વેપાર કરતી હતી. અમેરિકામાં કપાસને વેસ્ટ ઈન્ડીઝ ને ક્યુબામાં શેરડીનાં વાવેતર માટે અનર્ગળ જમીન હતી. ને એમાં મોટા મોટા ગોરા ખેડૂતોને ગુલામો જોઈતા હતા. એ ગુલામો આફ્રિકામાંથી પકડી લવાતા ને જંગબારમાં મોટી ગોલાબજાર હતી અને દર ગુલામે જંગબારના આરબ સુલતાનને દાણ (કસ્ટમ ડ્યૂટી, જકાત-ચુકવણી) મળતું. એટલે જંગબાર ગુલામીના વેપારનું મથક હતું. એ મોટા મથકમાં જેરામ શિવજી પણ મોટા વેપારી હતા... ને એક બીજા મોટા વેપારી હતા અનંગસેન મલબારી એ ભાટિયા હતા. એમનો મૂળ વેપાર મલબાર તરફનો, એટલે મલબારી કહેવાતા...

ધોબી તળાવ આગળ સરકારી કોટ પૂરો થતો ને ત્યાં દરિયાકાંઠો આવી જતો. કંપની સરકારની માવજત નીચે મુંબઈ રચાતું જતું હતું. એ જમાનામાં મુંબઈમાં જગાની તાણ નહોતી. ને જાણીતા શું કે અજાણ્યાને ઉતારા ને સૂવા બેસવાની જગાના કોઈ ખાસ દામ નહોતા પડતા. ધર્મશાળાઓ હતી. મંદિરો હતાં, વાડીઓ હતી. મુંબઈ પશ્ચિમાભિમુખ થતું હતું. પણ ત્યારે એની

*કીર્તિની વાસના છોડવી જ્ઞાની માટે કઠિન છે.*

હાડમાં દેશી આતિથ્ય અને ઉદારતા ટકેલાં હતાં. ત્યારે માણસ-માણસનો અવિશ્વાસ નહોતો ને માણસ-માણસ વચ્ચે હૈયા શૂન્યતાયે નહોતી. સીધે સીધા જઇને તમારી સગવડ-અગવડને નાણાં ભીડની વાત કરો, તો સામો માણસ એની પ્રામાણિકતા સ્વીકારતો, વાસ્તવિકતા સમજતો. પોતાનાથી થઇ શકતી તેટલી સોઇ કરી આપતો, ને એમાં પોતે કોઇ મોટી ઉદારતા કરે છે એમ માનતો ન હતો. એમ ખેલદિલીપૂર્વક સ્વીકારાતું અને મનાતું કે માણસ મુંબઇમાં કમાવા આવે છે, ખરચવા કે વેડફવા નહીં. આ તત્ત્વજ્ઞાન સામાન્ય હતું. એ જમાનામાં જેને પોતાની ઓરડી, ખોલી કે 'રૂમ' ન હોય એના તરફ કોઇને સૂગ નહોતી. જે માણસ પોતાની ઓરડી કે રૂમ માંડે એણે મુંબઇમાં વસીને ભારે મોટું કામ કર્યું છે એમ મનાતું - તે એટલે સુધી કે પોતાના ઘરની ભાડાચીઠ્ઠી બતાવે એને ઠેઠ ગવર્નરની મુલાકાત કરવી હોય તો પણ મળી શકતી! કચેરીના કામકાજમાં સાક્ષીના કઠેડામાં ખુરશી મળતી! જ્યૂરીમાં નામ લખાતું, ને પોલીસના કામકાજમાં પણ માન મળતું!

ત્યારના મુંબઇ અને આજના મુંબઇ વચ્ચે બે સદીના વહાણા વાઇ ગયાં છે. પૂરો ચહેરો-મહોરો બદલાઇ ચૂક્યો છે. ત્યારનું શાસન જુદું હતું, પોલીસ જુદી હતી. દેશી સિપાહીઓ અને ગોરા અમલદારો આખી રાત ઘોડા ઉપર બેસીને પહેરા ભરતા. પોલીસ અમલદારોને અરધા ન્યાયાધીશ જેટલા અખત્યાર રહેતા. ગોરા અમલદારો કે સિપાહીઓ વસતીમાં લગન, મરણ, પરણ ને એવા પ્રસંગોમાં છૂટથી આવતા જતા. અમુક પૈસા ધરમાદા ફંડમાં નાંખો તો વસતિમાં ગમે એને ઘેર પણ ગવર્નર જાય. એટલે કે લોકનો વ્યવસાય ઉગતો હતો, ને રૂ બજાર, દાણા બજાર, શેર બજાર, કરિયાણા બજાર અને બંદરની પ્રવૃત્તિઓ, નવી રેલવે, નવી ટ્રામો, નવા રસ્તા, નવાં સ્ટેશનો, નવી નિશાળો, નવી તકો અને નવી શક્યતાઓના નવાં નાકાઓ, નવા દરવાજા, નવી બારીઓ અને નવાં દર ખૂલતાં જતાં હતાં.

આ માહોલ વચ્ચે કચ્છથી સ્થળાંતર કરીને કચ્છીઓ મુંબઇ આવતા અને વસતા થયા હતા, થતા હતા. સામાનમાં બે જોડી કપડાં, દોરી અને લોટો રહેતા. આ બધા વચ્ચેથી સ્થળાંતરિત કચ્છીઓએ મુંબઇમાં જે પરસેવો પાડ્યો, ૧૮-૨૦ કલાકનો શ્રમ કર્યો, ફેરીઓ કરીને, ભારે વજનના બારદાનો ખભે ઊંચકીને, લિફ્ટ વગરના ત્યારના ચાર-ચાર પાંચ-પાંચ માળાના મકાનોની રૂમોમાં રહેતા ગ્રાહકોને પોતાનો માલ ઘરપોંચ કરીને, બારદાનની ગુણીઓ સીવીને, અનાજ-કરિયાણા સાફસૂફ કરીને, કોઇ પણ પ્રકારના શ્રમનો કંઇ જ સંકોચ રાખ્યા વગર, ઊલટું, ગૌરવ લઇને પોતાનાં વ્યક્તિગત, પારિવારિક, નાત-જાત, સમાજ અને પૂરાં મુંબઇને સિકંદરની શિકલ આપવાનો જે અદ્‌ભુત પ્રયાસ કર્યો છે, તે દુનિયાના કોઇ પણ મહાનગરના વિકાસ અને વૃદ્ધિમાં કચ્છીઓની તુલનાએ બહુ ઓછો, જવલ્લેજ દેખાય છે.

- **દિલદાર સ્થળાંતરિતો :**

બસો વર્ષો પહેલાંના અજન્મ્યા મુંબઇને આજનું આધુનિક મુંબઇ બનાવનારા સ્થળાંતરિત કચ્છીઓનાં વિસ્તૃત નામો અને કામોની તપસીલ ઉતારવા માટે તો અનેકાનેક દસ્તાવેજી ગ્રંથો પણ ઓછા જ પડશે. એટલે અહીં ટૂંકામાં ટૂંકા, સંક્ષિપ્તમાં સંક્ષિપ્ત ઉલ્લેખો અને નિર્દેશોથી જ ચલાવી લેવું પડશે. કચ્છથી પ્રારંભે ભાટિયા જીવરાજ બાલુ આવ્યા, મોણજી ભાણજી પાસ્તા આવ્યા, ખટાઉ કેશવજીના દસ વર્ષના દીકરા નાનજી કેશવજી ખટાઉ આવ્યા, સાત વર્ષ પછી એનો નાનો ભાઇ તેજપાલ આવ્યો, એનો વંશ વધતા ગોકળદાસ થયા. આ બધાઓએ, ગોકળદાસ જે પછીથી શેઠ ગોકળદાસ તેજપાલ તરીકે દેશ પ્રસિદ્ધ બન્યા એમણે પાવડે ધન એકઠું કર્યું. કરોડોની મિલકતો ખડી કરી. પોતાની સાદાઇ એવી જ રાખતા રહીને છૂટા હાથે સખાવતો કરી. પૂર્વજોની બોંતેર પેઢીને ભવિષ્યની ૧૪૪ પેઢીને તારી દે એવાં અને એટલાં સત્કાર્યો કર્યા. જેસલમેર, નાથદ્વારા, કચ્છ અને બીજે અનેક ધર્મશાળાઓ બંધાવી, નવા કૂવા ખોદાવ્યા, જૂના સમારાવ્યા, ધોબી તલાવ પર જી.ટી. (ગોકલદાસ તેજપાલ) હૉસ્પિટલ બંધાવી. ડૉ. ભાઉદાજી, કરસનદાસ મૂળજી અને કવિ નર્મદ જેવા સમાજ સુધારકોને પ્રોત્સાહિત કર્યા. દેવ મંદિરો, સદાવ્રતો, શાળાઓ, બોર્ડિંગો, સંસ્કૃત પાઠશાળા, કન્યાશાળાઓ, ...મુંબઇમાં, કાશી-બનારસમાં, નાથદ્વારામાં, સૌરાષ્ટ્રમાં, કચ્છમાં, એણે છુટ્ટે હાથે અને ખુલ્લા દિલે સ્થાપ્યાં.

મૂળ કચ્છ તેરાના ખટાઉ મકનજીના બે પુત્રો ગોરધનદાસ અને મૂળરાજ. હિન્દુ જિમખાનાવાળા તરીકે જાણીતા પરમાણંદદાસનાં પુત્રી બ્રિજકુંવરની સાથે ગોરધનદાસનાં લગ્ન થયેલાં. એમણે ખટાઉ મકનજી મિલ સ્થાપી. એમનાં પુત્રી મોંઘીબાઇનાં લગ્ન નરોત્તમ મોરારજી સાથે થયેલાં. પરણ્યા પછીનું એમનું નામ સુંદરબાઇ થયું, પણ વધુ સંબોધાતા આક્કાબાઇ તરીકે. આ પરિવારે વિવિધ ક્ષેત્રોમાં પ્રદાન કર્યા. મૂળ માંડવીના રતનશી મૂળજીએ ચોપાટી-બાબુલનાથ પાસે લેડી નોર્થકોટ હિન્દુ ઓર્ફનેજ સ્થાપ્યું, ફોર્ટમાં જીપીઓ સામેનો સાર્વજનિક ફૂવારો બનાવડાવ્યો, સસ્તા ભાડાંના માળા બનાવ્યા, ભાટિયા નિરાશ્રિત ફંડ ઊભું કર્યું, કચ્છમાં અને બીજે ધર્મશાળાઓ, સદાવ્રતો, કન્યાશાળા, સેનેટોરિયમ બનાવ્યાં. માત્ર ભાટિયા જ્ઞાતિ કે સમાજ પૂરતાં જ નહીં, સાર્વજનિક સદ્‌ઉપયોગ માટે ભાટિયા હંસરાજ પ્રાગજી ઠાકરશીએ ગ્રાન્ટ રોડ-તારદેવ-નાનાચોક વચ્ચે ભાટિયા હૉસ્પિટલ બનાવી, ગીતા ગૃહ, લક્ષ્મી નારાયણ મંદિર અને સાર્વજનિક બહોળા ઉપયોગનો તેજપાલ હોલ મુંબઇને ભેટ ધર્યો. કરસનદાસ નાથા, જાદવજી કારા સેનેટોરિયમો પણ આ સ્થળાંતરિત કચ્છીઓએ જ સમગ્ર સમાજને, માત્ર 'આમચી મુંબઇ' વાળાઓના જેવા

*જેને સંસારમાં માન મળે છે તે મીઠું લાગે છે પરંતુ તેનું પતન થાય છે.*

સંકુચિત આશય કે વિચારધારાથી નહીં, પણ મહાનગર બનતા મુંબઇની પૂરેપૂરી પચરંગી પ્રજાના સદુપયોગ માટે.

બસોએક વર્ષોમાં સ્થળાંતરિત કચ્છીઓની વિવિધ જ્ઞાતિઓ, જાતિઓ, પેટા જાતિઓ અને સમાજોના લોકો મુંબઇ આવતા રહ્યા છે. લુહાણાઓ, જૈનો, નાગરો, બ્રાહ્મણો, બ્રહ્મક્ષત્રિયો, સોની, કંસારા, સુથાર, દરજી, વોરા, ખોજા, મેમણો, ખત્રી, મુસ્લિમો, ગોસાંઇઓ, બધ્ધે બધાઓ મુંબઇ આવ્યા, ઠરીઠામ થતા ગયા અને જેવા પૂરા સ્વાશ્રયી બન્યા કે મુંબઇ, મહારાષ્ટ્ર અને વતન કચ્છ તરફનું ઋણ એક યા બીજી રીતે, ફૂલ કે ફૂલની પાંખડી સ્વરૂપે ઉતારતા રહ્યા. જી.ટી. હૉસ્પિટલ કે ભાટિયા હોસ્પિટલ સ્થપાવાથી જેવા શુભ પ્રારંભ થયા હતા તે બેમિસાલ સિલસિલા સતત આજ સુધી વધુ ખેલદિલીથી સચવાતા અને જળવાતા રહ્યા છે. મુંબઇના જૈન સમાજના હમણાંના દાયકાઓના મોભી દાનવીરોએ મુંબઇના લાલબાગ ખાતે મારુ હૉસ્પિટલ બનાવી છે, દહીંસર ખાતે ૧૫-૨૦ કરોડના રોકાણવાળી નવનીત હાઇટેક હૉસ્પિટલ બનાવી છે, જ્યાં અગાઉ શાળા કે કન્યાશાળાઓ બનતી એ જ સામાજિક સદ્ભાવથી એંકર કૉલેજ, સોમૈયા વિદ્યા સંકુલ અને હૉસ્પિટલ બન્યાં છે. અતિથિ ગૃહો બન્યાં છે. માટુંગા બોર્ડિંગ જે પૂરઝડપે નવી સર્જાઇ રહી છે તેનું બજેટ ૧૦૦ કરોડથી પણ વધુ થઇ જવાની તેના ટ્રસ્ટીઓને કોઇ ચિંતા ફિકર નથી. મુંબઇનું કોઇ જ એવું ક્ષેત્ર બચ્યું નથી જેમાં સ્થળાંતરિત કચ્છીઓએ પોતાનાં કામ અને નામ રોશન ન કર્યા હોય. રાજકારણ, સામાજિક પ્રવૃત્તિઓ, સ્વાસ્થ્ય, શિક્ષણ, સંગીત, નાટકો, પત્રકારત્વ, સાહિત્ય, નૃત્ય... એકેએક ક્ષેત્રમાં કચ્છીઓ પથરાયેલા છે. એટલું જ નહીં, અગ્રણી બની ચૂક્યા છે.

- **આંતરિક મહારાષ્ટ્ર :**

સ્થળાંતરિત કચ્છીઓએ માત્ર મુંબઇને જ પોતાની મર્યાદા બનાવી નથી. મહારાષ્ટ્રમાં પણ દૂધમાં સાકરની જેમ મળી જઇને કચ્છીયતની મધુરપ ઉજાગર કરી છે. કચ્છથી નીકળી મુંબઇ સિવાયનાં મહારાષ્ટ્રમાં પોતાની વસાહત કરનારાઓમાં પ્રારંભે લુહાણા પરાક્રમીઓ હતા. મહારાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારો સુધી પહોંચી અનાજ-કરિયાણાના વ્યવસાયને વધારતા ગયા. તે પછી ઇ.સ. ૧૮૫૨ આસપાસથી કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના જૈન ભાઇઓ પથરાતા ગયા. મેમણ અને ખોજા પરિવારો પણ આવ્યા અને વિસ્તરતા ગયા. પછી કડવા પાટીદારોએ લાકડાની સૉ મિલોના વ્યવસાયને વિસ્તાર્યો. તે પછી કચ્છી વીસા ઓસવાળ પરિવારો પથરાતા ગયા. મહારાષ્ટ્ર રાજ્યમાં પૂના, સાંગલી, કોલ્હાપુર, સોલાપુર, નાસિક, નાગપુર, રત્નાગીરી, કરાડ, પાલઘર, સફાલા, ચીંચમ, દહાણું, વિરાર, નાલાસોપારા, થાણા, ડોંબીવલી, કલ્યાણ, અંબરનાથ, ઔરંગાબાદ, ધૂલિયા, નાંદેડ અને વિદર્ભમાં જ્યાં નજર માંડો તો કચ્છના પાટીદારો, જૈનો, લુહાણાઓ, ભાનુશાલીઓ, મેમણો, ખોજા, ખત્રી અને બીજા તરી આવશે. શોધવાનું થોડુંક મુશ્કેલ એ રીતે કદાચ થાય કે મૂળ કચ્છીઓ મહારાષ્ટ્રમાં સવાયા મહારાષ્ટ્રિયનો બની ચૂક્યા છે. લુહાણા સમાજના અનન્ય મોભી અને મોવડી સ્વ. કરમશી જેઠાભાઇ સોમૈયાનો તો જન્મ પણ મહારાષ્ટ્રના માલુંજા ગામે થયો હતો. કોપરગાંવની બાજુમાં લક્ષ્મીવાડી અને સાકરવાડીમાં સુગરની મિલો એમણે ખડી કરેલી, શ્રીરામપુરમાં મરાઠી શાળા પણ એમણે સ્થાપેલી. એમના વંશજોએ જંગી સોમૈયા જૂથ ખડું કર્યું છે. વરાડમાં, ખાનદેશમાં સંખ્યાબંધ દશા ઓસવાળ જૈન પરિવારો સ્થાયી થયેલા છે. છેક ૧૮૫૨માં શા. ત્રિકમજી વેલજી પરિવારે મોટા પ્રમાણમાં વ્યવસાય વિસ્તારેલો. અબડાસા તાલુકાના વરાડિયાના નરશી જેઠાભાઇ દંડનું નામ, અબડાસાના લાલા ગામના શા. લાલજી રામજી પરિવારનું નામ, સર વસનજી ત્રિકમજી નાઇકનું નામ, વારાપધરના શેઠ ચત્રભુજ પુંજા, શેઠ રાયમલ હીરજી, શેઠ શિવજી સોજપાર, મૂળ કોઠારાના પણ સાંગલી વસતા, હળદરના પ્રસિધ્ધ વેપારી રતનશી જેઠાભાઇ ખોના પરિવારનાં નામે, સુપ્રસિધ્ધ કરાડના મસૂર ગામે સ્થાયી થયેલા કલ્યાણજી જેઠાભાઇ ખોના યશવંતરાવ ચૌહાણના નિકટના સાથી હતા. ૧૯૦૮માં ધૂલિયામાં ભરાયેલાં રાષ્ટ્રીય પ્રાંતિય કોંગ્રેસ સંમેલનના સફળ આયોજક મૂળ કચ્છના નથુભાઇ શિવજી હતા. મહારાષ્ટ્રભરમાં તાલુકે તાલુકે સ્થળાંતરિત કચ્છી પરિવારો છેલ્લા અનેકાનેક દાયકાઓથી કચ્છીયતના કીર્તિધ્વજને બુલંદ બનાવી રહ્યા છે (એ બધાની આ યાદી તો સાવ જ અધૂરી છે).

- **દક્ષિણ ભારત :**

સ્થળાંતરિત કચ્છીઓએ દક્ષિણ ભારતમાં, મધ્ય પ્રદેશમાં, ઓરિસ્સા, આસામ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં પણ કચ્છીયતને વધુ સુપ્રસિધ્ધ કરી છે.

દક્ષિણ ભારત હવે જુદા જુદા પ્રદેશોમાં અને રાજ્ય સરકારોમાં વહેંચાયેલું છે, પરંતુ સ્થળાંતરિત કચ્છીઓની યશગાથાના અવલોકન અને દૃષ્ટિપાતનો સમયગાળો માત્ર આઝાદી પછીનો નહીં, પણ છેલ્લાં ત્રણ-ચાર સૈકાઓનો છે.

દક્ષિણ ભારતના દરિયાકાંઠાના પ્રદેશો-આંધ્ર, તામિલનાડુ, કેરાલા, કર્ણાટક વગેરે સાથેના કચ્છના વહાણવટાના સંબંધોનો સિલસિલો ત્રણ સો - ચાર સો વર્ષોથી યે વધુ પહેલાંનો રહ્યો છે. તે વખતના સંબંધો મુખ્યત્વે વહાણવટા પૂરતા મર્યાદિત હતા. તે પછી તેમાં ક્રમે-ક્રમે વધારા-સુધારા થતા ગયા, જેમાં તે વખતના રાજકારણે પણ ભાગ ભજવ્યો. ઇ.સ. ૧૭૮૨થી પણ પહેલાં હમણાંના કર્ણાટક અને આગલા મૈસૂરના વાઘ ગણાયેલા ટીપુ સુલતાન અને કચ્છના તે અરસાના સર્વે સર્વા જમાદાર ફતેહ મહંમદના સારાસારીના સંબંધો કેળવાઇ ચૂકેલા હતા. મૈસૂરના હૈદરઅલી સાથે પણ જમાદારને મૈત્રી હતી. પરસ્પર ભેટ-

*સાદગી ઉત્તમ સુંદરતા છે, ક્ષમા ઉત્તમ બળ છે, નમ્રતા ઉત્તમ તર્ક છે, મિત્રતા ઉત્તમ સંબંધ છે.*

સોગાદોની આપ-લે પણ થતી. જમાદારે કચ્છી ઉત્તમ ઓલાદના ઘોડાઓ હૈદરઅલીને ભેટ મોકલેલા અને હૈદરઅલીએ હૈદરી તોપ કચ્છના મહારાવને ભેટ મોકલેલી. આ તોપ કચ્છ-ભુજના સંગ્રહસ્થાનમાં હજુ સચવાયલી છે. ઇસ. ૧૮૬૦-૭૦ વાળા દાયકા દરમ્યાન લખપતના દેવજી વહાણ રસ્તે કોચીન પહોંચેલા અને પછીના દાયકાઓ દરમ્યાન મલયાલી પત્રકારત્વ જન્માવ્યું અને વિકસાવ્યું. સ્થળાંતરિત કચ્છીઓએ મહદ્અંશે બતાવી આપ્યું છે તેમ એમનામાં કોઠાસૂઝ, પહેલક, જોખમ લઈ સાહસ કરવાની તૈયારી જેવા રક્તબુંદને કારણે દેવજી ભીમજીએ કાથી ઉદ્યોગ, સ્ટેશનરી, ચાંદી-સોનાનો વ્યાપાર એ બધું પણ વિસ્તાર્યું, સારું કમાયા અને સ્થાનિકના સમાજને પાછું અર્પણ કર્યું. આયુર્વેદિક ઔષધિઓના પ્રસાર-પ્રચાર માટે એમણે ફાર્મસી સ્થાપી, કોચીનમાં સંસ્કૃત પાઠશાળા સ્થાપી, પ્રાર્થના-હોલ, મંદિર અને મધ્યમ વર્ગીઓના માટે મકાનો પણ બનાવી આપ્યાં. એમણે ચેરિટેબલ ટ્રસ્ટ બનાવ્યું જે અર્નાકુલમ જિલ્લા કોર્ટને સોંપાયું. એમને સંતતિ નહોતી. એક રાજસ્થાની બાળકને એમણે દત્તક લીધેલું. જે હમણાંના પાછળના વર્ષોમાં કેરાલાની વિધાનસભાના સભ્ય ચુંટાયલા. ઇ.સ. ૧૯૭૦માં કેરળના ગવર્નરના અધ્યક્ષપદે એમને શાનદાર સ્મરણાંજલિ અપાયલી. સને ૧૮૯૫માં એમનું નિધન થયેલું.

- **સાહસિક વેપારીઓ :**

મદ્રાસમાં પ્રારંભમાં ૧૯૨૧-૨૨માં વસેલા કચ્છી વેરશી કરમશી છેડા હતા. પ્રેમજી કુંવરજી લિમિટેડ કંપનીના નામે ઓઇલ-એક્સપોર્ટનો વ્યવસાય હતો. એમના નાના બંધુ પ્રેમજી કરમશી છેડા પછીના વર્ષોમાં કર્ણાટકના ગદગમાં સ્થાયી થયેલા. વેરશી કરમશી છેડા બાયઠિયા તરીકે પણ ઓળખાતા, કેમકે એમના પરિવારનું મૂળ ગામ કચ્છનું બાયઠ હતું. પછીથી પરિવાર શેરડીમાં વસ્યો હોવાને કારણે એમના ભાઈનો પરિવાર શેરડીના તરીકે ઓળખાવે છે. વેરશી કરમશી, ધર્મપ્રેમી હતા. એમનું મકાન જ્યાં હતું તે ગલીનું નામ મૌનસ્વામી મટ્ટ સ્ટ્રીટ જૈન ગુરુ મહારાજના નામ પરથી પડેલું. ગુરુજનો મોઢે મુંહપત્તિ બાંધતા. તેથી મૌન સ્વામી મટ્ટ સ્ટ્રીટ કહેવાયેલી. એમના સુપુત્ર મંગલભાઈ વેરશી છેડાનો પરિવાર મહારાષ્ટ્રના સાંગલી ખાતે સ્થાયી થયેલો છે પહેલા હળદર અને પછી ટેક્સટાઇલ મેન્યુફેક્ચરિંગમાં પ્રવૃત્ત છે.

મદ્રાસમાં ૧૯૨૧-૩૦ના દાયકા દરમ્યાન વસાહતી બનેલા સ્થળાંતરિત કચ્છીઓમાં ડુમરાના શા ચાંપશી વેલજી કારાણી (ભવાનજી મુરજીની કાું), શા. પૂંજા ઠાકરશીની કંપની, વગેરે હતા. આઝાદી પછી ૧૯૪૮-૪૯માં ભવાનજી એન્ડ કંપનીના વહીવટકર્તા વાંકીના શા. પોપટ હંસરાજ સાવલા, પ્રાગપરના શા. નેણશી ખેરાજ છેડા, ૧૯૫૫-૫૬ માં મેસર્સ હરીશ એન્ડ કંપની, પ્રાગપરના વાલજી નેણશી છેડા, વગેરે સાહસિક ધૈર્યવાનો હતા. તેજુ કાયાનું નામ કચ્છમાં માચીસ (બાક્સ) બનાવનાર તરીકે જાણીતું છે પણ મુંબઇ અને મદ્રાસમાં રેલવે અને મિલિટરીના કોન્ટ્રેક્ટર તરીકે વધુ જાણીતું છે. ૧૯૪૮માં એ પેઢી બંધ પડતાં તેના સંચાલક કેશવજી વિશનજી, બિદડાના મુરજી વિજપાર દેઢિયા, ટુન્ડાના દેવચંદ માવજી ગોગરીએ સાથે મળીને 'શાહ ટીમ્બર ટ્રેડર્સ'ના નામે લાકડાના ધંધામાં ઝંપલાવેલું. આ ધંધાનાં વવાયેલાં બી હવે તો વટવૃક્ષ બની ચૂક્યાં છે. ઇમારતી લાકડાના ધંધામાં આ પેઢી આજે પણ માતબર ગણાય છે. રેડીમેઇડ કપડાંના વ્યવસાયની શરૂઆત ૬૫-૭૦ વર્ષો પહેલાં કચ્છી જૈનોએ કરેલી. સમાઘોઘાના શા. ગગુભાઇ પુનશીના પુત્ર વશનજીએ ડ્રેસલેન્ડ નામે, વાંકીના તલકશી શિવજી સાવલાએ 'ચોઇસ સેન્ટર' નામે, પુનડીના શા. હીરજી ઠાકરસી સંઘોઇએ ભારત ડ્રેસ મેન્યુફેક્ચરિંગ કાું.ના નામે તૈયાર ડ્રેસની ફેક્ટરી ૧૯૬૧માં સ્થાપેલી. એ પછી ચેન્નઇના આ ક્ષેત્રના ૩૩ ટકા જેટલો ધંધો હસ્તગત કરી લેનારાઓ ગેલડાના કલ્યાણજી કુંવરજી સૈયા, નાની ખાખરના શા. વસનજી રવજી દેઢિયા, રતનશી હીરજી છેડા, કોડાયના શા. બચુભાઇ વીરજી વીરા - વગેરેનો સમાવેશ છે. બીજાં પણ અનેકવિધ ક્ષેત્રો જેવાં કે હેન્ડલૂમ કાપડ, લુંગી-રૂમાલ, બેન્ટેક્સ, ઘડિયાળ-પટ્ટા, ઝાડુ બનાવવાનો ઉદ્યોગ, કે પાપડનો ગૃહ ઉદ્યોગ, કપાસ-ખરીદ-વેચાણ, વિડિયો-કેસેટ, ચીટ ફંડ, ફાર્માસ્યુટિકલ્સ જેવાં ક્ષેત્રોમાં કચ્છથી સ્થળાંતર કરનારા કચ્છીઓએ પોતાની વિશિષ્ટ ઓળખ ઉપસાવી છે.

દક્ષિણ ભારતનાં વિવિધ મથકોએ સ્થળાંતરિત કચ્છીઓ મોભાદાર રીતે પથરાયેલા છે. કાલીકટ, કોચીન, મદુરાઇ, આંધ્રના હૈદરાબાદ, સિકંદરાબાદ, ખમ્મામ, નિઝામાબાદ, વારંગલ, આદોની વિજયવાડા, આદિલાબાદ, મહબૂબનગર, બોધન, નિરમલ, કરનૂલ, કર્ણાટકના બેંગલુરુ, મેંગલુરુ અને બીજાં અનેકાનેક કેન્દ્રોમાં કચ્છીઓ સુસ્થાપિત થયેલા છે. હૈદરાબાદના સર્વશ્રી ટોકરશી લાલજી કાપડિયા, ધનજીભાઇ સાવલા, કૂરનુલમાં ચંદ્રકાંતભાઇ શાહ અને એવા જ વિવિધ ગુણીજનો (જે બધાનાં નામો અહીં આમેજ કરવાની અશક્તિ માટે લેખક અને તંત્રીમંડળ વિનમ્રભાવે ક્ષમાપ્રાર્થી છે). પરંતુ મદુરાની બંધુ ત્રિપુટી માટે કદરનાશી અને ઋણાનુભાવ વ્યક્ત કરવો અનિવાર્ય જ છે.

- **સ્થળાંતરિતોનાં મોડેલ :**

મદુરાની આ બંધુ ત્રિપુટી એટલે ટૂથફુલ કંપનીના ભાગીદારો સર્વશ્રી ગગુભાઇ પુનશી સંગોઇ, ઠાકરશી તેજશી વોરા અને માવજી મુલજી ચૌહાણ. મદુરાઇ ગુજરાતી સમાજના માજી અધ્યક્ષ શ્રી કેશવજી કાનજી શાહે આ ત્રિપુટીને આદર-અંજલિ આપતાં (પગદંડી, ઓગસ્ટ, ૧૯૯૬માં) નોંધ્યું છે કે આ ત્રણેયની વિચારસરણી અલગ અલગ; ત્રણેય પોતાના સિધ્ધાંતમાં અડગ, પ્રસંગોપાત એકબીજાના ટીકાકાર ખરા, પણ કોઇને માઠું ન લાગે તેમ હસીને સહન કરનારા. તેઓની

*સત્ય અને વિશ્વાસ એ બે ગુણ છે. કોઈની સાથે અસત્ય વ્યવહાર ન કરવો, કોઈનો વિશ્વાસ ન તોડવો.*

દીર્ઘદૃષ્ટિથી અને રાહબરી હેઠળ ટ્રુથફુલ કંપનીએ રેડીમેઇડ કપડાંના ઉદ્યોગમાં સારી પ્રગતિ કરીને નામના મેળવેલી. ભારતના નાનાં નાનાં ગામડાંઓમાં કંપનીનું નામ લોકજીભે વસી ગયેલું. તેઓની ઇતર પ્રવૃત્તિઓમાં ગગુભાઇ કર્મવીર, સમય પાલનના ચૂસ્ત હિમાયતી, હાથમાં લીધેલ કામ પૂર્ણ કરીને ઝંપે. જરા નાસ્તિક પણ ખરા! સામાજિક અને વ્યવસાયિક સંસ્થાઓના ઉચ્ચ હોદા પર રહી સેવા કરી, થોડો વરસ ઑનરરી મેજિસ્ટ્રેટ તરીકે સેવા આપેલી. તેમણે જૈન મેડિકલ રિલીફ સોસાયટીની સ્થાપના કરેલી. તેના નેજા હેઠળ એક દવાખાનું અને આંખની હૉસ્પિટલ હાલે (૧૯૯૬) ચાલુ છે... શ્રી ઠાકરશીભાઇ ૧૯૩૭માં ટ્રુથફુલ કંપનીમાં જોડાયેલ. ત્યારબાદ ૧૯૫૧માં પોતાનો અનાજનો હોલસેલ વ્યવસાય શરૂ કરેલ. માનવ મેળાવાનાં શોખીન જીવ. વાતોના રસિયા, ઘણા અનુભવી, આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં સક્રિય. પોંડીચેરી શ્રી અરવિંદ આશ્રમ સાથે સંકળાયેલા. તેમની દોરવણી હેઠળ આશ્રમનું 'સમર્પણ' નામનું અતિથિ ભવન બંધાયેલું... શ્રી માવજીભાઇ ગૂર્જર ક્ષત્રિય જ્ઞાતિના આગેવાન હતા. પૂરા ગાંધીવાદી, કન્યા કેળવણીના પ્રખર હિમાયતી, તેમની પ્રેરણાથી કન્યા છાત્રાલયો સ્થાપાયેલાં. વાતોમાં રમૂજી, કટાક્ષ હોય જ, ગીતાના અભ્યાસી. ત્રણે મિત્રો ભેગા થતા ત્યારે હળવી મજાક-મશ્કરી પણ કરતા. શરીર સાંઠા-સોટી જેવું નાજુક, તર્કબુધ્ધિ સારી. ... ગાંધીવાદી હોતાં, ઘરે હાથઘંટી (જંઘર) વસાવેલ. હાથે દળેલા લોટની રોટલી અને હાથે છડેલા ચોખાનો ઉપયોગ કરતા. તેમના બન્ને મિત્રો મજાકમાં કહેતા કે આટલું વિટામિન યુક્ત ખોરાક ખાવા છતાં આવા દુબળા કાજી જેવા કેમ છો? ત્યારે તેઓ કટાક્ષમાં કહેતા આના થકી તો હજુ જીવી રહ્યો છું. નહીં તો ક્યારનોય ખપી ગયો હોત અને ખરેખર તેઓ બન્ને મિત્રોથી પહેલાં ઇશ્વરના દરબારમાં પહોંચી ગયા. ત્યારબાદ શ્રી ઠાકરશીભાઇ ગયા અને છેલ્લે શ્રી ગગુભાઇ ગયા... ત્રણે મિત્રોએ જીવનના અંતિમ દિવસો સુધી એકબીજાને હૂંફ આપી મિત્રતા ટકાવી રાખી....

★ ★ ★ ★ ★

વિવિધ અખબારો, પુસ્તકો, સામયિકો, વિશેષાંકો, લેખો અને લેખકોનાં સંદર્ભોથી આ લેખ-સંચય તૈયાર કરાયો છે. આ બધાનો આ લેખક હાર્દિક આભારી અને અહેસાનમંદ છે. ઉમેરવા ધારેલી કેટલીક વધુ વિગતો જગ્યા અને સમયના અભાવે આમેજ કરી શકાઇ નથી, તેનો રંજ છે. પરંતુ કચ્છથી સ્થળાંતર થયેલ કચ્છીઓના વસવાટ પર એક દૃષ્ટિપાતના આ સંચયમાં જેટલું પણ આવરી શકાયું છે તેનો સંતોષ છે. મંગલ મંદિરના વાચકોને અષાઢી બીજના કચ્છી નવાં વર્ષની મુબારકબાદી આપી અને લઇને અલવિદા!

*(નોંધ : 'અષાઢી બીજ' અંકમાં સ્થળ સંકોચના કારણે આ લેખ પૂર્ણપણે લઈ શકાયેલ નહીં. તેથી તેનો બીજો ભાગ અત્રે પ્રસ્તુત કરેલ છે. તે બદલ વાચકવર્ગ દરગુજર કરે.*

***— મુખ્ય તંત્રી)***

***'મંગલ મંદિર' : ઓગસ્ટ-૨૦૦૮***


**યાત્રા** **ઈન્ટરનેશનલ ટુર્સ** **પ્રવાસ**

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઇ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઇના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા

PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE

Chetan Mota's tmt holyday Bubble gum TOURS & TRAVELS

૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com

ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

સાહિત્ય

# સાચી જોડણી, સાચી સંસ્કૃતિ

● રોહિત શાહ ●

એ વાત સાવ સાચી જ છે કે, કોઇપણ ભાષા આખરે તો કોમ્યુનિકેશનનું સ્થૂળ માધ્યમ માત્ર છે. ધ્વનિ સાથે અર્થ જોડવાની એક નક્કર વ્યવસ્થા એટલે ભાષા. એ ધ્વનિને ચોક્કસ આકાર આપવાની વ્યવસ્થા એટલે લિપિ. ભાષાના વાચિક કે લિખિત કોઇપણ સ્વરૂપ સાથે એક ખાસ વ્યવસ્થા જોડાયેલી છે. અલબત્ત, એ વ્યવસ્થા માનવ સર્જિત હોઇ, તેમાં પરિવર્તન કરી શકાય તેમ છે. પરંતુ એ પરિવર્તન એવું હોવું જોઇએ કે વ્યવસ્થા શોભી ઊઠે અને સુરક્ષિત પણ રહે. જો પરિવર્તનના બહાને એ વ્યવસ્થાને ડહોળી નાખવાની હોય કે છિન્ન ભિન્ન કરી નાખવાની હોય, તો એને પરિવર્તન ન કહેવાય, નાદાનિયત કહેવાય.

માણસના શરીરને બે હાથ મળ્યા છે. વાનર સિવાય અન્ય કોઇ પશુ-પંખીને હાથ મળ્યા નથી. જેમને હાથ નથી મળ્યા એવા જીવો પણ પોતાનું જીવન એમની રીતે જીવી જ શકે છે. હાથ વગર કદાચ એ જીવોને કશી તકલીફ કે ઓછપ લાગતી નથી. માણસ એમ વિચારે કે, મારે પણ બે બે હાથની જરૂર નથી. હાથ હોય એટલે ક્યારેક ફ્રેક્ચર થાય, ક્યારેક મચકોડાઇ જાય, ક્યારેક કોઇ આંગળીનો નખ ઊખડી જાય... એના કરતાં એક હાથ ઓછો કરી નાખ્યો હોય તો પચાસ ટકા જોખમ ટળી જશે! અન્ય જીવો એક પણ હાથ વગર જીવી શકે છે, હું એક હાથ વડે કેમ નહિ જીવી શકું ? ઇજા અને અકસ્માતના જોખમને ટાળવા એ માણસ એક હાથ કપાવી નાખે તો એને શું કહેવું?

ગુજરાતીમાં હ્રસ્વ ઇ અને દીર્ઘ ઈ બે ઈ છે. એ કારણે લખવામાં ઘણી ભૂલો થાય છે. તો એક ઇ કાઢી નાખો. એટલે કે એક હાથ કાપી નાખો. બે પગ છે તેથી ઇજા થવાનું ડબલ જોખમ છે. એક પગ કાપી નાખ્યો હોય તો એ જોખમ પણ અડધું થઇ શકે. ગુજરાતી ભાષામાં બે ઉ છે : હ્રસ્વ ઉ અને દીર્ઘ ઊ. આ બે ઉને કારણે ભૂલો થાય છે, એક ઉ કાઢી નાખો. એટલે કે એક પગ કાપી નાખો! એક પગથી ચલાવી શકશે.

એમ તો એક આંખથી જોઇ શકાશે અને એક જ નાકથી શ્વાસ લઇ શકાશે. ચાલશે. ફાવશે. જોખમ ઓછું કરવું છે. ક્યારેય ઇજા-અકસ્માત ન થાય એનું ધ્યાન રાખવું છે. તો શું એક આંખ ફોડી નાખવી? નાકનું એક તરફનું દ્વાર બંધ કરી દેવું?

બે ઇ અને બે ઉ ગુજરાતી ભાષાની વ્યવસ્થા છે, એ એની આઇડેન્ટિટી છે, એ એની શોભા છે. એના વગરની ભાષા બીજી ગમે તે હશે, ગુજરાતી તો નહિ જ હોય. બે ઉ પણ જરૂરી છે અને બે ઇ પણ જરૂરી છે. એના વગર ગુજરાતીની ઓળખ જ નહિ રહે!

ભૂલો થવાની સંભાવના વધતી હોય તો જાગૃતિ કેળવવી જોઇએ. અવેરનેસ કેળવવાની પાત્રતા ન હોય, સજાગતા દાખવવાનું સામર્થ્ય ના હોય તેવા લોકો પીછેહઠ કરશે. બે ઇ અને બે ઉ થી ડરી જશે, અભડાઇ જશે. કોઇપણ એકને છોડી દેવાનો હોબાળો કરી મૂકશે. પાછા દલીલ એવી કરશે કે, ગુજરાતી ભાષાને ટકાવી રાખવા માટે આ ફેરફાર કરીએ છીએ! લખવામાં ભૂલો ના થાય એ માટે આ ફેરફાર અનિવાર્ય છે! આવી દલીલ કોઇ ભાષાપ્રેમીની ન હોય. ભૂલોને ટાળવા માટે ભાષાનું ખૂન કરનારને ભાષાદ્રોહી જ કહેવો પડે.

દરેક વ્યવસ્થાના ચોક્કસ નિયમો હોય છે. એ નિયમો થકી જ વ્યવસ્થા અકબંધ રહે છે. ભારતમાં ટ્રાફિકનો એક નિયમ એવો છે કે, વાહનને રસ્તાની ડાબી બાજુએ હંકારવું. હવે જો કેટલાંક લોકોનું ટોળું એમ કહે કે જમણો હાથ શુકનિયાળ છે, ડાબો હાથ અપશુકનિયાળ છે. ભગવાનની મૂર્તિની પૂજા જમણા હાથે જ કરવામાં આવે છે ને! આપણે રસ્તાની ડાબી બાજુએ વાહન ચલાવવાનો નિયમ રાખ્યો છે, તે કારણે અકસ્માતો ખૂબ થાય છે. જમણી દિશા શુભ છે, મંગલ છે. જમણી બાજુ વાહન ચલાવવાથી અકસ્માતો ઓછા થશે. આવી દલીલો કરીને એ ટોળું જમણી બાજુ વાહન ચલાવવાનું શરૂ કરી દે તો કેવું પરિણામ આવે? નિયમનું પાલન કરનારા ડાબી બાજુ વાહન ચલાવશે અને આ ટોળું જમણી બાજુ વાહન ચલાવશે! ટ્રાફિક-વ્યવસ્થા તદ્દન ખોરવાઇ જશે.

કોઇપણ ફેરફાર કરવો હોય તો નિષ્ણાતો દ્વારા નિષ્પક્ષ સમીક્ષા કરીને જરૂર કરી શકાય. પણ એ ફેરફાર સર્વગ્રાહી હોવો જોઇએ. એ ફેરફાર જ્યાં સુધી નિયમ ન બને ત્યાં સુધી તેનો અમલ કરી ન શકાય. દરેક ટોળા પાસે પોતપોતાની દલીલો હોય, પોતપોતાની અપેક્ષાઓ હોય, પોતપોતાનો અભિગમ હોય, એ સારી વાત છે; પણ એનો આડેધડ અમલ શરૂ ન કરી દેવાય. સતત સમીક્ષા-ચર્ચા થાય, વાદ-વિવાદ થાય, વિરોધ અને સમાધાન થાય, ફાયદા-નુકસાનની ગણતરી થાય. છેલ્લે તજજ્ઞો દ્વારા ફેરફાર સહિતની નવી વ્યવસ્થાના નવા નિયમો ઘડાય અને કાનૂની રીતે એનો સર્વગ્રાહી અમલ થાય.

જોડણીની બાબતમાં આપણે ત્યાં અત્યારે આવું અંધેર જોવા મળે છે. 'સાર્થ જોડણીકોશ'ના નિયમો સામે ઉંઝાજોડણી વાળા છે. સાર્થજોડણી પરંપરા છે, નિયમ છે. ઉંઝાજોડણી ફેરફાર ઇચ્છે છે. ફેરફાર

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦૩ ઉપર)**

*ક્રોધ એક એવી પરિસ્થિતિ છે જેમાં જીભ મગજ કરતાં તેજ ચાલે છે.*

તંદુરસ્તી

# હોમિયોપેથી

• ડૉ. ચાર્મિ એમ. શાહ, B.H.M.S. •

• **હોમિયોપેથી શું છે?**

હોમિયોપેથી એક એવી સફળ ચિકિત્સા પદ્ધતિ છે કે જેમાં દવા પ્રાકૃતિક સ્વરૂપે અતિસૂક્ષ્મ માત્રામાં આપીને રોગને જડમૂળથી મટાડવામાં આવે છે. જેથી રોગ કાયમી મટે અને ઊથલો વાગે નહીં.

• **હોમિયોપેથી શા માટે?**

અત્યારનાં આધુનિક સમયમાં જીર્ણ (હઠીલા) રોગો જેવા કે સાંધાના દુખાવા, સંધિવા, જૂની શરદી, ચામડીના રોગો, એલર્જી, પાચનતંત્રના રોગો વગેરેનું પ્રમાણ અત્યંત વધતું જોવા મળી રહ્યું છે. અને આવા દર્દોથી પીડાતાં દર્દીઓ અન્ય ચિકિત્સાપદ્ધતિ દ્વારા ઉપરછલ્લી રાહત અનુભવે છે પણ ક્યારેય સંપૂર્ણ રીતે રોગમુક્ત થતાં નથી. પરંતુ યોગ્ય હોમિયોપેથિક સારવાર દ્વારા આવા રોગોથી તેઓ સંપૂર્ણ અને કાયમી રીતે મુક્ત થઈ શકે છે.

• **હોમિયોપેથીક ચિકિત્સા પદ્ધતિના ફાયદા :-**

★ તદ્દન પ્રાકૃતિક
★ કોઇ જ આડઅસર નહીં
★ રિએક્શન કે એલર્જી થતી નથી.
★ સંપૂર્ણ સુરક્ષિત દવાઓ.
★ સગર્ભા અવસ્થામાં પણ આપી શકાય છે.
★ બાળકો સહેલાઈથી લે છે.
★ અન્ય ચિકિત્સા પદ્ધતિની દવાઓ સાથે પણ લઈ શકાય છે.

• **કેવા રોગો માટે હોમિયોપેથી :-**

★ *ચર્મ રોગો :-* ખરજવું, સોરીયાસીસ, કરોળિયા, કાળા ડાઘ, મસા, કણી, કપાસી, ખીલ વગેરે
★ *પાચનતંત્રના રોગો :-* એસીડીટી, ગેસ, અપચો, કબજિયાત, ઝાડા, જૂનો મરડો, હરસ, મસા, ભગંદર વગેરે માટે.
★ *શ્વસનતંત્રના રોગો :-* વારંવાર થતી શરદી, ખાંસી, દમ, કાકડા, નાકના મસા, સાયનસ, એલર્જી
★ સાંધાના દર્દો
★ *સ્ત્રીઓના રોગો :-* અનિયમિત માસિક, માસિક વધારે આવવું કે ઓછું આવવું, શરીર ધોવાવું
★ *બાળકોને લગતા દર્દો :-* ભૂખ ન લાગવી, વજન ઓછું હોવું, કૃમિ, દાંતને લગતી તકલીફ, ચીડિયાપણું વગેરે.
★ માનસિક રોગો.
★ સૌંદર્ય સમસ્યા તથા અન્ય રોગો માટે.

***'મંગલ મંદિર' : ઓક્ટોબર-૨૦૦૭***

## તુલના કર્યા વગર જીવો

દરેક માણસની એક આદત હોય છે. એ હંમેશાં બે અલગ વસ્તુઓ, વ્યક્તિઓ, પરિસ્થિતિઓ વચ્ચે તુલના કરીને એમાંથી સારું - ખરાબ ખોળવાનો પ્રયત્ન કરતો હોય છે. જીવનમાં હંમેશાં તુલના કર્યા કરવાની એની આદત પડી ગઈ હોય છે. આ ચીજ કરતા પેલી ચીજ વધારે સારી, ફલાણા ભાઈ કરતાં ઢીંકણા ભાઈ વધારે સારા, આ મિત્ર કે આ બહેનપણી કરતાં પેલો મિત્ર કે બહેનપણી વધારે સારી, ફલાણાનાં લગ્ન કરતાં ઢીંકણાનાં લગ્નની રસોઈ વધારે સારી અને ઢીંકણા કરતાં લોંકડાના લગ્નમાં વધારે મજા આવી હતી – આ પ્રકારની તુલનાઓ માણસ, જીવનમાં હંમેશાં કર્યા કરતો હોય છે. પણ ખરેખર તો તુલના કરવાથી જીવનનો ખરો આનંદ લુંટાઈ જતો હોય છે. તુલના કર્યા વગર જીવવાની પણ એક મજા હોય છે. સરખામણી કર્યા વગર જીવવાનો પણ એક આનંદ હોય છે. માણસ હંમેશાં તુલનાઓના ત્રિપાંખિયા જંગમાં ડૂબેલો રહે છે. અને આવી તુલનાઓમાં ને તુલનાઓમાં એનો સમય અને શક્તિ બંને વેડફી નાંખતો હોય છે.

પણ માણસે યાદ રાખવું જોઈએ કે તોલી તોલીને જીવાયેલું જીવન નકામું બની જતું હોય છે. આપણી આજ જ્યારે ગઈકાલ કે આવતીકાલની સાથે સતત તુલના પામ્યા કરે ત્યારે આપણું વર્તમાન જીવન મુશ્કેલ અને રસવિહોણું બની જાય છે. માટે તુલના કર્યા વગર જે વસ્તુ, જે વ્યક્તિ અને જે પરિસ્થિતિ સામે હોય એનું મૂલ્ય સમજીને, એનો સ્વીકાર કરી લો. જીવન સુખમય લાગશે. ■

*બીજાની મહેરબાનીની અપેક્ષા કરતાં પોતાના ગુણોની મદદથી આગળ વધવું સારું છે.*

# ૨૧મી સદીમાં બાળકોનો માનસિક ઉછેર

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

બે દાયકા પહેલા "બાળકોના માનસિક ઉછેર" વિષય પર ચર્ચા કે લખાણની કલ્પના જ ન થઈ શકતી.

છેલ્લા બે દાયકામાં આપણી જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું છે. મુંબઈ જેવા શહેરમાં અનેક કારણોને લીધે સંયુક્ત કુટુંબની સમાજ વ્યવસ્થા વિભક્ત કુટુંબમાં બદલાતી જાય છે. સંયુક્ત કુટુંબમાં દાદા-દાદીનું મુખ્ય કામ હતું બાળકોને ઉછેરવાનું. એમની પાસે જોઈએ એટલો સમય હતો, ધીરજ હતી, સહનશક્તિ હતી. બાળકો જોડે તેઓ ગુણવત્તાભર્યો સમય ગાળતા હતા. (quality time) બાળકોને શાંતિથી, ધ્યાનપૂર્વક સાંભળતા હતા અને પછી પ્રેમથી સમજાવટપૂર્વક બાળકો પાસેથી કામ લેતા હતા. વાર્તાઓ કહેતા જેમાં ઇતિહાસનો વિષય તો હતો જ પણ સાથે યોગ્ય મૂલ્યો અને વલણનું સિંચન પણ થતું હતું.

સામાન્ય રીતે દરેક કુટુંબમાં સરેરાશ ૪થી ૫ બાળકો હતા અને રમકડાં તો બે જ હોય. આથી સાથે બેસીને રમવાની ભાવનાનું સિંચન થતું. બીજાને પોતાની વસ્તુ આપી (sharing) રાજી થવાનાં અભિગમનું નિર્માણ થતું. પોતાને ન મળે તો પણ દુઃખી ન થતા. સહન શક્તિ (tolerance power) વધતી. પોતાનાથી નાના ભાઈ-બહેનોને સાચવવાની જવાબદારી પણ આવતી. જેથી પોતાની જવાબદારી (responsibilities)નું જ્ઞાન નાની વયે રમતાં રમતાં આવડતું.

મકાન કે ચાલીમાં બાળકો માટે સમવયસ્ક મિત્રો જોઈએ એટલા મળી રહેતા. આથી બાળકોમાં સામાજિક (socialisation) થતું. પરસ્પરના સંબંધો (interpersonal relationship) જાળવી રાખવાની તાલીમ મળતી. રમતગમતમાં હાર થતાં એને પચાવવાની માનસિક શક્તિનો વિકાસ (frustration tolerance) થતો.

આજના યુગમાં માતા-પિતા પાસે બાળકો માટે સમયનો અભાવ છે. અથવા તો કહીએ કે સમય જ નથી. થોડો ઘણો સમય મળે ત્યારે બાળકોને સલાહ જ આપ્યા કરે અને બાળકોની ભૂલો કાઢ્યા કરે છે. અયોગ્ય સરખામણી પણ કરે છે. પૈસા અને ભૌતિક વસ્તુઓ અપાવી પોતાની લાગણી અને પ્રેમ પ્રદર્શિત કરવાનો પ્રયાસ કરે છે. આ બધાની બાળમાનસ પર વિપરીત અસર થાય છે.

મહદ્ અંશે આજના યુવાન માતા-પિતામાં ધીરજ, સહન શક્તિનો અભાવ જોવા મળે છે. પોતાના અંગત તથા વ્યવસાયિક જીવનમાં મળતી નિષ્ફળતાની અસર બાળકો સાથેના વ્યવહાર પર પડે છે. પોતાની તણાવયુક્ત જીવનશૈલી તથા માતા અને પિતા વચ્ચેના સુમેળભર્યા સંબંધોના અભાવની બાળકોના માનસિક ઉછેર પર નકારાત્મક અસર થાય છે.

બાળકોના માનસિક ઉછેરમાં બે પરિબળો મુખ્ય ભાગ ભજવે છે : (૧) અનુવાંશિકતા (genetic), (૨) માતા-પિતાનું વલણ.

બધી રીતે સરખા હોય એવા બે રોપવા લઈ આવીએ. એક રોપવાને યોગ્ય ખાતર આપી, હવા અને સૂર્ય પ્રકાશમાં રાખીએ. નિયમિત પાણી આપીએ. બીજા રોપવાને અંધારા ઓરડામાં મૂકીએ. ખાતર, સૂર્યપ્રકાશ ન મળે. થોડાં સમય પછી પરિણામ એકદમ અલગ જોવા મળશે. ખાતર, હવા, પાણી, સૂર્યપ્રકાશ મેળવનાર રોપવામાંથી સુંદર ઝાડ બનશે. જ્યારે બીજો રોપવો કરમાઈ જશે, મુરઝાઈ જશે. જોકે સુંદર ઝાડ બનવાની એમાં પૂરેપૂરી યોગ્યતા છે. યોગ્ય વાતાવરણ અને યોગ્ય માવજત જેમ રોપવા માટે અલગ પરિણામ લાવે છે એમ બાળકોની યોગ્ય માવજત, યોગ્ય વલણ અને યોગ્ય વાતાવરણમાં કરવામાં આવે તો ધારેલું પરિણામ મળી શકે છે.

યોગ્ય માનસિક ઉછેર થાય તો વ્યક્તિત્વનું યોગ્ય ઘડતર થાય છે. માતા-પિતા તથા વડીલો પોતાના બાળકના વ્યક્તિત્વના વિકાસ માટે યોગ્ય વલણ અને વાતાવરણ ઊભું કરે. બાળકો ભવિષ્યની મૂડી છે. જેથી બાળક જ્યારે પુખ્ત વયનો બનશે ત્યારે આજના તથા ભવિષ્યના સ્પર્ધાત્મક જગતનો વ્યવસ્થિત રીતે સામનો કરી શકે અને શાંતિથી જીવી શકે.

એકવીસમી સદીમાં માતા-પિતાએ નીચે વર્ણવેલા મુદ્દાઓ પર ધ્યાન આપવું જરૂરી છે:

### ૧. ગુણવત્તાભર્યો સમય (Quality Time) :

માતા-પિતાએ પોતાના બાળકો માટે સમય ફાળવવો જોઈએ. આજે મુંબઈ જેવા શહેરમાં ઘણાં માતા-પિતા એવા છે કે પોતાના બાળકો માટે સમય આપતા નથી. માતા-પિતા પોતાની જાતને જ પ્રશ્ન પૂછે કે સાચે જ સમય નથી કે બાળકો માટેના સમયની અગત્યતા (પ્રાયોરિટી) માતા-પિતાને સમજાતી નથી. બીજાં કામોને આગળ પાછળ ગોઠવી, બાળકો માટે જરૂરી સમય ફાળવવો જોઈએ. અઠવાડિયાની રજાના દિવસે ૨થી ૪ કલાક સમય મળી શકે છે. મન હોય તો માળવે જવાય.

ફાળવેલા સમયમાં શું કરવું એ એક મોટો પ્રશ્ન થઈ પડે છે. ઉંમર, જાણકારી, અભ્યાસ, બાળકના ગમા-અણગમાને ધ્યાનમાં લઈ આ સમયમાં બાળક જોડે વાતચીત કરો. વધારે અગત્યનું છે બાળકોને

*સુખ - શાંતિ માટે તમારા પરિવારને સમય ફાળવો.*

સાંભળો. બાળકોની વાતો રસથી, ધ્યાનથી એકચિત્તે સાંભળો. આથી બાળકને માતા-પિતા માટે હકારાત્મક લાગણી થશે. માતા-પિતા અને બાળકો વચ્ચે લાગણીનો સેતુ બંધાશે. બાળકને નાનું ગણી એની વાતોને અવગણશો નહીં. "તને ખબર ન પડે, તું નાનો છે." કહી એનું અપમાન કરતા નહીં. એની સમજણ શક્તિ પ્રમાણે બાળકને જરૂરત પ્રમાણે સમજાવવું જોઈએ. બાળક સમજતું નથી એમ કહેવાને બદલે બાળકને સમજાવવાની ત્રેવડ, આવડત, પદ્ધતિ માતા-પિતા અને વડીલોમાં હોવી જોઈએ.

ઘણી બાબતોમાં બાળકનો અભિપ્રાય જાણવાની કોશિશ કરો. સલાહ આપવાનું શક્ય એટલું ટાળો.

**(૨) સલામતી (Security) :**

બાળકને પોતાના ઘરમાં સલામતી લાગવી જોઈએ. એને સલામતી મહેસૂસ થવી જોઈએ. માતા-પિતા અને બાળક વચ્ચેના સંબંધો હકારાત્મક હોવા જોઈએ. બાળકને હંમેશાં તથા સતત લાગવું જોઈએ કે તકલીફના સમયમાં મારા માતા-પિતા કે વડીલો મને સંભાળી લેશે. મને હૂંફ મળશે. મારી સમસ્યાનો યોગ્ય નિકાલ લાવી દેશે. સલામતીભર્યું વાતાવરણ અને સલામતીની ભાવના બાળકના વ્યક્તિત્વના વિકાસ માટે પાયાની જરૂરિયાત છે. સલામત બાળક દુનિયાને કે બહારથી આવનારી તકલીફોનો વ્યવસ્થિત રીતે સામનો કરી શકે છે.

**(૩) પોતાનું કાર્ય પોતે કરી લે :**

બાળકને પોતાના કાર્યો પોતે જાતે કરી લે એ માટે તાલીમ આપો. એના કામો માતા-પિતા કરી આપશે તો ચોક્કસ જલદી કામ થઈ જશે. જો બાળક કરવા બેસશે તો શરૂઆતમાં બાળકને સમય વધારે લાગશે. પણ થોડા સમય બાદ બાળક જાતે વ્યવસ્થિત કામ કરી લેશે અને માતા-પિતાનો બધો જ સમય બચી જશે. આ માટે માતા-પિતામાં ધીરજ હોવી જોઈએ.

બાળક જાતે ખાવાનું ખાઈ લે, સ્નાન કરી લે, કપડાં પહેરી લે, શુઝ પહેરી લે, દોરી બાંધી લે, પોતાનું હોમવર્ક (ઘરકામ) કરી લે, ટાઈમ ટેબલ પ્રમાણે પુસ્તકો ગોઠવી લે, પાઠ્યપુસ્તકો જાતે ખરીદી આવે વગેરે. બાળક જાતે પોતાનું કામ કરી લેશે તો એને જવાબદારી સમજાશે. એના આત્મવિશ્વાસમાં વધારો થશે.

**(૪) નિર્ણય શક્તિ (Decision Making) :**

બાળક મોટો થશે એટલે નિર્ણય શક્તિ પોતાની મેળે આવી જશે એવું નથી. નિર્ણય શક્તિનો સંચાર કે અભાવ માતા-પિતાના ઉછેર અને વલણ પર અવલંબે છે. નાનપણથી બાળકને પોતાના નિર્ણયો લેવા પ્રોત્સાહન આપો. બાળક માટે ફરવા જતા હોઈએ ત્યારે એનો નિર્ણય જાણી, એ પ્રમાણે ફરવા જઈએ. રમકડાં કે કપડાં ખરીદતી વખતે બાળકની પસંદગીને ધ્યાનમાં લઈ વસ્તુ ખરીદીએ. માતા-પિતાને જો કોઈ ફરક પડતો હોય તો તે કિંમતમાં છે. દુકાનદાર તથા બાળકને માતા-પિતા પોતાની મર્યાદા આપી દે. આ મર્યાદામાં બાળકને જે રમકડું / કપડાં ખરીદવા હોય એ ખરીદે. રંગ, ડિઝાઈન એને ગમે તે ડ્રેસ / રમકડું ખરીદે. માતા-પિતા જરૂરી સલાહસૂચન આપે પણ અંતિમ નિર્ણય તો બાળકનો જ હોવો જોઈએ.

આમ કરવાથી કોઈક વખત અયોગ્ય વસ્તુ આવી જાય તો બાળકને ઉતારી ન પાડીએ. બાળકને સમજ પડવી જોઈએ કે એ નિર્ણય કરે છે તો એના પરિણામ (સારા કે ખરાબ) સહન કરવાનું મનોબળ પણ કેળવે. બીજી વખત યોગ્ય નિર્ણય કરવા માતા-પિતા બાળકને પ્રોત્સાહિત કરે.

શાળાએ જતાં વિદ્યાર્થીઓ પાઠ્ય પુસ્તકો, બુક્સ જાતે ખરીદી આવે. જાતે પાઠ્ય પુસ્તકો પર પૂંઠા ચડાવી લે. આથી વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ પણ વધશે.

**(૫) નિર્ણયને અમલમાં મૂકવાની ક્ષમતા (Implementation) :**

બાળકે કરેલા નિર્ણયોને જાતે અમલમાં મૂકવાની તાલીમ બાળકોને આપવી જરૂરી છે. નિર્ણયોને અમલમાં મૂકવાના પગલાં વિશે બાળક વિચાર કરે. એ પગલાંઓની ક્રમવાર નોંધ કરે અને એ પ્રમાણે એક એક પગલું અમલમાં મૂકતો જાય. આમાં માતા-પિતા એને મદદ કરે પણ માતા-પિતા કામ કરી ન આપે. જ્યાં બાળક અટકે ત્યાં એ પગલાં પૂરતી માતા-પિતા મદદ કરે. ત્યાર પછીનું પગલું બાળક જાતે ભરે.

આથી બાળકમાં કાર્ય કરવાની હિંમત આવે છે. કાર્ય સફળતાપૂર્વક પૂરું થવાથી આનંદ અનુભવે છે. આત્મવિશ્વાસમાં વધારો થાય છે. કાર્ય કરવા માટેની ધીરજનો પણ સંચાર વ્યક્તિત્વમાં આવે છે. કોઈક વખત કાર્ય સફળતાપૂર્વક પૂરું ન પણ થાય તો એ નિષ્ફળતા પણ સ્વીકારવાની અને મનથી સહન કરવાની શક્તિનો સંચાર બાળકમાં થાય છે. બાળકને કાર્ય નિષ્ફળ જવાના કારણો વિશે વિચારવા દો. કારણો જાણી નવા પગલાં લેવા માટે બાળકને પ્રોત્સાહિત કરો.

**૬. કાર્યોની કદર / પ્રશંસા (Recognition, Appreciation) :**

બાળકો લાગણીશીલ હોય છે. એમની લાગણીની માતા-પિતા તથા વડીલોને સમજણ હોવી જોઈએ. બાળકોને પણ પોતાના ગમા-અણગમા હોય છે. માતા-પિતા, વડીલોએ આ પ્રત્યે સભાન રહેવું જરૂરી છે. બાળક અને માતા-પિતા વચ્ચેના પરસ્પરના સંબંધો માટે આ અગત્યનો મુદ્દો છે.

બાળકે જાતે કરેલાં કાર્યોની કદર કરવી જરૂરી છે. આથી બાળકમાં આત્મવિશ્વાસ વધે છે. બાળક વધુ કાર્યો કરવા તથા જવાબદારી લેવા પ્રેરાય છે. ઘણા માતા-પિતા તથા વડીલોમાં ખોટી ભ્રમણા હોય છે કે પ્રશંસા કરવાથી બાળક ફુલાઈ જશે અને પછી કાર્ય નહીં કરે. હકીકત આનાથી વિરુદ્ધમાં છે. જો કરેલા કાર્યોની માતા-પિતા યોગ્ય કદર નહીં કરે તો બાળકનો આ બધાં કાર્યોમાંથી રસ ઊડી જશે. આથી બાળક જાતે કાર્યો

*મહેનત વગર તંદુરસ્તી કે આનંદ મળતાં નથી.*

કરવાનું મૂકી દેશે. મહત્ત્વનું છે કે કરેલાં કાર્યોની યોગ્ય પ્રશંસા કે કદર કરો. ન કરેલાં કાર્યોની કે વધારે પડતી અયોગ્ય પ્રશંસા નહીં.

બાળકો ભૂલો પણ કરે છે. માતા-પિતા, વડીલ અને આપણે બધા જ ભૂલો કરીએ જ છીએ. આ ભૂલો બાળકને કેમ જણાવવી, ક્યારે જણાવવી, કેવી રીતે જણાવવી, જણાવતી વખતે બાળકનો તથા માતા-પિતા મૂડ કેવો છે વગેરે મુદ્દાઓ પર ધ્યાન આપવું જરૂરી છે. આ પણ એક કળા છે. શબ્દો તથા વાક્યોમાં યોગ્ય રીતે ભૂલ વ્યક્ત કરો. બાળકને ઉતારી ન પાડો. જેથી બાળકના આત્મસન્માનને ઠેસ ન પહોંચે અને બાળક મનથી પોતાની ભૂલ સ્વીકારી બદલવાનો મનથી પ્રયત્ન કરે.

બાળકની યોગ્ય પ્રશંસા કુટુંબીજનો, હિતેચ્છુઓ, એના મિત્રો વચ્ચે કરો પરંતુ ભૂલની જાણકારી બાળકને એકાંતમાં આપો.

### ૭. "ના" પાડતા શીખો :

બાળકની હંમેશાં માંગણીઓ હોય જ છે. બાળક જાતજાતની માંગણીઓ કરતું જ હોય છે. જે કાંઈપણ નવું જુએ એટલે એ બાળકને જોઈતું હોય છે. એક માંગણી પૂરી કરો એટલે બીજી માંગણી ઊભી જ હોય છે. માતા ના પાડે તો પિતા પાસે માંગણી કરે છે. એ બંને ના પાડે તો વડીલો, દાદા-દાદી પાસે માંગણી કરે છે. બાળક હોશિયાર છે. એને ખબર છે કે કયા વડીલ એની માંગણીઓ પૂરી કરશે. એટલે એ વડીલ પાસે જ માંગણીઓ કરે છે.

માતા-પિતા તથા વડીલોએ બાળકની અયોગ્ય તથા બિનજરૂરી માંગણીઓ પૂરી ન કરવી જોઈએ. મક્કમતાથી ના પાડવી જોઈએ. એક વડીલ ના પાડે ત્યારે બધા જ વડીલોએ ના પાડવી જોઈએ. બાળકને સમજ પડવી જોઈએ કે એક વડીલ ના પાડે છે તો બધા જ વડીલો ના જ પાડશે. માતા, પિતા કે વડીલોમાં બાળકો વિશે વિચારો તથા વર્તણૂકમાં મતભેદ ન હોવો જોઈએ. અને જો હોય તો બાળકોની ગેરહાજરીમાં ચર્ચા કરી એક નિર્ણય પર આવવું જરૂરી છે. પછી નક્કી કર્યા પ્રમાણેનું વલણ માતા, પિતા તથા બધા વડીલોએ મક્કમતાથી અપનાવવું જરૂરી છે.

ના પાડવાનું કે પોતાનું ધાર્યું ન થાય એ સંજોગો કે પરિસ્થિતિનો સામનો કરવાની ટેવ બાળકમાં પડશે અને બાળકની સહનશક્તિ વધશે. બાળક હતાશાની લાગણી સહન કરતા શીખશે તથા આવેગ પર કાબૂ મેળવતા શીખશે. બાળકના સ્વભાવમાં આ એક જમા પાસુ બનશે જે ભવિષ્યમાં બાળક માટે ઢાલરૂપી કામ આપશે.

### ૮. નેતૃત્વ લેવાની કળા (Leadership Quality) :

ભવિષ્યના પરિપક્વ વ્યક્તિત્વ માટે નેતૃત્વ લેવાની કળા બાળકમાં હોવી જોઈએ. નાનપણથી જો બાળક પોતાના નિર્ણયો પોતે લેતો હશે તથા અમલમાં મૂકતો હશે તો બાળકને નેતૃત્વ લેવા માટે સરળ થશે. કાર્યક્રમનું આયોજન કરી તે કાર્યક્રમને અમલમાં મૂકવા બાળકને આપો. દા.ત. આખા કુટુંબને બહાર ફરવા જવું છે, ક્યાં જવું છે, કઈ રીતે જવું છે (ટ્રેનમાં, બસમાં, પોતાની કારમાં વગેરે) એ માટેની ટિકિટો કઢાવવી, ઘરેથી કેટલા વાગે નીકળવું છે, કેટલા વાગે પાછા આવવું છે, ત્યાં જઈને શું કરવું છે વગેરે બાબતો બાળકો નક્કી કરે. અને બહાર જે દિવસે જવું છે એ દિવસે આ બધું અમલમાં મૂકે. હોટલમાં જમવું હોય તો કઈ હોટલમાં જવું છે, દરેક વ્યક્તિ માટે વેઈટરને ઓર્ડર આપે. ઓર્ડર પ્રમાણેનું બિલ તપાસી પૈસા પણ બાળક જ આપે. કાર્યક્રમની શરૂઆતમાં બાળકને પૈસા આપો અને એનો હિસાબ દિવસના અંતે ઘરે પાછા ફરો ત્યારે બાળક માતા-પિતાને આપે.

શરૂઆતમાં બાળક માતા-પિતાની દેખરેખમાં આ કાર્ય કરે. જો કોઈ ભૂલ થતી હોય તો માતા-પિતા બાળકને સમજાવી ભૂલને સુધારે. બાળક જોડે આ બાબત ચર્ચા કરી છેવટનો નિર્ણય બાળક કરે. કોઈક વખત ધારેલા આયોજનમાં અડચણો આવે તો એનો રસ્તો પણ બાળકને કાઢવા દો. બાળકને હંમેશાં મહેસૂસ થવું જોઈએ કે મારા માતા-પિતા મારી જોડે જ છે. કોઈપણ તકલીફમાં મને સાથ આપશે અને માર્ગદર્શન આપશે.

નેતૃત્વ લેવાથી બાળકમાં આત્મવિશ્વાસ વધશે. પૈસાની લેવડદેવડ કરવાથી તથા હિસાબ રાખવાથી બાળકને પૈસાની કિંમત સમજાશે. જવાબદારીનું જ્ઞાન થશે. પોતાના મિત્રોમાં જ્યારે સફળતાપૂર્વક આયોજન કરેલ તથા અમલમાં મૂકેલ કાર્યક્રમની જાણ કરશે ત્યારે મિત્રોમાં પણ બાળકનું માન વધી જશે. મિત્રો પણ એના અભિપ્રાયને મહત્ત્વ આપશે. આથી બાળકના આત્મવિશ્વાસમાં વધારો થશે.

### ૯. માતા-પિતાની વર્તણૂક (Role Model) :

બાળકની અવલોકન શક્તિ તેજ હોય છે. બાળક માતા-પિતાનું બારીકાઈથી અવલોકન કરતું હોય છે અને એ પ્રકારની વર્તણૂક પોતાના જીવનમાં અજાણપણે ઉતારતું હોય છે (identification). પિતા ગુસ્સાવાળા હોય, ગુસ્સો કરી પોતાનું ધાર્યું કામ બીજા કુટુંબીજનો પાસેથી કરાવી લેતા હોય તો બાળક પણ ગુસ્સાવાળો થશે. માતા-પિતા પોતાની લાગણીઓ વિશે કેટલા સભાન છે તથા કુટુંબની બીજી વ્યક્તિઓની લાગણીની દરકાર કરે છે એનું અવલોકન બાળક સતત કરતું હોય છે.

માતા-પિતા પોતાની લાગણીઓ પર કઈ રીતે કાબૂ મેળવે છે, નિરાશા, હતાશા, નિષ્ફળતાની લાગણીઓનો કઈ રીતે સામનો કરે છે, સમસ્યાનો હલ કઈ રીતે કાઢે છે એ જ પદ્ધતિ કે રીત બાળક અપનાવશે. આ બાબત માતા-પિતા અને વડીલોએ સાવચેત રહેવું જરૂરી છે. જે પ્રકારની વર્તણૂક માતા-પિતા બાળક તરફથી અપેક્ષા રાખે છે તે

*જે દિવસે તમે કોઈ સમસ્યાનો સામનો ન કરો ત્યારે માનવું કે તમે ખોટી દિશામાં જઈ રહ્યા છો.*

પ્રકારની વર્તણૂક માતા-પિતા પોતે કરે. તેમજ જે વર્તણૂક માતા-પિતા ઈચ્છે છે કે પોતાનું બાળક ન કરે તો એ જ વર્તણૂક માતા-પિતા પોતે ન કરે. કહેવત છે કે "કહેવા કરતાં કરવું ભલું" માતા-પિતા તથા વડીલો જાતે યોગ્ય વર્તણૂક કરી ધડો બેસાડે. બાળક અજાણપણે પણ એ જ પ્રકારની વર્તણૂક કરશે.

**૧૦. અયોગ્ય સરખામણી (Comparison):**

માતા-પિતા તથા વડીલો બાળકની સરખામણી અન્ય બાળક જોડે કરતા જ હોય છે. બાળકની આ સરખામણી હંમેશાં એનાથી ચડિયાતા કે વધારે હોશિયાર બાળક જોડે જ થતી હોય છે. "જો આ બાળક ભણવામાં કેટલો હોશિયાર છે. તું એની જેમ ભણ અને વધારે માર્કસ મેળવ." તારા નાના ભાઈ/બહેન ભણવામાં આગળ છે, તારાથી 'સ્માર્ટ' છે. એમની પાસેથી કાંઈક શીખ. આ અયોગ્ય સરખામણી નિરર્થક છે. માતા-પિતા કે વડીલો આ પ્રકારની સરખામણી કરી બાળકના આત્મસન્માનને ઠેસ પહોંચાડે છે. આડકતરી રીતે બાળકનું અપમાન કરે છે.

આ જ બાળક જો પોતાના માતા-પિતાની કે વડીલોની સરખામણી એમનાથી આગળ રહેલી વ્યક્તિ જોડે કરશે, મૂકેશ અંબાણી જોડે કરશે, રાજકીય નેતા, રાજ્યના પ્રધાન કે મંત્રી જોડે કરશે તો માતા-પિતા કે વડીલોને કેવું લાગશે? સરખામણી બાળકથી ઉતરતા અન્ય બાળક જોડે કેમ નહીં?

માતા-પિતા અને વડીલોનો હેતુ હોય છે કે બાળક અભ્યાસમાં આગળ આવે, વધારે મહેનત કરે. હેતુ સારો છે, યોગ્ય છે. પરંતુ કહેવાની રીત/પદ્ધતિ અયોગ્ય છે, નકારાત્મક છે. બાળકને કહી શકાય કે "બેટા, તું મહેનત કરે છે એ યોગ્ય છે પરંતુ થોડીક વધારે મહેનત કરીશ તો પરિણામ સારું આવશે." આમાં માતા-પિતા બાળકના કરેલા કાર્યની / મહેનતની નોંધ લે છે અને હકારાત્મક બાજુથી પ્રોત્સાહન આપે છે.

**૧૧. માતા અને પિતા વચ્ચે / અથવા માતા-પિતા અને અન્ય વડીલો વચ્ચે વિચારોનો મતભેદ :**

બાળકોના ઉછેર તથા અન્ય ઘણી બાબતોમાં માતા અને પિતા વચ્ચે વિચારોનો મતભેદ થતો હોય છે. ઘણી વખત ચકમક થાય છે અને કૌટુંબિક વાતાવરણ તંગ થાય છે. આની બાળમાનસ પર ઊંડી નકારાત્મક, વિપરીત અસર થાય છે. ઘરનું વાતાવરણ બાળક માટે અસલામતીભર્યું રહે છે. ઘણી વખત બાળકને માતા-પિતા પોતાનો હાથો બનાવે છે. વિચારોના મતભેદ વખતે કે ઝઘડા વખતે પોતાના પક્ષમાં ખોટી રીતે લેવા પ્રયત્ન કરે છે. બાળકને પૂછે છે કે કોણ સાચું છે અથવા તું કયા પક્ષમાં છે. બાળક મૂંઝવણભરી પરિસ્થિતિમાં આવી જાય છે. માતાનો પક્ષ લે તો પિતા નારાજ થાય અને પિતાનો પક્ષ લે તો માતા નારાજ થાય.

માતા અને પિતા વચ્ચેના વિચારોનો મતભેદ બાળકની હાજરીમાં બહાર ન આવવા જોઈએ. બાળકની ગેરહાજરીમાં અથવા માતા અને પિતા એકલા હોય ત્યારે આ વિશે ચર્ચા કરી યોગ્ય નિર્ણય પર આવવું ખૂબ જ જરૂરી છે. બાળકને હર સમયે મહેસૂસ થવું જોઈએ કે માતા-પિતા એક જ છે.

આ જ પ્રમાણે માતા-પિતા તથા સંયુક્ત કુટુંબમાં રહેનારા અન્ય વડીલો (દાદા-દાદી, કાકા-કાકી વગેરે) વચ્ચેના વિચારોના મતભેદ બાળકોની હાજરીમાં ચર્ચાવા ન જોઈએ. બાળકોની ગેરહાજરીમાં વડીલો આપસમાં સમજી લે.

માતા અને પિતા તથા વડીલો વચ્ચે બાળઉછેર વિશે એકમત હોવું અગત્યનું છે. બાળકના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે આ બાબત જરૂરી છે.

*'મંગલ મંદિર' : ઓગસ્ટ-૨૦૦૮*

## સાચી જોડણી, સાચી સંસ્કૃતિ...

**(અનુસંધાન : પાના નં.-૧૦૧ ઉપરથી ચાલુ)**

કરવો જ હોય તો પણ, સર્વગ્રાહી નિર્ણય અને નિયમ બને ત્યાં સુધી પ્રતીક્ષા કરવી જ જોઇએ. અત્યારે કેટલાંક સામયિકો ઉંઝા-જોડણી મુજબ છપાય છે. કેટલાક લોકો ઉંઝાજોડણી પ્રમાણે લખવા માંડ્યા છે. આ ઉતાવળ ખોટી છે. વિરોધ સાચો હોય અને તેનો ઉદ્દેશ સારો હોય તો પણ વ્યવસ્થા ખોરવાઇ જાય એવો રઘવાટ તો ના જ કરવો જોઇએ.

કોઇ વિદ્યાર્થી, પરીક્ષામાં કઇ જોડણીમાં જવાબો લખવા એવું પૂછે તો શિક્ષક શું કહેશે?

કોઇપણ પરિવર્તન વ્યવસ્થાને સંગીન કરનારું હોય, કોઇ પણ ફેરફાર વ્યવસ્થાને સુરક્ષિત કરનારો હોય એ અનિવાર્ય છે. આપણે બાર સ્વરો સ્વીકારેલા હતા. એમાં વિવૃત્ત 'ઍ' અને 'ઑ' ઉમેરવાનું આવશ્યક છે. ચોરી અને ચૉરી, ગોળ અને ગૉળ જેવા શબ્દોમાં માત્ર વ્રિવૃત 'ઑ' ના કારણે થતો અર્થભેદ સ્પષ્ટ છે. આમ હોય ત્યારે નવા બે સ્વર સ્વીકારવા જ પડે. એમ કરવાથી વ્યવસ્થા વધુ તંદુરસ્ત બને છે.

ફાધર વાલેસે 'ભાષા જાય તો સંસ્કૃતિ જાય' નામનો એક લેખ લખ્યો છે. તેમાં તે લખે છે કે ભાષા જાય ત્યારે માત્ર ભાષા જ નથી જતી, એની સાથે સંસ્કૃતિ પણ જાય છે. ગુજરાતી ભાષા જાય તો બહેનના કંઠેથી વહેતું હાલરડું પણ જાય અને માતાની સાડી પણ જાય. નવાં વસ્ત્રો અને નવાં ગીતો આવે, પણ એમાં ગુજરાતીપણું નહિ હોય.

પરંપરાને વળગી રહેવું એ જડતા કહેવાય, તો આડેધડ ફેરફારો કરવા એ પણ તોછડાઇ અને અવિવેક કહેવાય.

પરંપરાય અગત્યની નથી અને પ્રયોગ પણ અગત્યનો નથી. અગત્યની છે ગુજરાતી ભાષા. મહત્વની છે ગુજરાતી સંસ્કૃતિ.

એનું જતન કરવાની જવાબદારી નિભાવીએ. એ ધર્મ છે.

*'મંગલ મંદિર' : ઓક્ટોબર-૨૦૦૭*

*અગ્નિ સોનાને પારખે છે અને આપત્તિ સાહસિકોને.*


# સ્પોન્ડીલોલીસ્થેસિસ

• ડૉ. દિલીપ કે. પેથાણી •

સ્પોન્ડીલોલિસ્થેસીસ એટલે એક મણકાનું બીજા મણકા પર ખસવું.

આ મણકો ખસવાની તકલીફો માટે નીચેના બે ભાગ સામાન્ય રીતે વધારે જવાબદાર છે.


Pars Inter Articularis (PIA) અને Facet Joint.




(**A**) **પાર્સ ઈન્ટર આર્ટિક્યુલારિસ** (**PIA**) : એ એક Bony segment છે. જેમાં ફ્રેક્ચર થવાથી અથવા જન્મજાત વધારે લાંબો વખત હોવાથી એક મણકો બીજા મણકા પર ખસે છે.

(**B**) **Facet Joint :** માં ઘસારો થવાથી અથવા તેમાં જન્મજાત ખોટ રહેવાના કારણે મણકો ખસે છે.

સામાન્ય રીતે મણકો ખસવાની તકલીફ કમરના મણકામાં વધારે થાય છે. જૂજ કિસ્સામાં આવી તકલીફ અન્ય મણકામાં પણ જોવા મળે છે. સામાન્ય રીતે આ તકલીફ નાની ઉંમરે ૧૪થી ૧૬ વર્ષની આસપાસ શરૂ થતી જોવા મળે છે.




મણકાના ખસવાના લીધે રોજિંદી પ્રવૃત્તિ દરમ્યાન મણકાની અસ્થિરતા વધતી જાય છે. જેના લીધે કરોડરજ્જુ પર દબાણ આવે છે. ઉપરાંત spinal nerves ઉપર પણ દબાણ આવે છે. (આ દબાણ મણકામાંથી બહાર નીકળતી વખતે (in spinal foramina) તેમજ મણકાની બહાર સ્નાયુઓમાં પણ આવે છે.) જેના લીધે કમરનો દુઃખાવો, નીચે પગ સુધી ઉતરતો દુઃખાવો, સ્નાયુમાં નબળાઈ (power weakness) વગેરે ચિહ્નો જણાય છે.

(**C**) **Degenerative spondylolysthesis :**
કમરમાં અને ગરદનમાં વધારે હલનચલન થવાથી આ લેવલ પર ઘસારો વધારે થાય છે. એક મણકો બીજા મણકા પર ખસે છે અને તેના કારણે કમરનો દુઃખાવો થાય છે. આ તકલીફ સામાન્ય રીતે ૫૦ વર્ષની આસપાસની ઉંમરની સ્ત્રીઓમાં વધારે જોવા મળે છે. રોજબરોજની ઘરગથ્થુ પ્રવૃત્તિ દરમ્યાન સ્ત્રીઓને મણકાની ક્રિયાશીલતા વધારે હોવાથી ઘસારો વધારે થાય છે અને કમરનો દુઃખાવો થાય છે.

(**D**) **Pathologic spondylolysthesis :**
Osteogenesis imperfecta, osteomalacia, achondro plasia, secondary bony deposits વગેરેના લીધે પણ ઘણીવાર મણકો ખસવાની તકલીફ થાય છે.

### S.I. Jointના કારણે થતો દુઃખાવો

કમરના નીચેના ભાગે આવેલા પૂઠના મણકાઓ (Sacro-coccygeal vertebra) થાપાના હાડકા સાથે જોડાયેલ હોય છે. આ સાંધાને (Sacroillac joint-SI Joint) કહે છે.





*ગુલામ માનસિકતા છોડી સાંસ્કૃતિક આઝાદી ક્યારે લેશો?*

**SI Jointમાં ગર્ભાવસ્થા દરમ્યાન થતો દુઃખાવો :**

ગર્ભાવસ્થા (પ્રેગ્નન્સી)ના છેલ્લા ત્રણ મહિના દરમ્યાન બર્થ કેનાલને મોટી કરવા માટે SI જોઈન્ટના વિવિધ સ્નાયુઓ વધારે રિલેક્સ થાય છે. ગર્ભાવસ્થા, પ્રસૂતિ દરમ્યાન અને પ્રસૂતિ બાદ આ રિલેક્સ થયેલા સ્નાયુઓ સામાન્ય ઈજા અથવા વધારે પ્રવૃત્તિના લીધે ખેંચાય છે અને કમરનો દુઃખાવો થાય છે. આ તકલીફમાં આરામ અને દવાઓથી ઘણી રાહત થાય છે. હળવી કસરત (યોગ્ય માર્ગદર્શન હેઠળ) તેમજ આરામ વડે ધીમે ધીમે સ્નાયુઓ પૂર્વવત સ્થિતિમાં આવે છે. કોઈ કિસ્સાઓમાં પ્રસૂતિ બાદ દુઃખાવો વધારે રહેતો હોય, દવાઓ વડે આરામ ન થતો હોય તો ઈન્ટ્રાઆર્ટિક્યુલર સ્ટીરોઈડ્ઝ આપવાથી રાહત થાય છે.

***પ્રૌઢાવસ્થા દરમ્યાન :*** ૪૫-૫૦ વર્ષની ઉંમર આસપાસ SI Jointની આગળની જે કેપ્સ્યુલ હોય છે તેમાં ossicifation થાય છે. જેના લીધે કમર દુઃખે છે.

ઊંચાઈએથી પડવાના કારણે, વાહન અકસ્માત દરમ્યાન Pelvic Ringમાં ફ્રેક્ચર થવાથી સ્નાયુ ખેંચાય છે અને કમરનો દુઃખાવો થાય છે.





વિવિધ ઓર્થોપેડિક સર્જરી દરમ્યાન ગ્રાફ્ટની (માવો મૂકવો) જરૂરિયાત ઊભી થાય છે. જે સામાન્ય રીતે થાપાના હાડકાની ઉપરની કિનારી પરથી લેવામાં આવે છે. આ પ્રક્રિયા દરમ્યાન કોઈક વખત iliolumber ligamentને ઈજા પહોંચે છે. આ ligament SI જોઈન્ટની સ્થિરતા / મજબૂતાઈ માટે ઘણો અગત્યનો છે. આ ઈજાને લીધે ઘણી વખત કમરનો દુઃખાવો થાય છે.

SI Jointમાં થતા ચેપના લીધે (tuberculous, pyogenic) પણ કમરનો દુઃખાવો થાય છે.


Ankylosing spondylitis, intestinal arthropathy, Reiter's disease, psoriasis વગેરેમાં પણ SI Jointમાં સોજા (Inflammation)ના લીધે કમરની તકલીફ થાય છે.

## ગાદીની તકલીફ (Disc Problem)

ટ્રાવેલિંગ, વધારે વજન ઊંચકવું, ઈજા તેમજ કુદરતી રીતે થતા ઉંમરના ઘસારાને કારણે ગાદીમાં રહેલા વિવિધ ભાગો તેના




ગુણધર્મો ધીમે ધીમે ગુમાવે છે. કાર્ટિલેજ પ્લેટ ફાટવી, એન્યુલર ફાઈબર તૂટવા તેમજ ન્યુક્લિયસની રિજનરેશનની કેપેસિટી ઘટવાના કારણે ગાદી તેની આંચકા શોષવાની ક્ષમતા ગુમાવે છે. એન્યુલર ફાઈબર તૂટવાના કારણે વચ્ચેનું ન્યુક્લિયસ (જે




Expansile property ધરાવે છે) તે કેનાલમાં દાખલ થાય છે અને કરોડરજ્જુ તેમજ સ્પાઈન નર્વ્ઝ પર દબાણ કરે છે. આ દબાણ લાંબો સમય રહેવાથી કરોડરજ્જુનું લોહીનું પરિભ્રમણ (Blood circulation) ધીમે ધીમે ઓછું થતું જાય છે. અપૂરતા પોષણના લીધે ડિજનરેટિવ ચેન્જીસ (નસ સૂકાવી) થાય છે.

પરિણામે દર્દીને સંલગ્ન અવયવમાં દુઃખાવાની, ઝમઝમ થવું (tingling), લાંબુ ચાલવાથી દુઃખાવો (Claudication), નબળાઈ લાગવી (muscle power weakness), બહેરું થઈ જવું (Numbness), લાંબો સમય ઊભું ન રહી શકવું વગેરે ફરિયાદ કરે છે. સાયેટિકા નર્વ્ઝના રૂટ કમ્પ્રેશનના લીધે થતા ચિહ્નો જે પગમાં જણાય છે તેને સાયેટિકા (રાંઝણ) કહેવામાં આવે છે.

સ્પાઈનલ કોર્ડ અને નર્વ્ઝમાં દબાણ લાંબો સમય રહેવાથી નસ સૂકાવાના પરિણામે ઘણી વખત ઝાડા-પેશાબ પરનો કન્ટ્રોલ (loss of bowel / bladder control) જતો રહે છે.

આ ખસેલી ગાદી (PID - Prolapsed intervertebral disc) ઉપરાંત Osteophytes (Bony growth), Hypertrophy of ligamentum flavumના લીધે spinal canal સાંકડી થાય છે. તેને canal stenosis કહે છે. જેમાં પણ ઉપર જણાવેલા ચિહ્નોની શરૂઆત થાય છે.

***'મંગલ મંદિર' : ઓગસ્ટ-૨૦૦૮***

*સફળતા માટે સ્વભાવમાં ધીરજ હોવી જોઈએ.*

# ઓબેસિટી (મેદસ્વીપણું)

• ડૉ. નીતુબહેન પરીખ, એમ.ડી. (મેડિસીન) •

શરીરમાં ચરબીનું પ્રમાણ વધવાથી જ્યારે વજન વધે છે તેને મેદસ્વીપણું કે ઑબેસિટી કહેવાય.

શરીરમાં આદર્શ વજનનો આધાર ઊંચાઈ, શરીરના કદ, માપ અને જાતિ પર આધાર રાખે છે.

- **વધારે વજન માપવાના માપદંડ :**
- ❑ ઊંચાઈ પ્રમાણે શરીરનું વજન.
- ❑ વજનકાંટો
- ❑ બોડી માસ ઈન્ડેક્સ (બી.એમ.આઈ.)
- ❑ વેઈસ્ટ ટુ હીપ રેશિયો
- ❑ પેટનો ઘેરાવો - ડુંટી પરથી
- ❑ બોડી કમ્પોઝીશન એનાલીસીસ

- **વજન વધવાના કારણો :**
- ❑ વારસાગત
- ❑ બેઠાડું જીવન
- ❑ ખાવા-પીવાની અનિયમિતતા
- ❑ હાઈ કેલેરીવાળો ખોરાકનું વધુ પ્રમાણ.
- ❑ કસરતનો અભાવ
- ❑ એન્ડોક્રાઈન (હોર્મોન્સ) ફેક્ટર
- ❑ વ્યસનો
- ❑ દવાઓની આડઅસર.

- **મેદસ્વીપણું અને રોગો :**

વધારે વજન ઘણા રોગોને આમંત્રણ આપે છે :

- ❑ હાઈ બ્લડપ્રેશર
- ❑ ડાયાબિટિસ
- ❑ હૃદયરોગ
- ❑ બ્લડમાં ઊંચું કોલેસ્ટેરોલનું પ્રમાણ.
- ❑ મગજનો લકવો (પેરાલિસીસ)
- ❑ ઈનફર્ટિલિટી (બાળક ન થવા)
- ❑ ફેફસાંની તકલીફ (શ્વાસ લેવામાં રાત્રે તકલીફ પડે - નસકોરા બોલે) (ઑબેસિટી હાઈપોવેન્ટીલેશન સિન્ડ્રોમ)
- ❑ બેક પેઈન (કમરનો દુઃખાવો)
- ❑ ઢીંચણનો દુઃખાવો, પગની પાનીનો દુઃખાવો
- ❑ પિત્તાશયમાં પથરી
- ❑ લીવર પર સોજો
- ❑ આંતરડાનું કેન્સર

- **વજન કેવી રીતે ઘટાડી શકાય?**

સૌથી જરૂર હોય તો મોટીવેશન - મનની મક્કમતા. શરીર ઘટાડવું છે અને ઘટી જશે એવું વિચારો તો એ શક્ય છે. ત્યારબાદ જરૂરી પ્રયાસો કરવા.

વજન ઘટાડવા માટે ત્રણ વસ્તુની જરૂર પડે છે.

- ❑ ખોરાકમાં નિયંત્રણ
- ❑ કસરત
- ❑ દવા

આનો અર્થ ઓછી કેલેરીવાળું ખાવું, ચરબીવાળો ખોરાક ટાળવો અને સાથે કસરત કરવી. જરૂર પડે તો દવા લેવી. ડૉક્ટરની દેખરેખ હેઠળ.

- **વજન ઘટાડવા આહારની પસંદગીઃ**

દિવસમાં ૫૦૦ કેલેરી ઓછી ખાવાથી એક અઠવાડિયામાં ૫૦૦ ગ્રામથી એક કિલો વજન ઓછું થાય છે.

- **નીચેનો ખોરાક ઉપયોગમાં લેવો :**
- ❑ ઓછી ચરબીવાળું અથવા મલાઈ વગરનું દૂધ
- ❑ પનીર, દહીં
- ❑ બાફેલાં કઠોળ
- ❑ કાચાં ફળ
- ❑ સલાડ
- ❑ શેકેલું અથવા બાફેલું અનાજ.

- **નીચેનો ખોરાક ઉપયોગમાં ન લેવોઃ**

માખણ, ચીઝ, મીઠાઈ, કેક, તળેલા નાસ્તા, ભાત, આઈસ્ક્રીમ, ચોકલેટ.

- **કસરત :**

રોજ ૪૦-૪૫ મિનિટનો સમય કસરત પાછળ ફાળવો.

*કસરતમાં* :

- ❑ સાઈકલીંગ
- ❑ ચાલવાનું - ફાસ્ટ વોકિંગ
- ❑ એરોબિક્સ
- ❑ ટ્રેડ મિલ
- ❑ રોઈંગ
- ❑ યોગ
- ❑ સ્વિમિંગ

ડોક્ટરની સલાહ મુજબ કસરત કરવી.

- **દવા :**

ઘણીવાર વજન એટલું વધારે હોય કે કસરત, ડાયેટ કન્ટ્રોલ સાથે દવાની પણ જરૂર પડે. તો દવા લઈ શકાય.

- **દવા શું કામ કરે છે?**
- ❑ ખોરાક ખાવાની લાલસા ઘટાડે છે.
- ❑ ખોરાક લીધા પછી પેટ ભરાઈ જવાનું સિગ્નલ મગજને જલદી પહોંચાડે છે.
- ❑ શરીરમાં ચરબીનું એબ્સોર્પ્શન ઘટાડે છે.

આમ, વજન ઉતારવું જરૂરી છે.

સહેલું નથી પણ અશક્ય પણ નથી.

આજે મહેનત કરશો તો ઘણા રોગો અટકાવી શકશો.

*'મંગલ મંદિર' : સપ્ટેમ્બર-૨૦૦૮*

*જે નિષ્કામ હોય છે તે તત્પરતાપૂર્વક પોતાના કર્તવ્યનું પાલન કરી શકે છે.*

સંસ્થા / વ્યક્તિ વિશેષ / જીવન ચરિત્ર

## કન્યા કેળવણીના કર્ણધાર
# દાનવીર ડોસાભાઈ લાલચંદ શેઠ

• પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી •

*શતેષુ જાયતે શૂર*
*શહસ્ત્રેષુ ચ પંડિતઃ*
*વક્તા દશ સહસ્ત્રેષુ*
*દાતા ભવતી વા ન વા.*

શૂર મળે, વક્તા મળે, પંડિત મળે પણ દાતા તો જન્મ લે યા ન લે. કચ્છની ધરતી શૂરા, સંત અને દાનવીરોની ધરતી છે. દર સદીમાં એકાદ જગડુશા દાતાર, ડોસાભાઈ લાલચંદ, ગોકળદાસ તેજપાળ કે ગોકુળદાસ મસ્કતવાળા પાકે છે.

કોઈ ધર્મ ધ્યાન પાછળ દાન આપે છે, કોઈ કીર્તિ મળવા દાન આપે છે. પરંતુ કર્તવ્ય સમજીને અને જ્યારે કચ્છમાં કન્યા કેળવણી ક્ષેત્રે નિરાશા અને અંધકાર વ્યાપ્ત હતો ત્યારે ઈંદિરાબાઈના કુખે બે પુત્ર રત્ન પાક્યા : ડોસાભાઈ લાલચંદ અને કરમચંદ લાલચંદ.

પ્રાથમિક, માધ્યમિક અને કૉલેજ કલા, સ્વાસ્થ્ય ક્ષેત્રે તેમજ પોતાના જ્ઞાતિબંધુને સ્વમાનભેર રોટી મેળવવામાં આ બંને બંધુઓએ પોતાની તિજોરીના દ્વાર ખુલ્લા મૂકી દીધા હતા.

સ્વ. ડોસાભાઈ લાલચંદનો જન્મ કચ્છી સંવત ૧૯૩૯ના અષાઢ સુદ-૫ ના થયો હતો અને તા. ૧-૨-૧૯૫૫ના કલકત્તામાં તેમનું નિધન થયું.

સ્વ. ડોસાભાઈ સ્વપુરુષાર્થે આગળ આવ્યા અને શ્રીમંતાઈના શિખરે પહોંચ્યા. તેઓ ગર્ભશ્રીમંત ન હતા પણ પોતાની મહેનત, નિષ્ઠા, પ્રામાણિકતા તથા કોઠાસૂઝથી એક ગુમાસ્તામાંથી દાતા બન્યા.

ડોસાભાઈના જન્મનો પ્રારંભ કપરી રીતે થયો. તેમણે બાળપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવી. આર્થિક ચિંતા કોરી ખાવા લાગી. બાળપણમાં ડોસાભાઈએ દૂધવાળા પાસે નોકરીની શરૂઆત કરી. થોડી ઉંમર થતાં મુનીમ થયા. પછી નસીબ અજમાવવા કલકત્તા ગયા. ત્યાં પણ શરૂઆત સાદી નોકરીથી કરી. યુરોપિયનોના સંપર્કથી તેમણે પોતાના સંપર્ક વધારવા લાગ્યા. નોકરી છોડી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. કિસ્મતે યારી આપી. ધનની રેલમછેલ થવા લાગી.

તેમને તેમનું વહાલું વતન યાદ આવ્યું. યાદ આવી નિરક્ષર બહેનોની વિટંબણા. બહેનો નિરક્ષર હોવાથી અંધશ્રધ્ધા, વહેમ વગેરે ઘર ઘાલી ગયા હતા.

તેમણે રૂા. ૧૬,૦૦૦/-નું મકાન તથા રૂા. ૮૪,૦૦૦/-ની રોકડ તથા સિક્યુરિટિઝ એમ બંને મળીને રૂા. એક લાખ રાજ્યને આપ્યા. કાયમી રીતે ઈન્દ્રાબાઈ કન્યા વિદ્યાલય તથા ઈન્દ્રાબાઈ ગર્લ્સ સ્કૂલ ચલાવવા. તેમણે શરત મૂકી કે આ શાળાની કન્યાઓ ફી નહીં ભરે. સરકારે આ શરતને માન્ય રાખવી પડી. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ ગુજરાતમાં કન્યા કેળવણી, સાર્વત્રિક રીતે મફત કરવાનું પગલું તો ત્યારબાદ લગભગ ચાર દાયકા પછી લીધું. ડોસાભાઈનું કેવું દૂરંદેશીપણું!! ઈન્દ્રાબાઈ કન્યા વિદ્યાલયનો પ્રારંભ ઈ.સ. ૧૯૩૩થી થયો છે.

સાત-આઠ દાયકા પહેલાંની કલ્પના આજે ન આવે. તે જમાનામાં કન્યાને કેળવણી મળે એવી વાત કરનારને સમાજનો ખોફ વહોરવો પડતો. શિક્ષિકા તરીકે કોઈ બહેન પણ ભાગ્યે જ મળે. અને આવી કોઈ સંસ્થા ચલાવવાનું કામ અતિ વિકટ હતું. એવે સમયે સ્વ. ડોસાભાઈ લાલચંદ તથા સ્વ. કરમચંદ લાલચંદ પોતાના માતુશ્રી ઈન્દ્રાબાઈની સ્મૃતિમાં ભુજમાં પ્રાથમિક શાળા શરૂ કરી. "શ્રુતિ અને સ્મૃતિ : કચ્છ" પુસ્તકમાં શ્રી કુંદનલાલભાઈ ધોળકિયાએ નોંધ્યું છે તેમ, "સ્વ. ડોસાભાઈ ભુજનું બહુમૂલ્ય રત્ન છે. એવો પુણ્યશાળી આત્મા અને તેની દાનવૃત્તિ એ ભુજની એક જીવંત ગાથા છે." તેમણે શિક્ષિકા માટે નજર દોડાવી. સ્વ. ગીજુભાઈ બધેકાના સહકારથી ધ્રાંગધ્રાના વતની એવા મનુબહેન મકવાણાને ભુજ મોકલવામાં આવ્યા અને સ્વ. મનુબહેને ૩૬ વર્ષ સુધી ભુજમાં અનેક પડકાર ઝીલી, અનેક વિટંબણાઓ સહન કરી, ભુજમાં કન્યાશાળાનું સંચાલન કર્યું. એમનો વિદ્યાર્થિનીઓ પરત્વેનો પ્રેમ અનન્ય હતો.

તા. ૨૮-૬-૧૯૪૯થી ભુજમાં, ડોસાભાઈ લાલચંદના દાનથી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ શરૂ થઈ છે. ડોસાભાઈ હીરાના પારખુ હતા. તે વખતે પણ તેઓ કુમારી સાવિત્રીબહેન ભટ્ટને ભુજ લાવી શક્યા. સાવિત્રીબહેને પણ લગભગ એક દાયકા સુધી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલનું સુંદર સંચાલન કરી ઉમદા પ્રણાલી ઊભી કરી હતી. આ ગર્લ્સ હાઈસ્કૂલની બહેનો સમાજમાં ઉચ્ચ સ્થાને રહી છે.

રોટરી ક્લબ - ભુજની અરજીથી મહારાઓશ્રી વિજયરાજજીએ જમીન ભેટ આપતાં ડોસાભાઈએ કોરી ૨૧,૨૯૬ ખર્ચી વાણિયાવાડ નાકા બહાર પોતાના પૂજ્ય માતુશ્રીની સ્મૃતિમાં ઈન્દ્રાબાઈ પાર્ક ઊભો કર્યો (તા. ૦૬-૦૯-૧૯૪૭)

સાઠ હજાર કોરીનું દાન આપી ડોસાભાઈ તથા કરમચંદભાઈએ જૈન મહાજનવાડી તૈયાર કરી જ્ઞાતિને ભેટ આપી. ઉપરાંત કોરી બે હજાર નિભાવ માટે પણ આપી હતી (તા. ૦૧-૦૨-૧૯૪૧)

બહેનોને પ્રસૂતિ સમયે અણઘડ દાઈ

*કોઈને મદદ કરીએ એને ઉપકાર નહિ પણ ફરજ નિભાવી કહેવાય.*

કે અન્ય કોઈ નીમ હકીમનો ભોગ ન બનવું પડે એ માટે ડોસાભાઈએ પોતાના પત્ની કંકુબહેનની સ્મૃતિમાં જયુબિલી હૉસ્પિટલમાં કોરી ૬૫,૦૦૦નું દાન આપી પ્રસૂતિ ગૃહ શરૂ કરાવ્યું. ભવિષ્યમાં ક્યારેય પણ આ પ્રસૂતિ ગૃહ અન્ય ખસેડવું નહીં એવી શરત મૂકી. (અષાઢ સુદ ૨, સંવત ૧૯૯૫)

પ્રાથમિક શાળા તથા ગર્લ્સ હાઈસ્કૂલ શરૂ થયા બાદ ડોસાભાઈને ભુજમાં કૉલેજ થાય તેવી ઈચ્છા થઈ. રામજી રવજી લાલન તરફથી દાન મળ્યા છતાં વધુ દાન મેળવવા ડોસાભાઈ મુંબઈના બહુમાળી મકાનોના દાદરા ચઢ્યા અને વધુને વધુ દાન મેળવવા સફળ થયા. એ અરસામાં કલકત્તાથી તેમના સ્વજનની બીમારીના વાવડ મળ્યા. તેમણે કહ્યું, "ઉત્તમ મેડિકલ સહાય અપાવો. અત્યારે હું કચ્છના ઉચ્ચ શિક્ષણના મહત્ત્વના કાર્યમાં પરોવાયો છું."

કચ્છમાં એક પણ લૉ કૉલેજ ન હતી. ડોસાભાઈના ધર્મપત્ની રંભાબહેને એક લાખ રૂપિયાનું દાન આપ્યું અને ભુજમાં પીપલ્સ ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ ડોસાભાઈ લાલચંદ લૉ કોલેજ, તા. ૧૫-૬-૧૯૬૯થી શરૂ થઈ.

રંભાબહેને ભુજની કોમર્સ કોલેજમાં વધુ ઓરડા માટે રૂા. ૩૫,૦૦૦/-નું દાન જાહેર કર્યું છે. તેમના નામે "રંભાબહેન ડોસાભાઈ લાલચંદ ઉદ્યાન" પણ સંસ્થાએ શરૂ કર્યો છે. જૈન બહેનો સ્વાશ્રયી થાય એ માટે એમના દાનથી "ડોસાભાઈ લાલચંદ જૈન સીવણગૃહ" ચાલે છે.

રંભાબહેનના દાનથી તા. ૦૨-૧૦-૧૯૮૨થી ભુજમાં પ્રભુદાસ ડોસાભાઈ હોમિયોપેથિક દવાખાનું પણ શરૂ થયેલ છે.

ડોસાભાઈનું તા. ૦૧-૦૨-૧૯૫૫ના રોજ કલકત્તામાં દુઃખદ અવસાન થયું. કચ્છે એક કન્યા કેળવણીનો ભેખધારી દાનવીર ગુમાવ્યો. તા. ૨-૨-૧૯૫૫ના રોજ જૈનો તથા તેમજ સમગ્ર ભુજમાં તેમના માનમાં બંધ પાડવામાં આવેલ. ભુજના નગરપતિ શ્રી ઉમિયાશંકરભાઈ ગોરના પ્રમુખપણા હેઠળ એક જાહેર શોકસભા યોજવામાં આવી હતી. ચીફ કમિશનર ડૉ. બિહારીલાલ અંતાણી, લવજી લખમશી ઠક્કર વગેરેની હાજરીમાં શોક ઠરાવ પસાર કરાયો હતો. શેઠ કરમચંદ લાલચંદનું તા. ૧૮-૮-૧૯૬૫ના રોજ અવસાન થયું. શેઠ પ્રભુલાલ ડોસાભાઈનું તા. ૨૨-૧-૧૯૬૭ના ભુજમાં દુઃખદ અવસાન થયેલ છે.

ડોસાભાઈ તથા કરમચંદભાઈ કચ્છી પ્રજાકીય પરિષદની કાર્યવાહીમાં પણ સક્રિય ભાગ લેતા હતા. મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાના અવસાન બાદ યુવરાજશ્રી વિજયરાજજી ગાદીનશીન થયા ત્યારે ડોસાભાઈને પરિષદના અગ્રીમ કાર્યકર તરીકે તાજપોષીમાં હાજરી આપવા આમંત્રણ આપવામાં આવ્યું હતું.

સંવત ૧૯૯૭, ચૈત્ર વદ-૩, તા. ૧૪-૪-૧૯૪૧ના રોજ શ્રી લાલચંદ થાવર જૈન મહાજનવાડી નાતને અર્પણ કરવામાં આવી છે.

ભુજ નગરપાલિકાએ ડોસાભાઈની સ્મૃતિ કાયમી કરવા ડોસાભાઈ લાલચંદ માર્ગ નામકરણ કરેલ છે. નગરપાલિકાએ તા. ૦૧-૦૩-૧૯૮૭ના રોજ શેઠ ડોસાભાઈનું બાવલું વાણિયાવાડના નાકે મૂક્યું છે.

આ દાનવીરને શત્ શત્ પ્રણામ.

*'મંગલ મંદિર' : ફેબ્રુઆરી-૨૦૦૭*

## આપણે પોતાને જૈન કહેવડાવીએ છીએ – ખરેખર જૈન છીએ?

★ *શું જીવનમાં બે-પાંચ વાર તીર્થયાત્રા કરી આવ્યા એટલે જૈન થઈ ગયા?*

★ *શું ભોજનમાં બે-પાંચ ચીજો છોડી દેવાથી જૈન બની ગયા?*

★ *શું જીવનમાં અવારનવાર ઉપવાસ - એકટાણા કરવાથી જૈન થઈ ગયા?*

★ *શું અવારનવાર સામાયિક પ્રતિક્રમણ કરવાથી જૈન બની જવાય?*

★ *શું વિવિધ દેરાસરો કે સ્થાનકોએ આંટાફેરા કર્યા એટલે જૈન થઈ ગયા?*

★ *શું જૈન બનવા માટે આટલું પૂરતું છે? વિશેષ કશાની જરૂર નથી?*

મને લાગે છે કે જો જૈન બનવાનું આટલું આસાન હોય તો તો અરધી દુનિયા ચપટી વગાડતા જૈન બની જાય. પણ વાત આપણે ધારીએ એટલી આસાન નથી. આટલું જ માત્ર કરવાથી જૈન બની શકાય એ માન્યતા ખોટી છે. કહેવાતા જૈન અને ખરેખર જૈન વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. તો કોણ છે ખરેખરો જૈન?

★ *જે જાતે દુઃખ વેઠીને બીજાને સુખ આપે છે તે.*

★ *જે જાતે અગવડ વેઠીને બીજાને સગવડ કરી આપે છે તે.*

★ *જે બીજાની સેવા કરવા સદા તત્પર રહે છે તે.*

★ *જે પોતાની ફિકર નથી કરતો પણ અન્યની તકલીફ નિવારવા બધું જ કરી છૂટે છે તે.*

★ *જેને કહેવતમાં પારકી છઠ્ઠીનો જાગતલ કહેવામાં આવે છે તે.*

★ *જે જાતે નુકસાન વેઠી લે છે પણ અન્યને નુકસાન નથી કરાવતો તે.*

★ *જે કદી કોઈનું અપમાન નથી કરતો તે.*

આટલું ઓછામાં ઓછું હોય તો જ અને તેટલે અંશે જ કોઈ વ્યક્તિને જૈન કહી શકાય. બાકીનું બધું પાણીનું વલોણું. જો અન્ય માટે ભોગ આપવાની તૈયારી ન હોય તેણે પોતાની જાતને જૈન કહેવડાવવાનું માંડી વાળવું જોઈએ.

**શાંતિલાલ મોતીચંદ સંઘવી - અમદાવાદ**

*'મંગલ મંદિર' : એપ્રિલ-૨૦૦૭*

*સ્વાર્થી ન બનીએ. અબોલ પ્રાણી - પક્ષીઓ પ્રત્યે દયાભાવ રાખીએ.*

# કચ્છી જવાંમર્દને રાષ્ટ્રપતિ ચંદ્રક

• મણિલાલ કુંવરજી ગોસર •



## દેવેન્દ્રગિરિ હિંમતગિરિ ગોસ્વામી

કચ્છમાં કોટડા ચકારના રહેવાસી શ્રી દેવેન્દ્રગિરિ હિંમતગિરિ ગોસ્વામીને ગત તા. ૨૬-૧-૨૦૦૭ના તેમની પોલીસ ખાતાની કામગીરીને નજર સમક્ષ રાખી, રાષ્ટ્રપતિ ચંદ્રક અર્પણ કરવામાં આવેલ છે. શ્રી દેવેન્દ્રગિરિ ગોસ્વામીની કામગીરી કચ્છીયતને પોરસાવે તેવી રહેવા પામેલ છે. તેઓશ્રી હાલે ગુજરાત રાજ્યના પોલીસ ખાતામાં એ.ટી.એસ. વિભાગમાં અમદાવાદ ખાતે ફરજ બજાવી રહેલ છે.

પોલીસ ખાતાની વ્યક્તિની દીર્ઘ કામગીરીને લક્ષમાં રાખી, તે યોગ્ય જણાય તો જ રાષ્ટ્રપતિ ચંદ્રક માટે તેવી વ્યક્તિનું સૂચન કરાય છે અને આ સંપૂર્ણ અહેવાલની ચકાસણી બાદ જ તેમને રાષ્ટ્રપતિ ચંદ્રક માટે પસંદ કરવામાં આવ્યા છે. કચ્છી સપૂત શ્રી દેવેન્દ્રગિરિની પોલીસ ખાતાની દીર્ઘ કામગીરી નીચે મુજબ રહેવા પામેલ છે.

નોકરીના સમય દરમ્યાન ખેડા જિલ્લો, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલવેઝ, આણંદ જિલ્લો, અમદાવાદ શહેર, ગાંધીનગર જિલ્લો તથા આતંકવાદ વિરોધી દળમાં ફરજ બજાવેલ.

ઉપરોક્ત ફરજ દરમ્યાન ખેડા જિલ્લામાં પરિએજ, તા. માતર ખાતે કચ્છનાં માલધારીઓનો કેટલ કેમ્પ ચાલતો હતો. તે વખતે રોડ અકસ્માતનાં કારણે માલધારીઓ અને ગામનાં સ્થાનિક લોકો વચ્ચે ઝઘડો થવા પામેલ. જેણે કોમી વાતાવરણનો રંગ પકડતાં તરત જ કુનેહપૂર્વક દબાવી દઈ એખલાસ અને ભાઈચારાનું વાતાવરણ જાળવી રાખેલ.

આણંદ જિલ્લામાં ફરજ દરમ્યાન અતિવૃષ્ટિને લઈ પૂરની પરિસ્થિતિમાં સાતેક લક્ઝરી બસો તથા બે ટ્રક ગલિયાણા બ્રિજ, તારાપુર નજીક પાણીમાં ફસાઈ ગયેલ. જે સમાચાર મળતાં ખંભાત, આણંદ, નડિયાદ ફાયર બ્રિગેડની મદદ લઈ તમામ વાહનો પેસેન્જરો સહિત હેમખેમ પાછા લાવેલ.

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચની ફરજ દરમ્યાન દાઉદના મુખ્ય માણસ કે જે મુંબઈમાં ખૂન અને ખંડણીનાં અસંખ્ય ગુનાઓમાં વોન્ટેડ હતો અને અમદાવાદમાં તેમની ગેંગનો પાયો નાખવા આવેલ. જેને પકડવામાં અગ્રભૂમિકા ભજવેલ. અમદાવાદ શહેરમાં વસતા ઉદ્યોગપતિ તથા શ્રીમંત લોકોને ખંડણી આપવા માટે ધમકીઓ આપનાર ફઝલુ રહેમાન ગેંગના માણસોને પકડી પાડેલ.

તદુપરાંત અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા જેહાદી ષડયંત્રના કેસમાં શ્રી હરેનભાઈ પંડ્યા હત્યાકેસ, ડૉ. જયદીપ પટેલ પરનાં હુમલાનો કેસ તથા અક્ષરધામ મંદિર પરના હુમલાનાં ગુનાઓ શોધી કાઢવામાં અગત્યની ભૂમિકા ભજવેલ. મંત્રીશ્રી અશોક ભટ્ટ તથા શ્રી ભરત બારોટની હત્યા કરવા આવેલ બે આતંકવાદીઓને કાલુપુરમાં પકડવા જતાં તથા ગુજરાત રાજ્યના મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની હત્યા કરવા આવેલ બે પાકિસ્તાની તથા બીજા બે એમ કુલ-૪ ને કોતરપુર વોટર વર્કસ નજીક પકડવા જતાં તેઓએ પોલીસ પાર્ટીઓ પર હુમલો કરતાં સામસામે થયેલ અથડામણમાં પોલીસે કરેલ સ્વબચાવની કામગીરીમાં ઉપરોક્ત આતંકવાદીઓ મૃત્યુ પામેલ. જે ટીમોમાં સાથે રહી સુંદર કામગીરી કરેલ.

અમદાવાદ શહેરમાં "પોટા" કાયદા હેઠળ દાખલ થયેલ ગુનાઓમાં પોટાના કાયદાની કલમો રાખવી કે કેમ તે બાબતે દિલ્હીથી પોટા રિવ્યૂ કમિટી અમદાવાદ આવેલ. જેની સમક્ષ અધિકારીશ્રી સાથે રહી સુંદર રીતે રજૂઆત કરતાં તમામ ગુનાઓમાં પોટાની કલમો કાયમ રાખવામાં આવેલ. જે બદલ સેન્ટ્રલ પોટા રિવ્યૂ કમિટીએ પણ પ્રશંસાપત્ર આપેલ છે. શ્રી દેવેન્દ્રગિરિની ઉપરોક્ત કામગીરી સાથે સાથે તેઓશ્રીની રોજિંદી કામગીરીને પણ લક્ષમાં રાખી તેઓશ્રીને રાષ્ટ્રપતિ ચંદ્રકથી નવાજવામાં આવેલ છે.

શ્રી દેવેન્દ્રગિરિની તેમની જ્વલંત કામગીરી બદલ ખૂબ ખૂબ અભિનંદન અને ભવિષ્યમાં પણ તેઓશ્રી ઉત્તમ કાર્યો કરી દેશની સેવા બજાવે તેવી શુભેચ્છા.

*'મંગલ મંદિર' : એપ્રિલ-૨૦૦૭*

"ROLEX" Brand

**Rushabh**
STEEL CENTRE
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 2242 7310 • Fax : (022) 3008 0072**

# ઘાયલ ક્રાંતિની મશાલ : તસ્લીમા નસરીન

• 'પંકજ' •

ગુજરાતના ગુણિયલ લેખક-ચિંતક ગુણવંત શાહે તસ્લીમા નસરીનને 'ઘાયલ ક્રાંતિની મશાલ' કહીને બિરદાવેલી છે. (દિવ્ય ભાસ્કર, 'રસરંગ', ૧૫ એપ્રિલ, ૨૦૦૭). એમણે વાજબીપણે જ નોંધ્યું છે કે બાંગ્લાદેશની બે જાણીતી રાજકીય મહિલાઓ કરતાંય અનેકઘણી બહાદુર એવી સમર્થ સ્ત્રી તસ્લીમા નસરીન છે. ઘાયલ ક્રાંતિની મશાલ જેવી એ સ્ત્રી-લેખિકા તીખી અને તેજસ્વી છે. 'તસ્લીમા' એટલે વંદનીય. નસરીન એટલે 'દેશી ગુલાબ'. ઇસ્લામ ધર્મના ઇતિહાસમાં સૂફી સાધ્વી રબીઆ પછી આટલી ક્રાંતિકારી બીજી કોઇ મહિલા થઇ હશે ખરી? બાંગ્લાદેશના એ દેશી ગુલાબની મઘમઘતી ફોરમ-સુગંધને ચિંતક-અભ્યાસુ ગુણવંત શાહની માનસિક દૃષ્ટિએ જે રીતે પારખી અને માણી-નાણી છે તેનો લાભ જતો કરવા જેવો નથી.

તસ્લીમા અહિંસક ક્રાંતિકારી છે. તેની અહિંસક ક્રાંતિને સમજવા માટે ગુણવંતભાઇએ કહ્યું છે કે અંગ્રેજી શબ્દ 'anachronism' (એનેક્રોનિઝમ) કામ લાગે. અંગ્રેજી શબ્દ એનેક્રોનિઝમનો ગુજરાતી શબ્દ એટલે કાલવિપર્યાસ.

કાલવિપર્યાસ એટલે? ગુણવંત શાહે સ્પષ્ટતા કરી છે કે પ્રચલિત યુગ સાથે જે બાબત (કે બાબતો)નો મેળ ન ખાતો હોય તેને કાલવિપર્યાસ કહેવાય છે. આજના યુગમાં દહેજપ્રથા, સતીપ્રથા, અસ્પૃશ્યતા, બાળમજૂરી કે બુરખાપ્રથા એ કાલવિપર્યાસ ગણાય કારણકે લોકતંત્ર અને માનવ અધિકારોની આબોહવામાં આવાં અનિષ્ટોને સ્થાન ન હોઇ શકે.

- **નિર્ભય સત્ય :**

તસ્લીમા નસરીન બુરખાની હોળી કરવાની વાત કરે છે. અંગ્રેજી સાપ્તાહિક 'આઉટલુક'ના ૨૨ જાન્યુઆરી ૨૦૦૭ના અંકમાં નસરીને લખેલા લેખનું મથાળું છે



: 'Let's burn the Burqa.' તસ્લીમાની ભાષા તીખી અને તેજસ્વી છે. એના પર જાનનું જોખમ છે... કોઇ પણ મુસ્લિમ સ્ત્રી માટે આવી ક્રાંતિકારી વાતો કરવાનું પરાક્રમ જોખમમુક્ત નથી હોતું. તુષાર ગાંધીએ લખેલા એમના ગ્રંથ 'Let's kill Gandhi'માં ગાંધીજીની નોઆખલી પદયાત્રાનો એક કિસ્સો લેખકે ટાંક્યો છે. ગુણવંતભાઇએ નોંધ્યું છે કે આ દળદાર ગ્રંથમાં ઝનૂની હિંદુત્વનો ચહેરો કેટલો કદરૂપો હોઇ શકે તેનો ખ્યાલ આવે છે. જ્યારે નોઆખલીમાં હિંદુઓની (ભાગલા વખતે) કતલ થઇ ત્યારે મહાત્મા ત્યાં પહોંચી ગયા. શાહપુર ગામે મુસલમાનો તેમને મળવા માટે મોટી સંખ્યામાં આવ્યા. બીજે દિવસે સવારે ચાલીને ગાંધીજી ભાટિયાલપુર ગામે ગયા. ત્યાંના હિંદુ અને મુસલમાનોએ ભેગા મળીને શાંતિ સમિતિ રચી હતી. તે સાંજે પ્રાર્થના સભામાં ગાંધીજીએ મુસ્લિમ સ્ત્રીઓને બુરખો ફગાવી દેવાની હિમાયત કરી. કટ્ટરપંથી મુસલમાનોએ ગાંધીજીને ગાળો ભાંડી અને તેમાં મુંબઇના મુસલમાનો પણ જોડાયા.... ગાંધીજીનું સેક્યુલરિઝમ જો નિર્ભયતાથી રસાયલું ન હોત તો જરૂર એમણે બુરખાના પ્રશ્ને મૌન સેવવાનું પસંદ કર્યું હોત. જો ગાંધીજી ડિપ્લોમેટ હોત, તો એમણે ગોળ ગોળ વાત કરી હોત. અવ્યવહારુ સત્ય અને વ્યવહારુ, અસત્ય વચ્ચેની પસંદગીમાં ગાંધીજીએ સત્યની પડખે ઊભા રહેવાનું પસંદ કર્યુ. ગુણવંતભાઇએ કહ્યું છે કે તસ્લીમાની હિંમતને આવા ગાંધી સંદર્ભમાં નિહાળવાની જરૂર છે.

તસ્લીમાએ તેના એક લેખમાં કહ્યું છે કે સ્ત્રીઓએ સ્કાર્ફ, હિંજાબ, પરદો કે બુરખો કશુંય રાખવું ન જોઇએ કારણકે એ બધાં જ આખરે, સ્ત્રીઓના અવમાનના ઉપકરણો છે. સ્ત્રીઓ પર થતા દમનના પ્રતીકો છે. સેંકડો વર્ષોથી સ્ત્રીઓએ પુરુષો દ્વારા થતા અન્યાયોની સામે યુધ્ધ જાહેર કરવું જોઇએ. સ્ત્રીઓએ પુરુષો પાસેથી પોતાની ગુમાવાયેલી સ્વતંત્રતા ખૂંચવીને પણ, પાછી મેળવી લેવી જોઇએ. ગુણવંત શાહે નોંધ્યું છે કે તસ્લીમાની બુરખા વિરોધી ઝુંબેશને ટેકો આપવાની હિંમત કોઇ માનવ અધિકાર સુરક્ષા સંગઠને હજી સુધી બતાવી નથી. તસ્લીમાનાં પુસ્તક 'દ્વિખંડિતા' પર કેવળ (સામ્યવાદી) પશ્ચિમ બંગાળમાં જ પ્રતિબંધ છે. તસ્લીમાના ટેકામાં હજી સુધી કોઇ માર્ક્સવાદી માઇના લાલે બે શબ્દો પણ ઉચ્ચાર્યા નથી.

તસ્લીમાની ક્રાંતિ હથોડા - દાતરડા વગરની ક્રાંતિ છે.

તસ્લીમા નસરીનની સ્મરણાનમ કથાનો ગુજરાતી અનુવાદ (દિલ્હીના) ડો. ચંદ્રકાંત મહેતાએ 'ફેરો' નામથી કર્યો છે. 'નવભારત સાહિત્ય મંદિર' મુંબઇ-અમદાવાદ તરફથી એ પ્રકાશિત થયો છે જેની પ્રસ્તાવના ગુણવંત શાહે લખી છે.

તસ્લીમા નસરીનનો સાચો મિજાજ સમજવા, પકડવા માટે પ્રત્યેક ગુજરાતીએ આ પુસ્તક ખરીદવા-વાંચવા જેવું છે.

*'મંગલ મંદિર' : જૂન-૨૦૦૮*

*આફતના સમયે વધુ વિચારી સમય બરબાદ ન કરી ઝડપી નિર્ણય લેવાથી ઊગરી શકાય છે.*

## વેદનાને અમૃતમાં ફેરવી, સારમાણસાઈનું નવનીત નીતારનાર કલમ-કસબી

# જોસેફ મેકવાન

• 'પંકજ' •




*આજના ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત, સુપ્રસિદ્ધ સાહિત્યકારોમાંના એક શ્રી જોસેફ મૅકવાન છે. ૫૮ પુસ્તકોના લેખક મૅકવાનનાં કેટલાક પુસ્તકો યા કૃતિઓના અનુવાદો વિવિધ ભાષાઓમાં પણ પ્રકાશિત થયા છે. એમણે ૧૩ નવલકથાઓ, ૧૨ રેખાચિત્ર-સંગ્રહો,, ૫ ટૂંકી વાર્તા સંગ્રહો, છ નિબંધ-સંગ્રહો, ૩ અહેવાલ પુસ્તકો, ૪ સંપાદનો, ૨ વિવેચનાત્મક - સમીક્ષાત્મક લેખ-સંગ્રહો વગેરે લખ્યા છે. એમના પુસ્તક 'વ્યથાનાં વિતક'ના ૧૧ ભારતીય ભાષામાં અને અંગ્રેજીમાં અનુવાદો થયા છે. એમની કૃતિ 'ઘંટી'ના હિંદી, તેલુગુ, પંજાબી, સિંધી, બંગાળીમાં અનુવાદ થયા છે. એમના પુસ્તક 'આંગળિયાત'નો અંગ્રેજી અનુવાદ ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસે પ્રકાશિત કર્યો છે. એમનાં પુસ્તકોની ૧૦ હજાર નકલો ગુજરાતની ૧૦૦૦ લાઈબ્રેરીઓને જયંત દેસાઈ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ભેટ અપાયા છે. શ્રી મૅકવાનને ૧૧ ઍવૉર્ડો, ૮ સુવર્ણ ચંદ્રકો અને વિવિધ પારિતોષિકો એનાયત થયા છે. નોર્થ અમેરિકન ગુજરાતી લીટરરી એકેડેમી, ન્યુયોર્કના ઉપક્રમે એમણે અમેરિકામાં ૩૧ અને લંડનમાં ૪ અભ્યાસ પ્રવચનો આપેલા છે. યુનો દ્વારા પ્રાયોજિત સાહિત્યિક ડેલિગેશનના સભ્ય તરીકે દક્ષિણ આફ્રિકાના ડરબન ખાતેની કોન્ફરન્સમાં ભાગ લીધેલો. 'ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી - ગાંધીનગર'ના તેઓ અધ્યક્ષ છે.*

*એમની વિશિષ્ટ કલમની ભાષાશૈલી તળપદી, ગ્રામીણ ગુજરાતી રહી છે. એમના શબ્દરેખાચિત્રો માટે લેખકવર્ય દર્શકે કહ્યું છે કે, 'જીવતરનું સાચ નીતારવામાં જોસેફની તોલે કોઈ ન આવે.'*

*એમનું તાજામાં તાજું પુસ્તક 'નિંભાડે નીવડેલા' નામનું છે. જેનું લોકાર્પણ ૧૪, જુલાઈ ૦૮ના (કચ્છ) ભુજ ખાતેના ટાઉનહોલમાં ઉત્સાહભેર સંપન્ન થયેલું. એમના આ પુસ્તક સાથે કચ્છ અને કચ્છીઓનો બેવડો-ત્રેવડો સંદર્ભ ગંઠાયેલો છે. તેમાં કચ્છ અને કચ્છી પાત્રોનાં આબેહૂબ શબ્દ રેખાચિત્રો છે. ઉપરાંત કચ્છના આજીવન સેવાવ્રતધારી શ્રી લીલાધર માણેક ગડા (અધા) અને સ્વ. હેમલતાબહેન લીલાધર ગડા (માઈ)ને જોસેફ મૅકવાને સપ્રેમ અર્પણ કર્યું છે. 'નિંભાડે નીવડેલા' પુસ્તકનું એક શબ્દ રેખાચિત્ર 'મંગલ મંદિર'ના સાહિત્યરસિક વાચકો માટેની પ્રસાદી લેખે અહીં રજૂ કર્યું છે. આ હૃદય સ્પર્શી રેખાચિત્ર માટેના તમારા પ્રતિભાવો લખી મોકલવા 'મંગલ મંદિર' સહર્ષ નિમંત્રે છે.*

*— પંકજ*

---

## રાણાજી આવ્વૈ સાથ છડેજી વેળા

**— જોસેફ મેકવાન**

જન્મદાત્રીને હું માડી જ કહેતો. એ મને છ વર્ષનો મૂકી મરી ગઈ. પછી જેણે મારા લાલન-પાલન કર્યા એ મારી બીજી મા — જેને હું 'કાચી' કહેતો. ભરજવાનીએ રાંડ્યા પછી એ પણ સામાજિક લાચારીવશ એકદા ઘર પરહરીને ચાલી ગઈ.

વહાલનો અંધાપો તો એવો કે એ મને આંગળિયે વળગાડીને વહી નીકળેલી. ને છેક તળાવના વડલાએ પહોંચતા એને ભાન થયું કે હું તો એનો 'આંગળિયાત'ય ન'તો, ત્યારે જ દા'ડાનું વૈતરું કરીને સામેથી આવતી લાડુભાભીને સોંપીને વાછરુ વછાયી ગાવડીની જેમ ફરી, ફરીને પાછું જોતી અને બોર-બોર આંસુડા લૂછતી એ ચાલી ગયેલી. જોર-બરાએ મને ખેંચી જતી લાડુ ત્યારે ઓચરેલી : હેંડો મારા બાપ તમે તો 'જનમજલા' થઈને અવતર્યા છો! લાડુએ મને 'જનમજલા' હોવાનો શાપ આપેલો? ના, વહાલગંગા લાડુની છાતી તો માતૃહીણા મારા આખાય શૈશવનો આશ્રય બની રહેલી. એના મુખડે સરી પડેલું એ વેણ તો માત્ર મારી નિયતિનો પડઘો જ પાડી રહેલું. એની કાચી-કુંવારી દીકરીનું શિયળ એક નરાધમ થકી બોટાયું ને વખાની મારી એય એક દિવસ અવગતિયણ થઈ ગઈ. એ પછી 'મા-મા'ના મારા બોલ ઉઘાડા આભમાં જ વેરાતા જ રહ્યા પણ એનો સહજસ્ફૂર્ત 'બેટા'નો પ્રતિસાદ મને ના સાંપડ્યો તે ના જ સાંપડ્યો. મારી નવી માને મેં આજીવન 'મા' કહીને જ બોલાવી છે. પણ એ આરતમાંની

*સો વર્ષ જીવવાના હો એ રીતે તમારું કર્તવ્ય કર્મ કરો, પણ કાલે જ મટી જવાના હો એ રીતે પ્રાર્થના કરો.*

ભીનાશેય કદી એને 'બેટા' કે 'દીકરા' કહેવા નહીં ઉત્પ્રેરી. કદાચ મારી એષણામાં ઊણપ કાં એના ઝીલવામાં ખોટ!

પણ મારા ભાગ્યમાં ચોથી 'મા' નિમાઈ હતી, જેનાં અમરતભર્યા હેતઅંધોય મુજ પામરને પામવાના હતા. 'પ્રવાસી પૂર્તિ'ની ભવાટવિની વાટે-ઘાટે જ એ મને એક મુગ્ધ ભાવકના રૂપે સાંપડી ગઈ હતી. પરથમવાર એના મલ્હાર નિવાસે અમે મળ્યા ત્યારે એના ઐશ્વર્યમંડિત દેહસૌષ્ઠવમાંથી ઓજસ્વી પાવકતા પ્રગટતી મેં અનુભવી હતી અને એ અનુભૂતિએ જ પ્રણિપાત કરવા ઝંખતા મારા મનડે મને હાથ જોડાવી દીધા હતા. અવસ્થાએ મધ્યા, પણ સૌંદર્ય જાણે એટલે સુધી આવીને સ્થૈર્ય ધારણ કરી લીધું હતું. વાન નહીં ગોરો, નહીં ઘઉંવર્ણો બસ ચંદન અર્ચિત હોઠો પર વિલસતા સ્મિતના શુચિતા અને લોચનમાં ભર્યો-ભર્યો અમરતભાવ.

મારા અવરુદ્ધ કંઠમાંથી 'હેમા'ને બદલે 'મા' ઉદ્ગાર અનાયાસે સરી પડ્યો હતો. હસ્તબદ્ધ મસ્તક નમી ગયું હતું ને પેલું નીરવ સ્મિત સ્ફૂટ થતું, 'હા, હેમા' કહેતા મંજુલ ધ્વનિમાં પલટાઈ ગયું હતું અને એ જ ક્ષણે અમે અનેરી આત્મીય ગાંઠે બંધાઈ ગયાં હતા. પૂરું નામ હેમલતા : હેમ સરીખી પરિશુદ્ધ, કાટ જેવો અવગુણ એને આંબે જ નહીં. ગુણ માત્રના ઝાઝેરાં જતન ને મમતાની માવજત, સુખી-સંપન્ન પરિવારની એ કુલવધૂ, પણ મેં એને કચ્છના ધોમધખતા તડકામાં દહાડો આખો દર્દીઓની ઉઠ્યવેઠ કરતાં નિહાળી છે. પરસેવે રેબઝેબ થતી એ મુંબઈના સંભ્રાંત પરિવારોની અન્ય ગૃહિણીઓ સાથે મેલા-ઘેલા, દીન-હીન, ગરીબ-ગુરબાંઓની સેવા-ચાકરીમાં પ્રાણ પરોવી રહી હોય ત્યારે પેલી દયાની દેવી - ફિરસ્તાસમી ફ્લોરેન્સ નાઈટિંગેલ શી દીસતી. હું પૂછું :

'માઈ! તું તો થાકતી જ નથી.'

તો કહે : 'આવા ભાયગ ક્યાંથી ભાઈ અમારે તે બીજે કિંયા તન તોડવાનાં છે?'



*હેમલતા લીલાધર ગડા (બાઈ)*

આ હેમલતાએ મારા પરમ સન્મિત્ર લીલાધર ગડાની સહધર્મચારિણી. સાચા અર્થમાં સખી, ભાવુકતાએ 'માઈ' અને એ જ અન્વયે ભગિની પણ ખરી. ભોગ્યા તો હરગિજ નહીં. કારણ કે લીલાધરે એની પૂજા-અર્ચના જ કર્યા કરી છે. હતીય એ દેવમંદિરમાં સોહતી તપસ્વિની પૂજારણ સમી. એનો આજીવન પૂજારીય ઓળખવા - મળવા જેવો જ નહીં, પણ માણવા જેવું મનેખ! અચ્છો ગઝલકાર, મીઠડો ગીતકર્તા અને તડુ-ચડુને ત્રણ જ વાર્તાઓ એણે લખી છે, પણ ત્રણે ત્રણ સ્પર્ધા વિજેતા. અભ્યાસ વિજ્ઞાનનો પણ કાઠું આખે-આખું કર્મશીલનું.


ચોમાસું બાદ કરતાં દર ઉનાળે - શિયાળે બિદડા - ભોજાયમાં રોગનિદાન શિબિરો આયોજિત થાય છે. લીલાધરની નિષ્ઠાથી પ્રભાવિત મુંબઈના તજજ્ઞ ડૉક્ટરોના સહયોગ સુલભ બને છે. કચ્છવાસી દીન-હીનોના આરોગ્યની પૂરી ખેવનાથી આ ચિકિત્સકવૃંદ કચ્છના કષ્ટો હસતે મોઢે સહી લે છે. આવો યજ્ઞ ચાલતો હોય ત્યારે મોહમયી મુંબઈ નગરીની સુખાળવી સેજ છોડી સંભ્રાંત પરિવારોની કેટલીય મહિલાઓ હેમલતાનો હેતને હંધોડે પોતાની સેવાઓ સમર્પે છે.

એક આવા જ શિબિર ટાણે એક ઉઘાડપગો સેવક જર્જર જરાકાય વૃદ્ધા અને એની તાંતરડી જેવી દોહિત્રીને લઈ આવ્યો. બડી દર્દનાક દાસ્તાન છે. આ અત્યંજ પુત્રીની. એ પેટ હતીને એનો બાપ સ્ત્રીને તરછોડી ગયો. એ અનાથ નારી ઘરડી માના આશ્રયે ગઈ. પણ માને જ ટંક દાણાના વખા! એ પેટસી દીકરીના લાલન-પાલન કઈ પેરે કરે? ઘોર અભાવો અને અવાંછિત દશામાં એણે દીકરી જણી. અભિશાપ લઈને અવતરી હોય એમ એક આંખ ફાંગી! એવી કૃશકાય કે દીઠી ના ગમે. એણે દૂધેય ન'તું છોડ્યું ને એની જણનારીને બીજો માટી મળ્યો. પણ એ 'મર્દ'ની શરત હતી; છોકરીને સાથે નહીં લાવવાની! માની મજબૂરી હતી. ઘરમાં કમાનાર કોઈ નહીં ને ત્રણ જણાના પેટ પૂરવાના! વૃદ્ધ નાનીને સહારે દીકરીને છોડીને એણે પિયર પરહર્યું. એમાં દેહની ભૂખ ન'તી પણ પેટનો ખાટો પૂરવાની અને માના માથેથી ટળવાની ધાખના હતી!

માતામહિને પનારે પડેલ આ છોકરીનું નામ દેવલ. ડોશીને એમ કે ખોરાકને અભાવે આ તાંતરડી લાંબું નહીં ખેંચે પણ ભૂખની મારી દેવલે માટી ખાવા માંડી અને એમાંથી જ એને કિડનીમાંય ના સમાય એવી પથરી જામી ગઈ. લબકારા લેતી વેદનાને કારણે એ રાત-દિવસ મરણાંતક ચીસો પાડી ગામ ગજવી મેલે. અજ્ઞાન લોક વળગાડ માની મંતર-જંતર ને દોરા-ધાગા કરાવે, પણ દર્દ શેનું શમે. ક્યારેક પેશાબ જ ના થાય તો ક્યારેક આખી પથારી તરબોળ થઈ જાય.

આખો વાસ ત્રાસી ગયેલો એના દર્દનાક ચિત્કારોથી ને એના સદ્નસીબે ધનજી હીરજી મહેશ્વરી નામના સેવાવ્રતી જણે આ જાણ્યું. એ ડોશી સહિત દેવલને ભોજાયની હૉસ્પિટલે લઈ ગયા. અગિયાર વરસની બાળાની કિડનીમાં વિકરાળ પથરી જોઈ ડૉક્ટરો અજાયબી પામ્યા. તત્કાળ નિર્ણય લેવાયો એને મુંબઈ ખસેડવાનો. અહીં લીથેટ્રેપ્સી પ્રક્રિયાથી પથર તોડી નખાઈ. ને દર્દમુક્ત થયેલી દેવલ બરાબર બે વરસે નિરાંતે ઊંઘી શકી. એ ભાખી નાનીમા

*હસ્યા વિના દિવસ પૂરો થાય તો સમજવું કે દિવસ નકામો ગયો.*



*મેકવાનનાં શબ્દ રેખાચિત્રમાં જેમનો વિસ્તૃત ઉલ્લેખ આવે છે : કચ્છના આજીવન સેવાવ્રતધારી લીલાધર ગડા (ઈન્સેટમાં) અને ભૂકંપ પછી બંધાયેલા સેંકડો ઘરમાંના એકનું ચિત્ર*

આંસુઝાર આંખે લીલાધરને આર્જવી રહ્યા.

'બાપા તમારે પરતાપે મારી છોકરીએ આજે જંપવારાની નીંદર કીધી!'

ઑપરેશન પછીની રોજરોજની પરિચર્યા માટે દેવલને મુંબઈમાં જ રાખવી અનિવાર્ય હતી. લીલાધર એને પોતાના આવાસે લઈ ગયા અને એના જીવતરનો ઇતિહાસ કહેતાં-કહેતાં ભર્યે ગળે લીલાધરે મને કહેલું :

'જોસેફ! આપણા ઘરે રહી એ સમયગાળામાં જ મારી ને હેમાની (બાઈની) એના પ્રત્યે માયા બંધાઈ ગઈ અને અમે એને પુત્રી તરીકે અંગીકારી લીધી!'

દેવલને જરાક ધવા વળી કે તરત લીલાધરે એની ફાંગી આંખનું સફળ ઑપરેશન કરાવી લીધું. સંસ્કારી વાતાવરણ, સાત્ત્વિક આહાર અને જન્મારે નહીં પામેલી, એવા હેત-હૂંફભર્યા જતનથી એણે તેરમે વરસે તો કાઠુ કાઢ્યું.

રુંવે રુંવાડે પરમાર્થી લીલાધરે જ લલકારેલું :

*'તેરા કરમ કબૂલ થા,*
*તેરા સિતમ કબૂલ થા.*
*ઉઠનમેં તેરે હાથ કો*
*દેર ક્યૂં હોને લગી!!'*

ને જાણે એની પૂરી તાવણી કરવા ચાહતો હોય એમ વિધાતા રુઠ્યો : એની વૃત્તિ-પ્રવૃત્તિમાં પળેપળ પ્રાણ પરોવતી હેમલતાને મલ્ટી સિસ્ટમ એટ્રેપીએ જકડી એવી લીધી કે પગ પર ઊભવુંય દુષ્કર થઈ પડ્યું. મને ઊંડો આઘાત લાગશે એ જાણતા હોઈ એણે મને એ મર્માઘાત ના પહોંચાડ્યો. એના ગીત - ગઝલોમાં હવે દર્દ ઘૂંટાવા લાગ્યું. એની કેસેટ સીડીયે થયા. એ જ અરસામાં મારે મુંબઈ આવવાનું થયું તો એણે મને જમવા નોતર્યો. હેમા પથારીવશ સ્મિત મૂરઝાઈ ગયેલું પણ લોચનની ચમક એની એ જ. એના ચરણો ગ્રહતા મેં એને બોલાવી 'માઈ...!' ઔષધ ટીકડીઓનું ભારે ઘેન છેક એની છાતી પર નમીને, એના ભારવડાં પોપચાં એ મુખ લઈ જઈને લીલાધર મર્મ્યો. 'બાઈ આપણો જોસેફ!' અને એની બેય આંખોની કોરે મુક્તાબિંદુ સરી પડ્યાં. એ લૂછતાં લીલાધરે સમજાવ્યું:

'દોઢ-બે કલાકે દવાની અસર થશે. પછી એને બેઠી કરી શકાશે.' બે પળ મૌન રહીને એ બોલ્યો.

'બાઈનું સૌથી મોટું દુઃખ કયું છે જાણે છે? હવે ખભેખભો મિલાવીને એ મારું પગલે પગલું નહીં દબાવી શકે એ જ. એની ચિંતામાં હું અહીં ખોડાઈ રહું અને મારું આદરેલું ખોટકાઈ જાય એ જ. એકવાર કહે કે આના કરતાં તો જમનાં તેડાં સારા કા તું તો છૂટી શકે!' ભડ લીલાનો કંઠ આર્દ્ર થઈ ગયો. 'ચાર ચાર દાયકાનો મારો સંગ છોડી એકલીએ પરહરવું છે!'

પણ બે પળમાં જ એણે સ્વસ્થતા ધરી લીધી. વાત બદલાવવા કેસેટ કાર્યક્રમની વાત કાઢી. સમય થયો ને માઈ ચેતમાં આવી. ધીર-ગંભીર સ્વરે એણે મને કહ્યું : 'બાઈની અબળખા મેં જ ગીતમાં ગૂંથી છે. જો સાંભળ : એણે સીડી ચડાવી અને કોકરવર્ણી કચ્છી વાણીમાં ગીત વહી ચાલ્યું:

'રાણાજી આવૈ સાથ છડેજી વેળા
હે મુકે આયાં રે જમડેજા તેડા
રાણાજી...'

સોરઠી ઢાળે એટલી કરુણતા એમાં અધોળાઈ છે કે એ બેઠકમાં હાજર એવા અમે સૌ આંસુ નહોતા થામી શક્યા. ખુદ માઈની આંખો અનરાધાર વરસી રહી હતી. ગીતો કેસેટ પર ઊતર્યા તે દા'ડે આખો સભાખંડ રોયો હતો. કોણ કોને દિલાસો દે? હા, લીલો બાઈની આંખો લુછ્યાં કરતો હતો.

સૌપ્રથમ લીલાધર જ સ્વસ્થ થયો. બાઈની અડોઅડ બેસીને એણે એને મોજમાં લાવવાના 'કારસા' આરંભ્યા. કશીક વાતે માઈના હોઠો હસ્યાય ખરા પણ હાયરે... મારું પેલું ચિરસંચિત રૂપકડું સ્મિત અળપાઈ ગયું હતું.

'જમી લઈએ' કરતો લીલાધર મને ભોજન મેજે લઈ ગયો. સોડષી દેવલ પીરસવા આવી ત્યારે મારી આંખો પહોળી થઈ ગઈ. અદ્દલ ગરાસણીનું રૂપ ધાર્યું હતું. 'કેમ છો દાદા!' એ હસી પણ એને માથે હાથ મેલવાની મારી હામ ના ચાલી. મેં એના 'અધા'ની સામે જોયું એની આંખોમાં એક કોરે ચિંતા ચડી બેઠી હતી. વયે પહોંચેલી દીકરીના બાપને સતાવે એ જ ચિંતા!

વ્યતિત વહ્યા કર્યું ને ૨૦૦૪ના જાન્યુ.માં ભોજાયથી ફોન પર 'અધા'નો

Aristo™
STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

અવાજ ઊમળકી ઊઠ્યો :

'અમારી દેવલની સગાઈ થઈ ગઈ. છોકરો સારો મળ્યો છે!' તપસીલ એ કે મહેશ્વરી મેઘવાળ સમાજના રિવાજ મુજબ સગાઈમાં કન્યાના પિતા કે દાદા, કન્યાદાનનું વેણ આપે અને સામા પક્ષને સાકરના બુકાટા ભરાવે. લીલાધરે બાપવટ અદા કરી. એક જૈન વણિકે દલિત દીકરીના સવાયા બાપ હોવાનો કર્તવ્ય-ધર્મ નિભાવ્યો. પછી કંકોત્રી આવી. ૧૧-૨-૦૪ના મંગલ દિવસે લગ્ન નિરધાર્યા હતા. નિમંત્રકમાં બે નામ હતાં : પાલા મૂરજી મહેશ્વરી અને લીલાધર માણેક ગડા!

પત્રમાં લખાયું હતું. 'માઈના હરખનો પાર નથી. જાણે નવું ચેતન આવ્યું છે. તમે જરૂરથી આવો જ.' આત્મા આતુર હતો, પણ દુર્ભાગ્યે દેહે સાથ ના આપ્યો. ટિકિટ કેન્સલ કરાવવી પડી.

એ માંગલ્ય મુહૂર્તે લગ્ન સંપન્ન થઈ ગયાં. પત્ર આવ્યો. હરખના ઓઘ સાથે ખોટ સાલ્યાની વ્યથા પણ હતી:

'ચિ. દેવલનાં શુભ લગ્નનો આનંદ અને વિદાય ઘડીની તારી ગેરહાજરીનો વસવસો બંનેને એકસરખો છે. પણ વટલાઈ જવાનો અનેરો આનંદ પણ અનુભવ્યો. માઈ અને દેવલને એકબીજાની બાથમાં રડતાં જોઈ હરેકની આંખો ભીંજાઈ ગઈ. માનવીય સંબંધોની વ્યાખ્યા માટે બધા શબ્દો ટાંચા પડે છે. માઈ સ્વસ્થ થતી જાય છે. એણે દેવલને સવાઈ દીકરીની જેમ વિદાય આપી છે. આ લગ્નનો લ્હાવો માઈએ અનેરા આનંદ - અંતરથી માણ્યો છે.' લિખીતંગ લીલાધર.

પણ મને લાગે છે, માઈની જીવીતવ્યનો એ છેલ્લો ઝબકારો હતો. ૨૦૦૨માં હું નવજીવન નેચર ક્યોર ભુજમાં હતો. લીલાધર માઈને લઈને ભોજાય આવ્યો હતો. એ અપાહિજ દેહને મુંબઈથી કચ્છ લાવતા અવર્ણનીય કષ્ટ થતું પણ 'માઈ' 'અધા'ની નોળવેલ હતી. એની સંનિધિ વિના લીલાધરની પ્રવૃત્તિમાં પ્રાણ ન'તા પૂરાતા. હું માઈને પગે લાગવા ભોજાય ગયેલો. માઈના લોચનમાં હરખના પૂર દેવલને મારે માટે કેટકેટલું કહ્યા કરે. મારા આગ્રહથી જ 'અધા' એને નિસર્ગોપચાર કેન્દ્રમાં પણ લાવેલા. એ અમારો અંતિમ મેળાપ.

વચ્ચગાળામાં 'અધા'ના ત્રણેકવાર ફોન આવેલા. મારી પૃચ્છા પહેલાં જ એ માઈની હાલત કહે. એકવાર કહે : 'ચિંતા તો તારી મારી વાજબી છે, પણ પાંચ વરસોથી માઈ પથારીવશ છે એ દરમિયાન એના ઉપચારો કરતાં અને એ વિશે જાણકારી મેળવતા એટલો તો સધિયારો છે જ કે, આપણી ખાતર-બરદાસથી એને જાળવી લેવાશે. અધવચ્ચાળ લૂંટવાનો ભો નથી.'

પણ એ ન થયું. લીલાધર ઈંગ્લેન્ડમાં હતા ને ૩૦મીએ દસેક વાગ્યે 'અધા'ના લઘુ બાંધવ દામજીએ 'હું ચોથીવાર મા વિહોણો થઈ ગયો છું.' એ આઘાતક સમાચાર આપ્યા. રિસિવર મુકું છું ને મિત્ર મેપાણીએ ફરી એ જ સમાચાર આપ્યા. છેલ્લે છેક લંડનથી કંપતો સાદ આવ્યો વહાલા 'અધા'નો ચાર-ચાર દાયકાનો મારો સાથ પરહરી તારી માઈ ચાલી ગઈ! કદાચ મારી અનુપસ્થિતિમાં જ આંખ મીંચવા એ કૃતસંકલ્પ હતી. હું સાવ એકાકી થઈ ગયો જોસેફ!'

હૈયાધારણ આપવાના મારી ગાંઠે શબ્દો જ ન હતા! માઈની કોરી કૂખનો રજમાત્ર રંજ કદી 'અધા'ના ચહેરે મેં નથી નાખ્યો. નથી કદી સંતાનેષણા એ ઉભયને મંશાવાચા પ્રગટી. લીલાધરની પંચેન્દ્રિય કર્મઠ સેવાવ્રતમાં જ તિરોહિત થઈ ગઈ હતી તો હેમા એમાં તન-મનથી તદાકાર થઈ ગઈ હતી. અર્ધાંગનાની આવી અપંગાવસ્થા પછી મને લાગ્યા કરતું કે લીલાધરની સેવાસાધના બેવડાઈ ગઈ છે! એકાત્મ દાંપત્યમાંથી નીપજતા સાયુજ્યનો અર્થ જો મુક્તિ પણ હોય તો પોતાની સહચારીના પ્રદાનની ખોટ પોતે પૂરી કરવી જ જોઈએ એવું પણ એના પ્રાણે પરોવાઈ ગયું હતું.

એને જાણતું મુંબઈ અને કચ્છડાનો આખો પંથક એને પ્રેમાદરથી 'અધા' કહે છે. એના સાથી-સંગાથીઓય શ્રીમંત, ધનાઢ્ય શ્રીમંત બુદ્ધિચંદભા શેમારુ જેવા સાચા ઝુંઝારુ' કેટકેટલા દાનવીરોનો એને સહયોગ સાંપડ્યો છે! કચ્છના ભૂકંપ પછી હજી તો સરકાર ખુદ સક્રિય ન'તી થઈને નામેરીઓએ 'માણસ ઊભા કરો તો ઘર ઊભા થતાં થશે'ના સૂત્ર સાથે ૮૦૦ આવાસોનું નવનિર્માણ કર્યું હતું. ૩૪૦૦ ઘરોના આયોજનમાંથી ૩૨૦૦ તો એમણે ખડાં કરી દીધાં છે.

મારા કચ્છ નિવાસ દરમ્યાન પાંચેક ગામડાં ફેરવીને અધાએ મને નવનિર્મિત સુઘડ આવાસો બતાવ્યા હતા. મારો હરખ એ વાતે હતો કે, એ બધાં જ દલિતો, ગરીબો અને મુસ્લિમોને ફાળવાયાં હતા!

એક સવાલ સણકાય છે : દૂધમુખી દલિત કન્યા લક્ષ્મીને ખોળે લેનારા ગાંધીબાપુ આજે હોત તો... લમણાં લખલખે છે લખતાં કે દેવલના લગ્ન દિવસે જ દિલ્હીમાં કોઈક કરોડપતિના કોડીલા કુંવરના લગ્નોત્સવમાં ત્યારના વડાપ્રધાન બાજપેયીજી પધારેલા. ૭૫ ટકા ચેનલોએ ચોવીસ કલાક સુધી એ મહાપર્વનું પ્રસારણ કર્યા કરેલું! આ મીડિયાને દેવપર ગામની દેવલ - અંત્યજ કન્યાના પાણિગ્રહણમાં ક્યાંથી રસ પડે!

આ લખી રહ્યો છું ત્યારે પ્લેયર પર અધાએ જ રચેલું 'રાણાજી આવૈ સાથ છડેજી વેળા' કરુણતા રેલાવી રહ્યું છે. ને પરિણય પછી પાંચમે જ મહિને મા વિહોણી થઈ ગયેલી દેવલ ચોધાર આંસુડે કલપતી નજરે પડે છે, ને મારું મન પોકારી ઊઠે છે : દીકરી દેવું! તેં જ નહીં મેંય આ ઉતરતી અવસ્થિએ 'મા' ગુમાવી છે! છાની રહે, આપણી હેમને મૃત્યુનો કાટ કદી નહીં લાગે!

*'મંગલ મંદિર' : ઓગસ્ટ-૨૦૦૮*

**Inter PLASTICA PVT. LTD.**
AN ISO 9001 : 2000 CERTIFIED COMPANY
SHAILESH V. HARIA
Director
MFG. : HDPE JERRY CANS, DRUMS 20 LTRS TO 160 LTRS.
NARROW MOUTH, WIDE MOUTH, FULL OPEN TOP DRUMS
Plot No. 1103/1104, G.I.D.C. Estate, Ankleshwar-393 002 (Gujarat)
Tel. : 225861, 221126 Fax : (02646) 252861 Mo. : 098241 34499
E-mail : info@interplastica.com • Website : www.interplastica.com

# મોટા ગજાના શિલ્પી : સરદાર પટેલ

• પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી •

*લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ ૧૫ ડિસેમ્બર, ૨૦૦૮ના આવે છે. તેઓશ્રીનો જન્મ ગુજરાત રાજ્યના ખેડા જિલ્લાના, આણંદ તાલુકાના કરમસદ ગામે વર્ષ ૧૮૭૫માં થયેલ હતો. મૃત્યુ ૧૯૫૦માં થયું. ૭૫ વર્ષની ઉંમર દરમ્યાન તેમણે ભારત દેશને સ્વાધીનતા અપાવવા તથા સ્વાધીનતા બાદ મક્કમતાપૂર્વક વહીવટ ચલાવી પોતાનું જીવન સાર્થક કર્યું. ભારત દેશનો એકેએક નાગરિક આજે પણ તેમને યાદ કરે છે. સ્વાધીનતા સમયના તેમના નેતૃત્વ હેઠળના બારડોલી સત્યાગ્રહ પ્રકરણ જેવા અનેક પ્રકરણો જાણીતા છે. સ્વાધીનતા સમયે ૬૦૦ રાજવીને, ચાણક્યનીતિ વાપરી એક છત્ર નીચે લાવી દીધા. સ્વાધીનતા બાદ કાશ્મીરમાં તાયફાવાલાના હુમલા સામે મક્કમતાપૂર્વક લડત આપી તેઓને પરાસ્ત કર્યા. અગર તે સમયે તેઓશ્રીને વધુ છૂટ આપવામાં આવી હોત તો આજની કાશ્મીર સમસ્યા ઉપસ્થિત જ ના થઈ હોત!*

*મંગલ મંદિરના નવેમ્બર-૦૮ ના અંકમાં તેમની જન્મજયંતી નિમિત્તે બારડોલી સત્યાગ્રહ વિષે લેખ આવી ગયેલ હોવા છતાં, ડિસેમ્બર-૦૮ ના અંકમાં તેમની પુણ્યતિથિના અવસરે પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી લિખિત આ લેખ વાચકવર્ગ સમક્ષ રજૂ કરવાની લાલચ રોકી શકતા નથી.*

*— મુખ્ય તંત્રી*

ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન શ્રી વલ્લભભાઈ પટેલ એ ભારત માતાના મુગટમાં શોભતું મણિ છે. શ્રી ઉમાશંકરભાઈ જોશીએ સ્વ. સરદારને સરસ કાવ્યાંજલિ અર્પી છે :

**સરદાર**

*પગ પર પગ ટેકવી એ બેસે છે; નમેલા ખભા,*
*ચહેરા ઉપર ઊંડા ચાસ,*
*આંખો એક સાથે નિર્ભિક, શોધતી, માયાળુ,*
*મસ્તિષ્ક ઠંડું- અભિઝરતા શબ્દોનું ઉદ્‌ભવસ્થાન,*
*તમે કદી એને બોલતા સાંભળ્યા છે?*
*એ શબ્દો નથી ઉચ્ચારતા,*
*ભૂખથી ભરખાતી વિરાટ પ્રજાના*
*હિજરાતા આત્માની તાકાતને એ એકત્રિત કરે છે,*
*અને એવું લોખંડી કટ્ટર વ્યક્તિત્વ*
*એમાંથી નિપજાવે છે શબ્દ પંખાળાં શસ્ત્ર.*
*ગંધાતાં દુરિત પ્રતિ*
*ધારદાર શબ્દોના ઘા કરવામાં એ રાચે છે,*
*પણ હમણાં હમણાં તો એની આત્માની*
*ગોફણમાંથી છૂટે છે- શબ્દ નહીં પણ નાની*
*સંકલ્પ શક્તિ*
*એના શબ્દો શબ્દો નથી, કાર્યો છે.*

***(મૂળ અંગ્રેજીનો અનુવાદ)***

જ્યારે જ્યારે કાશ્મીરનો પ્રશ્ન વકરે, કોમવાદ, ભાષાવાદ અને વિઘટનકારી પરિબળો માથું ઊંચકતા લાગે ત્યારે સૌ કોઈ પ્રશ્ન કરે — આજે સરદાર હોત તો? આઝાદી બાદ ક્યારેય ન હતી એવી સરદારની આજે રાષ્ટ્રને જરૂર છે.

શ્રી કુંદનલાલભાઈ ધોળકિયાએ નોંધ્યું છે કે : 'સરદાર વલ્લભભાઈ પટેલ ભારતની એક ગાથા છે.... સરદાર લોખંડી પુરુષ હતા, તેમના બારડોલી સત્યાગ્રહે દેશને હચમચાવ્યો કે તેમણે છસો કરતાં વધુ દેશી રજવાડાનો કાંટાળો પ્રશ્ન હલ કર્યો. તા. ૧૫-૧૨-૧૯૫૦ ના રોજ સરદાર સાહેબનું મુંબઈમાં નિધન થયું ત્યારે આપણા સાક્ષર કવિશ્રી ઉમાશંકરભાઈ જોશીએ કેટલાક શબ્દો ઉચ્ચાર્યા હતા. તેમણે કહેલું, "કાશ્મીરથી કન્યાકુમારી સુધી પ્રજા રાતે આડે પડખે થતી ત્યારે એની નજર સરદારના મોં સામે રહેતી અને નિરાંતે એ આરામ લેતી. સરદાર જતાં એને એની એ ઓથ ગઈ એમ થયું અને એ આક્રંદ કરી ઊઠી." સરદારનો જન્મ ૩૧-૧૦-૧૮૭૫ ના થયો હતો.'

તેમના મૃત્યુ પર લખાયેલા 'લંડન ટાઈમ્સ'ના સંપાદકીય લેખમાં એવી નોંધ લેવાઈ છે કે : "પોતાના દેશની બહાર ઓછા જાણીતા સરદારે આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિની ખેવના રાખી નહોતી. ગાંધીજી અને નહેરુ જેવી વિશ્વ વિખ્યાતી મેળવી નહોતી. પણ તે બન્નેની સાથે તેઓ એવી ત્રિમૂર્તિના ભાગ હતા કે જેણે આજના ભારતનો આકાર રચી આપ્યો છે. સરદારનું કાર્ય ગાંધી અને નહેરુના કામ કરતાં જરા જેટલુંય ઓછું મહત્ત્વનું નહોતું...."

## • ખેડા સત્યાગ્રહ :

૧૯૧૭માં ખેડામાં અનાવૃષ્ટિ થઈ. ખેડૂતોએ મહેસૂલ મુલતવી રાખવા અરજ કરી પણ ગોરી સરકાર જડસુ હતી. ગાંધીજીની સલાહથી સત્યાગ્રહ કરવાનો નિર્ણય લેવાયો. આ જંગ માટે ઉપસેનાપતિ કોણ થાય? ગાંધીજીએ સરદાર વિશે લખ્યું:

"મને વિચાર થયો કે ઉપસેનાપતિ કોણ થશે? ત્યાં મારી નજર વલ્લભભાઈ પર પડી. મારે કબૂલ કરવું જોઈએ કે મેં ભાઈ વલ્લભભાઈની પહેલી મુલાકાત લીધી ત્યારે મને એમ થયેલું કે આ અક્કડ પુરુષ કોણ હશે? એ શું કરશે? પણ જ્યારે હું તેમના પ્રસંગમાં આવ્યો ત્યારે મને લાગ્યું કે મારે વલ્લભભાઈ તો જોઈએ જ. વલ્લભભાઈએ માન્યું કે અત્યારે વકીલાત ચાલે છે, મ્યુનિસિપાલિટીમાં ભારે કામ કરું છું, તેથી

*કાટ ખાઈને મરવું તેના કરતાં ઘસાઈને મરવું વધારે સારું.*

પણ ભારે કામ આજ છે. મારો ધંધો આજ છે અને કાલ ન હોય, મારા પૈસા કાલ ઊડી જશે, પણ મારા વારસો તેને ઉડાવી દે, તેની કરતાં હું એમના માટે ઊંચો વારસો મૂકી જાઉં. આવા વિચારોથી એમણે ઝંપલાવ્યું. વલ્લભભાઈ મને ન મળ્યા હોત તો જે કામ થયું છે તે ન જ થાત. એટલો બધો શુભ અનુભવ મને એ ભાઈથી થયો છે."

● **અધિકારીઓને નિર્ભય બનાવ્યા:**

સરદાર જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી હતા ત્યારે તેમણે નોંધ્યું કે અમલદારો, તેમની ગણતરી ખોટી પડે તો, બલિનો બકરો ન બનવું પડે એ માટે તેઓ સ્પષ્ટ અભિપ્રાય આપવાથી કે નિર્ણય લેવાથી દૂર ભાગતા. શ્રી કે. એલ. પંજાબીએ તેમના જાણીતા પુસ્તક 'The indomitable Sardar' માં નોંધ્યું છે કે : "But Sardar encouraged his officer to act boldly. If events took a wrong turn he would not shift the blame on them. He put trusted officers in key posts and gave them freedom to act. He had the gift of leadership- the habit of delegating power to men on the spot".

● **દેશી રાજ્યોનું વિલિનીકરણ :**

સરદાર જેવા ક્રાંતિકાર, એવા જ સમર્થ શિલ્પકાર પણ હતા. રાષ્ટ્રના મહાન લડવૈયા તેમજ ઘડવૈયા પણ હતા. તેમણે રાષ્ટ્ર ઘડતરના અનેક કાર્યો કર્યા. તેમાં દેશના વિભાજન બાદ સાડા પાંચસોથી વધારે દેશી રાજ્યો હિંદી સંઘમાં મેળવી લઈને અખંડ ભારતની રચના કરી, એ એક ભગીરથ કાર્ય હતું.

● **"સિંહ સૂતો ન હતો" :**

કાશ્મીરે ભારતમાં ભળવાનું ઠરાવ્યું. અચાનક તાયફાવાળાઓએ હુમલો કર્યો; તેની સાથે પાકિસ્તાનના રજા ઉપર ઉતરેલા કહેવાતા લશ્કરી સિપાઈઓ પણ સામેલ થયા હતા. સરદાર લશ્કર મોકલવાના મતના હતા. લોર્ડ માઉન્ટબેટનને આ પગલું ગમ્યું નહીં. પરંતુ પંડિતજીએ પણ સરદારના મતને ટેકો આપ્યો. સરદાર યુદ્ધના સમાચાર સાંભળીને બેસી ન રહ્યા. સંરક્ષણ પ્રધાન સરદાર બલદેવ સિંઘ સાથે તેઓ મોરચા ઉપર કાશ્મીરની ખીણમાં જઈ પહોંચ્યા. તેમણે લેફ. જનરલ સેનના વડા મથકની મુલાકાત લીધી. જનરલે યુદ્ધ પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. સરદાર સાંભળી રહ્યા. તેમની આંખો અર્ધ મિંચેલી હતી. જનરલ સેને અનુમાન કર્યું કે પ્રવાસના થાકથી સરદાર સાહેબની આંખ મળી ગઈ હશે એટલે પોતાનો અહેવાલ રજૂ કર્યા બાદ તેમણે સંરક્ષણ મંત્રીને પૂછ્યું : "શ્રી નગરના બચાવનો વિચાર છોડી દઈને પણ અત્યારે આપણે આક્રમણખોરના ધાડાને હાંકી કાઢવા પડશે." જનરલ સેનનું વાક્ય પૂરું થયું તે પહેલાં સરદાર પટેલ એકદમ ટટ્ટાર થયા. "સિંહ સૂતો ન હતો." સેનનો એકે એક શબ્દ પટેલે સાંભળ્યો હતો. અડગ સેનાપતિની અદાથી સરદારે આદેશ આપ્યો : "ગમે તે ભોગે કાશ્મીરને બચાવવું જ પડશે." જનરલે ધીમા સાદે કહ્યું : "એને માટે અમારે વધારે લશ્કર અને શસ્ત્ર સરંજામ જોઈશે." સરદાર પટેલ તરત જ ઊભા થયા અને બોલ્યા "બનતી ત્વરાથી એની વ્યવસ્થા કરું છું." સરદાર દિલ્હી પહોંચ્યા અને વિમાન માર્ગે કુમક મોકલી.

કરાંચી પાકિસ્તાનમાં જતાં પશ્ચિમ ભારત માટે એક મહાબંદરની જરૂર ઊભી થઈ. કંડલા અને સિક્કા વચ્ચે પસંદગી કરવાની હતી. આ પેચીદા પ્રશ્નનો સરદારે માત્ર ૧૦ મિનિટમાં નિર્ણય આપી, કંડલા મહાબંદરને મંજૂરીની મહોર મારી.

*'બરફના આ જ્વાળામુખી'ને શતશત વંદન.*

***'મંગલ મંદિર' : ડિસેમ્બર-૨૦૦૮***

## અકુના મટાટા

**(અનુસંધાન : પાના નં.-૧૩૮ ઉપરથી ચાલુ)**

સંપત્તિનું રક્ષણ સ્વયંભૂ રીતે કરે છે. તેની સામે આપણા નેશનલ પાર્કમાં કોઈ સગવડ નથી, કોઈ સિસ્ટમ નથી. બધું રામભરોસે ચાલે છે.

બે દિવસના મુકામ પછી પાછા બસમાં અરુશા પહોંચ્યા. આફ્રિકાની ખૂબ જ મોટી "વાઈલ્ડ લાઈફ." અહીંથી જવાય છે. ગોરગરોગો – મસાઈમારા – સરાનગેટ્ટી વગેરે સ્થાને અહીંથી જવાય છે. સમયના અભાવે આ જગ્યાઓમાં જવાયું નહીં.

ભારતીય પ્રવાસી માટે મને લાગે છે હજી આ પ્રવાસો થોડા મોંઘા છે. આટલી જ રકમ ખર્ચ્યા પછી કોઈ પણ અમેરિકા - કેનેડા કે પછી યુરોપ ફરવા જશે પણ કોઈ આફ્રિકા નહીં આવે.

અરુશાથી પહેલાં નૈરોબી જવાના હતા પણ પછી સમયના અભાવે સીધા નૈરોબી એરપોર્ટ પહોંચી ગયા અને બપોરની મુસાફરી બાદ જ્યારે યતીન એરપોર્ટ ઉપર ઘરનું ટિફિન લઈ પહોંચ્યો ત્યારે પહેલીવાર એરપોર્ટ ઉપર ઘરનું ખાવાનું જમ્યા. મજા પડી ગઈ. યતીન સાથે વાત કરતા યતીનને કહ્યું, 'દોસ્ત, અહીં કોઈ ધંધો ચાલુ કરીએ. જેથી પાછું આવવાનું થાય. વાણિયાનો દીકરો નહીં તો બીજીવાર ગાંઠના પૈસે પાછો નહીં આવે.'

ખૈર, આ તો એક મજાક થઈ. પણ મનમાં તો નક્કી કરી લીધું કે આ દેશમાં પાછા આવવું જ છે.

અને સુખદ અનુભવ અને લાગણીઓ સાથે સ્વદેશ પાછા ફરવા રવાના થયા.

***'મંગલ મંદિર' : મે-૨૦૦૭***

*'લાઈટ' વિનાના ઘરમાં રહેવાનું આજે કોઈ પસંદ કરતું નથી. પણ આ 'લાઈટ'થી અંતરના અંધારા દૂર નહીં થાય. અંતરમાં અંધારું હશે તો ભવોભવ ભટકવું પડશે. જેમ ઓરડામાં પ્રકાશ કરવા આપણે પ્રયત્ન કરીએ છીએ, તેમ અંતરમાં પણ (પ્રભુદર્શન દ્વારા) પ્રકાશ કરવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. આ પ્રકાશ મેળવવા સાધુ-સંતોનો અને સત્શાસ્ત્રોનો સંગ કરો.*

*– પ.પૂ.આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી*

*જિંદગી એટલે અપૂરતા મુદ્દા પરથી પૂરા નિર્ણય પર આવવાની કળા.*

ધર્મ

# શું ઈશ્વર છે?

• સત્યપાલ સંઘવી - મુંબઈ •

*૩૬ વર્ષ પહેલાં "જન્મભૂમિ-પ્રવાસી"માં પ્રકાશિત થયેલ લેખ (તા. ૨૩-૧૧-૧૯૬૯નો રવિવારીય અંક, છેલ્લું પાનું) અહીં પુનઃ પ્રકાશિત કરવાનું એ રીતે આનુષંગિક બને છે કે ત્યારે ચંદ્ર પર અમથી શી કેપ્સ્યુલ મોકલનાર માનવી આજે મોટી હરણફાળ ભરી ચૂક્યો છે, મંગળ તો શું, ગુરુ અને એથીય આગળ જવા એ સક્ષમ બની રહ્યો છે અને તે જોડે જ વિજ્ઞાનના અવનવા રહસ્યસ્ફોટને દરવાજે એ આવી ઊભો છે.*

*અને આમાંથી જાગી રહી છે એક અદ્‌ભુત, અત્યંત રોમાંચક સંભાવના - કોઈ અન્ય જીવસૃષ્ટિના રહસ્યસ્ફોટની! અને એ જોડેજોડે "શું ઈશ્વર છે?" એવા માનવીના નિરંતર પ્રશ્નને અત્યાર લગી ક્યારેય થાય નહીં એવું નવું જ પરિમાણ પ્રાપ્ત થશે. અન્ય જગતમાં ઈશ્વર વિષે કોઈ ખ્યાલ પણ છે? જો હોય તો તેના વિષે કેવી કલ્પના છે? આપણો ઈશ્વર છેવટે તો શું આપણા જગતની ઉત્ક્રાંતિગાથાનો જ પડઘો છે? તો શું અન્ય જગતનો ઈશ્વર - તે જગતની ઉત્ક્રાંતિગાથા અલગ જ રહેવાની - અલગ ન હોઈ શકે?*

*આ વિચાર તર્કને કેન્દ્રમાં રાખી લખાયેલ આ લેખ વાચકોને જરૂર એક ક્રાંતિકારી વિચારકેડીએ તો આણી જ મૂકશે!*

*(આ જ લેખકના ગત ડિસેમ્બરના અંકમાં અંગ્રેજીમાં છપાયેલ લેખ બારામાં "ભાષાકીય મુશ્કેલી"નો પ્રતિભાવ પણ મળેલો. તો એ અંગ્રેજી લેખના કેન્દ્રમાં રહેલ "ઉત્ક્રાંતિ અને માનવમૂલ્યો"ના જ વિષયને ગુજરાતીમાં, અલબત્ત અલગ માવજતથી રજૂ કરતો આ લેખ જરૂર વધુ રોચક જણાશે.)*

અવકાશ સંશોધનની સ્પર્ધામાં રશિયાને પ્રથમ વિજય અપાવનાર કેપ્સ્યુલનો કકડો ચંદ્ર પર પહોંચ્યો તે પ્રસંગ માનવજાતના ઈતિહાસમાં એક અપ્રતિમ બનાવ હતો. ખ્રુશ્ચેવે આ બનાવની માર્મિક મુલવણી કરતાં કહેલું : સૃષ્ટિના ઈતિહાસમાં સૌપ્રથમ વાર (માનવના કારણે) પૃથ્વીનું વજન થોડુંક ઘટ્યું છે અને ચંદ્રનું થોડુંક વધ્યું છે. શું વૈજ્ઞાનિક કે શું આબાલવૃદ્ધ, સર્વેની કલ્પનાનો કબજો લેનારા આ અવકાશ સંશોધનના સ્વરૂપે કેટલીય ઘટનાઓ સ્ફુટ થઈ રહી છે. તેમાંથી ફક્ત એકની આ આબાદ આલોચના છે. પરંતુ આ સંશોધન ભૌતિક વૈજ્ઞાનીય માહિતીથી પર, એક નવા જ પ્રદેશમાંના, એક અદ્‌ભુત ઘટસ્ફોટ તરફ કદાચ દોરી જઈ રહ્યું છે - ઝડપભેર દોરી જઈ રહ્યું છે. એનો ખ્યાલ આપણને આવ્યો છે ખરો? આ ઝડપભેર ઊઠી રહેલ સંભાવના છે, માનવજાતિના આદિકાળથી અનુત્તર રહેલ પ્રશ્ન 'ઈશ્વર છે કે નહીં?' એના નિરાકરણની.

### • નિરનિરાળી સમજણ :

ભગવાનને પત્ર લખનાર, પેલી વાર્તાના નિર્દોષ બાળકથી માંડી આદિ શંકરાચાર્ય અને કર્મવાદી જૈનોથી માંડી નિરીશ્વરવાદી નાસ્તિક લગી, એમ વિવિધ બૌદ્ધિક - મનોભૂમિકામાં વિચરતી વ્યક્તિઓની ઈશ્વર વિશેની સમજણ નિરનિરાળી પ્રવર્તી રહેલ હોવા છતાં "ઈશ્વર છે કે નહીં?" એ પ્રશ્ને માનવજાતને પરાપૂર્વથી વિવાદાગ્રસ્ત રાખેલ છે. દરેક દેશમાં, દરેક યુગમાં તેના "હા" અને "ના"માં ઉત્તર આપવાથી માંડી આ પ્રશ્નની યથાર્થતા જ નિર્મૂળ કરવા લગીના પ્રયત્નો થયા છે. પણ આ ચર્ચાઓ મહદ્ અંશે પરંપરાગત, આધ્યાત્મિક કે આધિભૌતિક સ્તરે રહી તાત્ત્વિક સ્વરૂપની જ રહેતી. અલબત્ત, કેટલાક વૈજ્ઞાનિકોએ નિજી ક્ષેત્રના ફલક પર આ પ્રશ્નનું વિવરણ કરી જરૂરી વૈજ્ઞાનિક કોણ અર્પેલ છે. પણ આખરે તો એનું નિરાકરણ અંગત માન્યતા અને શ્રદ્ધા કે અશ્રદ્ધાની એરણ પર જ શોધાયું છે. પરંતુ અંગત શ્રદ્ધા - અશ્રદ્ધાને વચ્ચે લાવ્યા વગર, વૈજ્ઞાનિક નિરીક્ષણો અને સત્યોની ભૂમિકા પર, સર્વગ્રાહી દૃષ્ટિકોણથી આ પ્રશ્ન કેટલે અંશે છેડાયો છે? આધ્યાત્મિક સ્તરથી અલગ એમ વિજ્ઞાન અને તર્કની ભૂમિકાએ, સામાન્ય માનવીને પણ જે સ્ફૂટ હોય અને જેમાં તમે અને હું પણ ભાગ લઈ શકીએ એવી વિચારણા થઈ છે ખરી? આ સંદર્ભમાં આપણે ત્યારે એક તદ્દન જુદા જ અભિગમથી આ પ્રશ્ને જોઈએ. આપણે તપાસીશું કે ઈશ્વરની કલ્પના આપણી સૃષ્ટિ પૂરતી જ મર્યાદિત છે કે અન્ય સૃષ્ટિમાં પણ તે સંભવે છે? આ અને બીજા ઘણા ચાવીરૂપ પ્રશ્નો આપણને એવી શક્યતા તરફ દોરી જશે જેના જવાબ માટે આપણને અવકાશ - સંશોધન પર મીટ માંડવી પડશે કે કોઈ અન્ય સૃષ્ટિ, જેની જોડે બૌધ્ધિક સંપર્ક સાધી શકાય, હસ્તી ધરાવે છે? આ દિશામાંથી આપણા મૂળ પ્રશ્નનો જવાબ મળી રહેશે તે જોઈએ.

### • ઈશ્વરનો ખ્યાલ :

પ્રથમ તો ઈશ્વરનો ખ્યાલ (કોન્સેપ્ટ) શું છે, તે કઈ રીતે ઊભો થયો, તે નિરપેક્ષ (Absolute) છે કે સાપેક્ષ (Relative) તે જોઈશું. પણ એની પણ પૂર્વભૂમિકા તરીકે જીવન (Life) અને ઉત્ક્રાંતિ અંગે વિચારવું જરૂરી છે.

સૂર્યમંડળના એક ગ્રહ પૃથ્વી પર જીવન છે એ પરથી સ્વાભાવિક જ તર્ક લગાવવામાં

*દરેકની પાસે સોનાનાં ઈંડાં મૂકનારી મરઘી છે, પણ કોઈને તેની ખબર નથી.*

આવે છે, કે એવું કેમ ન સંભવે કે અન્ય ગ્રહ સૂર્યમંડળ સિવાયના બીજા કોઈ ગ્રહ પર પણ, ક્યાંક જીવન હોય? આપણી ધાર્મિક માન્યતાઓ, પુરાણકથાઓમાં પારલૌકિક જીવનની સમૃદ્ધ કલ્પના કરવામાં આવી છે જ, પરંતુ અત્યાર લગી વિજ્ઞાનને કોઈ પારલૌકિક જીવનની સાબિતી નથી મળી. કદાચ વધુ સાચું વિધાન એ થશે કે વિજ્ઞાનને 'આપણી વ્યાખ્યા મુજબ'નું જીવન પૃથ્વી બહાર નથી સાંપડ્યું. 'આપણી વ્યાખ્યા મુજબનું' એમ કહેવું એ રીતે જરૂરી બને છે કે, જડ-ચેતન વચ્ચેની ભેદરેખા વધુને વધુ સંશોધન થતાં અસ્પષ્ટ બને છે. અમુક પ્રકારના વાઈરસ કે વિશિષ્ટ પ્રકારના પ્રોટીનના અણુ જડ-ચેતન સૃષ્ટિની સંધિરેખા પર છે. બનવાજોગ છે કે, જેમ આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ પછી અન્ય ગ્રહ-ઉપગ્રહોને અનુલક્ષીને આપણને પૃથ્વી પરના કાલ-સ્થળની ગણતરીમાં ફેરફાર કરવાનું જરૂરી બન્યું તેમ જડ-ચેતનની સમજણમાં પણ પારલૌકિક જીવનને અનુલક્ષીને આપણા જીવન અંગેના માપદંડોમાં ફેરફાર કરવો પડે. અલબત્ત, આપણે તો અનુકૂળ કલ્પના જ કરવાની રહી કે અવકાશ સંશોધન દ્વારા જો પારલૌકિક જીવ સૃષ્ટિની કદાપિ શોધ થઈ તો તે જીવસૃષ્ટિ વિચારવંત હશે એટલું જ નહિ પણ તેની જોડે બૌદ્ધિક વિનિમય પણ શક્ય હશે. એ ખરું કે આપણને એવું માની લેવા કોઈ સબળ કારણો નથી. તે જોડે એ પણ ખરું કે આવું શક્ય નથી તેમ માની લેવાને પણ કોઈ કારણ નથી.

- **હવે પછીની હરણફાળ :**

અવકાશ સંશોધનની પ્રગતિકૂચમાં ચંદ્ર પર ઊતરીને માનવીએ એક અગત્યનું પગલું ભર્યું છે. આપણે આશા રાખીએ કે ત્યાર પછીની હરણફાળ અંતરિક્ષમાં ઉપર કહ્યા પ્રમાણેનું જીવન શોધી કાઢવાની હશે. આપણે એ પારલૌકિક જીવને પૂછીશું : 'ભલા, ઈશ્વર વિશે તું શું ધારે છે? તારી કલ્પનામાં એ બિરાજમાન છે કે? તમારો ઈશ્વર પૃથ્વી પરના ઈશ્વર જેવો જ માયાળુ, પ્રેમાળ, ન્યાયી છે કે પછી તમે તમારા જગતના કોઈ નિરાળા જ ગુણધર્મો એનામાં નિરૂપ્યા છે? આ પ્રશ્નો પાછળનું તાત્પર્ય સ્પષ્ટ કરવા થોડુંક પૃથક્કરણ કરીએ.

- **ઈશ્વર માટે ખોજ :**

આપણે ઈશ્વર વિશે પૂર્વગ્રહ-રહિતતાથી વિચારવું હોય તો આપણા માટે શક્ય છે? આપણા મનમાં ઈશ્વર વિશેના ખ્યાલના એવા સંસ્કાર પડેલા હોય છે કે આપણે નિરપેક્ષપણે વિચારી શકીએ જ નહીં. વરસાદ ક્યાંથી આવ્યો? જન્મ-મરણ કેમ થાય છે? એવા આપણા બાળપણના પ્રશ્નોના જવાબમાં આપણો ઈશ્વર જોડેનો પ્રથમ પરિચય થાય છે. ઘણા વર્ષોથી આપણે ઈશ્વરની હસ્તી સ્વીકારીને જ ચાલીએ છીએ. બુદ્ધિ વિકસતાં આપણે ઈશ્વર વિશે ખરેખર વિચારવા માંડીએ છીએ અને પ્રશ્નો પણ ઉઠાવીએ છીએ. મોટાભાગના કિસ્સામાં માનવી ઈશ્વરમાં માનવા લાગે છે તો વળી થોડાક કિસ્સામાં તે નાસ્તિક પણ બની બેસે છે. પણ આ બધી માન્યતા, વિચાર પ્રક્રિયામાં ઈશ્વર વિશે સ્વતંત્ર અવગાહન થવું દૂર રહ્યું, આપણા સંસ્કારો, પૂર્વગ્રહો બળવાન ભૂમિકા ભજવી જાય છે. તેના અસ્તિત્વ-બિનઅસ્તિત્વ વિશેની આપણી વિચાર પ્રક્રિયામાં નિરપેક્ષતા નથી રહેતી. આપણે એક પક્ષકાર-વાદી કે પ્રતિવાદી બની બેઠેલા જ હોઈએ છીએ અને એટલે ન્યાય આપવાની સ્થિતિમાં નથી રહી શકતા. આના નિરાકરણ માટે આપણે અન્ય સ્થળે ખોજ કરવી રહી. અવકાશ સંશોધન અને શક્યતઃ પારલૌકિક જીવન એ આપણી એવી ખોજ બની રહેવાની પૂરી શક્યતા છે એમ આપણે અંતમાં જ જોઈશું. આપણે મૂળથી જ વૈજ્ઞાનિક અભિગમ સ્વીકારેલ હોઈ ઉત્ક્રાંતિના વિધાનો સ્વીકારી આગળ વધીએ.

જીવનના પ્રારંભમાં જયારે માત્ર એકકોષી (Amoeba) પ્રાણી હશે ત્યારે તો અલબત્ત એના મગજમાં (એને મગજ નથી) ઈશ્વરનો વિચાર નહીં જ પ્રવેશ્યો હોય. ઉત્ક્રાંતિની આગેની મજલ પર માનવી જયારે કપિના (homosapean) તબક્કે પહોંચ્યો હશે ત્યારે પણ તેણે - ઈશ્વર વિશે વિચાર્યું હોય એ સંભવતું નથી. તો ઈશ્વર જેવી એક નવી જ વસ્તુનો ખ્યાલ માનવીના મનમાં ક્યારે પ્રવેશ્યો? એનો આવિષ્કાર ક્યારે થયો?

એ કલ્પી શકાય છે કે, ઘણી અકળ ઘટનાઓએ ક્રમશઃ વિકાસ પામતા માનવીની કલ્પનાને કોઈક તબક્કે ઉત્તેજિત કરેલ હશે. અગ્નિ, ઝંઝાવાત, પ્રલય - જન્મ, મરણ વગેરે નિહાળી આ બધા સામે પોતાની શક્તિ મર્યાદાનું ભાન થવાથી આદિ-માનવે એક અદ્‌ભુત શક્તિની કલ્પના કરી. (આપણામાં તથા ખાસ કરીને આદિવાસીઓ અને જંગલીઓમાં શક્તિપૂજન હજી પ્રવર્તે છે) પરંતુ માનવી હજી અસંસ્કૃત હતો. પોતાનું અસ્તિત્વ કેમ ટકાવી રાખવું એ જ એના સમગ્ર અસ્તિત્વનું કેન્દ્રબિંદુ હોઈ તેનામાં આસુરી વૃત્તિનું પ્રાધાન્ય હતું. એ બહુ જ અર્થભર્યું છે કે આ તબક્કે એણે જે દૈવી શક્તિ કલ્પી તેમાં પણ આસુરી નિરૂપણ કરેલું છે. દા.ત. વિંધ્ય પ્રદેશની વિંધ્યવાસીની દેવીમાં ક્રૂરતાનું નિરૂપણ છે. જેમ જેમ માનવી સંસ્કારી બનતો ગયો (છેવટ વૈચારિક ભૂમિકાએ તો ખરું જ!) તેમ તેમ જીવનનાં મૂલ્યોનો ખ્યાલ ઊપસ્યો. આના પડઘારૂપ ઉત્તરકાળમાં દૈવી શક્તિઓમાં પણ સાત્વિક નિરૂપણ વધવા માંડ્યું. હવે જો એવો સવાલ ઉઠાવવામાં આવે કે માનવીએ ઈશ્વરના જે ગુણધર્મો કલ્પ્યા છે તેમાં સ્વયંતત્ત્વ (spontaeity) જેવા કશાક કરતાં, આખરી પૃથક્કરણમાં તો માનવમૂલ્યોનું પ્રતિબિંબ જ માત્ર છે અને નહીં કે તેથી વિશેષ,તો આપણે શું આંચકો અનુભવશું? આપણે આ પ્રશ્ન પાછળની ભૂમિકાના સમર્થનમાં ઊંડા ઊતરીએ.

- **માનવમૂલ્યો ક્યાંથી ઉદ્‌ભવ્યા?**

આ માનવમૂલ્યો ક્યાંથી ઉદ્‌ભવ્યા?

*પુસ્તકો વાંચીએ ત્યારે આપણને માલૂમ થાય છે કે, આપણને પાંખો ફૂટી છે.*

પૃથક્કરણ કરીએ તો જણાશે કે આ મૂલ્યો સ્વયંપ્રાપ્ત નથી પણ આપણી સૃષ્ટિ અને માનવ ઉત્ક્રાંતિના ચીલા જોડે કાંઈક પ્રચ્છન્ન છતાં ચોક્કસ રીતે બદ્ધ છે. આપણે આપણને એ યાદ દેવડાવીએ કે એ ચીલો જે રીતે પડ્યો તે અન્યથા ન જ સંભવી શકત એવું અનિવાર્ય નથી. એટલે કે જો સૃષ્ટિ પરના જીવનવિકાસની ગાથા જુદી હોત, પૃથ્વી કરતાં કુદરતી તત્ત્વો અને પરિસ્થિતિઓમાં જરા શો પણ ફેરફાર હોત, તો ઉત્ક્રાંતિનાં પરિબળો વિભિન્ન હોત અને પરિણામે જીવનનું ઉત્કૃષ્ટ સ્વરૂપ - જે આધારે માનવી છે - જુદુંજ હોત અને સંસ્કૃતિ અને મૂલ્યો જેવું કંઈક હોત તો પણ તે જરૂર ભિન્ન હોત અને તેટલે અંશે ઈશ્વર જેવી કલ્પના ઉદ્‌ભવી હોત તો પણ - ઈશ્વરના ગુણોનું નિરૂપણ પણ જુદું જ થયું હોત. આ કઈ રીતે?

## • તો શેનું નિરૂપણ કરત?

ધર્મની વિભિન્નતાઓ હોવા છતાં શું હિંદુ (સનાતની), શું ક્રિશ્ચિયન કે શું મુસ્લિમ, દરેક ધર્મમાં ઈશ્વરને કૃપાળુ કે માયાળુ કે રહીમ માનેલ છે, તેને પ્રેમાળ કલ્પેલ છે અને ન્યાયી પણ કહેલ છે. હવે ધારો કે દયા, પ્રેમ, ન્યાય અને એવી અનેક વસ્તુઓ કે જે કોઈ પણ માનવ સમાજમાં ઉદાત્ત જ ગણાયેલ છે અને જેને આપણે ઉચ્ચ આસને બિરાજમાન કરેલ છે તેવું જો ન કરવા પામ્યા હોત તો ઈશ્વરમાં આપણે શેનું નિરૂપણ કર્યું હોત? અથવા તો ધારો કે માનવસમાજે ક્રૂરતા, ધિક્કાર અન્યાયનું (જે કોઈ પણ વિચારસરણી, કોઈ પણ સમાજમાં આખરે તો નિંદ્ય જ છે) પ્રતિષ્ઠાપન કર્યું હોત તો? દલીલ જરાક વધુ સ્વીકાર્ય બનાવીએ. ધારો કે કોઈ એવું વિપરીત જગત સંભવે જ્યાં ક્રૂરતા, ધિક્કાર અને અન્યાયનું બહુમાન થતું હોય તો શું એવા જગતમાં ઈશ્વરને ક્રૂર, ધિક્કારપૂર્ણ અને અન્યાયી નહીં ચીતરવામાં આવે? હવે ફક્ત આપણે એટલું જ જોઈ શકીએ કે દયા, પ્રેમ, ન્યાય વગેરે જેવા સ્વયંસિદ્ધ (axiomatic) ગણાતાં મૂલ્યો પણ નિરપેક્ષ નથી પરંતુ માત્ર અમુક ચોક્કસ પ્રકારની ઉત્ક્રાંતિગાથાના પડઘા જ છે તો, જે જગતમાં ઉત્ક્રાંતિગાથા (જો થઈ હોય તો) આપણાથી વિભિન્ન હોય ત્યાં આ દયા, પ્રેમ, ન્યાય વગેરે અર્થશૂન્ય બની રહે છે. આવા જગતનો ઈશ્વર - જો કલ્પાયો હોય તો - આપણા ઈશ્વરની ઊલટી જ છબી હોય! હજી આગળ વધીએ.

## • ઉત્ક્રાંતિની પ્રક્રિયા :

ઉત્ક્રાંતિ પ્રક્રિયામાં પૃથ્વી પરની શરૂની સ્થિતિ એવી હતી કે પોતાનું અસ્તિત્વ ટકાવવા માનવીને ખોરાક માટે પશુ અને અન્ય માનવીઓ જોડે સંઘર્ષમાં આવવાનું બન્યું. પોતાનું પેટ ભરવા તે ક્રૂર, સ્વાર્થી, દયાહીન બન્યો. પોતાના જાતભાઈને પણ ખાઈ જવાનું તેણે બાકી ન રાખ્યું. પણ માનવી સંસ્કારી થતાં આ આદિ (Primitive) ભાવોનો પ્રતિઘોષ તેના ઊર્ધ્વીકરણમાં પડ્યો અને દયા, પ્રેમ, નિઃસ્વાર્થીપણું વગેરે ગુણમૂલ્યો ઊપસ્યાં. હવે ધારો કે માનવીને ખોરાક સહેલાઈથી મળ્યો હોત તો? અથવા એથીયે આગળ, તેનું શરીર બંધારણ એવું હોત કે ભૂખ જેવી વસ્તુ જ ન સંભવી હોત તો? વળી, માનવીને અન્ય માનવી તરફથી ભય ન હોત, સલામતીની ખાતરી જ હોત તો? અથવા તો માનવીને મૃત્યુ જેવું જ કંઈ ન હોત તો? (દા.ત. કેટલાક વાઈરસ માટે મૃત્યુનો પ્રશ્ન જ નથી હોતો) દેખીતું જ છે કે એવી સ્થિતિમાં માનવીને સ્વાર્થી, ક્રૂર, પ્રેમહીન બનવાની પરિસ્થિતિ જ ઊભી ન થઈ હોત અને એટલે જ દયા, પ્રેમ, ઔદાર્ય જેવા ભાવોની અર્થપૂર્ણતા (significance) જ ન હોત! ફક્ત આ ભાવો જ શું, અન્ય માનવ સ્વીકૃત સંસ્કારભાવનાઓ પણ માત્ર પૃથ્વી પરની ઉત્ક્રાંતિના પડઘારૂપે જ અને તેથી વિશેષ કાંઈ નહીં, નથી વિકસેલ શું? થોડાંક ઉદાહરણો લઈએ.

## • ભૂખ જ ન હોત તો?

દાન કે ઔદાર્યનું પૃથક્કરણ કરીએ તો શું માલૂમ પડશે? દાન-ઔદાર્યનું મહત્ત્વ કઈ રીતે છે? માનવીમાં સંચયવૃત્તિ છે એને પરિણામે જ અસમાન માલિકી છે અને એટલે જ માનવીને પોતાની માલિકીમાંથી બીજાને આપવાની ઉદારતા દાખવવાનું પ્રાપ્ત થાય છે અને તે દાન કરે છે. પણ અગાઉ કલ્પ્યું તેમ જો ભૂખ જ ન હોત તો સંચયવૃત્તિ જાગત? બીજો દાખલો લઈએ : નિષિદ્ધ પ્રકારના લગ્નનો. પુત્રી-બહેન વગેરે જોડીના લગ્નના નિષેધના મૂળમાં પ્રજનનના અધઃપતન (degeneration) સિવાય શું છે? પણ જો માનવ એ રીતે ઉત્પન્ન થયો હોત કે આવાં લગ્નોથી થતી સંતતિ વધુ દીર્ઘાયુષી, વધુ બુદ્ધિશીલ, વધુ વશિષ્ઠ, ટૂંકમાં વધુ ઈચ્છનીય પ્રકારની થતી હોત તો જરૂર બધા ધર્મોએ પુત્રી-બહેન જોડેનાં લગ્નનો નિષેધ ન રાખ્યો હોત એટલું જ નહિ પણ એમનો માનવધર્મ તરીકે પુરસ્કાર પણ કર્યો હોત.

આ બધા પરથી શું ફલિત થાય છે? આપણે પ્રથમ જોયું કે આપણો ઈશ્વર આપણાં મૂલ્યોનું પ્રતિબિંબ માત્ર છે અને જોયું કે આપણા મૂલ્યો આપણી ઉત્ક્રાંતિ પ્રક્રિયાનાં પડઘામાત્ર છે. આથી પ્રતીત થાય છે કે ઉત્ક્રાંતિ પ્રક્રિયા બદલાતાં મૂલ્યો પણ બદલાત અને તે જોડે આપણો ઈશ્વર પણ બદલાત! હવે પૃથ્વી પરની ઉત્ક્રાંતિ પ્રક્રિયા તો જે રીતે થઈ છે એ રીતે જ થઈ હોવાથી વૈકલ્પિક ઉત્ક્રાંતિ પ્રક્રિયા અને જીવન પર તેની અસર જોવાનું આપણા માટે શક્ય નથી અને એટલે જ આપણે જુદા ગુણધર્મોવાળા ઈશ્વરની કલ્પના જ કરી શકતા નથી. પણ જો અવકાશ-સંશોધનને પરિણામે આપણને એક એવી જીવસૃષ્ટિ મળે જ્યાં ઉત્ક્રાંતિનું સ્વરૂપ નિરાળું હોય અને મૂલ્યો પણ નિરાળા હોય તો ત્યાંનો ઈશ્વર પણ નિરાળો સંભવે. આ શક્યતામાંથી આપણા મૂળ સવાલનો જવાબ કેવી રીતે મળી શકે?

## • ઈશ્વર વિશેનો ખ્યાલ :

પૃથ્વી પરની ઉત્ક્રાંતિના ક્રમમાં

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૨૦ ઉપર)**

*જો તમે જ્ઞાન મેળવવા માંગતા હોવ તો તમારા મગજમાં દરરોજ કંઈક ઉમેરો.*

સમાજ દર્પણ

# ચાલો, ફરી ઉજવીએ રેડીમેઈડ દિવાળી...

• કિરીટ નંદુ •

વિક્રમ સંવત ૨૦૬૩ થોડા દિવસો પછી વિદાય લેશે. એક વર્ષ પૂરું થયું. જ્યાં પૂર્ણવિરામ થાય છે, ત્યાંથી કશુંક નવું શરૂ થાય છે. ખરેખર તો જીવનની ઘટમાળ જ એવી બની ગઈ છે કે કેલેન્ડરના તારીખિયા ફાટતા જાય છે, ઘડિયાળના કાંટા ફરતા રહે છે. આપણે ત્યાં ઠેરના ઠેર અટકેલા જ હોઈએ છીએ. વર્ષ દરમ્યાન નોકરી ધંધામાં ભારે તનાવ સ્પર્ધાત્મક અને નાણાંકીય ભીડ સાથેની વ્હાઈટ કોલર મજૂરી કરીને પુરુષ વર્ગ દિવાળીની જૂજ મળતી રજાઓ વખતે લગભગ નરમઘેંસ બનીને ફસડાઈ જ પડતો હોય છે. આવા મહાશયોને મળતા નવા વર્ષના અભિનંદન અને શુભેચ્છામાં એટલું જ કહેવાનું બાકી હોય છે કે બ્રેક કે બાદ. નવા વર્ષમાં આ રીતે જ લગે રહો બળદભાઈ!

સમય એવો શરૂ થયો છે કે આજની જીવનશૈલીમાં જીવતી યુવા પેઢી માટે 'દિવાળી એટલે શું? દિવાળી તો અમારા મમ્મી અને ડેડી માટેનો તહેવાર છે' એવો જવાબ મળે તો નવાઈ પામવા જેવું નથી. આજની યુવા પેઢીના અમુક વર્ગ માટે તો જાણે લાઈટિંગ વિધાઉટ પાર્ટીઈંગ એન્ડ ડાન્સ. આ સિવાય તહેવાર અથવા તો નવું વર્ષ ન ઉજવાય? સમય એવો પણ આવશે - નવી પેઢીના ટીનેજરો એવું જ સમજશે ૧ જાન્યુઆરીએ તો હેપ્પી ન્યુયર આવે છે, તો આ દિવાળી પછીનું નવું વર્ષ કેમ? યુવા પેઢી હવે તેમના વાલીઓ માટે દિવાળી એટલે શું? શોપિંગ બોનાન્ઝા, હોલી ડે ટૂર, મૉલમાં ઢગલાબંધ ચીજવસ્તુઓ સાથે ફરતી ટ્રોલીઓનું ટ્રેઈલર કે સ્ટીરિયો ટાઈપ ફટાકડા અને શુભેચ્છાની આપ-લે ની અફડાતફડી!

ખરેખર, આવા બધા પરિબળો હેઠળ દિવાળીના તહેવારની આત્મિક ખુશી ને મહિમાની મજાથી માત્ર નવી પેઢી જ નહીં, તેમના વાલીઓ પણ વંચિત થતા જાય છે. સરવાળે આપણી સંસ્કૃતિમાં એક અદ્‌ભુત રીતે વિશ્વમાં ક્યાંય ન જોવા મળે તેવા તહેવાર આત્મસાત્ કરીને જે નવું વર્ષ ઉત્સાહ અને આશા સાથે જીવવાની ઊર્જા અગાઉ મળતી હતી તેનું અવમૂલ્યન થતું જાય છે. આપણા તહેવારો, આપણી સંસ્કૃતિ, માનસ તેમજ સામાજિક હૂંફની ખાસિયતના આધારે બનાવાયેલ છે. જેમાં શ્રીમંતાઈ કરતાં સુખને, ઉત્તેજના કરતાં આનંદને, સ્વકેન્દ્રી બનવા કરતાં સામાજિક બનવામાં અને ધન કરતાં લક્ષ્મીને મહત્ત્વ આપવામાં આવ્યું છે. ધનતેરસ ભલે હોય પણ ધન પૂજા નહીં થાય. પૂજાનું નામ તો લક્ષ્મીપૂજન જ કહેવાશે.

દિવાળીનાં દિવસો દરમ્યાન આપણે આખા વર્ષનો ખૂણે ખાંચરે એકઠો થયેલો કચરો સાફ કરીએ છીએ. કોઈ રંગરોગાન પણ કરાવે છે અને પછી દીવા પ્રગટાવીએ છીએ. આ તો થઈ બહારની દિવાળીની વાત, પરંતુ ખરું કામ તો ત્યારે બનશે જ્યારે આપણી અંદર પણ પરમાત્માની જ્યોતિ ઝગમગશે. આ માટે પહેલાં હૃદયના મેલને સાફ કરવાની જરૂરત છે. રાગ, દ્વેષ, અસ્મિતા, અહંકાર, અભિનિવેશ આ પંચ-કલેશ જે આપણા જીવનની રોજિંદી વસ્તુ બની ગઈ છે તેને દૂર કરો. આ બધું જ ફક્ત આ વાંચવાથી અને ભૂલી જવાથી નહીં જ થાય. શક્ય છે, બધું એકીસાથે શક્ય ન હોય પણ મનમાં શુદ્ધ વિચારથી એ દિશા તરફ ધીરેધીરે આગળ તો વધવાનું જ છે. મન, વચન અને કર્મથી કોઈનું પણ ખોટું, બુરું ન કરો. દીન દુઃખીયાઓને મદદ કરો. શુભ ઈચ્છા, શુભ વિચારથી વાણી અને વર્તન પણ શુભ બનશે ત્યારે જ આપણા હૃદયરૂપી મનમંદિરમાં બાઝેલા સ્વાર્થ, જડતા, અજ્ઞાનતા અને વેરઝેરનાં જાળાં સાફ થઈ મન મંદિરમાં મનનો દીવો પ્રગટશે અને શુભ વિચારો રૂપી પ્રકાશના કિરણો હૃદયમાં પ્રસરશે.

દીવા, એ આશાનું અને હકારાત્મક અભિગમનું પ્રતીક છે. પોતે ફના થઈને બીજાને ઉજાળવા તે દીપકનો કાર્યમંત્ર છે. આ પ્રતીક લઈ આપણે આપણા કૌટુંબિક જીવન, ગૃહસંસાર માટે કહેતા હોઈએ છીએ કે કુળદીપક એટલે દીકરો હોય તે ઘરને ઉજાળે. પરંતુ "દીવા"માં ગૂઢાર્થ છે. દીવાનું વિશ્લેષણ કરીએ તો તેમાં જેના લીધે પ્રકાશ મળે છે તે "દીવેટ" કેવી એટલે સ્ત્રીજાત કહેવાય છે. જ્યોત જે પ્રકાશ ફેલાવે છે તે પણ સ્ત્રી સાથે સંબંધિત છે. જો દીવેટ સળગે નહીં અને જ્યોત બને નહીં તો પ્રકાશ કેવી રીતે આપે? એટલે દીવાનું પ્રાગટ્ય એ દીવો, દીવેટ અને જ્યોત ત્રણેની સામૂહિક ક્રિયા છે. આજે એ જ પ્રમાણે સમય બદલાયો છે. દીકરો જો "કુળદીપક" તો દીકરી "કુળદીપિકા" ચોક્કસ કહી શકાય. આજની દીકરીઓ પોતાની શૈક્ષણિક કારકિર્દી, વ્યવસાયિક કારકિર્દી અને સામાજિક કારકિર્દીથી દીકરા જેટલો જ પ્રકાશ રેલાવી માતા-પિતાને ગર્વથી તેજોમય બનાવે છે. દિવાળીમાં ગૃહિણી પોતાના ઘેર દીવા મૂકશે ત્યારે એ દીવાના અજવાળામાં ગૃહિણી પોતે અને આ ઘરના દરેક સભ્યો મનના અંધકારને દૂર કરી સંકલ્પ કરે કે, કોઈપણ ઘર 'કુળદીપક' અને 'કુળદીપિકા' બંને વડે ઉજળું બને છે. આથી દીકરીઓને અન્યાય ન કરવો. દીવાની જ્યોત જેમ પ્રકાશ ફેલાવે છે તેમ ઘરના સભ્યોએ પ્રેમની જ્યોત જ સળગાવવી. જેથી સૌના જીવનપંથ ઉજળે.

તહેવારો તો એક પછી એક આવશે

*જો તમે ડહાપણ મેળવવા માંગતા હોવ તો દરરોજ તમારા મગજમાંથી કંઈક દૂર કરો.*

અને જશે. આપણે ભલે નાતાલ, વેલેન્ટાઈન ડે ઉજવીએ, ફ્રેન્ડશિપ બેલ્ટ બાંધીએ કે બ્રાંડ અને ડિઝાઈનની દુનિયા જોડે નાતો બાંધીએ પણ આપણા તહેવારોના માત્ર ખાણીપીણી, શોપિંગ કે પ્રવાસના સંદર્ભમાં જ નહીં પણ તેના મૂળ આશયને જાણીને તેનો મહિમા જીવંત રાખીએ તેટલું તો હોવું જોઈએ. ખરેખર તો દિવાળીના તહેવારની ઉજવણીની પદ્ધતિ સુદ્ધાં આપણે ભૂલતા જઈએ છીએ. અગાઉ ગૃહિણીઓ સાથે મળીને ઘરે ઉત્સાહ સાથે મઠિયા, પૂરી, ચેવડો, ફરસી પૂરી, ફાફડા, ઘૂઘરા વગેરે વગેરે બનાવતી પણ હવે બધું જ રેડીમેઈડ. દિવાળીમાં પ્રશ્ન ખાવાનો હતો જ નહીં. જાતે હોંશપૂર્વક બનાવવાનો અને પીરસવાનો હતો. આજે રેડીમેઈડ અને ઈન્સ્ટન્ટ પેકેટોની બોલબાલા છે. કોઈ કહેશે પણ આ બધું કરવા માટે અત્યારે સમય પણ ક્યાં છે? શું ખરેખર બધા પાસે સમય જ નથી? પણ સમય એ કહેશે આપણી બનાવેલી વાનગીઓ આ નવી પેઢીને નહીં ભાવે. આપણા સંતાનોના ટેસ્ટ બદલાઈ જાય તે માટે આપણે પણ જવાબદાર છીએ.

દિવાળીના તહેવારમાં ખાના-ખજાનાની વાત પછી રહી લક્ષ્મીની વાત. આપણને ઈશ્વર કહો કે નસીબ ગણો પણ પાછળ નજર કરશો તો ખ્યાલ આવશે. આ ઈશ્વર અથવા નસીબે આપણને ઘણું ઘણું આપ્યું છે. બધા જ આપણા જેવા નસીબદાર ના પણ હોય. તમારી ખુશી, કમાણી, આઝાદીનો નજીવો કિસ્સો જરૂરિયાતમંદોને વહેંચો. દિવાળી બીજાને ખુશી આપવાનો અવસર છે. દાન - ધર્મનો પણ મહિમા છે. સવાલ કોઈને ખુશ કરવાનો નથી, આપણે ખુશીની અનુભૂતિ મેળવવાનો છે. અમુક રૂપિયા, સહાય કે ભેટથી જરૂરિયાતમંદોને લોટરી નથી લાગવાની. પણ તેઓને કદર થયાની જે ઈનામી અનુભૂતિ થાય છે, તેનામાં અનેરો ઊર્જા સંચાર કરે છે. બાકી એટલું પણ યાદ રાખો કે 'કહીં દીપ જલે, કહીં દિલ'ની સ્થિતિ હંમેશાં હોય છે. આપણે બીજાનો દીપ જલાવીએ તે જ દિવાળીનો મેસેજ છે. પણ ક્યાં સુધી આવી ભાવના ટકશે? તો ચાલો, વધુ એક રેડીમેઈડ અને ડિઝાઈનર દિવાળીને આવકારીએ... શો મસ્ટ ગો ઓન...!

***અંતમાં...***

તહેવારો તો દરિયાના ઉછળતા મોજાંની જેમ એક પછી એક આવતા રહેશે. ખરેખર તો આપણે કોઈને હૂંફ આપીએ, શાંતિ આપીએ, પ્રેમ આપીએ, .... એ બીજું કશું નથી પણ આપણે પ્રગટાવેલી દીપાવલી જ છે. દિવાળીનો સ્થૂળ અર્થ નહીં, પણ સૂક્ષ્મ અર્થ સમજવો જોઈએ. આ પૃથ્વી પર ઘણા મહાન આત્માઓએ પોતપોતાની રીતે દીવા પ્રગટાવ્યા છે. મહત્ત્વ જ્યોતનું છે. કોઈ શબ્દો દ્વારા દીવો પ્રગટાવે, કોઈ મૌન દ્વારા. કોઈકને માટે અંગત હિત કે સ્વાર્થી હેતુ વિના પણ આપણે કંઈક કરી શકીએ તો એ જ દીવો અને સાચી દિવાળી. જ્યાં જ્યાં અંધારું છે ત્યાં ત્યાં અજવાળું થઈ શકે અને દીવામાંથી દીવો પ્રગટે એમ માણસ માત્રમાં નિર્ભયતા, પ્રસન્નતા અને પ્રશાંતિની દીપમાળા પ્રગટતી જાય ત્યારે જ દીપાવલી કહેવાય.

***'મંગલ મંદિર' : નવેમ્બર-૨૦૦૭***

## ઉભરતા ભારતના આર્થિક વિકાસના ઉદ્દીપક

**(અનુસંધાન : પાના નં.-૧૨૪ ઉપરથી ચાલુ)**

વર્ષે ૩.૬% પ્રાપ્ત થયાના સમાચાર છે.

ઔદ્યોગિક વિકાસનો દર ધીમો પડવા સામે ખેતીના વિકાસ દરમાં વૃદ્ધિ સમગ્રપણે GDP ગ્રોથને ઊંચે લઈ જવા Booster તરીકે કામ કરી શકે તેમ છે. ભારતની ૭૦% વસતિ ગ્રામ્ય ક્ષેત્રમાં છે ત્યારે અને ૬૦% લોકો ખેતી આધારિત જીવનનિર્વાહ કરે છે તે સંજોગોમાં સ્પેશિયલ એગ્રિકલ્ચરલ ઝોનનું મહત્ત્વ ઓર વધી જાય છે.

SEZ અને SAZની માફક જ્યારે ૨૧મી સદીમાં આપણે knowledge પ્રવેશ કર્યો છે ત્યારે Education પર વિશેષ ધ્યાન આપવાના હેતુસર SEdZ એટલે કે સ્પેશિયલ એજ્યુકેશન ઝોન સ્થાપવાની જરૂર છે. પ્રત્યેક રાજ્યમાં ITIથી કરીને IIT સમકક્ષ ઈન્સ્ટિટ્યૂશન સ્થાપવા, Information Technology part તેમજ એગ્રિકલ્ચરલ, બાયોટેકનોલૉજી અને પેરા મેડિકલ સાયન્સીઝ પ્રકારની ઈન્સ્ટિટ્યૂશન સ્થાપિત કરી વિશાળ પાયા પર Special Education Zone સ્થાપવાથી આખરે તો ભારતના આર્થિક વિકાસને જ વેગ મળનાર છે.

આમ SEZ, SAZ અને SEdZ ઉભરતા ભારતના આર્થિક વિકાસના ઉદ્દીપક તરીકે આપણા દેશની પ્રગતિને જોરદાર ઇંધણ રૂપ પુરવાર થશે.

***'મંગલ મંદિર' : માર્ચ-૨૦૦૮***

## હિંદુ મેરેજ એક્ટ હેઠળ થયેલા લગ્નના છુટાછેડા....

**(અનુસંધાન : પાના નં.-૧૨૬ ઉપરથી ચાલુ)**

રીતે છૂટાછેડા મેળવ્યા હતા જે તેમની કચ્છી વીસા ઓશવાળ જૈન જ્ઞાતિમાં માન્ય ગણાતા નથી. આ જ્ઞાતિમાં કોર્ટની ડિક્રીથી થયેલા છૂટાછેડાને જ માન્ય ગણાય છે. આના સમર્થનમાં જ્ઞાતિના ત્રણ અગ્રગણ્ય વકીલો તથા જ્ઞાતિના બંને મહાજનોના અભિપ્રાય મેળવ્યા હતા. એ અભિપ્રાય પ્રમાણે ક.વી.ઓ. જૈન જ્ઞાતિમાં કોર્ટ દ્વારા જ છૂટાછેડા લેવાય અને ઘરમેળે દસ્તાવેજ બનાવી છૂટાછેડા ન લેવાય. ગૌતમના વકીલે કોર્ટને વિનંતી કરી હતી કે, રૂક્ષ્મણીના પ્રથમ લગ્નના કાયદેસર છૂટાછેડા થયા નથી. એટલે તેના ગૌતમ સાથેના બીજા લગ્નને રદબાતલ જાહેર કરવા. કોર્ટે ગૌતમના વકીલનો આ મુદ્દો સ્વીકાર્યો હતો.

આખરે નામદાર કોર્ટે રૂક્ષ્મણીની અરજી કાઢી નાખી હતી. કોર્ટે રૂક્ષ્મણીએ અગાઉના પતિથી લીધેલા છૂટાછેડાને અમાન્ય ગણાવ્યા હતા અને રૂક્ષ્મણી તથા ગૌતમ વચ્ચેના લગ્ન રદબાતલ જાહેર કર્યા હતા. કોર્ટે પરિસ્થિતિને અનુલક્ષીને રૂક્ષ્મણીને માસિક રૂા. ૧૫૦૦/- આપવાનો હુકમ ગૌતમને કર્યો હતો પરંતુ પ્રથમ લગ્નથી રૂક્ષ્મણીને થયેલી દીકરીને કોઈ પણ ભરણપોષણ આપવા ગૌતમ જવાબદાર નથી એમ જણાવ્યું હતું. આમ, આ ચુકાદા સાથે કેસનો અંત આવ્યો હતો. ગૌતમ તરફથી વરિષ્ઠ ઍડવોકેટ મહેન્દ્ર કે. શાહે (રતાડિયા ગણેશ - મલાડ) આ મુકદ્દમો ચલાવ્યો હતો.

***'મંગલ મંદિર' : મે-૨૦૦૮***

માહિતી

# ભારતની એક અજાયબી

## ૭૫ વર્ષથી નીકળતી અને નિઃશુલ્ક અપાતી અખબાર જેવી 'કચ્છી ખબર પત્રિકા'

• મંગલમ •

વર્ષો પહેલાં વીસા ઓસવાળ જ્ઞાતિજનો કચ્છથી મુંબઈ આવ્યા અને વેપાર-નોકરીમાં લાગ્યા. ધીરે ધીરે તેઓ અહીં જ સ્થાયી થયા. સમાજમાં પણ પ્રસંગો તો દરેક ઘરે આવ્યા જ કરે, જન્મ - લગ્ન - મરણ. જ્યારે કોઈ કુટુંબમાં મૃત્યુ પ્રસંગ આવે ત્યારે સમાજના રિવાજ પ્રમાણે ગુદાવર કે બોલાવવા જવું પડે. આ વાત છે ઓછામાં ઓછા ૭૫ વર્ષ પહેલાંની કે જ્યારે આજના જેવા સંદેશા વ્યવહારના સાધનો ન હતા. તેથી કુટુંબીજનોને મૃત્યુ સમાચાર મોકલવામાં તકલીફ થતી. આ એક સામાજિક સમસ્યા હતી. એટલે કચ્છી વીસા ઓસવાલ દેરાવાસી અને સ્થાનકવાસી મહાજનના મોવડીઓએ મરણ સમાચાર સમાજને રોજેરોજ મળતા રહે એ માટે દૈનિક 'ખબર પત્રિકા' કાઢવાનું શરૂ કર્યું. તે સમયમાં ખબર પત્રિકામાં ફક્ત મરણ ખબર અથવા તો મહાજનની મિટિંગની ખબર જ છપાતી. ક્યારેક કોઈ મરણ ખબર ન હોય તો પત્રિકા બંધ રહેતી. બંને મહાજન દ્વારા આ કાર્ય માટે એક સમિતિ નીમવામાં આવી, જે પત્રિકાનું છાપવા તથા તેને વિતરણ કરવાનું સંચાલન કરતી. દરરોજ સવારના દરેક ઘરે આ 'ખબર પત્રિકા' પહોંચાડવામાં આવતી અને તે પણ કોઈ ચાર્જ વિના. આજે લગભગ ૭૫ વર્ષ થયા આ કાર્ય અવિરત ચાલુ છે. આવી વ્યવસ્થા કદાચ બીજી કોઈ જ્ઞાતિમાં નહીં હોય. આટલા લાંબા સમયથી એક દૈનિક પત્રિકાનું જ્ઞાતિજનોમાં ઘરેઘર નિઃશુલ્ક વિતરણ કરવું એ દુનિયાની એક અજાયબી જ છે.

વર્ષો પછી હવે મુંબઈમાં ક.વી.ઓ. સમાજની વસતિ વધી છે અને તેનો વિસ્તાર પણ વધ્યો છે. તો પ્રગટ થતી દૈનિક 'ખબર પત્રિકા' જે એક વખત ટચુકડા કદની હતી તે હવે મોટા અખબાર જેવી બની ગઈ છે. ફક્ત મરણ સમાચાર માટે શરૂ થયેલી પત્રિકામાં હવે સામાજિક અને ધંધાકીય જાહેરાતો પણ છપાય છે. ફોટા સાથે મરણ ખબર ફ્રી છપાય છે અને સામાજિક તથા ધંધાકીય જાહેરાતોના ભાવ અલગ અલગ હોય છે. હાલ એની લગભગ ૪૪,૦૦૦ જેટલી નકલો છપાય છે અને તે મુંબઈ ઉપરાંત જ્યાં જ્યાં આપણા સમાજના લોકો વસે છે ત્યાં પણ મોકલવામાં આવે છે. આખી પત્રિકા ઈન્ટરનેટ પર મૂકવામાં આવે છે. તેથી દુનિયાના કોઈપણ ખૂણે વસતો આપણો જ્ઞાતિજન તે વાંચી શકે છે.

થોડાં વર્ષો પહેલાં ફક્ત સમાચારની કોલમ જ આવતી પરંતુ હવે આખા - અડધા અને પા (ક્વાર્ટર) પાનાની જાહેરાતો છપાય છે તથા અઠવાડિયામાં બે વખત રંગીન પૂર્તિઓ પણ પ્રગટ થાય છે. ટૂંકમાં હવે એ પત્રિકા કચ્છી વીસા ઓસવાળ સમાજનું દૈનિક અખબાર બની ગયું છે.

આ ખબર પત્રિકા વિશે ઘણું લખી શકાય એમ છે પરંતુ પાના મર્યાદાના કારણે આટલી માહિતી સાથે વિરમું છું.

*'મંગલ મંદિર' : નવેમ્બર-૨૦૦૭*

---

## શું ઈશ્વર છે?

**(અનુસંધાન : પાના નં.-૧૧૯ ઉપરથી ચાલુ)**

હાઈડ્રોજન, ઓક્સિજન અને કાર્બન એ તત્ત્વોની હાજરીએ ચોક્કસ પ્રકારનો ભાગ ભજવ્યો છે. તે એટલે સુધી કે જીવન માટે ઓક્સિજન પાયારૂપ બન્યું છે. એવી દલીલ પણ કરવામાં આવે છે કે ઓક્સિજન સિવાય અન્યત્ર જીવન સંભવે નહીં. પણ અંતરીક્ષમાં અન્ય સ્થળે જ્યાં બીજા તત્ત્વોનું પ્રાધાન્ય હોય ત્યાં ઓક્સિજનથી અલગ એવા કોઈ અન્ય તત્ત્વ પર આધારિત જીવન હોય એવું કેમ ન સંભવે? ઓક્સિજનની જગ્યાએ દાખલા તરીકે ક્લોરિન આધારિત જીવન હોઈ શકે. (કાર્બનની જેમ સીલીકોન પણ કદાચ જીવનક્ષમતા બક્ષી શકતું હશે એવો એક મત ઊઠ્યો છે.) અને એ તો દેખીતું જ છે કે આવા કિસ્સામાં જીવન વિકાસક્રમ અનોખો જ રહેવાનો અને આપણને એક નવા જ જગતનાં દર્શન થવાનાં કે જ્યાંનો ઈશ્વર પણ શક્યતઃ નિરાળો હોય! સંશોધન પ્રતિ આશાભરી મીટ માંડી બેઠા છીએ કે તેના પરિણામે કદાચ અન્ય જીવસૃષ્ટિ મળી આવે, જેની જોડે વિચાર વિનિમય થઈ શકે. અગાઉ નિર્દેશ કર્યો છે તેમ આપણે આખરી નિરાકરણ માટે તેને પૂછીશું : ઈશ્વર છે? જો ત્યાંનો પણ ઈશ્વરનો ખ્યાલ (concept) આપણા જેવો જ નીકળે તો આ અદ્ભુત સમાનતા (Indentity) ઈશ્વરની સાબિતી આપી રહેશે અને જો ત્યાં એ ખ્યાલ જ નહીં હોય કે વિપરીત હશે તો ઈશ્વર માટે એના અસ્તિત્વની તક ઓછી થઈ ગઈ હશે!

આપણે ઘડીભર દ્વિધાત્યાગ કરી, ઈશ્વરનું અસ્તિત્વ સ્વીકારી, એને પ્રાર્થીશું કે આવી જીવસૃષ્ટિ જોડે આપણો જલદી સંપર્ક કરાવી આપે!

*'મંગલ મંદિર' : જાન્યુઆરી-૨૦૦૬*

*પિતૃભક્તિ દરેક વ્યક્તિનું કર્તવ્ય છે.*

# જાણવા જેવું

• સૂરજલાલ મહેતા •

## વાગોળવા ગમે તેવા કેટલાક રસપ્રદ આંકડા

૧૯૪૭માં આપણે સ્વતંત્ર થયા એ વખતે પરિસ્થિતિ શું હતી, જ્યારે આજે ૬૦ વર્ષની આઝાદી પછી ૨૦૦૭માં આંકડા પ્રમાણે શું પરિસ્થિતિ છે તે જોઈશું તો રૂપિયાનું કદ કેટલું નાનું થયું છે તે જણાશે. ૧૯૪૭ના એક રૂપિયાની કિંમત આજના લગભગ ૩૨ રૂપિયા બરાબર ગણી શકાય.

૧૯૪૭માં સરકારના આઈ.એ.એસ. અધિકારીને નોકરીમાં દાખલ થતી વખતે રૂા. ૩૫૦/- પગાર મળતો હતો જ્યારે આજે ૨૦૦૭માં રૂા. ૧૭,૦૦૦થી ૨૨,૦૦૦ જેટલો શરૂઆતનો પગાર મળે છે.

૧૯૪૭માં હિન્દુસ્તાન લીવરમાં કામ કરતા અધિકારીને રૂા. ૪૦૦ પગાર મળતો હતો જ્યારે આજે ૨૦૦૭માં રૂા. ૭૫,૦૦૦ જેટલો પગાર મેળવે છે.

૧૯૪૭માં મોટરકાર લક્ઝરી ગણાતી હતી ત્યારે તેની કિંમત રૂા. ૩૦૦થી ૪૦૦ હતી. આજે ૨૦૦૭માં રૂા. બે લાખથી શરૂ કરીને રૂપિયા દોઢ કરોડ જેટલી અંકાય છે.

૧૯૪૭માં સોનાના પ્રતિ ૧૦ ગ્રામનો ભાવ રૂા. ૮૮ હતો જે આજે ૨૦૦૭માં અંદાજે ૯૦૦૦ રૂપિયા જેટલો છે.

૧૯૪૭માં દેશનું સંરક્ષણ બજેટ ૯૩ કરોડ રૂપિયાનું હતું જે આજે ૨૦૦૭માં વધીને લગભગ ૯૦ હજાર કરોડે પહોંચ્યું છે.

૧૯૪૭માં દેશવાસીઓની સરેરાશ માથાદીઠ આવક રૂા. ૨૫૫ હતી જે આજે ૨૦૦૭માં વધીને રૂા. ૨૯,૩૮૨ જેટલી થવા જાય છે.

૧૯૪૭માં સૌથી વધારે કમાણી કરાવનાર ફિલમ 'જુગનુ' હતી જેની આવક રૂા. ૩૦ લાખ થઈ હતી. જ્યારે આજે ૨૦૦૭માં "ધૂમ-૨"ની કમાણી રૂા. ૧૪૦ કરોડ જેટલી થઈ હતી.

૧૯૪૭માં ભારતની નિકાસ ૪૦૩ કરોડ રૂપિયાની હતી જે આજે ૨૦૦૭માં લગભગ ૫.૬૪ લાખ કરોડ રૂપિયા જેટલી થાય છે. તેની સામે આયાતના આંકડા જોઈએ તો

૧૯૪૭માં ભારતની આયાત ૪૦૮ કરોડ રૂપિયાની હતી જે આજે ૨૦૦૭માં લગભગ ૮.૨૦ લાખ કરોડ રૂપિયા જેટલી થઈ ગઈ છે. નિકાસ સામે આયાત વધુ છે. કદાચ પેટ્રોલના હિસાબે હશે.

૧૯૪૭માં ભારત સરકારની મહેસૂલી આવક માત્ર રૂા. ૧૭૧ કરોડની હતી જે વધીને ૨૦૦૭માં રૂા. ૪.૦૩ લાખ કરોડ જેટલી થવા જાય છે.

૧૯૪૭માં સરકારી ખર્ચની રકમ રૂા. ૨૦૦ કરોડની હતી જે આજે વધીને ૫.૬૪ લાખ કરોડ રૂપિયા જેટલી થવા જાય છે.

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું તે સમયે ભારતની વસતિ ૩૦ કરોડની હતી જે આજે ૨૦૦૭માં વધીને ૧ અબજ ૧૧ કરોડ કરતાં વધુ જનસંખ્યા થઈ છે.

૧૯૪૭માં લોકોની અપેક્ષિત આયુમર્યાદા (Life expectancy) માત્ર ૩૧.૪ વર્ષ જેટલી જ હતી, જે આજે ૨૦૦૭માં આરોગ્ય સેવામાં સુધારાના પ્રતાપે ૬૪.૭ વર્ષ જેટલી થઈ છે.

૧૯૪૭માં દર એક હજાર જન્મતા બાળકોમાંથી ૧૪૫ જેટલાનું બાળમરણ થઈ જતું હતું, જે આજે ૨૦૦૭માં આરોગ્ય સેવાના લાભોથી બાળ મરણનું પ્રમાણ ઘટીને ૫૮ જેટલું થયું છે.

૧૯૪૭માં દેશમાં અક્ષરજ્ઞાન ધરાવનાર / સાક્ષર વગેરેની સંખ્યા વસતિના પ્રમાણમાં ૧૪ ટકા જેટલી હતી જે આજે ૨૦૦૭માં વધીને ૬૭ ટકાએ પહોંચ્યા છીએ, હજુ ઘણું કરવાનું બાકી છે.

૧૯૪૭માં ભારતમાં વીજળીનો વપરાશ ઓછો હતો કેમકે તેનું ઉત્પાદન પણ નહિવત્ હતું ત્યારે પણ માથાદીઠ વીજ વપરાશ ૧૫.૫ કિલોવોટ હતું. જે આજે વીજ ઉત્પાદન સારા એવા પ્રમાણમાં વધતાં ૨૦૦૭માં ૬૦૬ કિલોવોટ માથાદીઠ વપરાય છે અને હજુ વધતો જાય છે.

૧૯૪૭માં દેશમાં વપરાતા ટેલિફોનની સંખ્યા ૧ કરોડ લગભગ હતી જે આજે ૨૦૦૭માં વધીને લગભગ ૨૨ કરોડ જેટલી થઈ છે. મોબાઈલ ફોન જુદા.

૧૯૪૭માં દેશના રાષ્ટ્રીય ધોરી માર્ગ કિલોમીટરમાં જોઈએ તો માત્ર ૧૯,૬૩૪ કિલોમીટર હતા તે આજે વધીને ૨૦૦૭માં લગભગ ૬૫,૫૬૯ કિલોમીટર થયા છે. જે ખરેખર ઓછા છે.

આમ જોવા જઈએ તો આંકડાની દૃષ્ટિએ બધા ક્ષેત્રમાં પ્રગતિ જોવા મળશે. આ પ્રગતિ વિકસિત દેશના પ્રમાણમાં ખૂબ ધીમી લાગે છે. ત્યારે એની સામે છેલ્લા વર્ષોમાં જે વિકાસ થયો છે તે આંખે ઊડીને વળગે તેવો તો છે જ. આજની ગતિએ પ્રગતિ ચાલુ રહેશે તો ૨૦૧૦ સુધીમાં સારું પરિણામ જોવા મળશે.

*'મંગલ મંદિર' : જાન્યુઆરી-૨૦૦૮*

*અન્યાય, અસત્ય અને કપટના પાયા પરથી સ્થાયી શક્તિની સ્થાપના કરવી અશક્ય છે.*

# ઉભરતા ભારતના આર્થિક વિકાસના ઉદ્દીપક

• ધીરજ સોમપુરા •

નાણાંકીય વર્ષ ૧૯૯૨-૯૩થી ભારતમાં આર્થિક સુધારાનો દોર શરૂ થયો ત્યારથી વિવિધ ક્ષેત્રોમાં ઉદારીકરણની દિશામાં આપણે પ્રયાણ શરૂ કર્યું. વિકાસના ઉદ્દીપકો જેવાં કે ઉદ્યોગ ક્ષેત્રમાં નીતિવિષયક રાહતો, વિદેશી નિવેશ, નાણાંકીય ક્ષેત્રમાં વિદેશી સંસ્થાકીય નિવેશ, સર્વિસ ઉદ્યોગ જેવા કે ટેલિ કોમ્યુનિકેશન, વીમા, બ્રોકરેજ વગેરે ક્ષેત્રોમાં ઉદારીકરણ કરી વિદેશી રોકાણને આવકાર્ય ગણી તેના પ્રતિશતમાં ફેરફાર / વૃધ્ધિ કરી વિકાસની દિશામાં પરિણામ સ્વરૂપ આપણે પ્રગતિ કરી રહ્યા છીએ. આપણા ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)નો વિકાસ દર ૯%ની આસપાસ પ્રાપ્ત કરી, તેને જાળવી રાખવા અને ૧૦%ની નેમ સાથે આપણે કાર્યશીલ છીએ.

આમ છતાં વર્ષ ૨૦૦૮ની શરૂઆતથી આ વિકાસ દર અંગે સંચિત કરતા આંકડા અને અહેવાલ પ્રકાશિત થતા ભારતના આર્થિક વિકાસના ઉદ્દીપકમાં ઉમેરો કરવા મૌલિક વિચારધારાથી વિચારીએ તે જરૂરી બન્યું છે. તાજેતરમાં આપણો વિકાસદર નકારાત્મક બની રહ્યાના અહેવાલ છે, જેના પરિણામે GDP Growth ૯%ના બદલે ૮% થી ૮.૫% રહેવાના અહેવાલ છે. આ પરિસ્થિતિના કારણોમાં ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્રનું સ્લો ડાઉન એ એક કારણ છે. ગત વર્ષે ઉત્પાદન ક્ષેત્રના નોંધાયેલ દર ૧૩ થી ૧૪% સામે ડિસેમ્બર' ૦૭ થી આ દર ૮.૪% પ્રાપ્ત થયાના પ્રકાશિત અહેવાલ છે. માળખાગત સુવિધાના છ ચાવીરૂપ ક્ષેત્રોમાં વિકાસ દર ઘટ્યો છે. ક્રુડ ઓઇલ, કોલસો, સિમેન્ટ, પેટ્રો રિફાઇનરી પ્રોડક્ટસ, સ્ટીલ, વીજળી જેવા ક્ષેત્રોના ગત વર્ષના ૮.૯% વિકાસદર સામે ચાલુ વર્ષે આ ક્ષેત્રોના વિકાસ દર ૬.૭% રહ્યો હોવાનું જાણવા મળે છે. ઔદ્યોગિક ઉત્પાદનના ભાવાંકમાં ઉપરોક્ત માળખાગત ક્ષેત્રોનું વજન ૨૬.૬% છે. જેથી સમગ્રપણે ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ દર ઘટ્યો છે.

તદુપરાંત અમેરિકાના સ્લોડાઉનની અસર વહેલા મોડા આપણા અર્થતંત્ર પર થવાની દહેશત છે, જેની ભારતના આર્થિક બાબતોના નિષ્ણાત વડાપ્રધાને પણ નોંધ લીધેલ છે. જોકે ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ના ચેરમેનશ્રીએ તાજેતરની મુલાકાત દરમ્યાન નિર્દેશ આપ્યો છે કે ભારતનો વિકાસદર ૮% ની આસપાસ અને ચાઇનાનો વિકાસદર ૧૦%ની આસપાસ રહેશે. તેમણે પોતાનું મંતવ્ય આપેલ છે કે ભારતનું આર્થિક એન્જિન વિશ્વભરના દેશો માટે રોકાણનું આકર્ષક કેન્દ્ર બની રહેશે.

આર્થિક સ્લો ડાઉનમાંથી બહાર આવવા અને GDPનો ૧૦% નો વિકાસ દર પ્રાપ્ત કરવા ભારત એટલે કે આપણે નીચે દર્શાવેલ ઉદ્દીપકોનો સહારો લેવો જરૂરી છે.

**(૧) સ્પેશિયલ ઇકોનોમિક ઝોન :**

ભારતના વિકાસમાં ચાર ઘટકોએ મહત્ત્વનો ભાગ ભજવેલ છે જેવાં કે (અ) પ્લાનિંગ કમિશન, (બ) સરકારી નીતિ, (ક) ઔદ્યોગિક ગૃહો અને ઉદ્યોગકારો/સાહસિકો/ Enterpreneurs, (ડ) People's participation લોકોની ભાગીદારી.

પ્લાનિંગ કમિશનના અહેવાલ/યોજના આધારિત સરકારી નીતિ નક્કી કરતી વખતે આપણે હંમેશાં કોઇને કોઇ વિકસિત અથવા વિકસતા દેશને ROLL MODEL તરીકે નજરમાં રાખેલ છે. ચાઇનાએ ૧૯૮૦ના દસકાથી ઉદારીકરણની દિશામાં વૈશ્વીકીકરણના ભાગરૂપે નીતિવિષયક પગલાં લઇ ૧૧%ના દરે વિકાસ દર હાંસલ કર્યો. તેના અભ્યાસરૂપે આપણે SEZ સ્પેશિયલ ઇકોનોમિક ઝોનની સ્થાપનાનું કાર્ય શરૂ કર્યુ. જેની વિગતોથી તેમજ તેના હકારાત્મક પરિણામથી સહુ કોઇ સુપરિચિત છે. બંદર ક્ષેત્રમાં, પરિવહન, ઓટોમોબાઇલ, વીજળી, તેમજ સોફટવેર ઇન્ફોર્મેશન ટેકનોલોજી તથા રિટેલ ક્ષેત્રોના વિકાસમાં SEZ મહત્ત્વનો ભાગ ભજવી રહ્યું છે.

હવે આપણને જરૂર છે SAZની એટલે કે સ્પેશિયલ એગ્રિકલ્ચર ઝોનની :-

ભારતના આર્થિક ઇતિહાસથી પરિચિત સહુ કોઇ ખેતીની જમીનના વિભાજન અને fragmentationની સમસ્યાથી વાકેફ છે. આપણી ફાર્મિંગ અને પ્લાન્ટેશન સિસ્ટમ મોટે ભાગે વૈયક્તિક ધોરણે ચાલે છે, જેથી એકી સાથે હજારો એકર જમીનમાં એક જ પ્રકારનું વાવેતર શક્ય બનતું નથી અને તેના પરિણામે 'YEILD' ઉત્પાદકીય જથ્થા તેમજ ગુણવત્તાના ગુણાત્મક પરિણામો આપણે મેળવવા જોઇએ તેવા મેળવી શકતા નથી. સમાજવાદી દેશોમાં એકીકરણના ફરજિયાત અમલીકરણથી તત્પુરતા પરિણામો તેમને મળ્યા. પરંતુ ભારતમાં આ પધ્ધતિ સ્વીકાર્ય, વ્યવહારુ કે ઇચ્છનીય નથી. ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા નીતિના ભાગરૂપે ખેતીવાડી ક્ષેત્રના નિષ્ણાતો નિવેશકો તેમજ સાહસિકોને સ્પેશિયલ એગ્રિકલ્ચર ઝોન સ્થાપવા સવિશેષ પ્રોત્સાહિત કરવા જોઇએ. SAZ એટલે કે એવું વિશાળ ઝોન કે જ્યાં ખેતીવાડીના વાવેતરથી માંડીને સિંચાઇ ખાતર, પેસ્ટીસાઇડ, માર્કેટિંગ, નિકાસ, બેંકિંગ, સ્ટોરેજ એગ્રિ ઇક્વિપમેન્ટ અને ટૂલ્સ મેન્યુફેક્ચરિંગ વગેરેની સર્વ સગવડ ઉપલબ્ધ હોય. અત્રે એ બાબત નોંધનીય છે કે છેલ્લાં કેટલાંક વર્ષોથી આપણો ખેતીવાડીનો વિકાસ દર જે ૨% ની આસપાસ હતો તે ચાલુ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૨૧ ઉપર)**

*છેલ્લી ક્ષણ સુધી ઝઝૂમો, હાર કદી ન માનો.*

# વિરાટ સંખ્યાને માપવાની અસીમ ક્ષમતા ધરાવતી ભારતીય અંક પધ્ધતિ

• સંકલન : અમૃતલાલ નાનજી માલદે (ભુજપુર) •

શૂન્ય (૦) એ આપણાં ભારત દેશની શોધ છે. જેનાથી દશાંશ પધ્ધતિનો જન્મ થયો. આજે જે વિજ્ઞાન આટલું આગળ વધ્યું છે તે શૂન્ય અને દશાંશ પદ્ધતિને આભારી છે. નાની કે મોટી કોઈપણ જાતની ગણતરી કરવા માટે દશાંશ પદ્ધતિથી જ સમજી શકાય. બહારનું વિજ્ઞાન જગત અને સુંદર સૂક્ષ્મ જગત સમજવા, તેની સાઈઝ અને કદ સમજવા ભારતીય અંકશાસ્ત્ર જ બંધ બેસે છે.

હવે આપણે ભારતીય અંક સંખ્યાની ભવ્યતા જોઈએ. એકમ (૧), દશક (૧૦), સો (૧૦૦), હજાર (૧૦૦૦), દસ હજાર (૧૦,૦૦૦)ને આપણાં પૂર્વજો અયુત કહેતા. હજારને સંસ્કૃતમાં સહસ્ર કહે છે. સોને શતક કહે છે.

૧ લાખ (૧૦૦,૦૦૦), દસ લાખ (૧૦૦,૦૦૦૦), સો લાખ એટલે ૧ કરોડ (૧ ઉપર (૭) શૂન્ય) એટલે કોટી. દશ કરોડ (૧ ઉપર આઠ શૂન્ય), સો કરોડ એટલે એક અબજ (૧ ઉપર નવ શૂન્ય), દસ અબજ (૧ ઉપર ૧૦ શૂન્ય), સો અબજ (૧ ઉપર ૧૧ શૂન્ય ), હજાર (સહસ્ર) અબજ (૧ ઉપર ૧૨ શૂન્ય), હજાર (સહસ્ર) અબજને આપણે ખર્વ કહીએ છીએ. ખર્વને અંગ્રેજીમાં ટ્રીલિયન કહેવાય છે. દશ ખર્વ (૧ ઉપર ૧૩ શૂન્ય), સો ખર્વ (એક ઉપર ૧૪ શૂન્ય) હજાર ખર્વ (૧ ઉપર ૧૫ શૂન્ય)ને નિખર્વ કહેવાય છે. દશ નિખર્વ (૧ ઉપર ૧૬ શૂન્ય) સો નિખર્વ (૧ ઉપર ૧૭ શૂન્ય), હજાર નિખર્વ (૧ ઉપર ૧૮ શૂન્ય) ને મહાપદમ કહેવાય છે. દસ મહાપદમ (૧ ઉપર ૧૯ શૂન્ય), સો મહાપદમ (૧ ઉપર ૨૦ શૂન્ય) હજાર મહાપદમ (૧ ઉપર ૨૧ શૂન્ય) ને શંક કહેવાય છે. દશ શંક (૧ ઉપર ૨૨ શૂન્ય) સો શંક (૧ ઉપર ૨૩ શૂન્ય), હજાર શંક (૧ ઉપર ૨૪ શૂન્ય) ને જલધિ કહેવાય છે. દશ જલધિ (૧ ઉપર ૨૫ શૂન્ય) સો જલધિ (૧ ઉપર ૨૬ શૂન્ય), હજાર જલધિ (૧ ઉપર ૨૭ શૂન્ય) ને અંત્ય કહેવાય છે. દશ અંત્ય (૧ ઉપર ૨૮ શૂન્ય), સો અંત્ય (૧ ઉપર ૨૯ શૂન્ય), હજાર અંત્ય (૧ ઉપર ૩૦ શૂન્ય) ને મધ્ય કહેવાય છે. દશ મધ્ય (૧ ઉપર ૩૧ શૂન્ય), સો મધ્ય (૧ ઉપર ૩૨ શૂન્ય), હજાર મધ્ય (૧ ઉપર ૩૩ શૂન્ય) ને પરાર્ધ કહેવાય છે. દશ પરાર્ધ (૧ ઉપર ૩૪ શૂન્ય), સો પરાર્ધ (૧ ઉપર ૩૫ શૂન્ય), હજાર પરાર્ધ (૧ ઉપર ૩૬ શૂન્ય) ને પ્રયુત્ત કહેવાય છે. દશ પ્રયુત (૧ ઉપર ૩૭ શૂન્ય), સો પ્રયુત (એક ઉપર ૩૮ શૂન્ય), હજાર પ્રયુત (૧ ઉપર ૩૯ શૂન્ય)ને નિયુત કહેવાય છે. દશ નિયુત (૧ ઉપર ૪૦ શૂન્ય) ને કંકર કહેવાય છે. દસ કંકર (૧ ઉપર ૪૩ શૂન્ય) સો કંકર (૧ ઉપર ૪૪ શૂન્ય), હજાર કંકર (૧ ઉપર ૪૫ શૂન્ય) ને વિવર કહેવાય. દસ વિવર (એક ઉપર ૪૬ શૂન્ય) સો વિવર (એક ઉપર ૪૭ શૂન્ય), હજાર વિવર (૧ ઉપર ૪૮ શૂન્ય) ને સર્વજ્ઞા કહેવાય છે. દસ સર્વજ્ઞા (૧ ઉપર ૪૯ શૂન્ય) સો સર્વજ્ઞા (૧ ઉપર ૫૦ શૂન્ય), હજાર સર્વજ્ઞા (૧ ઉપર ૫૧ શૂન્ય) ને વિભૂતંગમા કહેવાય છે. દસ વિભૂતંગમા (૧ ઉપર ૫૨ શૂન્ય), સો વિભૂતંગમા (૧ ઉપર ૫૩ શૂન્ય), હજાર વિભુતંગમા (૧ ઉપર ૫૪ શૂન્ય) ને તલ્લક્ષણા કહેવાય છે. દશ તલ્લક્ષણા (૧ ઉપર ૫૫ શૂન્ય), સો તલ્લક્ષણા (૧ ઉપર ૫૬ શૂન્ય), હજાર તલ્લક્ષણા (૧ ઉપર ૫૭ શૂન્ય).

આવા મોટા આંકડા માટે નામ દુનિયાને ભારતે જ આપેલ છે. કારણકે તે આ સંખ્યાઓનું જનક છે. ભારતીય અંકોને નામ આપવાની કોઈ સીમા નથી. આજ આપણાં ભારત દેશનું ગણિતમાં પ્રદાન છે, યોગદાન છે.

## ગણિત ગમ્મત

૩૬ અને ૮૪ એ બે વિશિષ્ટ સંખ્યાઓ છે કે તેનો ગુણાકાર અને એકમના અને દસકના આંકડા અરસ પરસ બદલીને બનતી સંખ્યાનો ગુણાકાર બદલાતો નથી. જેમકે ૩૬ x ૮૪ = ૬૩ x ૪૮ = ૩૦૨૪ આવી જાતનો ગુણધર્મ ધરાવતી બે અંકોવાળી બીજી ૧૩ સંખ્યા.

- ★ ૧૨ X ૪૨ = ૨૧ X ૨૪
- ★ ૪૬ X ૯૬ = ૬૪ X ૬૯
- ★ ૧૨ X ૬૩ = ૨૧ X ૩૬
- ★ ૨૩ X ૬૪ = ૩૨ X ૪૬
- ★ ૧૨ X ૮૪ = ૨૧ X ૪૮
- ★ ૨૪ X ૬૩ = ૪૨ X ૩૬
- ★ ૧૩ X ૬૨ = ૩૧ X ૨૬
- ★ ૨૪ X ૮૪ = ૪૨ X ૪૮
- ★ ૧૩ X ૯૩ = ૩૧ X ૩૯
- ★ ૨૬ X ૮૩ = ૬૨ X ૩૮
- ★ ૧૪ X ૮૨ = ૪૧ X ૨૮
- ★ ૩૪ X ૮૬ = ૪૩ X ૬૮

*માફીની મહેફિલમાં મસ્તી હોતી નથી.*
*ક્ષમાની એ સાધના સસ્તી હોતી નથી.*
*ખમવા ખમાવવામાં જબરદસ્તી હોતી નથી.*
*આપો દિલ શત્રુને તો વેરની હસ્તી હોતી નથી.*

*'મંગલ મંદિર' : એપ્રિલ-૨૦૦૮*

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL GROUP
MRL CLEARING AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents

# હિંદુ મેરેજ એક્ટ હેઠળ થયેલા લગ્નના છૂટાછેડા માટે કોર્ટની ડિક્રી જરૂરી
## કચ્છી જૈન દંપતીના કેસમાં વાંદરા ફેમિલી કોર્ટનો રસપ્રદ ચુકાદો

• જેઠાલાલ ગંગર 'મંગલમ' •

પહેલાં ક્યારેય નહોતાં બનતાં એટલા છૂટાછેડાના બનાવો આજે કચ્છી જૈન સમાજમાં બની રહ્યા છે. આમાંના કેટલાક દંપતીઓ સામાજિક સંસ્થાઓ, સમાજના આગેવાનો અથવા કુટુંબીજનોને વચ્ચે રાખી આપસી સમજૂતીથી અમુક રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરી છૂટાછેડા લઈ લે છે. આવી રીતે છૂટાછેડા લેનાર દંપતીમાંના પતિ કે પત્ની પોતાને યોગ્ય અન્ય પાત્ર મળી જતાં તે વ્યક્તિ સાથે બીજીવારના લગ્ન કરી લે છે. આવા લગ્ન છૂટાછેડા - પુનઃલગ્નના કેસમાં મુંબઈની વાંદરા ખાતેની ફેમિલી કોર્ટે તાજેતરમાં સીમાચિહ્નરુપ ચુકાદો આપ્યો છે જે સૌએ સમજવા અને નોંધી રાખવા જેવો છે.

આ ચુકાદામાં જણાવવામાં આવ્યું છે કે હિંદુ મેરેજ એક્ટ હેઠળ થયેલા લગ્નમાં એ દંપતીને છૂટાછેડા લેવા હોય તો તેઓએ આ માટે કોર્ટની ડિક્રી મેળવવી જરૂરી છે તે સિવાય તેમના છૂટાછેડા માન્ય ગણાશે નહીં. ઉચ્ચ હિંદુ જ્ઞાતિને આ કાયદો લાગુ પડે છે અને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, જૈન, બૌદ્ધ, શીખ વગેરેનો ઉચ્ચ હિંદુ જ્ઞાતિમાં સમાવેશ થાય છે.

કોર્ટની ડિક્રી વિના આપસી સમજૂતીથી છૂટાછેડા લઈ ફરી લગ્ન કરનાર કચ્છી વીસા ઓશવાળ જૈન સમાજની બહેનના છૂટાછેડાને અમાન્ય ગણાવી તેના બીજીવારના લગ્નને રદબાતલ ઠરાવતો ચુકાદો તાજેતરમાં વાંદરા ફેમિલી કોર્ટે આપ્યો છે. કોર્ટનો આ જાતનો ચુકાદો સંભવતઃ પ્રથમ વખત જ આવ્યો છે. અગાઉ ટ્રાયલ કોર્ટે, સિટી સિવિલ કોર્ટ કે હાઈકોર્ટ કોઈએ સંભવતઃ આવો ચુકાદો આપ્યો નથી. કાયદાની ઊંડી સમજ આપતો આ ચુકાદો કચ્છી જૈન સમાજે ખાસ ધ્યાનમાં રાખવા જેવો છે.

આ ચુકાદા અનુસાર ઉચ્ચ હિંદુ જ્ઞાતિની વ્યાખ્યામાં આવતી વ્યક્તિ કોર્ટની ડિક્રી મેળવ્યા વિના આપસી લખાણથી, દસ્તાવેજથી કે પારંપરિક રીતે પ્રથમ લગ્નથી છૂટાછેડા લે છે તો કોર્ટ તેને માન્ય ગણતી નથી અને કાયદાકીય રીતે તેમના એ લગ્નનો અંત આવેલો ગણાતો નથી. તેથી તેઓ પતિ-પત્ની તરીકે ચાલુ રહેલા ગણાય છે. પ્રથમ લગ્નનો કાયદેસર વિચ્છેદ થયો ન હોય તેવી વ્યક્તિ જો અન્ય કોઈ વ્યક્તિ સાથે બીજીવાર લગ્ન કરે તો બીજીવારના એ લગ્ન ફોક ગણાય છે. વળી કોર્ટની ડિક્રી વિના અન્ય કોઈ રીતે છૂટાછેડા લઈ બીજીવાર લગ્ન કરનાર વ્યક્તિને 'બિગામી' (દ્વી-પતિત્વ અથવા દ્વિ-પત્નીત્વ)ના ગુના હેઠળ સાત વર્ષની કેદની સજા પણ થઈ શકે છે.

તાજેતરમાં કચ્છી જૈન સમાજના દંપતીનો કેસ વાંદરા ફેમિલી કોર્ટમાં ચાલ્યો હતો જેની વિગત આ મુજબ છે. (પક્ષકારોના નામ બદલાવીને આપ્યા છે.)

શ્રીમતી રૂક્ષ્મણીએ તેણીના પતિ ગૌતમ સાથે પોતાના લગ્ન જીવનના હક્કો પાછા મેળવવા અને ભરણપોષણ માટે મુંબઈ સ્થિત ફેમિલી કોર્ટમાં ઇ.સ. ૨૦૦૨માં અરજી દાખલ કરી હતી. આ અરજીમાં રૂક્ષ્મણીએ પોતાને વિધવા અને ગૌતમને વિધુર તરીકે વર્ણવ્યા હતા. રૂક્ષ્મણીનું કહેવું હતું કે તેના હાલના પતિ ગૌતમે તેને તેના (રૂક્ષ્મણીના) મા-બાપને ઘેર મૂકી દીધી હતી અને હવે પછી ગૌતમના ઘેર પાછા ન આવવાની ધમકી આપી હતી.

રૂક્ષ્મણીએ પોતાના અગાઉના લગ્ન અને તેના છૂટાછેડા અંગે કોઈ ઉલ્લેખ અરજીમાં કર્યો ન હતો કે આ અંગેના કોઈ દસ્તાવેજ કે કોર્ટની ડિક્રીનો આધાર પણ લીધો ન હતો. રૂક્ષ્મણીએ પોતાના માટે તથા પ્રથમ લગ્નથી થયેલ દીકરી માટે ભરણપોષણની માંગણી કરતી અલગથી અરજી પણ કરી હતી.

પ્રતિવાદી તરીકે ગૌતમે પોતાનું બચાવનામું દાખલ કરી જણાવ્યું હતું કે રૂક્ષ્મણી વિધવા નહીં પણ ડાયવોર્સી હતી અને ગૌતમ પોતે પણ ડાયવોર્સી હતો. ગૌતમે જણાવ્યું હતું કે પોતે ફેમિલી કોર્ટ દ્વારા આગલા લગ્નના છૂટાછેડા મેળવ્યા હતા જ્યારે રૂક્ષ્મણીએ તેના આગલા લગ્ન વિશે કશું જણાવ્યું ન હતું અને કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા ન હતા. વળી તેણીએ પોતાને વિધવા તરીકે ચિતરી હતી જેથી તેણીને આગલા લગ્ન અને છૂટાછેડા વિશે કોઈ સાબિતી કે પુરાવા કોર્ટને આપવા ન પડે. આમ કરીને રૂક્ષ્મણીએ કોર્ટને ગેરમાર્ગે દોરી હતી.

કેસ ચાલુ હતો તે દરમ્યાન ગૌતમને એક નવો પુરાવો હાથ લાગ્યો હતો. રૂક્ષ્મણીના મા-બાપે તેણીને ભેટ આપેલો કબાટ ગૌતમના ઘરમાં પડ્યો હતો. જો કે એની ચાવીઓ રૂક્ષ્મણી પાસે હતી. રહેઠાણ બદલવાનું હોઈ ગૌતમે આ કબાટ મંગાવી લેવા જણાવ્યું હતું. પરંતુ રૂક્ષ્મણીએ કબાટ મંગાવી લેવાનો ઈન્કાર કર્યો હતો. આથી ગૌતમે તે કબાટ ખોલી નાખ્યો હતો. કબાટ ખૂલતાં તેમાંથી રૂક્ષ્મણીએ તેણીના આગલા પતિથી પારંપારિક રીતે લીધેલા છૂટાછેડાના દસ્તાવેજની ઝેરોક્ષ નકલ મળી આવી હતી.

આ દસ્તાવેજ મળ્યા પછી ગૌતમના વકીલે બચાવનામામાં નવો મુદ્દો ઉમેરી અને નવો કાનૂની મુદ્દો કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો. ગૌતમના વકીલે કોર્ટને કહ્યું હતું કે, રૂક્ષ્મણીએ તેના આગલા પતિથી પારંપારિક

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૨૧ ઉપર)**

*બીજાંઓ તરફ જોવાવાળા ક્યારે પણ કર્તવ્યનિષ્ઠ થઈ શકતા નથી.*

# ૫૦ વર્ષમાં પ્રગતિ કે અધોગતિ?

• સંકલન : અમૃતલાલ નાનજી માલદે •

| | ૭૦ વર્ષના દાદીમાં કહે છે અમારા સમયમાં | ૪૫ વર્ષના મમ્મી કહે છે અમારા સમયમાં | ૨૦ વર્ષની છોકરી કહે છે અમારા સમયમાં |
|---|---|---|---|
| લાઈટ | ફાનસ દીવાના પ્રકાશમાં કામ કરતા | ઈલેક્ટ્રિક બલ્બ વાપરતા હતા. | ટ્યુબલાઈટ અને મરક્યુરી બલ્બ વાપરીએ છીએ |
| ઈંધણ | માટીના ચૂલા વાપરતા હતા | સગડી અને કેરોસીનનો સ્ટવ વાપરતા હતા. | ગેસ અને માઈક્રોઑવન વાપરીએ છીએ |
| ચટણી | પથ્થર પર વાટતા હતા | મીક્ચરમાં વાટતા હતા | બજારમાંથી તૈયાર લઈએ છીએ |
| ભોજન | દૂધ-રોટલા, છાશ ખાતા હતા | દાળ-ભાત-શાક રોટલી ખાતા હતા. | પીઝા, બર્ગર, ભાજીપાંઉ, મૅગી ખાઈએ છીએ |
| પંખો | પૂઠાં કે હાથ પંખા વાપરતા હતા | વીજળીના પંખા વાપરતા હતા | એ.સી. અને કુલર વાપરીએ છીએ. |
| કપડાં | સાડી પહેરતા અને લાજ કાઢતા | ડ્રેસ પહેરતા થયા પણ મર્યાદામાં | જીન્સ, ટીશર્ટ પહેરીએ છીએ |
| રહેઠાણ | મકાન માટીની દીવાલો અને નળિયાવાળાં હતા | સિમેન્ટના પાકા મકાનોમાં રહેતા હતા | ફ્લેટ, એપાર્ટમેન્ટ, બંગલામાં રહીએ છીએ |
| વાહન વ્યવહાર | પગપાળા, બળદ ગાડા, ઘોડાગાડી વાપરતા હતા | એસ.ટી. બસમાં જતા હતા. | કાર, એ.સી. બસ પ્લેનમાં ફરીએ છીએ. |
| સ્કૂલ જવા | ચાલીને જતા | બસમાં અથવા સાઈકલ વાપરતા હતા. | કાઈનેટિક, હીરો હોન્ડા વાપરીએ છીએ. |
| સંદેશ વ્યવહાર | પત્ર લખતા હતા | ટેલિગ્રાફ અને ટેલિફોનનો ઉપયોગ કરતા હતા. | મોબાઈલ, ઈ-મેઈલ, ઈન્ટરનેટનો ઉપયોગ કરીએ છીએ |
| રમત | ફેર ફૂદડી અને દોરડાંકૂદ | ચોપાટ, સાપસીડી, ચાવીવાળા રમકડાંથી રમતા | કોમ્પ્યૂટર ઉપર ગેમ રમીએ છીએ |
| ભણતર | પાટીપેનથી લખતા હતા | નોટબુક અને પેન વાપરતા | કોમ્પ્યૂટર અને લેપટોપ વાપરીએ છીએ |

ઉપરોક્ત તફાવતને આધારે ૫૦ વર્ષમાં વિચારશૈલીમાં, પધ્ધતિમાં, અને પરિસ્થિતિમાં કેટલું બધું પરિવર્તન આવ્યું છે. ઓછી સગવડોમાં આપણા દાદા-દાદી સુખી હતા કે આજના સગવડભર્યા આધુનિક જમાનામાં આપણે સુખી છીએ. જિંદગીમાં ખરી સુખ શાંતિ કઈ? ગઈકાલની કે આજની? દરેક વસ્તુમાં પરિવર્તન એ કુદરતનો નિયમ છે.

***'મંગલ મંદિર' : ઓગસ્ટ-૨૦૦૮***

***વિચાર ગમે તેટલો જાગૃત અને ઊંચો હોય પણ જ્યાં સુધી કાર્યાન્વિત ન થાય ત્યાં સુધી એની કોઈ જ કિંમત નથી.***

*અન્ય પર શંકા કરવા પહેલાં પોતાનો ઈરાદો શું છે તે તપાસવું જોઈએ.*

# વિકાસ સંપન્ન મહાસત્તા બનવાના ન્યુક્લિયર યુગમાં ભારતનો મહત્ત્વાકાંક્ષી પ્રવેશ

• પ્રવીણચંદ્ર શાહ •

દેશી કેલેન્ડર અનુસાર ૨૮ ઓક્ટોબર ૨૦૦૮નાં આસો વદ અમાસ થશે. કાળી ચૌદશ અને દિવાળીવાળી રાતના આપણાં ઘરનાં બારણા ખુલ્લા રાખવાની એક માન્યતા અને પ્રથા, થોડા દાયકાઓ પહેલાં કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાતમાં હતી. તેને યથાર્થ કરતી એવી કહેવત પ્રચલિત રહ્યા કરી છે કે લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા જવાનું દોઢ-ડહાપણ ન કરવું; દિવાળીની રાત્રે બારણા ખુલ્લાં જ રાખવાં જેથી ઘર સુધી આવેલાં લક્ષ્મી દેવી બારણા બંધ જોઇને બીજે ચાલ્યાં ન જાય!

આવું જ આપણા દેશની કેન્દ્ર સરકારે હમણાં કર્યું છે. ભારત-અમેરિકા ન્યુક્લિયર સંધિ-કરાર (ઇન્ડો-યુ.એસ. ન્યુક્લિયર પેક્ટ) કરીને સમયસૂચકતા, મુત્સદ્દીગીરી, દેશના વિકાસ અને આર્થિક હિતોની જાળવણીનું દીર્ઘદૃષ્ટિવાળું શાણપણ અમલી બનાવ્યું છે.

અંગ્રેજીમાં પણ આવા જ ભાવાર્થની એક કહેવત પ્રચલિત છે : 'ટાઇમ એન્ડ ટાઇડ વેઇટ્સ ફોર નન.' મતલબ — 'સમય અને સમુદ્રની ભરતી કોઇની રાહ જોતાં નથી.'

ઇન્ડો-યુએસ સિવિલિયન ન્યૂક્લિઅર કરાર સંબંધિત ચર્ચા, વિચારણા, વાદવિવાદ, જવાબ અને પ્રતિજવાબ અને તેના પ્રતિ-પ્રતિ જવાબોવાળો કોલાહલ છેલ્લાં ત્રણેક વર્ષોથી એવો અને એટલો બધો ગાજતો-વાજતો રહ્યો છે કે સામાન્ય સરળ નાગરિકના તો કાન બહેર જ મારી જાય. આ કરાર-વિષયક અત્યંત ઉગ્ર વિવાદોએ દેશની સાંપ્રત રાજકીય તવારીખમાં અનેક ઊથલ-પાથલો, રાજકીય-પક્ષીય આંચકાઓ, ધ્રુજારીઓ અને ચક્રવાતો સર્જ્યા છે. હમણાંની મિશ્ર સરકારમાં ઊભી, આડી અને ત્રાંસી તિરાડો પડાવી છે; ભંગાણો પડાવ્યાં છે. અવિશ્વાસ કે વિશ્વાસ-મતની અસાધારણ, યોગ્ય-અયોગ્ય, ઘટિત-અઘટિત ઘટનાઓ સર્જી છે. રાજકીય અને પક્ષીય છૂટાછેડા, ઘરભંગ અને નાતરાં કરાવ્યાં છે. આ બધાની વિગતો ટીવી જોનારો પ્રત્યેક પ્રેક્ષક/દર્શક અને કોઇપણ અખબાર વાંચનારો વાચક, અધૂરી કે પૂરી જાણે જ છે. એટલે તેની પુનરોક્તિ નિરર્થક છે.

### ● દેશને થનારા લાભાલાભ :

હવે અર્થ છે વાસ્તવિક્તાને સ્વીકારી, વ્યવહારુ અભિગમ અપનાવવાનો અને આ સંધિ-કરારથી આપણા દેશને થઇ શકનારા લાભાલાભને મીંડવવાનો. સરવાળે શું? - તે સમજી લેવાનો.

આમ કરવા માટે આપણા દેશના છેલ્લા ૬૦ વર્ષો દરમ્યાન ઘટેલી કેટલીક ઘટનાઓને યાદ રાખવી જરૂરી બને છેઃ




*વડાપ્રધાન પંડિત નહેરુ અને ડૉ. સી. એચ. ભાભા શાંતિમય ઉપયોગ માટેનાં ભારતના ન્યુક્લિયર વિજ્ઞાન આયોજનનો '૪૮માં શુભારંભ*

(૧) ઇ.સ. ૧૯૪૮માં, દેશની આઝાદી મળ્યા પછીના બીજે જ વર્ષે તે વખતના આર્ષદૃષ્ટા વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ એટમિક ન્યુક્લિઅર શક્તિ ધરાવવાના નવ-સ્વતંત્ર ભારત દેશના મૂળભૂત હકક-અધિકારનો બૂલંદ પુનરોચ્ચાર કરી, પશ્ચિમી દેશો સાથેના સહકારથી બિનલડાયક, શાંતિહેતુવાળી, વિકાસલક્ષી એટમિક ન્યુક્લિયર શક્તિ પ્રાપ્ત કરવાની દેશની વિરાટ યોજનાના શ્રીગણેશ કરાવ્યા હતા. એ હેતુથી દેશનાં એટમિક એનર્જી કમિશનની સ્થાપના કરી હતી.

(૨) આ દૂરગામી, મહત્વાકાંક્ષી યોજનાની પ્રગતિમાં ભારત દેશ સફળ નીવડે એવું પશ્ચિમી દેશોને જરાય ગમ્યું નહોતું; આજે પણ ગમતું નથી. કારણ એ કે ન્યુક્લિયર પાવર, વિકાસનાં હેતુનો કે યુદ્ધનાં હેતુનો, કોઇપણ પશ્ચિમી વિકસિત દેશો માત્ર પો-




*વડાપ્રધાન શ્રીમતી ઇંદિરા ગાંધી અને બીજા વૈજ્ઞાનિકો ઇંદિરા ગાંધી સરકારે મે, ૧૮ ૧૯૭૪ના દિવસે અણુ-પ્રયોગ કર્યો, ભારત પર આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લદાયા.*

*દાન આપતી વખતે હાથમાં શું હતું તે નહિ પણ દિલમાં શું હતું તે જોવાનું છે.*


તા-ના-જ કબજામાં, પોતાના જ વર્ચસ્વમાં, પોતાની જ મુઠ્ઠી અને સકંજામાં રાખીને ભારત કે ભારત જેવા બીજા નવા-સ્વતંત્ર થયેલા દેશો, ઈજિપ્ત, ઇંડોનેશિયા, યુગોસ્લાવિયા, મલેશિયા-સિંગાપોર, ચીન, લિબિયા, કેટલાક આફ્રિકી દેશો- વગેરે જેવા વિકસતા દેશો ઉપરનું પોતાનું વૈજ્ઞાનિક ટેકનિકલ આધિપત્ય કાયમી રાખવા માગતા હતા. ઉપરછલ્લી રીતે સહાનુભૂતિ અને સહકાર આપતા હોવાનો ડોળ ઘાલતા હતા. પણ વાસ્તવમાં એમનો વૈજ્ઞાનિક સહકાર ખેલદિલીવાળો નહોતો. દેખાવ પૂરતો, લંગડાતો અને જાણે અનાથને દાન કરવાના ઉપકારની મહેરબાનીવાળા આભડછેટિયા અભિગમ વાળો હતો.

અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, રશિયા વગેરે જેવા પશ્ચિમી દેશોની આવી બદદાનતની ગંધ ભારતને આવી ગયેલી હતી. અણુવિજ્ઞાન અને ન્યુક્લિયર -વિજ્ઞાનનાં ક્ષેત્રોમાં ભારતે પોતાના જ સ્વાશ્રયે, પોતાના જ પગ ઉપર ખડા થઈને ક્ષમતા હાંસલ કરવાની રહેશે, તે સ્વમાની ભારત સમજી ગયું હતું. તેથી માત્ર પોતાના જ મેઘાવી વૈજ્ઞાનિકો (ડૉ. સી. એચ. ભાભા, ડૉ. વિક્રમ સારાભાઈ વગેરે)ની બેનમૂન બુદ્ધિપ્રતિભા અને પ્રકાંડ નિપુણતા હાંસલ કરી. ૧૯૭૪ માં તે વખતનાં વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની સરકારે ૧૮મી મે, ૧૯૭૪ ના ઐતિહાસિક દિવસે, રાજસ્થાનના પોખરણ વિસ્તારમાં ભારતના અણુ-ધડાકાનો સર્વપ્રથમ, વિક્રમવિજયી સફળતમ પ્રયોગ પણ કર્યો. આ પ્રયોગથી સિદ્ધ થયું કે ભારત દેશ પાસે અણુબોંબ બનાવવાની પૂરેપૂરી વૈજ્ઞાનિક, તકનીકી કાબેલિયત અને ક્ષમતા છે. ભારતના આ સફળ પ્રયોગથી ભારત જેવા બીજા વિકસતા દેશો તો રાજી રાજી થયા. પણ પાડોશી પાકિસ્તાન અને ખાઉધરું ચીન- આ બન્નેના પેટમાં ઈર્ષાના તેલ રેડાયાં. પશ્ચિમી ખંધા દેશો તો આશ્ચર્ય, રોષ અને ઘવાયેલા ઘમંડથી ફાટી જ પડ્યા. એમને નવા વિકસતા દેશોનાં શોષણ કરવાનો પોતાનો ગરાસ સરકી જતો લાગ્યો. દુનિયાભરના દંડુકાધારી જમાદાર બની રહેવાની એમની લાલસાને ફટકો પડ્યો. એમની વેરવૃત્તિ પ્રજ્વળી ઊઠી. ભારતને નાકલીટી ઘસવી પડે, પશ્ચિમી વિકસિત દેશોની શરણાગતિ સ્વીકારવી પડે તેવો કારસો પશ્ચિમી દેશોએ રચ્યો. તેમાં ભારત ઉપર અણુ અને ન્યુક્લિયર વૈજ્ઞાનિક વિકાસ પર સંપૂર્ણ, મુશ્કેટાટ પ્રતિબંધ લાદવામાં આવ્યા. અણુ અને ન્યુક્લિયર વિજ્ઞાન અંગેની ટેકનોલોજીની લેવડ-દેવડ ઉપર તોતીંગ તાળા મરાયા. માલ-સામાન, સાધન-સામગ્રીના વેચાણ બિલકુલ બંધ કરાયા. એટમિક અને ન્યુક્લિયર બહિષ્કૃત જાહેર કરાયું. '૪૯ માં સ્વતંત્ર બનેલા ચીને '૫૦ થી '૭૦ - '૭૪ વચ્ચેના ૨૪-૨૫ વર્ષો દરમ્યાન આવી વૈજ્ઞાનિક કાબેલિયત હાંસલ કરી લીધેલી. ચીનને પડોશી વિશાળ દેશ ભારત કરતાં આગળ રહેવું હતું. ભારતના વિકાસથી ચીનના પેટમાં પણ ચૂંક આવતી હતી. એટલે રાજકીય આદર્શો - મૂડીવાદ અને સામ્યવાદમાં આમને-સામને છેડે હોવા છતાં ભારત તરફના અણગમા અને તિરસ્કારની બાબતમાં પશ્ચિમી દેશો અને ચીનનું વલણ-વર્તન 'આવ ભાઈ હરખા, આપણે બેઉ સરખા' જેવું હતું. આ તિરસ્કાર અને બહિષ્કારના માહોલમાં પડોશી, વાંકદેખું પાકિસ્તાન પણ ભળ્યું, જેને ભારતે યુદ્ધ-મેદાન ઉપર આકરા પાઠ ભણાવેલા હતા. પાકિસ્તાનને પણ અણુ-બોંબ બનાવવામાં ભારતની લગોલગ રહેવાની ખાંખત અને ઉધામા પારાવાર હતા, પણ તેની પોટલીમાં નાણાં નહોતાં. એટલે પાકિસ્તાને અખાતના આરબ દેશો અને દુનિયાના કેટલાક બીજા દેશોને ભરમાવીને 'ઇસ્લામિક બોંબ' બનાવવાની ચાલબાજીમાં જોતર્યા. આમાં સાઉદી અરેબિયા અને ગદાફીવાળું લિબિયા જેવા તેલિયા સમૃદ્ધ દેશો અંદરખાને સંડોવાયા. ટૂંકમાં, એક તરફ માત્ર એકલું ભારત અને સામા પક્ષે બધા પશ્ચિમી દેશો, ચીન અને પાકિસ્તાન ખડકાયા. ભારતના અણુ-ન્યુક્લિયર-વિજ્ઞાન સંશોધન અને પ્રગતિનો છેદ ઉડાડી દેવા માટેના, ભારતને સદંતર ગૂંગળાવી મારવાના કોઈ કારસા બાકી ન રખાયા.

## ● વૈશ્વિક પ્રતિબંધની હાકલ :

(૩) આ અત્યંત કઠિન પરિસ્થિતિ ૧૨ લાંબા વર્ષો સુધી ખેંચાતી રહી. ભારત ગૂંગળાતું જરૂર હતું, પણ હામ હારતું નહોતું. ઈ.સ. ૧૯૮૮માં ઉત્સાહી, આધુનિક વૈજ્ઞાનિક અભિગમવાળા, તાલીમે પાઈલટ એવા, તે વખતના વડાપ્રધાન રાજીવ ગાંધીએ આવા પશ્ચિમી-અને પડોશી ત્રાગડા અને સકંજા સામે માથું ઉંચક્યું. આખુંય વિશ્વ સાંભળે તેવી બૂલંદ હાકલ અને માંગ એમણે ગજાવીઃ

"દુનિયાભરમાં અણુ-શસ્ત્રો બનાવવા ઉપર, વિકસાવવા ઉપર, સંગ્રહ કરવા ઉપર, વૈશ્વિક પ્રતિબંધ મૂકાવો જોઈએ. બધી સત્તાઓનું સં-પૂ-ર્ણ નિઃશસ્ત્રીકરણ થવું જોઈએ. તો જ વિશ્વશાંતિ સ્થપાશે."




*વડાપ્રધાન રાજીવ ગાંધી*
*વૈશ્વિક નિઃશસ્ત્રીકરણની હાકલ*


***મહાસત્તાઓએ દાદ ન આપી, રાજીવ ગાંધીએ ન્યુક્લિયર શસ્ત્રો બનાવતા થવાનો વૈજ્ઞાનિકોને આદેશ આપ્યો.***

*જો અનેક પક્ષી એક થઈ જાય તો વાઘનું ચામડું પણ ઉતારી શકે છે.*

દુનિયાના દંડાધારી જમાદાર રહેવા માંગતા પશ્ચિમી દેશો કાંઈ આવો પડકાર ઝીલે? આવી માંગ સ્વીકારે? આવી હાકલનો હકારાત્મક પડઘો પાડે? બિલકુલ જ નહીં! પશ્ચિમી દેશોએ આ હાકલને હસી કાઢી! કોઇ દાદ આપી નહીં.

એટલે જેવા સાથે તેવા થવાના ન્યાયે વડાપ્રધાન રાજીવ ગાંધીએ શું કર્યું? આપણા દેશમાં જ અણુશસ્ત્રો બનાવવામાં ખંતપૂર્વક, લગનથી લાગી જવાનો ભારતના પરાક્રમી વિજ્ઞાનીઓને એમણે આદેશ આપ્યો. પારાવાર અવરોધો, અનેકાનેક કઠણાઇઓ હતાં જ. છતાંય દેશભક્ત ભારતીય વૈજ્ઞાનિકોએ અણુશસ્ત્રો બનાવવામાં, અણુબોંબ બનાવવાની ટેકનોલોજીને પૂરેપૂરી વિકસાવી કાઢી. પડોશીઓની અસૂયા અને પશ્ચિમી દેશોના સંપૂર્ણ બહિષ્કાર અને અસ્પૃશ્યતાના સામા પૂરે થઇને એકલે હાથે સફળ પણ થયા.

(૪) ૧૯૯૮ના મે, મહિનાની ૧૧મી અને ૧૩મી તારીખે ભારતના અણુ-વૈજ્ઞાનિકોએ કમાલ કરી દેખાડી. તે વખતના વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપાઇની સરકારની અનુમતી અને આદેશ પ્રમાણે ભારતે અણુ ન્યુક્લિયર બોંબના એક કે બે નહીં પણ પાંચ ધડાકા કર્યા. દુનિયાને ભારતે બતાવી આપ્યું કે અણુ-અસ્પૃશ્ય જાહેર કરાયું હોવા છતાંય, દુનિયાભરમાં ક્યાંયથી, કોઇપણ જાતની વૈજ્ઞાનિક, ટેક્નીકલ કે આર્થિક સહાય-સહકારનો છાંટોય નહીં મળવા છ-તાં-ય ભારત ન્યુક્લિયર શસ્ત્રો ધરાવતું રાષ્ટ્ર પોતાની જ બુદ્ધિ પ્રતિભાએ, વૈજ્ઞાનિક કુશળતાએ બની શકે છે. સાથે સાથે ભારત સરકારે ફરી ફરીથી પુનઃરોચ્ચાર પોતાની આ આવડત, કુશળતા અને વૈજ્ઞાનિક જ્ઞાનનો ઉપયોગ યુદ્ધ-હેતુ માટે નહીં, પણ શાંતિ જાળવવા માટે, દેશનાં વિકાસ માટે જ કરવા કૃતનિશ્ચયી છે. ખનીજ અને ખાણ ઉદ્યોગોને, લોખંડ અને પોલાદ ઉદ્યોગોને, ટ્રાન્સપોર્ટ અને શિપીંગ અને એવિએશન અને ટેલિફોન-કેન્દ્રિત ઉદ્યોગોને, રેલવે-વિકાસને,




*વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈ અણુ ધડાકાના સ્થળે મે ૧૧ અને ૧૩, ૧૯૯૮ના વાજપાઈ સરકારે એક સાથે પાંચ અણુ-ધડાકા કરી ભારતના મિજાજ અને શક્તિનો, મહાસત્તાઓને પરિચય આપ્યો.*

બંદરી-વિકાસને- હકીકતમાં જીવનને સ્પર્શતા દરેકે દરેક ક્ષેત્રને કાર્યાન્વિત રહેવા માટે, પ્રગતિ અને વિકાસ માટે વીજળીના સતત, લોડ-શેડિંગ વગરના જંગી પુરવઠાની જરૂર પડે છે, પણ તે મળી શકતી નથી. પ્રાપ્ત નથી. ડિમાન્ડ અને સપ્લાય, માંગ અને પુરવઠા વચ્ચે ઘણી મોટી અધૂરાશ છે.

આ અધૂરાશ, આ ઓછપ અને અછત, તો જ પૂરી નીવારી શકાય, જો આપણો દેશ પોતાની વૈજ્ઞાનિક ક્ષમતા અને આવડતથી વીજળી પેદા કરી શકે. જો તેના માટેના અત્યંત આવશ્યક બળતણ, આધુનિક સાધનો અને સરંજામ પ્રાપ્ત કરવામાં સફળ થાય તો.

- **સર્વાંગી વિકાસના અવરોધો :**

પૂરાં વિકસિત કે લગભગ વિકસિત દેશો, જેમના પાસેથી અને જેમના દ્વારા અનિવાર્ય ખપના રિ-પ્રોસેસ્ડ યુરેનિયમ જેવાં બળતણની મોનોપોલીની જણસો, સાધન-સામગ્રીઓ જો ભારતને સતત પ્રાપ્ત થતી રહે, વેચાતી મળતી રહે તો જ ભારત જેટલા વિશાળ દેશના સર્વાંગી વિકાસ માટે જરૂરી વીજળી પેદા થઇ શકે. પણ આ બધું વેચી શકનારા ૪૪-૪૫ જેટલા દેશોએ, જેને ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રૂપ, ટૂંકમાં NSG તરીકે ઓળખવામાં આવે છે, તેને અમેરિકાએ પોતાના રાજકીય, આર્થિક વર્ચસ્વ અને ધાક હેઠળ રાખતા રહીને ભારત સાથેના આ વૈજ્ઞાનિક-વ્યવહારને સંપૂર્ણપણે પ્રતિબંધિત કરી દઇ, સીલ લગાડી દીધેલાં. પરિણામે ભારત પોતાના નિર્ધારિત વિકાસના વિશાળ કદમો ભરી શકતું નહોતું, છલાંગો મારી શકતું નહોતું.




*વડાપ્રધાન ડૉ. મનમોહન સિંઘ અને અમેરિકી પ્રેસિડેન્ટ જ્યોર્જ બુશ ભારતની અચળ આત્મશ્રદ્ધા સામે મહાસત્તાઓને આખરે ઝુકવું પડ્યું.*

ચાહે કોંગ્રેસની હો, બીજેપી ની હો કે મિશ્રિત હો – દેશની બધી કેન્દ્રીય સરકારો માટે આ બહિષ્કારનો અવરોધ ભારે મોટી પીડા હતી. હમણાંની, કોંગ્રેસ-આગેવાનીવાળી મિશ્રિત યુ.પી.એ. સરકાર માટે પણ આ પીડા અકારી બનેલી હતી અને રહી છે. આ ન્યુક્લિયર અસ્પૃશ્યતા, આ બહિષ્કાર ટાળવાની બાબત હમણાંની યુપીએ-સરકારના અત્યંત મહત્ત્વના એજન્ડા પર હતી જ. વડાપ્રધાન મનમોહન સિંઘ, સોનિયા ગાંધી અને ડાબેરીઓ સહિતના સરકાર સમર્થકો ઇચ્છતા હતા કે આ વિષમ સ્થિતિવાળી ગૂંગળામણનો રામબાણ ઇલાજ શોધવો દેશના હિતમાં રહેશે.

(૬) ત્રણ વર્ષ પહેલાં, ૨૦૦૫માં વડાપ્રધાન મનમોહન સિંઘને અમેરિકાની સત્તાવાર મુલાકાત લેવાનું આમંત્રણ પ્રેસિડન્ટ બુશે આપેલું. અમેરિકન-સરકારના નીતિ-નિર્ણાયક માંધાતાઓના મનમાં પણ અનેક વ્યૂહરચનાઓ ચકરાવા લેતી હતી. અમેરિકાએ કરેલાં ઇરાકી-યુદ્ધની રાજકીય

*પરસ્પર સહયોગ મેળવવાથી સુખાકારી જળવાય.*

અને લશ્કરી અને આર્થિક પછડાટની ભારે વેદનાની આગમાં અમેરિકી-સરકાર અને પ્રજા - બન્ને શેકાઇ રહ્યાં હતાં. અમેરિકાની હૅવી ઈન્ડસ્ટ્રીઝ, ભારે ઉદ્યોગોના માલિક-કોર્પોરેશનોને નવા ઓર્ડરોની, ડિમાન્ડની, મોટા વેપાર-ધંધાની આકરી, તુરત જરૂરત હતી. વૈશ્વિક મંદીની ઘેરી અસરને કારણે અમેરિકી ઉદ્યોગ-ધંધાઓમાંથી જંગી પ્રમાણમાં કરવી પડતી છટણીને કારણે બેકારીનું પ્રમાણ કૂદકેને ભૂસકે ઊંચુ અને વધુ ઊંચુ જઇ રહ્યું હતું. અમેરિકા પર છવાતી આર્થિક મંદીને હળવી કરવાની ભારે ચિંતા બુશ-વહિવટીતંત્રને કોરતી હતી. સાથે સાથે બીજી પળોજણો પણ વધતી જતી હતી. આતંકવાદના મહાગુરુ ઓસામા-બિન લાદેનને ઘેરવા અને અફઘાનિસ્તાનના પોણા ભાગનો કબજો લઇ બેઠેલા તાલિબાનિયાઓ સામેની વૈશ્વિક પ્રતિકાર ઝુંબેશમાં અમેરિકાએ પાકિસ્તાનને ફ્રન્ટલાઇન-સ્ટેઇટ તરીકે, અગ્ર હરોળે રાખ્યું હતું. આમ કરવા માટે અનેકાનેક નામો, બહાના અને બુરખા હેઠળ અબજોના અબજો ડોલરની લાંચ-રુશવતથી અમેરિકા પાકિસ્તાનને નવાજી રહ્યું હતું. પાકિસ્તાન આ અબજો ડોલર ઓહિયાં કરતું જતું હતું અને સાથે સાથે ઇસ્લામિક આતંકવાદીઓને નારાજ ન કરવાની બેવડી ચાલ ખેલતું રહ્યું હતું. 'દેખાડવાના એક અને ચાવવાના દાંત જુદા'ની બેઇમાની પણ અમેરિકા સાથે કરતું રહ્યું હતું.

ચીન પણ અમેરિકાના ચિંતાના કેન્સરમાં વધારો કરતું રહ્યું હતું. રશિયન-વર્ચસ્વવાળાં સામ્યવાદી-જૂથના દેશો છિન્નભિન્ન થઇ જવા પછી વિશ્વની સૌથી મોટી એકલી તાકાત અમેરિકા બની ચૂક્યું, તેની સૌથી વધારે ઈર્ષા ચીનને હતી અને સામ્યવાદી હોવાનો ડોળ ઘાલીને મૂડીવાદી-અર્થવ્યવસ્થાને વધુને વધુ ભેટતું જતું ચીન, અમેરિકા સામેની સમાંતર વૈશ્વિક તાકાત બનવાને કૃતનિશ્ચયી બની વધુને વધુ સમર્થ બનતું જતું હતું. અમેરિકા અને પશ્ચિમના વિકસિત કે લગભગ-વિકસિત દેશો માટે ચીન મોટી ચિંતાનું કારણ બનતું જતું હતું.

અમેરિકી આગેવાની અને વર્ચસ્વ હેઠળ અણુ-સત્તાઓએ ભારત સાથે સંપૂર્ણ બહિષ્કાર કર્યો હોવા છ-તાં-ય, ભારત પોતાના જ મેધાવી વૈજ્ઞાનિકો, ઉદ્યમ, સાહસ અને આત્મવિશ્વાસના બળે વધુને વધુ વૈજ્ઞાનિક પ્રગતિ સર કરતું જતું હતું. અમેરિકાના સારા મોટા વેપાર-ધંધા-ઉદ્યોગો માટેની સર્વિસીઝનું સંચાલન ભારતના આઇ.ટી. (ઇન્ફર્મેશન ટેકનોલોજી)ના નિષ્ણાતોના કોલ સેન્ટર્સના આશ્રયે વધતો જતો હતો અને વધતો જાય છે.


- **વિકસિત દેશોની મથામણ :**

પાકિસ્તાને ચીનની ખાનગી મદદથી અને પાકિસ્તાનની ગુપ્ત-ચોરીછૂપીની મદદથી ઈરાન અને નોર્થ-કોરિયન સરકારો ન્યુક્લિયર-શસ્ત્ર ઉત્પાદનનો વ્યાપ વધારતા જતા હતા, જે પશ્ચિમી દેશોની અને અમેરિકાની મોટી પેટશૂળ બનતી જતી હતી. આ સાંગા મલબારીને વધુ ફેલાવા દેવામાં પશ્ચિમના દેશો સામે ઇસ્લામિક-આરબ દેશોના જોખમો વધતાં જતાં હતાં. એશિયા ખંડમાં ચીનની વધતી જતી તાકાત સામે સમતુલા જાળવવા ભારત જેવા ઉપખંડને પોતાની તરફેણમાં વાળવાનું પશ્ચિમી દેશો અને અમેરિકા માટે ભારે અગત્યનું હતું.

૪૫- દેશોનાં ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રૂપ -NSGમાં પણ છીંડા પડવાની, ફૂટ પડવાનાં જોખમ ઊભાં થયેલાં જ હતાં. આવાં વિવિધ કારણો ઉપરાંત એટલું જ અગત્યનું એક વધુ મોટું કારણ પણ પેદા થયેલું જ હતું. એ હતું : અમેરિકી પ્રમુખ તરીકેની પ્રેસિડેન્ટ જ્યોર્જ બુશની નિષ્ફળતા. પ્રેસિડેન્ટ તરીકેના કાર્યકાળ દરમ્યાન પોતાનાથી અને નિકટના સલાહકારો દ્વારા થયેલી નીતિ-વિષયક ગફલતો, ભૂલો અને ગરબડોને કારણે અમેરિકાની આર્થિક હાલત બદહાલતમાં ફેરવાઇ ગઇ. લશ્કરી તાકાતના ફિયાસ્કા થયા હતા. ઇરાકવાળાં આક્રમણ છતાંય ઇરાકમાંથી કોઇ વાંધાજનક શસ્ત્રો કે કેમિકલ હાથ લાગ્યાં નહોતાં. અમેરિકા જેવી મહાસત્તાને ઝંઝોળી નાંખનાર ઓસામા-બિન-લાદેન કે તેની નિકટના કોઇ ઉત્પાતિયા હાથ આવ્યા નહોતા. બુશ પોતાની નિષ્ફળતાઓના ભારને હળવો બનાવવાની જહેમતમાં હતા. પોતાની મુદત પૂરી થવાના આખરી તબક્કે જેટલું સુધારી લેવાય, સમાલી લેવાય તે અંકે કરી લેવાની ભારે ઉતાવળમાં હતા. આવા માહોલમાં વડાપ્રધાન મનમોહન સિંઘ અને પ્રેસિડેન્ટ બુશની રૂબરૂ મુલાકાત દરમ્યાન ભારત સરકારના એજન્ડા ઉપરની મુખ્ય બાબત ન્યુક્લિયર બહિષ્કારવાળી પરિસ્થિતિ પણ ચર્ચાય એ સ્વાભાવિક હતું.

પ્રેસિડેન્ટ બુશ આવી તકની તલાશમાં જ હતા. તેણે બીડું ઝડપ્યું કે વિકસિત દેશો અને NSGના દેશોને ભારત પરના પ્રતિબંધો દૂર કરવા એ સમજાવી મનાવી લેશે. આ પશ્ચાદ્ભૂમિકામાં બુશ-સિંઘ વચ્ચે સમજૂતી બની. સિંઘને દેશના ડાબેરીઓએ ખૂબ જ ઝલીલ પણ કર્યા. બીજેપી જેવા જમણેરી પક્ષની મિશ્ર સરકાર હતી અને વડાપ્રધાન વાજપાઇએ અમેરિકાની મુલાકાત લીધેલી (અને યુનોમાં શુધ્ધ હિન્દીમાં ભાષણ કરેલું) ત્યારે એમણે પોતે પણ જાહેર કરેલું કે અમેરિકા અને ભારત ચુસ્ત લોકશાહીને વરેલા દેશો છે અને નૈસર્ગિક મિત્ર દેશો છે. ભારત પરના પ્રતિબંધો દૂર કરાવવાના પ્રયાસો એમની સરકારે પણ કરેલા. આમ છતાં એકાદ વર્ષમાં જ આવનારી ચૂંટણીમાં રાજકીય લાભ મેળવવાના આશયે બીજેપી પક્ષે બુશ-સિંઘ વચ્ચેની સમજૂતીને નકારી કાઢી. જમણેરીઓ અને ડાબેરીઓએ દેશનાં હિતોને પ્રાથમિક્તા આપવાને બદલે આ સમજણના ભારે ઉગ્ર વિરોધમાંથી ૨૦૦૯ ની સંસદ- ચૂંટણીમાં લાભ ખાટવાની લાલચ રાખી. રાજકીય ચક્રવાતો સર્જાયા. ડાબેરીઓએ યુપીએ ની સિંઘ-સરકારને આપેલું સમર્થન ખેંચી લીધું. અનેક પ્રકારની આક્ષેપબાજીઓ થઇ. દેશના સાર્વભૌમત્ત્વને, સ્વમાનને ઉવેખાયું હોવાનું વારંવાર કહેવાતું રહ્યું.

*સંકટ સમયે આંખો ખુલ્લી રાખો, કોઈ દેવદૂત મળી જશે.*



*કારકિર્દીનો વિક્રમ : વડાપ્રધાન મનમોહન સિંઘ વિરોધ પક્ષે જેને 'નિકમ્મા પ્રાઈમ મિનિસ્ટર' કહેલા એમણે નવા વિક્રમો સર્જ્યા.*

આ બધા છતાંય આંતરદેશીય અને આંતરરાષ્ટ્રીય અનેકાનેક અવરોધોને પાર કરવાને કૃતનિશ્ચયી સિંઘ-સોનિયા મિશ્ર સરકારે વિક્રમી સફળતા મેળવી છે. આ લખાય છે ત્યારે અને આ લખાણ પ્રકાશિત થશે ત્યારે પણ આ સમજણ-સંધિના છેલ્લા તબક્કાની વિધિઓ- અમેરિકી સંસદના બન્ને ગૃહે-સેનેટ અને કોંગ્રેસ-ની મંજૂરીનાં મત્તાંની વિધિઓ પૂરી થવામાં થોડો વિશેષ સમય પણ જશે જ.

**• સંધિની ખોડખાંપણો :**

આ સમજણ-સંધિ સર્વાંગ સંપૂર્ણ કે સુંદર નથી. તેમાં અનેક ખાંચા-ખૂંચીઓ, શબ્દોની માયાજાળ, વાસ્તવિક્તાની ચાલાકી અને જેના અનેકાર્થ કરી શકાય તેવા મુદ્દાઓનો સમાવેશ હોવાની શક્યતા પણ નકારી ન શકાય. આ સ્થિતિ-પરિસ્થિતિનું વિશ્લેષણ સુપ્રસિદ્ધ રાજકીય વિવેચક શ્રી નગીનદાસ સંઘવીએ જે રોચક રીતે કર્યું છે. ('ચિત્રલેખા' કવર સ્ટોરી, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૦૮) તે વધુ ગળે ઉતરે તેવું અને સ્વીકારપ્રદ જણાય છે. એમના વિશ્લેષણ અને પૃથક્કરણનો સારાંશ એ છે કે ખાતરીઓ, ત્રુટીઓ અને અધૂરાશોવાળી આ સમજણ-સંધિ પણ આખરે આપણા દેશ માટે લાભ કર્તા નીવડી શકશે. એમણે નોંધ્યું છે કે... "દુનિયાની બધી સરકાર હરહંમેશ

**• વીજળી-ઉત્પાદન :**

*ભારતની સૌથી વધુ તાત્કાલિક અગત્યની જરૂરિયાત વધુ વીજળી ઉત્પાદનની છે. વીજળી ઉત્પાદન માટેની સૌથી વધુ અગત્યની યાંત્રિક જરૂરત રિએક્ટર્સની રહે છે. ટેક્નિકલી એ ન્યુક્લિયર રિએક્ટર્સ તરીકે બોલાય છે.*

**• કેટલાં રિએકટર્સ?**

*અત્યારે ફિલહાલ ભારત પાસે ૧૪- ન્યુક્લિયર રિએક્ટર્સ છે. હવે બીજાં નવાં, વધુ ૨૪ રિએકટર્સ બેસાડવાની ભારતની નેમ છે, આયોજન છે. આ લાઈટ-વૉટર રિએકટર્સ આવતા ૧૧થી ૧૫ વર્ષોમાં આયાત કરાશે. આ ઉપરાંત બીજા ૧૨ રિએક્ટર્સનું દેશમાં જ ઉત્પાદન કરાશે. આમાં પ્રેશરાઈઝ્ડ હેવી વૉટર રિએક્ટર્સનો પણ સમાવેશ થશે.*

**• ક્યાંથી આવશે?**

*મોટાભાગનાં રિએકટર્સ ૧૮ થી ૨૦ – જેટલાંની એકની કિંમત ૪૫૦૦ થી ૫૫૦૦ કરોડની થશે. આવતાં ૨૦ વર્ષો દરમ્યાન આમાંના મોટાભાગના અમેરિકાથી આયાત થશે.*

**મૂડી-રોકાણ**

*ન્યુક્લિયર પાવર-યોજનાઓને અમલી બનાવવામાં કુલ્લે મૂડી-રોકાણ અંદાજે ૨ લાખ ૪૦ હજાર- કરોડ રૂપિયાનું થશે. (આજના ભાવે). આ મૂડી-રોકાણને કારણે દુનિયાભરમાં ૪૦- અબજ ડોલરના મૂલ્યનો નવો બિઝનેસ સર્જાશે. આવતાં ૧૫ વર્ષો દરમ્યાન વિકસિત દેશોની ટેક્નિકલી કુશળ કંપનીઓ માટે અને દેશી-કંપનીઓ માટે ભારતમાં ૧ લાખ ૨૦ હજાર કરોડનો નવો ધંધો કરવાની ક્ષમતા આવતા ૧૫ વર્ષોમાં પેદા થશે.*

**અમેરિકાના લાભ**

*ભારત-અમેરિકાના આ સંધિ-કરારને કારણે અમેરિકાને મબલખ આર્થિક લાભ થશે.*

*આવતા ૪ વર્ષો દરમ્યાન, ૨૦૧૨ સુધીમાં અમેરિકા ભારતમાં અંદાજે ૮ જેટલા રિએક્ટર્સની નિકાસ કરશે. તે દરેક ૧૦૦૦ મેગાવૉટ વીજળી પેદા કરવાની કેપેસિટીવાળું હશે. આવી બાબતોના નિષ્ણાતોની અંદાજિત ગણતરીઓના રિપોર્ટો અનુસાર જો અમેરિકન કંપનીઓને માત્ર બે (૨) જ રિએકટર્સ સપ્લાય કરવાના ઓર્ડર ભારતમાંથી મળે તોય, માત્ર તેને જ કારણે અમેરિકામાં ૩૦૦૦ થી ૫૦૦૦ નવી સીધી જોબ (નોકરી) આપવાની ક્ષમતા પેદા થશે અને આડકતરા ૧૦૦૦૦ થી ૧૫૦૦૦ નવા કારીગરોને કામો મળવાની તકો પેદા થશે.*

*૨૦૦૬ના ડિસેમ્બરમાં ન્યુક્લિયર રિએક્ટર્સનું જંગી ઉત્પાદન કરતી ૧૫ અમેરિકન મોટી કંપનીઓનું એક વગદાર બિઝનેસ ડેલિગેશને ભારતનો અભ્યાસ-પ્રવાસ કરેલો. તેમાં જનરલ ઈલેક્ટ્રિક, વેસ્ટીંગ હાઉસ જેવી માતબર કંપનીઓનો સમાવેશ થતો હતો. તેમના રિપોર્ટોમાં નોંધવામાં આવ્યું છે કે જો ભારતના ઓર્ડરો મળે તો તેથી વિશ્વભરના દેશોમાં અમેરિકન- ઉત્પાદકોની વગમાં ઘણો મોટો વધારો થશે.*

**કેટલી વીજળી?**


*આયાત કરનારા પ્રત્યેક રિએક્ટર ૧૦૦૦ મેગાવૉટ વીજળી પેદા કરવાની ક્ષમતાવાળા હશે. દેશમાં જ બનનારાં રિએકટર્સથી ૧૦૦૦૦ (દશ હજાર) મેગાવૉટ વીજળી પેદા થઈ શકશે. ૨૦૨૦ના વર્ષ સુધીમાં ભારતમાં અંદાજે ૪૨૦૦૦ થી ૫૨૦૦૦ મેગાવૉટની ઉત્પાદન ક્ષમતા પેદા થશે, જે હમણાં ૪૧૨૦ મેગાવૉટની છે.*

*ગૃહસ્થ હોય કે સાધુ જે પોતાના કર્તવ્યનું પાલન બરાબર કરે તે શ્રેષ્ઠ છે.*

જુદ્ધાણાં ચલાવતી હોય છે એથી મનમોહન સિંહે અર્ધસત્ય ઉચ્ચાર્યું હોય એમાં એમને ઉતારી પાડવાની જરૂર નથી... અણુધડાકાની છૂટ કે પ્રતિબંધવાળી બાબતનો વહેવારુ અર્થ સમજવો જોઇએ. અણુ ઇંધણ અને સાધન સામગ્રી મેળવીને સંખ્યાબંધ વીજળીમથક ઊભાં થાય અને મબલખ વીજળી પેદા થાય. (આપણે ૨૦૦૦૦ મૅગાવોટ વીજળીની અપેક્ષા રાખીએ છીએ) આ વીજળીથી દેશભરમાં સેંકડો-હજારો કારખાના માલ-સામાન પેદા કરશે. અને એના માટે અબજો-અબજો રૂપિયાનું રોકાણ થશે. (અણુ) ધડાકો કરીએ અને અમેરિકા પોતાનું ઇંધણ અને પોતાનાં યંત્રો પાછાં લઇ જાય તો બધા કારખાનાં બંધ પડી જાય, લાખો મજૂરો બેકાર બની જાય અને રોકાયેલી મૂડી માટીમાં મળી જાય. કોઇ સરકાર, કોઇ આગેવાન આવું કરી શકે નહીં. કારણ કે આવી કલ્પના જ ભયાનક છે. એથી ઇંધણ વાપરીએ ત્યાં સુધી આપણે... અણુપ્રયોગ અને ધડાકાની વાત ભૂલી જવી પડે... અણુધડાકા આપણે અત્યારે કરવાના નથી અને લાંબા વખત સુધી કરવાના નથી. જે કરવું જ નથી એ નહીં કરીએ એવું કહેવાથી આપણને અણુઊર્જા મળતી હોય, ઉદ્યોગ-ધંધા આબાદ થતા હોય, ગરીબી ઓછી થતી હોય તો આ સોદો લાભદાયી ગણાય. ભવિષ્યમાં શું થશે એ આપણે જાણતા નથી, પણ આજે લાભ મળે છે એ લઇ લેવો જોઇએ..."

"...વળી આપણને સાધન મળશે, ઇંધણ મળશે અને એના વપરાશની તાલીમ મળશે. આપણા નિષ્ણાતો અને વિજ્ઞાન શાસ્ત્રીઓ ટૂંકાગાળામાં પગભર થઇ જાય તો આપણા યંત્રો અને આપણાં જ્ઞાનથી નવાં વીજળી મથકો બાંધીને અમેરિકાને રામ રામ કરી શકાય છે. વિજ્ઞાનક્ષેત્રે આપણે કોઇથી ઉતરતા નથી અને ઘણાં દેશો કરતાં ચડિયાતા છીએ.... આ બધાના કારણે ભારત અમેરિકાનું ખંડિયું રાજ્ય બની જશે એવો ભય રાખવાનું કારણ નથી. ભૂતપૂર્વ વડાપ્રધાન નરસિંહરાવ કહેતા કે ભારત એટલું મોટું અને એટલું મજબૂત છે કે આપણે કોઇના ખોળામાં સમાઇએ એમ નથી. ભારત ગલૂડિયું નથી, ડાઘિયો કૂતરો છે...."





ન્યુક્લિયર તાકાત અને વિકાસની પ્રગતિના માન્ય માપદંડોને આધારે આજના વિશ્વમાં પાંચ મહાસત્તાઓ ગણાય છેઃ અમેરિકા, રશિયા, ફ્રાન્સ, બ્રિટન અને ચીન. હવે પછી આવી મહાસત્તાઓ પાંચ વત્તા એક ભારત એમ છ ગણાવાનો આરંભ થયો છે. મહાસત્તા પુરવાર થવાની મજલ ઘણી લાંબી પણ છે અને અત્યંત કષ્ટદાયક પણ છે જ. પરંતુ કોઇપણ મજલ કે યાત્રા પાર કરવા માટે એક પહેલું કદમ તો ઉઠાવવું જ પડે છે. આપણા દેશે, દેશની પ્રજા તરીકે આપણે, આ પહેલું પગલું માંડ્યું છે.

સફળતાનું પ્રમાણ ભવિષ્યની તવારિખમાં નોંધાશે. લક્ષ્મીજી ચાંદલો કરી જાય તે માટે આપણે બારી-બારણાં ખુલ્લા જ રાખ્યા છે.

*'મંગલ મંદિર' : ઓક્ટોબર-૨૦૦૮*

*અન્યાય અને અત્યાચાર સાથે સમાધાન કરાય જ નહિ, પછી ભલે એ માટે ગમે તેટલું મૂલ્ય ચૂકવવું પડે.*

## દિવાળી કાર્ડ – ભગવાનશ્રી તરફથી

**(અનુસંધાન : પાના નં.-૧૩૯ ઉપરથી ચાલુ)**

જીવનસંગ્રામમાં-વિજય તો અર્જુનનો જ થયો. જે પક્ષે પ્રભુ હોય છે ત્યાંજ વિજયશ્રી, સર્વસુખ અને મંગલ પ્રવર્તે છે. ધનસત્તા, સૈન્ય, દુન્યવી સુખોની ઇચ્છાવાળો દુર્યોધન તો સર્વનાશ પામ્યો.

આમ આ કથાનકમાંથી ભગવાનશ્રીની ટપાલ અંગે જીવનમાં શું માંગવા જેવું છે તેનો જવાબ મળી ગયો. કથાનક પ્રમાણે તો અર્જુન સામે આવી પસંદગીનો પ્રશ્ન જીવનમાં એક જ વાર આવ્યો છે પરંતુ આપણો અંતરાત્મા તો પ્રત્યેક પ્રભાતે આપણને પ્રશ્ન કરે છે કે તારે પ્રામાણિકતા-પરમાત્મા જોઇએ છે કે અપ્રામાણિકતા (લાંચ રુશવત, છેતરપિંડી, શોષણ વગેરેથી મળતી ધનસંપત્તિ, સત્તા વગેરે) શું થવું છે? દુર્યોધન કે અર્જુન? આવી પસંદગી કરવાનું સદ્‌ભાગ્ય પણ સહુ કોઇને પ્રાપ્ત થતું નથી. એવું સદ્‌ભાગ્ય તો અર્જુનને જ છે એટલે કે પરમાત્માના ચરણ પાસે બેસનારને જ, એવા નિરહંકારી નમ્ર જીવાત્માને જ અને જેના પર પરમાત્માની પ્રથમ અમીદૃષ્ટિ પડે તેવાને જ એવી સુવર્ણ તક સાંપડે છે. પરમાત્માને માથે બેસનાર દુર્યોધનને-અહંકારીને-એવી તક મળી શકે નહિ.

બડભાગી કહેવાય એ શ્રેયાર્થી જીવો કે જેમને નિત્યજીવનમાં કે નૂતન વર્ષે એવો પ્રશ્ન એવું મંથન જાગે છે કે જીવનમાં શું મેળવવા યોગ્ય છે? શ્રેય કે પ્રેય? પરમાત્મા કે ધનસંપત્તિ?

આપણે એવા શ્રેષ્ઠ ભાગ્યની પ્રતીક્ષા કરીએ કે સ્વપ્નમાં નહિ પરંતુ પ્રત્યક્ષમાં ભગવાનશ્રી તરફથી આવી પસંદગીના પ્રશ્નની ટપાલ મળે અને અર્જુનથી પણ વિશેષ ચીલઝડપે આપણે પરમાત્માને માગી લઇએ અને પ્રભુ તેજ પળે આપણો તેમના હૃદયકમળમાં સ્વીકાર કરે- એ દિવસ ખરેખર ધન્ય હશે.

ભગવાનશ્રીના દિવાળી કાર્ડનો આજ તો છે મર્મ.

*'મંગલ મંદિર' : જાન્યુઆરી-૨૦૦૮*

*સ્ત્રી અને પુરુષ વિશ્વરૂપી અંકુરના બે પાંદડાં છે.*

હળવાશની ક્ષણોમાં

# ચતુર બીરબલની ચતુરાઈભરી વાતો
# બાળ વાર્તા : બહુરૂપીની પરીક્ષા

● (વાર્તા સૌજન્ય : નવનીત પ્રકાશન-સાભાર) ●

દિલ્હી શહેરની આ વાત છે. આ શહેરમાં એક બહુરૂપી રહેતો હતો અને જુદા જુદા વેશ બનાવતો હતો. એક વાર ફરતા ફરતા દિલ્હીના શહેનશાહ અકબર જાતે જ તેના ખેલ જોવા - તેના વેશ જોવા પધાર્યા. શહેનશાહની સાથે તેના ઘણાબધા સાથીદારો પણ હતા. બધા ખૂબ ધ્યાનથી બહુરૂપીના ખેલ જોતા હતા.

અમુક ખેલ કર્યા બાદ બહુરૂપી બળદનો વેશ લઈને ત્યાં આવ્યો. જાણે આબેહૂબ બળદ જ જોઈ લો. જોનારા બધા ખુશ ખુશ થઈ ગયા અને તાળીઓના ગડગડાટથી બહુરૂપીને વધાવી લીધો.

આ ખેલ ચાલતો હતો ત્યારે અન્ય લોકો સાથે એક નાનકડો છોકરો પણ પણ આ ખેલ જોઈ રહ્યો હતો. તેણે તો નીચા નમીને એક કાંકરો લીધો અને બળદની પીઠ ઉપર માર્યો અને પછી પોતે પહેરેલી ટોપી પણ ઉતારીને બળદ ઉપર ફેંકી.

અકબર બાદશાહે એ છોકરાનું આ કૃત્ય જોયું એટલે તેમણે એ છોકરાને પોતાની પાસે બોલાવ્યો અને પૂછ્યું... 'અરે છોકરા તેં તારી ટોપી બળદ ઉપર કેમ ફેંકી?'

આથી છોકરાએ ખૂબ જ વિવેકથી જવાબ આપ્યો જહાંપનાહ... આ ટોપી મેં ઈનામ તરીકે આપી છે... બાદશાહે છોકરાને પૂછ્યું, 'શેનું ઈનામ? આવું તો ઈનામ હોય?'

છોકરાએ ખૂબ જ શાંતિથી કહ્યું, બહુરૂપીએ ખૂબ જ બાહોશીથી હૂબહૂ બળદનો વેશ ભજવ્યો તેનું આ ઈનામ છે. દરેક ઢોરની ખાસિયત હોય છે કે કોઈ તેના ઉપર પથ્થર ફેંકે-કાંકરો ફેંકે તો તે પોતાનું શરીર - ચામડી થરકાવે. મેં કાંકરો ફેંક્યો એટલે બળદ બનેલા બહુરૂપીએ પણ પોતાની ચામડી થરકાવી. મેં કરેલી પરીક્ષામાં આ રીતે બહુરૂપી પાસ થયો એટલે મેં તેને ઈનામ આપ્યું.

બાદશાહે કહ્યું, 'પણ બીજું કાંઈ નહીં ને તેં ટોપી કેમ ઈનામમાં આપી?'

છોકરાએ કહ્યું કે, 'જહાંપનાહ, સાચી પરીક્ષાના ઈનામમાં ટોપી હોય કે સોના મહોર બધું સરખુ ગણાય. પણ સમજ્યા વગર જો સોના મહોર પણ ઈનામમાં આપી હોય તો તેની કિંમત કોડીની ગણાય.' છોકરાના ઉત્તરથી અકબર બાદશાહ ખૂબ રાજી થઈ ગયા તેમણે છોકરાની પીઠ થાબડી અને પોતાને ત્યાં નોકરીમાં પણ રાખી લીધો.

આ હોશિયાર છોકરો વર્ષો પછી બીરબલ તરીકે ખૂબ જાણીતો થયો.

બાળ દોસ્તો, જોયું ને બુદ્ધિ-હોશિયારી, ચાતુરી ક્યાંય છુપાઈને રહેતી નથી.

*'મંગલ મંદિર' : એપ્રિલ-૨૦૦૬*

# બાળ વાર્તા : શેઠની શિખામણ ઝાંપા સુધી

બાળ દોસ્તો, જગતમાં શિખામણ જ એક એવી વસ્તુ છે કે જે બધા બીજાને આપવા માટે સદાય તત્પર હોય છે પણ લેવી કોઈને ગમતી નથી. પછી ભલે તે લાભદાયક જ કેમ ન હોય.

ઘણીવાર માણસો બીજા પાસે કાર્ય કરાવવા માટે પોતાના જ્ઞાન અને અધીરાઈને કારણે સામી વ્યક્તિને વારંવાર આમ કરવું, તેમ કરવું, આવું ન કરવું વગેરે શિખામણ આપતા હોય છે પણ કાર્ય કરનાર વ્યક્તિ પોતે સક્ષમ હોય ત્યારે તેઓ બીજાની વાત ઉપર લક્ષ આપતા નથી. ઘણીવાર તો શિખામણ સાંભળી સાંભળી શિખામણ આપનાર વ્યક્તિ પ્રત્યે અણગમો પણ થઈ જાય છે.

વર્ષો પહેલાની વાત છે. એક મોટું નગર હતું. તેમાં એક શેઠ રહેતા હતા. તેમનો કારોબાર ઘણો મોટો હતો. ઝવેરાતનો તેમનો ધંધો. શેઠને ત્યાં એક મુનીમ ઘણાં વર્ષોથી કામ કરતા હતા. શેઠની આવડતની અસર તેમને પણ થઈ હતી અને હોશિયારી પણ સારી એવી આવી ગઈ હતી.

એક વખત શેઠે મુનીમજીને કહ્યું, 'તમે દિલ્હી જાઓ અને આ ઝવેરાત વેચી આવો. તેમજ પાછા આવો ત્યારે આપણા માટે માણેક - હીરા - પન્ના વગેરે પણ લાવવાના છે. પણ ખરીદી ખૂબ જ સાવચેતીથી કરજો. જો જો ઠગાઈ ન જતા.' આમ શેઠે મુનીમને વારંવાર ખરીદીમાં સાવધાન રહેવાની, ન છેતરાવાની સલાહ આપી. પણ શેઠે જોયુંકે મુનીમ પોતાની વાત પર ધ્યાન આપતા નહોતા. શેઠની શિખામણ, સલાહ સૂચન ગણકારતા નહોતા.

શેઠ તો ચીકાશ અને ચીવટવાળા હતા પણ મુનીમને શેઠની વાત પસંદ નહોતી આવતી. તેઓ તો એમ જ વિચારતા કે શેઠને મન મારામાં આવડત - હોશિયારી ન હોય તો શા માટે વેચવા અને ખરીદવા મોકલે છે? આથી મુનીમથી રહેવાયું નહીં અને બોલી પડ્યા, 'શેઠની શિખામણ ઝાંપા સુધી.'

શેઠને પોતાની આવડત અને પૈસાનું અભિમાન હતું. એટલે મુનીમનું વાક્ય સાંભળી તેમને ગુસ્સો આવ્યો. એટલે શેઠે

*લક્ષ્ય પ્રાપ્તિ માટે સાથીનો સહયોગ પણ જરૂરી.*

પણ મનોમન નક્કી કર્યું કે મુનીમની ઉધ્ધતાઈ માટે મારે તેને પાઠ ભણાવવો પડશે. એટલે કાંઈ એવું કામ કરું કે મુનીમને દિલ્હીનો બાદશાહ જ બરાબરની સજા કરે.

શેઠે તો મુનીમ સાથે વેચાણ માટેનો માલ આપ્યો. ઉપરાંત દિલ્હીના બાદશાહને ભેટ આપવા માટે પણ કેટલુંક ઝવેરાત આપ્યું અને સાથે સાથે એક નાનકડી મખમલની બિલાડી પણ આપી અને કહ્યું કે, બાદશાહને આ વસ્તુઓ નજરાણામાં આપવી.

મુનીમને તો શેઠે શું ચાલાકી કરી હતી તે કાંઈ ખબર નહોતી. તેણે તો ભોળા ભાવે દિલ્હીના દરબારમાં જઈ બાદશાહને ભેટ ધરી. શેઠે આપેલું નજરાણું અને બિલાડી બાદશાહને ખૂબ ગમ્યા. મુનીમે પણ બાદશાહને પોતે કયા કામ માટે આવ્યો છે તે જણાવ્યું અને સાથે સાથે દિલ્હી શહેરમાં તે ક્યાં ઉતર્યો છે તે પણ જણાવ્યું કે જેથી બાદશાહને ઝવેરાત ખરીદવું હોય તો તેને બોલાવી શકે.

નજરાણું સ્વીકારતી વખતે બાદશાહના મુખ ઉપર આનંદ હતો. આથી મુનીમ સમજયો કે બાદશાહને ઝવેરાત ગમ્યું છે. આથી જરૂર ઓર્ડર આપશે.

મુનીમ પોતાને ઉતારે પહોંચ્યા અને હજુ આરામ કરી રહ્યો હતો ત્યાં જ શેઠના નામની બૂમો પાડતા સિપાઈઓ આવ્યા. મુનીમ પહેલા તો ખુશ થઈ ગયા પણ સિપાઈના મુખભાવ જોઈ, ગુસ્સો જોઈ ડરી ગયા.

સિપાઈએ કહ્યું, ‘અરે નાદાન, તું આવા કરતૂત કરે છે. હવે તો તારે મરવું જ પડશે. માટે મરવા માટે તૈયાર થઈ જા.’

મુનીમ તો આ સાંભળી ગભરાઈ ગયો. પણ છેવટે હિંમત કરી પૂછ્યું કે આટલી બધી નારાજગી અને મોતના હુકમનું કારણ શું?

સિપાઈએ કહ્યું કે એક તો દિલ્હીના બાદશાહનું ઘોર અપમાન કરે છે અને પાછો કારણ પૂછે છે?

મુનીમે કહ્યું, ‘હું ખરેખર કશું જાણતો નથી.’ ત્યારે સિપાઈએ કહ્યું, ‘દરબારમાં બિલાડીમાં ગંદા વાળ ભરી બાદશાહને ભેટ આપી તેમનું અપમાન કર્યું છે. માટે ચાલ મરવા તૈયાર થઈ જા.’

મુનીમના ગયા પછી માત્ર કૌતુકથી જ બાદશાહે બિલાડી ઊંચકી આમતેમ ફેરવી તો ચોંટાડીને રાખેલું મખમલ ઉખડી ગયું અને તેમાં ભરેલા વાળ ચારેબાજુ ઉડ્યા. આથી બાદશાહને શરમાવા જેવું થયું. આથી તેમણે આનો બદલો લેવા મુનીમને ગરદન દબાવી મારવાનો હુકમ કરી દીધો.

મુનીમે હવે વિચારવા માંડ્યું કે શેઠે મારા શબ્દો ‘શેઠની શિખામણ ઝાંપા સુધી’ સાંભળ્યા હશે અને તેનો બદલો લેવા જ બિલાડીમાં વાળ ભરીને મોકલ્યા હશે. પણ હવે આમાં શેઠનું નામ ન દેવાય. તેમને તો બચાવવા જ જોઈએ. સાથે સાથે મારી જાન પણ બચાવવી જોઈએ અને આ માટે હવે મારી અક્કલ હોશિયારી ચલાવવી પડશે અને બચવું પડશે.

મુનીમે તો હસીને કહ્યું, ‘જો ભાઈ, હું મરવા તો તૈયાર છું પણ મારી છેલ્લી ઈચ્છા બિલાડીના વાળ છાતી પર મૂકીને પછી મરવું છે. બસ, મારી આ ઈચ્છા પૂરી કરો અને મને જલદી મારી નાખો.’

વધ કરનારો પણ મુનીમનો આવો પ્રતિભાવ જોઈ વિચારમાં પડી ગયો અને બાદશાહ પાસે મુનીમને લઈ ગયો અને બધી વાત કરી. બાદશાહે ખુલાસો પૂછ્યો. ત્યારે કહ્યું, ‘નામદાર, આમાં તો મને મહાન લાભ થવાનો છે. માટે ચાલો જલદી તમારા હુકમનો અમલ કરાવો.’

મુનીમે બહુ પૂછ્યા પછી કહ્યું કે, ‘જહાંપનાહ, મોટા મોટા રાજાઓ પણ તમારું અપમાન કરવાનું ન વિચારી શકે તો પછી મારા શેઠનું ગજુ જ કેટલું? પણ મૂળ વાત એમ છે કે મારા શેઠને યાત્રા દરમ્યાન એક સિધ્ધયોગીનો ભેટો થયેલો અને એ યોગીરાજે શેઠની ભક્તિ જોઈ, ખુશ થઈ પોતાની જટાના વાળ આપ્યા હતા અને કહ્યું હતું કે આ વાળ તારી દુકાનની તિજોરીમાં રાખજે. બસ ત્યાર પછી શેઠનું ધન વધતું જ ગયું અને ચારે તરફ નામના પણ વધી.

ત્યારબાદ હું જ્યારે દિલ્હી આવતો હતો ત્યારે શેઠે વિચાર્યું કે દિલ્હીના બાદશાહ સલામત ચિરંજીવ રહે અને પ્રજાસુખ માટે તેમનો ખજાનો નિરંતર વધ્યા કરે એ ભાવનાથી જ બિલાડીમાં વાળ ભરીને આપને ભેટ મોકલી છે. પણ હવે હું ભાગ્યશાળી છું કે આ ભેટ મારી છાતીએ મૂકી હું મરીશ. જેથી મને ચોક્કસ સ્વર્ગમાં જ જવા મળશે.

મુનીમની વાત કહેવાની રીત અને મરવા માટેની અધીરાઈ જોઈ બાદશાહને ગળે પણ મુનીમની વાત ઉતરી ગઈ. મુનીમને તેમણે માનભેર વિદાય કર્યો અને વાળ ખજાનામાં મુકાવ્યા. વેપાર કરી મુનીમ પોતાને વતન પહોંચ્યો.

મુનીમને સલામત આવેલ જોઈ શેઠને આશ્ચર્ય થયું. પણ પછી બધી વાત જાણી ત્યારે પહેલાં તો શેઠના હોશકોશ ઊડી ગયા અને વિચાર્યું, ‘મેં તો મુનીમના જાન માટે કાવતરું કર્યું હતું પણ મુનીમની ઉદારતાને કારણે જ હું બચી શક્યો છું.’

ખરેખર, શેઠની શિખામણ તો ઝાંપા સુધી જ. પણ પછી તો પોતાની અક્કલ હોશિયારી જ કામ લાગે.

બાળ દોસ્તો, આ આખીયે વાર્તામાંથી આપણે શીખવાનું એ જ કે શેઠની બહુ શિખામણ અને અધીરાઈ ખોટી. મુનીમની પણ ઉતાવળ અને માલિકની અવજ્ઞા કરનાર જવાબ ખોટો પણ મુનીમની શેઠને બચાવવાની ઉદારતા અને સમયસૂચકતા સાચી અને સામે પક્ષે શેઠનો પશ્ચાતાપ પણ સાચો.

બાળ દોસ્તો, જ્યારે પણ કોઈ શિખામણ આપે ત્યારે શાંતિથી સાંભળવી. શિખામણ આપનારનું અપમાન ન કરવું. અને ક્યાંક ફસાઈએ ત્યારે પોતાની બુધ્ધિ આવડત પ્રમાણે ઉકેલ શોધી સમસ્યાને હલ કરવી. જેથી પોતે પણ બચીએ અને શિખામણ આપનારને પણ કોઈ તકલીફ ન થાય.

*‘મંગલ મંદિર’ : ઓગસ્ટ-૨૦૦૭*

*મૌન દ્વારા દાંપત્ય જીવનને સુંદર બનાવો.*

### હાસ્ય કટાક્ષિકા

# માયાજાળ – 'ટેક્સ'ની!

• ચિત્રસેન શાહ - ગાંધીનગર •

આજે ન્યૂઝ પેપરમાં એક સરસ વાક્ય વાંચ્યું- 'બે મનુષ્યો વચ્ચેનું ટૂંકામાં ટૂંકું અંતર એટલે હાસ્ય!'

નવા ફાઈનાન્સીયલ વર્ષના આ પ્રથમ લેખ દ્વારા ચાલો આપણા એટલે આ લેખના લખનાર અને વાચકો વચ્ચેનું અંતર ટૂંકામાં ટૂંકું કરી નાખીએ! ન સમજાય તો પણ એકીચોટ તો હસી જ નાખવું! એટલે અંતર આપોઆપ ઓછું થઈ જશે! પછી તેને માપવા મેજરટેપની પણ જરૂર નહીં પડે!

આપણા નાણાપ્રધાન વર્ષોવર્ષ ડ્રીમ બજેટ રજૂ કરી લોકોને હસતા રાખે છે! અને છતાં પાછલે બારણેથી ટેક્સની માયાજાળ બિછાવતા રહે છે! જાણે કે. લાલની માયાજાળ!

જુદા જુદા નીતનવા અનેક ક્ષેત્રોને સર્વિસ ટેક્સની ચુંગાલમાં જકડી લેવા પી.સી. ચિદમ્બરમનું કોમ્પ્યુટર જેવું મગજ ચોવીસે કલાક કામ કરતું હોવું જોઈએ! 'પુત્રના લક્ષણ પારણામાંથી' એ મહાવરો નાણાપ્રધાનના ફોઈ ચોક્કસ જાણતા જ હશે અને ભત્રીજો ભવિષ્યમાં કોમ્પ્યુટર જેવું મગજ ધરાવશે તેની પણ તેમને ખાતરી હોવી જોઈએ! એટલે જ ભવિષ્યના નાણાપ્રધાનનું નામ ભૂતકાળમાં તેમણે પી. સી. ચિદમ્બરમ્ (પી.સી. એટલે પર્સનલ કોમ્પ્યુટર પણ થઈ શકે ને!) રાખ્યું હોવું જોઈએ! 'સર્વિસ ટેક્સ' નામનો પેશન્ટ હવે ડોક્ટરોના બારણે ટકોરા મારી રહ્યો છે!

ડોક્ટરોના કન્સલ્ટીંગ રૂમની બહાર 'કતાર'માં એ બેઠો હશે છેલ્લે - કદાચ!

અને પેશન્ટો પતી ગયા પછી એ ડોક્ટરને કહેશે, 'સાહેબ, ચાલો કરો હિસાબ!'

ટેક્સની માયાજાળમાં લગ્નો તો પહેલેથી જ છે! લગ્નપ્રસંગે અપાતો કે 'લેવાતો (!)' ચાંદલો પણ એમાંથી બાકાત નથી! તેના પર પણ ગિફ્ટ ટેક્સ લાગી શકે! ચાંદલાની રકમ જ્યારે એક લાખે પહોંચે ત્યારે 'ગિફ્ટ' ટેક્સ લાગી શકે! એટલે જ ઘણા ડાહ્યા અને સમજુ લોકો હવે લગ્નની કંકોતરીમાં છપાવવાનું વિચારી રહ્યા છે કે—

'લગ્નનો ચાંદલો પ્રથમ એક લાખ રૂપિયા સુધી ટેક્સ ફ્રી છે. જે 'વહેલા તે પહેલા'ના ધોરણે સ્વીકારાશે!'

(અહીં પણ પ્રથમ બે કે ત્રણ રો વી.આઈ.પી. માટે આરક્ષિત છે!) એક લાખ રૂપિયાનો ચાંદલો પૂરો થયે ભરણું બંધ નહીં થાય પરંતુ તેના પર દસ ટકા લેખે 'સરચાર્જ' ચૂકવવાનો રહેશે!

હાથમાં 'ડિશ' લેતા પહેલાં આ પોઈન્ટ પણ વિચારી લેવો!

આપણે જુદા જુદા નીતનવા ટેક્સ અંગેની ચર્ચા કરી રહ્યા છીએ.

અમારા એક મિત્રનું માનવું છે કે જ્યારે 'મિસ્ડ કોલ'નો પોઈન્ટ નાણાપ્રધાનની નજરે ચડશે કે તે તો તરત જ તેના પર પણ ટેક્સ લગાવી દેશે! તેની દલીલ એ હશે કે - 'મિસ્ડ કોલ કરી એકબીજાને મફતમાં મેસેજ પહોંચાડો છો. તો તે લાભમાંથી થોડોક ભાગ સરકારને પણ આપો કારણકે મિસ્ડ કોલ વખતે પણ ટેલિકોમ્યુનિકેશનની મશીનરી તો વપરાય જ છે ને!

ભારતના મોબાઈલ ધારકો કે લેન્ડલાઈન ધારકો મિસ્ડ કોલ કરવામાં વિશ્વવિખ્યાત છે! મોબાઈલ વાપરવામાં દરેક દેશની આગવી લાક્ષણિકતા છે. ફ્રેંચ લોકો જમતી વખતે મોબાઈલ સ્વિચ ઑફ કરી દે છે. ચીનના લોકો થોડીકવારમાં જ વાત આટોપી લે છે. જ્યારે આપણા લોકો મિસ્ડ કોલ માટે જાણીતા છે! 'મિસ્ડ કોલ' એટલે વગર પૈસાની વાતચીત! એટલે કે મૂંગો મેસેજ! આને કહેવાય ઈનકમિંગ કે આઉટગોઈંગ લાઈફટાઈમ ફ્રી!

'મિસ્ડ કોલ' દ્વારા લોકો વિવિધતાસભર સંદેશાઓની આપ લે કરી લે છે મફત!

તેના કેટલાક રસપ્રદ પ્રસંગો આ રહ્યા-

દેવાદાર માણસ પોતાને ઘેર સૂચના આપી રાખશે કે - 'લેણદાર આવે તો 'મિસ્ડ કોલ' આપજો. જો તે વિલે મોઢે પાછો જાય તો 'મિસ્ડ કોલ' બે વાર આપજો! અને જો તે પાછો જ ન જાય અને ઘર આગળ ધરણા કરવા બેસી જાય તો 'મિસ્ડ કોલ' ત્રણવાર આપજો! અને કેવા સંજોગોમાં મારાથી ઘેર જમવા આવી શકાશે નહીં. માટે ટિફિન ઓફિસમાં જ મોકલી આપશો.'

બીજો એક પ્રસંગ પણ આપણે કલ્પી શકીએ કે -

મેટરનિટી હોમમાં દાખલ કરેલ પોતાની પત્નીની ડિલિવરી અંગેના સમાચાર પોતાના અન્ય ફેમિલી મેમ્બર્સને આપવા માટે પતિ પહેલેથી પોતાના ફેમિલી મેમ્બર્સને કહી રાખી શકે કે - 'જો હું એકવાર મિસ્ડ કોલ આપું તો સમજવાનું કે મિત્રને બાબો આવ્યો છે! જો હું બે વાર આપું તો સમજવાનું કે બેબી આવી છે અને જો હું ત્રણવાર મિસ્ડકોલ આપું તો સમજવાનું કે મિસ કેરેજ!'

આ રીતે થઈ શકે ને મેસેજની ડિલિવરી વગર પૈસે! અને છેલ્લે-

દાંતના પ્રોબ્લેમ માટે એકવાર અમારે અમારા ફેમિલી ડેન્ટિસ્ટ શ્રીમતી મનીષાબહેન શુક્લ પાસે જવાનું થયું. પ્રથમ સિટિંગ પછી અમે તેમને કહી આવેલા કે - 'જો દાંતનો દુઃખાવો ચાલુ રહેશે તો ફરીથી એપોઈન્ટમેન્ટ માટે ફોન કરશું અને જો દુઃખાવો એક જ સિટિંગમાં દૂર થઈ ગયો હશે તો મિસ્ડકોલ આપીશું! આ રીતે 'મિસ્ડ કોલ'થી અમારા પૈસા અને તેમનો સમય બચી શકે તેમ હતા!'

દાંતનો દુખાવો તેમના જાદુઈ હાથની ટ્રીટમેન્ટથી તરત મટી ગયો!

તેથી અમારા કોલ મુજબ અમે તેમને મિસ્ડ કોલ આપ્યો!

બીક હવે ફક્ત એક જ છે કે ક્યાંક ચિદમ્બરમ્ આ મિસ્ડ કોલ પર ટેક્સની ઉઘરાણી કરવા અમારા ઘરના બારણે ટકોરા મારશે તો?!

*'મંગલ મંદિર' : જુલાઈ-૨૦૦૬*

*ગમે તેટલું ધન મળે તોયે માણસને કદી તૃપ્તિ થતી નથી. 'હવે બસ!' એ કદી કહેવાનો નથી.*

# "અકુના મટાટા"

• મયૂર દેઢિયા •

મારા દીકરા અનીર્વ અને વિહંગ સાથે WALT DISNEYની કાર્ટૂન ફિલ્મ "THE LION KING" જોઈ ત્યારે પિક્ચરની રીતે તો ગમેલ જ, પણ હમણાં આફ્રિકાના પ્રવાસે જઈ આવ્યો ત્યારે આ કાર્ટૂન ફિલ્મ ફરી જોવાની ઈચ્છા થઈ.

ઉપર્યુક્ત શીર્ષક ફિલ્મનું એક પાત્ર બોલે છે. ત્યારે ખબર ન હતી કે સ્વાહિલી ભાષામાં આનો મતબલ "NO PROBLEM" થાય છે.

લગભગ રદ થઈ ગયેલા પ્રવાસ બાદ જ્યારે જવાનું નક્કી જ થઈ ગયું ત્યારે ખબર નહોતી કે આ પ્રવાસ એક સામાન્ય ધંધાદારી પ્રવાસથી વિશેષ થશે.

કેન્યાના પાટનગર નૈરોબી ખાતે જ્યારે પ્લેન ઉતર્યું ત્યારે એક અજબનો રોમાંચ હતો. પ્લેનમાં તો મોટાભાગે બધા ભારતીયો જ હતા. પણ એરપોર્ટ પર તો મોટાભાગના કાળા લોકો. અહીં પહેલીવાર આવો તો આ દેશ અને માણસો જોઈને ગભરાઈ જ જવાય. પરંતુ સાવ તેવું નથી. અહીંના માણસો પ્રમાણમાં ખૂબ જ સીધા અને કપટ રહિત હોય છે.

એરપોર્ટ ઉપર મારી ભત્રીજી પિન્કી લેવા આવી હતી. મારી સાથે પિન્કીનો થોડો સામાન પણ હતો. તેથી એરપોર્ટ કસ્ટમ્સમાં થોડો પ્રોબ્લેમ થયો પણ પિન્કીએ તે સંભાળી લીધો, ત્યારે એવી લાગણી અનુભવી કે "કાગડા બધે કાળા." એક આડ વાત. આપણે જેમ કહીએ કે કાગડા બધે કાળા પણ આફ્રિકા માટે આ વાત લાગુ પડતી નથી. કારણકે આફ્રિકન કાગડાના ગળામાં સુંદર સફેદ પટ્ટો હોય છે. અને તે પણ ખાસ્સો એવો મોટો. મતલબ કે આપણા કાગડા કરતાં આફ્રિકન કાગડા રૂપાળા વધારે હોય છે. બીજી એક વાત, આપણા કાગડા ગમે તેમ કરી ત્યાં પહોંચી ગયા છે. કોને ખબર કેમ, કદાચ માંડવીથી નીકળતા કોઈ જહાજમાં પ્રવાસીઓ સાથે તેઓ પણ ત્યાં પહોંચ્યા હશે. કહેવાય છે કે ત્યાંના રહેવાસી રૂપાળા કાગડાઓના અસ્તિત્વ માટે તેઓ જોખમરૂપ છે. માટે ટાંઝાનિયા અને યુગાન્ડામાં "INDIAN CROW"ની વસ્તી કન્ટ્રોલમાં લેવાની વાતો થાય છે કારણકે INDIAN CROW ત્યાંના કાગડાને હેરાન કરે છે.

ખૈર, પાછા પ્રવાસ પર આવીએ. એરપોર્ટની બહારનું વાતાવરણ ખૂબ જ સરસ. નૈરોબી દરિયાના લેવલથી લગભગ ૬૦૦૦ ફૂટ ઉપર છે. એટલે વિષુવવૃત્ત પર આવેલું હોવા છતાં અહીંનું વાતાવરણ આહ્‌લાદક છે. આખાય નૈરોબીમાં કોઈ ઓફિસ કે ઘરમાં એકકંડિશનર તો છોડો, પંખા પણ નથી. કારણકે બારેમાસ અહીં ખુશનુમા વાતાવરણ રહે છે.

એરપોર્ટની બહાર નીકળ્યા બાદ વાતાવરણની મજા લેવા મેં તો કારની બારીના કાચ ખુલ્લા રાખ્યા તો પિન્કીએ કહ્યું, 'કાકા, અહીં કારની બારી ના ખોલાય.' મેં કહ્યું, 'કેમ?' તો કહે, 'કંઈ કહેવાય નહીં. ગમે ત્યારે કોઈ આવી કંઈક છીનવીને ભાગી જશે.' સલામતીની દૃષ્ટિએ નૈરોબી ખૂબ જ ખરાબ સ્થળ ગણાય છે. જોકે અમોને સમગ્ર પ્રવાસ દરમિયાન તેવો કોઈ અનુભવ થયો નહીં. છતાં એક ચીજ બધાએ અમને કહી. કોઈની પણ પાસે જાઓ, તે સહુ લોકો પહેલી વાત એ કહે કે તમારી વસ્તુઓ બધી સંભાળો. ઘડિયાળ પણ બહાર દેખાય તે રીતે રાખવું નહીં. પૈસા પણ લોકોના દેખતાં ન કાઢવા. ખૈર, લોકોએ જેટલા ગભરાવેલા તેવો કોઈ અનુભવ થયો નહીં. એટલે નસીબદાર.

કેન્યા ઉપર ઘણાં વર્ષો સુધી અંગ્રેજોએ રાજ કર્યું અને ગોરા લોકો ઘણા વખત પછી ત્યાંથી નીકળ્યા પણ નૈરોબી જે રીતે ડેવલપ કર્યું છે તે રીતે બનાવવું ગોરા લોકો સિવાય અશક્ય છે. ખૂબ જ સુંદર આયોજન, ચારેબાજુ હરિયાળી અને ખૂબ જ સુંદર વાતાવરણ આ શહેરને મજાનું બનાવે છે. અહીં વસતા ભારતીયોમાં મોટાભાગના જામનગરના હાલારી લોકો તેમજ મુસ્લિમ વોહરા લોકો અને થોડી ઘણી ઈતર કોમ છે. પણ એક વસ્તુ ચોક્કસ છે - કેન્યાની ધરતી, ત્યાં વસતા ભારતીયો - ખાસ કરીને ગુજરાતીઓને ખૂબ જ ફળી છે.

"આટલી બધી અસલામતી વચ્ચે કેમ જીવાય?" મેં યતીનને સવાલ કર્યો. યતીન અને પોમેશ અમદાવાદના આપણા સમાજના આગળ પડતા કાર્યકર બંસીકાકાના સુપુત્રો છે. આ બંને જણાએ અમદાવાદમાં સી.એ. કરી આફ્રિકાને કર્મભૂમિ બનાવી અને ખૂબ જ સુંદર રીતે આગળ આવ્યા છે. યતીન અને પોમેશની મહેમાનગતિ માણવા જેવી છે. ખૂબ જ મજા આવી તેઓની સાથે.

મારા પ્રશ્નના ઉત્તરમાં તેણે જવાબ આપ્યો, 'અમને અહીં લગભગ ૧૬ વર્ષ થઈ ગયા, ગમે તે થાય પણ કેન્યા છોડીને હવે ક્યાંય નહીં જઈએ.' યતીન સાથે તેની પત્ની ફાલ્ગુનીએ પણ એટલી જ મક્કમતાથી જવાબ આપ્યો. અને પછી તો જેટલા લોકોને મળ્યો તે બધાનો એક જ જવાબ — ગમે તેટલી અસલામતી હોય પણ કેન્યા નથી છોડવું. 'જીના યહાં, મરના યહાં.' અને જ્યારે વાતનો દોર વધુ લંબાયો ત્યારે યતીને કહ્યું કે આપણા લોકો આફ્રિકા આવવામાં ખૂબ જ પાછળ છે. આપણી કોમ મૂળે મહેનતુ અને પથ્થરમાંથી પાણી કાઢે તેવી છે. જો

*વ્યક્તિમાં જેમ કરુણાનો વિકાસ થતો જાય તેમ એની અધ્યાત્મ વિકાસ માટેની ભૂમિકા પણ બંધાય છે.*

આપણે પહેલેથી આફ્રિકા આવ્યા હોત તો અહીં ખૂબ જ પ્રગતિ સાધી શક્યા હોત. પ્રવાસના અંતમાં મને પણ લાગ્યું કે અહીંની ધરતીમાં હજી ઘણા લોકો માટે તક છે.

ગમે તે હોય પણ અહીંના પાણીમાં પણ ખાસિયત છે. તમે ગમે તેને મળો અને ત્યાંના સ્થાનિક રહેવાસીઓ માટે પૂછો તો લગભગ બધા જ થોડો છણકો કરીને કહે કે 'આ કાળિયાઓ આળસુ છે અને તેઓમાં જરાય અક્કલ નથી.' ખૈર, કંઈક અંશે કદાચ આ લોકો સાચા પણ હોઈ શકે. પણ મારા મત મુજબ આ લોકો આળસુ કે અક્કલ વગરના નથી. હકીકતમાં તો હજી તેઓ જંગલની જિંદગી જીવે છે. તેઓની જરૂરિયાતો ખૂબ જ ઓછી છે. હજુ સુધી તેઓની જરૂરિયાતોમાં વધારો નથી આવ્યો.

મને ત્યારે એક વિચાર આવ્યો કે જો હું મારી જરૂરિયાતોને એકદમ ઓછી કરી નાખું તો? મારે આ ટેન્શન અને દુનિયાભરની દોડધામ ઓછી કરવી પડે. પણ તેમાં કદાચ મારી જાત પર આળસુ કે કામચોરનું લેબલ લાગી શકે. એક વિચાર બીજો એ પણ આવે છે કે, જ્યારે અંગ્રેજો આપણા દેશમાં આવ્યા હશે ત્યારે તેઓને પણ આપણી આધ્યાત્મિક્તા કે ઓછી જરૂરિયાતોવાળું જીવન આળસુ કે કામચોર લાગ્યું હશે. આપણી સાદગી તેમજ ભોળાપણું તેમને માટે રાજરમત રમવા યોગ્ય લાગ્યું હશે. અને કદાચ તેઓના કોઈ સંબંધી અહીં આવતા હશે તો તેઓ પણ આવું જ કંઈક કહેતા હશે, "આ... ઇન્ડિયનોમાં અક્કલ નથી. ફક્ત ધર્મધ્યાનમાં ડૂબેલા રહે છે. અહીં કુદરતી સંપત્તિ ખૂબ છે. માટે લૂંટો."

કદાચ આ લેખ કોઈ આફ્રિકાના ભારતીયો વાંચે તો તેઓને મારે એટલું જ હાથ જોડીને કહેવાનું કે ત્યાંના સીધા સાદા ભોળા લોકોને કાળિયા કહીને કે નીચા માનીને તુચ્છ ન સમજે.

આફ્રિકાના દેશોને ભગવાને ખોબે ખોબે કુદરતી સંપત્તિ આપેલી છે. માણસ તેના સ્વાર્થ માટે ત્યાંના સ્થાનિક લોકોને લડાવી, યેનકેન પ્રકારેણ કુદરતના સર્જનનો નાશ કરે છે.

નૈરોબીમાં ત્રણ દિવસના મુકામમાં ઘણી વસ્તુઓ જાણી. સૌથી પહેલાં તો અહીં વસતા ભારતીયોમાં મોટાભાગના ગુજરાતીઓ છે અને અમુક લોકોની ચોથી પેઢી ત્યાં રહે છે. તેમ છતાં તેઓમાં ક્યાંય બદલાવ આવેલો નથી. હજી પણ ત્યાંના લોકોમાં અમુક શબ્દો એવા તળપદા વપરાય છે, જે હવે ગુજરાતમાં પણ નથી વપરાતા કે ભુલાઈ ગયા છે. લગભગ બધા જ ભારતીયો એકંદરે સારું જીવન જીવી શકે છે. બધા જ પાસે નોકરચાકર, ગાડી, બંગલાઓ છે. એક ખૂબ જ મજાની વાત ત્યાં જોવા મળી તે અહીં લગભગ બધા જ લોકો બપોરના જમવા માટે ઘરે જાય છે અને ઘરે જતા પહેલાં બપોરના બીયર પીવાની પ્રથા છે. "બપોરના બીયર??" મેં સવાલ કર્યો. તો કહે, 'હા. કેમ અહીં તો પ્રથા છે.' મેં કહ્યું, 'તો પછી સાંજના?' તો કહે, 'સાંજના પણ બીયર.' ટૂંકમાં બીયરનો વપરાશ પાણી કરતાં વધારે છે. (ખૈર, યતીન પોમેશ સાથે જેટલો વખત હતા તેમાં ક્યારેય બીયરનો ઉલ્લેખ ન આવ્યો. કદાચ ગુજરાતની દારૂબંધી હજી ત્યાં ચાલુ છે.)

લગભગ કેન્યાનું અર્થતંત્ર ભારતીયો અથવા ગુજરાતીઓના હાથમાં છે. એક વસ્તુનો મને ગર્વ છે કે આટલી સધ્ધરતા હોવા છતાં આપણે ભારતીયોએ ક્યારેય આફ્રિકાના સક્રિય રાજકારણમાં રસ લીધો નથી, કે નથી ક્યારેય એવું વિચાર્યું કે આ દેશને આપણે ગુલામ બનાવી દઈએ. આપણા લોહીમાં એ વાત નથી.

કેન્યાની બાજુના યુગાન્ડામાં તેઓએ ભારતીયોને કાઢીને સમગ્ર દેશ પોતાની રીતે ચલાવવા ધાર્યું અને ત્યાંના એક ગાંડા શાસકે આ તુક્કો પણ લગાવ્યો. પણ ત્યારબાદ યુગાન્ડાની હાલત ખૂબ જ ખરાબ થઈ ગઈ, હવે એ લોકો ભારતીયોને પાછા બોલાવે છે અને ખૂબ સારી તકો પણ આપે છે.

નૈરોબીમાં ત્રણ દિવસના વસવાટ બાદ અમે તાન્ઝાનીયા જવાનું નક્કી કર્યું અને તે પણ બસ દ્વારા. નૈરોબીથી સવારે અમે બસ મારફત "મોરોગોરો" જવા નીકળ્યા. વાતાવરણે પણ સાથ આપ્યો. એટલે બસની મુસાફરી એટલી તકલીફવાળી ન લાગી. રાતના મોરોગોરો પહોંચ્યા. મારા મિત્ર વાલ્મીકભાઈના સાળાનો મોરોગોરોમાં રિસોર્ટ છે. તેઓ વર્ષોથી ત્યાં રહે છે. તેમની પણ મહેમાનગતિ માણવાલાયક છે. એક વસ્તુ ચોક્કસ છે. આફ્રિકામાં અમે જેટલા ભારતીયોને ત્યાં રોકાયા, ત્યાં બધા જ લોકોનો આવકાર, મહેમાનગતિ માણવા લાયક હતી. અહીં તેઓ 'અતિથિ દેવો ભવ'ની ભાવના ભૂલ્યા નથી. તેમજ તેમની પાસે આપણા માટે સમય ફાળવવા માટે સમય પણ છે. (ઈંગ્લેન્ડના પ્રવાસમાં આ વસ્તુ જોવા મળી નથી. ખૈર, તેમાં ભારતીયોનો વાંક નથી, ત્યાંની ધરતીનો વાંક છે.)

મોરોગોરોની બાજુમાં 'મિકુમી નેશનલ પાર્ક' છે. ત્યાં જવાનો પ્રોગ્રામ બનાવ્યો. સવારે નીકળી ગયા. ખૂબ જ મોટું પાર્ક. તેમાં બધાં પ્રાણીઓ તેમની કુદરતી અવસ્થામાં જોયા, ત્યારે ખ્યાલ આવ્યો કે પ્રાણી સંગ્રહાલયના પ્રાણી અને કુદરતી વાતાવરણના પ્રાણીઓમાં અંતર શું છે? મિકુમીમાં પ્રવેશ કરવાની સાથે જાણે THE LION KINGના શાસનમાં પ્રવેશ કર્યો. ત્યાંનું વાતાવરણ અલગ છે. કેટકેટલાય પ્રાણીઓ જોયા, પણ એક જ વાતનું દુઃખ હતું. ખૂબ શોધ્યા બાદ પણ LION KINGના નાયક SIMBA સાથે મુલાકાત ન થઈ. સ્વાહીલી ભાષામાં પણ સિંહને 'સીમ્બા' કહેવામાં આવે છે તે ત્યાં ગયા પછી ખબર પડી. સાંજ સુધી રખડપટ્ટી પછી પણ રાજા સાથે મુલાકાત ન થઈ, તે ન જ થઈ. પરંતુ એક વાત ખૂબ જ ઊડીને આંખે વળગી તેવી એ હતી કે આ કહેવાતા કાળિયાઓ અને મૂર્ખ લોકોએ તેમના નેશનલ પાર્કની રક્ષા ખૂબ જ સુંદર રીતે કરી છે. તેઓ તેમની

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૧૬ ઉપર)**

*સત્તાના નશા જેવો કોઈ નશો નથી.*

# દિવાળી કાર્ડ – ભગવાનશ્રી તરફથી

• મલૂકચંદ રતિલાલ શાહ (કામદાર) •

દિવાળીનો તહેવાર હમણાં ઉજવાઇ ગયો. દર વર્ષની જેમ આ વર્ષે પણ દિપાવલીની શુભેચ્છા અને નૂતન વર્ષાભિનંદનની અનેક ટપાલ મળી છે. એમાં જુદા જુદા પ્રકારની શુભેચ્છાઓ છે. કોઇએ લખ્યું છે કે નવા વર્ષે તમારા બિઝનેસમાં વધુ પ્રગતિ થાઓ, યશ અને રિધ્ધિસિધ્ધિમાં વૃધ્ધિ થાઓ. તો બીજા પત્રમાં, આરોગ્યપૂર્ણ દીર્ઘ જીવન પ્રાપ્ત થાઓ, પારિવારિક જીવનમાં સુખશાન્તિ વધો. તો ત્રીજા પત્રમાં લખ્યું છે કે તમારા જીવનમાં નવા વર્ષે વધુમાં વધુ ધન, યશ અને સર્વ સાંસારિક સુખની પ્રાપ્તિ સાથે, આધ્યાત્મિક સાધનામાં વેગ આવીને તમને પ્રભુપદની પ્રાપ્તિ થાઓ એમ લખ્યું છે. તો કોઇએ એવું પણ લખ્યું છે કે નવા વર્ષે તમને જે જોઇતું હોય તે બધું જ પરમકૃપાળુ પરમાત્મા મેળવી આપે - એવી અમારી પ્રાર્થના છે.

આ બધું વાંચીને હું વિચારમાં પડી ગયો કે નવા વર્ષે મારે ખરેખર શું જોઇએ છે? એમ મનને વિચારોમાં જોડતા ખ્યાલ આવ્યો કે આ જીવને શું જોઇએ છે એમ નહિ પરંતુ શું નથી જોઇતું એજ પ્રશ્ન છે. આ જીવને આ અને તે બધું જ જોઇતું હોય છે. ટપાલ લખનારને આવી વૃત્તિનો ખ્યાલ છે જ એટલે તો આપણને પૂછ્યા વિનાય, તેઓ નિરાંતે ભૂલ વિના લખી શકે છે કે તમને આ મળો અને તે મળો.

*'પ્રાપ્તમાં અસંતોષ અને અપ્રાપ્તની ઝંખના'* - એવી સાધારણ માનવ માત્રની પ્રકૃતિ રહેલી છે એવી ટપાલલેખકને ખબર છે જ એટલે તેઓ તો લખે કે તમને આ કે તે મળો. એવા પત્રોના પ્રથમ વાંચનમાં મારા જેવાને એ શુભેચ્છાઓ ગમી પણ જાય. મનમાં થાય કે મિત્રોના લેખન મુજબ જે મળી જાય તે ચાલશે અને ગમશે! પરંતુ અધ્યાત્મની સાધનાનો દાવો કરતો મારા વ્યક્તિત્વનો બીજો એક ભાગ, ઉપરના વિચારોને રોકીને હૃદયમાં ઊંડો પ્રશ્ન પેદા કરે છે કે - નવા વર્ષે હું શું ઇચ્છું છું અને ખરેખર મારે શું ઇચ્છવું જોઇએ?

આવા વિચારોની છાયામાં રાત્રે હું નિદ્રાધીન થઇ ગયો. સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં *'ભગવાનશ્રી'* - એવી સહીવાળું દિવાળી કાર્ડ ટપાલમાં મળ્યું!

તેમાં લખ્યું હતું : આત્મપ્રિય, નવા વર્ષના હાર્દિક અભિનંદન! આજના મંગળદિને નીચેની બે પૈકી તું જે નક્કી કરે તે કોઇ એક બાબત આ નવા વર્ષે તને અવશ્ય પ્રાપ્ત થાઓ એવું મારું શુભેચ્છા વચન છે :

(૧) નવા વર્ષે હું પરમાત્મા જેવો છું તેવો સર્વાંશે તને પ્રાપ્ત થાઉં, તને મળું. (૨) આ દુનિયાના તમામ દુન્યવી સુખો, ઇન્દ્રિય ભોગો, કુટુંબ સુખ, સૈન્ય, શસ્ત્ર, ધન, યશ, આરોગ્ય, વૈભવ વગેરે બીજા બધાં કરતા તને વધારેમાં વધારે પ્રાપ્ત થાઓ.

ઉપરના બેમાંથી કોઇ એક માગી લે. તને મળશેજ.

*– લિ. ભગવાનશ્રી*

સ્વપ્ન તો ઊડી ગયું, પરંતુ પ્રશ્ન મૂકી ગયું. ખુદ ભગવાનનું વચન એમ બનવાનું જ. તો શું માંગુ? આવો અણમોલ અવસર તો ભાગ્યે જ મળે. એટલે વિચાર આવ્યો કે માગવાનું મન થાય એ નહિ પરંતુ શ્રેયાર્થીએ ખરેખર જે માગવાનું ઉચિત ગણાય એ જ હું માંગુ. શું માંગુ? શું માંગુ? આ પ્રશ્નનો જવાબ જડી ગયો. ધર્મશાસ્ત્રનો પેલો પ્રસંગ સ્મૃતિમાં ચડી આવીને શું માંગવું તેનું માર્ગદર્શન આપી ગયો. આ રહ્યો મહાભારતમાંનો તે પ્રસંગ.

પાંડવ અને કૌરવો વચ્ચે સમાધાન શક્ય નહિ બનતાં બન્ને પક્ષે યુધ્ધની તૈયારી આરંભાઇ રહી છે. તેવા સમયે એક દિવસ બપોરે ભગવાન શ્રીકૃષ્ણ જમીને પલંગમાં આરામ કરી રહ્યા હતા ત્યારે યુદ્ધમાં વિજયી થવા, દુર્યોધન શ્રીકૃષ્ણની મદદ મેળવવા તેમના નિવાસે આવી પહોંચે છે. ભગવાનને નિદ્રાધીન જોઇને, પલંગ પર તેમના માથા પાસે બેસી જાય છે. થોડી વાર પછી અર્જુન પણ તે જ હેતુથી ત્યાં આવે છે. ભગવાનને સૂતેલા જોઇને ભગવાનના ચરણ પાસે આસન લે છે. થોડીવારમાં ભગવાનનાં ચક્ષુ ખૂલતા પ્રથમ અર્જુન નજરે ચડે છે, પછી દુર્યોધન. પહેલા અર્જુનને જોયો. તેથી પ્રભુ પ્રથમ તેની વાત સાંભળે છે અને પછી દુર્યોધનની. બન્નેના આગમનનો હેતુ જાણીને શ્રીકૃષ્ણ એક દરખાસ્ત મૂકે છે કે નીચેની બે બાબતો પૈકી કોઇ એક પ્રથમ અર્જુન પસંદ કરી લે અને પછી દુર્યોધન.

શ્રી ભગવાન કહે છે : (૧) યુધ્ધમાં એક પક્ષે હું એકલો નિઃશસ્ત્ર રહીને સાથ આપું, અથવા (૨) બીજા પક્ષે મારું સર્વ ધન, સૈન્ય, શસ્ત્રાદિ મળી શકશે. બોલ, 'અર્જુન, આ બેમાંથી તું એક માગી લે.' ચિંતન કે ક્ષોભમાં જરાય સમય ગુમાવ્યા સિવાય, અર્જુન કહે છે કે પ્રભુ, મારે તો આપ જ જોઇએ. જેવા છો તેવા આપના વિના મારી બીજી ગતિ નથી. શસ્ત્ર, સૈન્ય ભલે દુર્યોધનને મળે. ભગવાને 'તથાસ્તુ' કહી અર્જુનની માંગ સ્વીકારી લીધી. દુર્યોધન તો અર્જુનની માંગ સાંભળીને રાજી રાજી થઇ ગયો કે મૂરખનો જામ છે ને કે સૈન્ય, શસ્ત્રો, ધનાદિને છોડીને એકલા કાળિયાને (શ્રીકૃષ્ણને) માગી લીધો! અર્જુનને પ્રથમ માંગનો ચાન્સ ભલે મળ્યો પરંતુ કામ તો મારું થઇ ગયું છે.

અને કથાનકની આગળની વાત તો આપણે જાણીએ જ છીએ કે યુધ્ધમાં-

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૩૩ ઉપર)**

*જે સમયનું મૂલ્ય જાણે છે એમને સમય અમૂલ્ય સિધ્ધિ અપાવે છે.*

# ટૂંકી લઘુકથાઓ

● નજમા ગોલીબાર ●

## ફરજ બજાવી!

રામભાઈ ઑફિસે પહોંચ્યા. એમણે પટાવાળાને કહ્યું, 'જરા પાણી પીવડાવને ભાઈ...!'

'હાથથી પી લો...!' પટાવાળાએ સંભળાવી દીધું. 'હું તમારો નોકર નથી, સરકારી નોકર છું. મને પાણી પીવડાવવા માટેનો નહિ પણ એક ટેબલ પરથી બીજા ટેબલ પર ફાઈલો પહોંચાડવાનો પગાર મળે છે.'

ક્યારેય ગુસ્સે નહિ થતા રામભાઈ અત્યારે ગુસ્સે થઈ ગયા. એ જ વખતે એમણે પોતાના ઉપરી અધિકારી પર પટાવાળાની ફરિયાદ લખી મોકલી.

આઠ-દસ દિવસ સુધી કોઈ જવાબ આવ્યો નહિ એટલે રામભાઈએ ફરીથી પટાવાળા વિરુદ્ધ ફરિયાદ લખી મોકલી. મહિનો વીતી જવા છતાંય જવાબ મળ્યો નહિ. એટલે રામભાઈએ પટાવાળાની ફરિયાદ સીધી પ્રધાન પર મોકલી.

ચાર મહિના પછી પટાવાળા પર પ્રધાનનો પત્ર આવ્યો, 'રામભાઈને હમણાં ને હમણાં એક ગ્લાસ પાણી પીવડાવી દો.'

★ ★ ★ ★

## વાયદો નિભાવ્યો!

ચૂંટણી દરમિયાન એક નેતાજી ગરીબ વસ્તીમાં ભાષણ આપી રહ્યા હતા. 'મારા વહાલા ભાઈઓ અને બહેનો! હું વાયદો કરું છું કે જો તમે મને તમારો કિંમતી મત આપશો, અને જો હું જીતી જઈશ તો અહીં એકપણ મકાન કાચું નહિ રહે અને વસ્તીની સામે હું એક સુંદર બગીચો પણ બનાવીશ.'

તાળીઓનો ગડગડાટ થયો. નેતાજી ચૂંટણીમાં જીતીને પ્રધાન બની ગયા. એમને પોતાનો વાયદો યાદ હતો. એમણે તુરત જ પોતાનો વાયદો નિભાવ્યો. વસ્તીના કાચા મકાનો તોડાવીને એની જગ્યાએ સુંદર બગીચો બનાવી નાખ્યો. હવે ત્યાં ખરેખર એક પણ કાચું મકાન નહોતું!

★ ★ ★ ★

## લાઈસન્સ!

ઘણી બેંકો લૂંટવા માટે પોલીસ ટાઈગરની શોધમાં હતી. આખરે એક દિવસ ટાઈગર પકડાયો એની તપાસ દરમિયાન એની પાસેથી એક લાખ રૂપિયા, એક રિવોલ્વર અને રિવોલ્વરનું લાઈસન્સ મળ્યું. લાઈસન્સમાં રિવોલ્વર રાખવાના કારણમાં 'વધારે રકમ લઈને ફરવું પડે છે એટલે રિવોલ્વર જરૂરી છે.' એવું લખ્યું હતું.

★ ★ ★ ★

## બેકારી!

એક ભણેલા ગણેલા યુવાને નોકરી માટે ઘણી બધી દોડાદોડી કરી, પરંતુ બેકારીને કારણે એને નોકરી મળી નહીં. આખરે કંટાળીને એણે પાંચ માળની બિલ્ડિંગ પરથી નીચે છલાંગ લગાવી દીધી. નસીબજોગે એ બચી ગયો પણ એના હાથ-પગ તૂટી ગયા. અને હવે એ ભીખ માંગીને પૈસા કમાય છે - ખૂબ જ કમાય છે અને મોજમજામાં જિંદગી વિતાવે છે.

★ ★ ★ ★

## સિંહ અને ગધેડો!

એક દિવસ સિંહ અને ગધેડો બંને એકસાથે શિકાર કરવા નીકળ્યા. બંનેએ ઘણાં નાના પ્રાણીઓનો શિકાર કર્યો. પછી બંને શિકારનો અડધોઅડધ ભાગ કરવા બેઠા. સિંહે શિકારને ત્રણ ભાગમાં વહેંચ્યા અને પછી કહ્યું, 'આ પહેલો ભાગ તો હું જંગલનો રાજા છું એટલે મારો છે. અને બીજો ભાગ એટલા માટે મારો છે કે આપણે બંનેએ અડધો અડધ ભાગ કરવાની વાત કરી હતી અને રહી વાત ત્રીજા ભાગની, તો જેનામાં હિંમત હોય એ મારી સામેથી એને ઉઠાવી બતાવે!'

ગધેડાએ જીવ બચાવવા માટે પોતાનો ભાગ પડતો મૂકીને ત્યાંથી ચાલતી પકડી.

★ ★ ★ ★

## આગ : ફાયદાકારક? કે નુકસાનકારક?

રતન અને કિશોર બંને દિવસો પછી મળ્યા. 'આટલા સમયથી શું કરતો હતો?' કિશોરે રતનને પૂછ્યું.

રતન : 'કંઈ ખાસ નહિ. અભ્યાસ કર્યા પછી મેં લગ્ન કરી લીધા.'

કિશોર : 'આ તેં સારું કર્યું.'

રતન : 'ના! મારી પત્નીનો સ્વભાવ ખરાબ હતો.'

કિશોર : 'આનાથી તો તારું જીવન મુસીબતોથી ભરાઈ ગયું હશે?'

રતન : 'ના! મારી પત્ની દહેજ લાવી હતી. દહેજની વસ્તુઓ વેચીને મેં રોકડા રૂપિયા ભેગા કર્યા અને એમાંથી મેં દુકાન લીધી.'

કિશોર : 'દુકાનથી તો તને ખાસ્સી એવી કમાણી થઈ હશે?'

રતન : 'ના! મારી દુકાન જે વિસ્તારમાં હતી એ વિસ્તારમાં વારેઘડીએ હુલ્લડને કારણે મારે એ દુકાન વેચી નાખવી પડી.'

કિશોર : 'પછી તેં એ પૈસાનું શું કર્યું?'

રતન : 'મેં એક સરસ મકાન લીધું!'

કિશોર : 'ચલો સારું થયું! તારે મકાનનું ભાડું ભરવાની ચિંતા તો ગઈ!'

રતન : 'ના... એ મકાનમાં આગ લાગી ગઈ.'

કિશોર : 'ઓહ! આ તો ખૂબ જ ખરાબ થયું.'

રતન : 'ના! ખરાબ નહોતું થયું કારણકે એ આગમાં મારી પત્ની પણ સળગીને મરી ગઈ!'

*'મંગલ મંદિર' : જૂન-૨૦૦૮*

*જવાબદારીથી બળ મળે. બળ મળે તો જ વિકાસ થાય.*

# મારી શ્રીમતી... તોબા... તોબા....

• એચ. એન. ગોલીબાર •



શ્રી ભોલાભાઈ ગોલીબાર

*ભુજના વતની ભોલાભાઈ ગોલીબાર ઉર્ફે મોહમ્મદ યુનુસ નૂરમોહમ્મદ ગોલીબારનો જન્મ ૧૯૪૯માં અમદાવાદ ખાતે થયેલ. એમ.એ. (ઑનર્સ)ના અભ્યાસ બાદ સાહિત્યિક ક્ષેત્રે તેઓએ ઉચ્ચ અભ્યાસો કરેલ છે. તેઓશ્રીએ પોતાની કારકિર્દીમાં અનેક પારિતોષિકો તથા ચંદ્રકો મેળવેલ છે, જેનું લિસ્ટ ખૂબ જ લાંબું છે. પિતાશ્રી નૂર મોહમ્મદ ગોલીબારના અવસાન બાદ તેમના મોટાભાઈ એચ.એન. ગોલીબાર 'ચક્રમ' મેગેઝીન ચલાવતા હતા. અને મોટાભાઈના અવસાન બાદ શ્રી ભોલાભાઈ ગોલીબાર એક પણ જાહેરાતની મદદ વગર 'ચક્રમ - ચંદન' મેગેઝીન સફળતાપૂર્વક ચલાવે છે. આ વિષયની સોનેરી નોંધ 'લીમકા બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ' અને 'ગીનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ'માં લેવાયેલ છે. તેઓશ્રીને ક્રાઈમ અને હોરર વાર્તાના પુસ્તકો લખવાની જબરી ફાવટ આવી ગયેલ છે. અત્યાર સુધી તેઓશ્રીએ ૧૫૮ ઉપરાંત નવલકથાઓ લખેલ છે. સાહિત્ય અને નવલકથા ક્ષેત્રે અનેક વિક્રમ નોંધાવનાર કચ્છી સપૂતને તેનું ગૌરવ છે.*

ચૂંટણીના સમાચારો આવી રહ્યા હતા. વહેલી સવારે એક હાથમાં એ ગરમાગરમ સમાચારોવાળું એક છાપું લઇને આરામખુરશીમાં બેઠો-બેઠો વાંચતો હતો ત્યાં મારી શ્રીમતી આવીને મારા હાથમાં ગરમાગરમ ચા ભરેલા કપરકાબી મૂકી ગઇ.

એક હાથે કપરકાબી અને બીજા હાથે છાપું પકડીને હું ચા પીવાનું અને છાપું વાંચવાનું એમ ડબલ રોલનું કામ કરતો હતો.

સમાચારનું એક ગરમ હેડિંગ વાંચતાં વાંચતાં હું રકાબીમાં મૂકાયેલા કપને હોઠ સુધી લઇ ગયો. પણ સમાચાર કરતાંય ચા વધારે ગરમ હશે એવો સપનેય ખ્યાલ નહોતો. પરંતુ ચા ખરેખર સમાચાર કરતાંય વધુ ગરમ નીકળી. એટલે ચા હોઠથી અડી કે તરત જ હું દાઝયો, દાઝીને ચમક્યો અને ગભરાયો. મોઢામાંથી ઉહકારો નીકળી ગયો. શરીર ખુરશીમાંથી સહેજ અદ્ધર થઇને પાછું ખુરશીમાં પટકાયું. પણ એમ થવા જતાં કપમાંની ચા સહેજ છલકાઇ અને એના છાંટા હાથ ઉપર ઉડ્યા. હાથ, અંગૂઠો અને આંગળીઓ દાઝતા હાથમાંનો કપ પડી ગયો.

જોકે, મારો ઇરાદો તો છાપું ફેંકી દઇને, બીજા હાથમાં કપ લઇ લેવાનો હતો, પરંતુ હું છાપું જમીન ઉપર પડે એ પહેલાં કપરકાબી ઢીંચણ ઉપર પડ્યા અને મારા પગને લપસણી સમજીને પગ ઉપરથી લપસીને જમીન ઉપર પછડાયા.

અને જેવા જમીન ઉપર પડ્યાં કે તરત જ કપ અને રકાબી બેયના ટુકડા થઇ ગયા. ચા જમીન ઉપર ખાબોચિયા આકારમાં ફેલાઇ ગઇ.

હું દાઝેલો હાથ ખંખેરતો અને દાઝેલો પગ પંપાળતો ઊભો થઇ ગયો. ત્યાં જ રસોડામાંથી શ્રીમતીજીનો અવાજ સંભળાયો, 'શું થયું.... કપરકાબી ફોડયા કે શું?'

એક તો હું દાઝયો હતો, બીજું ચા ઢળી ગઇ હતી, ત્રીજું મારો લેંઘો બગડ્યો હતો, અને ચોથું, કપરકાબી ફૂટી ગયા હતા. પરંતુ મારી ચિંતા કરવાને બદલે શ્રીમતીને કપરકાબીની ચિંતા કરતી જોઇને મને મનમાં બરાબર ચાટી ગઇ. મેં સામો ઘાંટો પાડીને કહ્યું, 'ના, કપરકાબી હજુ ફૂટ્યા નથી, તારી વાટ જુએ છે. તું આવે પછી ફૂટે ને...?'

'મને બનાવો છો? એક તો કપરકાબી ફોડો છો અને ઉપરથી પાછા જુઠ્ઠું બોલો છો?' કહેતી શ્રીમતી રસોડામાંથી નીકળીને બહાર આવી. કપરકાબીને મરણતોલ હાલતમાં જમીન ઉપર ઢળી પડેલાં જોઇને એ તાડૂકી : 'ફોડી નાંખ્યાને... અરે, હું કહું છું કે તમે માણસ છો કે કોણ છો? આટલા કપરકાબીય સાચવતાં નથી આવડતું?'

'અરે, આ કપરકાબી ફૂટી ગયા એમાં આમ ગુસ્સો શું કામ કરે છે?'

'ગુસ્સો ન કરું તો શું ડાન્સ કરું? અરે, જરા બજારમાં પૂછો તો ખરા કે કપરકાબીના શું ભાવ છે?'

શ્રીમતીને વધુ ગુસ્સે થયેલી જોઇને હું જરાક ઠંડો થઇ ગયો. અને એને સમજાવવા માટે કહ્યું, 'અરે, એમ તો ગયા અઠવાડિયે તેં કપરકાબી નહોતાં ફોડ્યા...?'

મારી દલીલ સાંભળીને શ્રીમતી ડબલ છંછેડાઇ, 'મારા હાથે કપરકાબી ફૂટી ગયા એનો શું તમે આજે બદલો વાળ્યો?'

'ના, મેં બદલો નથી વાળ્યો, પરંતુ કપરકાબી કાચની વસ્તુ છે અને એવી વસ્તુ ફૂટી જાય છે.'

'ફૂટી કેમ જાય, એ ક્યાં મફત આવે છે?'

'ફૂટી જાય... કાચની વસ્તુ તો ફૂટવાની જ... આજે મારાથી ફૂટી ગયા, ગયા અઠવાડિયે તારાથી ફૂટી ગયા હતા...!'

*શિખામણ પહેલાં આચરણ અગત્યનું.*

'હા, હા, મારાથી એકવાર કપરકાબી ફૂટ્યા એમાં તો તમે ગા-ગા કરો છો, પણ મારાથી કપરકાબી ફૂટ્યા એનું કારણ હતું. દૂધ ઉભરાઇ ન જાય એની ચિંતા હતી. એવામાં સાડીનો છેડો પગમાં અટવાણો અને હું ગડથોલું ખાઇ ગઇ. પડતાં પડતાં રહી ગઇ અને હાથમાંથી કપરકાબી છટકી ગયા, પણ તમારા હાથમાંથી કેમ છટકી ગયા, એ તો કહો?'

શ્રીમતીની વાત સાચી હતી, પણ હું સાચી વાત કહું તો શ્રીમતીને ગળે ઉતરે એવી નહોતી. એટલે મેં બિલકુલ ખોટી વાત કરી : 'મને છીંક આવી અને કપરકાબી હાથમાંથી છટકી ગયાં.'

'શું વાત કરો છો? છીંક આવી? હાય રામ, તમને તો મારે શું કરવું? બહાર બજારમાં થમ્સઅપ, પેપ્સી, લસ્સી, શરબત અને આઇસક્રીમ ખાઇને આવો, પછી છીંક ન આવે તો શું આવે? અને તમને આમેય ઠંડી ચીજો ક્યાં માફક આવે છે? અને હું કહું છું, જરા સુધરો, જરા સુધરો. આ તો હું છું તો તમને સાચવું છું, બાકી બીજી કોઇ માથાની મળી હોત તો ખબર પડી જાત.'

'તું ક્યાં ઓછી છો? માથાની જ છો ને? મારો હાથ દાઝયો છે, એનું પૂછતી નથી અને કપરકાબીની મહોંકાણ માંડે છે?'

'હાય, હાય, ક્યાં દાઝી ગયા, જરા બતાવો તો?' કહેતાં શ્રીમતીએ મારો દાઝેલો હાથ જોયો. ખાસ કંઈ વધારે દાઝયો નહોતો. પરંતુ એ માની બેઠી કે હું વધારે દાઝયો છું. એટલે જલદીથી રસોડામાં જઇને મલમ લઇ આવી. પોતાના હાથે જ એણે મારા હાથ ઉપર મલમ ચોપડી આપ્યો અને પછી બોલી, 'આ તમારો લેંઘો બગડ્યો છે બદલી નાખો. ત્યાં સુધીમાં હું બીજી ચા બનાવીને લાવું છું.'

'હા, પણ બે કપ બનાવજે.'

'કેમ, બે કપ પીવા છે?'

'ના, એક મારા માટે અને બીજો તારા માટે.'

જવાબમાં શ્રીમતી કંઇ બોલી નહિ અને હસતી હસતી રસોડામાં જતી રહી.

થોડીવારે શ્રીમતી ચા લઇને પાછી ફરી. હજી એ રસોડાના બારણામાંથી બહાર આવતી હતી ત્યાં જ એકાએક એ ઊભી રહી ગઇ. એને છીંક આવવાની થઇ... અને કપરકાબી ક્યાં મૂકે, અથવા તો હું દોડીને એ લઇ લઉં એ પહેલાં જ શ્રીમતીએ એક જોરદાર છીંક ખાધી અને હાથમાં પકડેલી રકાબી ઉપરથી ચા ભરેલો કપ પડ્યો. શ્રીમતી મૂંઝાઇ ગઇ. એણે કપ પકડવાનો પ્રયત્ન કર્યો પરંતુ કપ પકડાયો નહિ, ઊલટાની રકાબી પણ છૂટી ગઇ.

હવે ગુસ્સે થવાનો વારો મારો હતો. 'કેમ, છીંક આવીને? કપરકાબી ફૂટ્યાને... છાની છાની ઠંડા પીણાં પીએ છે... આઇસક્રીમ ખાય છે, કેમ?'

શ્રીમતી મારા શબ્દો સાંભળીને ડઘાઇ ગઇ. એ કપરકાબી પાસે બેસી ગઇ. એની આંખોમાં પાણી આવી ગયાં. એ રડતાં અવાજે બોલી, 'એક તો કપરકાબી ફૂટ્યાં અને ઉપરથી તમે ઠપકો આપો છો. દાઝ્યા ઉપર ડામ આપો છો.'

મને શ્રીમતી ઉપર દયા આવી ગઇ. એનો હાથ પકડીને મેં એને ઊભી કરી અને કહ્યું, 'જા, જઇને તારી ચા લઇ આવ. આપણે બેય જણા પીશું.'

'પણ આજે આ કપરકાબીઓને શું થયું છે, એ મને સમજાતું નથી.' શ્રીમતી ઊભી થતાં બોલી. મેં મોટું મન બતાવ્યું, 'હશે, કાચની વસ્તુ છે. ફૂટી પણ જાય.... સાંજે બજારે જઇશું ત્યારે નવા લેતા આવીશું.'

શ્રીમતી રસોડામાં ગઇ અને બીજી ચા કપરકાબીમાં લાવતાં બોલી, 'આ છેલ્લા જ કપરકાબી છે.' એણે કપ મારા હાથમાં મૂક્યો. અને પોતે ઢોળાયેલી ચા અને ફૂટેલા કપરકાબી સાફ કરવા માંડી. મેં શ્રીમતીને કહ્યું, 'રહેવા દે, ચા ઠરી જાય છે. પહેલાં ચા પી લે. પછી સાફ કરજે.'

શ્રીમતી ઊભી થઇ ગઇ. હું કપરકાબી લઇને ખુરશી તરફ આગળ વધવા જતો હતો ત્યાં જ શ્રીમતી ટહુકી : 'ઊભા રહો, ઊભા રહો, પાછા ક્યાંક કપરકાબી ફૂટશે, રહો, પાછા ક્યાંક કપરકાબી ફૂટશે, હું જ ખુરશી લાવું છું.' કહેતી એ ખુરશી લાવવા ગઇ.

ખુરશી લાવીને મારી પાછળ મૂકતાં એ બોલી, 'બેસો, પણ જરા સાચવીને બેસજો.'

હું હળવેકથી ખુરશી ઉપર બેસવા ગયો. પણ કોણ જાણે કેમ, શ્રીમતીને શુંય મશ્કરી સૂઝી કે એણે પાછળથી હળવે રહીને ખુરશી ખેંચી લીધી. અને હું હાથમાં કપરકાબી સાથે જમીન ઉપર પડ્યો.

રકાબી ઉપરનો કપ ઉછળીને જમીન ઉપર પડી ગયો. પડતાં જ એક હળવા અવાજ સાથે એના બે ટુકડા થઇ ગયા. મારું મોઢું જોવા જેવું થઇ ગયું. કાપો તો લોહી ન નીકળે એવું થઇ ગયું. મારી આવી હાલત ઉપર દયા ખાવાને બદલે શ્રીમતી ખડખડાટ હસી પડી. અને હસતી-હસતી સીધી રસોડા તરફ દોડી ગઇ. મને એના એવા વર્તાવ ઉપર એવી ચાટી ગઇ કે મેં મારા હાથની રકાબી છુટ્ટી શ્રીમતી તરફ ફેંકી. રકાબી શ્રીમતીને વાગવાને બદલે દીવાલ સાથે અથડાઇ અને એના ફુરચેફુરચા ઊડી ગયા. શ્રીમતીએ રસોડાના બારણા અંદરથી બંધ કરી દીધા. ત્યારે મારી હાલત જોવા જેવી હતી. હસવું કે રડવું એ હું નક્કી કરી શક્યો નહિ.

*'મંગલ મંદિર' : જુલાઈ-૨૦૦૮*

**Gala Agencies**
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
*EXCLUSIVE FANCY KOTA*
*EXCLUSIVELY*
*(RETAIL ONLY ON SATURDAY)*
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

# સાત ટૂંકી લઘુકથાઓ

• નજમા ગોલીબાર •

## નશા યે કૈસા નશા હૈ?

કિશોર અને રીના પ્રેમમાં છે. પણ લગ્ન કરી શકતા નથી. કારણકે જ્યારે કિશોર રીના સાથે લગ્ન કરવાની વાત કરે, ત્યારે કિશોર દારૂના નશામાં હોય એટલે રીના ના પાડી દે છે.

જ્યારે રીના લગ્નની વાત કરે ત્યારે કિશોર ના પાડી દે છે, કારણ કે ત્યારે કિશોર નશામાં નથી હોતો!

★ ★ ★

## ખીલી!

સડકની વચ્ચે એક ખીલી પડી છે. પૂરઝડપે એક યુવાન સાઈકલ પર આવ્યો. એની નજર એ ખીલી ઉપર પડી. એણે તરત જ હેન્ડલ ફેરવીને, સાયકલમાં પંક્ચર પડતું બચાવી લીધું અને પછી પોતાની ચપળતા ઉપર એ ખુશ થયો.

ઘસાયેલા પગરખામાં કંઈક ખૂંચ્યું છે. ડોસાએ ગરદન નમાવીને નીચે જોયું. ખીલી છે. મોઢું બગાડીને એ આગળ વધી ગયો.

પછી આગળ પાછળ દોડતાં બે છોકરાંઓ આવ્યાં. આગળના છોકરાએ કૂદકો મારીને પોતાના પગને ચારણી થતો બચાવી લીધો અને ઘાયલ નહિ થવાના માનમાં એક કિકિયારી પણ મારી, બીજો પણ એની હોશિયારી ઉપર ખુશ થયો. ખીલી હજુ પણ ત્યાં રસ્તા વચ્ચે જ પડી છે.

★ ★ ★

## મુકદ્દર કા ફૈસલા!

ઘરડા સરપંચે ચંપા સાથે કાળું મોઢું કર્યું હતું. એ ગર્ભવતી બની હતી. એ સરપંચ પાસે ગઈ. સરપંચે કહ્યું, 'હું હવે એટલું કરી શકું છું કે પંચાયત બોલાવી લઉં છું. ત્યાં તું ગામના ગમે તે જુવાનિયાનું નામ લઈ લેજે. એની સાથે તારા લગ્નનો ફેંસલો હું આપી દઈશ.'

સરપંચે પંચાયત ભેગી કરી. એણે પૂછ્યું, 'તારી સાથે આ ખરાબ કામ કોણે કર્યું છે?'

'માઈ બાપ! આપના દીકરાએ.' ચંપાએ કહ્યું.

...અને સરપંચે એના લગ્ન પોતાના દીકરા સાથે કરાવી દેવા પડ્યા.

★ ★ ★

## ક્યોંકી સાસ ભી કભી બહુ થી!

નવી પરણીને આવેલી વહુને સાસુએ હુકમ આપ્યો, 'મારા ઘરમાં વાસણોનો અવાજ પણ બહાર સંભળાવો ન જોઈએ.'

હવે વાસણનો અવાજ તો નથી સંભળાતો, પરંતુ હા! સાસુ-વહુના આ વિશે થતા લડાઈ-ઝઘડાનો અવાજ જરૂર આવે છે, જે પાડોશીઓ પોતાના ઘરમાં બેઠા-બેઠા મજાથી સાંભળે છે! પછી મનોરંજન મેળવવા બદલ મીઠું મીઠું મલકે છે!

★ ★ ★

## ધંધે કી કસમ!

એ ગુંડો હતો. એક છોકરી યુવતી ઉપર એ ફીદા થઈ ગયો. એ યુવતી સાથે એને પ્રેમ થઈ ગયો. એ યુવતી સામે એણે લગ્નની વાત મૂકી, 'જો તું મારી સાથે લગ્ન કરી લે તો હું ગુંડાગીરી છોડી દઈશ....'

'બરાબર છે.' યુવતીએ કહ્યું, 'તું ગુંડાગીરી છોડી દેજે, પરંતુ હું...'

'પરંતુ શું?' ગુંડાએ પૂછ્યું.

'હું મારો ધંધો છોડીશ નહિ.' યુવતીએ ખુલાસો કર્યો.

★ ★ ★

## ગુનો!

ઘરના માલિકની સોની નોટ ગુમ થઈ એટલે ઘરના નોકર ઉપર એ નોટ ચોરવાનો આરોપ મૂકીને એને થોડીક મારપીટ કરીને કાઢી મૂકવામાં આવ્યો. સાંજે એ નોટ પથારી નીચેથી મળી આવી. ફરી નોકરને બોલાવવામાં આવ્યો અને એની ઉપર આરોપ લગાવવામાં આવ્યો કે, એણે માલિકને જુઠ્ઠા પાડવા માટે એ નોટ પથારી નીચે મૂકી દીધી હતી. અને પછી એ આરોપસર એની મારપીટ ફરી કરવામાં આવી અને ત્યારબાદ એને ફરી કામે લઈ લેવામાં આવ્યો.

★ ★ ★

## પૂર...!

'પાણી આવ્યું' - 'પાણી આવ્યું'ના શોર સાથે ગલીમાં નાસભાગ શરૂ થઈ. જે જ્યાં હતાં ત્યાંથી બધું જ મૂકીને ભાગી છૂટ્યા. હજામની દુકાને હજામે એક ગ્રાહકની દાઢી ઉપર સાબુ લગાવીને જ રહેવા દઈને જલદી દુકાન બંધ કરી દીધી. અને જ્યારે બધા લોકો પાણીથી ડરીને ભાગતા હતા ત્યારે એ ગ્રાહક સાબુ લગાડેલું મોઢું ધોવા માટે પાણી શોધી રહ્યો હતો!

*'મંગલ મંદિર' : જુલાઈ-૨૦૦૮*

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

MFG. ST. STEEL UTENSILS

સંસ્થા સમાચાર

ગ્રામીણ સ્ત્રીની જિંદગીમાં પરિવર્તનનું એકાઉન્ટ ઑપન કરનાર

# અનોખી મહિલા બેન્કર – ચેતના ગાલા

• બિમલ મહેશ્વરી •

જયશ્રી નરડેને હાઈસ્કૂલમાં ભણવું હતું પણ શાળા એના ગામથી પચ્ચીસેક કિલોમીટર છેટે હતી. બસની સવલત પણ નહોતી. એટલે જયશ્રીનાં મા-બાપે એને સ્કૂલમાંથી ઉઠાડી મૂકવાની વાત કરી.

જયશ્રીને ગમેતેમ કરીને ભણવું હતું. એના વિસ્તારમાં ચાલતી એક મહિલા સહકારી બેન્કનો એણે સંપર્ક કર્યો. પગારના બદલામાં સાઈકલ આપવાની એણે ઓફર મૂકી. થોડા ખચકાટ પછી બેંકની અધ્યક્ષાએ જયશ્રીને હંગામી નોકરીએ રાખી લીધી અને પગારની બદલામાં એને સાઈકલ આપી.

જયશ્રીનું સ્કૂલ જવાનું તો શરૂ થયું. પણ એ સાથે આ મહિલા સહકારી બેન્કને છોકરીઓના ભણતર માટે સાઈકલ કેટલી મહત્ત્વની છે એ વાતની જાણ થઈ. બેન્કે તરત જ છોકરીઓને ઝીરો પર્સન્ટ લોન પર સાઈકલ આપવાની શરૂઆત કરી અને જોતજોતામાં ૬૩૦ લેડીઝ સાઈકલ લોન પર આપવામાં આવી.

આ મહિલા બેન્ક એટલે માણદેશી મહિલા સહકારી બેન્ક લિમિટેડ. સતારા જિલ્લામાં આવેલી ભારતની આ એકમાત્ર ગ્રામીણ મહિલા બેન્ક છે અને એની સ્થાપના કરી છે કચ્છી મહિલા ચેતના ગાલા - સિંહાએ. મૂળ કચ્છ માંડવીના ફરાદી ગામના વતની ચેતના ગાલા લગ્ન બાદ સતારા જિલ્લામાં સ્થાયી થયા છે અને ત્યાંની ગ્રામીણ મહિલાઓના જીવનમાં પરિવર્તન લાવી દીધું છે. એમની બેન્કના પ્રતાપે મહિલાઓ સ્વાવલંબી તો બની જ છે ઉપરાંત એ પોતાના અધિકારોને પણ હવે સમજવા લાગી છે.

જયપ્રકાશ નારાયણના વિચારોથી પ્રભાવિત ચેતના ગાલા - સિંહા કહે છે : ‘મારે ઝૂંપડાં વિસ્તારમાં જઈ ગરીબો માટે ઉપરછલ્લું કામ કરવું નહોતું. મારે સમાજમાં આમૂલ પરિવર્તન આવે એવું કંઈક મહિલાઓ માટે કરવું હતું.’

મેગ્સાયસાય એવોર્ડ વિજેતા ઈલા ભટ્ટ અમદાવાદ સહિત ગુજરાતમાં અનેક ઠેકાણે સેવા મહિલા બેન્ક ચલાવે છે. ચેતના ગાલાએ એ બેન્કનો અભ્યાસ કરીને સતારામાં મહિલા બેન્ક ખોલવા રિઝર્વ બેન્કની પરમિશન માગી.

બેન્કની મોટા ભાગની પ્રમોટર મહિલા અશિક્ષિત હોવાથી વ્યાજનો અને અન્ય હિસાબ કઈ રીતે કરી શકે એવું કારણ બતાવી રિઝર્વ બેન્કે ચેતનાની અરજી નામંજૂર કરી. જો કે ચેતના હાર સ્વીકારે એમ નહોતી. એમણે પ્રમોટર મહિલાઓને હિસાબની ગણતરી કેમ કરવી એની પાંચેક મહિના ટ્રેનિંગ આપી. એમની ટ્રેનિંગ પૂરી થઈ એ પછી ફરી અરજી કરવામાં આવી.

૧૯૯૭માં બેન્કને લાઈસન્સ મળ્યું. આ બેન્ક મહિલાઓ જ ચલાવે છે. શેરહોલ્ડર પણ મહિલા જ છે. બેન્કની વાર્ષિક સામાન્ય સભામાં પણ મહિલાઓ જ હોય છે. નીતિ પણ મહિલાઓ જ બનાવે છે. અલબત્ત બેન્કના સિક્યોરિટી ગાર્ડ્સ માત્ર પુરુષ છે.

માણદેશી મહિલા સહકારી બેન્કની પ્રથમ શાખા સતારાના મહસવદ ગામમાં ખૂલી. આજે આ બેન્કની કુલ ચાર શાખા થઈ ગઈ છે અને ચેતનાબહેનના કહેવા પ્રમાણે બેન્કે અત્યાર સુધી ૩૭ હજારથી વધુ સ્ત્રીને આર્થિક સહાય કરી છે.

જો કે આ બેન્ક માત્ર આર્થિક મદદ જ કરે છે એવું નથી. ઘણી મહિલાને પૈસા મળે તો એ પૈસા પણ ધણી ઝૂંટવી લેશે એનો ડર હોય છે. એટલે આ મહિલા પૈસાને બદલે બેન્કને જરૂરી વસ્તુ ખરીદી આપવાનું કહે છે.

આવી ગ્રામીણ ખેડૂત મહિલાઓને બકરી, ગાય કે અન્ય વસ્તુ જોઈતી હોય તો બેન્ક એ લઈ આપે છે અને એ રકમ મહિલાના ખાતામાં ઉધારે છે. એમની ઉપજ વેચી આપવાનું કામ પણ બેન્ક કરે છે.

આ મહિલા બેન્કની મદદથી સદ્ધર થયેલી માલન મોરેનું ઉદાહરણ જાણવા જેવું છે. આ મહિલા રસ્તા પર ભજિયાં, વડાં, વગેરે વેચતી. એને નાનો શેડ બાંધવા બેંકે બે હજારની લોન આપી. શેડ બંધાયો એટલે એણે ધંધાનો વ્યાપ વધાર્યો. આજે એને ટેમ્પો ખરીદવો છે અને એ માટે એણે બેન્કમાંથી ચોથી લોન લીધી છે અને એ પણ ત્રીસ હજારની.

ગ્રામીણ સ્ત્રીને સંપત્તિમાં અધિકાર અપાવવાનું કામ પણ આ બેન્ક કરે છે. મામ અને ખટાઉ તાલુકાની અસંખ્ય મહિલાનાં નામ પણ એમની સંપત્તિના દસ્તાવેજોમાં ઉમેરાયાં છે. બે-ત્રણ ગામ તો એવાં છે જેમાં ગામની બધી મહિલા સંપત્તિની હકદાર બની ગઈ છે.

ગયા વર્ષે આશરે અઢી લાખની કમાણી કરનારી આ બેન્ક સામાજિક કાર્યો પણ કરે છે. હાલમાં જ જે ગામનાં બધાં બાળક સ્કૂલમાં જતા હોય એવા ગામને શાલિનીબાઈ ફૂલે પુરસ્કાર એનાયત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ચેતના ગાલાને એમની આ બધી પ્રવૃત્તિ માટે અનેક પુરસ્કાર મળ્યા છે. અમેરિકાની યેલ યુનિવર્સિટીએ એક વર્ષની વર્લ્ડ ફેલોશિપ પણ આપેલી. ઑનલાઈન મેગેઝિન ચેન્જમેકરે એમને પાંચ હજાર ડોલરનો પુરસ્કાર પણ આપેલો. રિઝર્વ બેન્કે પણ એમની મહિલા બેન્કની પ્રવૃત્તિને દાદ આપી એમને સેમિનારમાં પેપર રજૂ કરવા નિમંત્ર્યા છે. તાજેતરમાં ઈન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બરની મહિલા પાંખે એમને તેરમા જાનકીદેવી બજાજ એવોર્ડથી નવાજ્યા છે. એ કહે છે કે એવોર્ડ મળે એમ કામ વધુ સારી રીતે કરવાનું પ્રેશર પણ વધે છે. આમ છતાં આવા એવોર્ડસને હું ચેલેન્જ તરીકે સ્વીકારીને વધુ સારાં કાર્ય માટે સજ્જ થાઉં છું.

*‘મંગલ મંદિર’ : સપ્ટેમ્બર-૨૦૦૭*

*ઉત્તમતા ગુણોથી આવે છે, ઊંચા આસનો પર બેસી જવાથી નથી આવતી.*

# જાગૃત આંખોનું સ્વપ્ન – શ્રી કચ્છી જૈન અતિથિ ભવન - મુંબઈ

● પ્રતાપ નારાણજી દંડ ●

ઘણાં વર્ષોથી અમદાવાદ સ્થિત જૈન સમાજને મુંબઈમાં એક અદ્યતન અતિથિ ગૃહ સ્થાપવા માટેનો વિચાર આવેલ હતો. અમદાવાદ સમાજનાં ઘણાબધા કાર્યકર્તાઓ અથવા તો બહારગામ સ્થિત અન્ય કચ્છીઓ જ્યારે પોતાના અંગત કામે અથવા સમાજનાં કામે મુંબઈ જાય ત્યારે મુંબઈમાં ૨/૪ દિવસો કે તેથી વધારે દિવસો રોકાવવું હોય તો ક્યાં રોકાવવું તેની સમસ્યા નાના મોટા દરેક કાર્યકર્તાઓને નડતી હોય છે. એકાદ બે દિવસ તો થોડી તકલીફ વેઠીને પણ પસાર કરી શકાય, પણ જો વધારે રોકાવું હોય તો કોઈ પણ સગાસંબંધીને ત્યાં રોકાવાનું અનુચિત લાગતું હોય છે. ખાસ કરીને મુંબઈમાં જગ્યાની સંકડાશને લીધે રહેનાર પોતે જ જ્યાં મુશ્કેલી અનુભવતો હોય ત્યારે તે પરિસ્થિતિમાં કોઈ મહેમાન જો ૨/૪ દિવસ રોકાવા આવે તો તેમની પરિસ્થિતિ વિષમ થઈ જાય.

અમદાવાદ અત્યારે બે મોટા અદ્યતન અતિથિ ગૃહો તથા એક નાનકડું અતિથિ ભવન કે જેનું નવીનીકરણ ચાલે છે અને તે પણ અદ્યતન બનાવાઈ રહેલ છે તે સહિત ત્રણ અતિથિ ગૃહો ચલાવવાનાં અનુભવ ઉપરથી સમાજે મુંબઈમાં એક અદ્યતન અતિથિ ગૃહ સ્થાપવાનો સૈદ્ધાંતિક નિર્ણય લીધેલ. છેલ્લા ૨-૩ વર્ષોમાં ઘનિષ્ટ શોધખોળ ચાલી. સમાજનાં કાર્યકર્તાઓ શ્રી હીરજી પાસુભાઈ શાહ, શ્રી મુરજી નરશી લોડાયા, શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી બંસીલાલ મગનલાલ ગડા તથા અન્ય કાર્યકર્તાઓએ સાંતાક્રુઝ, દાદર, પરેલ, માટુંગા, કિંગ્સ સર્કલ, ચેમ્બુર, ઘાટકોપર વગેરે સ્થળોએ ઘણા બધા પ્લોટો જોયા અને પસંદ કર્યા. એક અથવા બીજા કારણોસર જોયેલ સ્થળો પ્રાપ્ત કરી શકાયા નહીં. અંતે શ્રી બંસીલાલ મગનલાલ ગડાએ અત્યારે આપણે જે અતિથિ ગૃહ સ્થાપવા જઈ રહ્યા છીએ તે જગ્યા શોધીને સમાજનાં કાર્યકર્તાઓને બતાવી. સૌ સાથીદારોને જગ્યા પસંદ પડી. બિલ્ડર સાથે મીટિંગ કરી, કે જેઓ કચ્છ વાગડ બે ચોવીસી સમાજનાં સભ્ય છે, તે શ્રી પૂનમચંદ નેણશી બાબરિયા સાથે વાતચીત કરવામાં આવી. ખૂબજ સાલસ સ્વભાવ તથા ઉદાર હૃદય ધરાવનાર શ્રી પૂનમચંદભાઈએ ખૂબ જ વાજબી ભાવે તેમના પ્રોજેક્ટમાં બાકી રહેતો બીજો - ત્રીજો - ચોથો તથા પાંચમો માળ એમ ચાર માળ આપણને ફાળવી આપ્યા. આ મકાનમાં બીજા માળે ઓફિસ, રિસેપ્શન, સ્ટોર, ડોરમેટરી તથા ભોજન ખંડનું આયોજન કરવામાં આવેલ છે. જ્યારે ત્રીજા - ચોથા તથા પાંચમા માળે એમ દરેક માળે ૯ રૂમના હિસાબે કુલ ૨૭ રૂમોનું આયોજન કરેલ છે. ઉપરોક્ત મકાન પ્રાપ્ત કર્યા બાદ દાન મેળવવા સ્કીમ જાહેર કરવામાં આવી અને અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે મુંબઈ તથા અન્ય સ્થળેથી અમારા આ સાહસને અપ્રતિમ સહકાર સાંપડેલ છે. મુંબઈ સમાજ હંમેશાં અમદાવાદ સમાજની પડખે ઊભો રહે છે અને આ સાહસમાં પણ તેનો સંપૂર્ણ સાથ સહકાર મળી રહેશે એવી આશા છે.

મજકુર અતિથિ ભવનનું બાંધકામ પ્લીન્થ લેવલ સુધી પૂર્ણ થયેલ છે અને આશા છે કે એકાદ વર્ષમાં મુંબઈમાં એક અદ્યતન અતિથિ ગૃહનું નજરાણું સમાજને ભેટ ધરી શકીશું.

*– પ્રતાપ નારાણજી દંડ*

*માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

★ મકાન સાથે જીવનારો માણસ મકાન માટે નથી જ જીવતો. ભોજન સાથે જીવનારો માણસ ભોજન માટે નથી જ જીવતો. પણ કરુણતા માણસના જીવનમાં એ સર્જાઈ છે કે એ પૈસા સાથે જીવન નથી જીવતો પણ પૈસા માટે જ જીવન જીવી રહ્યો છે.

'સાથે'નું સ્થાન જ્યારે 'માટે' લઈ લે ત્યારે જીવનમાં કેવી અરાજકતા વ્યાપી જાય એ જોવું હોય તો આજના ધનલંપટોને જોઈ લેવા જેવા છે.


★ રસ્તા પર ધૂળ ઊડતી હોય છે, હું આંખો બંધ કરી દઉં છું.

ગટરની દુર્ગંધ ફેલાતી હોય છે, હું નાક આડે રૂમાલ લગાવી દઉં છું.

વાતાવરણમાં ધુમાડો ઊડતો હોય છે, હું મોઢું બંધ કરી દઉં છું. પણ, કોકની હલકી વાતો સાંભળવાનો મોકો મળે છે, હું મારા બંને કાન ખુલ્લા મૂકી દઉં છું!

કરુણતા જ છે ને?

*ધીરજ અને પરિશ્રમથી આપણે જે મેળવી શકીએ છીએ, તે બળ ઉતાવળમાં નથી મળતું.*




'મંગલ મંદિર' ડિસેમ્બર-૦૫ના મારા અભિપ્રાયો લખી મોકલાવું છું.

સૌ પ્રથમ તો સંપાદકીય લેખ 'સામાજિક સમતુલનતા' આ લેખ, જે શ્રી અશોક મહેતાએ લખ્યો છે. તેમના લેખ દ્વારા જાણવા મળ્યું કે આજે આપણા સમાજમાં ૮૬ બાળકો છે, તો સામે અમ બાળકીઓની સંખ્યા ફક્ત ૫૬ છે. તેમણે અમ બાળકીઓ પર ધ્યાન ખેંચ્યું છે. તેમના આ લેખ દરેક મા-બાપને સમજવા લાયક છે. તે પછી આગળ વધતા જ શ્રી કિરીટ નંદુ લિખિત લેખ 'સાહસ-સફળતા' ખૂબજ રસપ્રદ લાગ્યો. આ લેખ ખાસ વિદ્યાર્થીઓને સમજવા લાયક છે. તેમાંથી અમને શીખવા મળ્યું કે જે સાહસ એટલે કે મહેનત કરે છે, તેને સફળતા ચોક્કસ મળે છે.

'ભૂકંપ બાદ ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરતું કચ્છ' આ લેખના લેખક શ્રી સૂર્યકાંત ભટ્ટને અભિનંદન. શ્રી મયૂર દેઢિયા લિખિત 'ચીનની પ્રગતિનું કારણ શું?' તે વિશેનો લેખ ખૂબજ સમજવા લાયક છે. ચીન આજે ઘણું આગળ છે પણ આપણો ભારત દેશ પાછળ છે. તેને આગળ આવવા ચીનની બરાબરી કરવી પડશે. ત્યાંની જેમ ભારતની સ્ત્રીઓએ પુરુષ સમોવડી બનવું જોઈએ. તો જ આપણે ચીનનું સ્થાન લઈ શકીશું. શ્રી ધરેન સાવલાનો લેખ "A Natural Gas Recovery (Part-1)" જાણવાલાયક છે. શ્રી વિશાલ શાહ લિખિત "Rocket (Part-2)" રસપ્રદ હતો. 'ભાવિ યુધ્ધોનું કારણ - પાણી?' આ લેખ પરથી શ્રી જિનેશ શાહે પાણીના મહત્ત્વનું સારી રીતે ભાન કરાવ્યું છે.

શ્રી શાંતિલાલ શાહનો અંગ્રેજીના ભણતર અંગેનો લેખ ખૂબજ રસપ્રદ અને જાણવા જેવો છે. આપણને કેટલીકવાર ઘણા ટેન્શન હોય છે પણ શું તમે જાણો છો કે તેનો ઈલાજ શું છે? હા, તદ્દન સાચું - "પોઝિટિવ થીન્કિંગ". અને ટેન્શનનું કારણ "નેગેટિવ થીન્કિંગ" છે તે વિશે સમજ આપતો શ્રી રોહિત શાહનો લેખ ખૂબજ સુંદર રીતે આલેખાયો છે. શ્રી રોહિત શાહના લેખમાં માસ્ટર કી બદલ આભાર.

"સદવાંચન એ સદજીવનનો પાયો - ધર્મ છે" આ લેખ શ્રી જગદીશ શાહે આલેખ્યો છે. સદવાંચન વિશે માહિતી આપતો આ લેખ રસપ્રદ છે. શ્રીમતી ફાલ્ગુની શાહની 'વિદેશની સાંસ્કૃતિક સફર'નો લેખ વિદેશની જાણ કરાવે તેવો જ્ઞાનદાયી હતો. શ્રીમતી સ્મિતા શાહ લિખિત 'સુનામી પછી આંદામાન નિકોબારની સફર' આ લેખ સુનામી પછીનું ચિત્ર દર્શન કરાવનારો છે.

ફરી એકવાર કુ. સંગીતા ગાલાને ખૂબ ખૂબ અભિનંદન. 'કલાનો કસબ' વિભાગે ખૂબજ સુંદર કલા બતાવી છે.

આપણા સહુની માતૃભૂમિ 'કચ્છ' એના સમાચાર મળવા ખૂબ જરૂરી છે. તેના માટે આપણે બહાર જવાની જરૂર નથી પડતી. આપણો ધ્રુવનો તારો એટલે કે 'વલોવતન' બધા જ સમાચાર આપે છે. ખરેખર વલોવતન એ ધ્રુવનો તારો જ છે.

શ્રી સૂરજલાલ મહેતા સંકલિત 'શું તમે જાણો છો?' દ્વારા જ્ઞાનમાં વધારો થાય છે અને જે નથી જાણતા તે જાણવા મળે છે તે બદલ તેમનો આભાર.

આ તો થઈ મંગલ મંદિરમાં છપાયેલા લેખો અંગેની ટિપ્પણી. હવે થોડીક વાત કરીએ કંઈક ન છપાતા અથવા તો કાંઈક ખૂટતી કડીઓની. છેલ્લા કેટલાક વખતથી મંગલ મંદિર 'દળદાર' તો છે પણ 'રસદાર' નથી. આપે યોજેલી ઈનામી યોજનામાં જ્યાં સુધી મારું ધ્યાન છે ત્યાં સુધી યુવા વર્ગોમાંથી કોઈ અભિપ્રાય આવતા નથી તેનું કારણ શું છે? શું તેઓ મંગલ મંદિર વાંચતા જ નથી કે પછી ઘરના વડીલો તે વાંચવા તેમને પ્રેરતા નથી. જે કાંઈ હોય પણ મારા મતે મંગલ મંદિરમાં એવા લેખો પણ હોવા જોઈએ કે જેમાં યુવા પેઢી તેમજ વિદ્યાર્થીઓને રસ પડે. તે અંગેના મારા બે-ત્રણ સજેશન લખી મોકલાવું છું.

સૌ પ્રથમ તો મંગલ મંદિરમાં ઘણા લેખો આવે છે. પણ તે બાળકો અને યુવા પેઢીને આકર્ષવા કે રુચિકર બનાવવા માટે પૂરતા નથી. તેમાં બે-ત્રણ લેખ ફક્ત વિદ્યાર્થીઓ તેમજ યુવા પેઢીને આકર્ષી શકે તેવા હોવા જોઈએ. જેમકે કેટલીક હરીફાઈઓ, અભ્યાસ અંગેની જાણકારી, અત્યારે યુવા પેઢીમાં ચાલતી ફેશન વગેરે. અને આ કાર્યો માટે સમાજના યુવકોને જ આગળ આવવું જોઈએ જેમ કે હીરેન શાહ, વિશાલ શાહ, હીરેન મહેન્દ્રભાઈ મોતા, કવિતા દંડ, ચેતન પોલડિયા આવા તો કેટલાક તેજસ્વી તારલાઓ છે કે જે આ કાર્ય માટે થોડો સમય ફાળવી શકે છે. તેમજ હીરેન શાહ તો ખુદ જ આ બધા જ યુવકોને સંગઠિત કરી યુવા પેઢી તેમજ બાળકોને આકર્ષિત કરે તેવા વિભાગો મંગલ મંદિરમાં રજૂ કરી શકે છે.

હવે જો કદાચ આપણે બે-ત્રણ મહિનામાં યુવા વર્ગ માટેના લેખો શરૂ કરીએ તો એવું બને કે પાંચ-સાત પાનામાં વધારો થાય અને તેને કારણે કોસ્ટિંગ પણ વધે પણ તે કદાચ એટલું બધું ના હોય કે આપણે ભોગવી ના શકીએ. એના માટે એક બીજું સજેશન એ પણ થાય કે હાલમાં જે લેખો આવી રહ્યા છે તેમાંથી કોઈ એક-બે લેખોની, ગુણવત્તા, જરૂરિયાત કે વાંચકોની રુચિને ધ્યાનમાં લઈને બાદબાકી કરી શકાય.

*સલોની નવીનભાઈ લાલકા - અમદાવાદ*

*'મંગલ મંદિર' : જાન્યુઆરી-૨૦૦૬*

• • • • •

*કંટાળો, કુટેવ અને જરૂરિયાત – એમ ત્રણ આફતોમાંથી ઉદ્યમ ઉગારે છે.*

## વિશેષણો

એક સર્વે કરવા જેવો છે. કોના નામની આગળ વધુમાં વધુ વિશેષણોનો ઉપયોગ થાય છે? સૌથી વધારે વિશેષણોનો ઉપયોગ ધર્મગુરુઓના નામ આગળ થઈ રહ્યો છે. આ બાબતમાં ઈસ્લામ અને ખ્રિસ્તી તથા બૌધ્ધ ધર્મગુરુઓ ખૂબ ઓછા વિશેષણો વાપરે છે. પરંતુ વૈદિક સનાતનીઓ અને જૈન ધર્મગુરુઓ વિશેષણો વાપરવામાં ઘણા જ ઉદાર છે.

ભક્તોને આપણે માફ કરીએ. પરંતુ ખુદ ધર્મગુરુઓ આ કેમ ચલાવી લે છે? જે વિશેષણો અરિહંત - તીર્થંકર માટે પણ નથી વપરાયા એવા એવા (ભવ્ય!) વિશેષણો ગુરુ મહારાજો માટે વપરાઈ રહ્યા છે. ખરેખર શું મહારાજ સાહેબો આ વાંચીને રાજી થતા હશે? પ્રબોધ જોષીનો એક શેર યાદ આવે છે :

*મારા મુખે મલકાટ છે તે છે નિશાનો ઓટનાં*
*શોભા દુકાનોમાં વધે જો હોય ધંધો ખોટમાં.*

ખરેખર શું જ્ઞાન અને શીલરૂપી કુદરતી સૌંદર્યના અભાવે વિશેષણોરૂપી સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ કરવો પડે છે?

***શાંતિલાલ સંઘવી***
***'મંગલ મંદિર' : મે-૨૦૦૬***

• • • • •

### *જે વાંચવામાં અને સાંભળવામાં આવ્યું છે તે જો સાચું હોય તો*

હાલમાં ગુજરાતમાં અતિવૃષ્ટિ અને પૂરના કારણે જાન અને માલની અસામાન્ય હાનિ થઈ છે. અમુક જૈન સંપ્રદાયના મહારાજશ્રીઓની પ્રેરણા અને આગેવાનીથી સરસ રીતે ઘણાં રાહતકાર્યો શરૂ કરવામાં આવ્યાં છે. આ મહારાજશ્રીઓ ઘણા જ ધન્યવાદ અને અભિનંદનને પાત્ર છે. મારું ચાલે તો હું એ મહારાજશ્રીઓને વિનંતી કરું કે મહેરબાની કરીને તમો દેવલોકમાં કે મોક્ષમાં ના જશો. તમારા જેવા પરોપકારી સંતોની અમને ખૂબ જરૂર છે. તમે ફરીફરીને આ પૃથ્વી ઉપર જ જન્મ લેજો. જે સંતો બીજાના દુઃખ દૂર કરવા માટે જાત ઘસી નાખે એવા સંતો આ પૃથ્વીની શોભા છે.

બીજા પક્ષે એમ જાણવા મળેલ છે કે અમુક સંપ્રદાયના મહારાજશ્રીઓ આવા રાહતકાર્યથી સંપૂર્ણ દૂર રહ્યા છે. એમને લોકોના સુખ-દુઃખની રજમાત્ર પરવા નથી. લોકોના સુખ-દુઃખ સાથે તેમને કશી જ લેવાદેવા નથી. આવા લોકો - જે હોય તે - મહારાજશ્રી હોય કે ગુરુ મહારાજ હોય, બાપજી કે મહામંડલેશ્વર હોય, ધ.ધૂ.પ.પૂ. હોય કે શંકરાચાર્ય હોય, મૌલવી હોય કે પાદરી હોય કે બ્રહ્મા-વિષ્ણુના અવતાર હોય એ સૌને મારું ચાલે તો એટલું જ કહેવાનું કે તમે બધા ખુશીથી દેવલોકમાં - સ્વર્ગે-વૈકુંઠમાં - જન્નતમાં કે હેવનમાં પધારો. તમે બધા આ પૃથ્વીને લાયક જ નથી. ધરતી પર ભારરૂપ છો. મહેરબાની કરીને તમે સૌ હવે ક્યારેય આ પૃથ્વી પર જન્મ લેજો નહીં.

કેટલાક લોકો કહે છે કે મહાવીર મોક્ષે ગયા. ખોટી વાત છે. રામ - કૃષ્ણ - મહાવીર - બુધ્ધ - ઈશુ - ગાંધી કદી આપણને છોડીને મોક્ષે જાય જ નહીં. તપાસ કરજો - આજ પૃથ્વી પર ક્યાંક ને ક્યાંક એ બધા લોકોની સેવા કરતા હશે અને લોકોના દુઃખદર્દ દૂર કરતા હશે. આપણે તેમને ઓળખી ના શકીએ એટલા આપણે કાચા અને કમનસીબ.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***
***'મંગલ મંદિર' : સપ્ટેમ્બર-૨૦૦૬***

• • • • •

"મંગલ મંદિર"ના ફેબ્રુઆરીના અંકમાં "પ્રાર્થના સભા" એ નામે શ્રી ચંદ્રકાંતભાઈ શાહનું લખાણ છપાયેલ છે. બરાબર વખતસર તેમણે આ મુદ્દે ધ્યાન ખેંચેલ છે. હું પોતે તો એમના વિચાર સાથે પૂરેપૂરો સહમત છું. તેમના જ લખાણમાં એમણે જે બાબતો લખેલ છે તેના ઉમેરારૂપે થોડુંક :

આજે જ્યારે સગાસંબંધીઓ દેશના અને વિદેશના દૂરના સ્થળે રહેતા હોય છે ત્યારે વ્યક્તિના અવસાન નિમિત્તે તેમના સ્થળ સુધી આવવા અને પાછા વળવામાં બસ-ટ્રેન-વિમાન વગેરેની ટિકિટો મેળવવામાં ઘણી તકલીફ પડે છે. મોટાભાગે વગર રિઝર્વેશને પણ જવા આવવાનું થતું હોય છે. બેસણા કે પ્રાર્થનાસભામાં માત્ર હાજરી આપવા સિવાય કશું કરવાનું હોતું નથી. અવસાન પામનારનું કુટુંબ મોટું હોય, વ્યવહાર પહોળો હોય તો આવનારની સંખ્યા ઘણી વધારે હોય છે. જેને ત્યાં મૃત્યુ થયું હોય, તેમણે જ આ સૌ આવનારની વ્યવસ્થા કરવી પડે છે. ઘરમાં એક તો મૃત્યુનું વાતાવરણ હોય, કોઈના હૈયે હરખ ના હોય તેવા સમયે સૌને સાચવવા - સંભાળવાનું કામ ઘરના લોકો માટે ઘણી મુશ્કેલી પેદા કરે છે. એટલે માત્ર વ્યવહાર સાચવવા અને સમાજમાં ખરાબ ન લાગે તે માટેનો આ રિવાજ જરૂરી નથી.

છતાં જવાનું થાય તો મૃત્યુ પામનારના ઘેર પોતાનો ઉતારો ન જ રાખવો અને એને ઘેર ભોજન પણ ન લેવું જોઈએ. પોતાની તમામ વ્યવસ્થા પોતે જાતે બારોબાર કરી લેવી જોઈએ. ઉપરાંત એમને ઘેર રાત્રે ૯ વાગ્યાથી સવારના ૧૦ વાગ્યા સુધી જવાનું ટાળવું જોઈએ. ઉપરાંત બપોરે ૧૨થી ૪ વાગ્યા સુધીમાં પણ તેમના ઘેર ન જવું જોઈએ. મળવા આવનાર આપણે એકલા ન હોઈએ - બીજા પણ ઘણા હોઈ શકે. તે સંજોગોમાં ઘરનાં લોકો થાકેલા હોય એ શક્ય છે. અવસાન પામનાર વ્યક્તિની પાછળ ઘણા ગૂંચવણ ભરેલા પ્રશ્નો પણ હોઈ શકે. ઘરનાં લોકો એ પ્રશ્નોની ચર્ચામાં અને ઉકેલમાં વ્યસ્ત હોઈ શકે, મુંઝાયેલા હોઈ શકે. એટલે એમને ત્યાં ગમે ત્યારે ઓચિંતા ટપકી પડવું વાજબી નથી. તેમને ફોન કરીને પોતાના આવવાનો સમય તેમને અગાઉથી જણાવવો

*ઈશ્વરની અપેક્ષા હતી કે માનવી પ્રેમનું મંદિર બનાવે, પણ માનવીએ પથ્થરના મંદિરો બનાવ્યા.*

જરૂરી ગણાય. તેમના ઘરમાં પ્રવેશતાં જો ઘરનાં સભ્યો સિવાય બીજા પણ બે-પાંચ માણસો ત્યાં બેઠેલા હોય તો સમજવું જોઈએ કે તેઓ કાંઈક ગંભીર ચર્ચામાં રોકાયેલા છે અને આ સંજોગોમાં આપણી મુલાકાત ૪-૫ મિનિટમાં જ પતાવીને નીકળી જવું જોઈએ. આપણે ક્યારે વિદાય થઈએ તેનો તેઓ ઇંતેજાર કરે એવું ન થવા દેવું જોઈએ.

જો કુટુંબ વિભક્ત હોય તો પતિ અથવા પત્નીનું અવસાન થયું હોય તો તે ઘરની પરિસ્થિતિ વિશે ખૂબ વિચાર કરીને તેમને ત્યાં જવું જોઈએ - અગાઉથી જાણ કરીને. તે વખતે જો ઘરમાં કોઈ વડીલ હોય તો પતિ અથવા પત્ની સાથે ન બેસતાં વડીલ આગળ બેસીને પોતાનો દુઃખનો ભાવ પ્રગટ કરવો. બોલવામાં ખૂબ કાળજી રાખવી. ક્યારેક સાવ નિર્દોષ લાગતી વાત પણ ગંભીર અસર પેદા કરી શકે.

તે ઘરમાં જો નાના બાળકો હોય તો સ્વાભાવિક રીતે જ વહેલી સવારથી બાળકોને તૈયાર કરવામાં, તેમના દફતર - બૂટ - મોજા - ટિફિન - હોમવર્ક - લેવા મૂકવા વગેરે બાબતોમાં મોટાભાગે ગૃહિણી વ્યસ્ત હોય તેનો પણ ખ્યાલ રાખવો.

કેટલાક મૃત્યુ તો કુદરતના ક્રમ મુજબ ઉંમરે પહોંચીને થયા હોય છે. એનો ઘણો વધારે શોક ન હોય, પણ કેટલાક મૃત્યુ અકાળે અને કરુણ રીતે થયા હોય છે, જે ખૂબ દુઃખદ હોય છે. પાછળ રહેનાર વ્યક્તિની હાલત ઘણી જ કફોડી અને નાજુક થઈ જતી હોય છે. ત્યારે ઘણા દિવસો સુધી ઘરમાં અવરજવર થતી રહે છે અને એકને એક વાત વારંવાર ઉખડ્યા કરે અને જખમ તાજા થયા કરે એમ બનતું હોય છે, જે ઈચ્છનીય નથી. આવા વખતે વાણી અને વર્તનમાં સંયમ રાખવો જોઈએ. ઠાલા મૌખિક આશ્વાસનો કરતાં જો આપણે તેમના માટે કશુંક કરી શકતા હોઈએ તો ઝાઝું બોલ્યા વગર જે થઈ શકે તે કરી છૂટવું જોઈએ.

જે સગાંઓ દૂર વસતા હોય તેમને તો અવસાનની જાણ કરતી વખતે જ ખુલાસો કરી દેવો જોઈએ કે ખરખરા માટે આટલે સુધી ધક્કો ખાવાની બિલકુલ જરૂર નથી, તમારો પ્રેમ અને લાગણી કાયમ માટે અમારી સાથે જ છે.

અને બેસણું - ઉઠમણું - પ્રાર્થનાસભા - વિવિધ અંજલિ વગેરે લૌકિક ક્રિયાકાંડ જો ટાળી શકાય તો અવશ્ય ટાળવા જોઈએ. જો જૈન દૃષ્ટિએ જોઈએ તો અવસાન પછીના કોઈપણ પ્રકારના ક્રિયાકાંડને આપણા ધર્મમાં સ્થાન નથી.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*
*'મંગલ મંદિર' : એપ્રિલ-૨૦૦૭*

• • • • •

ફેબ્રુઆરી-૦૭ના કર્મના સિધ્ધાંત અંગેના શ્રી શાંતિભાઈ સંઘવીના લેખ સંદર્ભે શ્રી એન.પી. પારેખનો 'કાગળ' વાંચ્યો. (એપ્રિલ-૦૭) શાંતિભાઈના લેખમાંની વાતો તેમને લગભગ (દરેક) જૈનની શ્રધ્ધાને આંચકો આપે તેવી લાગી છે. વિષય કોઈપણ હોય, દાખલા દલીલ સાથે વાતનો ફોડ પાડીને કોઈ વાચક પોતાનો મત વ્યક્ત કરે, તેમાં ધર્મના પાયા કેમ હચમચી જાય? ધર્મનું અવમૂલ્યન કેમ થઈ જાય? જૈનીઝમના અભ્યાસી ભાઈ પારેખ આપણા સ્યાદવાદના સિધ્ધાંતને જ ભૂલી ગયા? વળી તેમણે જ, તેમના 'કર્મ' નામક લેખમાં સત્યની RELATIVITY સ્વીકારી જ છે, તેની યાદ અપાવું?

સાચા જૈનને ખરેખર આંચકો તો આપણા કહેવાતા જૈનોના આવા વ્યવહાર વર્તનનો લાગવો જોઈએ, જ્યારે....

(૧) ઉનાળાના ધોમ તડકામાં, શહેરની ડામરની બળબળતી સડકો પર, સવારથી મોડી બપોર સુધી મૂંગા-અબોલ ઘોડા, બળદ, ઊંટ, હાથી જેવા પ્રાણીઓ પર ટનબંધ વજન લાદીને તેમને સરઘસાકારે આપણે ફેરવીએ છીએ. વળી તેને આપણે શોભાયાત્રા જેવું રૂડું નામ આપીએ છીએ ત્યારે આંચકો લાગવો જોઈએ.

(૨) જ્યારે, ઝૂંપડપટ્ટીમાં અસહ્ય ગંદા, ક્યારેક માછીમારો અથવા અસામાજિક તત્ત્વોવાળા માહોલમાં, અસંખ્ય જૈન પરિવારો સબડતાં હોય અને બીજી બાજુ જૈનો ઢોલ નગારાવાળા ભવ્યાતિભવ્ય કાર્યક્રમોમાં રાચતા હોય, રોજના લાખો રૂપિયા લેખે પાણીની જેમ ખર્ચાઓ કરતા હોય ત્યારે આંચકો લાગવો જોઈએ.

(૩) તપસ્વીઓના બહુમાન ને શોભાયાત્રાઓના દોરદમામ, ઠેરઠેર બંધાઈ રહેલાં દેરાસરો અને ભવ્ય તીર્થધામોની ઝાકઝમાળ, યુવાનો માટે ખાસંખાસ ગોઠવાતી શિબિરો અને ત્યારના જમણવારનો ઠાઠ, વળી આ બાદશાહી ક્રિયાકાંડોની બાદશાહી જાહેરાતો, પત્રિકાઓ અને આમંત્રણ પત્રિકાઓમાં પણ લાખો ખર્ચાય ત્યારે આ લખલૂટ વ્યય જોઈને આંચકો લાગવો જોઈએ.

(૪) વાતાનુકૂલ બસોની વણઝારવાળી તીર્થયાત્રાઓ, દૂરદૂરથી બોલાવેલા સંગીતકારો, તેમના બેસુમાર ખર્ચાળ વાજિંત્રો અને સાજસજાવટવાળા ઘોંઘાટીયા ભપકાદાર પૂજા-પૂજનો, ભાવનાઓ, પહેડીઓ, આરતીઓ અને આંગીઓમાં થઈ રહેલો સંપત્તિનો અઢળક વેડફાટ - આ બધું જોનારને આંચકો નહીં, તમ્મર ન આપે તો સારું!

(૫) સદીઓ પહેલાં, જગતને જેનો અણસાર ન હતો, જ્ઞાન ને વિજ્ઞાન વિકસ્યાં નહોતાં ત્યારે જૈનોએ પુરવાર કરીને જગતને બતાડેલું, શીખવાડેલું કે ફૂલ-છોડોમાં જીવ છે, તે શ્વસે છે, તે વધે છે, તે ખોરાક લે છે. ફૂલ-છોડોમાં જીવ હોવાના મહાન સત્યને જગતે ત્યારે સ્વીકારેલું. પણ આજે? એ સનાતન મહાન સત્યને વિસારી દઈને, આપણે દેરાસરમાં ફૂલવાળાઓને બેસાડીને જાણે ઘરઆંગણે હિંસાની હાટડીઓ માંડી દીધી! એનાથી પણ મોટી અને દેખીતી હિંસા એ ફૂલોના ઉપયોગ

*નિષ્ફળતા નીચે ગબડી પડવામાં નથી, પણ ગબડ્યા બાદ ત્યાં પડી રહેવામાં છે.*

પછી થતા વિસર્જન વખતે થાય છે. એ તાજાં ફૂલોની સુગંધ અને મીઠા સ્વાદથી આકર્ષાઈને અસંખ્ય જીવો તેમાં ઘર કરીને રહેતા થાય તે સૌનો આપણે ઘાતકી રીતે, હિંસાત્મક રીતે નાશ કરીએ છીએ. લાગે છે આંચકો? આ અટકવું જોઈએ.

આજે શિક્ષણ — ઉચ્ચ નહીં, પ્રાથમિક પણ — મેડિકલ સારવાર અને રહેઠાણની સમસ્યા વિકરાળ થતી જાય છે અને તે જૈન સમાજના અદના માણસની પહોંચ બહાર થઈ રહ્યા છે, સંતાનોની ફી માટે વાલી સંસ્થા-સંસ્થાએ ફરે છે. શાળાના સત્તાધીશોને કરગરીને વિનંતી કરે છે, થાકીને સંતાનો શિક્ષણ ક્યારેક પડતું મૂકે છે! નાની મોટી બીમારીમાં ડૉક્ટર સાહેબના પગ પકડીને રાહત માગી રહ્યો છે, દેવું કરીને કે જે કાંઈ હોય તે બધું જ ખર્ચી નાખીને, ઘરવિહોણો સુધ્ધાં થવા તૈયાર થાય છે, ત્યારે કુબેરભંડારો સંભાળીને બેઠેલા ટ્રસ્ટો સહાય નથી કરતા — આ બધું સાંભળીને આંચકો લાગવો જોઈએ.

આ મુદ્દે ફેબ્રુઆરીમાં જ ભાઈ કુલીનકાંત લુઠિયાનો લેખ 'મંદિરો કરવટ બદલે છે' અને તે લેખ સાથે જ મંગલ મંદિરના મુખ્યતંત્રીશ્રીની દેરાસરોમાં આજે થતા ક્રિયાકાંડો અંગેની ટિપ્પણ યાદ આવ્યા વગર નથી રહેતી. (સાથે જ હવે ક્યાંક ક્યાંક શ્રાવકોની સાચી ભક્તિ થવા માંડી છે તે નોંધતાં આનંદ થાય છે.)

હવે ભાઈશ્રી પારેખના લેખ 'કર્મ' વિશે.

મુ. શાંતિભાઈએ લેખની શરૂઆતમાં જે કહ્યું છે કે, 'દુનિયાના દરેક ધર્મોએ કર્મના સિધ્ધાંતનો પોતાની રીતે, સ્વીકાર કર્યો છે...' ભાઈ પારેખે નથી કરી તેવી સ્પષ્ટતા પણ તેમણે કરી છે કે 'જેવું વાવો તેવું લણો.' આમ તેમણે પોતે જ, જે વાત કબૂલ કરી છે એ જ વાત ફરી ફરીને શાસ્ત્રો QUOTE કરીને, પારેખે કરી છે તે તેમની FUTILE EXERCISE જેવી લાગે છે. તેમણે QUOTATION નો મારો ચલાવ્યો છે. વળી તેમણે અંગ્રેજીમાં ટાંક્યું છે, તેમ WE KNOW ONLY RELATIVE TRUTH.... મતલબ કે આપણા સત્યને મર્યાદા છે. સત્યની આ RELATIVITY સૌને લાગુ પડે.

મુ. શાંતિભાઈની એકપણ દલીલની સામે વળતી દલીલ કરવાને બદલે કે તેમની દલીલનું ખંડન કરવાને બદલે, શાસ્ત્રો કહે છે તે જ અને તેથી સાચું જ છે એની વિરુધ્ધ જવું એટલે ધર્મને નબળો પાડવા બરાબર છે એવી વાત કરી છે. શાસ્ત્રોમાં તો, શાસ્ત્રીઓ જ કહે છે તેમ, એટલું વિપુલ લખાણ સંગ્રહાયેલું છે કે કોઈપણ દલીલ માટે તેમાંથી તમે QUOTE કરી શકો! એટલે જ કદાચ કહેવાય છે કે, DEVIL ALSO CAN QUOTE FROM SCRIPTURES!

આ શાસ્ત્રો શું છે? તમે જાણો જ છો કે આજનો દરેક ધર્મ એકસરખો દાવો કરે છે કે અમારા શાસ્ત્રો સાક્ષાત્ ઈશ્વરે જ લખાવ્યા છે. વાત સાંભળી શકાય, પણ દરેક જીજ્ઞાસુની ફરજ છે તેને ચકાસવાની, તેની સચ્ચાઈને પરખવાની. માની લઈએ કે આ શાસ્ત્રોનું શરૂઆતનું સ્વરૂપ સાવ શુધ્ધ અને સાતત્યપૂર્ણ હતું. આજે હજારો વર્ષ પછી તેનું મૂળ સ્વરૂપ એવુંને એવું રહી શકે? શક્ય જ નથી. સો-બસ્સો વર્ષમાં પુરુષપૂરનું પેશાવર અને મંગલપૂરનું માંગરોળ થઈ જતું હોય તો... હજારો વર્ષોનું કહેવું જ શું? કહેવાની જરૂર નથી કે પોતાની સત્તા ટકાવી રાખવા અને પોતાની રોટલી શેકી લેવા માટે કહેવાતા ધૂરંધર પંડિતો, બ્રાહ્મણો અને પૂજારીઓએ એમાં ધરમૂળથી ઘાલમેલ કરી જ હોય. વળી આકાશી ગ્રહોની ભેદી અને ભ્રામક ચાલ તથા કુદરતી આફતોનો ડર બતાવીને જે તે સમયના શ્રેષ્ઠીઓની 'બરોબર છે'ની મહોર પણ મેળવી લીધી હોય... બસ, પછી તો ચાલ્યું. બેરોકટોક અને કાયદેસર રીતે!! આ, વરસોના વરસોની પરંપરાને પડકારે છે જ કોણ? મોટા માણસોને એવી ફિકર નથી, નાના માણસોનું સાંભળે કોણ? આ જ કારણ છે કુરૂઢિઓ અને પરંપરાગત ચાલી આવતા કુરિવાજોના જોરદાર ચલણ માટે. કોઈ વિચારતું નથી, કોઈ વિરોધ કરતું નથી.

ભાઈ પારેખે શ્રધ્ધાની વાત કરી છે. ઘણો સુંદર શબ્દ છે. પણ શ્રધ્ધાને બુધ્ધિને ત્રાજવે ન તોળાય તો તે અશ્રધ્ધા કે અંધશ્રધ્ધા કરતાં પણ વધુ ખતરનાક નીવડી શકે છે. અહીં અત્યંત શ્રધ્ધાથી પાલિતાણાના ડુંગર અને પગથિયા (૧૮૦૦) ધોનારા શ્રધ્ધાળુઓનું સ્મરણ થઈ આવે છે. ચોખ્ખા દૂધથી, કેસર-સુખડથી, અરે, હીરામોતીથી પણ પગથિયાંના પથ્થરોને પવિત્ર બનાવાય છે — કેવી શ્રધ્ધા? કેટલું પાવન! મનના દૂષણો ધોવાને બદલે નિર્જીવ પથ્થરો ધોવાય છે!

છેલ્લી વાત. આપણી માઈબાપ-ગરીબ સરકારની નજર ધાર્મિક ટ્રસ્ટો અને છલોછલ કુબેર ભંડારો પર છે જ. રાજા મહારાજાઓના રાજ્યો અને સાલિયાણા પણ ગયા... આપણા શ્રેષ્ઠીઓએ મોડું થાય તે પહેલાં વિચાર કરવાનો સમય થઈ ગયો છે.

મારા વિચારો અંગે હું સ્પષ્ટ છું. પૂર્વગ્રહ વગર, કોરા મન સાથે વાંચવા વિનંતી છે. મારા વિચારો અક્ષરબધ્ધ કરવા માટે સરસ પ્રેરણા આપનાર ભાઈશ્રી એન.પી. પારેખનો પહેલાં અને ત્યારપછી મુ.શ્રી શાંતિભાઈ સંઘવીનો હું ઘણો ઋણી છું. આભાર.

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*
*'મંગલ મંદિર' : મે-૨૦૦૭*

• • • • •

બે-ત્રણ વર્ષ પહેલાંની વાત છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજના એક વડીલ શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ મણિનગર રહેતા હતા ત્યારની આ વાત છે. રાતના બે વાગે એમને પેશાબમાં તકલીફ થઈ જે તેઓ સહન કરી શકતા નહોતા તેવી હાલત હતી. તરત જ તેઓએ આપણા જૈન સમાજના ડૉક્ટર સાહેબનો (ડૉક્ટર સાહેબે

*વ્યક્તિગત વાસના ન મટે ત્યાં સુધી રામરાજ્ય ન આવે.*

નામ આપવાની ના પાડી હતી) ઘરે ફોન કર્યો. ડૉક્ટર સાહેબ રાતના અઢી વાગે પોતાની ગાડીમાં ૮થી ૧૦ કિલોમીટર દૂર દર્દીના ઘેર પહોંચી ગયા. સામેથી કોઈ તેડવા આવે એની ના પાડી. સલામ છે આવા સેવાભાવી ડૉક્ટરને.

બીજો કિસ્સો. હમણાં મારા સંબંધી બીમાર હતા. ચાલી શકે એવી હાલત ન હતી ત્યારે આપણા સમાજના મેડિકલ સેન્ટરના ઓર્થોપેડિક ડૉક્ટરને ઘેર બોલાવ્યા. ડૉક્ટર સાહેબે ઘેર આવી સંબંધીને તપાસી યોગ્ય સલાહ આપી. વિઝિટ ફી અંગે પૂછતા ફી લેવાની ચોક્ખી ના પાડી. કહ્યું, 'ડૉક્ટરમાં પણ માનવતા હોય છે.'

એ જ સંબંધીનું થોડા સમય બાદ અવસાન થયું - સવારના ૭.૦૦ વાગે. આપણા જ સમાજના એક ડૉક્ટર સાહેબને બોલાવ્યા કે આપ આવીને જોઈ જાવ અને ડેથ સર્ટિફિકેટ આપો, જેથી આગળની વિધિ કરી શકાય. ડૉક્ટર સાહેબે તપાસી અને મરણ પામેલા જાહેર કરી યોગ્ય ડેથ સર્ટિફિકેટ આપ્યું. તેઓ જતા હતા ત્યારે મેં સાહેબને ફી અંગે પૂછતા તેઓએ અમુક રકમ માગી, જે મેં આપી.

આજે આપણે શું એટલા બધા ધંધાદારી થઈ ગયા છીએ કે 'મોતનો મલાજો' પણ સાચવી શકતા નથી?

ઉપરના પહેલા બે કિસ્સામાં ડૉક્ટર ફી લેવા હક્કદાર હતા, છતાં માનવીય રૂપ બતાવ્યું, ફી લીધી નહીં. જ્યારે ત્રીજા કિસ્સામાં તેમ ન બન્યું. ડૉક્ટર માનવતા ચૂક્યા. આપણે એમ નથી કહેતા કે ડૉક્ટરે માત્ર સેવા ભાવના જ રાખવી. પોતાના ધંધાની જરૂરિયાત પણ પૂરી કરવી જોઈએ પણ પ્રસંગને અનુરૂપ ધંધાકીય વહેવાર થાય તો માનવતા મહેકી ઊઠે.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*'મંગલ મંદિર' : જુલાઈ-૨૦૦૭*

• • • • •

મંગલ મંદિરનો દીપોત્સવી વિશેષાંક મળ્યો. અંક ખરેખર વિશેષ છે. જો કે આપના બધા જ વિશેષાંકો જેમકે ઉદ્યોગ વિશેષાંક આદિ આપના સમાજ ઉપરાંત અન્ય વાંચકો માટે પણ રસપ્રદ અને માહિતીપ્રદ જ હોય છે. છતાં પણ આ વિશેષાંક વિશિષ્ટ હોતાં, પ્રતિભાવ આપું છું.

કચ્છના ૯૦૦ ઉપરાંતના ગામડાઓમાંથી ભાગ્યે જ કોઈ એવું ગામ હશે કે જેની એકાદ વ્યક્તિ પણ મુંબઈમાં નહીં હોય. એટલું જ નહીં, નીર તરસી મા ભોમ મૂકીને મુંબઈને કર્મભૂમિ બનાવનાર આપણા કચ્છી માડુઓએ એમના સ્વભાવ મુજબ, પરસેવો સીંચીને જે અદ્‌ભુત 'કચ્છી મુંભઈ'નું સર્જન કર્યું છે અને હજી પણ થતું જ રહે છે તે મુંભઈનું આકર્ષણ પ્રત્યેક કચ્છીને સ્વાભાવિક જ છે. અને એટલે જ એના વિષેની વાત, એના માટે જાણવા અને મન ભરીને માણવા જેવી હોય છે. અને આપનો એ વિશેષાંક એ 'વાત' વિગતવાર કહે છે. અને એટલે જ હું માનું છું કે વાંચકોને આ અંકને સંદર્ભ સામગ્રીરૂપે જાળવી રાખવાનું મન થશે.

અમદાવાદમાં હોવા છતાં, મંગલ મંદિરના કેમેરાએ દૂરથી ઝડપેલી મુંબઈની આ macro તસવીર અને એની કેટલીક micro-level વિગતોને પણ ઝડપી લેતા આ કેમેરાના ઝૂમ લેન્સની શક્તિ, હું માનું છું કે અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજની દેશ-વિદેશ, ખાસ કરીને મુંબઈમાં, 'પ્રતિષ્ઠા' છે. મુંબઈ સ્થિત વિવિધ જ્ઞાતિ સમાજો, કેળવણી, આરોગ્ય અને અન્ય સામાજિક ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ, વ્યાપાર - ઉદ્યોગ એકમો અને વિશિષ્ટ વ્યક્તિઓ સાથેના અમદાવાદના જૈન સમાજનો rapportને લીધે આવી આધારભૂત માહિતી એકત્રિત કરી વ્યવસ્થિત રીતે પ્રસ્તુત કરવાનું કઠીન કામ મંગલ મંદિર માટે સંભવ થયું છે, એ હકીકત છે. ૨૫૦ પૃષ્ઠોના આ દળદાર અંકમાં મુંબઈમાં વસતા, કચ્છી પરિવારોના વિવિધ જ્ઞાતિ ઘટકો / સમુદાયોના આધારભૂત સ્રોત દ્વારા પ્રેષિત ૧૬ લેખો છે. એની વિશેષતા એ છે કે મંગલ મંદિર શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદનું મુખપત્ર હોવા છતાં, જૈન સમાજ ઉપરાંત, પાટીદાર, લોહાણા, રાજગોર, ભાટિયા, ભાનુશાળી, ગુર્જર ક્ષત્રિય આદિના જ્ઞાતિ વિશેષ, જે તે સમાજના Authorised Dignitories દ્વારા આલેખિત, અહેવાલો છે. જોકે બીજા થોડા સમાજોની વિગતો નથી, પરંતુ સમજી શકાય છે કે, એમની વિગતો મેળવવા પણ પ્રયાસો તો થયા જ હશે, જે સમયસર પ્રાપ્ત થઈ શક્યા નહીં હોય અને આધારભૂત માહિતી જ પ્રસ્તુત કરવાનો તંત્રીશ્રીનો આગ્રહ જે આ અંકના પૃષ્ઠો પર સ્પષ્ટ દેખાય છે, તેને લીધે કદાચ કોઈ સમાજ વિશે થોડી આધાર વિનાની માહિતી ઉપલબ્ધ હોય તો પણ કદાચ લીધેલ નહીં હોય, એ પણ પ્રશંસનીય જ ગણાય.

આ અંકમાં 'કચ્છી મુંભઈ'ના આર્ષદષ્ટા અને સર્જકોનાં સોળ જેટલાં વ્યક્તિચિત્રો પ્રેરણાદાયક છે. આ મુઠ્ઠી ઊંચેરા કચ્છી માડુઓ માટે 'સ્વજન'ની વ્યાખ્યા 'સ્વજ્ઞાતિ' કે 'કચ્છ' સીમિત નહોતી. એમણે મુંબઈ, કચ્છ તેમજ અન્યત્ર વસતા જરૂરતમંદ માનવમાત્રની સેવા અને કલ્યાણ અર્થે યોગદાન આપ્યું છે અને એમના દ્વારા પ્રેરિત અથવા સ્થાપિત સંસ્થાઓ, જે આજે પણ નાતજાતના ભેદભાવ વિના વિવિધ ક્ષેત્રે સેવાઓ આપી રહી છે, તેવી ૧૬ જેટલી સંસ્થાઓનો પરિચય પણ વિગતે આપેલ છે. તદુપરાંત, કેટલાક કચ્છી ઉદ્યોગો અને વ્યાપારગૃહો તેમજ મુંબઈથી પ્રકાશિત કચ્છ સંદર્ભિત સામયિકો અને પચ્ચીસ જેટલા, વિદ્વાન કલમે આલેખિત લેખો આ અંકને સમૃધ્ધ અને વધુને વધુ સ-રસ બનાવે છે.

ટૂંકમાં કહું તો, અમદાવાદના સમગ્ર કચ્છી સમાજને ગૌરવ અપાવે તેવા, 'મંગલ મંદિર'નો આ વિશેષાંકનો વાંચનલાભ, સામયિકના સભ્ય ઉપરાંત અમદાવાદ તેમજ અન્યત્ર વસતા કચ્છીઓને (વેબસાઈટ બાદ કરતાં) કઈ રીતે મળી શકે તેના પ્રશ્ન સાથે અંકમાં પ્રકાશિત સામગ્રી યથાવકાશે 'કચ્છશ્રુતિ'માં પુનઃ

*જે નિશ્ચિતને છોડી અનિશ્ચિતતા પાછળ ભાગે છે તે નિશ્ચિતને પણ ગુમાવી દે છે.*

પ્રકાશિત કરવાની તંત્રીશ્રી સંમતિ આપશે જ તે આશા સાથે, મંગલ મંદિરના વાંચકોને એક માહિતી પણ આપું કે, મંગલ મંદિરમાં સમગ્ર મુંબઈના હકીકતોથી સભર અદ્વિતીય macro ચિત્રો સાથે, ત્રણેક વર્ષ પહેલાં જન્મભૂમિ મુંબઈના પત્રકાર, આપણા કચ્છી માડુ શ્રી કનૈયાલાલ જોશીનું પુસ્તક 'મુંભઈ જી ગાલ' પણ વાંચવા જેવું છે. આ પુસ્તકમાં આપેલી બહુ થોડી વ્યક્તિઓ અને સંસ્થા ચિત્રો મંગલ મંદિરના આ અંકના સોના જેવી વિગતોમાં ભાવનાની સુગંધ ભેળવશે. અસ્તુ.

*હંસરાજ કંસારા - અમદાવાદ, મુખ્ય તંત્રી 'કચ્છશ્રુતિ'*
*'મંગલ મંદિર' : ડિસેમ્બર-૨૦૦૭*

● ● ● ● ●

### *"કાબિલે દાદ"*

સમાજના સર્વે વર્ગોને સ્પર્શતી ભાવના "ONE FOR ALL AND ALL FOR ONE"ને પ્રતિબિંબિત કરતા "મંગલ મંદિર" દીપોત્સવી અંક — મુંબઈ વિશેષાંકને "અનન્ય" અલંકારથી નવાજી શકાય અને સુજ્ઞ વાંચકના ગૃહ-ગ્રંથાલયમાં સદાય સાચવી શકાય તે પ્રકારનું પ્રકાશન છે. સામાજિક સ્તરે દીપોત્સવી અંક એક મિની ગ્રંથની ગરજ સારે છે.

દીપોત્સવી અંકના વર્ગીકૃત લેખો જેવા કે "વ્યક્તિ વિશેષ" તથા "ભૂતપૂર્વ મહારથીઓ" પ્રેરણાદાયક છે જ્યારે કે અન્ય વિભાગ જેવા કે મુંબઈ સ્થિત જ્ઞાતિ સમાજો, કચ્છી સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો, વ્યાપારી ગૃહો તથા ડિરેક્ટરી માહિતીજન્ય અને વિવિધ દૃષ્ટિએ ઉપયોગી છે.

દીપોત્સવી અંકનું ઉત્કૃષ્ટ મુદ્રણ, વિવિધ લેખોની ગહનતા (DEPTH) તથા અન્ય વિગતોનું સંકલન તેમજ અન્ય માહિતી, વાંચક તેમજ વિવેચક માટે 'કાબિલે દાદ' કહી શકાય. જે માટે મુખ્યતંત્રી શ્રી અશોકભાઈ મહેતા તથા તંત્રીમંડળ તેમજ પ્રકાશિત અંકની સમગ્ર ટીમના સર્વે સભ્યોને હાર્દિક અભિનંદન.

*ધીરજ સોમપુરા, ઉપપ્રમુખ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*
*'મંગલ મંદિર' : ડિસેમ્બર-૨૦૦૭*

● ● ● ● ●

સમાજના તા. ૩૦-૩-૦૮ના ત્રણ પ્રોગ્રામ વખતે અમદાવાદ આવવાનું થયું. આપશ્રીની મહેમાનગતિ માણી. આપશ્રી અશોકભાઈ મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, પ્રતાપભાઈ દંડ, કાંતિલાલ સાવલા, મણિલાલભાઈ ગોસર તથા બીજા કાર્યકરો સાથે પરિચય થયો. દરેકની સાથે આત્મીયતા જેવું લાગ્યું. પ્રથમ વખત દરેકની સાથે મળવાનું થયું છતાં દરેકની સાથે જૂના સંબંધો છે તેવું લાગ્યું. શ્રી કે.ડી. શાહની મુલાકાત ન થઈ તેનો થોડો અફસોસ થયો. આપશ્રીએ અમારા માટે રહેવાની, જમવાની અને બીજી જે પણ વ્યવસ્થા કરી હતી તે ખૂબ સરસ હતી. આપનો સમાજ અમદાવાદ ખાતે કચ્છી ભવન ખાતે સેવાનાં જે કાર્યો કરે છે તેની માહિતી મળી. ખૂબ જ નિઃસ્વાર્થભાવે આપ બધા કાર્યકરો ખભેખભા મિલાવીને સમયને ભોગે જે સેવા કરો છો તે અભિનંદનને પાત્ર છે. મારા ખાસ મિત્ર શ્રી કલ્યાણજી સાવલા "ઊર્મિલ"નું સંચાલન દરેક પ્રોગ્રામમાં ચાર ચાંદ લગાવે તેવું હતું. ભવિષ્યમાં આપનામાંથી કોઈ મુંબઈ પધારે ત્યારે રૂબરૂ મુલાકાત લેવા નમ્ર વિનંતી. આ સાથે આપનો સમાજ સેવાના અનેક કાર્યો કરે અને પ્રગતિના પંથે આગેકૂચ કરે તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરું છું.

*ચંદ્રકાંત ગાલા -દાદર, મુંબઈ*
*(કચ્છ ગામ વડાલા) મો. ૯૮૧૯૦ ૩૬૭૦૨*
*'મંગલ મંદિર' : મે-૨૦૦૮*

● ● ● ● ●

### હવે આ હિંસા પણ અટકાવીએ

આનંદો! આનંદો! સુપ્રીમ કોર્ટે જૈનોની વાત માન્ય રાખી. હવેથી પર્યુષણ દરમ્યાન ગુજરાતમાં તમામ કતલખાનાં સંપૂર્ણ બંધ રહેશે. સુપ્રીમ કોર્ટ સુધીની આ લડાઈની જીત માટે હરખાવા જેવું છે.

અહીં હું જે વાત કરવા માગું છું તે પણ હિંસા સામે લડવાની છે. પણ આ લડાઈ સાવ સહેલી છે. વળી હિંસા સામેની આ લડાઈ અહિંસક છે. આપ તેમાં જોડાવ તેવી વિનંતી છે.

શહેર આખામાં, નાકે નાકે, ક્યારેક તો બાજુબાજુમાં, વળી ક્યારેક જિનાલયોને અડીને પણ, આપણી સુધરાઈના સફાઈ કામદારો લીલાસૂકા પાંદડાંના ઢગલે ઢગલા સળગાવે છે, રોજેરોજ. આપણી સોસાયટીના પગારદાર સફાઈ કામદારો પણ આવી હોળીઓ સળગાવવામાંથી બાકાત નથી. આ અગન જ્વાળાઓમાં હજારો નાનામોટા જીવો બળી જાય છે. આપણે બાળી નાખીએ છીએ. કર્યું.... કરાવ્યું.... ને... બરોબર? આ કચરામાં મીઠાઈના બૉક્સ, ખાદ્ય પદાર્થોના પડીકાના ભીના કાગળો, ચૉકલેટ - બિસ્કીટના રૅપરો વગેરેમાં અસંખ્ય જીવો આશરો લેતા હોય છે. જે બળીને ભસ્મ થઈ જાય છે. જીવ કકળી ઉઠે એવી આ જઘન્ય હોળીઓ આપણે જૈનોએ રોકાવી જ જોઈએ. આ રોકવાનું, નવાઈ લાગે તેટલું સહેલું છે. અકારણ થઈ રહેલી આ હિંસા રોકવા થોડાંક જ સંવેદનશીલ આત્માઓ જોઈએ. આપ તૈયાર થાવ. માત્ર તીર્થાટન, દેવદર્શન, પૂજા અર્ચના, તપ-જપ, અપવાસ-એકટાણા પુણ્ય કમાવા માટે પૂરતા છે એવું માનશો નહીં. આ વિધિઓ કર્યા પછી, ત્યાંથી મળેલી પ્રેરણાથી સમાજોપયોગી કામો કરવાના છે. આપણી નજર સમક્ષ રોજ થતા આ અત્યંત નિંદનીય અને નિર્દય કૃત્યને અટકાવવાનું સહેલું છે, ચાલો પ્રયત્ન કરીએ.

સત્તાવાર રીતે તેમને કચરો બાળવાની છૂટ નથી - બીજા શબ્દોમાં, કચરો બાળવાની તમને મનાઈ છે. એટલું જ નહીં, કચરો નિયત સ્થળે જ ઠલવાય. ઢગલો કરીને બાળવામાં ન આવે તેની

*ફક્ત સકારાત્મક દૃઢ નિશ્ચય જ કોઈપણ જાદુઈ ઔષધિ કરતાં ચમત્કારિક છે.*

દેખરેખ કરવા ખાસ સુપરવાઈઝરો નિમાય છે. આ બાબત આપણા માટે સાનુકૂળ છે. આપણી વાતને ટેકો આપતા આ મુદ્દાને લઈને આપણું કામ આસાન થશે. વળી જેઓ કચરો બાળે છે તે પણ જાણે છે કે તેમ કરવાની છૂટ નથી. પોતે ગેરકાયદે કૃત્ય કરે છે તેની તેમને જાણ છે જ. સ્વાસ્થ્યને પારાવાર નુકસાન કરતા આ ધુમાડા અંગે સુધરાઈતંત્ર પણ ચિંતિત છે.

આવા સંજોગોમાં આપણે માત્ર સફાઈ કામદારને, તે કચરો ન બાળે એટલું જ સૂચન કરવાનું છે. આમ કરવું અઘરું છે? પાંચ-સાત નાગરિકો વારંવાર અને આગ્રહપૂર્વક હિંસા પ્રત્યે અબૂધ એવા કામદારને કહેશે, સમજાવશે તો આ હિંસા અટકી જશે. તેમ છતાં ન માને તો તેમની વડી કચેરી પાલડી ખાતે તમે ફરિયાદ કરી શકો છો. ત્યાંનો સ્ટાફ ત્વરિત પગલા લેશે જ.

જૈન સમાજના અગ્રણીઓ બડાબડા કામોમાં વ્યસ્ત લાગે છે પણ આ કામ મારે ને તમારે કરવાનું છે. પુણ્ય કમાઈ લેવા આપણે સૌ ઘણી બધી દોડાદોડ કરીએ છીએ ત્યારે આ મોકો ઝડપી લેવા જેવો છે. અગણિત અને અનંત જીવોને જીવતદાન આપવાના આ કામથી પ્રભુ અવશ્ય રાજી થશે.

જૈનમ્ જયતિ શાસનમ્.

***શાંતિલાલ વ. શાહ - અમદાવાદ***
*'મંગલ મંદિર' : મે-૨૦૦૮*

• • • • •

## ૧૯મી સદીના મધ્ય ભાગનું મુંબઈ

૧૯મી સદીના મધ્ય ભાગમાં મુંબઈ કેવું હતું તેનો થોડોક ચિતાર શ્રી ફિરોજગર એમના પુસ્તક 'પારસી નાટક તખતો'માં કરાવે છે.

૧૮૪૮નો કોટ વિસ્તાર તે વખતે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે બળદના રેંકડાઓ ભાટિયા બાગની બાજુમાં ઊભા રહેતા અને ઘોડાની ટ્રામો દૂર શહેરમાં લઈ જવા ખિદમતમાં હાજર રહેતી. ઘોડાની ટ્રામોમાં સહેલ કરવાની જે મજા આવતી તે આજે ઈલેક્ટ્રીક ટ્રામ (૧૯૪૮માં લખાયું)માં નથી.

પૂલ ઉપર ચડવા એક વધારાનો ઘોડો જોડવામાં આવતો અને "ભગાવ", "જાને દો" કરતાં મજલ કપાતી. એ વખતે "સ્ટેન્ડ" ન હતા પણ દૂરથી હાથ કર્યો કે છત્રી દેખાડી કે ટ્રામ ઊભી રહે. ટિકિટમાં એક ઢબુ (બે પૈસા) આપવાનો. દૂર જવું હોય તો બે ઢબુ...

એક કુટુંબનો મુરબ્બી માસિક સો, સવાસો રૂપિયામાં પોતાના ત્રણ ચાર બચ્ચાઓ સાથે ઘણા સુખમાં રહેતો. ચોખ્ખું દૂધ બે થી અઢી આને શેર અને બે પૈસામાં બે કાતરી પાંઉ ને પૂરતું થઈ પડે તેટલું માખણ મળતું. ખેતીવાડી તથા ગ્રાન્ટ રોડનાં નાકાઓ મોટા જંગલો હતા. એ ગ્રાન્ટ રોડ પર પતરાનું થિયેટર સાફ સફારી ઊભું હતું. તેનું નામ રોયલ થિયેટર. પાછળથી તે વિનાયક શંકર શેઠની માલિકી ધરાવતું થયું.

ઘાસતેલ અને કોપરેલની મોટી મોટી બત્તીઓ અને થિયેટરનું ભાડું રૂા. ૪૦થી ૫૦ રૂા. માસિક હતું. એ વખતે એક અંગ્રેજ ઉમરાવ લખી ગયો છે કે નિશાળ કરતાં નાટક શાળાની વધારે જરૂર છે કેમકે મોઢે શિખવ્યાથી માણસ જેટલું શીખે છે એના કરતાં દાખલાઓને નજરે જોવાથી વધારે શીખે છે.

***લીલાધર લખમશી વિસરિયા - બાડાવાલા***
*'મંગલ મંદિર' : જૂન-૨૦૦૮*

• • • • •

મંગલ મંદિર જુલાઈ-૦૮ વિશેષાંકના બંને ભાગ મળી ગયા છે, આભાર.

આપ સૌએ લીધેલ કામ તથા મુખ્ય તંત્રીશ્રી તથા સંપાદકોની સૂઝબૂઝ કાબિલે દાદ છે. લેખો પ્રાસંગિક છે, દરેક લેખકે પોતાના વિષયને યોગ્ય ન્યાય આપ્યો છે.

બીજો ભાગ તો અતિ જાળવીને માવજતથી સંઘરી રાખવા જેવો બન્યો છે. અમદાવાદ - ગાંધીનગરની આટલી બધી વિગતો મેળવવામાં કેટલો પરસેવો વહાવવો પડ્યો હશે તેનો અંદાજ આવી શકે છે.

છિદ્રાન્વેષણ તરીકે નહીં પણ સમગ્ર વ્યવસ્થાના એક અદના સભ્ય તરીકે નીચેની વાત કરું છું :

(૧) ભાગ-૨ માં પૃષ્ઠ-૩ ઉપર અમદાવાદમાં જોવાલાયક સ્થળોની યાદીમાં મારી દૃષ્ટિએ, 'ગાંધીજીએ ૧૯૨૦માં સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠ'નો સમાવેશ જરૂરી છે.

(૨) કચ્છના વર્તમાન ધારાસભ્યોના ગાંધીનગર / વતનના ધારાસભ્યોના ફોન - સરનામાની વિગત લોકોને પોતાના પ્રતિનિધિ સાથે જીવંત સંપર્ક રાખવા ઉપયોગી થાત. તે આવરી લઈ શકાય, આગામી અંકોમાં.

(૩) આપે અમારા જ્ઞાતિગંગા કચ્છના સોપાન-૧ માં સમાવિષ્ટ લગભગ મહત્ત્વની જ્ઞાતિઓનો મંગલ મંદિરના અંકોમાં સમાવેશ કરેલ છે, આભાર. બાકી રહેતી જ્ઞાતિ (જેઠી - સેવક - વાયડા - કાયસ્થ)ને પણ સમાવી લેવા વિનંતી છે.

(૪) 'પરિવાર નિયોજનની જનની માર્ગારેટ સેંગર' લેખ પેન્ડિંગ છે. Tracable હોય તો યોગ્ય કરાવશો.

ફરી ફરી સૌને અભિનંદન, શુભેચ્છા તથા આભાર.

***પ્રા. જિતેન્દ્ર અંતાણી - ભુજ, કચ્છ.***
*'મંગલ મંદિર' : ઓગસ્ટ-૨૦૦૮*

• • • • •

*પ્રાર્થના દ્વારા મનના મેલને ધોઈ નાખો.*

મંગલ મંદિરના જૂનના અંકમાં વસ્તુપાલ અને તેજપાલના નામો વાંચ્યા. આ બંને નામ તો જાણીતા છે પણ તેજપાલના પત્ની અનુપમાદેવીનું નામ ઓછું જાણીતું છે. એમના વિશે થોડી વાત. વસ્તુપાલ રાણા ત્રિભુવનપાલના અને પછી રાણા વીર ધવલના મહામંત્રી હતા. અને તેજપાલ સેનાપતિ હતા. તેજપાલ કુશળ સેનાપતિ તેમજ શૂરવીર હતા. વાણિયો સેનાપતિ હોય, વળી જૈન વાણિયો ઘણી લડાઈઓ લડી જાણનાર હોય એવું બીજું કોઈ નામ ઈતિહાસમાં મળતું નથી.

તેજપાલની બે પત્નીઓ હતી. તેમાંની એક તે અનુપમા. અનુપમા અત્યંત બુદ્ધિશાળી અને સન્માર્ગી હતી. રાજ્યના મહામંત્રી હોવાના નાતે વસ્તુપાલ પાસે ઘણા મૂંઝવણભર્યા પ્રશ્નો આવતા અને ઘણીવાર વસ્તુપાલ પોતે નાનાભાઈની પત્નીની સલાહ લેતા. અનેક લોકો અનુપમાદેવીને દેવી સરસ્વતીનો અવતાર માની તેમને અત્યંત માન આપતા.

'વસ્તુપાલ ચરિત' નામના ગ્રંથમાં પૂ. જિનહર્ષગણિજી લખે છે, "એકવાર બંને ભાઈઓ તીર્થયાત્રા અર્થે સોરઠ તરફ જવા નીકળ્યા. ઘરમાં જેટલું ધન હતું તે બધું સાથે લીધું. રસ્તામાં હડાળા ગામ પાસે મુકામ કર્યો. સોરઠમાં જોઈએ તેવી શાંતિ નથી તેમ જાણીને બધું ધન સાથે લઈ જવું ઉચિત નથી એમ વિચારી ભવિષ્ય માટે થોડું ધન ક્યાંક દાટીને આગળ જઈએ તો ઠીક. ત્રણ લાખ દ્રમ હતું તેમાંથી એક લાખ લઈને રાત્રે દાટવા માટે નીકળ્યા. જ્યાં જમીન ખોદી તો નીચેથી સોનામહોર ભરેલો ચરૂ મળ્યો. તેમણે અનુપમાની સલાહ લીધી. અનુપમાએ સલાહ આપી એનો ગુ.અનુવાદ "દ્રવ્ય ઉપાર્જનથી થયેલા ધૂળ અને પાપના ભારથી અધોગતિને પામવાવાળા પોતાનું ધન જમીનમાં દાટે છે. માટે જગતમાં જેને ઉચ્ચપદની સ્પૃહા હોય તેણે તો ઉચ્ચ સ્થાને જ ધનને સ્થાપવું જોઈએ."

બંને ભાઈઓ સમજી ગયા. આ ધન વડે આબુ પર્વત પર ચૈત્યપ્રાસાદ બનાવવાનો નિર્ણય લેવાયો.

પણ મંદિરનું કામ અતિ મંદ ગતિથી ચાલતું હતું. તે સમયે ચતુરાઈમાં સરસ્વતી સમાન અનુપમાએ મુખ્ય સ્થપતિ શોભનને કારણ પૂછ્યું. શોભને જણાવ્યું કે આ પર્વત દેવોને પણ ચડતાં કઠણ પડે એવો છે. અત્રે ઉગ્ર ઠંડી પડે છે. તેથી સવારનું કામ મોડું શરૂ થાય છે. બપોરે રાંધવા-ખાવાના કામ થકી વિલંબ થાય છે. સાંજે ઠંડી શરૂ પડતાં કામ અટકી જાય છે. વળી રાત્રે ખોરાકમાં શાક અને દૂધ મળતાં નથી, શરીરમાં શક્તિ રહેતી નથી એટલે કામ ત્વરિત થઈ શકતું નથી.

અને અનુપમાએ તરત હુકમ આપ્યો કે "દિવસને માટે તથા રાત્રિના માટે અલગ અલગ સ્થપતિની નિમણૂક કરો, બધા શિલ્પીઓને અમૃત સમાન યથારુચિ ભોજનનો પ્રબંધ કરો. બધાને સ્નાન વગેરે માટે તથા આરામ માટે યોગ્ય માણસોની ગોઠવણ કરો."

અનુપમા દેવીની અતિ સંક્ષેપમાં વાત લખી છે. એણે કરેલાં અને કરાવેલાં કામોની યાદી લાંબી છે.

***શાંતિલાલ સંઘવી***

***(દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી કૃત "ઐતિહાસિક સંશોધનના આધારે)***

***'મંગલ મંદિર' : ઓગસ્ટ-૨૦૦૮***

• • • • •

આપનો અષાઢી બીજ અંક (અમદાવાદ ગાંધીનગર વિશેષાંક -૨) મળ્યો. વાંચીને બહુ જ આનંદ થયો. આ અંકમાં જે માહિતી આપી છે તે ખરેખર આપ સૌની અથાગ મહેનતનું પરિણામ છે. અમદાવાદ અને ગાંધીનગરમાં આવેલ ધર્મશાળા, અતિથિગૃહો, જોવાલાયક સ્થળો, જાણીતી હૉસ્પિટલો, હોટેલો, ટ્રેનનું સમયપત્રક, કચ્છના ગામોના પીનકોડ નંબર, જૈન સિવાયની અન્ય કચ્છીની વિવિધ જ્ઞાતિઓની સંસ્થાઓનું લિસ્ટ. તે પછી કચ્છી ડિરેક્ટરીમાં વિવિધ ઘટક સમાજો, વ્યાપારીઓ, વ્યવસાયિકો, વિદ્યાર્થીઓ - વિદ્યાર્થિનીઓના ગામ અને ઠેકાણા, સરકારી ક્ષેત્રે કચ્છી અધિકારીઓ વગેરે વગેરે માહિતીસભર લખાણ માટે આપ સૌએ રાત-દિવસ અથાગ મહેનત કરી છે તે બદલ આપ સૌ કાર્યકરોને લાખ લાખ અભિનંદન આપીએ તોય ઓછા પડે એમ છે.

૬૯ વર્ષની મારી ઉંમરમાં મેં વિવિધ સમાજોના માસિકો વાંચ્યા છે પણ મંગલ મંદિર જેવું એક પણ સામાયિક હાલ વાંચવા મળતું નથી. કચ્છી લોહાણા મહાજન - મુંબઈના સામયિકમાં દર વર્ષે એક મહિલા અંક અને એક યુવા વિશેષાંક બહાર પડે છે એ અખતરો કરવા જેવો છે. તેથી નારીઓ અને યુવા વર્ગ પણ પોતાના લખાણો મોકલી શકશે અને એમાંથી નવા લેખકો તૈયાર થશે.

કચ્છી જૈન સેવા સમાજ, તેમના આગેવાન ડૉ. ચંદ્રકાંત દેઢિયા અને હીરજીભાઈ પાસુભાઈ તથા અન્યોની રાહબરી નીચે દિવસે ને દિવસે અવનવી પ્રવૃત્તિઓ કરે છે એ મુંબઈની અનેક સંસ્થા અને સામયિકોએ નકલ કરવા જેવી છે. શ્રી અશોકભાઈ મહેતા પણ અવર્ણનીય, અથાગ મહેનત કરી રહ્યા છે એ સૌના નેતૃત્વમાં સેવા સમાજ જરૂર પ્રગતિ કરશે એમાં શંકા જ નથી.

***ડૉ. મુલજી કે. ગડા - મુંબઈ***

***'મંગલ મંદિર' : સપ્ટેમ્બર-૨૦૦૮***

• • • • •

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
**જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર**
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

મંગલમંદિરના સપ્ટેમ્બર અંકમાં તંત્રી લેખના છેલ્લા ૪-૫ પેરામાં આપે સરસ આલોચના કરી છે. એ વાંચ્યા બાદ અન્ય થોડી વાત સ્મૃતિમાં ઉભરાય છે. આઝાદી મેળવવા માટેની ૧૯૧૯થી શરૂ થયેલી ગાંધીજીની ચળવળમાં ભારતના ૩૦ કરોડની વસતિમાંથી કેટલા લોકો સક્રિય રીતે જોડાયા હતા? એક ટકો? એટલે કે ત્રીસ લાખ? જવાબ છે ના. જો માત્ર એક ટકા લોકો જેલમાં જવા, લાઠી-ગોળી ખાવા અને જાનની બાજી લગાડવા તૈયાર થયા હોત તો સ્વરાજ એક વર્ષમાં નહીં પણ એક મહિનામાં મળી ગયું હોત. બધા જ લોકો ગાંધીજીની જય પોકારતા હતા અને પોતાની જાતને સલામત રાખીને ગાંધી સ્વરાજ લાવીને આપશે અને આપણે બધા સ્વરાજની વાનગી પ્રેમથી આરોગીશું એમ માનનારા હતા. એક ટકા- ત્રીસ લાખની વાત તો જવા દો પણ પૂરા ત્રણ લાખ લોકોએ પણ આઝાદી માટે જાન કુરબાન કરવાની તૈયારી બતાવી ન હતી.

એની સરખામણીમાં દુનિયાનો ઇતિહાસ તપાસો. ફ્રેન્ચ ક્રાંતિ, રશિયન ક્રાંતિ, અમેરિકન ક્રાંતિ વગેરે વગેરે તપાસતાં અવશ્ય જણાય છે કે પ્રજાનો ખૂબ મોટો ભાગ ક્રાંતિની ચળવળમાં સક્રિય હતો. એ તમામ ક્રાંતિઓમાં હિંસા તો જરૂર થઇ. જુલમી રાજા લૂઇ સોળમાના તમામ નાલાયક સંબંધીઓને તથા ઝારના સમગ્ર સંબંધીઓને મારી નાખવામાં આવ્યા. પણ ક્યાંય પ્રજા દૂર ઊભીને તમાશો જોતી હોય એવું નથી બન્યું.

વેદના સમયમાં આપણી પ્રજા પુરુષાર્થહીન ન હતી. વેદમાં અવતારવાદ બિલકુલ છે જ નહીં. અરે, વેદમાં તો 'પૂજા' શબ્દ પણ નથી. વેદમાં નસીબવાદ કે પ્રારબ્ધવાદ પણ નથી. વેદમાં તેમજ ઉપનિષદમાં પણ ક્યાંય વેવલાવેડા નથી. છે માત્ર પુરુષાર્થનો ઉપદેશ અને અપેક્ષા.

વેદકાળના આર્યો કોઇ યુદ્ધમાં પરાજીત થયા હોય એવો એકેય પ્રસંગ ઇતિહાસમાં નહીં મળે.

તો પછી આપણી પ્રજામાં પરાજયની સળંગ પરંપરા ક્યારથી અને કેમ શરૂ થઇ? મૂળમાં ગયા વગર થીંગડાં મારવાથી જવાબ નહીં મળે. આપે લખ્યું છે તેમ મૂળ કારણ આપણી ધાર્મિક માન્યતાઓ. અવતારવાદ, નસીબવાદ, પરલોકવાદ, વગેરે વગેરે ભગવાન આવશે અને બધું બરાબર કરી જશે- આપણે જાતે કશું કરવાની જરૂર નથી. બધા દુ:ખો નસીબના કારણે છે જેવાં જેનાં કર્મ.

આજે પણ આપણે એક ભીખ માગતી પ્રજા છીએ. અને જગતમાં ભિખારીની ક્યારેય કશી કિંમત હોતી જ નથી. આપણે પોતે અરીસામાં આપણું પોતાનું મોઢું જોઇને મલકાઇએ છીએ પણ દુનિયામાં હાંસીપાત્ર છીએ. શા માટે આપણે દરેક બાબતમાં ભિખારી છીએ? તો તેના મૂળ કારણમાં પણ આપણી ધાર્મિક્તા અંગેની સમજ જ છે. જે પ્રજા તમામ વિપરીત સંજોગો સામે લડી લે છે, સફળતા માટે અસહ્ય તકલીફો સહન કરે છે તે જ પ્રજા વિજય મેળવે છે અને પ્રગતિ કરે છે. જે પ્રજા આકાશ સામે જોઇને રોદણાં રડે છે, કાલ્પનિક દેવી દેવતાઓ સામે ગાંગરે છે તેને કદી કોઇ સિદ્ધિ મળતી નથી.

ક્ષમા કોને કરાય? દુષ્ટને ક્ષમા કરાય? જો દુષ્ટને ક્ષમા કરવામાં આવે તો તેની દુષ્ટતાનો ગુણાકાર થાય. ક્ષમા એને જ કરાય જે પોતાના દોષ કબૂલ કરે, અપરાધ માટે પસ્તાવો કરે. અપરાધીને કઠોર દંડ દેવાની વાત આપણા તમામ સમાજનીતિશાસ્ત્ર અને રાજ્યનીતિશાસ્ત્રના ગ્રંથોમાં વગર અપવાદે લખેલી છે. સહેતુક અપરાધ કરનારને કદી ક્ષમા અપાય જ નહીં.

યાદ રાખવાની જરૂર છે કે 'અહિંસા પરમો ધર્મ' એ સૂત્ર સૌ પ્રથમવાર મહાભારતમાં વપરાયું છે. મહાભારતથી અગાઉના એક પણ ગ્રંથમાં આ સૂત્ર નથી. માત્ર એટલું જ નહીં પણ એ સૂત્ર પણ મહાભારતના મૂળમાં નથી પરંતુ ક્ષેપક-પાછળથી ઉમેરવામાં આવેલ છે.

બસ, માળા ફેરવ્યા કરો અને ભજનિયાં ગાયા કરો. આપણો દેશ દેવી દેવતાઓના ચમત્કારથી મહાન બની જશે.

આટલું ઓછું હોય એમ આપણા બંધારણના ઘડવૈયાઓએ એક મહા રેઢિયાળ બંધારણ આપણા માથામાં મારેલ છે. અને એ બંધારણના કારણે આપણી શાસન વ્યવસ્થા સતત બગડતી જાય છે અને હવે તે કદી સુધરવાની નથી.

એટલે તંત્રી શ્રી, તમે કે તમારા જેવા બીજા ૫૦-૧૦૦ જણ ગમે તેટલી બૂમો પાડે તો પણ આપણી ધાર્મિક માન્યતાઓ બદલે એવા લક્ષણ દેખાતા નથી. ઊલટું દિવસોદિવસ વધારે મજબૂત થતી જાય છે. અને તે આપણા વધારે ને વધારે પતનની નિશાની છે. જો આજ માન્યતાઓ રહી તો આપણે કદી પણ સ્વનિર્ભર, સ્વમાની અને ખુમારીવાળી પ્રજા બની શકવાના નથી. થોડીક લાલચ — પૈસા અથવા સત્તાની બતાવવામાં આવે છે તો આપણા રાજકારણીઓ અને સરકારી અમલદારો પગમાં કૂતરું આળોટે તેમ આળોટવા લાગે છે- એ બધા વિશેષ ધાર્મિક છે માટે.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*
*'મંગલ મંદિર' : ઓક્ટોબર-૨૦૦૮*

• • • • •

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

# વિભાગ-૨

## "મંગલ મંદિર"

## માસ : ઓક્ટોબર-૨૦૧૪

# નિયમિત લેખન સામગ્રી...

*તમારું દૈનિક જીવન જ તમારું મંદિર અને તમારો ધર્મ છે.*

વિજ્ઞાન અને અહિંસા

### આજની દુનિયા માટેનો તરણોપાય

# વિશ્વ અહિંસા દિવસ

• ડૉ. કિશોર સાધુ •

આજે દુનિયા અન્યાય, ઉત્પીડન, શોષણથી ત્રસ્ત છે. સાંપ્રદાયિક અને ઉગ્રવાદી શક્તિઓ નવાનવા રૂપે આતંક મચાવી રહી છે. **વિજ્ઞાનની શક્તિ જે વરદાન બનવી જોઈતી હતી, તે આજે શાપરૂપ લાગી રહી છે** કારણકે વિજ્ઞાન સત્તા, સંપત્તિ અને સ્વાર્થના હાથમાં વેચાઈ ગયું છે. આજની આ ઝપાટાભેર પલટાતી જતી દુનિયામાં વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, અવકાશયાત્રા અને માનવ વ્યવહારમાં પલટા આવતા જાય છે. આર્થિક અને રાજનીતિક સામ્રાજ્યવાદ નવા નવા ચહેરા-મહોરા ધારણ કરી પોતાનો વિસ્તાર વધારી રહ્યો છે. માનવ ઉપગ્રહ છોડતો થયો પણ પૂર્વગ્રહ નથી છોડતો. તે મંગળ કે ચંદ્ર પર ડગ માંડવાનું વિચારે છે, પહોંચે છે, પણ પડોશના ઘરમાં જવાનું નથી વિચારતો. તે દુનિયામાં શું બની રહ્યું છે તે જાણે છે પણ પડોશમાં કોણ રહેવા આવ્યું તેની ખબર નથી રાખવી.

આ પલટાતા જતાં આધુનિક ઝડપીકરણના યુગમાં માનવીનું પોતાનું સ્થાન ડગમગી રહ્યું છે. તે એક વસ્તુ કે પદાર્થ બનીને રહી ગયો છે. તેને પોતાનું વ્યક્તિત્વ જેવું કંઈ રહ્યું નથી. તે વધુને વધુ ઉત્પાદન અને ઉપભોગના ભૌતિક ધ્યેય આગળ પરાસ્ત થતો જાય છે. આ માનવીય ગતિવિધિનું કેન્દ્રીકરણ વિજ્ઞાનનો એક અભિશાપ છે. હિંસાના આ વાતાવરણમાં મહાત્મા ગાંધીનું મહત્ત્વ અને પ્રાસંગિકતા વધી જાય છે. તેનો મુકાબલો કરવા માટે મહાત્મા ગાંધીની અહિંસક સમાજ રચનાની વાત માનવજાતિ માટે એકમાત્ર માર્ગ છે.

૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ ગાંધીજીની હત્યા થઈ. તેને આજે ૬૬ વર્ષ વીતી ગયા. **ગાંધીજી તો ગયા પણ તેમના વિચારો આજે જીવંત છે. જેની નોંધ સંયુક્ત રાષ્ટ્રસંઘે લીધી.** ગાંધીજીની ૧૩૮મી ગાંધીજયંતી અને ૨જી ઓક્ટોબર, ૨૦૦૭થી આ દિવસને 'આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે જાહેર કર્યો. જે ગાંધીજીના આદર્શોનું સન્માન છે. આ ૨જી ઓક્ટોબરે, ૧૪૩મી ગાંધી જયંતી અને ૮મો 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ' આ પ્રસંગ ભારત અને જગત ઉપર ગાંધીજીના જીવન અને વિચારની શી અસર થઈ તેનો વિચાર કરવાની તક પૂરી પાડે છે. ગાંધીઅવતાર માત્ર તસવીર, મૂર્તિ કે સ્ટેચ્યુરૂપે પૂજીને નહીં પણ વિચારરૂપે સમજીને જીવંત રાખવા જેવો છે. ગાંધીવિચારમાં ચમત્કાર છે. **ગાંધી વિચારમાં માત્ર આદર્શવાદ નથી. તે એક વ્યાવહારિક ક્રાંતિકારી વિચારધારા છે.** આજે જગત આખું તેના ફળ મેળવીને નમસ્કાર કરે છે ત્યારે તો આપણી આંખ ખુલવી જોઈએ. તો જોઈએ ગાંધીવિચાર શું હતો.

ગાંધીજીની અહિંસાના પાયામાં માનવ પ્રકૃતિના ઊંચા મૂલ્યો રહેલા છે. તેઓ આપણને શસ્ત્ર વિનાની દુનિયામાં રહેવાને લાયક બનાવવા માંગતા હતા. તેઓ માનવ સમાજને વિવેક, સંયમ, સદાચાર અને શાંતિના ચાર સ્તંભ ઉપર નિર્મિત કરવા માંગતા હતા. ગાંધીજીને મન અહિંસા એટલે 'મારવું નહી' એવો માત્ર સીમિત અર્થ નથી. તેમના મતે 'અહિંસા એટલે — આપણે કોઈને હાનિ પહોંચાડવી નહીં. આપણને જે શત્રુ માનતો હોય તેના માટે પણ અનુદાર વિચાર ન ધરાવીએ.... જે અહિંસા ધર્મ પાળે છે તેને શત્રુ હોઈ શકે નહીં. તે કોઈને શત્રુ માનતો નથી. પરંતુ એવા લોકો હોય છે કે જેઓ પોતાને તેના શત્રુ સમજતા હોય છે અને આ માટે તે લાચાર છે. પરંતુ આવા માણસો માટે પણ દુષ્ટ વિચાર ધરાવી ન શકાય. આપણે પ્રહાર સામે પ્રહાર કરીએ તો આપણું વર્તન અહિંસા ધર્મથી પ્રતિકૂળ કહેવાય.'' ગાંધીજી તેથી આગળ કહે છે કે આપણા મિત્રની પ્રવૃત્તિ અથવા કહેવાતા શત્રુની પ્રવૃત્તિ ઉપર રોષ કરીએ તો પણ આપણે અહિંસાના પાલનમાં પાછા પડીએ છીએ.

અહિંસા ધર્મના પાલન અંગે તેમણે કહેલું કે, અહિંસા એ તો એક આદર્શ છે. જે આપણે પ્રાપ્ત કરવાનો છે અને આપણામાં શક્તિ હોય તો તે આ ક્ષણે જ પ્રાપ્ત કરવા જેવો છે. પરંતુ એ કંઈ ભૂમિતિનો સિદ્ધાંત નથી કે જે આપણે મોઢે કરી લઈએ. આપણે આ વ્રત પાળવું હોય તો આપણે ઉજાગરાઓ ઉપરાંત ઘણું વધારે કરવું પડશે. આપણે ઘણીએ માનસિક વ્યથાઓ અને વેદનાઓ સહન કરવી પડશે.

ગાંધીજી માનવજાતને જે સૌથી મોટી દેણ આપી ગયા છે, તે સત્યાગ્રહની છે. સત્ય - અહિંસા - પ્રેમના મૂર્તસ્વરૂપ જેવું આ સાધન છે. આ સાધન તેમણે એવા સમયે આપ્યું જ્યારે અહિંસા વ્યક્તિગત જીવનમાં હતી. પણ સમાજમાં હિંસા હોવી જોઈએ એવું માનવાવાળો સમાજ હતો. ચારેબાજુ હિંસાનું સામ્રાજ્ય હતું. તે સમયે હિંસા માટેના જે સાધનો મોજૂદ હતાં તેનાથી કેટલાંક પ્રશ્નોનો ઉકેલ આવતો. એટલે કે હિંસા પાંગરતી.

આજે દુનિયા ગાંધીજીની અહિંસા તરફ વળી છે. તેમાં વિજ્ઞાને ઊભી કરેલી સમસ્યાઓનો મોટો ફાળો છે. આજે અણુશસ્ત્રો આવ્યા છે. **વિનોબાએ લખ્યું છે કે, 'અણુશસ્ત્રો માણસને અહિંસા તરફ લઈ જશે અને નહીં તો માનવજાત ભૂંસાઈ જશે.'** ગાંધીજીની અહિંસા કાયરોની ન હતી. તેમણે ૧૯૨૦માં લખ્યું છે કે, 'હું તો ચોક્કસ માનું છું કે જ્યાં ફક્ત કાયરતા

(અનુ. : જુઓ પાના નં.-૧૫૯ ઉપર)

*જીવન જીવવું હોય તો દર્પણની માફક જીવો. જેમાં સ્વાગત સર્વનું પણ સંગ્રહ કોઈનો નહિ.*

પર્યાવરણ

# પર્યાવરણ સુરક્ષા અર્થે સક્ષમ ગાંધીજીના વિચારો

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

જગતના જીવો સાર્વત્રિક સુખ પ્રાપ્તિ અર્થે વલખાં મારે છે. પ્રત્યેક રાષ્ટ્રમાં અવનવી સમસ્યાઓ સર્જાયેલી છે. એ તમામ સમસ્યાઓ ઉકેલવા માનવી સતત પ્રવૃત્તિશીલ રહેવા પામ્યો છે. વસતી વૃધ્ધિ, ગરીબી, બેરોજગારી, જળ સમસ્યા, સંરક્ષણ આદિની જેમ આજે વિશ્વમાં પર્યાવરણની સુરક્ષા અને પ્રદૂષણોની સમસ્યા એ યક્ષપ્રશ્ન છે. પર્યાવરણની જાળવણી એ આંતરરાષ્ટ્રીય ચિંતાનો વિષય છે.

આ પૃથ્વી પરની તમામ જૈવિક સૃષ્ટિના પાલનપોષણ અર્થે નિસર્ગે આપેલી ભેટ એટલે પર્યાવરણ. 'પરિ' એટલે આસપાસનું - આજુબાજુનું અને 'આવરણ' એટલે ઢાંકણ. આ પૃથ્વીના ઢાંકણ તરીકે ઓળખાતા પર્યાવરણમાં હવા, પાણી, જંગલો, પર્વતો, નદીઓ, સમુદ્રો, વન્યજીવો, પશુપક્ષીઓ, સૂક્ષ્મજીવો આદિકાળથી છે. જગતમાં વેગથી પ્રવર્તતો વસતિ વિસ્ફોટ, ક્રમિક વધતું ઔદ્યોગિકીકરણ, જંગલોનો નાશ આદિએ પર્યાવરણીય અનેક પ્રશ્નો સર્જ્યા છે. આથી ભૌતિક પર્યાવરણ, સાંસ્કૃતિક અને જૈવિક પર્યાવરણ અને પ્રદૂષણો સામે કાળા માથાનો માનવી ઝઝુમી રહ્યો છે.

પર્યાવરણમાં કોઈપણ પ્રદૂષકની હાજરી એટલે પર્યાવરણ પ્રદૂષણ. પ્રદૂષક એટલે પર્યાવરણને હાનિકારક હોય એટલી જલદ માત્રામાં કોઈ ઘન, પ્રવાહી કે વાયુરૂપ પદાર્થની તેમાં હાજરી. આમ, આજે તો અનેક પ્રકારના પ્રદૂષણો — હવાના, જળના, ધ્વનિના, ભૂમિના, વન્યના અસ્તિત્વ ધરાવે છે. જે સમગ્ર જૈવિક સૃષ્ટિ કે જેમાં માનવજાત સમાવિષ્ટ છે તેમને અનેક વિપદા - વિષાદમાં સપડાવે છે.

આવા યક્ષપ્રશ્નને નાબૂદ કરવા, પર્યાવરણની શુધ્ધતા અર્થે, પ્રદૂષણોને ડામવા આપણા મહામૂલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ સરળ માર્ગ દર્શાવ્યો છે. માત્ર કથનો આદરીને જ નહિં કિંતુ સાદાઈ, જાતમહેનત, સ્વદેશી આદિ અપનાવીને, સફેદ વસ્ત્રોમાં સંત જેવું નિર્મળ, નિર્માની, નિસ્પૃહી જીવન વ્યતીત કરીને તેઓએ પર્યાવરણીય સમસ્યાઓ ટાળવા, પર્યાવરણ રક્ષવા, મંગળ માર્ગોનું નિર્માણ કર્યું છે. આ મંગળ માર્ગે મહાલનારા કોઈ પણ દેશવાસીઓ પ્રદૂષણોને તથા તેના ભય સ્થાનોને અવશ્ય નિવારી શકશે. આજના વિકાસે આપણને વિસ્થાપન, વિકૃતિ અને વિનાશ ભેટ આપ્યા છે. પર્યાવરણનું જતન, સંવર્ધન અને સંરક્ષણ કરવું જરૂરી છે.

ગાંધીજીએ સાદું જીવન અને ઉચ્ચ વિચારના આદર્શને માન્ય કરેલો છે. તેમણે કહ્યું છે કે 'સાચા અર્થમાં સંસ્કૃતિ જરૂરિયાતો વધારવામાં નહિ પણ તેના સમજપૂર્વક અને ઐચ્છિક સંયમમાં વસી છે.' પર્યાવરણનું સંરક્ષણ થાય તે બાબતને ધ્યાનમાં લઈને ગાંધીજીએ પોતાના કાર્યો, વિચારો - આચારો અને આગવો અભિગમ અર્પીને પર્યાવરણની જાળવણીના માર્ગો મોકળા કર્યા છે. તેઓએ આ સમસ્યા હલ કરવા વર્ણવ્યું છે કે, 'હું માનું છું કે હિંદુસ્તાને અને તેની મારફતે દુનિયાએ પણ સાચી સ્વતંત્રતા મેળવવી હોય તો આજે નહિં તો કાલે સાદગીપૂર્ણ જીવન અને કરકસરયુક્ત ઉપભોગની રીત અપનાવવી જ રહી.'

યાંત્રિકરણ માનવશ્રમ આધારિત હોવાનું ગાંધીજી સૂચવે છે. પશુ ઉર્જાનો ઉપયોગ કરતાં યંત્રો વિકસાવવા સમજાવે છે. મજૂરના બુધ્ધિચાતુર્ય કે શરીરબળનો ઉપયોગ કર્યા વિના યંત્રો તેનું કામ કરી આપે તે અંગે ગાંધીજી પોતાનો વિરોધ વ્યક્ત કરે છે. જાતમહેનત વિશેનો તેમનો સ્પષ્ટ ખ્યાલ આપી, પર્યાવરણીય પ્રશ્નો માનવીના આરામદાયક જીવન વ્યતીત કરવાની અસ્ખલિત માંગમાંથી જનમ્યા છે તેવું જણાવી કહે છે કે, 'સૌ પોતપોતાની રોટી માટે શરીરશ્રમ કરે તો સૌને પૂરતો ખોરાક અને પૂરતી ફુરસદ મળી રહે. ત્યારે વધારે વસતિની બૂમ નહિં હોય, રોગ નહિં હોય, ચારેબાજુ નજરે પડતા દુઃખો નહિ હોય.

આમ કરીએ તો આપણી જરૂરિયાતો ઓછી હશે. અર્થાત્ થઈ જશે. આપણો ખોરાક સાદો થશે. પછી આપણે જીવવા માટે ખાઈશું, ખાવા માટે નહિં જીવીએ. પર્યાવરણના સંદર્ભમાં અસ્તેયવ્રત સમજાવવા ગાંધીજી લખે છે કે, 'જગતમાંથી સાવ આવશ્યક વસ્તુઓનો ઉપભોગ કરવાનો આપણને અધિકાર છે. એનાથી એ પર વધારે અધિકાર સમજવો એ ચોરી છે. અસ્તેયનું વ્રત પાળનાર પોતાની જરૂરિયાત ઉત્તરોત્તર ઓછી કરશે. માલનું ઉત્પાદન કરવામાં આજે આપણે આજની પધ્ધતિમાં કુદરતી સાધન સંપત્તિનો વધારે પડતો ઉપયોગ કરીને તેનો નાશ કરીએ છીએ. કાચા માલનો નાહક બગાડ કરી રહ્યા છીએ. આજની પેઢી પોતાના લાભને ખાતર ભવિષ્યની પેઢીના મોંમાંથી કોળિયો ઝુંટવી લે છે.

ગાંધીજી વર્ણવે છે કે, 'ભવિષ્યની ચિંતા કરી સંગ્રહી રાખવું એ 'પરિગ્રહ' છે. પરમેશ્વર પર વિશ્વાસ રાખનાર એમ માને છે કે જે વસ્તુની જ્યારે ચોખ્ખી જરૂર હશે ત્યારે તે મળી જ રહેશે. આથી આવું સમજનાર સંગ્રહની ઉપાધિથી દૂર રહે છે.'

વિકાસની ઉપલબ્ધિ અર્થે વિશ્વના રાષ્ટ્રોની દોડ શરૂ થઈ ગયેલી છે. આ અંગે પર્યાવરણીય પ્રશ્નો ઉકેલવા સૌપ્રથમ ઈ.સ. ૧૯૦૨માં પેરીસમાં પ્રાકૃતિક સંરક્ષણ પર સંમેલન મળ્યું. ઈ.સ. ૧૯૬૧માં સ્વિટ્ઝરલેન્ડમાં વિશ્વપ્રકૃતિ નીતિની રચના

**(અનુ. : જુઓ પાના નં.-૧૫૯ ઉપર)**

*જ્ઞાન હૃદયમાં રહે છે, પુસ્તકોમાં નહિ.*

વિચાર મંથન

# પ્રગતિરોધક માન્યતાઓ – ૩

• મૂળ લેખક : સુબોધ શાહ • રજૂઆત : મુરજી ગડા •

• **નસીબવાદ :**

પ્રગતિરોધક માન્યતાનું ત્રીજું પાસું છે એની સાથે જોડાયેલો પ્રારબ્ધવાદ. 'નસીબમાં હશે તે થશે', 'લખ્યા લેખ કોણ ટાળી શકે?' 'પૂર્વ જન્મનાં જેવા કરમ' – આવી વાતો આપણે બધા નાનપણથી વારંવાર એટલી બધી સાંભળીએ છીએ કે જાણ્યે અજાણ્યે એને ચિરકાલીન વિશ્વસિદ્ધાંત માની લઈએ છીએ. ભારતીયોને મન પુરુષાર્થ વ્યર્થ છે કારણકે આપણે કશું કરી શકતા નથી, બધું આગળથી નક્કી થયેલું હોય તે જ થાય છે. ગીતામાં ભગવાને જાતે કહ્યું છે એ કંઈ ખોટું હોય? પરિશ્રમ કે પુરુષાર્થ કરવાની કોઈ પ્રેરણા, ઉદ્યમ કરવાનો કોઈ હેતુ, પ્રયત્ન જારી રાખવાનું કારણ કે પ્રેરકબળ (Motivation) ભારતીય માનસમાં એ જન્મતું જ નથી, કદાચ જન્મે તો પોષાતું નથી. પરંતુ પરદેશી આક્રમણો સામે કે મુશ્કેલ પ્રશ્નો સામે તો Motivationની જ જરૂર સૌથી વધારે હોવાની. ગઝની જેવો મોટો શત્રુ આવ્યો ત્યારે આપણે શરૂઆતમાં માન્યું કે સોમનાથ ભગવાન એને નષ્ટ કરશે. એથી ઉલટું જ કંઈ થયું ત્યારે માન્યું કે આપણું નસીબ જ એવું હશે. આપણા આ કે તે જનમનાં પાપોની આ શિક્ષા હશે. એનો કાંઈ ઉપાય નથી. આ પ્રકારની માન્યતાઓ ખોટી તો છે જ પણ વધુ ગંભીર મુશ્કેલી એ છે કે એના લીધે આપણે આગળ વિચાર કરતા અટકી જઈએ છીએ કે આપણા પરાજયના સાચા કારણો શા હતા? હથિયારોની ખામી હતી? સૈનિકો ઓછા પડ્યા? શિસ્ત તૂટી? વ્યૂહરચના ખોટી હતી? કે પછી એ બધું જ? આવા પ્રારબ્ધવાદની સામે ખ્રિસ્તી ધર્મની પસંદગી કરવાની છુટ (Free Will)ની માન્યતાની સરખામણી કરો. તમે ચાહે તે રસ્તો લેવા મુક્ત છો – 'The Choice is yours.' ઉપરાંત ઈસ્લામની આક્રમક ફિલસૂફી અને મહમદ પયગંબરનું જીવન સરખાવો. એ બંને સામે ભારતીય સમાજ કેમ નમી પડ્યો એ સ્પષ્ટ થઈ જશે.

નાની વયમાં મારી તંદુરસ્તી વિષયક કોઈક બાબતમાં શ્રદ્ધાળુ માતા-પિતાએ ધર્મગુરૂની સલાહ માગી. નિદાન મળ્યું કે મેં પૂર્વજન્મમાં કોઈ ગુરૂની નિંદા કરી હશે, એનું જ આ પરિણામ હોય. ઉપાય? કોઇ નહિ. કર્મનું ફળ ભોગવ્યે જ છૂટકો. જેવું જેનું નસીબ. પ્રાયશ્ચિત થાય? હા, ભગવાનની મૂર્તિના અભિષેકનું જલ પૂરી શ્રધ્ધાથી દવા તરીકે વાપરો. આ દવાથી બે ફાયદા થાય : રોગ મટે તો ધર્મમાં શ્રદ્ધાભક્તિ વધે, ના મટે તો શ્રદ્ધા ઓછી હતી એમ સાબિત થાય!

નિષ્ક્રિયતા કે આળસ કરતાં નસીબવાદ વધારે હાનિકારક છે. આપણી આળસ કે નિષ્ફળતાને સૈધ્ધાંતિક પીઠબળ પૂરું પાડીને એ વાજબી ઠરાવે છે. નિષ્ક્રિયતાને એ ઉચ્ચ દરજ્જો પ્રદાન કરે છે અને આપણને ઉદ્યમ કરવાથી દૂર રાખે છે. 'મારી જિંદગી જો મારા હાથમાં જ ના હોય, તો ઉદ્યોગ, મજૂરી, મહેનત એ બધી ઝંઝટમાં પડવાની શી જરૂર? એવું કરીને પણ ફાયદો થશે ખરો?' જે સમાજનું કલ્ચર આ જાતની વિચારસરણીનો પુરસ્કાર કરે, એ સમાજ પ્રગતિ, ધ્યેય કે વિજય ખાતર મરી ફીટવાની તમન્ના પ્રગટાવી શકે ખરો?

કુદરત આગળ મનુષ્ય નિર્બળ છે. આકસ્મિક અને અણધાર્યું પણ બને જ છે. હકારાત્મક વલણ, યોગ્ય અભિગમ અને ઉદ્યમ દાખવીને આ બધામાં સુધારો કરી શકાય છે. માનવ જીવનની ચડતી પડતીમાંથી છુટકારો નથી એ નસીબવાદને શરણે જવાનું કારણ ન બનવું જોઈએ. આપણા ભવિષ્યનું ઘડતર આપણે ત્યારે જ કરી શકીએ, જ્યારે આપણી જાતને નસીબનો શિકાર કે રમકડું કલ્પવાનું છોડી દઈએ. બધી બાબતોમાં આપણું જ ચાલવાનું નથી, એનો અર્થ એવો તો નથી જ કે કોઈ પણ બાબતમાં આપણું ચાલવાનું નથી એટલે આપણે એને છોડી દઈએ. સંપૂર્ણ નિયંત્રણ આપણા હાથમાં ના હોય, છતાં વધુ સારાં પરિણામોની શક્યતા વધારવા ખાતર આપણે ઘણું બધું કરી શકતા હોઈએ છીએ. સક્રિયતા ને સુધારણા, ફરી કાર્ય, ફરી વધુ સુધારણા – એ જ યોગ્ય રીતિ છે. અગમચેતી લીધા પછી પણ નિષ્ફળતા મળે, તો એનો નિર્ણાયક પ્રત્યુત્તર એ જ શ્રેષ્ઠ નીતિ છે. આપણો પ્રબળ પ્રારબ્ધવાદી સમાજ આ વ્યવહારુ સિદ્ધાંત કદી સમજ્યો નથી.

પ્રારબ્ધવાદ વિશે ત્રણ વાતો નોંધવાલાયક છે :

૧. તમે એને કદી ખોટો ઠરાવી ના શકો : જે કાંઈ થાય તે જ થવા નિર્માયું હતું! તમે ક્યાં જઈ રહ્યા છો એ તમને ખબર ન હોય, ત્યારે બધા રસ્તા તમને ત્યાં જ પહોંચાડે.

૨. પ્રારબ્ધવાદ સ્વનિર્મિત ભાવિ (Self-fulfilling prophcy) ભાખે છે, શેરબજારની જેમ. એમાં બધાનો ઝોક મંદી તરફ હોય ત્યારે મંદી જ થવાની.

૩. પ્રારબ્ધવાદ સાચો હોય તો નીતિની કે ઈશ્વરની કૃપાની કે સ્વ-પસંદગી (Free Will)ની જરૂર જ નથી. જે થવાનું હતું તે જ થઈને રહેવાનું હોય તો આ ત્રણેય નિરર્થક છે. આ તો તદ્દન સહેલું તર્કશાસ્ત્ર છે.

*જ્ઞાન એ દોરો પરોવેલી સોય જેવું છે. જેમ દોરો પરોવેલી સોય ખોવાતી નથી તેમ જ્ઞાની સંસારમાં ભૂલો પડતો નથી.*

- **વિચારશૂન્યતા :**

અધ્યાત્મ અને પુનર્જન્મ વિશેની માન્યતાઓ એટલી બધી શ્રધ્ધા માગી લે છે કે ઘણીવાર વિચારશૂન્યતાની હદમાં પહોંચી જાય છે. મારા એક સુશિક્ષિત મિત્ર કહે, 'ત્રણ જન્મો પૂર્વે હું ફિનલેન્ડમાં માછીમાર હતો એમ એક જ્યોતિષીએ મને કહેલું.' એમને કોઈ કહે કે તમારા ગામમાં સાતમાળી મકાન છે, તો એ નહિ માને. પરંતુ સાત સ્વર્ગ અને સાત નરકના અસ્તિત્વ વિશે એમને કોઈ શંકા નથી. એ દરેકનાં નામ સુદ્ધાં એ જાણે છે. વિચાશક્તિને ઘેર મૂકીને જાઓ તો જ હિંદી સિનેમા અને આપણા મંદિરોમાં પ્રવેશીને વાર્તાઓને માણી શકો. ગયા જન્મનાં કે આવતા જન્મનાં રંગીન સપનાં ગુરૂ તમને ખાતરીપૂર્વક બતાવી શકે કારણ એની ખાતરી કરવા કોઈ જવાનું નથી એની ગુરૂજીને ખાતરી છે. ૫૦૦ વરસ પછી જ વટાવી શકાય એવો એક કરોડ રૂપિયાનો ચેક આજે હું જરૂર તમને આપી શકું. મારા ખાતામાં બિલકુલ બેલેન્સ ન હોય તો પણ.

ધર્મમાં શ્રધ્ધા હોવી એમાં કંઈ ખોટું નથી. પરંતુ યાદ રહે કે એ શ્રદ્ધા ફક્ત ઈશ્વરમાં નહિ, પણ એના નામે ધંધો કરનારા ભક્તોમાં, સાધુઓમાં, પુરાણોમાં, પુનર્જન્મમાં, ચમત્કારિક વાર્તાઓમાં અને વિધિઓ ને રિવાજોના બખડજંતરમાં તમને દોરી જાય છે. આ બધામાં સારાપણાના અલ્પાંશ સાથે મૂર્ખતાનો અધિકાંશ હોય છે. શ્રદ્ધાનો સૂતરનો તાંતણો સામાન્ય સમજથી દૂર દૂર માઈલો જેટલો ખેંચો ત્યારે તે તૂટી જશે. તૂટશે નહિ તો દરેક પ્રકારની વિચારશૂન્યતા અપનાવી લેવાની ટેવ પાડશે. પરંતુ દુન્યવી વાસ્તવિક્તા હજી સુધી ઘણાના માનસમાં પ્રવેશી શકી જ નથી.

કેટલીક હાનિકારક ને સુપ્રચલિત એવી માન્યતાઓની આ નાનકડી અને અપૂર્ણ યાદી હતી, જેણે ભારતીય સમાજને સદીઓથી જકડી રાખ્યો છે. એમનો પ્રચાર-પ્રસાર કરનાર હજારો કથાઓ, પુરાણો, ફિલ્મો, ગુરૂઓ, આશ્રમો, દેશમાં ઠેર ઠેર પથરાયેલા છે. એમની રૂઢિગ્રસ્ત કથાઓ, ચીલાચાલુ વાતો, બીબાંઢાળ સૂત્રોચ્ચારો એ બધા જનતાનાં રોજનાં ખોરાક-પાણી બની ગયા છે. આ બધાના તાણાવાણા વણાઈને આપણા સંસ્કારોનું પોત પ્રગટ્યું છે. એ વસ્ત્રની મજબૂતી ને ગુણવત્તા તપાસીને એને માપવા અને મૂલવવાની આજે તાતી જરૂર છે.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭૯૯૦૦૯*

## પર્યાવરણ સુરક્ષા અર્થે ગાંધીજીના વિચારો

**(અનુ. પાના નં.-૧૫૭ ઉપરથી ચાલુ)**

કરવામાં આવી. ઈ.સ. ૧૯૬૯માં આંતરરાષ્ટ્રીય પ્રાકૃતિક સંરક્ષણ સંઘ સ્થપાયું. ઈ.સ. ૧૯૭૨ને આંતરરાષ્ટ્રીય પ્રકૃતિ સંરક્ષણ વર્ષ ઘોષિત કરવામાં આવ્યું. એ સમયે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પર્યાવરણ કાર્યક્રમનો આરંભ થયો. વન્ય જીવન સંરક્ષણ માટે ઈ.સ. ૧૯૭૬માં સમજુતી સધાઈ જેનું મુખ્યાલય વોશિંગ્ટનમાં છે. ઈ.સ. ૧૯૯૨માં જૈવ વિવિધતા સંધિ પર બ્રાઝીલના રિયો-ડી-જાનેરોમાં પૃથ્વી પર શિખર સંમેલન યોજાયું.

પર્યાવરણીય પ્રશ્નોનો ઉકેલ મહાત્મા ગાંધીએ દર્શાવ્યો છે તે વિશ્વની માનવજાતે અપનાવવા જેવો છે. આજે તો અનેક યુનિવર્સિટીઓમાં સ્નાતક કક્ષાએ 'ગાંધીજીના આર્થિક વિચારો'નો અભ્યાસ 'Gandhian Economic Thoughts' કરાવાય છે. બાળપણથી જ બાળકોને પર્યાવરણની સુરક્ષા સમજાવવાની આવશ્યક્તા છે. વસતિ નિયંત્રણના પગલા ભરવા, ઘન કચરાનું રીસાઈકલિંગ કરી ઉત્પાદન હાથ ધરવું. નૈસર્ગિક સંપત્તિઓનો ઉપયોગ કરકસરયુક્ત રીતે કરવો. પર્યાવરણ સંબંધે જાગૃતિ લાવવા, સામાજિક ક્ષેત્રે સામાજિક સંસ્થાઓ કાર્યક્રમો રચી સહાયરૂપ થઈ શકે. પર્યાવરણ સુરક્ષા અર્થે કાયદાઓનું કડક પાલન થવું જરૂરી છે.

સમગ્ર જગતની મનુષ્યજાતિ માટે તંદુરસ્ત પર્યાવરણ અર્પવા અને નિસર્ગની અતિ મૂલ્યવાન પ્રાકૃતિક અણમોલ ભેટોને જતન કરી જાળવી રાખવા, મહાત્મા ગાંધીજીના ઉમદા વિચારોને અપનાવવા સૌના હિતમાં છે.

*૬/એ, લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૫૫૫૨૩૪૩૪૬*

## વિશ્વ અહિંસા દિવસ

**(અનુ. પાના નં.-૧૫૬ ઉપરથી ચાલુ)**

અને હિંસા વચ્ચે જ પસંદગી કરવાની હોય ત્યાં હું હિંસા કરવાની સલાહ આપું.' ભારત આવ્યા પછી પહેલાં વિશ્વયુદ્ધ વખતે તેમણે સૈનિક ભરતીનું કામ પણ કર્યું. ત્યારે તેમણે કહેલું કે આપણે લોકો એટલા નિર્વીર્ય બન્યા છીએ કે આપણામાં તલવાર ચલાવવાની ન તો હિંમત છે, ન તાકાત છે. તેથી લોકો એકવાર લશ્કરમાં ભરતી થાય તો હિંમત આવે અને આપણો અવાજ બુલંદ થાય. ગાંધીજીનું ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ મૃત્યુ થયું તે પછી વિવિધ દેશોમાંથી સંદેશાઓ આવેલા. તેમાં જનરલ મેક આર્થરનો સંદેશો હતો. તેમણે લખ્યું હતું કે, 'કોઈ ને કોઈ દિવસે દુનિયાને ગાંધીજીની વાત જ સાંભળવી પડશે.' ૨૦૦૭માં યુનેસ્કોએ તે સાંભળી. ગાંધીજીના જન્મ દિવસને 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું. **આજના અણુયુગમાં યુનાઈટેડ નેશન્સ હોય કે દુનિયાના દેશોની પાર્લામેન્ટો હોય, નાના-નાના જૂથ હોય કે દુનિયાના અંતરના એકાંતમાં હોય, બધે માણસો આજે યુદ્ધના નૈતિક અવેજની શોધમાં છે.** ગાંધીજીની અહિંસાની વાત જ આજના જમાનાને અનુકૂળ વાત છે. આજે સામાજિક, આર્થિક, રાજકીય ગૂંચો અહિંસાથી ઉકેલી દુનિયાને તેની પ્રતીતિ કરાવવાની છે. ખોખલી શાંતિ ચાહનાની જાહેરાતોનો કોઈ અર્થ નથી. હોરેસ એલેકઝાન્ડરે લખ્યું છે કે, 'બહારના જગત માટે તો રાષ્ટ્રીય સંરક્ષણ માટે થયેલી એક સૈનિકની ઉમેરણી રાષ્ટ્રના શાંતિપ્રેમની જાહેરાત કરનારાં સંખ્યાબંધ ભાષણોને ક્યાંયે પાછા નાખી દે છે.' **આજે દુનિયાને અહિંસાનો માર્ગ પકડી કોઈ રાષ્ટ્ર પોતાના દેશને નિઃશસ્ત્ર જાહેર કરી સશસ્ત્રદળોનું વિસર્જન કરી આખી દુનિયાને રાહ ચીંધે છે. તે જ ખરી રીતે 'વિશ્વ અહિંસા દિવસ'ની ઉજવણી કરી ગણાય.**

*મદદનીશ પ્રકાશન અધિકારી,*
*ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ.*
*મો. ૯૪૨૭૬ ૨૦૧૩૨*

સમાજની ક્ષિતિજો

# તું અને હું – આ દાસ્તાન સનાતન : (૬)

• માવજી કે. સાવલા •

આજે (તા. ૩૧-૮-૨૦૧૪) ફરી એકવાર તારી અને મારી દાસ્તાન 'તું અને હું' આગળ ચલાવી રહ્યો છું. હું શા માટે આ લખી રહ્યો છું એવો પ્રશ્ન હું મારી જાતને કરતો નથી, કારણકે ચોમાસામાં તળાવ છલકાય છે ત્યારે ઉભરાતું પાણી 'ઓગન' પરથી વહીને ચારેતરફ ફેલાય છે.

તારી છબી સમક્ષ હાથમાં બે ધૂપસળી લઈને નતમસ્તકે જ્યારે રોજ સવારમાં ઊભો રહું છું ત્યારે ધૂપસળીની રાખને ખરતી નિહાળતો હોઉં છું. આ દાસ્તાનના મારા શબ્દો પણ જાણે કે એ ખરતી રાખરૂપે જોતો રહું છું. એ જ અગ્નિ દેવતાની સાખે આપણે જોડાયા અને અગ્નિની સાખે જુદા પડ્યા. ગઈકાલે રેડિયો પર એક ગીત શરૂ થયું :

*'ચૂપકે, ચૂપકે, રાત દિન આંસુ બહાના યાદ હૈ....'*

શીઘ્ર ઊભો થઈને હું તારી છબી સમક્ષ મારા વહેતા અશ્રુ-પ્રવાહની સાથે ધીમું નૃત્ય ત્રણેક મિનિટ માટે કરતો રહ્યો. મારા નમન હો એ ગીતકાર - શાયરને કે જેણે મારા દિલમાં - માનવ દિલમાં છુપાયેલ મૂક વેદનાને વાચા આપી! અરે! તું આ બધું ધ્યાનથી સાંભળે તો છે ને?

ગઈકાલે પર્યુષણ પર્વ પૂરા થયા. ઘરમાં બધા જ (પુત્ર જયેશ, પુત્રવધૂ ભારતી અને પૌત્ર ઋષિ) સાંવસ્તરિક પ્રતિક્રમણ કરવા ગયા હતા. એટલે ઘરમાં હું સાવ એકાકી – ના, ના, હું હવેથી મને એકાકી નહિ કહું. છબીરૂપે મને તારો સંગાથ રોજેરોજ ચોવીસે કલાકનો છે, એ હવે હું અનુભવતો રહ્યો છું. તારી છબી સામે નવકારવાળી માળા મેં હાથમાં લીધી અને એક માળા પૂરી કરી. પછી મોબાઈલમાંનું ભક્તામર સ્તોત્ર સાંભળતો રહ્યો. યાદ છે ને તને? લકવાના પ્રથમ હુમલા પછી રોજ સવારના તડકામાં તને ગેટ આગળ બેસાડતો ત્યારે તારી બાજુમાં બેસીને તને મોબાઈલમાંનું એ ભક્તામર સ્તોત્ર સંભળાવતો. તને કંઠસ્થ એ ભક્તામર સ્તોત્રનું તું નિત્ય સ્તવન કરતી - મને પણ એ સંભળાવતી. મને એ બધું કેમ યાદ ન હોય?

તારી આ મંગળ છબીની રોજેરોજની ધૂપપૂજા પછી એ રાખનું જ હું કપાળે તિલક કરું છું, સ્ત્રીઓ પતિના નામે સૌભાગ્યના પ્રતીકરૂપે ચાંલ્લો કરે છે ને? તું પણ મારી નજર સામે જ ચાંદલો કરતી. સ્ટીકરના ચાંદલાના જમાનામાં છેલ્લે છેલ્લે ક્યારેક ચાંદલો બરોબર યોગ્ય સ્થાને ન લાગ્યો હોય તો કવચિત તું મારી મદદ લેતી ને! તારા નામે આ ભસ્મ વિભૂતિનું મારા કપાળે કરેલ આ તિલક એટલે? તારા જેવી - લાખો મેં એક જેવી તું મને આ જીવનમાં મળી એનું સૌભાગ્ય તિલક હું ગણું છું. સ્ત્રીને અર્ધાંગી કહી છે. હવે તારું આંતર - બાહ્ય રૂપ સતત વધુને વધુ પ્રકાશિત થતું મને છબીમાં જોવા મળે છે, એટલે કંઈક ગંભીર સમજણપૂર્વક હું કહી શકું છું કે સ્ત્રી સદા પૂર્ણાંગી છે.

આપણા લગ્ન પછીના બે-ત્રણ વરસ પછી જ કોઈક અંતરાય કર્મના ઉદય તરીકે તારી માંદગીઓની શરૂઆત થઈ, સૌપ્રથમ ટી.બી.થી. ત્યારે તો એ રાજરોગની આધુનિક અસરકારક દવાઓ હજી શોધાઈ પણ નહોતી. છેવટે તળેગાંવ ખાતેના ટી.બી. સેનેટોરિયમમાં આપણી જ્ઞાતિના દર્દીઓ માટે કેટલાક કોટેજીસ અનામત હતા, એટલે એકંદરે કંઈક સુખકારક સગવડ થઈ. રસોડું પણ પોતાનું જ. આરંભમાં થોડાક મહિના તારી સેવામાં આસોકાકાના પત્ની રતનકાકી ત્યાં રહ્યા અને ત્યાર પછી મારા લક્ષ્મી મામી રહ્યા. લગભગ દર અઠવાડિયે તારા બાપુજી કે તારા ભાઈઓમાંથી એકાદ ભાઈ ત્યાં આવતા. હું પણ દર અઠવાડિયે એક દિવસ પહોંચી આવતો. તું તો માંડ ત્રણ ધોરણ ભણેલી અને હું ત્યારે F.Y.Arts ભણેલો. એ સમયગાળામાં તેં મને લખેલ પ્રથમ પ્રેમપત્રને હું કેમ ભૂલી શકું? પત્રને અંતે તેં લખ્યું હતું :

*"ઉડ પત્ર ઉતાવળે, જાજે પિયુની પાસ,*
*વહેલો વહેલો આવજે, જવાબ લઈને પાસ."*

એક વરસની તારી આ સારવાર. એક લં....બી... જુદાઈ. તું સાજી થઈને આવી એટલે પિતાશ્રીએ આપણને બંનેને મુંબઈ - વસઈ નજીક આવેલ તીર્થ જેવા સ્થળ 'અગાસી' મોકલ્યા. ત્યાં સુંદર સેનેટોરિયમમાં સુખકારક સ્વતંત્ર ડબલ રૂમનો નિવાસ, માયાળુ પડોશીઓ, ચારે તરફ હરિયાળી, થોડેક જ દૂર આવેલા દેરાસરમાં આપણે બંને રોજ સવારમાં જતા. પૂજારી ડાહ્યાભાઈ હજી પણ મને યાદ રહી ગયા છે. ક્યારેક હાર્મોનિયમ પર પૂજાઓ ભણાવતા હોય. એ સેનેટોરિયમમાં આપણા એક પડોશી સાણંદના બહેન મને યાદ રહી ગયા છે. હવે નામ તો યાદ ન જ હોય, પણ આપણી સાથેનો એમનો સ્નેહસભર નાતો કેમ ભૂલાય? એમની ૫-૭ વરસની દીકરી તો રોજ આપણે ત્યાં હસતી-રમતી આવે.

આવી લાંબી માંદગી વચ્ચે કદી પીડાનો હરફ પણ તારા હોઠે અમે સાંભળ્યો નહિ. એ પછી પણ એક યા બીજી માંદગી વેઠવાનું તને આવતું જ રહ્યું. તારા ચહેરા પર એ નિત્ય પ્રસન્નતા અને સંતુષ્ટ જીવનની છબી, તારી એ સદાની સહનશીલતા, સંસારની આધિ - વ્યાધિ - ઉપાધિ વચ્ચે પણ તારું સ્વસ્થ મન. કદી કોઈ ફરિયાદ નહિ, કોઈ માંગણી નહિ. એ બધું યાદ કરતાં આજે હવે હું કંઈક શીખ્યો - સમજ્યો છું. એટલે જ

(અનુ. : જુઓ પાના નં.-૧૬૬ ઉપર)

*જે જ્ઞાન આચરણમાં નથી પ્રગટ થતું, તે જ્ઞાન કેવળ બોજારૂપ છે.*

તંદુરસ્તી

# નિદ્રા (Sleep)

● ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) ●

ઊંઘ મનુષ્યની પ્રાથમિક જરૂરિયાત છે. ઓક્સિજન, પાણી, ખોરાકની જેમ દરેક મનુષ્યને ઊંઘની જરૂરત છે. તરત જન્મેલું બાળક હોય કે સદી વટાવેલ વડીલ હોય, શિશુ હોય કે યુવાન હોય, ઊંઘ વગર કોઈનેય ચાલતું નથી.

ઊંઘ વિષે આપણે સૌને ખૂબ જ ઓછી જાણકારી છે. માન્યતાઓ અને ગેરસમજ વધારે છે. ઊંઘ વિષેના થોડાક સામાન્ય પ્રશ્નો નીચે પૂછ્યા છે :

૧. વ્યક્તિને કેટલાક કલાક સૂવું જોઈએ?
૨. બપોરે સૂવું જોઈએ કે નહિ? જો સૂવું હોય તો કેટલા કલાક સૂવું જોઈએ?
૩. રાતના કેટલા વાગે સૂઈ જવું જોઈએ?
૪. સવારના કેટલા વાગે ઊઠવું જોઈએ?
૫. બાળકો માટે કેટલા કલાક ઊંઘની જરૂરત છે?
૬. વરિષ્ઠ નાગરિકોને કેટલા કલાક ઊંઘવું જોઈએ?

## ● ઊંઘ એટલે શું?

ઊંઘ એટલે કુદરતી રીતે પુનરાવૃત્ત થતી પ્રક્રિયા. જેમાં અલગ ચેતના (altered consciousness) હોય છે, સંવેદના (sensation) ઓછી હોય છે. સ્નાયુની ક્રિયા નહીં બરાબર હોય છે તથા જેમાંથી વ્યક્તિને સહેલાઈથી શુધ્ધિ / ચેતનામાં લાવી શકાય છે.

ઊંઘ વિષેનું સંશોધન દાયકાઓથી થઈ રહ્યું છે. મગજના ઈલેક્ટ્રીકલ ગ્રાફ (Electro Encephalo Graph - EEG) પરથી આલફ્રેડ લુમીસ અને સાથીદારોએ ૧૯૩૭માં ઊંઘનું પાંચ તબક્કાઓમાં વર્ણન કર્યું હતું (Stages A to E) ૧૯૫૩માં વિલિયમ ડેમેન્ટ તથા નાથીએલ ક્લાઈટમેને આર.ઈ.એમ. (REM – Rapid Eye Movement) તબક્કાની શોધ કરી. તાજેતરમાં ૨૦૦૭માં ધી અમેરિકન એકેડેમી ઓફ સ્લીપ મેડિસિને (The American Academic of Sleep Medicine - AASIM) ઊંઘનું વર્ણન ચાર તબક્કા (Stages)માં કર્યું છે.

## ● સ્લીપ લેબોરેટરી :

ઊંઘ વિષેની વૈજ્ઞાનિક તપાસ સ્પેશિયલ પ્રયોગશાળામાં થાય છે જેને સ્લીપ લેબોરેટરી (Sleep Laboratory) કહેવાય છે. આ તપાસ પોલીસોમનો ગ્રાફી (polysomnography) દ્વારા થાય છે. જેમાં એક સાથે એકી સમયે મગજનો ઈલેક્ટ્રીકલ ગ્રાફ (EEG), આંખોના સ્નાયુનો ગ્રાફ (Electro Occulo Graphy - EOG) તથા સ્નાયુનો ગ્રાફ (Electro Myography – EMG) કરાય છે. આ તપાસ આખી રાત ચાલે છે.

વ્યક્તિ જ્યારે જાગ્રત અવસ્થામાંથી નિદ્રામાં જાય છે ત્યારે મગજના ગ્રાફમાં ફેરફારો થાય છે. આ ફેરફારો પ્રમાણે

★ ઊંઘના તબક્કાઓનું વર્ણન કરાય છે તથા વર્ગીકરણ કરાય છે.

★ ઊંઘના બે મહત્ત્વના તબક્કાઓ છે :

૧. એન.આર.ઈ.એમ. (NREM – Non Rapid Eye Movement)
૨. આર.ઈ.એમ. (REM – Rapid Eye Movement)

### ૧. એન.આર.ઈ.એમ. ઊંઘ (NREM Sleep) :

એન.આર.ઈ.એમ. ઊંઘમાં ત્રણ તબક્કાઓ હોય છે :

(અ) સ્ટેજ એન-૧ (Stage N-1) : જાગૃત અવસ્થામાંથી નિદ્રામાં જવાનો આ તબક્કો છે. વ્યક્તિ આંખો બંધ કરી સૂવાની તૈયારી કરે છે. આ તબક્કામાં વ્યક્તિ અર્ધસુષુપ્ત અવસ્થામાં હોય છે. આજુબાજુમાં થતી વાતચીત વ્યક્તિ સાંભળે છે તથા બીજે દિવસે આ વાતચીત યાદ રહે છે. સ્નાયુઓ ધીમે ધીમે ઢીલા પડતા જાય છે. વ્યક્તિને સહેલાઈથી આ તબક્કામાંથી જગાડી શકાય છે.

★ ઈઈજી (EEG) જાગૃત અવસ્થામાં આલ્ફા વેવ (૮-૧૩ સાઈકલ/સેકન્ડ) હોય છે તે થીટા વેવ (૪-૭ સાઈકલ/સેકન્ડ) બને છે.

★ ઘણી વખત વ્યક્તિને આ તબક્કામાં હાથ કે પગના સ્નાયુમાં આંચકો આવે છે (myoclonus). કોઈક વખત વ્યક્તિને ભાસ થાય છે (hyphagonic hallucinations).

(બ) સ્ટેજ એન-૨ (Stage N-2) :

આ તબક્કામાં સ્નાયુની પ્રવૃત્તિ એકદમ ઓછી થાય છે. આજુબાજુમાં થતી પ્રવૃત્તિની ખબર પડતી નથી. અવાજ થતાં હોય તો પણ વ્યક્તિને એની ખબર પડતી નથી.

● ઈઈજી મગજના ગ્રાફમાં થીટા વેવ જોવા મળે છે. તથા ઝડપી ૧૧-૧૬ સાઈકલ / સેકન્ડ વેવ જોવા મળે છે. જેને સ્લીપ સ્પીન્ડલ (sleep spindle) કહેવાય છે. કે-વેવ પણ જોવા મળે છે.

● સંપૂર્ણ ઊંઘમાં ૪૫-૫૫% ઊંઘ આ તબક્કાની ઊંઘ છે.

*નિષ્ક્રિય ઊંડા જ્ઞાન કરતાં સક્રિય સાદી સમજ મહાન છે.*

(ક) સ્ટેજ એન-૩ (Stage N-3) :

- આ તબક્કામાં વ્યક્તિ ઊંડી ઊંઘ (Deep Sleep)માં જાય છે. વ્યક્તિને ઉઠાડવાનું મુશ્કેલ બને છે. આ તબક્કાને ધીમી વેવની ઊંઘ (Slow Wave Sleep) પણ કહેવાય છે.
- ઈઈજી : મગજના ગ્રાફમાં ધીમી ગતિના વેવ (૦.૫થી ૨ સાઈકલ/સેકન્ડ) જોવા મળે છે.
- સંપૂર્ણ ઊંઘની ૨૦% ઊંઘ આ તબક્કાની ઊંઘ છે.
- ઊંઘમાં ચાલવાનું, ઊંઘમાં ડરી જવાનું, ઊંઘમાં પથારીમાં પેશાબ કરવાનું, ઊંઘમાં બોલવાનું આ તબક્કાની ઊંઘમાં થાય છે.

**૨. આર.ઈ.એમ. સ્લીપ (Rapid Eye Movement – REM Sleep) :**

આ તબક્કામાં વ્યક્તિના આંખોના ડોળા એકબાજુથી બીજી બાજુ ફરતા રહે છે. એટલે આ તબક્કાને નામ આર.ઈ.એમ. (Rapid Eye Movement Sleep – REM Sleep) આપવામાં આવ્યું છે.

★ આ તબક્કામાં શારીરિક ક્રિયાઓ (શ્વાસોચ્છવાસ, હૃદયના ધબકારા, બ્લડપ્રેશર વગેરે) જાગૃત અવસ્થા પ્રમાણે થાય છે પરંતુ સ્નાયુઓ જડ (paralyse) થઈ જાય છે. જેથી વ્યક્તિ હલનચલન કરી શકતી નથી.

★ આ તબક્કામાં સ્વપ્નાઓ આવે છે (Dreaming Sleep). દરેક વ્યક્તિને સ્વપ્નાઓ આવે છે. ફક્ત આ સ્વપ્નાઓ અમુક વ્યક્તિને યાદ રહે છે, બીજી વ્યક્તિઓને સ્વપ્ના યાદ રહેતા નથી. એટલે એમને લાગે છે કે એમને સ્વપ્ના નથી આવતા. આર.ઈ.એમ. સ્લીપના તબક્કામાં વ્યક્તિને જગાડવામાં આવે તો પણ ઊંડાણમાં સ્વપ્નાઓ વિષે વ્યક્તિ વર્ણન કરી શકે છે.

★ ઈઈજી : મગજના ગ્રાફમાં ઝડપી વેવ ૮-૧૩ સાઈકલ / સેકન્ડ જોવા મળે છે.

★ એન.આર.ઈ.એમ. - આર.ઈ.એમ.નું ચક્ર : એન.આર.ઈ.એમ. - આર.ઈ.એમ.ના ઉપરોક્ત તબક્કાઓથી એક ઊંઘનું ચક્ર પૂરું થાય છે. આખી રાતમાં આ પ્રકારના ૪થી ૫ ચક્ર આવે છે. સ્ટેજ એન-૧ — એન-૨ — એન-૩ — એન-૨ — આર.ઈ.એમ.

★ ઊંડી ઊંઘ (એન-૩) રાતની શરૂઆતમાં સમયમાં વધારે વખત હોય છે. એટલે એ સમયમાં વ્યક્તિને જગાડવાનું મુશ્કેલ બને છે.

★ આર.ઈ.એમ. ઊંઘ - સ્વપ્નાની ઊંઘ વહેલી સવારના, પરોઢિયે વધારે હોય છે. એટલે ઘણી વખત વ્યક્તિને સ્વપ્નાઓ યાદ રહે છે.

- **ઊંઘની માત્રા (Timing) :**

ઊંઘની માત્રા અલગ અલગ વ્યક્તિમાં અલગ અલગ હોય છે તથા ઉંમર પ્રમાણે પણ જરૂરિયાત બદલાય છે. રાતની ઊંઘ બાદ દિવસ દરમ્યાન ઘેન જેવું ન લાગે તથા રોજિંદા કાર્યોમાં ખલેલ ન પહોંચે તો એ વ્યક્તિ માટે પ્રમાણસર ઊંઘ કહેવાય.

સામાન્ય રીતે ૬ થી ૮ કલાકની ઊંઘ નોર્મલ છે.

- **ઊંઘના નિયમો (Sleep Hygiene) :**

★ સવારના ઉઠવાનો સમય નિયમિત હોવો જોઈએ. (રાતના ગમે તેટલા વાગે ઊંઘ આવી હોય તો પણ)

★ સૂતી વખતે જ પથારીમાં સૂવો. દિવસના ભાગમાં કે સાંજે પથારીમાં આળોટવાનું ટાળો.

★ બેડરૂમ શાંત, આરામદાયક, અંધારાવાળું હોવું જરૂરી છે.

★ સૂવાના સમય પહેલાં દલીલબાજી ટાળો. ઉત્તેજીત ન બનો.

★ ચા, કોફી, કોલાયુક્ત ઠંડા પીણા, તંબાકુ, ધૂમ્રપાન સાંજ બાદ ન લો.

★ નિયમિત શિથિલતા - રીલેક્સેશન કરો (પ્રાણાયામ, યોગા, વિપાસના વગેરે).

★ શરીરની સ્થિતિ સૂતી વખતે આરામદાયક હોવી જોઈએ.

★ યોગ્ય સમયે જમી લો. મોડી રાત્રે જમવાનું ટાળો. રાતનું ભોજન હળવું લો.

★ રાતના ટી.વી. જોવાનું ટાળો (ઊંઘ ન આવે તો પણ).

★ ઊંઘ ન આવે તો પણ પથારી ન છોડો.

★ ઊંઘ ન આવે તો પણ ઘડિયાળ ન જુઓ.

★ ઊંઘ ન આવે તો શિથિલતા - રીલેક્સેશન (યોગા, પ્રાણાયામ, શવાસન, વિપશ્યના) કરો.

*(ક્રમશઃ)*

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*સન્તા : પાંચ લીટર ભેંસનું દૂધ આપો.*

*દૂધવાળો : અબે ડફોળ, આટલી નાની તપેલીમાં એટલું દૂધ ના આવે.*

*સન્તા : ઠીક છે, પાંચ લીટર બકરીનું દૂધ આપો!*

**JAYANT STEELS**
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
**Ph. : (022) 2242 2463 • 2242 7263**

**જયંત સ્ટીલ્સ**
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
**સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન**

વાર્તા

# જોઈ લઈશ!

• હરેશ ધોળકિયા •

મોના ચૂપચાપ જતીનને જતા જોઈ રહી. તેની બંને બાજુ પોલીસો હતા. તે નીચું મોં કરી ચાલતો હતો. પોલીસ જીપ પાસે તેઓ પહોંચ્યા. જીપનું પાછલું બારણું ડ્રાઈવરે ખોલ્યું. એક પોલીસે જતીનનો હાથ પકડ્યો અને જોરથી અંદર ધકેલ્યો. તે લડથડાતો અંદર બેસી ગયો. બીજા પોલીસ અંદર બેસી ગયા. પછી ડ્રાઈવરે બારણું બંધ કરી દીધું. પછી તે પોતાની સીટ પર બેસી ગયો. ગાડી ચાલુ કરી અને એક પળમાં તો ધૂમાડો ઉડાડતી તે ચાલી ગઈ.

વાતાવરણમાં શાંતિ છવાઈ ગઈ.

મોનાએ પણ પોતાની બેગ હાથમાં લીધી અને ચૂપચાપ ચાલવા લાગી. થોડે દૂર પડેલ સ્કૂટર પાછળ તે બેગ મૂકી અને પછી તે તેના પર બેસી ગઈ. તેને ચાલુ કર્યું અને પોતાના ઘર તરફ દોડાવી દીધું.

મોનાના ચહેરા પર ઉદાસીનતા અને મક્કમતા એમ બે ભાવો રમતા હતા. જે ઘટના બની તે બાબતે તે ખૂબ જ ઉદાસીન હતી, પણ તેને આવું કરવું પડ્યું તે બાબતે મક્કમ હતી.

શાંત રસ્તા પર તેનું સ્કૂટર દોડ્યું જતું હતું.

સમાંતરે તેના વિચાર પણ એટલા જ ઝડપથી દોડતા હતા.

સમગ્ર ઘટના તેના મનમાં વારંવાર આવતી હતી.

આવું કરવાની જતીનને જરૂર શું હતી? તેના મનમાં વિચાર ઝબકતા હતા. શાંતિથી જીવતાં હતાં, મજા કરતા હતાં. તેને તેના પર પ્રેમ પણ હતો. છતાં આવું શા માટે કર્યું?

છેવટે તો પુરુષને! તેણે માની લીધું કે મોના ભલેને ગમે તેટલી વટવાળી હોય, તો પણ આખરે સ્ત્રી છે. એક ધમકી આપશે તો નમી જશે. પણ તેની ગણતરી ખોટી પડી. તે ન નમી.

ગંભીર ચહેરા પર પણ આછું સ્મિત આવી ગયું.

તેના સામે સમગ્ર ભૂતકાળ તરવા લાગ્યો...

મોના એક સ્વતંત્ર છોકરી હતી. બાળપણથી જ તે સ્વતંત્ર રીતે વિચારતી હતી. તે ભણવામાં પણ ખૂબ હોંશિયાર હતી. તેના માતા-પિતાને તેનું ગૌરવ હતું. તે તેને બધી જ સગવડો આપી ભણાવતા હતા. સ્વતંત્રતા પણ આપતા હતા. કોલેજમાં તેણે કોમર્સ લીધું હતું. દર વર્ષે તે પ્રથમ જ આવતી હતી. કોલેજ પણ તેનું ગૌરવ લેતી હતી. કોલેજના આચાર્ય તેના વિકાસમાં રસ લેતા હતા. તે તેને ખૂબ વંચાવતા. પ્રવૃત્તિઓમાં પણ તેને જોડતા. ઘણીવાર પોતાને ત્યાં બોલાવી ચર્ચાઓ કરતા અને વિશ્વની માહિતી આપતા. વિશ્વ બનાવોનું પૃથક્કરણ કરાવતા. આમ તેની બુધ્ધિને તીવ્ર કરતા.

તે સતત કહેતા : 'બેટા મોના, આ નવી સદી તમારી છોકરીઓની છે. જો, ઐશ્વર્યા રાયથી સુનીતા વિલિયમ્સ સુધી અનેક બહેનો અનેક ક્ષેત્રોમાં આગળ આવે છે. તું ભલે નાના ગામમાં અભ્યાસ કરતી હોય, પણ કદી પછાતપણું ન અનુભવતી. લઘુતાગ્રંથિ તો ક્યારેય પણ નહીં. તારે પણ તને ગમતા ક્ષેત્રમાં આગળ વધવાનું છે. અને તે અનેક અભ્યાસ ક્ષેત્રોનો પરિચય આપતા. મોનાને એમ.બી.એ. થવાની ઈચ્છા હતી.

બી.કોમ.માં તે યુનિવર્સિટીમાં પ્રથમ આવી. બધા તો ખુશ થઈ ગયા. આચાર્યે જ તેને એક સરસ કોલેજમાં એમ.બી.એ.માં પ્રવેશ મેળવી આપ્યો. તે હોસ્ટેલમાં રહી ભણી. પરિણામે વધારે સ્વતંત્ર અને સ્વાવલંબી બની. તેના માતા-પિતાએ બધી જ છૂટ આપેલ. પણ તે ક્યારેય સ્વચ્છંદતા તરફ ન ગઈ. હા, બોયફ્રેન્ડ્ઝ રાખતી, હરતી-ફરતી, પણ સંયમમાં રહેતી. છોકરાઓ પણ તેની પૂરી મર્યાદા રાખતા. તેની પ્રતિભાથી પણ ગભરાતા.

એમ.બી.એ.માં પણ તે આગળ જ રહેતી અને સારા ગુણથી પાસ પણ થઈ.

તેને અનેક કંપનીઓ નોકરી માટે ઑફર કરવા માંડી. આચાર્યની સલાહથી તે પોતાના ગામમાં જ આવેલ એક મોટી બેંકમાં માર્કેટિંગ અધિકારી તરીકે જોડાઈ. શરૂઆતથી જ ખૂબ આક્રમક રીતે કામ કરવા લાગી. તેથી તેના આવ્યા પછી બેંકની ઝડપથી પ્રગતિ થવા લાગી. તેની ઓળખાણો પણ વધવા લાગી. મોના થોડા જ સમયમાં સેલિબ્રિટી બની ગઈ. અનેકોનું ધ્યાન ખેંચવા લાગી.

તેમાં એક જતીન હતો. જતીન પણ એક કંપનીમાં અધિકારી હતો. તે પણ ખૂબ જ હોશિયાર હતો. ચપળ પણ હતો. તેનું વ્યક્તિત્વ આકર્ષક હતું. તેના તરફ અનેક યુવતીઓ આકર્ષાતી હતી. અલબત્ત, તે બધાની સાથે મૈત્રી રાખતો, પણ ખાસ સંબંધ આગળ ન વધારતો. તેને તો એક બૌધ્ધિક યુવતી જોઈતી હતી, જે તેની સમકક્ષ હોય.

પ્રોફેશનલો માટે વિવિધ સેમિનારો થતા હોય છે. આવા એક સેમિનારમાં મોના અને જતીન ભેગા થઈ ગયા. બંને તેજસ્વી હતા. જ્યારે સેમિનારમાં સંયોજક ચર્ચા કરાવતા, તો બંને તેમાં ભાગ લેતા. કોઈ ચર્ચા એવી આવતી કે બંને એકબીજા સામે આવી જતાં અને એકબીજાની દલીલોને તોડવાનો પૂરો પ્રયાસ કરતા. બાકીના લોકો થંભી જતા અને તે બંનેની ઉગ્ર ચર્ચાઓ સાંભળતા અને માણતા. સંયોજક પણ ખૂબ ખુશ થઈ જતા.

*પોતાનાં જ્ઞાન પર ગર્વ કરવો એ જ સૌથી મોટું અજ્ઞાન છે.*

અલબત્ત, સેમિનાર પૂરો થાય કે તરત બંને હસી પડતાં, એકબીજાને અભિનંદન આપતા અને છૂટાં પડતાં.

પણ આના કારણે જતીનને મોના તરફ આકર્ષણ થવા લાગ્યું. તેને તે ગમવા લાગી. તેને થયું કે મોના જ તેની જીવનસાથી બની શકે તેમ છે. તેનામાં ખૂબ જ સારી બુધ્ધિ છે. તે બંને મળીને સરસ જીવી શકશે અને કમાણી પણ સારી કરી શકશે.

એક દિવસે તેણે વાતચીત દરમ્યાન મોનાને પોતાની ઈચ્છા કહી, 'મોના, આપણે લગ્ન કરી શકીએ?' તેણે પૂછ્યું.

મોના તો તેની સામે જોઈ રહી.

તેણે જવાબ આપ્યો, 'જતીન, આ બાબતે મેં કશું જ નથી વિચાર્યું.'

'તો આ પળે વિચારવાનું શરૂ કર,' જતીને હસીને જવાબ આપ્યો.

'પણ જતીન, હું તો ખૂબ સ્વતંત્ર વ્યક્તિ છું.'

'તે બાબતને લગ્ન સાથે શું સંબંધ છે?'

'પણ, તું તો જાણે છે, લગ્ન એક બંધન છે. એક વખત તેનો સ્વીકાર કરો કે અનેક જાતની ફરજો સામે આવી જાય છે.'

'પણ હું સાથે છું ને?' જતીને કહ્યું

'જતીન, ફરજો માત્ર સ્ત્રીઓને જ હોય છે, પુરુષોને નહીં.'

'કઈ?'

'અચાનક તું કે તારા ઘરવાળાં કહેશે કે લગ્ન પછી જલદી કુટુંબનો વારસ આવવો જોઈએ.'

'તે તો સહજ છે. નથી?'

'હશે, પણ મારા માટે નથી.'

'કેમ? તું બાળક નથી ઈચ્છતી?'

'ના, મારે મારું કેરિયર બનાવવું છે. મારે પ્રગતિ કરવી છે. તેમાં બાળક આડખીલી બને.'

જતીન તો મોનાને જોઈ રહ્યો. આ વાત તે પહેલીવાર સાંભળતો હતો. તે તો માનતો હતો કે સ્ત્રી જ બાળકને વધારે ઈચ્છે છે.

તેણે એ સંદર્ભમાં જ પૂછ્યું, 'પણ મોના, સ્ત્રી જ બાળક વધારે ઈચ્છે છે.'

'હા, એ સાચું છે ભારતીય સ્ત્રી માટે. પણ ખબર નહીં, હું એમાં નથી આવતી. મને પણ બાળક ગમે છે, પણ તે મારું જ હોય તેવું જરૂરી નથી માનતી.'

'એટલે?' જતીનના કપાળમાં સળ પડ્યા.

'એટલે કે કોઈનું પણ બાળક હોય તો હું રમાડું. તે માટે મારું જ બાળક હોવું જરૂરી નથી માનતી.'

'પણ મોના, બાળક વિનાની સ્ત્રી અધૂરી નથી હોતી? અથવા તેવું નથી અનુભવતી?'

'હશે એવું. પણ મને તો કોઈ અધૂરાશ નથી લાગતી. નથી એવો કોઈ અનુભવ થતો. અને,' મોના હસીને બોલી 'કદાચ પુરુષોએ જ આ ખ્યાલ સ્ત્રીઓમાં ઘુસાડી દીધો છે એવો મારો મત છે.'

જતીન તો મોનાને જોઈ જ રહ્યો. 'તારા વિચારો તો ભયંકર છે. સમાજને હચમચાવી નાખે તેવા.'

'એટલે જ તારે પણ મારા વિશે વિચાર ન કરવો.' હસીને મોનાએ જવાબ આપ્યો. 'આપણે મિત્ર જ ઠીક છીએ.'

'ના, પણ મને તો તારા પ્રત્યે આકર્ષણ વધ્યું છે.'

'પણ તો પરમ પૂજ્ય પિતાશ્રી થયા વગર રહી જઈશ. અને જો પુત્ર નહીં આવે તો પું નામના નરકમાં જવું પડશે, મારા કારણે!' ખડખડાટ હસતાં મોના બોલી.

જતીન પણ હસી પડ્યો. પછી બોલ્યો, 'નરકમાં ભલે જાઉં, પણ તને તો પરણવા માગું જ છું.'

'એટલે કે જીવતા જ નરકમાં જવા માગે છે?'

'કબૂલ!' જતીન બોલ્યો.

'બરોબર વિચારી લેજે. પછી પસ્તાવો ન થાય.'

'મેં તો વિચારી જ લીધું છે.'

'આવા ગાંડા વિચારો સાંભળ્યા પછી પણ?'

'જી! પછી પણ.'

'તો વિચારીશ.'

મોનાનો પણ જતીન ગમતો હતો. તેની બુધ્ધિ પણ તેને આકર્ષતી હતી. માત્ર તે તેના વિચારને સ્વીકારે કે કેમ તેની શંકા હતી. પણ જતીને જ્યારે હા પાડી, પછી તેને ના પાડવાનું કોઈ કારણ ન મળ્યું. અને બંને પરણી ગયા.

બંને જણ આનંદથી જીવવા લાગ્યા.

મોના તો પાકી બેન્કર હતી. ઘરખર્ચમાં અડધો ફાળો આપ્યા પછી જે બચત થતી, તેને તે વ્યવસ્થિત રોકતી. બેંકમાં રોકવા સાથે તે જમીનમાં પણ પૈસા રોકવા લાગી. તેણે કરાર કરેલ કે બંને જણ તેમની આવક અંગત રીતે જ વાપરશે યા રોકશે. જતીનને પણ તે જ અનુકૂળ હતું.

થોડા વખતમાં તો મોનાની આવક અને બચત પણ જતીન કરતાં વધી ગઈ. તે જતીનને પણ સલાહ આપતી. પણ જતીન થોડા ઉડાઉ હતો. તેથી વપરાયા પછી તેના પૈસા ઓછા બચતા.

આમ તો તેનું ધ્યાન ન જાત, પણ મોના કશું છુપાવતી નહીં. તે જતીનને બધી જ વાતો કરતી. જતીન તેની ચતુરાઈ પર નવાઈ પામતો.

પણ સમય જતાં, મોનાની બચત જોઈ જતીનને છૂપી ઈર્ષ્યા થવા લાગી. તે પોતાના સ્વભાવના કારણે બચત કરી શકતો ન હતો. તેથી તે મોના જેટલી આવક ધરાવતો ન હતો. તેનામાંનો પુરુષ જાગવા લાગ્યો. તેની નજર મોનાના પૈસા પર પણ પડવા લાગી. તે તેના હાથમાં આવે તો.....? ના વિચારો શરૂ થયા.

પરિણામે બંને વચ્ચે નાના મોટા

*જવાબદારી આવી પડતાં જ્ઞાન આપોઆપ આવી જાય છે.*

મતભેદો થવા લાગ્યા.

મોનાને જો કે સામાન્ય લાગતા. તેને જતીનની ઈર્ષ્યાનો અણસાર આવતો ન હતો.

પછી આ મતભેદો ઝઘડાનું સ્વરૂપ લેવા લાગ્યા.

મોનાને સમજ ન પડતી કે જતીન વ્યર્થ બાબતોની ચર્ચાને ઝઘડાનું સ્વરૂપ શા માટે આપી દે છે!

પણ એકવાર, અભાનપણે જતીન બોલી ગયો કે મોનાને વધારે આવકનું અભિમાન છે.

મોના તો જોઈ જ રહી.

બોલી, 'જતીન, આવો વિચાર તને કેમ આવ્યો? હું જે કરું છું તે આપણા બંનેના ભવિષ્યની સલામતી માટે કરું છું.'

'મને લાગે છે કે,' જતીન બોલ્યો, 'તું તારા જ ભાવિ માટે આ બધું કરે છે.'

'તને આવો વહેમ કેમ આવે છે?'

'ક્યાંય મારું નામ જોડે છે? બધે જ તારું નામ મૂકે છે.'

'પણ તું પણ એ જ રીતે બચત કરે છે – તારા નામે.'

'પણ તે તારા કરતા ઓછી છે.'

'તું ઉડાઉ છે માટે ઓછી બચત થાય છે. તેમાં હું શું કરું? સોંપી દે મને તારા પૈસા, વ્યવસ્થિત બચત કરી દઈશ.'

'ના, મને મંજૂર નથી. તું તેને તારા નામે કરી નાખે તો?'

મોના તો આશ્ચર્યથી જોઈ જ રહી.

ત્યારે તો વાત અટકી ગઈ. પણ મોના વિચારમાં પડી ગઈ. તે સમજી ગઈ કે જતીન ઈર્ષ્યા કરતો હતો. તેને કારણે તેનામાં લઘુતાગ્રંથિ આવતી હતી. તે ચેતી ગઈ.

છેવટે પુરુષ બહાર આવી જ ગયો – તેણે વિચાર્યું.

તે સભાન થઈ ગઈ. તેણે બધા જ કાગળો બેંકમાં મૂકી દીધા.

ઝઘડા વધતા ગયા.

એક દિવસ તો જતીન બોલી ગયો, 'મોના, ધ્યાન રાખજે. હું પતિ છું. તારી બચતમાં મારો પણ અડધો હક્ક છે.'

મોના હસીને બોલી, 'આ વાત મને પણ લાગુ પડે છે.'

'ધ્યાન રાખજે, ધારીશ તો આ ઘરમાંથી કાઢી મૂકીશ.'

મોના જોઈ રહી. 'જતીન, તો તું ખોટું વિચારે છે. આ ઘર મારું પણ છે.'

'છતાં કાઢી મૂકીશ.'

'પ્રયત્ન કરી જો,' મોના કડકાઈથી બોલી.

'શું કરી લઈશ?' જતીને દાંતીયા કરતાં પૂછ્યું.

'જોઈ લેજે ત્યારે. જતીન, હું ગભરું ભારતીય નારી નથી, મોડર્ન છોકરી છું.'

'તો? શું કરી લઈશ?'

'મને કાઢીશને તે પછીની પળે તું જેલમાં હોઈશ.'

'હા...હા...હા...!' જતીન હસ્યો.

અને આજે સાંજે જ જતીન કોઈપણ કારણસર ઝનુનમાં આવી ગયો હતો. ફરી ઝઘડો થયો. જતીને મોનાને 'ગેટ આઉટ ફ્રોમ માય હોમ' કહ્યું.

'સોરી જતીન, મારું પણ ઘર છે.' તે બોલેલ.

'નો, ગેટ આઉટ.' કહી જતીન બીજા રૂમમાં ચાલ્યો ગયો હતો.

મોના આ માટે તૈયાર જ હતી. તેણે તરત પોલીસ સ્ટેશને ફોન કર્યો. પોલીસ ઓફિસરને કહ્યું કે તેનો પતિ તેને ધમકી આપે છે અને ઘરમાંથી બહાર કાઢી મૂકવા ઈચ્છે છે. સંભવ છે, તે હિંસા પણ કરી બેસે. તેણે મદદ માંગી.

પોલીસ અધિકારી મોનાને ઓળખતો હતો. તેણે પૂછ્યું, 'શું કરવું છે?'

'તેને પાઠ ભણાવો.'

'શું?'

'જેલના દરવાજા દેખાડો. ઘરેલુ હિંસા નીચે.'

'વિચારીને બોલો છો ને?' અધિકારીએ પૂછ્યું.

'હા. અલબત્ત, બીજા દિવસે છોડી દેજો. આ તો તેના અંહકારને પડકારવાનો છે.'

'ભલે, આવું છું.' કહી અધિકારીએ ફોન નીચે મૂકી દીધો.

થોડીવારે જતીન રૂમમાંથી બહાર આવ્યો. મોનાને જોઈ ત્રાડ પાડી, 'હજી નથી ગઈ?'

'બસ, જઈ જ રહી છું. રાહ જોઉં છું.'

'કોની? તારી માની?'

'ના, એક મિત્રની.'

'કોના ઘેર બેસવાની છો?' ક્રૂરતાથી હસી જતીન બોલ્યો.

'બેસવાનો તું છો, હું નહીં.' ઠંડકથી મોનાએ જવાબ આપ્યો.

'ક્યાં?'

'બસ, થોડી રાહ જો. ખબર પડી જશે.'

જતીન તો જોઈ જ રહ્યો. તેને સમજ ન પડી.

અચાનક બોલ્યો, 'પણ તું તો હમણા જ નીકળી જા.'

ત્યાં જ દરવાજામાં પોલીસ અધિકારી દાખલ થયા. તે બોલ્યા, 'તમારે પણ નીકળવાનું છે.'

જતીન તો અધિકારીને જોઈ નવાઈ જ પામ્યો. 'તમે કેમ આવ્યા છો?' તેણે પૂછ્યું.

'તને પકડવા,' મોનાએ જવાબ આપ્યો.

'મને? મેં શું ગુનો કર્યો છે?' જતીન બરાડ્યો.

'તમે, મિસ્ટર જતીન, પત્નીને માનસિક ત્રાસ આપો છો. ઘરેલુ હિંસા!' અધિકારીએ જવાબ આપ્યો.

*પૈસા માટે પરસેવો પાડનાર ઘણાં હોય છે, પણ પર-સેવા માટે પરસેવો પાડનાર તો કોઈક જ.*

જતીન તો મોના સામે જોઈ જ રહ્યો. મોના હસતી હતી.

'મોના,' તેણે ત્રાડ પાડી.

'અવાજ નીચે, મિસ્ટર જતીન.' મોનાએ કહ્યું. 'મેં તને ચેતવેલ કે મને તું ગભરું ભારતીય નારી ન સમજતો. હું તો તને જેલમાં મોકલીશ કહેલ - યાદ છે?'

જતીનને વાત યાદ આવી ગઈ. તેણે તો તેને મજાક સમજેલ. પણ અધિકારીને જોઈને ગભરાઈ જ ગયો.

'મોના, આપણી વચ્ચે પોલીસને કેમ લાવે છે?' તે બોલ્યો.

'કારણકે મારા સાથે મારો પતિ વાત નથી કરતો, ભારતીય પુરુષ વાત કરે છે.'

'આવું તો ચાલ્યા કરે.'

'મારી પાસે આવી ફાલતું બાબતો માટે સમય નથી, જતીન, તને તો ખ્યાલ છે.'

'પણ.....'

'સોરી જતીન, વાત અહીં પૂરી થાય છે. આપણે છૂટા પડીએ છીએ. અને તારે જેલમાં હવા ખાવાની છે. ઈન્સ્પેક્ટર સાહેબ, લઈ જાવ આને. કદાચ તે મને મારી બેસશે.' તે બોલી.

ઈન્સ્પેક્ટરે જતીનના હાથ પકડી લીધા. એક પોલીસને સોંપી દીધો.

જતીન તો ઢીલો જ થઈ ગયો. મોના સામે બિચારાની જેમ જોવા લાગ્યો. મોનાએ મોં ફેરવી લીધું.

અધિકારી તેને ગાડીમાં લઈને ચાલ્યા ગયા.

મોના હળવી થઈ ગઈ.

—ચાલો, ફરી નવી જિંદગી. જૂની વાત પૂરી થઈ. ફરી સ્વતંત્ર.... તેણે વિચાર્યું. આજે તો ઘેર જ જાઉં. કાલથી ફરી અહીં જ રહેવા આવી જઈશ.

મોનાએ સ્કૂટરની ગતિ વધારી દીધી.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

## તું અને હું – આ દાસ્તાન સનાતન

**(અનુ. પાના નં.-૧૬૦ ઉપરથી ચાલુ)**

હવે મોડે મોડે - તું અમારી વચ્ચેથી ચાલી નીકળી એ પછી આપણા લગ્નને હું એક દીક્ષાવિધિ તરીકે પ્રમાણું છું.

ફરી ધૂપસળીઓની ખરેલી ભસ્મની વાત. એ ભસ્મ રોજેરોજ એક સુંદર ડબ્બીમાં હું ભરતો જાઉં છું. હવે થોડાક જ દિવસોમાં એ ડબ્બી ભરાઈ જશે. અને પછી કોઈક ગુરૂવારના દિવસે એ ભસ્મ હું આખા શરીરે અડધા કલાક માટે ધારણ કરીશ. એ અડધો કલાક મેં તને આપેલ દિવ્ય દેવી તરીકેનું નામ જપતો રહીશ. તારો હુકમ હશે તો બાથરૂમમાં જ તારા નામજપ સાથોસાથ હું હળવું નૃત્ય કરતો રહીશ. તારા નામે એ અવસરની - એ ઉત્સવની હું રાહ જોઈ રહ્યો છું.

આ બધું તો માત્ર તારા સુધી પહોંચવાના માર્ગની શોધ માત્ર છે - એ માર્ગમાંના દશ્યોની થોડીક કાલ્પનિક ઝલક જેવું : હે અગ્નિદેવતા, તમને નમનપૂર્વક અરજ કરું છું કે તમારી સાખે જ અમે એક પવિત્ર પ્રસન્નતાકારક બંધનથી જોડાયા, સંગાથ પણ ઠીકઠીક લાંબો મળ્યો. તમારી સાખે જ જુદા પડ્યા. પણ હે દેવતા મને સ્પષ્ટ કહો, કે હજી મારે કેટલા શ્વાસોચ્છ્વાસ અને નિશ્વાસ બાકી છે?

મને સદાય પુકારતું - પ્રેરતું અને કવચિત કોઈક દિવ્ય પ્રકાશ કિરણના રૂપે મને આહ્‌વાન કરતું આ ગીત ફરી મારા રૂમમાં અને મારા ચિદાકાશમાં ગૂંજી ઊઠ્યું છે - કુંદનલાલ સાઈગલના કંઠે. અહીં થોડીક ત્રુટક પંક્તિઓ :

*"પંછી રે... પંછી, કાહે હોત ઉદાસ;*
*તોડ ના મન કી આશ....*
*દેખ ઘટાયેં આઈ હૈં, વો એક સંદેશા લાઈ હૈં*
*પિંજરા લેકર ઉડ જા પંછી,*
*જા સાજન કે પાસ, પંછી...."*

*(ક્રમશઃ)*

*એન-૪૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*
*ફોન : (૦૨૮૩૬) ૨૨૧૫૨૬, ૨૨૦૮૭૭*

## શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદનો ઇતિહાસ

**(અનુ. પાના નં.-૧૬૭ ઉપરથી ચાલુ)**

જેમ રાષ્ટ્રીય તહેવારો પણ દર વરસે ઉજવે છે. સમાજનાં સભ્યોમાં રાષ્ટ્ર પ્રેમની ભાવના રહે તેવા પ્રયાસો હંમેશાં કરવામાં આવે છે. શુક્રવાર, તા. ૧૫-૮-૨૦૦૮ના રોજ પણ શ્રી કચ્છી જૈન ભવનના પ્રાંગણમાં સમાજનાં નવા વરાયેલા પ્રમુખશ્રી તથા મે.ટ્રસ્ટી શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. તેમાં સમાજનાં સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. સામૂહિક રાષ્ટ્રીયગાન પછી પ્રમુખશ્રીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

ધ્વજવંદનના કાર્યક્રમ બાદ શ્રી કચ્છી જૈન મહિલા ઉત્કર્ષ સમિતિ તથા તબીબી સહાય સમિતિના ઉપક્રમે થેલેસેમિયા પરીક્ષણ કેમ્પ તથા ફ્રી રૂબેલા વેક્સિન કેમ્પની શરૂઆત કરવામાં આવેલ હતી. આ કેમ્પનું ઉદ્‌ઘાટન રેડ ક્રોસ સોસાયટીનાં માનદ્ મંત્રી શ્રી મહેશભાઈ ત્રિવેદીનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. આ પ્રસંગે શ્રી મહેશભાઈ ત્રિવેદીએ થેલેસેમિયા રોગ વિષેની જાણકારી આપતું એક મનનીય પ્રવચન આપેલ હતું.

આ પ્રસંગે સમાજનાં કાયમી ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી સાવલાની બંને પુત્રીઓ શ્રીમતી હીના સંજય કારાણી તથા શ્રીમતી રીટા કેવલ શાહ દ્વારા આ કેમ્પ માટેનાં સંપૂર્ણ ખર્ચના દાનની જાહેરાત કરવામાં આવી હતી. થેલેસેમિયા પરીક્ષણ કેમ્પનો લાભ ૬૦ વ્યક્તિઓએ તથા રૂબેલા વેક્સિનનો લાભ ૩૩ બહેનોએ લીધેલ હતો.

ઉપરોક્ત ફ્રી કેમ્પ બાદ શ્રી કચ્છી જૈન યુથ એસો. દ્વારા આયોજિત વિવિધ રમતગમતની હરીફાઈઓનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. કાર્યક્રમના અંતે આ હરીફાઈઓના વિજેતાઓને સમાજના વિવિધ અગ્રણીઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા અને અલ્પાહારની સૌએ સાથે મળી મિજબાની માણી હતી.

*ઈશ્વરની અપેક્ષા હતી કે માનવી પ્રેમનું મંદિર બનાવે, પરંતુ માનવી પથ્થરના મંદિર બનાવે છે.*

# ઇતિહાસ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૩૨

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

- ★ **તા. ૨૦-૭-૨૦૦૮ના રોજ વાર્ષિક સામાન્ય સભા યોજાઈ.**
- ★ **ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ સૌ કાર્યકર્તા, સભ્યશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો.**
- ★ **સમાજના ટ્રસ્ટ મંડળ તેમજ કારોબારી સમિતિ – ૨૦૦૮-૦૯ની મીટિંગ.**
- ★ **તા. ૧૫-૮-૨૦૦૮ના રોજ ધ્વજવંદન અને મેડિકલ સમિતિ દ્વારા વિવિધ પરીક્ષણ વગેરે કાર્યક્રમ યોજાયા.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૨૦-૭-૨૦૦૮ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. જેમાં સમાજના નોંધાયેલ ૧૩૬ સભ્યો હાજર રહ્યા હતા.

આ સભામાં સંસ્થાના પ્રમુખ ડૉ. શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયાએ સભામાં ઉપસ્થિત સૌ સભ્યોને આવકાર્યા હતા અને સમાજની પ્રવૃત્તિઓની સંપૂર્ણ માહિતી આપેલ હતી. તેઓશ્રીએ પોતાના મે.ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી તરીકેની છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાનની સતત કામગીરી દરમ્યાન સહુ સભ્યોએ આપેલ સહકારની ખૂબ જ લાગણીસભર ભાષામાં વિવરણ કરી સૌનો આભાર માનેલ હતો. સંસ્થાનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે ગત વર્ષ દરમ્યાન થયેલ કામગીરીનો તથા વિવિધ સમિતિઓની કાર્યવાહીનો સંપૂર્ણ અહેવાલ સભા સમક્ષ રજૂ કરેલ હતો. જેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૦૭-૦૮ના ઓડિટ થયેલ હિસાબો આ સભા સમક્ષ સંસ્થાનાં ખજાનચી શ્રી ચંદ્રકાંત દામજી શાહે (કે.ડી. શાહે) રજૂ કરેલ હતા. આ હિસાબોમાં સંસ્થાના દરેક વિભાગ, શ્રી કચ્છી જૈન ભવન, મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ તથા ગીતા મંદિર અતિથિ ભવનના હિસાબના વાર્ષિક આંકડા અને તારવણીની વિગતવાર રજૂઆત કરેલ હતી. શ્રી કે.ડી. શાહે રજૂ કરેલ ઓડિટેડ હિસાબોને સંપૂર્ણપણે સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૮-૦૯ માટે ૬ ટ્રસ્ટીઓ તથા ૬ કારોબારી સભ્યોની ચૂંટણી / નિમણૂક કરવાની કાર્યવાહીનો હવાલો નિયુક્ત થયેલ બે સભ્યનાં ચૂંટણી પંચને સોંપવામાં આવ્યું હતું. આ બે સભ્યના ચૂંટણી પંચમાં શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી તથા શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતાનો સમાવેશ થયેલ હતો.

ટ્રસ્ટ મંડળના ૬એ સભ્યો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયેલ હતા. સંસ્થાની કારકિર્દીમાં પ્રથમવાર કારોબારીની ચૂંટણી યોજવામાં આવેલ હતી. જેમાં ૭ ઉમેદવારો સામે ૬ ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. આ રીતે ચૂંટણી પંચે આગામી ત્રણ વર્ષો માટે ૬ ટ્રસ્ટીઓ તથા ૬ કારોબારી સમિતિનાં નામો જાહેર કરી પોતાની કાર્યવાહી સંપૂર્ણ થયેલ જાહેર કરી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં ટ્રસ્ટ મંડળની બેઠક, સામાન્ય સભા પછી સમૂહ ભોજન લીધા બાદ બપોરના ૨.૦૦ વાગે સંસ્થાના કાર્યાલય શ્રી કચ્છી જૈન ભવન ખાતે મળી હતી. જેમાં વર્ષ ૨૦૦૮-૦૯ માટે બે કો-ઓપ્ટ ટ્રસ્ટીઓની નિમણૂક કરવામાં આવી હતી. છેલ્લા ૨૦ વર્ષ સુધી સતતપણે મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રીની જવાબદારી સંભાળતાં ડૉ. શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયાએ સહુ ટ્રસ્ટીઓની અદમ્ય ઈચ્છા હોવા છતાં આ જવાબદારી વધુ આગળ સંભાળવાની અનિચ્છા દર્શાવતાં આગળ નવા મે.ટ્રસ્ટીની નિમણૂક કરવા માટે વિચારણા કરવામાં આવી હતી. ચર્ચા વિચારણાને અંતે શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાની સર્વાનુમતે મે.ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકેની નિમણૂક કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૮-૦૯ માટે ટ્રસ્ટ મંડળમાંથી કારોબારીમાં મોકલવા માટેનાં ૬ પ્રતિનિધિઓની નિમણૂક કરવામાં આવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિની વર્ષ ૨૦૦૮-૦૯ માટેની પ્રથમ સભા રવિવાર તા. ૨૭-૭-૨૦૦૮ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. જેમાં વર્ષ ૨૦૦૮-૦૯ માટે પ્રથમ ઉપપ્રમુખ તરીકે શ્રી કાંતિલાલ વેલજી સાવલા, દ્વિતીય ઉપપ્રમુખ માટે શ્રી નવીન નાનજી શાહ, માનદ્ મંત્રી પદે શ્રી પ્રતાપ નારાણજી દંડ, સહમંત્રી તરીકે શ્રી હસમુખ બાબુભાઈ શાહ, ખજાનચી તરીકે શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) તથા સહ ખજાનચી તરીકે શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અન્ય કાર્યક્રમોની

**(અનુ. : જુઓ પાના નં.-૧૬૬ ઉપર)**

*જો તમે મોટાં લક્ષ્ય સાધશો તો ધન તમારી પાછળ ખેંચાતું આવશે.*

કચ્છ

# કચ્છની આગવી ચિત્રશૈલી ૧૭માં સૈકાથી પણ જૂની છે

• નરેશ પી. અંતાણી •

*એક સમયે ગુજરાતના દેશી રાજ્યોમાં માત્ર ભુજમાં જ આર્ટ સ્કૂલ હતી. ત્યારે હવે ગુજરાતમાં વડોદરા તથા અમદાવાદમાં જ આવેલી ફાઈન આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં બહુમતી વિદ્યાર્થીઓ કચ્છ - સૌરાષ્ટ્રના હોય છે. ત્યારે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કલા, ઈતિહાસ અને સૌંદર્યશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને ડીન પ્રા.ડૉ. કુશવાહના મતે કચ્છ યુનિવર્સિટીમાં ફાઈન આર્ટસનો અભ્યાસક્રમ દાખલ કરવો જરૂરી છે. એમ.એસ. યુનિ. દ્વારા કચ્છની ચિત્રશૈલી પર વિશિષ્ટ અભ્યાસ હાથ ધરાયો.*

કચ્છી ચિત્રશૈલી હકીકતમાં એક સ્વતંત્ર ચિત્રશૈલી તરીકે ૧૭મા સૈકા અગાઉથી જ અસ્તિત્વ ધરાવતી હોવી જોઈએ. તેને કમાંગરી ચિત્રશૈલી એવું નામ તો પાછળથી આપવામાં આવ્યું હોઈ શકે. કચ્છી ચિત્રશૈલી પર સંશોધન કરવાના ખાસ હેતુ સાથેનું મિશન લઈ કાર્ય કરી રહેલા ભારતીય ચિત્રકલા શૈલીના નિષ્ણાત ડૉ. શૈલેન્દ્રસિંઘ કુશવાહનો આ મત છે. તાજેતરમાં તેમણે ભુજના કચ્છ મ્યુઝિયમ ખાતે મ્યુઝિયમના કચ્છી રામાયણ, નાગ પંચમીની અસવારી તથા તાજિયાના ચિત્રો તથા અન્ય ચિત્રો જોયા પછી આવો મત બાંધ્યો હતો. કચ્છ મ્યુઝિયમમાં જ તેમની સાથે થઈ ગયેલી મુલાકાતમાં એમણે પોતાના કચ્છ પ્રવાસનો હેતુ પણ જણાવ્યો હતો. આ સમયે એમણે આપેલી એક ખાસ મુલાકાતમાં જણાવ્યું એ વિગતોથી કચ્છી ચિત્રશૈલીના ઈતિહાસ પરથી આવરણો દૂર થઈ રહ્યા હોવાનું અનુમાન થઈ શકે છે.

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કલા, ઈતિહાસ અને સૌંદર્યશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને ડીન પ્રા.ડૉ. કુશવાહે મેવાડની ચિત્રશૈલી પર મહાનિબંધ લખી પીએચ.ડી. કર્યું છે. ડૉ. કુશવાહે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા કચ્છના ભીંતચિત્રોના અભ્યાસ માટે આરંભ કરાયેલા ખાસ અભિયાનની વિગતો આપી હતી તે મુજબ કચ્છના જુદા જુદા ગામોમાં આવેલા ભીંતચિત્રો અને અન્ય સ્થળે સંગ્રહાયેલા લઘુચિત્રોના અભ્યાસ બાદ તેમણે એવું તારણ કાઢ્યું છે કે કચ્છના ચિત્રોનું ભારતીય ચિત્રશૈલીમાં બહુ મોટું યોગદાન રહ્યું છે કારણકે અહીંના ચિત્રો રાજસ્થાનના પાલી, શિરોહી, મેવાડ અને મારવાડના ચિત્રો સાથે સીધો સંબંધ ધરાવતાં જણાયા છે. આથી કચ્છની સ્વતંત્ર ચિત્રશૈલીના અભ્યાસ માટે એમ.એસ. યુનિ. દ્વારા ખાસ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. આ અભ્યાસ બે વર્ષ ચાલશે. આરંભના તબક્કામાં કચ્છ મ્યુઝિયમ, આઈના મહેલના ચિત્રોનો અભ્યાસ આરંભાયો છે અને પાછળથી ક્રમશઃ તેને વિસ્તારવામાં આવશે. જેમાં કચ્છના જુદા જુદા ગ્રામ્ય વિસ્તારના ભીંતચિત્રો તથા લોકોના ખાનગી સંગ્રહમાં રહેલાં લઘુચિત્રોનો પણ અભ્યાસ કરવામાં આવશે. ખાનગી સંગ્રહોમાં રહેલા ચિત્રોના માલિકો તથા સંગ્રાહકોનો આ કાર્યમાં સહકાર મળી રહેશે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

એમના એક મત મુજબ ૧૭મી સદીથી અગાઉના સમયથી જ કચ્છમાં સ્વતંત્ર ચિત્રશૈલી અસ્તિત્વમાં હોવી જોઈએ કારણકે કમાંગરો એટલે કે નિષ્ણાત કારીગરોનો સમૂહનો છેક ૧૮મા સૈકામાં મોગલ શાસનના અંત સમયમાં દિલ્હીથી કચ્છમાં આવ્યો છે જ્યારે કચ્છમાં ચિત્રકામ તો એ સમય પહેલાથી જ થતું હોવાનું જણાયું છે. કચ્છના એ સમયના રાજવીઓ રાવ દેશળજી તથા લખપતજીએ આ કમાંગરોને પ્રોત્સાહન આપતાં તેમણે કચ્છની પરંપરાગત ચિત્રશૈલી અપનાવી અને તે પ્રકાશમાં આવતાં કમાંગરી ચિત્રશૈલી તરીકે જાણીતી બની. વળી કમાંગરો માત્ર ચિત્ર જ નહોતા બનાવતા, તેઓ અન્ય પણ કેટલીય કળામાં પણ નિષ્ણાત હતા. વસ્તુતઃ તે કચ્છની સ્વતંત્ર ચિત્રશૈલી જ છે. પોતાના આ અનુમાનને યથાર્થ બતાવતાં તેઓ એ માટેનું કારણ આપે છે કે ગુજરાતમાં કચ્છ જ એવો પ્રદેશ છે કે જેમાં રાજ્યાશ્રિત આર્ટ સ્કૂલ હોય અને તે પણ આઝાદી મળ્યા પછી પણ ચાલુ રહી હોય.

ગુજરાતમાં પણ ચિત્રશૈલીનો વિકાસ રાજસ્થાનથી અગાઉ થયો હોવાનું જણાવતાં ડૉ. શૈલેન્દ્રસિંઘે જામનગરના ગોપના મંદિરના ચિત્રોનો દાખલો આપ્યો હતો.

કચ્છના આ ચિત્રો તરફ અત્યારે જે ઉદાસીનતા દેખાય છે તે પરત્વે ચિંતા વ્યક્ત કરતાં તેમણે મુંદ્રાના કલુભા વાઘેલાના ઘરમાં રહેલાં ઉત્કૃષ્ટ ભીંતચિત્રોની હાલત જોઈ ભવિષ્યમાં કચ્છમાં ધરતીકંપ પછી બચેલાં રહ્યાં સહ્યાં ચિત્રો પણ નષ્ટ થશે તેવી ભીતી વ્યક્ત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, કચ્છમાં એક સમયે આર્ટ સ્કૂલ, વ્રજભાષા પાઠશાળા જેવી સંસ્થાઓ કચ્છ રાજ્ય દ્વારા ચલાવાતી હતી એ જ આ પ્રદેશમાં કલાના મૂળ ઊંડા હોવાનો પુરાવો આપે છે. ત્યારે હવે તો કચ્છને અલાયદી યુનિવર્સિટી મળી છે તો તેમાં ફાઈન આર્ટને સ્થાન અનિવાર્ય હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં અત્યારે માત્ર વડોદરા અને અમદાવાદમાં જ ફાઈન આર્ટનું શિક્ષણ અપાય છે. પરંતુ તેમાં આવતા બહુમતી વિદ્યાર્થીઓ તો કચ્છ અને સૌરાષ્ટ્રના જ હોય છે. તેથી આ પ્રદેશોમાં આવેલી ત્રણ યુનિવર્સિટીઓમાંથી એકમાં તો આ શિક્ષણને સ્થાન હોવું જ જોઈએ.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાનાયક્ષ મંદિર પાસે,*
*રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

*પોતાની બુધ્ધિનું અભિમાન જ શાસ્ત્રોની - સંતોની વાતોને અંતઃકરણમાં ટકવા દેતું નથી.*

માહિતી

## પ્રધાનમંત્રી જન ધન યોજના.... દેશના છેવાડાના નાગરિકને આર્થિક સમવેશીતા અને સ્વનિર્ભર બનાવવાની કોશિશ....

• કિરણ ચાંપાનેરી 'સેતુ' •

ધરતી કહેતા જમીનનો ટુકડો જેની પાસે હોય તે ખેડી ખાય. ખેતી કરે તે ખેડૂત. પણ બધાના નસીબમાં જમીન હોતી નથી. છતા એવા ઘણાં લોકો છે કે જેઓ ખેતી સાથે સંકળાયેલા છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા બધા પાસે તો જમીન હોતી નથી. જ્યારે કોઈ કોઈ પાસે તો વિશાળ જમીન હોય છે. તેઓ જાતે તો ખેતી કરતા નથી હોતા. આવા મોટા જમીનધારકો ખેતમજૂરો કે સાથી પર આધાર રાખે છે. ગામડાંઓ, નગરો અને શહેરી વિસ્તારોમાં રહેતા આવા ખેતમજૂરો, કડિયા, કારીગરો, શ્રમજીવીઓ, મજૂર વર્ગની આર્થિક સ્થિતિ, રોજિંદી મજૂરીકામ આધારિત હોવાથી અપેક્ષિત રીતે તેમની આવક સારી અને નિયમિત હોતી નથી. આવો શ્રમજીવી વર્ગ પૈસાની નાનકડી બચત તો કરતો હોય છે પણ શિક્ષણના અભાવે અને બેંકોમાં ખાતું ખોલાવવાની જટીલ સમસ્યાને કારણે તેઓ બેંકો સુધી જવાનું ટાળે છે. આવા માહોલમાં પરિવર્તન લાવવા માટે પ્રધાનમંત્રીની જન ધન યોજનાએ બેંકમાં ખાતું ખોલાવવાનું ખૂબ જ સરળ કરી આપ્યું છે.

ભારત દેશના છેક છેવાડાના ગ્રામીણ, ગરીબ, જરૂરિયાતમંદો સુધી સરકારશ્રીના આર્થિક સહાયના લાભો ખરેખર મળી રહે તે હેતુસર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સ્વાતંત્ર્ય દિન પંદરમી ઓગસ્ટે પ્રધાનમંત્રી જન ધન યોજનાની જાહેરાત કરેલી. આ જન ધન યોજનાના અમલથી દેશનો નાનામાં નાનો આદમી પણ આર્થિક સમાવેશીતા અને સ્વનિર્ભરતા પ્રાપ્ત કરશે. ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાં આ યોજનાનો પ્રારંભ થયો અને બે કરોડથી વધુ ખાતાઓ ખોલાયા અને ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધીમાં ૭.૫ કરોડ લોકોને આવરી લેવાની આશા છે.

વડાપ્રધાન શ્રી મોદીએ આ કાર્ય પ્રારંભનો ઉમદા હેતુ સમજાવતા કહેલું કે લોકો પાસે બેંક ખાતું નહિં હોવાને કારણે તેમને પહોંચાડવાના આર્થિક સુરક્ષાના અન્ય મહત્ત્વના કાર્યો અટવાઈ જાય છે. એટલે આવા વંચિત વર્ગો માટે બેંકમાં ખાતા ખોલવાના આ મહત્ત્વના કાર્યને નેશનલ પ્રાયોરીટી માનીને બેંકોએ પણ આ પડકારભર્યા કામને ઝીલી લેવા આહ્વાન કર્યું છે. આ માટે વડાપ્રધાને બેંકોને ઈ-મેઈલ દ્વારા જણાવેલ કે આ કાર્ય બહુ જ વિશાળ અને પડકારજનક છે. બેંકો આ માટે તમામ પ્રયાસ કરે અને આ મિશનને સફળ બનાવવામાં સહકાર આપે તેવી અપેક્ષા સેવી છે.

આજે બેંકો ગામડાંઓ સુધી પહોંચી છે. તેમ છતાં ભારતના દરેક ગામડાંઓને બેન્કિંગ સુવિધા પૂરતા પ્રમાણમાં મળી નથી કે પહોંચી નથી. બેન્કિંગ પ્રક્રિયાના વિસ્તરણ માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા બેંકોને નવી શાખાઓ ખોલવા પ્રોત્સાહન આપી રહી છે. અને જ્યાં બેંક શાખા ન થઈ શકે તેમ હોય ત્યાં બિઝનેસ કોરસપોન્ડન્ટની વ્યવસ્થા કરશે. આ બિઝનેસ કોરસપોન્ડન્ટ પોતાનું કામ વિસ્તરણ કરીને લોકોને બેન્કિંગ પધ્ધતિમાં લાવવાની ભૂમિકા અદા કરશે.

આ યોજનાને લાભાર્થીઓ સુધી પહોંચાડવા સરકારે રાષ્ટ્રીયકૃત બેંકોનો સહયોગ લીધો છે. જો કે ભારતમાં સહકારી બેન્કિંગ ક્ષેત્રની પહોંચ પણ છેક તાલુકા અને ગ્રામ્ય વિસ્તાર સુધી છે. સહકારી ક્ષેત્રની બેંકોને પણ આ આર્થિક સમાવેશીતા અને સ્વનિર્ભરતા સાધવાની પ્રવૃત્તિ - કામગીરીમાં સાંકળી શકાય. ગુજરાતમાંથી અગ્રણી સહકારી બેંકોએ આ જન ધન યોજનાની પ્રવૃત્તિમાં સામેલ થવા, સહયોગી બનવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને નાફકબ (નેશનલ ફેડરેશન ઑફ અર્બન કો-ઓપરેટીવ બેંક્સ એન્ડ ક્રેડિટ સોસાયટીઝ લિ.)ને પત્ર લખીને પોતાની સંમતિ દર્શાવી છે. અહીં એક મર્યાદા એ છે કે બધી સહકારી બેંકોમાં ડેબીટ કાર્ડ આપવાની સુવિધા અપનાવાઈ નથી. પણ જે સહકારી બેંકો આ સુવિધા આપવા સક્ષમ હોય તેમણે રજૂઆત કરી છે. બીજું, સ્થાનિક સ્તરે સહકારી બેંકોનો વ્યવહાર લોકો સાથે ઘનિષ્ઠ હોય છે. તેથી શક્ય છે કે સહકારી બેન્કિંગ ક્ષેત્ર પણ ઘણું જ ઉપયોગી બની રહે...

આર્થિક સર્વસમાવેશી યોજના અંતર્ગત સરકાર દરેક ઘર દીઠ, પરિવાર દીઠ ઓછામાં ઓછી એક વ્યક્તિનું બેંક ખાતું હોય એવી ઈચ્છા રાખે છે, વ્યવસ્થા ઊભી કરવા માંગે છે. ખાતું ખોલાવનારને પ્રારંભે રૂપિયા એક લાખ સુધીનું અકસ્માત વીમા કવચ અને ડેબીટ કાર્ડ પણ અપાશે. આ બેંક ખાતાના માધ્યમથી આધાર કાર્ડની પધ્ધતિ હેઠળ લાભાર્થીઓને સીધો આર્થિક લાભ આપવાનું પણ સંભવ અને સરળ બનશે. અત્યાર સુધીના વર્ષોમાં આર્થિક સહાયની રકમ લાભાર્થીઓ સુધી પહોંચતા પહોંચતા ખવાઈ, ચવાઈ, ઘસાઈ જતી હતી. પણ હવે આ આર્થિક સહાયનો લાભ બેંક ખાતા મારફત સીધો જે તે ગરીબ, ગ્રામ્ય અને લાભાર્થી સુધી પહોંચશે અને કેન્દ્ર સરકારે આ વર્ષે સાત કરોડ બેંક ખાતા ખોલવાને રાષ્ટ્રીય પ્રાધાન્યતા આપી છે.

*જે વ્યક્તિ ઉચ્ચ વિચારોની સંગતમાં રહે છે, તે ક્યારેય એકાકી બની શકે નહિ.*

બેંક ખાતાને પરિણામે આ વર્ગ ખાનગી ધીરાણકારોની ચુંગાલમાંથી, જાળમાંથી મુક્ત થશે અને તેમનું શોષણ અટકશે. ઉપરાંત બેંકની વિવિધ આર્થિક સુવિધાઓ જેવી કે રૂા. ૫,૦૦૦/- સુધીની ઑવરડ્રાફ્ટ, ઘર ખરીદવા અને ઘર બનાવવા માટે લોન, કૃષિ / બિનકૃષિગત, ખાદ્યબીજ, ટ્રેક્ટર, ડેરી, મરઘા પાલન, રીટેઈલ વેપાર માટે લોનની સુવિધા. લઘુ વીમા યોજના અંતર્ગત ખાતા ધારકના આકસ્મિક મૃત્યુ વખતે પરિવારને એક ચોક્કસ રકમ મળશે. ઘરડાં કે યુવાન પેન્શનરને બેંક મારફત પેન્શન ચૂકવાશે. આ બેંક ખાતામાં ઓછામાં ઓછું બેલેન્સ રાખવાની ફરજ નહીં પડાય. ભારતમાં ક્યાંય પણ સરળતાથી મની ટ્રાન્સફર થઈ શકશે અને સરકારી યોજનાનો લાભ સીધો લાભાર્થીઓને પહોંચશે.

બેંક ખાતું ખોલાવવાની જટીલ અને કંટાળાજનક પધ્ધતિને સરળ કરાઈ છે. બેંક ખાતું ખોલાવનારે માત્ર પોતાનું આધાર કાર્ડ કે આધાર નંબર લઈને જવાનું રહેશે. જો આધાર કાર્ડ ના હોય તો મતદાન ઓળખપત્ર, રેશન કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, સરપંચનો દાખલો, આમાંથી કોઈ પણ એક વસ્તુ પુરાવા તરીકે માન્ય ગણાશે, ચાલશે. અને આમાંથી કાંઈ પણ ન હોય તો વ્યક્તિ કોઈ એક્રેડીટેડ સંસ્થાનું ઓળખપત્ર, નરેગાનું જોબકાર્ડ અને સરનામાના પ્રૂફ માટે ઈલેક્ટ્રિસિટી કે ટેલિફોન બીલ, જન્મ અથવા મેરેજ પ્રમાણપત્ર પણ પુરાવા તરીકે માન્ય લેખાશે.

આ યોજનાનો પ્રારંભ ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાં તા. ૨૮-૮-૨૦૧૪ ને ગુરૂવારે થયો. ગુજરાતમાં તમામ જિલ્લાઓમાં એકીસાથે આ કાર્યક્રમની શરૂઆત થઈ. ગાંધીનગરમાં મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે લાભાર્થીઓને બેંક એકાઉન્ટ કીટનું વિતરણ કર્યું હતું. સખી મંડળની બહેનોને આર્થિક સહાય, સગર્ભા ધાત્રી માતાઓ માટે પૂરકપોષણ આહાર સહાય, ઘરે ઘરે શૌચાલય સહાય જેવી અનેક સહાય હવેથી સીધી જ છેવાડાના લાભાર્થીઓના બેંક ખાતામાં જમા થશે. આથી માતા અને બહેનોને ઓશિયાળા નહીં રહેવું પડે.

આગામી ઓગસ્ટ-૨૦૧૫થી બીજા તબક્કામાં આ બેંક ખાતા ધારકોને વીમા તથા પેન્શન કવરેજથી આવરી લેવાશે.

આશા રાખીએ કે પ્રધાનમંત્રીશ્રીની જન ધન યોજના સાચા લાભાર્થીઓ સુધી પહોંચે, આર્થિક સમાવેશીતામાં દેશના છેવાડાનો આમ આદમી, નાગરિક સામેલ થાય અને આર્થિક સ્વનિર્ભર બને... જય સહકાર... સહકારે સમૃધ્ધિ... જય સહકાર....

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*



# ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર



## એંકરવાલા અહિંસાધામ

An ISO 9001 : 2008 Certified

**મુંબઈ કાર્યાલય :** ૫, ગુરૂકૃપા એપાર્ટમેન્ટ, કસ્તુરબા ક્રોસ રોડ નં.-૧, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬. ફોન : (૦૨૨) ૨૮૬૨૭૭૯૫, ૨૮૬૫૮૨૬૬
**કચ્છ ઓફિસ :** પ્રાગપુર રોડ જંકશન, તા. મુંદ્રા, કચ્છ. (ગુજરાત) મો. ૦૯૯૨૫૧ ૨૫૨૦૨, ૦૯૯૦૪૭ ૫૭૬૪ ફોન : (૦૨૮૩૮) ૨૨૨૩૫૨
ઈ-મેઈલ : ahinshadham_kutch@yahoo.co.in • વેબસાઈટ : www.ahinsadham.org

**-: સંસ્થાના સંકુલમાં જોવાલાયક વિભાગો :-**

- મ્યુઝિયમ (અહિંસા, પર્યાવરણ)
- ગોપાલ સ્મૃતિ મંદિર
- ૧૧,૦૦૦ સ્કે.નું વિશાળ ICU
- અંધ અને અપંગ પશુઓ માટેના આવાસ
- ઓડિટોરીયમ
- યાત્રિકો માટે ભોજનશાળા

**દેવનાર કતલખાનામાંથી મુક્ત કરાયેલાં જય અને વિજય બળદની જોડી.**

**-: સંકુલથી ૫ કિ.મી.ના અંતરે સંસ્થાના જોવાલાયક અન્ય વિભાગો :-**

- ૩૫ એકરનું વિશાળ એંકરવાલા નંદી સરોવર
- પશુ-પક્ષીઓ માટે મુક્ત અભયારણ્ય.

**આપનું યોગદાન પહોંચશે અબોલ જીવોની સેવા માટે....**

**ચેક "ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર"ના નામે લખવો.**

- Dena Bank, Borivali (East) Branch, SB A/c. No. 055110013650 RTGS/IFSC Code : BKDN0460551
- Abhyudaya Co-Operative Bank Ltd., Borivali (East) Branch, A/c. No. CD 024021100005006 RTGS / IFSC Code : ABHY0065024

*વધતી અપેક્ષા જ અશાંતિનું મૂળ કારણ છે.*



# બાબુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : બચુડા, પાંજે સામે જે ફ્લેટવારા બુધિયા બાપા અનીંજે છોકરે કે હકલ કરે ને ચ્યાં.... શામજી ભજારમેં વેનેને હકડો હરવારો ગેને અચ... પણ હરવારો તપાસ કરેને ગેનજ... સારો હુંણો ખપે... તકલાદી ન ખપે... તેર શામજી ચેં ભલે અધા, આંઉ તપાસ કરેને હરવારો ગેને અચાંતો... સે શામજી હરવારો ગેનેલા તેરંઈ રવાનો થ્યો... પણ હેવર ત્રે કલાકે આવ્યો તેર અનજે હથમેં કીં ન વો... સે જરા તપાસ ત કર ભજારમેં સારા હરવારા મલે નતાં....?

બચુડો : (તપાસ કે નેં ચેં) શામજી બારો તેરો દુકાને તેં હરવારા નેરેં પણ મડેજ હરવારા કાણેવારા વા. અતરે પોય હરવારો ગેને વગર જ પાછો આવ્યો...!!!

## ખિલજા મ ભલા

ન્યાયાધીશ : (ખિસ્સા કાતરુને) તને રોજ રોજ ખિસ્સા કાપતા શરમ નથી આવતી?

ખિસ્સા કાતરુ : કોક કોક વાર આવે છે જ્યારે કપાયેલા ખિસ્સામાંથી કશું જ નથી નીકળતું ત્યારે.

☺ ☺ ☺ ☺ ☺

પિતાજી : અલ્યા મનીયા, શાળામાં તારો દેખાવ કેવોક છે?

મનીયો : બધા જોઈ શકે એવો... કારણકે શિક્ષક અડધો દિવસ તો મને પાટલી ઉપર ઊભો જ રાખે છે.

☺ ☺ ☺ ☺ ☺

બંટી : બોલ બબલુ તું ૨૦ ફૂટ ઊંચેથી ટામેટું નીચે ફેંકે ને ટમેટાને કશું જ ન થાય એવું કરી શકે?

બબલુ : ના ભાઈ. એવું મારાથી તો ન થાય. તું કરી શકે?

બંટી : હા, એમાં શું? એ તો સાવ સહેલું છે.

બબલુ : એ કઈ રીતે?

બંટી : હું ટામેટું ૨૧ ફૂટ ઊંચેથી ફેંકુ. એટલે ૨૦ ફૂટ નીચે પડે ત્યાં સુધી એને કશું ન જ થાય ને?

☺ ☺ ☺ ☺ ☺

ન્યાયાધીશ : કરોડીમલ, કરચોરી માટે તમને એક દિવસની જેલ કરવામાં આવે છે. તમારે કાંઈ કહેવું છે?

કરોડીમલ : હા... મારા ઘરે જરા કહેવડાવી દેજો આજનો દિવસ હું જમવા નહીં આવું.

☺ ☺ ☺ ☺ ☺

મોટુમલ : વેઈટર, મેનેજરને બોલાવ. મારે આવો ખરાબ ઢોંસો નથી ખાવો!

મેનેજર : ભાઈ સાહેબ, તમને ખબર નહીં હોય! તમે જનમ્યા નહોતા ત્યારથી અમે ઢોંસા બનાવીએ છીએ.

મોટુમલ : મેં આટલા જૂના ઢોંસાનો ઓર્ડર નહોતો આપ્યો.

☺ ☺ ☺ ☺ ☺

દુકાનદાર : (રોજરોજ આવીને પુસ્તકો ફેંદીને જતા રહેતા ગ્રાહકને) તમે રોજરોજ આવો છો... કલાક કલાક પુસ્તકો આમથી તેમ કરી વાંચો છો અને એમને એમ જતા રહો છો... તો કોક દિવસ તો એકાદ પુસ્તક લઈ જાવ.

ગ્રાહક : હું તો દરરોજ એકાદ પુસ્તક લઈ જ જાઉં છું. તમને ન દેખાય એમાં મારો શો વાંક?

☺ ☺ ☺ ☺ ☺

મમ્મી : ટીના, તને કચરો ફેંકવા મોકલી હતી, તેને અડધો કલાક થયો. કેમ આટલી બધી વાર થઈ?

ટીના : મમ્મી, તેં મને કહ્યું હતું કે નીચે જતા આવતા માણસ જોઈને કચરો ફેંકવો... પણ અડધા કલાક સુધી કોઈ માણસ આવ્યું જ નહીં. થોડીવાર પહેલા જ એક ઘરડા દાદા અહીંથી ડગુમગુ થતા નીકળ્યા એટલે એમની ઉપર કચરો ફેંકી તરત આવી ગઈ.

☺ ☺ ☺ ☺ ☺

સાબુ વેચનાર સેલ્સમેન : મનુભાઈ, અમે એક નવો સાબુ બનાવ્યો છે — ૬ ફૂટ લાંબો અને ૪ ફૂટ પહોળો.

મનુભાઈ : પણ આવડા મોટા સાબુ ઉપાડીને કઈ રીતે નહાઈ શકાય?

સેલ્સમેન : સાબુ ઉપાડવાની જરૂર નથી. બાથરૂમમાં મૂક્યા પછી શરીર પર પાણી નાખી સાબુ પર આમથી તેમ આળોટી લેવાનું.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# પાપા ઈઝ માય બેસ્ટ ફ્રેન્ડ

***પંકજ વલ્લભજી સાવલા***
***મો. ૦૯૩૯૪૫ ૫૩૧૫૪***

જે પાપા બાળકોના મિત્રો સાથે દોસ્તી કરી શકે છે, તે એક સફળ પિતા બની શકે છે કારણકે બાળકોના મિત્રો સાથે મૈત્રી કેળવવાથી પોતાનું બાળક બીજા બાળકો સાથે કેવું વર્તન કરે છે તેની જાણ થાય છે અને બાળકોની દુનિયામાં ડોકિયું કરવાનો મોકો મળે છે. પિતા દોસ્ત હોય તો બાળક પોતાના મિત્રો સાથે સહજ રહી શકે છે.

એકવીસમી સદીમાં પાપાનો રોલ બદલાઈ ગયો છે. હવે પાપા સોફા પર બેસીને ઓર્ડર નથી છોડતા. પપ્પા, મમ્મીને હેલ્પ કરે છે, બાળકો સાથે રમે છે, બાળકની નેપી બદલે છે, પેરેન્ટ ટીચર મીટિંગમાં હાજરી આપે છે. પાપા બાળકોના દોસ્ત છે.

દોસ્ત પાપા શું કરે છે?

દોસ્ત પાપા પોતાના બાળકો સાથે રમે છે, તેમને ડોક્ટર પાસે લઈ જાય છે, મિત્રતાભરી વાતો કરીને તેઓ બાળકોને તેમના મિત્રો સાથે કેવું વર્તન કરાય અને અભ્યાસમાં ધ્યાન આપવું જોઈએ તેવી વાતો શીખવી દે છે. જે પાપા પોતાના બાળકોને નવડાવે છે, તેમની સાથે રમે છે અને વાતો કરે છે તેઓ ખરેખર આજના જમાનાના પિતા છે. બાળકો તેમની પાસેથી ઘણું શીખે છે. આ એક હકારાત્મક પરિવર્તન છે. આજના ડેડી બાળકોના કામ પૂર્ણ દિલચસ્પીથી કરે છે. મમ્મી રસોઈ બનાવે છે તો પપ્પા બાળકની માલીશ કરીને નવડાવવાનું કામ કરે છે. બાળકોને હોમવર્ક કરાવવાની જવાબદારી પણ પાપા લે છે. ક્યારેક કોઈક નવી વાનગી બનાવીને ખવડાવવામાં પણ દોસ્ત પાપા છોછ નથી રાખતા. બાળકોને ફૂટબોલ, વોલીબોલ, ક્રિકેટ કે બેડમિન્ટન રમવા માટે લઈ જનાર પિતા સાથે બાળકોને બહુ જામે છે. દોસ્ત પાપા એ શોધી લાવે છે કે બાળકોને રમતગમતનું બેસ્ટ કોચીંગ ક્યાં મળી શકશે. આજકાલ નાના નાના ભૂલકાઓની બર્થ-ડે પાર્ટીનું આયોજન પણ મોટા પાયા પર થતું હોય છે. જેમાં તેમના નાનકડા મિત્રોને પણ આમંત્રિત કરવામાં આવે છે. આવી પાર્ટીમાં માતા કે પિતા બેમાંથી એકનું સાથે જવું જરૂરી હોય છે. જેથી તેઓ બાળકને ખાવા, પીવા, રમવામાં કે તેમના શુઝની લેસ બાંધવામાં મદદરૂપ થઈ શકે. બહાર કામ કરતી મમ્મી જો બાળકની સાથે જઈ શકે તેમ ન હોય તો દોસ્ત પાપા બાળકની સાથે જાય છે. ફક્ત જાય છે એટલું જ નહીં, સાથે એક બેગમાં બાળકની જરૂરિયાતની વસ્તુઓ જેવી કે નેપકીન, એક્સ્ટ્રા ડ્રેસ, સેન્ડલ્સ, પાણીની બોટલ ઊંચકીને પાર્ટીમાં બાળકના કપડાં પર ઢોળાયેલ આઈસ્ક્રીમ કે ખાદ્ય પદાર્થો નેપકીનથી સાફ કરીને કપડાં બદલાવી દેવાનું કામ પણ દોસ્ત પાપા કરે છે. તેમને એવો વિચાર પણ નથી આવતો કે આ કામ તેની મમ્મીનું છે, પોતાનું નહીં. જરૂર પડતાં, દોસ્ત પાપા બાળકની મા પણ બની જાય છે. તેઓ બાળકની સાથે પૂર્ણપણે પાર્ટીમાં સામેલ થાય છે અને ત્યાં બાળકો જે રમતો રમે છે તેમાં ભાગ લેવા માટે પોતાના બાળકને ઉત્સાહિત કરતા રહે છે.

પોતાનું બાળક જો સારું ગાઈ શકતું હોય કે ડાન્સ કરી શકતું હોય તો દોસ્ત પાપા બાળકને ડાન્સ કરવા માટે કે ગાવા માટે પ્રોત્સાહિત કરે છે. દોસ્ત પાપા બાળકોને હોમવર્ક કરાવે છે, તેમની ડાયરી ચેક કરે છે અને તેમની પાસેથી સ્કૂલની અને તેમના મિત્રોની વાતો સાંભળે છે. જો બાળક હોમવર્ક શું આપ્યું છે તે લખીને ન લાવ્યું હોય તો તેના મિત્રના ઘરે ફોન કરીને જાણી લે છે અથવા તો મિત્રના ઘેર જઈને નોટ્સ પણ લઈ આવે છે. કોઈવાર બાળકના મિત્રને જરૂર પડે તો તેના માતા-પિતા પણ તેને ઘરે આવીને નોટ્સ લઈ જાય છે. આમ બાળકના મિત્રોના માતા-પિતા સાથે પણ દોસ્ત પાપાની દોસ્તી થઈ જાય છે.

દોસ્ત પાપા બાળકને ગાર્ડનમાં લઈ જાય છે. તેની સાથે રમે છે, હિંચકા ખાય છે, ત્યાં આવેલા બીજા પેરેન્ટ્સ સાથે વાતચીત કરે છે અને દોસ્તી કરે છે. જેમ જેમ બાળકો મોટા થાય છે અને મિત્રો સાથે તેમની દોસ્તી ઘનિષ્ઠ થાય છે તેમ તેમ તેમના પેરેન્ટ્સ વચ્ચે પણ મિત્રતા મજબૂત થતી જાય છે. તેઓ બાળકોને લગતી સમસ્યાઓ પર ચર્ચા કરીને સમાધાન શોધી લે છે.

પાપા ગમે તેટલા વ્યસ્ત હોય તો પણ બાળકો માટે સમય કાઢવો જરૂરી છે. ખરેખર તો આજકાલ કામમાંથી સમય મેળવવો ઘણો મુશ્કેલ છે. ૧૨ કલાકની ડ્યુટી અને એમાંયે ઘરથી ઓફિસ દૂર હોય તો પત્યું. પણ વીક એન્ડમાં બાળકો સાથે ફરવા જવાની તક ઝડપી લેવી જોઈએ. એ પણ સંભવ ન હોય તો જ્યારે પણ રજા મળે, બાળકને સ્કૂલમાં મૂકવા જાવ તેમની સાથે લંચ કરો. કેટલાક દોસ્ત પાપા બાળકોને હોબી ક્લાસીસમાં લઈ જવાની જવાબદારી પણ સહર્ષ નિભાવી રહ્યા છે.

જે પાપા બાળકોના મિત્રો સાથે દોસ્તી કરી શકે છે તે એક સફળ પિતા બની શકે છે કારણકે બાળકોના મિત્રો સાથે મૈત્રી કેળવવાથી પોતાનું બાળક બીજા બાળકો સાથે કેવું વર્તન કરે છે તેની જાણ થાય છે અને બાળકોની દુનિયામાં ડોકિયું કરવાનો મોકો મળે છે. પિતા દોસ્ત હોય તો બાળક પોતાના મિત્રો સાથે સહજ રહી શકે છે. દોસ્ત પાપા બાળકોના મિત્રો સાથે વર્ડ ગેમ, ક્વીઝ પ્લાન કરે છે. આ વિષયમાં બાળકના મિત્રો તેમના પેરેન્ટ્સને વાત કરે છે તો બીજા પિતા પણ તેના પરથી પ્રેરણા લઈને બાળકોના મિત્રો સાથે દોસ્તી કરવા માટે પ્રેરણા મેળવે છે. આવી જ રીતે ફક્ત પાપા જ નહીં, મમા પણ બાળકો સાથે પ્રગાઢ મૈત્રીનો સંબંધ બાંધી શકે છે. પાપા બાળકો સાથે નીકટતા ચાહે છે. મમ્મી અને પપ્પા બંને અલગ અલગ રીતે બાળક સાથે મૈત્રી કરે છે અને

*જે સમયને સાચવે છે એને સમય સાચવે છે.*

બાળકોને મા-બાપ બંને માટે લાગણી બંધાય છે. મનોચિકિત્સકો પણ માને છે કે જ્યારે માતા-પિતા બંને પોતાની ફરજ યોગ્ય રીતે નિભાવે છે, દરેક બાબતમાં પરસ્પર સંમત હોય છે તો બાળકનું વ્યક્તિત્વ નિખરે છે. બાળકોમાં એડજસ્ટમેન્ટની ક્ષમતા પેદા થાય છે. જે તેમને જીવનમાં સફળતાના શિખર સર કરવામાં મદદરૂપ થાય છે. બાળકો સાથે નીકટતા કેળવવા માટે દોસ્ત પાપા એવા થોડા કામ તેમની સાથે મળીને કરે છે જેને કારણે બંને વચ્ચે દોસ્તી થઈ જાય છે. દોસ્ત પાપા બાળક સાથે મળીને ફોટાઓ એકત્ર કરીને ફેમિલી આલ્બમ બનાવે છે. એકબીજાના ફોટા પાડે છે. દોસ્ત પાપા જ્યારે બાળકને વાર્તા કહે છે ત્યારે વીડિયો કેમેરા કે ઓડિયો રેકોર્ડિંગ ચાલુ રાખે છે. પછી કોઈવાર એ વીડિયો કે ઓડિયો રેકોર્ડિંગ પરિવાર કે મિત્રો સાતે મળીને જોવાનું કે સાંભળવાનો અનુભવ બાળક માટે યાદગાર બની જાય છે. દોસ્ત પાપા ક્યારેય બાળકોના સપનાઓ પર હસતા નથી કે 'બેકારની વાતો નહીં કર' કહીને બાળકને નિરાશ કરતા નથી, પરંતુ તેમની વાતોમાં રસ લે છે. જેને કારણે વિસ્તારથી વાત કરવાનો ગુણ બાળકમાં વિકાસ પામે છે. બાળકોને પ્રાણીઓને જોવામાં બહુ રસ પડે છે. તેથી દોસ્ત પાપા બે-ત્રણ મહિને એકવાર બાળકને પ્રાણીઘર લઈ જાય છે. પ્રાણીઓ વિષેની માહિતી આપે છે. બાળક રમતરમતમાં જ્ઞાન મેળવી લે છે. દોસ્ત પાપા પુસ્તકો વાંચવાનો શોખ બાળકો કેળવે તે પ્રત્યે ધ્યાન આપે છે. દોસ્ત પાપા બાળકને લાઈબ્રેરી લઈ જાય છે અને પુસ્તકોની દુકાનમાંથી નવા સુંદર પુસ્તકો ખરીદીને ભેટ આપે છે. બાળકને વાંચવાની પ્રેરણા આપવા માટે પોતે બાળકને વાંચી સંભળાવે છે.

તમે પણ તમારા બાળકોના દોસ્ત પાપા છો ને? અગર નથી તો શુભકાર્યની શરૂઆત ક્યારે પણ થઈ શકે છે. ■

*રમેશ (મારવાડીને) : અમે એક સ્વિમિંગ પુલ બનાવવા માંગીએ છીએ. તમારો ફાળો કેટલો લખું?*

*મારવાડી : બે બાલદી પાણી લેતા જજો!!*

## લાઈફ નહીં, લાઈફનો એટીટ્યુડ બદલો!

જેમ પથ્થરનો આધાર એના શિલ્પી અને ટાંકણા પર છે, માટીના પિંડનો આધાર કુંભાર પર છે, સોનાના બિસ્કીટનો આધાર ઝવેરી પર છે એમ જીવનનો આધાર માણસ પર છે. આપણો એટીટ્યુડ બદલાય ત્યારે જ લાઈફ બદલાય છે. માણસે હંમેશાં ધ્યાન રાખવું જોઈએ કે જીવન અન્ય વ્યક્તિ જેવું નહીં પણ જીવન, જીવન જેવું બની રહેવું જોઈએ. આમ કર્યું હોત તો આમ થાત અને ફલાણું કર્યું હોત તો ઢીંકણું થાત – એવા ટુ બી ઓર નોટ ટુ બી વાળા એટીટ્યુડમાંથી બહાર આવી જવું જોઈએ અને લાઈફના પાસ્ટ કે ફ્યુચરમાં ડોકિયું કર્યા વગર એને એનાં વર્તમાનકાળમાં જ જીવવી જોઈએ. લાઈફને આપણે કેવી રીતે લઈએ છીએ એના ઉપર જીવનની ખુશીઓનો આધાર રહેલો છે. ■


## પર્વાધિરાજને પ્રેમે નમું!

**શ્રાવણતણા પૃષ્ટ ભાગે, આવી ગયા પર્વાધિરાજ**
**લોકો તણા કરી મન મોકળાં, ક્ષમા-પતાકા ફરકે આજ**
**શાસન અને સંઘનો પ્રમાણિત, દિવ્ય દર્શનની આંખ**
**લોલુંબ ક્ષેત્ર હર ફૂલ ધાન્યે, નાવિન્યની પ્રસરાવે પાંખ**
**વ્યાખ્યાનથી પાવન કરી, કર્મ જાળને હટાવતો**
**વિવિધ તપ ભાવ ભક્તિ, સાધનાના જુવાળ ભરતો**
**જાણે સદેહે મહાવીર આવ્યાં, શાસન ધર્મના દંડધારી**
**અધર્મ દુષ્કૃત ટાળતાં, સાધકોને વિવેકે વારી,**
**પ્રભાવનામાં ક્ષમતા જ અર્પો, દોષો ન કોના દિલે ધારો**
**આલિંગો સૌથી બંધુ ભાવે, ને વિશ્વપ્રેમની જ્યોતિ જગાવો**
**સુખ-દુઃખ ચક્રના ચકડોળે, ક્યાં દમુંકે ક્યાં શમું?**
**અણનમ ઊભો વિશ્વ ચોકે, પર્વાધિરાજ! પ્રેમે નમું!**
**વર્ષોવર્ષ પધારી પ્રેમે, વૃદ્ધિ ધર્મમાં કરજો**
**જિન શાસનની પ્રરૂપણાને, સૌના હૃદયે ધરજો.**

*'રશ્મિન્ જો રણકાર : ભાગ-૨'માંથી સાભાર*

"સંગમ મસાલા"
હંસરાજ લાલજી મસાલાવાલા
૧૫, રાજ રાજેશ્વરી એપાર્ટમેન્ટ, નારાયણનગર
એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.

Ramesh Savla
Manish Savla
M. 94260 77479
AI
ARIHANT INDUSTRIES
Mfg. : Bakelite Moulding & Pannel Board Accessories, Push Buttons, Connector Strip & Cooker Handles
5/33, G.I.D.C. Ind. Estate,
Phase-1, Vatva,
Ahmedabad-382 445.
Ph. : (F) 25831205 (R) 25464948



# આંજો કાગર

**'મંગલ મંદિર' માસ સપ્ટેમ્બર-૨૦૧૪ : પ્રતિભાવ**

'મંગલ મંદિર' સપ્ટેમ્બર અંકમાં 'માનભર્યું મૃત્યુ' વિષે ઓગસ્ટ અંકના તંત્રીલેખના અનુસંધાનમાં શ્રી પ્રવીણચંદ્ર શાહનો આ વિષયની સુંદર છણાવટ કરતો લેખ છપાયો છે. તેમના લેખમાં 'સાંસ્કારિક પરંપરા' આપણી પ્રાચીન પરંપરા વિષે જાણકારી છે.

આ વિષયમાં થોડી વિશેષ વિગતો નીચે લખેલ છે. સૌ પ્રથમ વાલ્મીકિ રામાયણમાં શ્રી રામ, ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન એમ ચારે ભાઈઓએ સરયુ નદીમાં જળસમાધિ લઈને દેહત્યાગ કરેલો.

સ્વામી રામતીર્થે અલકનંદા નદીમાં જળસમાધિ લીધેલી. ગુરુ નાનકદેવ નદીમાં તરતાં તરતાં ડૂબી ગયા એમ કહેવાયું છે. કુમારિલ ભટ્ટે જાતે જ ચિતા ખડકીને તેમાં પ્રવેશીને દેહત્યાગ કરેલો. આદિ શંકરાચાર્યે ગુફામાં પ્રવેશી દેહત્યાગ કરેલો. ચૈતન્ય મહાપ્રભુ સમુદ્રના જળમાં ડૂબી ગયા એમ કહેવાય છે. સંત જ્ઞાનેશ્વરે પણ ગુફામાં પ્રવેશ કરીને દેહત્યાગ કરેલો. સમર્થ રામદાસ સ્વામીએ સ્વેચ્છાએ દેહત્યાગ કરેલો. સંત એકનાથે ગોદાવરી નદીમાં ડૂબીને દેહત્યાગ કરેલો. સંત તુકારામે તો સપરિવાર દેહત્યાગ કરેલો. નરસિંહ મહેતા જંગલમાં ચાલ્યા ગયા પછી શું થયું તે જાણમાં નથી. મીરાંબાઈ મૂર્તિમાં સમાઈ ગયા એમ કહેવાય છે. રામાયણ ઉત્તરકાંડ મુજબ સીતાજી ધરતીમાં સમાઈ ગયા. જેસલ-તોરલ ઉપરાંત સૌરાષ્ટ્રના અનેક સંતો - ભક્તો (એની યાદી ખૂબ લાંબી છે) એ સ્થળ સમાધિ (જમીનમાં) લીધી એવા ઐતિહાસિક ઉલ્લેખો છે.

આપણી જિંદગી આપણી પોતાની માલિકીની છે. આપણને જિંદગી સરકારે આપી નથી. જિંદગી પર આપણો પૂરેપૂરો અધિકાર છે અને આ દેહનો ક્યારે ત્યાગ કરવો તે નક્કી કરવાનો આપણને અબાધિત અધિકાર છે. એમાં દખલ દેવાનો સરકારને કશો જ અધિકાર કે હક્ક ન હોવો જોઈએ. સ્વૈચ્છિક દેહત્યાગને કોઈ સંજોગોમાં પાપ ગણી શકાય નહિ અને અપરાધ તો બિલકુલ ન જ ગણી શકાય.

દેહત્યાગના વિષયમાં સૌથી જૂની પૌરાણિક કથા મહાદેવના પત્ની સતીની છે. જેણે પોતાના પિતાએ કરેલ યજ્ઞમાં મહાદેવને આમંત્રણ ન મળતાં અપમાનિત થઈ યજ્ઞકુંડમાં પડીને દેહ વિસર્જન કર્યું.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*સસરાજી : જમાઈરાજ, હું તમને દહેજમાં કાર આપીશ.* ☺☺

*જમાઈ : ના, કાર તો હું લઈ લઈશ. તમે ફક્ત એનું પેટ્રોલ આપતા રહેજો.*

ઘર ઘરની મીઠાઈ..



હાથી છાપ ગોળ

શાહ હાથીભાઈ અજરામલદાસ

જુના માધુપુરા, અમદાવાદ. ફોન : ૨૨૧૨૩૬૫૪

**આ જગમાં થોડા મલે!**

જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી
પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!
લખે લહિયા અનેક, ટેવના પરિણામથી
મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

Viketa
Electronics
An ISO 9001-2000 COMPANY
MANUFACTURERS OF
ELECTRICAL PANEL BOARDS
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257 Fax : +91-2646-252759
Mobile : 9824101111, 9824762141
E-mail : viketa53@rediffmail.com

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા ફંડ રેઈઝીંગ પ્રોગ્રામ

પોતાની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા શ્રી કચ્છી સમાજ-અમદાવાદે ચાલુ વર્ષ દરમ્યાન ૧૦ જેટલી વિવિધ સમિતિઓનું ગઠન કરેલ છે અને જરૂરિયાત અનુસાર હજુ પણ નવી સમિતિઓની રચના કરવાની વિચારણા ચાલુ છે.

આ સમિતિઓ દ્વારા સામાજિક ઉત્કર્ષના વિવિધ કાર્યક્રમો હાથ પર લેવાની ગણના રાખવામાં આવેલ છે. તેના અનુસંધાને સામાજિક પ્રવૃત્તિઓનો વ્યાપ સારા એવા પ્રમાણમાં વધારી શકાશે. આ કાર્યોના અમલીકરણ માટે સ્વાભાવિકપણે ફંડની આવશ્યકતા રહે. જેના અનુસંધાને તા. ૧૯-૧૦-૨૦૧૪, રવિવારના રોજ ટાઉનહોલ - અમદાવાદ ખાતે એક ફંડ રેઈઝીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગતો આ સાથે સામેલ છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ ફંડ રેઈઝીંગ કાર્યક્રમ અંતર્ગત યોજે છે.. એક અદ્‌ભૂત અવિસ્મરણીય, એકશનથી ભરપુર અને ભાગ્યે જ જોવા મળે તેવો રસપ્રદ અને આનંદદાયક કાર્યક્રમ જેમાં આપને મળશે જોવા અને જાણવા સાથે સંપૂર્ણ મનોવૈજ્ઞાનિક ઢબ સાથેનો કાર્યક્રમ...

### હિપ્નોસીસ ડેમોનસ્ટ્રેશન ... (હિપ્નોટીઝમ)

### ડો. પ્રશાંત ભીમાણી (જાણીતા સાયકોલોજીસ્ટ તથા હિપ્નોથેરાપીસ્ટ)

**રવિવાર, તા. ૧૯-૧૦-૨૦૧૪ • *સમય* : બપોરના ૩ થી ૬ • *સ્થળ* : શેઠ મંગલદાસ ટાઉન હોલ, આશ્રમ રોડ, અમદાવાદ.**

ઉપરોક્ત કાર્યક્રમનો મુખ્ય હેતુ ફંડ રેઈઝ કરવાનો હોવાથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યકરો આપની સમક્ષ પ્રવેશ પાસ લઈને ઉપસ્થિત થાય ત્યારે તેઓને સહકાર આપવા ખાસ અપીલ કરવામાં આવે છે. **રૂ. ૨૫૦૦, ૧૫૦૦, ૧૦૦૦, ૫૦૦ અને ૨૫૦ ના ડોનેશન સામે યોગ્ય પાસનું વિતરણ કરવામાં આવશે.**

અમદાવાદ-ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારોને ઉત્સાહભેર ભાગ લેવા વિનંતી કરવામાં આવે છે. પ્રવેશ પાસ માટે નીચે જણાવેલ સમિતિના સભ્યોનો સંપર્ક કરવા વિનંતી.

**• પ્રવેશ પાસ માટે સંપર્ક •**

| | | | |
|---|---|---|---|
| ★ *શ્રી અશોક મહેતા* | *: મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯* | ★ *શ્રી ભરત ઓઝા* | *: મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩* |
| ★ *શ્રી કૈલાસદાન ગઢવી* | *: મો. ૯૮૨૫૩ ૨૫૧૪૫* | ★ *શ્રી જગદીશભાઈ ઠક્કર* | *: મો. ૯૮૨૫૦ ૦૫૯૦૧* |
| ★ *શ્રી હિમાંશુ ઠક્કર* | *: મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪* | ★ *શ્રી મેઘજીભાઈ ખેતાણી* | *: મો. ૯૯૨૫૪ ૪૮૮૮૮* |
| ★ *શ્રી અમિત પટેલ (સુરાણી)* | *: મો. ૯૮૨૪૪ ૭૯૯૨૩* | ★ *શ્રી નરેન્દ્રભાઈ શાહ* | *: મો. ૯૮૨૫૦ ૬૧૫૯૮* |
| ★ *શ્રી દિપક ચૌહાણ* | *: મો. ૯૮૭૯૫ ૪૯૭૬૫* | ★ *શ્રી મનુભાઈ કોટડીયા* | *: મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮* |

***નોંધ : આ અગાઉ ફંડ રેઈઝીંગ કાર્યક્રમ અંતર્ગત સમાજના કલાકારો દ્વારા મનોરંજન કાર્યક્રમ રજૂ કરવાનું નક્કી થયેલ હતું. જે હાલ પુરતુ મુલત્વી રાખવામાં આવેલ છે. ભવિષ્યમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.***

## અહિંસા ટ્રસ્ટ

શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૩ માસમાં કુલ ૮૦ અબોલ જીવોને કતલખાને જતાં બચાવી અભયદાન અપાવવામાં આવેલ છે. ગૌરક્ષક ગીતાબેન રાંભિયા પરિવારના બચુભાઈ રાંભિયાની આગેવાની હેઠળ સંસ્થા દ્વારા કચ્છ જિલ્લાના ગામ રામાણિયા તેમજ તેની આજુબાજુના ગામોમાં વિનામૂલ્યે દવાઓ સાથેના એક મેડિકલ કેમ્પનું તાજેતરમાં આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૩૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધેલ છે, તેમ સંસ્થાની એક યાદીમાં જણાવાયું હતું.

## મુંબઈમાં યોજાયેલો પારિતોષિક સમારોહ

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી કવિ નર્મદના જન્મદિવસે વિશ્વ ગુજરાતી ભાષા દિવસ ઉજવે છે. આ પ્રસંગે તેઓ ગુજરાતી ભાષાના સાહિત્યકારને અને એક મરાઠી સાહિત્યકારને કવિ નર્મદ એવોર્ડ, સન્માનપત્ર તથા રૂા. ૫૧,૦૦૦/-નો પુરસ્કાર અર્પણ કરે છે. આ વર્ષનો પુરસ્કાર ગુજરાતી ભાષાના સાહિત્યકાર ગુજરાતી, હિંદી, અંગ્રેજીમાં કુલ ૧૨૦ પુસ્તકો લખનાર તથા ગુજરાતની સૌથી જૂની સંસ્થા ગુજરાત સાહિત્ય સભાના પ્રમુખ ડૉ. કુમારપાળ દેસાઈને અને મરાઠી સાહિત્યના વિવેચક-સંશોધક શ્રીમતી વિજયા રાજાધ્યક્ષને તાજેતરમાં મુંબઈના રવીન્દ્ર નાટ્ય મંદિરમાં એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે ડૉ. કુમારપાળ દેસાઈએ પોતાની સર્જનયાત્રાની વાત કરી હતી અને ચરિત્ર, સંશોધન, બાળસાહિત્ય, પ્રૌઢસાહિત્ય, અનુવાદ, વિવેચન અને પત્રકારત્વના સ્વરૂપોમાં કઈ રીતે ગતિ કરી હતી એનો ખ્યાલ આપ્યો હતો. તાજેતરમાં ચાલતી ગુજરાતી વિશ્વકોશની પ્રવૃત્તિનો ખ્યાલ આપતાં એમણે કેટલીક રસપ્રદ વિગતો આપી હતી, એમ સંસ્થાની એક યાદીમાં જણાવાયું હતું.

## ૩૭ દીક્ષાર્થીઓની દીક્ષા
## સુરતમાં ૧ ડિસેમ્બરે ભવ્ય મહોત્સવ

આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જિનચંદ્રસૂરિશ્વરજી મહારાજા, આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય યોગતિલકસૂરિશ્વરજી મહારાજાની નિશ્રામાં ૩૭ મુમુક્ષુરત્નો સંયમજીવન સ્વીકારવા જઈ રહ્યા છે. આ મુમુક્ષુરત્નોના મુહૂર્તપ્રદાનનો ઉત્સવ પાલડી રીવરફ્રન્ટ ખાતે યોજાયો હતો, જેમાં ૧૦ હજારથી વધુ ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૩૭ દીક્ષાર્થીઓની દીક્ષા સુરત ખાતે માગશર સુદ-૧૦ના એટલે કે ૧ ડિસેમ્બરે યોજવાનું જાહેર કરવામાં આવ્યું છે.

કુલ ૨૦ સંઘો દ્વારા આ ૩૭ મુમુક્ષુઓનું શાહી સન્માન કરવામાં આવ્યું હતું. સુરતમાં યોજાનારા આ દીક્ષા મહોત્સવમાં ૫૦ હજારથી વધુ ભાવિકો ઉપસ્થિત રહે તેવી પૂરી સંભાવના છે.

જૈન સમાજમાં દીક્ષાના મુહૂર્તપ્રદાન ઉત્સવનું ખૂબ જ મહત્ત્વ હોય છે. જેમાં મુમુક્ષુઓ પોતે દીક્ષા સ્વીકારવાથી પોતાના જીવનમાં કેવા સંતોષકારક પરિવર્તન આવશે તેવી સંવેદના રજૂ કરે છે. આ મુમુક્ષુઓ પૈકી સૌથી વધુ ૧૨ સુરતના છે. આ કારણે આ પ્રસંગની યજમાની માટે સુરતની પસંદગી કરવામાં આવી છે. અન્ય દીક્ષાર્થીઓમાંથી મુખ્યત્વે અમદાવાદ, હાલોલ, ભાભર, રાધનપુર, નવસારી અને મુંબઈના છે.

આ ૩૭ મુમુક્ષુઓમાં અમદાવાદના ૨૩ વર્ષીય રૂષભ દોશીનો પણ સમાવેશ થાય છે. એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ ખાતે ઓટોમોબાઈલ એન્જિનિયરિંગમાં છ સેમેસ્ટરનો અભ્યાસ કરી ચૂકેલા રૂષભ દોશીએ જણાવ્યું હતું કે, 'આધ્યાત્મિક ઉન્નતિ માટે મેં દીક્ષા લેવાનો નિર્ણય લીધો છે.'

અમદાવાદમાંથી અન્ય જે દીક્ષાર્થી છે તેમાં ૫૦ વર્ષીય ભરત શાહ તેમજ તેમના બંને પુત્રો ૧૪ વર્ષીય દીપ શાહ, ૧૬ વર્ષીય સંયમ શાહનો પણ સમાવેશ થાય છે. આ મહોત્સવમાં કોર્પોરેટર રાકેશભાઈ શાહ, શ્રીપાલભાઈ, સુજીતભાઈ જેવા અગ્રણી પણ ઉપસ્થિત રહ્યા હતા. ■

*વધતી અપેક્ષા જ અશાંતિનું મૂળ કારણ છે.*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**સપ્ટેમ્બર - ૨૦૧૪ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

- પ્રદીપ શાંતિલાલ મહેતા — ગાંધીધામ, કચ્છ
- રોહિત પ્રાણલાલ મહેતા — ગાંધીધામ, કચ્છ
- કામાબેન જે. મહેતા — પ્રહલાદનગર, અમદાવાદ

**૩ વર્ષનું લવાજમ**

- રેણુકાબેન રતિલાલ લાલકા — આદિપુર, કચ્છ

**૪ વર્ષનું લવાજમ**

- કુ. સરલા પ્રેમજી દેઢિયા — નાની ખાખર, કચ્છ
- દિનેશ પ્રેમજી દેઢિયા — વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ

**૫ વર્ષનું લવાજમ**

- રમેશ મેઘજી શાહ — અગાસ, જિ. આણંદ.

**આજીવન**

- શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ (કચ્છ)

### રીન્યુ થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

- કેતન દામજી ફુરિયા — ઘાટકોપર, મુંબઈ
- શ્રી વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય ભુજ, કચ્છ
- લક્ષ્મીચંદ વિશનજી ધરમશી — બીજાપુર (કર્ણાટક)
- ડી.વી. બુચિયા — ગાંધીધામ, કચ્છ

**૫ વર્ષનું લવાજમ**

- પ્રવીણચંદ્ર એસ. શાહ — સુરત

*મિત્રતા અને દુશ્મનીના ભાવ વાદળોની જેમ દરેક ક્ષણે બદલાતા રહે છે.*

## શબ્દ રમત-૯૮

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | | | ૭ |
| | ■ | ૮ | ૯ | ■ | ૧૦ | | | | ■ | ■ | |
| ૧૧ | ૧૨ | ■ | ૧૩ | ૧૪ | ■ | ■ | | | ૧૫ | | |
| ■ | ૧૬ | ૧૭ | ■ | ૧૮ | ૧૯ | ૨૦ | ■ | ૨૧ | | ■ | |
| ૨૨ | ■ | ૨૩ | ૨૪ | ■ | ૨૫ | | ૨૬ | ■ | ૨૭ | ૨૮ | ■ |
| ૨૯ | ૩૦ | ■ | ૩૧ | ૩૨ | ■ | ૩૩ | | ૩૪ | ■ | ૩૫ | ૩૬ |
| ૩૭ | | ■ | ૩૮ | | ૩૯ | ■ | ૪૦ | | ■ | ૪૧ | |
| ■ | ૪૨ | ૪૩ | ■ | ૪૪ | | ૪૫ | ■ | ૪૬ | ૪૭ | ■ | |
| ૪૮ | ■ | ૪૯ | | ■ | ૫૦ | | ૫૧ | | ૫૨ | ૫૩ | ■ |
| ૫૪ | | | ■ | ૫૫ | ■ | ■ | ૫૬ | ૫૭ | ■ | ૫૮ | ૫૯ |
| | ■ | ■ | ૬૦ | | | ૬૧ | ■ | ૬૨ | ૬૩ | ■ | |
| ૬૪ | | | | | ■ | ૬૫ | | ■ | ૬૬ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૧૦-૨૦૧૪)*

### આડી ચાવીઓ

૧. છેલ્લું, છેવટનું (૩)
૩. મુગટ, રાજમુગટ (૨)
૫. ભારતમાં આવેલી વિશ્વની સાતમી અજાયબી (૫)
૮. પર્વત (૨)
૧૦. રઘુપતિ રાઘવ ...... (૪)
૧૧. પરવાનગી, સંમતિ, છુટ્ટી (૨)
૧૩. યે મેરા પ્રેમ ____ પઢકર, તું નારાજ ના હોના (૨)
૧૫. સમત્વ, સરખાપણું (૩)
૧૬. લીન, તલ્લીન (૨)
૧૮. તેનાથી શેક્યો ____ પણ નહીં ભંગાય (૩)
૨૧. કામ, કારણ, કાજે, સારું (૨)
૨૩. ____નું નામ મરી ન પાડે (૨)
૨૫. ભાંગ, શાકભાજી (ફા) (૩)
૨૭. ધંધાની બે બાજુ, ____ નુકસાન (૨)
૨૯. કુંભારનો ચાક (૨)
૩૧. ____ મલાઈ (બંગાળી મીઠાઈ) (૨)
૩૩. બકવાસ કરવો તે (૩)
૩૫. ચણોઠી, જરાક (૨)
૩૭. વિદ્યાશાખાના અધ્યક્ષ (અં.) (૨)
૩૮. વઝીર, પ્રધાન (અ) સાદો પલંગ (૩)
૪૦. શરીર, દેહ, કાયા (૨)
૪૧. બુધ્ધિ, મતિ, મમત (૨)
૪૨. વેરો, ટેક્ષ (૨)
૪૪. આનંદ, મસ્તી (૩)
૪૬. હુન્નર, કસબ (૨)
૪૯. ____ વીરસ્ય ભૂષણમ (૨)
૫૦. થોડા રૂ ની ઓઢવાની ગોદડી (૩)
૫૨. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી (૨)
૫૪. ભિક્ષા માગે તે (૩)
૫૬. કેરોસીનથી બળતો ચૂલો (ઇં.) (૨)
૫૮. કામદેવની સ્ત્રી (૨)
૬૦. વાવવું તે (૪)
૬૨. મીણબત્તી, દીવો (અ.) (૨)
૬૪. જરૂરી જ ખર્ચ કરવો તે (૫)
૬૫. ખારાશવાળો પદાર્થ (૨)
૬૬. તપાસ, કસોટી (૩)

### ઊભી ચાવીઓ

૧. ____ નગરી, ગંડુ રાજા (૩)
૨. ____ હોય, તો માળવે જવાય (૨)
૪. વૃધ્ધાવસ્થા (૨)
૫. ખેદાનમેદાન, જમીનદોસ્ત (૩)
૬. જમાઈને ____ કહેવાય છે (૨)
૭. સતત, લાગલગાટ (૪)
૯. ઉડતી વાત, અફવા (૨)
૧૨. જુવાર બરણી (ઇં) પરસ્ત્રી સાથે પ્રીત કરનાર, યાર (૨)
૧૪. લજ્જા, શરમ (૨)
૧૫. ____ રે જૂઠ મત બોલો, ખુદા કે પાસ જાના હૈ (૩)
૧૭. અંધારું (૨)
૧૯. ખોબો, અંજલિ, પસલો, પોશ (ફા) (૨)
૨૨. વખાણેલી ____ દાંતે વળગી (૩)
૨૪. મુંબઈની લોકલ ટ્રેનમાં બહુ ____ હોય છે (૩)
૨૬. સાફ કર્યા વગર અનાજમાં પડી જાય (૩)
૨૮. સુવાસ, સુગંધ (૩)
૩૦. સોનુ (૩)
૩૨. પ્રશ્ન (૩)
૩૪. તેજ, ભપકો (અં.) (૩)
૩૬. તેતર (૩)
૩૯. સરોવર કે મોટી નદીમાંથી ખોદેલો મોટો કાંસ (૩)
૪૩. રક્ષણ કરનાર (૩)
૪૫. પરવાનગી, સંમતિ (૨)
૪૭. જ્વાળામુખી ફાટતા નીકળતો રસ (૨)
૪૮. અમિતાભ બચ્ચનનો પુત્ર (૪)
૫૫. ગુજરાતીમાં આ દાળ વધારે વપરાય છે (૩)
૫૭. તાબે થવું (૨)
૫૯. સહનશીલતા (સં.) (૩)
૬૦. વસવાટ, મુકામ, દુર્ગંધ (૨)
૬૧. રાખડી, રક્ષણ (૨)
૬૩. કપડા સીવડાવતી વખતે દરજી ____ લે છે (૨)

*જે દુર્ગુણો ધરાવે અને દુષ્કર્મો કરે એ જ અસ્પૃશ્ય ગણાય.*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)*

★ **આકાશમાં બે ચંદ્ર :** ૨૭ ઓગસ્ટ, ૨૦૧૪ની રાત્રે મંગળ ગ્રહ પૃથ્વીથી માત્ર ૩૪.૬૫ મિ. માઈલ દૂર હોવાથી આકાશમાં ચંદ્ર જેવો દેખાતો હોવાથી આખી પૃથ્વી પરથી આકાશમાં બે ચંદ્ર દેખાતા હતા. આવી ઘટના ફરીથી ઈ.સ. ૨૨૮૭માં ફરીથી જોવા મળશે.

★ **ગાંધી ફિલ્મ :** ૩૦ નવેમ્બર, ૧૯૮૨માં રિચાર્ટ એટનબરોએ બનાવેલી ''ગાંધી'' ફિલ્મમાં મહાત્મા ગાંધીનો રોલ કરનારા બેન કિંગ્સ્લેનું મૂળ નામ ક્રિષ્ણા પંડિત ભાણજી હતું. તેઓના પિતા ગુજરાતી તબીબ રહીમતુલ્લા હરજી ભાણજી અને તેમની માતા અમેરિકન મોડલ અન્ના લીના મેરી હતા.

★ **સૌથી વધુ ઊંચાઈવાળો ઝુલો :** અમેરિકાના કોલારોડાના ગ્લેનવુ સ્પિંગ્સના એડવેન્ચર પાર્કમાં ૧૩૦૦ ફૂટ ઊંચા પર્વત પર સૌથી મોટો ઝુલો આવેલો છે. જે હવા અને ગેસના દબાણથી ૮૦ કિ.મી.ની ઝડપે ચાલે છે અને ૧૧૨ ડિગ્રીના એંગલમાં વળાંક લે છે ત્યારે તેમાં બેઠેલા બીકથી ચિચિયારીઓ પાડી ઉઠે છે.

★ **પ્રથમ હોટ એર બલૂન :** અનેક દેશોમાં છોડવામાં આવતા ગરમ હવાના બલૂનમાં હવાઈ સફરનો આનંદ લોકો માણે છે. તેની શરૂઆત ૧૯મી સપ્ટેમ્બર, ૧૭૮૩માં ફ્રાંસના એનોનાય શહેરમાં કરવામાં આવી હતી. તેને 'એરોસ્ટેટ રેવિલોન' નામ આપવામાં આવ્યું હતું.

★ **દુનિયાનો વિચિત્ર બ્રિજ :** હાયહી નદી પર આવેલો તિઆનજીન આઈબ્રિજ ૩૯૪ ફૂટ ઊંચી કાર્નિવલ રાઈડ છે. ૨૦૦૭માં બનેલા બ્રિજમાં ૪૮ પેસેન્જર કેપ્સ્યુલ છે. જેમાં ૩૮૫ લોકો બેસી શકે છે. તેને એક ચક્કર પૂરું કરતાં અડધો કલાક લાગે છે.

★ **નિષ્ફળતા પછીની સફળતા :** જાપાનની સોફ્ટ બેંકમાં વાઈસ ચેરમેન પદનો હોદ્દો ધરાવતાં ભારતીય નિકેશે અમેરિકામાં એમ.બી.એ. કર્યું. તેમના પ્રો. હરલન પ્લેટ તેમને શ્રેષ્ઠ વિદ્યાર્થી માનતા. પરંતુ નોકરી માટે ઈન્ટરવ્યુ આપવા જતાં ત્યારે ૩૯૯ કંપનીઓએ એમ કહીને રીજેક્ટ કર્યા કે તેમને ફાઈનાન્સની જાણકારી નથી. અંતે ૪૦૦મી વખતે તેમને ડિફેલીટી ઈન્વેસ્ટમેન્ટમાં નોકરી મળી.

★ **સૌથી મોટું આર્ટિફીશિયલ બીચ :** જાપાનના મિયાજાકીમાં દુનિયાનું સૌથી મોટું આર્ટિફીશિયલ બીચ સિગાઈયા ઑસન ડૉમ આવેલું છે. ૯૮૪ ફૂટ લાંબા અને ૩૨૮ ફૂટ પહોળા આ બીચ પર દુનિયાની સૌથી મોટી છત છે. એક સાથે દસ હજાર પ્રવાસીઓ અહીં આવી શકે છે.

★ **દુનિયાની મોંઘી બોટલ :** મધ્યપૂર્વના લક્ઝરી પ્રદર્શન બિગ બોય ટોય્ઝમાં રજૂ કરવામાં આવનારી બોટલ ફાઈનેસ્ટ ક્રિસ્ટલ અને ૨૪ કેરેટ સોનાથી બનાવેલી ૧૧૩ કિંમતી હીરા જડેલી બોટલમાં જર્મનીના સૌથી શુધ્ધ ઝરણા સેન્ટ લિઆનહાર્ડનું ૫૦૦ એમ.એલ. પાણી હશે. આ બોટલની કિંમત ૫.૫ કરોડ રૂપિયા છે.

★ **અનોખો સાપ :** પોલિનેશિયામાં એક અજીબ પ્રકારનો સાપ જોવા મળે છે. જ્યારે વરસાદ પડવાનો સમય થાય ત્યારે તે પાણીના વાસણની જેમ ગૂંચળું વાળીને બેસી જાય છે અને એ ગૂંચળામાં પાણી પીવા આવતા પક્ષીઓનું ભક્ષણ કરે છે.

★ **બાળકોના મસીહા :** પોલેન્ડના વાર્સો શહેરમાં જન્મેલા હિલેરી કોપ્રોવસ્કી એવી વ્યક્તિ હતા જેમણે મેડિકલ અને મ્યુઝીક બંનેમાં ડિગ્રી મેળવી હતી. ૧૯૫૦માં ન્યુયોર્કમાં તેમણે મોઢેથી પીવાતી પોલિયોની રસીની શોધ કરી હતી.

## શબ્દ રમત-૯૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વ | જ | ન | | આ | મ | | પ | ર | ત | |
| અ | ર | જ | | સ | વ | લ | ત | | દ | ર | દ |
| ર | સ | | શ | | ક | મ | | શ | | ત | ડ |
| મા | | મ | ર | જી | | | સુ | મ | ન | | મ |
| ન | ફ | ર | ત | | ન | ફો | | | સ | મા | જ |
| | જે | મ | | અ | | | ના | | | પ | લ |
| સ | તી | | ક | સ | ર | ત | | ક્ષી | ણ | | |
| ચ | | | સ | ર | જ | ન | હા | ર | | સી | તા |
| રા | મે | શ્વ | ર | | ની | મ | | સા | પુ | તા | રા |
| ચ | ર | સ | | જ | શ | ન | | ગ | ચ્છ | | જ |
| ર | | ન | ર્ત | ન | | | આ | ર | | સ | |
| | પા | | | ક | મ | ની | ય | | પ | ર | વા |

*માસ ઓગસ્ટ-૨૦૧૪ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૯૬ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | કિશોર જે. શાહ | - ભુજ | બધા સાચા |
| ૨. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૩. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૪. | ચંદ્રા મહેન્દ્ર શાહ | - ભદ્રા, અમદાવાદ | ૧ ભૂલ |
| ૫. | શાંતિલાલ વ. શાહ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૬. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૭. | અરવિંદ જયંતીલાલ ભટ્ટ | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૮. | લક્ષ્મીબેન મહેશકુમાર ખત્રી | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૯. | ચંદ્રા મહેન્દ્ર શાહ | - સેટેલાઈટ, અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૦. | ઉષા ભરત સંઘવી | - રાઉરકેલા | ૨ ભૂલ |

## Nano 9 Sudoku

<u>શરતો</u> :

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

ઓગસ્ટ-૨૦૧૪ના અંકમાં છપાયેલ
સુડોકુ-૧૦૫૨ના ઉકેલ મોકલનારના નામ

૧. રમેશ ઉમરશી સાવલા - અમદાવાદ બધા સાચા
૨. ચંદ્રકાંત બી. મૈશેરી - અમદાવાદ બધા સાચા
૩. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ બધા સાચા
૪. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ બધા સાચા
૫. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ બધા સાચા
૬. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ બધા સાચા
૭. ઉષા ભરત સંઘવી - રાઉરકેલા બધા સાચા
૮. હર્ષદ ખેતશી ગાંધી - બેંગ્લોર બધા સાચા

ઉપર્યુક્ત ૮ સાચા જવાબ મોકલનારાઓના લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. જેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.

### ★ વિજેતાઓ ★

૧. ચંદ્રકાંત બી. મૈશેરી - અમદાવાદ
૨. ઉષા ભરત સંઘવી - રાઉરકેલા
૩. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ

ચંપા : પેલો ભિખારી એકદમ બદમાશ છે. ☺
ચંપક : કેમ શું કર્યું એણે?
ચંપા : ગઈકાલે મેં એને આપણી વધેલી રસોઈ આપી હતી કે બિચારો પેટ ભરીને ખાશે. પણ આજે મને એ એક ચોપડી આપી ગયો.
ચંપક : કેવી ચોપડી.... આશિર્વાદની?
ચંપા : ના... ના... ચોપડીનું નામ છે 'રસોઈ કરતાં શીખો અને દાન કરો...' ☺

## Nano 9 Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૫૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૧૦-૨૦૧૪ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ નવેમ્બર-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૫૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | ૬ | | | ૮ | ૪ | |
| | ૭ | ૮ | | ૩ | | ૬ | | |
| | | | ૮ | | | | | ૫ |
| | | ૪ | ૧ | | | | ૯ | |
| | ૨ | | | ૫ | | | ૬ | |
| | ૬ | | | | ૨ | ૪ | | |
| ૨ | | | | | ૬ | | | |
| | | ૬ | | ૮ | | ૯ | ૩ | |
| | ૧ | ૯ | | | ૪ | | | ૬ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | | | ૧ | ૨ |
| | | ૭ | ૮ | | | ૩ | | |
| ૬ | ૫ | | ૨ | ૧ | | | | |
| ૪ | ૨ | ૩ | | | ૮ | | | |
| | | | ૩ | | ૧ | | | |
| | | | ૬ | | | ૪ | ૯ | ૩ |
| | | | | ૩ | ૫ | | ૨ | ૬ |
| | | ૬ | | | ૯ | ૧ | | |
| ૫ | ૭ | | | | | ૯ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ | | ૪ | | | |
| | ૨ | | | ૮ | ૯ | | ૧ | |
| ૮ | | ૭ | | | | ૪ | | |
| | ૪ | ૫ | ૧ | | | ૨ | | |
| ૨ | | | | ૯ | | | | ૩ |
| | | ૯ | | | ૬ | ૫ | ૮ | |
| | | ૪ | | | | ૮ | | ૨ |
| | ૫ | | ૮ | ૭ | | | ૬ | |
| | | | ૪ | | ૧ | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | | ૪ | | | ૨ | |
| | | | | | ૫ | ૭ | | |
| ૨ | ૩ | | | ૬ | | ૫ | | |
| ૯ | ૭ | | ૬ | | | ૪ | | |
| | ૮ | | ૪ | | ૨ | | ૭ | |
| | | ૬ | | | ૯ | | ૮ | ૩ |
| | | ૧ | | ૩ | | | ૪ | ૭ |
| | | ૭ | ૧ | | | | | |
| | ૪ | | | ૯ | | ૧ | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૫૩**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૪ | ૯ | ૫ | ૨ | ૩ | ૮ | ૭ | ૧ |
| ૨ | ૭ | ૮ | ૪ | ૯ | ૧ | ૩ | ૫ | ૬ |
| ૩ | ૫ | ૧ | ૮ | ૭ | ૬ | ૨ | ૯ | ૪ |
| ૯ | ૩ | ૬ | ૧ | ૮ | ૫ | ૪ | ૨ | ૭ |
| ૮ | ૧ | ૭ | ૯ | ૪ | ૨ | ૫ | ૬ | ૩ |
| ૪ | ૨ | ૫ | ૩ | ૬ | ૭ | ૧ | ૮ | ૯ |
| ૧ | ૯ | ૨ | ૭ | ૩ | ૮ | ૬ | ૪ | ૫ |
| ૫ | ૬ | ૪ | ૨ | ૧ | ૯ | ૭ | ૩ | ૮ |
| ૭ | ૮ | ૩ | ૬ | ૫ | ૪ | ૯ | ૧ | ૨ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૮ | ૧ | ૬ | ૭ | ૨ | ૪ | ૯ | ૩ |
| ૨ | ૬ | ૯ | ૪ | ૧ | ૩ | ૭ | ૮ | ૫ |
| ૭ | ૪ | ૩ | ૯ | ૫ | ૮ | ૧ | ૬ | ૨ |
| ૪ | ૧ | ૨ | ૫ | ૮ | ૯ | ૬ | ૩ | ૭ |
| ૩ | ૯ | ૫ | ૭ | ૬ | ૧ | ૨ | ૪ | ૮ |
| ૮ | ૭ | ૬ | ૨ | ૩ | ૪ | ૫ | ૧ | ૯ |
| ૬ | ૫ | ૪ | ૮ | ૯ | ૭ | ૩ | ૨ | ૧ |
| ૧ | ૨ | ૮ | ૩ | ૪ | ૫ | ૯ | ૭ | ૬ |
| ૯ | ૩ | ૭ | ૧ | ૨ | ૬ | ૮ | ૫ | ૪ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૧ | ૬ | ૨ | ૭ | ૮ | ૪ | ૯ |
| ૪ | ૭ | ૮ | ૫ | ૩ | ૯ | ૬ | ૧ | ૨ |
| ૬ | ૯ | ૨ | ૮ | ૪ | ૧ | ૩ | ૭ | ૫ |
| ૫ | ૮ | ૪ | ૧ | ૬ | ૩ | ૨ | ૯ | ૭ |
| ૯ | ૨ | ૭ | ૪ | ૫ | ૮ | ૧ | ૬ | ૩ |
| ૧ | ૬ | ૩ | ૭ | ૯ | ૨ | ૪ | ૫ | ૮ |
| ૨ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ | ૭ | ૮ | ૪ |
| ૭ | ૪ | ૬ | ૨ | ૮ | ૫ | ૯ | ૩ | ૧ |
| ૮ | ૧ | ૯ | ૩ | ૭ | ૪ | ૫ | ૨ | ૬ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૪ | ૫ | ૯ | ૭ | ૬ | ૧ | ૨ |
| ૨ | ૧ | ૭ | ૮ | ૬ | ૪ | ૩ | ૫ | ૯ |
| ૬ | ૫ | ૯ | ૨ | ૧ | ૩ | ૮ | ૪ | ૭ |
| ૪ | ૨ | ૩ | ૯ | ૭ | ૮ | ૫ | ૬ | ૧ |
| ૯ | ૬ | ૫ | ૩ | ૪ | ૧ | ૨ | ૭ | ૮ |
| ૭ | ૮ | ૧ | ૬ | ૫ | ૨ | ૪ | ૯ | ૩ |
| ૧ | ૯ | ૮ | ૪ | ૩ | ૫ | ૭ | ૨ | ૬ |
| ૩ | ૪ | ૬ | ૭ | ૨ | ૯ | ૧ | ૮ | ૫ |
| ૫ | ૭ | ૨ | ૧ | ૮ | ૬ | ૯ | ૩ | ૪ |



# વિશેષ જાણકારી

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

૧. ભગવાન મહાવીરના આદેશો અને વચનોને મહાવીરના નિર્વાણ બાદ લગભગ ૯૦૦ વર્ષ પછી આગમ ગ્રંથોના રૂપમાં લિપિબધ્ધ કરનારા તમામ આચાર્યો બ્રાહ્મણો હતા. એક પણ ક્ષત્રિય નહીં.

૨. પ્રાચીન ગ્રીસના એથેન્સના યુવાનો પ્રતિવર્ષ રમતોત્સવ ઉજવતા ત્યારે એની શરૂઆતમાં જ તેઓ એક પ્રતિજ્ઞા લેતા : "અમને વડીલોએ જે એથેન્સ વારસામાં આપ્યું છે તેને બહેતર બનાવીને મારી પછીની પેઢીને વારસામાં આપીશ."

૩. વેદના નાસદીય સૂક્તમાં જણાવેલ છે કે સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે દેવો જાણતા નથી. કારણકે દેવોનું સર્જન પાછળથી થયું છે.

૪. બ્રિટનના મહાન હાસ્યકાર પી.જી. વુડહાઉસે કહ્યું છે કે "ક્યારેય ક્ષમા માંગવી નહીં! કારણકે સારા માણસો ક્યારેય ઈચ્છતા નથી કે કોઈ તેમની ક્ષમા માગે અને ખરાબ માણસો માગેલી ક્ષમાનો પૂરો ગેરલાભ લે છે!"

૫. છાંદોગ્ય ઉપનિષદમાં નારદ મુનિ સનતકુમારને પૂછે છે કે બ્રહ્મવેત્તા તો શોકમુક્ત હોય છે તો હું હજુ કેમ શોકમુક્ત નથી? સનતકુમાર જવાબમાં કહે છે, "આહારશુધ્ધિ સત્ત્વશુધ્ધિ" અર્થાત્ જેનો આહાર શુધ્ધ હોય એનું ચિત્ત શુધ્ધ થાય.

૬. ફ્રાંસના પ્રમુખ દ'ગોલ હંમેશાં એવી પ્રાર્થના કરતા કે, "હે ઈશ્વર, તું મારામાં શ્રધ્ધા રાખ."

૭. વેદમાં ક્યાંય 'નરક' શબ્દ નથી.

૮. મિંગટે નામના ચીનના રાજાના સમયમાં ઈ.સ. ૬૭માં કાશ્યપ, માતંગ અને ધર્મરક્ષક નામના બૌધ્ધ ભિખ્ખુઓ ચીન ગયા હતા અને ઈ.સ. ૩૮૧માં ચીનના નાનકિનમાં પ્રથમ બૌધ્ધ દેવળ બંધાયું હતું.

૯. 'જે ખાડો ખોદે તે પડે' (સાચું)
પણ જે ખાડો ખોદાવે તે....?

૧૦. માણસને ભૂત વળગે તો ભૂવાને બોલાવાય પણ આખા સમાજને કે આખા દેશને ભૂત વળગે તો શું કરવું?

૧૧. અરબસ્તાનમાં આવેલા મુસલમાનોના તીર્થધામ મક્કાના થાંભલા ભારતના કેરળના ટીકવુડ લાકડામાંથી બનેલા છે.

૧૨. બાપુઓ, બાપજીઓ, ધર્મગુરુઓની પરીક્ષા કરવી હોય તો તેને અનુયાયીઓનાં ટોળાથી મુક્ત કરી જુઓ. અનુયાયી વગર જીવવું ગુરુઓ માટે મુશ્કેલ છે. અનુયાયી વગરના ગુરુ એટલે પાણી બહાર તરફડતી માછલી. તેઓ ભગવાન વગર જીવી શકે પણ અનુયાયીઓ અને ભક્તો વગર જીવી ન શકે.

૧૩. મહાન ફિલોસોફર જે.કૃષ્ણમૂર્તિ કહે છે, "I want nothing from God."

૧૪. ગાંધીજીના પૌત્ર રાજમોહન ગાંધી કહે છે કે, "વિશ્વભરમાં સફળ થયેલી કોઈપણ વિચારમૂલ્ય પધ્ધતિને એક જ વર્ષમાં વિકૃત કરી નાખવી હોય તો તેને ભારતમાં લઈ આવો. આપણે એ કાર્ય યુધ્ધના ધોરણે કરી બતાવીએ છીએ."

૧૫. જૈન આચાર્ય જંબુસ્વામી ૧૮ ભાષાઓના જ્ઞાતા હતા. વિનોબાજી ૨૦ ભાષાઓના જ્ઞાતા હતા જ્યારે રાહુલ સાંકૃત્યાયન ૩૬ ભાષાઓ જાણતા હતા.

૧૬. જે માણસ ઈશ્વરની 'શોધ' કરે છે તેને ઈશ્વર મળતો નથી. અને જે માણસ 'મોક્ષ'ની ઈચ્છા કરે છે તેને મોક્ષ મળતો નથી. ■

## હરીફાઈ

એક વખત દેડકાઓની હરીફાઈ હતી. એક ઊંચો મિનારો હતો અને જે દેડકો એ મિનારા પર ચઢી બતાવે એને બહુ મોટું ઈનામ આપવાનું હતું. ઘણા બધા દેડકાઓ ભાગ લેવા આવ્યા હતા. કેટલાય દેડકાઓનું ટોળું મિનારાની આસપાસ એકઠું થયું હતું. મિનારાની ઊંચાઈ બહુ હતી. એથી આસપાસ એકઠા થયેલા દેડકાઓની ભીડ ભાગ લેવા આવેલા દેડકાઓને બૂમો પાડી પાડીને ચેતવી રહી હતી કે, 'ભાઈઓ, મિનારો ખૂબ ઊંચો છે. આપ કોઈ કાળે એને સર નહીં કરી શકો. માટે પાછા વળી જાઓ. ઈનામની લ્હાયમાં નાહકનો જાન ગુમાવશો.'

ટોળાની ઉશ્કેરણીથી ભાગ લેવા આવેલા કેટલાયે દેડકાઓ પાછા વળી ગયા. કેટલાક દેડકા મિનારા પર અડધે સુધી પહોંચી ગયા હતા. નીચે ઊભેલું ટોળું બૂમો પાડી પાડીને એમને પણ ડરાવવા લાગ્યું. 'મિત્રો, બસ બહુ થયું. હવે જોખમ ના લો. નીચે ઉતરી જાઓ.'

ટોળાની બૂમો સાંભળી અડધે સુધી પહોંચી ગયેલા દેડકાઓ પણ ગભરાઈને પાછા નીચે ઉતરી ગયા. એકાદ બે દેડકા તો ટોચથી માત્ર થોડુંક અંતર જ દૂર હતા. છતાં ગભરાઈને નીચે ઉતરી ગયા. પણ એક દેડકો એ ટોળાની વાતને બિલકુલ કાને નહોતો ધરતો. એ ધીમી અને મક્કમ ચાલે મિનારાની ઊંચાઈ હાંસલ કરી રહ્યો હતો. અને આખરે એ ટોચ પર પહોંચી પણ ગયો.

ચારે તરફ એની વાહવાહી થઈ ગઈ. એને ઈનામથી નવાજવામાં આવ્યો. તરત જ આસપાસ પત્રકારો ગોઠવાઈ ગયા અને એને એની સફળતાનું રહસ્ય પૂછ્યું ત્યારે ખબર પડી કે એ દેડકો તો સાવ બહેરો હતો.

વાત સ્વયં સ્પષ્ટ છે. જીવનમાં પણ જો આગળ વધવું હોય અને સફળતાના શિખરો સર કરવા હોય તો લોકોની વાતને કાને ના ધરશો. જીવન જીતવાનો આ એક અક્સીર ઉપાય છે. ■

*જે કાર્ય કરતાં મનમાં આનંદ વ્યાપી જાય એ ધર્મ અને જે કાર્ય કરતાં મનમાં ગ્લાનિ થાય એ અધર્મ.*

# વલોવતન

**સંકલન : દિનેશ આર. મહેતા**

★ **કચ્છની કળાઓ :** ભુજ - ભચાઉ માર્ગ પર ભુજથી માત્ર ૧૩ કિ.મી. દૂર આકાર લઈ ચૂકેલા લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટરનું નિર્માણ અસલ કચ્છના વાતાવરણને કેન્દ્રમાં રાખીને કરાયું છે. હસ્તકળા કારીગરીની સાથે ઈકો ફ્રેન્ડલી અત્યાધુનિક બાંધકામ તથા વરસાદી પાણી સંગ્રહ તથા સૂર્ય પ્રકાશના શ્રેષ્ઠત્તમ ઉપયોગ માટે પણ આ મ્યુઝિયમ સંકુલ, એક ધામ બનીને ઊભરે તેવી પૂરેપૂરી સંભાવના છે. કચ્છમાં હસ્તકળા ભરતકામની સદીઓ જૂની પરંપરાગત કળાને ખૂબ માવજતપૂર્વક જાળવીને પુનઃ જીવિત કરવાનું શ્રેય જેમને જાય છે તેવા કચ્છના સેવાભાવી દંપતી કાંતિસેનભાઈ શ્રોફ અને ચંદાબેન શ્રોફના પ્રયાસોથી આકાર લઈ ચૂકેલા દસ એકરમાં પથરાયેલું આ સંકુલ આવતા વર્ષના જાન્યુઆરી માસ સુધીમાં ખુલ્લું મૂકાશે. આ મ્યુઝિયમ નિર્માણનું ભગીરથ કાર્ય હોવાથી ટાટા ટ્રસ્ટ પાસેથી આર્થિક સહયોગ લેવાયો છે. સમગ્ર સંકુલ અંદાજે ૨૫થી ૨૭ કરોડના ખર્ચે નિર્માણ પામ્યું છે.

★ **અબડાસામાં કેન્સરના રોગનું પ્રમાણ ચિંતાજનક :** અબડાસાના ગ્રામ્ય વિસ્તારમાં અસાધ્ય એવા કેન્સરનું પ્રમાણ ચિંતાજનક રીતે વધતાં લોકજાગૃતિ અને ચકાસણી કેમ્પ યોજવાની માંગણી તાજેતરમાં ઉઠી છે. એક અંદાજ મુજબ અબડાસામાં એકંદરે ૪૫૦થી ૫૦૦ જેટલા દર્દીઓ કેન્સરની બીમારીથી પીડાય છે. તે પૈકી કેટલાક જીવન મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા છે. કેન્સરના દર્દને નાથવા માટે કચ્છમાં જૂજ સંસ્થાઓ કામ કરે છે. બાયોપ્સી નમૂનાની લેબોરેટરી તપાસ રાજકોટ અથવા અમદાવાદ જેવા સ્થળે કરવામાં આવે છે. સરકારી રાહે જિલ્લા મથકે કેન્સર સંશોધન કેન્દ્ર કાર્યરત કરવામાં આવે તેવી માંગણી સાથે ઉચ્ચ કક્ષાએ આ બાબતે રજૂઆત કરવામાં આવી છે.

★ **ડો. વાઘેલાનું નિધન :** કચ્છના ગાંધીવાદી નેતા એવા સ્વાતંત્ર્ય સેનાની ડૉ. વલ્લભજી ભીમજી વાઘેલા (વર્ષ ૯૨)નું તાજેતરમાં અવસાન થતાં સમગ્ર કચ્છમાં શોક ફેલાયો હતો. કચ્છી ગુર્જર ક્ષત્રિય મૂળ રેહાના અને બાદમાં ભુજમાં સ્થાયી થયેલા સ્વ. વાઘેલાની ૧૯૯૮માં ભારતમાંથી ચૂંટાયેલા ૮૦ સાથીઓ સાથેની દાંડી સ્મરણ યાત્રાના લીડર તરીકે સરકાર દ્વારા નિયુક્તિ કરાઈ હતી. તેમણે કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પહોંચતી કરી હતી. ૧૯૭૨માં પ્રધાનમંત્રી ઈંદિરા ગાંધીના હસ્તે સ્વ. વાઘેલાનું તામ્રપત્ર સાથે સન્માન કરાયું હતું.

★ **ખો-ખો ફાઈનલમાં વિજય :** ભુજ ખાતેની શ્રી સ્વામિનારાયણ કન્યા મંદિરની વિદ્યાર્થિનીઓએ રાજ્યકક્ષાની ખો-ખો સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને અન્ડર-૧૪ સ્પર્ધાની ફાઈનલમાં વિજય મેળવીને ચેમ્પિયનનો ખિતાબ તાજેતરમાં કબજે કર્યો હતો.

★ **'રિવીલ્ડ : રણ ઓફ કચ્છ' ફિલ્મ :** કચ્છી પ્રજાની સંસ્કૃતિ અને ત્યાંના જીવન ઉપર ડિસ્કવરી ચેનલે એક ફિલ્મ બનાવી છે. જેમાં કચ્છનાં રણની વિશેષતા, વાઈલ્ડ લાઈફ, વેટલેન્ડ, દરિયા કિનારો, ત્યાંની જીવસૃષ્ટિ, ઘુડખર અભયારણ્ય, સફેદ રણની સુંદરતા જેવા વિવિધ પાસાં થ્રી-ડી ગ્રાફિક્સ સાથે આવરી લેવાયા છે. 'રિવીલ્ડ : રણ ઓફ કચ્છ'ના નામે બનેલી આ ફિલ્મનું પ્રીમિયર નવેમ્બર-૨૦૧૪માં ડિસ્કવરી ચેનલ પર જ થશે. ઊંડું રિસર્ચ કર્યા બાદ આધુનિક કેમેરા અને ઉપકરણો સાથે લાંબો સમય કચ્છમાં રોકાઈને આ ફિલ્મનું નિર્માણ થયું છે. જે સમગ્ર દેશના જિઓલોજિકલ અને પર્યાવરણના સંદર્ભમાં મૂલ્યવાન સાબિત થશે. આ ફિલ્મ કચ્છ ઉપર બનેલી સૌથી વિસ્તૃત ફિલ્મ છે.

★ **કચ્છના અભયારણ્યમાં રોડ બનાવવા મંજૂરી :** કેન્દ્ર સરકાર દ્વારા નવનિયુક્ત નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફ (એન.બી.ડબલ્યુ.એલ.) દ્વારા કચ્છના રણના અભયારણ્યમાં ૭૯.૪૭૪ હેક્ટર વન્ય જમીનમાં માર્ગનું નિર્માણ કરવા માટે તાજેતરમાં મંજૂરી આપી દેવામાં આવી છે. આ રીતે અભયારણ્યમાં માર્ગ બનાવવાની મંજૂરી આપવાથી ફ્લેમિંગોની વસતિને નુકસાન પહોંચી શકે છે. કચ્છના રણમાં આવેલું અભયારણ્ય દેશનું એકમાત્ર એવું સ્થાન છે, જ્યાં ફ્લેમિંગોનો ઉછેર કરવામાં આવે છે.

★ **હેન્ડિક્રાફ્ટ પાર્ક :** કેન્દ્ર સરકારે પોતાના છેલ્લા બજેટમાં કચ્છ સહિત દેશમાં ત્રણ સ્થળો કચ્છ, બરેલી અને લખનૌમાં જે

**Join Us on Face Book........**

**Colourful Kutchh..... Page** ALSO **Pramila Kuruwa Foundation...... Page...**

VISIT US : http://Pramilakuruwafoundation.org *ALL DONATION TO GET I.T. BENEFITS...*

'ટેક્ષટાઈલ પાર્ક' સ્થાપવાની જાહેરાત કરી હતી તેને સુનિયોજિત ઢબે આકાર આપવાના ભગીરથ પ્રયાસના ભાગરૂપે કેન્દ્રીય ટેક્ષટાઈલ વિભાગના કમિશનરના નેતૃત્વ નીચે એક ૧૦ સદસ્યોની ઉચ્ચસ્તરીય ટીમે તાજેતરમાં કચ્છનો પ્રવાસ કર્યો હતો. આ ટીમે પ્રાથમિક તબક્કે જે માહિતી એકત્ર કરી છે તેને ધ્યાનમાં લઈએ તો કચ્છની કળા, કારીગરી અને કારીગરોની આવનારી પેઢીઓનું ભાવિ પણ ઉજ્જવળ બને અને કસબના સહારે વિકાસના દ્વાર ઉઘડે તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

★ **માંડવી - દ્વારકા ફેરી સર્વિસ :** ગુજરાતને પ્રવાસનની દૃષ્ટિએ વિકસાવવાના પ્રયાસો તાજેતરમાં શરૂ થયા છે. સૌરાષ્ટ્રમાં સાસણગીર, સોમનાથ યાત્રાધામ, દ્વારકા અને કચ્છના રણ વિસ્તારના સ્થળોને ઉજાગર કરવામાં આવતાં છેલ્લા વરસોના પ્રવાસીઓની સંખ્યામાં ખાસ્સો વધારો થયો હતો. તેના ભાગરૂપે માંડવી કચ્છથી દ્વારકા તેમજ દ્વારકાથી કચ્છ સુધીની ફેરી સર્વિસ શરૂ કરવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો છે. સરકાર તેમાં સફળ થશે તો યાત્રિકોને નાતાલની ભેટ સ્વરૂપે દરિયાઈ સફરનો અનેરો લહાવો મળી શકશે.

★ **આવકવેરાની રકમ રિફંડ :** કચ્છ ટેક્ષ કન્સલ્ટન્ટ એસોસિએશનના પૂર્વપ્રમુખે તાજેતરમાં વિગતો આપતાં જણાવ્યું કે, તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા સુમિત દેવેન્દ્ર રાજાણીના કેસમાં તા. ૨૩-૬-૨૦૧૪ના આપેલા ચુકાદા મુજબ જ્યારે કરદાતા ટેક્ષ કપાત અંગેના સર્ટિફિકેટ ફોર્મ નંબર-૧૬ કે ૧૬એ રજૂ કરે ત્યારે ઈન્કમટેક્ષ વિભાગે તેની રકમ મજરે આપવી જોઈએ તેવું ઠરાવાયું છે. અત્યાર સુધી ખાતા દ્વારા ફક્ત કરદાતાના ફોર્મ નં.-૨૬એ.એસ.માં જે રકમ દૃશ્યમાન હોય તેવી રકમ જ મજરે આપતા હતા.

★ **કચ્છમાં પાણીની સમસ્યા સામે ઝુંબેશ :** સમગ્ર કચ્છ જિલ્લાને 'સોર્સ ડિસ્ટ્રીક્ટ'માંથી વોટર સરપ્લસ ડિસ્ટ્રીક્ટ બનાવવા માટે છેલ્લા ચાર વર્ષથી ફોકિયાએ પ્રોજેક્ટ 'બ્લ્યુ રેવોલ્યુશન' નામની ઝુંબેશ હાથ ધરી લીધી છે. જેમાં કચ્છના ૭૦૦ ગામડાઓના પાણીને લગતી મોજણી કરવામાં આવી હતી. સર્વે બાબતે એને અનુસંધિત હવે પ્રોજેક્ટને કઈ રીતે આગળ લઈ જવો એ બાબતે કલેક્ટર સાથે ટૂંક સમયમાં વિગતે બેઠક કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે એવું જણાવાયું હતું.

★ **વાગડ વેલફેર હોસ્પિટલ :** ગુજરાતના પછાત ગણાતા કચ્છ જિલ્લાના વાગડ વિસ્તારના બે તાલુકાઓ ભચાઉ અને રાપરના લગભગ ૧૫૦ ગામડાઓ માટે સર્વસાધનોથી સુસજ્જ ભચાઉ ખાતેની વાગડ વેલફેર હોસ્પિટલ રણમાં મીઠી વીરડી સમાન છે. સોસાયટી દ્વારા ૪૬મો રાહત દરે મેડિકલ અને સર્જિકલ કેમ્પ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

★ **નરેન્દ્ર મોદીએ કચ્છને યાદ કર્યું :** ગુજરાતના મુખ્યમંત્રીપદે રહીને સૌથી વધુ વાર કચ્છ આવનારા નરેન્દ્રભાઈ મોદી હવે વડાપ્રધાન બન્યા પછી પણ કચ્છને સતત યાદ કરતા રહ્યા છે. તાજેતરમાં અમદાવાદ ખાતે હોટલ હયાતમાં ચીનના રાષ્ટ્રપતિ શ્રી જિનપિંગને ગુજરાતના પ્રાચીન ઐતિહાસિક કલાવારસા, બૌધ્ધ સ્થાપત્યની સાથે કચ્છની હસ્તકળાના નમૂનાઓ પણ દર્શાવ્યા હતા. કચ્છની આ હસ્તકલા વિશે તેમણે ખાસ સમજ આપી હતી. ઉપરાંત કચ્છી ભરતકામમાંથી બનાવેલા કલાસભર વસ્ત્રો તેઓએ ચીનના ફર્સ્ટ લેડીને ભેટ આપ્યા હતા.

★ **ભુજ - માંડવી માર્ગના વૃક્ષ :** માંડવી - ભુજ રાજ્ય ધોરીમાર્ગને ત્રણ મીટર પહોળો કરવાની પ્રક્રિયા વચ્ચે ૩૭ પૈકી ૨૧ પુલિયાઓની કાર્યવાહી મહદ્ અંશે પૂર્ણ થવામાં છે. ૧૨૦૦ જેટલા વૃક્ષોને સ્થળાંતર કરવા સહિતના કામો માટે બાંધકામ વિભાગે રૂપિયા ૬૦ લાખ જંગલ વિભાગમાં ભરી દીધા પણ ભોપાલમાં જે ફાઈલને આખરી મંજૂરી મળશે એ ફાઈલ હજુ કચ્છ અને ગાંધીનગરની ટેબલો બદલતી રહી હોવાનું જાણવા મળ્યું છે.

★ **સતત પાંચમી વખત મેરીટાઈમ એવોર્ડ :** દેશના પ્રથમ હરોળના મહાબંદર કંડલાએ અન્ય ત્રણ મહાબંદરોને પાછળ રાખીને પ્રતિષ્ઠિત મેરીટાઈમ એન્ડ લોજિસ્ટીક ઍવોર્ડ (માલા) ૨૦૧૪ સતત પાંચમી વખત તાજેતરમાં હાંસલ કર્યો હતો.

★ **ફેરી સેવા :** એક ખાનગી કંપની અને ગુજરાત સરકારના મેરી ટાઈમ બોર્ડના સહયોગથી સૌરાષ્ટ્ર કચ્છના ૧૨૦૦ કિલોમીટર લાંબા દરિયા કિનારાને ટૂરિઝમ અને ઈન્ડસ્ટ્રીની દૃષ્ટિએ વિકસાવવા માટે મહત્ત્વાકાંક્ષી અને દૂરોગામી પ્રયાસો હાથ ધરાયા છે. જેના ભાગરૂપે ઓખાથી કચ્છના માંડવી અને જામનગરથી મુંદ્રા બંદર વચ્ચે ફેરી સર્વિસ આગામી ડિસેમ્બર માસથી શરૂ થવાની ગણતરી છે. આ રીતે સમય અને નાણાનો મોટો બચાવ થશે. ઉપરાંત, પ્રવાસન અને વેપાર ઉદ્યોગને કરોડો રૂપિયાનો ફાયદો થશે. આ પ્રોજેક્ટને કચ્છ સાગર સેતુ નામ આપવામાં આવ્યું છે.

***(વર્તમાનપત્રો પર આધારિત)***

neelam
STEEL CENTRE
G-75, Sarvoday Nagar,
1st Panjrapole Lane, C.P. Tank,
Mumbai-400 004.
**Tel. : 022-2242 0227 / 7128, 32428386**
**E-mail : neelamsteel@yahoo.com**

# શ્રદ્ધાંજલિ



: જન્મ :
૮-૧૧-૧૯૪૯

: દેહવિલય :
૫-૯-૨૦૧૪

## સંઘવી મુરબ્બી વિરેન્દ્રભાઈ રાઘવજી લોડાયા

**કચ્છ ગામ : બાંડીયા હાલ : અમદાવાદ**

જીવન એવું અનમોલ જીવી ગયા જે કદી ભૂલાય નહીં, સર્જન એવું કર્યું જે સદાય અવિરત વહેતું રહેશે,
વિદાય એવી લીધી જે કદાપિ વિસરાય નહીં, વિલય થાય છે દેહનો, પણ યાદ રહેશે સદાય અમર,
આપનો વાત્સલ્યભર્યો સ્વભાવ, કૌટુંબિક ભાવના, દિવ્ય દૃષ્ટિ, આપના સુસંસ્કારો અને નિઃસ્વાર્થ સેવાના અમૂલ્ય મૂલ્યોનું સ્મરણ કરીને અમે નત મસ્તકે આપને હાર્દિક શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

શોકાતુર

માતુશ્રી આસબાઈ રાઘવજી હીરજી લોડાયા પરિવાર (બાંડીયા)

માતુશ્રી વેજબાઈ પદમશી દામજી મોમાયા પરિવાર (વરાડીયા)

ફુઈબા : સ્વ. કુંવરબેન હીરજી લોડાયા માસીબા : ગં.સ્વ. મીઠીબાઈ ચત્રભુજ લોડાયા (સુથરી)

**ધર્મપત્ની : વિજયા વિરેન્દ્ર લોડાયા**

ભાઈ-ભાભી : પુષ્પા નરેન્દ્ર લોડાયા, માલા હરીશ લોડાયા

પુત્ર-પુત્રવધુ : કિન્નરી ચંદ્રેશ લોડાયા, વૈશાલી જતીન લોડાયા

ભત્રીજા-ભત્રીજા વહુ : કેતન-દીપા, વિશાલ-નમ્રતા, રોમીલ

બેન-બનેવી : ભારતી ઠાકરશી ડાઘા (આદીપુર), હંસા યોગેશ મોતા (ઈન્દોર)

પૌત્ર-પૌત્રી : સમક્તિ, પાર્શ્વ, અંજલિ

દીકરી-જમાઈ : કોકીલા-શૈલેષ, વંદના-ગીરીશ, નયના-હિતેશ, નેહા-નિહાર

ભાણેજ-ભાણેજ વહુ : ચેતન-બીના, કાજલ રાજેશ, નીલેશ-શીતલ, પિયુષ-સ્મીતા ભાણેજી-જમાઈ : પુર્વી-ગૌરવ

સાળા : જ્યોત્સના મહેશ પદમશી મોમાયા (હુબલી)

સાળી : મીના ગુલાબચંદ મોતા (હૈદ્રાબાદ), ઈન્દુ પ્રફુલ નાગડા (ડોંબિવલી), લતા દિલીપ મોતા (હૈદ્રાબાદ)

વેવાઈ-વેવાણ : ગં.સ્વ. રાજુલા લહેરેન્દ્ર માણેકજી ધરમશી (ઈન્દોર), જ્યોતિ-કિર્તી ધનજી ધરમશી (બેંગ્લોર)

**ઋણ સ્વીકાર :** અમ પરિવારના મોભીના અંતિમ સફરમાં સહભાગી થઈ, રૂબરૂ મળી, શોક-સંદેશ, પત્ર, ફોન દ્વારા સાંત્વના આપનાર આપ સર્વેના અમો ઋણી છીએ. **લિ. લોડાયા પરિવાર (બાંડીયા)**

**ફર્મ :**

*C. Narshi Roadlines*

*C. Narshi Transport Service* • CNR *Cargo Movers*

*Ahmedabad - Solapur - Surat - Secunderabad - Hyderabad*

દિવાળી અને નવા વર્ષના સપરમાં દિને સર્વેને શુભ કામના...

BHARAT B. GALA

NAVINCHANDRA D. DEDHIA

SRE

Raju ENTERPRISE

RE - ROLLING / S. S. PATTA - PATTI

179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710

નૂતન વર્ષની શુભ કામનાઓ સહિત...

નવભારત સાહિત્ય મંદિર

૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૭

પતાસા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

mail : info@navbharatonline@gmail.com
website : www.navbharatonline.com

– ગુજરાતી ભાષાના જાણીતા લેખકો દ્વારા લખાયેલાં
– તમામ વિષયોનાં પુસ્તકો
– તમામ પ્રકાશકોનાં પુસ્તકો
– ગુજરાતી ભાષાની ક્લાસિક કૃતિઓ
– વિપુલ બાળસાહિત્ય
– ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનાં પુસ્તકો
– બે વિશાળ એ.સી. શો-રૂમ
– જીવનને બદલી નાખનાર ઉત્તમ વિપુલ સાહિત્ય

ગુજરાતી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
એક જ સ્થળેથી મેળવવા માટે પધારો છો ને?

આપને મનગમતાં
કોઈ પણ
પુસ્તક માટે સંપર્ક કરો
તથા
અમારા બે સેન્ટ્રલ
એ.સી. શો-રૂમની
મુલાકાત લો.

TOYCRA
play to grow

TOYCRA, 2nd Floor,
Indraprashth Corporate House,
Opp. Relaince Petrol Pump,
Prahlad Nagar Road,
Satellite, Ahmedabad-380015

Ph: (079) 66170265, Mo. : 98791 10650

mail : toycra@gmail.com
facebook link : facebook.com/toycra

– ઈન્ટરનેશનલ બ્રાન્ડના અવનવાં અદ્‌ભુત ટોય્ઝ
– વિશ્વની ૪૦ જાણીતી બ્રાન્ડનાં રમકડાં
– વૈવિધ્યસભર રમકડાંઓ ડેમો સહિત
– વિશ્વની જાણીતી ગેમ્સ
– એજ્યુકેશનલ - નોલેજ બુક્સ
– ગુજરાતી તથા અંગ્રેજી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
– પુસ્તકો, ટોય્ઝ, ગેઈમ્સ જોવા, બેસવાની ઉત્તમ સુવિધા
– ૧૨૦૦૦ સ્ક્વેર ફૂટમાં પથરાયેલ વિશાળ એ.સી. શો-રૂમ
– તમામ ઉંમરના લોકો માટેની બ્રાન્ડ્સ

અમદાવાદના સૌથી ટોય્ઝના સૌપ્રથમ આવા
વિશાળ એ.સી. શો-રૂમમાં પધારો છો ને?

વિશ્વની જાણીતી
બ્રાન્ડનાં
ટોય્ઝ, ગેઇમ્સ મેળવવા
અમારા વિશાળ
એ.સી. શો-રૂમની
આજે જ
મુલાકાત લો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તા. ૭-૯-૨૦૧૪ના વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમના દિવસે
ગુજરાત રાજ્ય, ગૃહ ખાતાના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.કે. નંદાએ
શ્રી કચ્છી જૈન ભવન સ્થિત મેડિકલ સેન્ટરની શુભેચ્છા મુલાકાત લીધેલ....
તે વેળાની લાક્ષણિક તસવીરો...





# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મેડિકલ સેન્ટરના વિઝિટિંગ ડૉક્ટર્સ સાથે
## વાર્ષિક સ્નેહમિલન - તા. ૧૪-૯-૨૦૧૪ના કાર્યક્રમની તસવીરી ઝલક.....




















# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **બિપીન રતનશી સાયા**
  સી/૧/૩૧, ઓમ શાંતિનગર, વિભાગ-૩,
  દેવી માતાના મંદિર પાસે, વટવા,
  અમદાવાદ-૩૮૨ ૪૪૦.
- **કમલેશ અમૃતલાલ મૈશેરી**
  ૬, મારૂતિ આર્કેડ, જી.ડી. બસ સ્ટેન્ડ પાસે,
  નરોડા પાટિયા રોડ, સૈજપુર બોઘા,
  અમદાવાદ-૩૮૨ ૩૪૫.

## મોબાઈલ નંબર ફેરફાર

- **કિશોર મુળજી લાલકા**
  મો. ૯૮૯૮૫ ૩૮૪૪૪
- **કાશ્મીરા રાજેન્દ્ર વેલજી સોની**
  મો. ૯૮૭૯૫ ૫૩૯૬૨

## સગાઈ

- **સોમવાર, તા. ૨૯-૦૬-૨૦૧૪**
  **ચિ. સચીન રાજેન્દ્ર વેલજી સોની (જખૌ - અમદાવાદ)**
  **ચિ. જાનવી બિપીન સાગર (રાજકોટ - કાંદિવલી)**

## શરણાઈ

- **શુક્રવાર, તા. ૩૦-૫-૨૦૧૪**
  **ચિ. મમતા જિતેન્દ્ર ચંદુલાલ જેવત શાહ (ભુજ - અમદાવાદ)**
  **ચિ. હીરેન ચંપકલાલ વિકમ (મોટી ખાખર - કચ્છ)**

## અવસાન

- **શુક્રવાર, તા. ૫-૯-૨૦૧૪**
  **વીરેન્દ્ર રાઘવજી હીરજી લોડાયા (બાંઢિયા - અમદાવાદ)**
- **શનિવાર, તા. ૬-૯-૨૦૧૪**
  **નિર્મળાબેન ભોગીલાલ છગનલાલ શાહ (અંજાર - અમદાવાદ)**

*સદ્‌ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## સાભાર સ્વીકાર

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.***

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા. ૧૧,૦૦૦/- શ્રી બિપીન હરીલાલ શાહ - પૂણે

### તબીબી સહાય ખાતે

રૂા. ૪,૦૦૦/- શ્રીમતી મધુબેન જિતેન્દ્ર ચંદુલાલ શાહ - અમદાવાદ પુત્રી ચિ. મમતાના શુભ લગ્ન નિમિત્તે

રૂા. ૫૦૧/- શ્રી હર્ષદ ઝવેરચંદ શાહ - મુંબઈ

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧૩,૭૨૩/- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો તરફથી તા. ૭-૯-૨૦૧૪ના રોજ સ્વામિવાત્સલ્ય, સામૂહિક ક્ષમાપના સમારંભ પ્રસંગે સામૂહિક ભેટ

રૂા. ૨,૫૦૦/- શ્રીમતી રમીલાબેન શિવજી લોડાયા - મુંબઈ

રૂા. ૧,૦૦૧/- શ્રીમતી દમયંતીબેન જવેરચંદ ખોના - નલિયા

રૂા. ૫૦૧/- શ્રી નરેન્દ્ર હરિલાલ સંઘવી - અમદાવાદ

રૂા. ૫૦૧/- શ્રી બિપીન અમૃતલાલ શાહ - અમદાવાદ

રૂા. ૫૦૧/- શાંતાબેન પોપટલાલ નેણશી ધરોડ - અમદાવાદ તરફથી સ્વ. શ્રી પોપટલાલ નેણશી ધરોડની તા. ૭-૯-૧૪ના રોજ દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે

રૂા. ૫૦૧/- શ્રી પરેશ જગશી શાહ - મુંબઈ

### સાધર્મિક સહાય ખાતે

રૂા. ૨૧૦૦/- શાંતાબેન પોપટલાલ નેણશી ધરોડ - અમદાવાદ તરફથી સ્વ. શ્રી પોપટલાલ નેણશી ધરોડની તા. ૭-૯-૧૪ના રોજ દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૫૦૧/- શ્રી ફાલ્ગુન ભોગીલાલ સંઘવી - ગાંધીધામ

રૂા. ૫૦૧/- શ્રી વાડીલાલ મૂલજી મહેતા - માંડવી

રૂા. ૫૦૧/- શ્રીમતી તારાબેન વાડીલાલ મહેતા - માંડવી

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

*ભગવાનને ભજવાથી મા-બાપ નથી મળતા,*
*પણ મા-બાપને ભજવાથી ભગવાન જરૂર મળે છે.*

*પૃથ્વી પરનો ગરીબ માણસ એ નથી કે જેની પાસે નાણા નથી પણ જેની પાસે સ્વપ્ન નથી તે ગરીબ છે.*

## કલ ખેલમેં હમ હો ન હો... ગર્દિશ મેં તારે રહેંગે સદા....

### શ્રધ્ધાંજલિ



### સ્વ. વીરેન્દ્ર રાઘવજી લોડાયા (બાંઢિયા - અમદાવાદ)

જીવન ક્ષણભંગુર છે. એ ક્યાં, ક્યારે કઈ પળે અનંતમાં વિલીન થઈ જશે એ નિશ્ચિત નથી હોતું. પણ.... કેટલીય વિરલ વ્યક્તિઓ આ સૃષ્ટિમાં એવી હોય છે કે જે તક ઝડપીને તકદીર બનાવનાર વીરલાઓની જેમ, જીવનને એ રીતે સજાવી સાર્થક કરે છે જેનાથી એમની યશોગાથા - કીર્તિકથા આપોઆપ રચાય છે. સદ્‌ગત વીરેન્દ્રભાઈ રાઘવજી હીરજી લોડાયા પણ પોતાનું જીવન સાર્થક કરીને તા. ૦૫-૦૯-૨૦૧૪ના રોજ અનંતયાત્રાએ ઉપડી ગયા છે. તેમના અચાનક નિધનથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનોએ દુઃખ અને શોકની લાગણી અનુભવેલ છે.

સદ્‌ગત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી હતા. જ્ઞાતિ અને સમાજના ઉત્કર્ષ માટે તેઓશ્રી તન-મન અને ધનથી કોઈપણ કામગીરી કરવા હંમેશાં તત્પર રહેતા હતા. ઘણા લાંબા સમયથી સદ્‌ગતશ્રીએ આ સમાજ સાથે સંકળાયેલા રહીને આ સમાજની સારી એવી સેવા કરેલ હતી.

તેઓશ્રી ખૂબ જ ઉદારદિલ અને નિખાલસ સ્વભાવના હતા. ૨૦૦૧ના વિનાશક ભૂકંપના સમયે અમદાવાદ અને કચ્છમાં રાત-દિવસની પરવા કર્યા વિના રાહતકાર્યમાં દરેક પ્રકારની કામગીરીમાં તેઓ સતત કાર્યરત રહ્યા હતા. તે રીતે કચ્છમાં પોતાના વતનમાં પણ ભૂકંપના વિનાશ બાદ શાળા, દવાખાના, મંદિરોની પુનઃરચના જેવા સેવાકીય કાર્યોમાં અગ્ર સ્થાને રહ્યા હતાં. કચ્છ અને અમદાવાદ ખાતેની અનેક સંસ્થાઓમાં એક જાગૃત કાર્યકર્તાની જેમ સમાજ, સંસ્થાના પરિવારજનોના ઉત્કર્ષ માટે સદાય સક્રિય હતા. જૈન ધર્મ પ્રત્યે તેઓશ્રી અતૂટ શ્રધ્ધા ધરાવતા હતા. વાસ્તવિક રીતે તેઓ સંવેદનશીલ અને હમદર્દી હતા. પુરુષાર્થ અને સક્રિયતા તેમના જીવનના મુખ્ય અંશો હતા. તેઓશ્રી માનતા હતા કે વ્યક્તિએ એવા શુભ કર્મ - એવા સત્કાર્યો કરવા જોઈએ કે જેનાથી એની યશકીર્તિમાં અભિવૃધ્ધિ થાય. સમાજને એમાંથી પ્રેરણાના પીયૂષપાન પ્રાપ્ત થાય અને એ રીતે જીવન સાર્થક થાય. સદ્‌ગતશ્રીના અવસાનથી લાગતા વળગતા દરેક સમાજને મોટી ખોટ ખમવી પડેલ છે.

સ્વ. વીરેન્દ્રભાઈના દુઃખદ નિધન નિમિત્તે તેમના પરિવારજનો તરફથી તા. ૭-૯-૨૦૧૪ના રોજ સાંજે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભા સમયે વિશાળ સમુદાયની ઉપસ્થિતિ હતી. ઉપરોક્ત પ્રાર્થના સભા બાદ તરત જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સ્વ. શ્રી વીરેન્દ્રભાઈ લોડાયાને સમાજવતી અંજલિ આપવા એક શ્રધ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ તેમજ અન્ય હોદ્દેદારશ્રીઓએ સદ્‌ગતશ્રીની સમાજ પ્રત્યેની સેવાને બિરદાવીને ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી.

*— દિનેશ આર. મહેતા*

*જ્યાં નદી ઊંડી હોય છે ત્યાં પાણીનો પ્રવાહ અત્યંત શાંત અને ગંભીર હોય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ॥ નિમંત્રણ ॥

## નૂતન વર્ષ સ્નેહ મિલન

વિક્રમ સંવત ૨૦૭૦ના અંતિમ ચરણમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ. વિક્રમ સંવત ૨૦૭૦ની આસો વદ-૧૪ કે અમાસ એટલે કે ગુરૂવાર, તા. ૨૩-૧૦-૨૦૧૪ના રોજ આપણે ઉજવીશું દીપોત્સવી તહેવાર. એ દિવસે આપણે વર્ષ ૨૦૭૦ને વિદાય કરી શુક્રવાર, તા. ૨૪-૧૦-૨૦૧૪ એટલે કે કારતક સુદ એકમના દિવસે વિક્રમ સંવત ૨૦૭૧ના વર્ષમાં પ્રવેશ કરીશું.

તે નિમિત્તે શુક્રવાર, તા. ૨૪-૧૦-૨૦૧૪ના સાંજે ૪.૦૦થી ૬.૦૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નૂતન વર્ષ મિલન સમારંભ યોજવામાં આવનાર છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, આવતા નૂતન વર્ષ નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે નૂતન વર્ષ સ્નેહ મિલન યોજે છે.

**નૂતન વર્ષ સ્નેહ મિલન**

**શુક્રવાર, તા. ૨૪-૧૦-૨૦૧૪ • સમય : સાંજે ૪.૦૦ થી ૬.૦૦**

*સમાજના સર્વ સભ્યો સહપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે.*

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

---

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## કચ્છી બિઝનેસ ડિરેક્ટરી

અમદાવાદ સ્થિત કોઈપણ કચ્છીના વ્યવસાયની માહિતી એટલે "કચ્છી બિઝનેસ ડિરેક્ટરી" કે જેનું લોકાર્પણ રવિવાર તા. ૨૦-૪-૨૦૧૪ના રોજ કરવામાં આવેલ હતું. શક્ય છે કે તેમાં કોઈના વ્યવસાયની માહિતી, લેન્ડ લાઈન નંબર કે મોબાઈલ નંબર વગેરેમાં ક્ષતિ રહી જવા પામેલ હોય, કે જેને સુધારી લેવાનો અવકાશ બાકી રહે છે.

આ ડિરેક્ટરીને હવે ઓનલાઈન વેબસાઈટ પર મૂકવાની હોવાથી અમે ઈચ્છીએ કે તેની અંદર રહી ગયેલ ક્ષતિઓને સુધારીને જ વેબસાઈટ પર મૂકીએ.

આ નોંધ દ્વારા સહુ લાગતા વળગતાને જણાવવાનું કે જેઓને પોતાના નામ - સરનામા વગેરેમાં રહી ગયેલ ક્ષતિઓ સુધારવાની બાકી રહેતી હોય તેઓએ વહેલી તકે પોતાની વિગત સાથે નીચેના સરનામે પત્ર લખીને જણાવવું.

**કચ્છી યલો પેજિસ સમિતિ**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**કે.આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*પડકારને તક બનાવવાની કળા પણ શીખો.*

# વૃક્ષારોપણ સાથે વૃક્ષ ઉછેર અભિયાન

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા લોકહિતાર્થે નૂતન કામગીરી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પર્યાવરણ સમિતિના ઉપક્રમે સમાજના હોદ્દેદારશ્રીઓની એક ટીમ તા. ૮/૯-૮-૨૦૧૪ના દિવસો દરમ્યાન વૃક્ષારોપણના કાર્યક્રમ અંગે કચ્છના વિવિધ ગામોની મુલાકાતે ગયા હતા. જેમાં સમિતિના કન્વીનર ડૉ. શ્રી ચંદ્રકાંત દેઢિયા, સમાજના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહ તેમજ ટ્રસ્ટી શ્રી અશોક મહેતાનો સમાવેશ થયો હતો.

વૃક્ષારોપણ સાથે વૃક્ષ ઉછેર અભિયાન હેઠળ કચ્છના વિવિધ ગામોમાં વૃક્ષારોપણ કરીને દરેક વૃક્ષની સતત ૩ થી ૫ વર્ષ સુધી જાળવણી અને તેનાં ઉછેરની જવાબદારી સહિત આ કાર્યક્રમનું તાજેતરમાં આયોજન થયું છે. આ રીતે પર્યાવરણ ક્ષેત્રે સુધારો કરવાનો હેતુ આ સમાજની પર્યાવરણ સમિતિનો છે.

સમાજના ઉપપ્રમુખ શ્રી મણિલાલભાઈ કુંવરજી ગોસર અને તેમના પત્ની રેવંતીબહેને ઉપરોક્ત કાર્યક્રમ અંતર્ગત તા. ૧૫-૯-૨૦૧૪ના રોજ માંડવી તાલુકાના ગોધરા ગામે પોતાના મનીષ ફાર્મમાં લગભગ સાડા ચાર એકર જમીન વૃક્ષારોપણ અર્થે ફાળવીને વૃક્ષારોપણ કાર્યક્રમનું મંગળાચરણ કરાવ્યું હતું. ઉપરાંત ૧૪ વૃક્ષનો ઉછેર અને તેની માવજતની કામગીરી પણ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર માસની ૧૭ તારીખે વિશ્વમાં ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવતી હોય છે. તેને અનુલક્ષીને ઉપરોક્ત કાર્યક્રમ દ્વારા ઓઝોન દિન ઉજવાયો હતો. જેમાં દીપ પ્રાગટ્ય સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ અને પર્યાવરણ સમિતિના કન્વીનર ડૉ. ચંદ્રકાંત દેઢિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કચ્છમાં પર્યાવરણ અભિયાન હેઠળ વૃક્ષારોપણ સંબંધી એક વૃક્ષ દત્તક લેવાની યોજના કન્વીનરશ્રીએ જણાવેલ હતી. જેના માટે સંસ્થાઓ, પંચાયતો, દાતાશ્રીઓ તેમજ કિસાનવર્ગ દ્વારા યોગદાન જરૂરી છે, તેમ તેમણે વધુમાં કહ્યું હતું.

વૃક્ષારોપણ અને તેના ઉછેર થકી કચ્છને નંદનવન બનાવી શકીશું તેમ પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે જણાવ્યું હતું. ગામના સરપંચ શ્રી વાલજીભાઈએ આ કાર્યક્રમમાં પૂરતો સહયોગ આપવાની ખાતરી ઉચ્ચારી હતી. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત હતા.

ત્યારબાદ સમાજની પર્યાવરણ સમિતિ દ્વારા કચ્છમાં નાની તુંબડી ખાતે ૫૦૦ જેટલા રોપા રોપવાના એક કાર્યક્રમનું આયોજન તા. ૧૫-૯-૨૦૧૪ના રોજ સાંજે કરવામાં આવેલ. જેમાં ગામના ઉપસરપંચ શ્રી અબ્દુલભાઈ, વૃક્ષારોપણ અભિયાનના કચ્છ ખાતેના સંયોજક શ્રી એલ.ડી. શાહ, સમાજના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, ઉપપ્રમુખ શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રીમતી રેવંતીબહેન ગોસર, સમિતિના કન્વીનર ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તેમજ સમિતિના સભ્ય શ્રી પીયૂષ પારેખ વગેરે સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર હતા.

આ રીતે સમાજની પર્યાવરણ સમિતિ દ્વારા તા. ૧૬-૯-૨૦૧૪ રોજ પણ કચ્છમાં સમાજના ઉપરોક્ત હોદ્દેદારશ્રીઓ સાથે ભુજપુર ખાતે ૬૦૦ જેટલા રોપા રોપવાનો કાર્યક્રમ યોજાયેલ. આ અવસરે અધ્યક્ષ સ્થાને ભુજપુરના સરપંચ શ્રી મેઘરાજ ગાગિયા હતા. અન્ય અગ્રણીઓમાં મુંદ્રા તાલુકા ભાજપાના મહામંત્રી સર્વશ્રી રાજુભાઈ જાડેજા, અહિંસાધામ પ્રેરક શ્રી નવલભાઈ ગંગર, ક્ષત્રિય આગેવાન શ્રી માધુભા જાડેજા, ભુજપુર ગામના પૂર્વ સરપંચ શ્રી મહેન્દ્રભાઈ ગઢવી, શ્રી શામજીભાઈ મહેશ્વરી, શ્રી દેવશીભાઈ મહેશ્વરી, શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા વગેરે સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત હતા.

વૃક્ષારોપણની કામગીરીમાં સક્રિય સભ્ય શ્રી પીયૂષ પારેખ તેમજ સ્ટાફ સભ્ય શ્રી જયસુખભાઈનો સહયોગ સાંપડ્યો હતો.

ઉપરોક્ત દરેક ગામના આગેવાનશ્રીઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓને બિરદાવીને તેની પ્રશંસા કરી હતી.

વૃક્ષારોપણ અને વૃક્ષ ઉછેરની પ્રક્રિયામાં જે લોકો, મહાજન સંસ્થા, પાંજરાપોળ, ગ્રામ પંચાયત વગેરે પોતાની જમીન ફાળવે, તેઓએ કમ્પાઉન્ડ વોલ અથવા વાયર ફેન્સિંગ કરી આપવાની સાથે પાણીની વ્યવસ્થા કરવાની રહે છે. તે સિવાય જરૂરી વ્યવસ્થા સમાજ જાતે કરશે અને વૃક્ષોના સંપૂર્ણ ઉછેર બાદ સંબંધિત પાર્ટીને સુપરત કરશે.

કચ્છ જિલ્લામાં વધુ વૃક્ષોનું વાવેતર થાય અને તેનો સંપૂર્ણ ઉછેર બાદ ત્યાં પૂરતો વરસાદ થાય, પશુ-પક્ષીને ખોરાક મળી રહે તેમજ પર્યાવરણને પ્રદૂષિત થતું અટકાવવાના ઉદ્દેશથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ઉપરોક્ત કાર્યક્રમ હાથ ધરેલ છે. કચ્છ જિલ્લાના ઉપરોક્ત કાર્યક્રમ અંતર્ગત લગભગ ૩૫૦૦ વૃક્ષોની કામગીરી થઈ હતી.

નોંધનીય છે કે, વૃક્ષારોપણ દ્વારા પૃથ્વી પર જેટલા પ્રમાણમાં હરિયાળી વધે તેટલા પ્રમાણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ઘટે અને ઓઝોનનો પડ જાડો થાય. આ કારણે સપ્ટેમ્બર માસની ૧૬ તારીખે વિશ્વમાં ઓઝોન સંરક્ષણ દિન ઉજવાય છે. વધુમાં, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો જન્મદિન તા. ૧૭-૯-૨૦૧૪ના રોજ હતો. યોગાનુયોગ, આ બંને મહત્ત્વના દિવસોએ સમાજ દ્વારા ઉપર મુજબ વૃક્ષારોપણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

વૃક્ષોની હાજરીની આપણા જીવન પર માત્ર ભૌતિક નહીં, માનસિક અસર પણ થાય છે. લોકભાગીદારીવાળા વૃક્ષારોપણ અભિયાનમાં આવો, આપણે સૌ સાથે મળીને કામગીરી કરીએ. પંથક અને જીવનને હરિયાળો બનાવવા મોટા પાયે સૌએ વૃક્ષ વાવેતર અને તેનું ઉછેર - જતન કરવું જરૂરી છે.

*કન્વીનર : ડૉ. ચંદ્રકાંત દેઢિયા*
*પર્યાવરણ સમિતિ*

*અધૂરું જ્ઞાન મેળવવા કરતાં અજ્ઞાની રહેવું શ્રેષ્ઠ છે.*

*જ્યાં સુધી નાશવંતનું સુખ લેતા રહેશો ત્યાં સુધી અવિનાશી સુખની પ્રાપ્તિ થશે નહિ.*

## પર્યાવરણ માટે સાડા ચાર એકર જમીનનું દાન

### ગોધરા ગામમાં વૃક્ષારોપણ

પર્યાવરણની જાળવણી માટે મૂળ માંડવી તાલુકાના ગોધરાના અને અમદાવાદ વસતા દાતાએ પોતાની સાડા ચાર એકર જમીન ગામના વિકાસ માટે તાજેતરમાં ફાળવીને અનોખી પહેલ કરી હતી. કપાસ કે મગફળીનું વાવેતર કરીને પૈસા કમાવવાના બદલે તેમણે પર્યાવરણની જાળવણી થાય અને પશુ-પક્ષીઓને ખોરાક મળે તે માટે આવો પ્રેરણાત્મક દાખલો બેસાડ્યો હતો. દાતા મણિલાલભાઈ ગોસર અને તેમના પત્ની રેવંતીબહેને પોતાના મનીષ ફાર્મમાં ૧૪૦૦ વૃક્ષોના વાવેતર માટે જમીન ફાળવીને તા. ૧૫-૯-૨૦૧૪ના રોજ વૃક્ષારોપણ કર્યું હતું.

કચ્છમાં આજે જ્યારે વરસાદનું પ્રમાણ બીજા રાજ્યો કરતાં ઓછું છે ત્યારે કચ્છમાં વધું વૃક્ષોનું વાવેતર થાય તે હેતુથી પર્યાવરણને પ્રદૂષિત થતું અટકાવવા અને પશુ-પક્ષીને ખોરાક મળી રહે તે હેતુથી માંડવી તાલુકાના ગોધરા ગામે વિશ્વ ઓઝોન દિનનો કાર્યક્રમ ઉજવાયો હતો. જેનું દીપ પ્રાગટ્ય અમદાવાદના કચ્છી જૈન સેવા સમાજના પ્રમુખ પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત આ પર્યાવરણને બચાવી કચ્છને પ્રદૂષણમુક્ત કરવા આ વૃક્ષારોપણની અને તેના ઉછેરની સૌપ્રથમ પહેલ કચ્છમાં ગોધરા ગામેથી કરવામાં આવી હતી. ૧૧૦૦ રૂપિયાથી એક વૃક્ષને દત્તક લેવામાં આવશે. જેના માટે સંસ્થાઓ, પંચાયતો, દાતાઓ તેમજ ખેડૂતોનું યોગદાન લેવાશે તેવું પર્યાવરણ સમિતિના કન્વીનર ડૉ. દેઢિયાએ જણાવ્યું હતું. વધુમાં એક કરોડના ખર્ચે વૃક્ષારોપણની પહેલ કરાશે, જેમાં દાતાઓનો સહયોગ લેવાશે એમ જણાવાયું હતું.

કચ્છમાં હવે જાગ્યા ત્યારથી સવારનો ઉદ્દેશ અપનાવીને કચ્છમાં વૃક્ષારોપણના કાર્યક્રમો કરીને કચ્છને નંદનવન અને ગોકુળિયું ગામ બનાવીશું એમ પ્રમુખ પ્રતાપભાઈ દંડે જણાવ્યું હતું. સરપંચ વાલજીભાઈએ સહયોગની ખાતરી આપી હતી.

વિશ્વમાં તા. ૧૬-૯-૨૦૧૪ 'ઓઝોન સંરક્ષણ દિન' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ગોધરા ગામે થયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત હતા.

*કન્વીનર : ડૉ. ચંદ્રકાંત દેઢિયા*
*પર્યાવરણ સમિતિ*

## સૌ રક્તદાતાઓને લાખ લાખ સલામ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આંગણે તા. ૭-૯-૨૦૧૪ના સ્વામિવાત્સલ્યના કાર્યક્રમના દિવસે રક્તદાતાઓએ રક્તદાનનું મહાન કાર્ય કર્યું હતું. દરેકને ખૂબ ખૂબ અભિનંદન. ૧૮ વર્ષથી ૬૦ વર્ષ સુધીની વ્યક્તિઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન શિબિરમાં ભાગ લીધો હતો. એશિયાની સૌથી મોટી એવી અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલે સ્પેશિયલ કોચમાં અદ્યતન સાધન-સામગ્રી સાથે સમાજના આંગણે આવીને રક્તદાનની પ્રક્રિયા પૂરી કરી હતી. રક્તદાનની ઈચ્છા ધરાવનારાઓ પૈકી કેટલાક પોતાની શારીરિક ઉણપને કારણે રક્તદાન કરી શક્યા ન હતા. અગર તબીબી ક્ષતિઓ સુધારી લેવામાં આવશે તો ભવિષ્યમાં તેઓ પણ રક્તદાન કરવા સક્ષમ થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના ગૃહખાતાના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.કે. નંદા આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને રક્તદાનની પ્રવૃત્તિ માટે સૌને બિરદાવ્યા હતા. તેઓશ્રીએ શ્રી કચ્છી જૈન ભવન ખાતે સમાજ સંચાલિત મેડિકલ સેન્ટરના મુખ્ય વિભાગોની પણ મુલાકાત લીધેલ હતી. આ સમયે સમાજ તેમજ તબીબી સેવા સમિતિના હોદ્દેદારો તેમની સાથે રહ્યા હતા.

*કન્વીનર : કમલેશભાઈ બાબુભાઈ શાહ*
*ચક્ષુદાન - દેહદાન - અવયવદાન સમિતિ*

*પોતાના પગ ઉપર ઊભા રાખે તે કેળવણી.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો તરફથી માસ સપ્ટેમ્બર - ૨૦૧૪ દરમ્યાન પ્રાપ્ત થયેલ લવાજમની યાદી

| ક્રમ | સભ્યનું નામ | ક્રમ | સભ્યનું નામ | ક્રમ | સભ્યનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | દીપક જયેન્દ્રભાઈ મહેતા | ૬. | હીરેન હંસરાજ સતરા | ૧૧. | મણિલાલ ખીમજી છાડવા |
| ૨. | કૌશિક ભાઈચંદ શાહ | ૭. | નલીન મગનલાલ શાહ | ૧૨. | મહેન્દ્ર નાનચંદ સંઘવી |
| ૩. | પ્રભુલાલ મણિલાલ વોરા | ૮. | જયંતીલાલ વેલજી ગઢેચા | ૧૩. | જયંતીલાલ મૂલચંદ વોરા |
| ૪. | બુધ્ધિધન હીરાલાલ શાહ | ૯. | પ્રવીણચંદ્ર ચમનલાલ શાહ | ૧૪. | ધીરજલાલ ખીમજી સંગોઈ |
| ૫. | રાજેશ હીરાલાલ શાહ | ૧૦. | મનીષ મનસુખલાલ ત્રેવડિયા | | |

*તમારા ગુસ્સાને સહનશક્તિ વડે કાબૂમાં લો.*

# સમાજ સુરક્ષા સમિતિ

## સમાજે અપનાવેલ "શ્રાવક આરોગ્યમ્" તબીબી વીમા યોજના

સમાજના સભ્યોને આ યોજનાની લગભગ જાણકારી મળી ગયેલ છે તેમ આ યોજના પ.પૂ.શ્રી નયનપદ્મસાગરજી મહારાજની પ્રેરણાથી જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન (J.I.O.) અને નેશનલ ઈન્સ્યુરન્સ કંપનીના સહયોગથી ભારતભરના જૈનો માટે જાહેર કરવામાં આવેલ છે.

જૈન સભ્યો તેમજ પરિવારો માટે ખૂબજ લાભદાયક એવી આ યોજનાને અપનાવી સભ્ય પરિવારોને તેનો લાભ લેવાનો અનુરોધ કરવાનો તેમજ તેના પ્રીમિયમમાં પણ સમાજ તરફથી વળતર આપવાનો ટ્રસ્ટ મંડળે નિર્ણય લીધો.

આ નિર્ણયના અમલ માટે તાત્કાલિક ફોર્મ છપાવી સભ્ય પરિવારોને મોકલ્યા અને લાભ લેવાનો અનુરોધ કર્યો. જેના પરિણામે તા. ૭-૯-૨૦૧૪ના સ્વામિવાત્સલ્યના દિવસની આસપાસ સમાજના ૧૩૦ વ્યક્તિગત તેમજ ૧૬૩ પરિવારોએ લાભ લીધેલ છે.

આ યોજનાની વિગત ટૂંકમાં નીચે મુજબ છે.

### વ્યક્તિગત

- ★ વીમાની રકમ : રૂા. ૨,૦૦,૦૦૦/- (બે લાખ)
- ★ ઉંમર : ૦ થી ૮૦ વર્ષ
- ★ પ્રીમિયમ બધી ઉંમર માટે : રૂા. ૧૮૦૦/-
- ★ સમાજનું વળતર : રૂા. ૫૦૦/-
- ★ આકસ્મિક મૃત્યુ તથા કાયમી ખોડનો વીમો : રૂા. ૧૦,૦૦,૦૦૦/- (દસ લાખ)

### પારિવારિક વીમો (ફેમિલી ફ્લોટર)

- ★ વીમાની રકમ રૂા. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ)
- ★ ઉંમર : ૦ થી ૮૦ વર્ષ
- ★ પ્રીમિયમ : ૨ થી ૬ વ્યક્તિઓ માટે : રૂા. ૭૨૦૦/-
- ★ સમાજનું વળતર : રૂા. ૨૦૦૦/-
- ★ પરિવારમાં મુખ્ય વ્યક્તિ (પ્રપોઝર) પતિ અથવા પત્ની, ૨૫ વર્ષથી નીચેના બે બાળકો તથા પ્રપોઝરના માતા-પિતા
- ★ આકસ્મિક મૃત્યુ તથા કાયમી ખોડનો વીમો મુખ્ય વ્યક્તિ (પ્રપોઝર)ને દસ લાખ તથા અન્ય નોમિની હોય તો રૂા. ૫ લાખનો વીમો એક જ વ્યક્તિને.

*ઉપરાંત આ યોજનાની ખાસ વિશેષતાઓ (જે સામાન્ય રીતે લેવાતા વીમામાં નથી મળતી) એ નીચે મુજબ છે :*

૧. બધી ઉંમર માટે સરખું જ પ્રીમિયમ.
૨. જૂના દરદો પણ સાથે જ કવર થાય.
૩. ૯ માસ બાદ મહિલા પ્રસૂતિ પણ કવર થાય.
૪. ગોઠણના સાંધાનું રીપ્લેસમેન્ટ ૧ વર્ષ બાદ કવર થાય.

બાકી બધા દરદોનું તાત્કાલિક કવરેજ મળે.

તા. ૭-૯-૨૦૧૪ના સ્વામિવાત્સલ્યના દિવસે સભ્યોના પ્રતિસાદને પહોંચી વળવામાં સમાજના યુવા સ્વયંસેવકો સર્વશ્રી પીયૂષ સાવલા, નૈતિક શાહ, કીર્તિ શાહ, ભાવેશ દંડ, નિકુલ વોરા, તુષાર સૈયા, રાજીવ મહેતા તથા કુ. નિરાલી મૈશેરી ઉપરાંત વાગડ સાત ચોવીસી હોસ્ટેલના વિદ્યાર્થીઓ મેહુલ, નીરવ, ભાવિક, સંજય, વિવેક, વિરલ તથા કુ. ભવ્યાનો સહકાર મળેલ હતો. જેથી ફોર્મની પ્રાથમિક ચકાસણીનું કાર્ય સરળ થઈ ગયું હતું.

ફોર્મની છેવટની ચકાસણીમાં સમિતિના કન્વીનર ઉપરાંત કે.ડી. શાહ, જશવંતભાઈ કોઠારી તેમજ ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ દિવસ દરમ્યાન હાજરી આપી હતી.

બીજા દિવસે તા. ૮-૯ના પણ ફોર્મ આવવાનું ચાલુ રહેતાં સમિતિના કન્વીનર તથા સભ્યો ઉપરાંત ભાઈશ્રી દીપ તથા ધવલે પણ પૂરા દિવસ હાજરી આપી હતી.

ત્યારબાદ દરેક ફોર્મની તથા ચેકની પૂરી વિગત કોમ્પ્યુટરમાં લેવામાં, દરેક ફોર્મની ઝેરોક્ષ નકલ કરવામાં તેમજ આવેલ ચેકની રકમ તપાસી બેંકમાં ભરવામાં સમાજના સ્ટાફનો પૂરો સહયોગ બે દિવસ દરમ્યાન મળેલ હતો.

છેલ્લે આપણા પ્રતિનિધિ તરીકે શ્રી જશવંતભાઈ કોઠારીએ જાતે મુંબઈ જઈ J.I.O.ની ઓફિસમાં બધા ફોર્મ તથા પ્રીમિયમનો ચેક તા. ૧૧-૯ના રોજ પહોંચાડેલ.

આ રીતે સમાજની કુલ ૮૬૦ નાની મોટી વ્યક્તિઓને આરોગ્ય વીમાનો તેમજ ૨૯૩ વ્યક્તિઓને આકસ્મિક મૃત્યુ તથા કાયમી ખોડના વીમાનો લાભ મળેલ છે.

હાલ જેઓના ફોર્મ મોકલાયા છે તે સભ્ય પરિવારોને ખાસ જણાવવાનું કે આ યોજના તા. ૧-૮-૨૦૧૪થી જ લાગુ થઈ ગઈ છે. મુંબઈ સિવાયની જગ્યાએ મોડી જાણ થતાં તેઓનો વીમો તા. ૧-૧૦-૨૦૧૪થી શરૂ થશે. મતલબ ૧૦ મહિનાનો જ વીમો મળશે. આવતા વરસે પોલિસીઓ તા. ૧-૮-૨૦૧૫થી રિન્યુ થશે. એટલે નવું પ્રીમિયમ જે નક્કી થાય એ જુલાઈની આખરે ભરવાનું રહેશે.

હજુ બાકી રહી ગયેલ પરિવારોના ફોર્મ આવે છે, પણ મુંબઈ J.I.O. પાસેથી સંમતિ મળશે તો જ મોકલી શકાશે.

સિવાય કોઈપણ સભ્ય અથવા પરિવારનો ક્લેઈમ થાય તો વીમા કંપનીના નિયમ મુજબ બધા જ કાગળો અસલ આપવાના રહેશે અને તેઓના અન્ય બધા નિયમો લાગુ પડશે. હોસ્પિટલમાં દાખલ થવાના પ્રસંગમાં વીમા કંપનીના TPA મે. પેરેમાઉન્ટ

*સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ કરવાથી સાધુતા આવે છે.*

ઈન્સ્યુ. બ્રોકર્સ પ્રા.લિ.ને ૨ દિવસમાં જ (ઈમરજન્સી સિવાય) જાણ કરવાની રહેશે. TPAની મુંબઈ ઓફિસે હાલ ફોનથી જાણ કરી શકાશે. ફોન : ૯૧-૭૫૦૬૬૫૪૯૫૧ થી ૧૦ (૧૦ લાઈન)

તેમની અમદાવાદ ઓફિસ કાર્યરત થતાં સરનામું અને ફોન નંબર 'મંગલ મંદિર'માં આપવામાં આવશે.

આ રીતે ૧૬૩ ફેમિલી ફ્લોટર તથા ૧૩૦ વ્યક્તિગત સભ્યોનું પ્રીમિયમ સમાજે રૂા. ૧૪૦૭૬૦૦/- ભરેલ છે. જેનો હિસાબ નીચે મુજબ છે :

**સભ્યો પાસેથી મળેલ રકમ :**

| | |
|---|---|
| ★ ફેમિલી ફ્લોટર ૧૫૨ ફોર્મ દરેકના રૂા. ૫૨૦૦/- | ૭૯૦૪૦૦/- |
| ★ વ્યક્તિગત ૧૧૧ ફોર્મ દરેકના ૧૩૦૦/- | ૧૪૪૩૦૦/- |
| ***સભ્યો પાસેથી મળેલ કુલ રકમ*** | ***૯૩૪૭૦૦/-*** |

**સમાજ તરફથી ઉપરના ફોર્મમાં વળતર**

| | |
|---|---|
| ★ ફેમિલી ફ્લોટર ૧૫૨ ફોર્મ x ૨૦૦૦/- | ૩૦૪૦૦૦/- |
| ★ વ્યક્તિગત ૧૧૧ ફોર્મ x ૫૦૦/- | ૫૫૫૦૦/- |
| ***ઉપરના સભ્યોને કુલ વળતર*** | ***૩૫૯૫૦૦/-*** |

**સમાજ તરફથી પૂરું પ્રીમિયમ ભરાયું**

| | |
|---|---|
| ★ ફેમિલી ફ્લોટરના ૧૧ x ૭૨૦૦/- | ૭૯૨૦૦/- |
| ★ વ્યક્તિગતના ૧૯ x ૧૮૦૦/- | ૩૪૨૦૦/- |
| ***સમાજ તરફથી પૂરું પ્રીમિયમ*** | ***૧૧૩૪૦૦/-*** |

**કુલ રકમ :**

૯૩૪૭૦૦/- + ૩૫૯૫૦૦/- + ૧૧૩૪૦૦/-

**= રૂા. ૧૪૦૭૬૦૦/-**

છેલ્લે, સમાજે આ અભિયાન સભ્યોના લાભાર્થે સેવાભાવે શરૂ કરેલ છે. ભવિષ્યમાં ક્લેઈમ વખતે સમાજની કોઈપણ જાતની નાણાંકીય કે અન્ય જવાબદારી રહેશે નહિ. સમાજ માત્ર સહાયરૂપ થઈ શકે.

*જરૂર પડ્યે સંપર્ક :*

*મગનલાલ સંઘવી : ૨૬૮૭૧૯૨૫*
*જશવંતભાઈ કોઠારી : ૯૮૨૫૧ ૪૨૩૯૭*
*ડૉ. ચંદ્રકાંત દેઢિયા : ૯૭૨૬૮ ૨૦૧૮૪*

***સમાજ સુરક્ષા સમિતિ***
***કન્વીનર : મગનલાલ સંઘવી***

## મેડિકલ સેન્ટરના ડૉક્ટરો સાથે વાર્ષિક સ્નેહમિલન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરના વિઝિટિંગ ડૉક્ટર્સ માટે વાર્ષિક સ્નેહ મિલનનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૧૪-૯-૨૦૧૪ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સેન્ટરના પ્રારંભિક મુખ્ય દાતાશ્રીઓ પૈકી નવનીત ગ્રુપ વતી શ્રી શાંતિભાઈ ગાલા તેમજ અન્ય દાતા પરિવારમાંથી શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા, તેમના પુત્ર રૂપેશકુમાર અને તેમની પત્ની શ્રીમતી શીતલ સાવલાની હાજરી ધ્યાનાકર્ષક હતી.

મેડિસિન વિભાગના ડૉ. શિલ્પા તોશ્નીવાલ દ્વારા ભક્તિમય પ્રાર્થના થયા બાદ કાર્યક્રમનો આરંભ થયેલ હતો. આ અવસરે સમાજના પૂર્વ ઉપપ્રમુખ તેમજ તબીબી સેવા સમિતિના કન્વીનર સ્વ.શ્રી કાંતિભાઈ સાવલાને ખાસ યાદ કરીને શબ્દાંજલિ અર્પિત કરવામાં આવી હતી. ત્યારબાદ સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે સર્વેને આવકારીને મેડિકલ સેન્ટરના મુખ્ય દાતાશ્રીઓના પરિવારજનોની ઉપસ્થિતિ બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત સમાજના સર્વે હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ તેમજ પૂર્વપ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ અહીંના મેડિકલ સેન્ટરમાં ડૉક્ટર વર્ગની કામગીરીને બિરદાવેલ હતી. ડૉ. દેઢિયાએ જનરીક મેડિસિનના વપરાશ પર ભાર મૂક્યો હતો. જ્યારે તબીબી સેવા સમિતિના કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલાએ મેડિકલ સેન્ટરની કામગીરી, ઉપલબ્ધ સેવાઓ તેમજ ભવિષ્યની યોજના વિષે દરેકને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ કેટલાક ડૉક્ટર્સ તરફથી મેડિકલ સેન્ટરની કામગીરી સંબંધી વિવિધ પ્રકારની રજૂઆત કરવામાં આવી હતી. આ અવસરે ડૉ. ધીરેન શાહ તથા ડૉ. અતુલ ધરોડ અત્રેના આમંત્રણને માન આપીને ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. ધીરેન શાહે પણ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. ઉપરોક્ત કાર્યક્રમમાં ડૉક્ટર પરિવાર, સમાજના હોદ્દેદારો, તબીબી સેવા સમિતિના હોદ્દેદારો અને સભ્યો મળીને કુલ ૮૫ જેટલા સભ્યો હાજર હતા. કાર્યક્રમની શરૂઆતમાં તબીબી સેન્ટરના સંચાલકો શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, ડૉ. દક્ષાબહેન રામાવત તથા શ્રી પીન્ટુ પટેલે ઉપસ્થિત સર્વે મહાનુભાવોને આનંદદાયક રમતો રમાડી હતી. અંતે ડૉ. હિતેન્દ્ર શાહે આભારવિધિ કરી હતી. ત્યારબાદ પ્રીતિભોજનની લિજ્જત સૌએ માણી હતી.

***કન્વીનર : તબીબી સેવા સમિતિ***

***કોઈપણ દેશની તાકાત નાના વિચારો ધરાવતા મોટા માણસો દ્વારા નથી વધતી પરંતુ મોટા વિચારો ધરાવતા નાના માણસો દ્વારા વધે છે.***

*– સ્વામી રામતીર્થ*

*માણસની પ્રતિષ્ઠા એના કાર્ય દ્વારા જ પ્રગટે છે.*

## સરસ્વતી સન્માન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનોમાંથી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થીને અભિનંદન.

ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓને સમાજ તરફથી સન્માનિત કરવામાં આવશે તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને યોગ્ય પ્રમાણપત્ર આપીને નવાજવામાં આવશે.

આ વર્ષે "સરસ્વતી સન્માન"નો કાર્યક્રમ તા. ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ બપોરે ૩.૦૦ વાગે પાલડી શ્રી કચ્છી જૈન ભવન ખાતે રાખવામાં આવેલ છે. જેની નોંધ લેવા વિનંતી.

ધોરણ-૮ અને તેનાથી ઉપરના વિદ્યાર્થીઓની યાદી બનાવવા માટે આ અંકમાં અન્યત્ર છાપેલ ફોર્મ ભરીને સંસ્થાના કાર્યાલયમાં તા. ૩૧-૧૦-૨૦૧૪ સુધી મોકલાવી આપશો.

સમાજના નિયમાનુસાર વિદ્યાર્થીઓના નામોની યાદી તૈયાર થશે. સંબંધિત વિદ્યાર્થીઓને પોતાના ઈનામ ઉપર જણાવેલ કાર્યક્રમમાં જ મેળવી લેવાના રહેશે. (ત્યારબાદ ક્ષમા).

*કન્વીનર : પંકજ ગોગરી (૯૪૨૮૮ ૦૬૮૮૨)*
*પુરસ્કાર સમિતિ*

## મહિલા ઉત્કર્ષ સમિતિ

### આગામી કાર્યક્રમ

★ **LIVE COOKING SHOW (કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન)**

સમિતિએ કૂકિંગ ડેમોન્સ્ટ્રેશનનું આયોજન કરેલ છે. જેમાં દિવાળીને અનુલક્ષીને વાનગીઓ પસંદ કરેલ છે. આપ સૌને હાજરી આપવા હાર્દિક આમંત્રણ છે.

- *તારીખ : બુધવાર, તા. ૧૫-૧૦-૨૦૧૪*
- *સમય : બપોરે ૨.૩૦ વાગ્યાથી*
- *રજિસ્ટ્રેશન ફી : રૂા. ૫૦/-*
- *રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ : તા. ૧૪-૧૦-૨૦૧૪*
- *રજિસ્ટ્રેશન માટેનું સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

★

### મહિલા સુરક્ષા વિષે ચિંતન ચર્ચા

*જે અંતર્ગત*

૧. મહિલાઓની સુરક્ષા માટે પોલીસ PSI દ્વારા કાયદાકીય માહિતી.

૨. સ્વસુરક્ષા માટે માર્શલ આર્ટ એક્ષપર્ટ દ્વારા લાઈવ ડેમોન્સ્ટ્રેશન.

૩. ૧૦૯૧ મહિલા સુરક્ષા હેલ્પલાઈન વિષે અગત્યની સમજ.

*વગેરે મુદ્દાઓ આ સેમિનારમાં આવરી લેવામાં આવશે.*
*આ કાર્યક્રમની તારીખ / વાર નક્કી થયે જણાવવામાં આવશે.*
*જેના માટે વાંચતા રહો "મંગલ મંદિર"*

*કન્વીનર : સુલુ જલદીપ શાહ*

**Dalal**
**S. Nitinkumar & Co.**
CANVASSING AGENT
115/1-B, Sindhi Commercial Market,
Kalupur, Chokha Bazar, Ahmedabad-380 002.
**Ph. : (O) 22120051, 22124474, 22123210**
**(R) 22867064, 22865433**
**M. : 93761 14024 (Nitinbhai),**
**93772 09530 (Dhami)**
★
Sister Concern
**SUCHIT TRADING CO.**
Gali L, No.-12, A.P.M.C. Market No.-2,
Phase-II, Sector-19, Vashi,
New Mumbai-400 703.
Ph. : (022) 27651033, 27651037, 32997068
M. : 93200 89056 (Suchitbhai)

**કચ્છજો માડુ...**
કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.
*– રશ્મિન્ ખોના (મુંબઈ)*
**MAYUR PEER**
**NATIONAL ENTERPRISES**
CLEARING, FORWARDING
SHIPPING & TRANSPORT AGENT
277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : (022) 2266 3097, 3254 7879**
**Fax : (022) 2267 3098**
**E-mail : mumbai@burleighintl.com**
**E-mail : mp@nealmp.com**
**Website : www.burleighintl.com**
**Website : www.nealmp.com**

## શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ

★ **નવેમ્બર-૨૦૧૪**

**How to Study? Std. 8th to 12th (8 Hours)**

વર્ષ દરમ્યાન કેવી રીતે સિસ્ટમેટીક ભણતર કરવું અને વર્ષનું ટાઈમટેબલ બનાવી દરેક પ્રવૃત્તિને સરખો ન્યાય આપી આનંદ સાથે ભણતર કરવું. ધોરણ-૮થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ૧ દિવસનો સેમિનાર — ૮ કલાક માટે.

★ **નવેમ્બર-૨૦૧૪**

**Role of Parents – Do's & Do-Not's**

**(For the parents of children of Std. 8th to 12th) – 4 Hours**

મા-બાપનો રોલ અને મા-બાપે ભણતા સંતાનો સાથે કઈ રીતનો વ્યવહાર કરવો અને તેઓને કઈ બાબત માટે રોકવા કે ન રોકવા તેની સમજણ આપતો સેમિનાર. તે જ રીતે બાળકો (વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ)એ પણ ભણતર દરમ્યાન કઈ બાબતોને મહત્ત્વ આપવું અને કઈ બાબતોને છોડવી તે અંગેની સમજ આપવી. એક દિવસ માટે ૪ કલાકનો સમય મા-બાપ અને વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ માટે અલગ અલગ સેમિનાર.

★ **ડિસેમ્બર-૨૦૧૪**

**Career Planning starts at Std. 8th**
**Students of Std. 8th / 9th**

કેરિયર પ્લાનિંગ ધોરણ-૮/૯ના વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ, ધોરણ-૮થી વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓનો ટ્રેક રેકોર્ડ રાખીને તેમને ગાઈડન્સ આપી યોગ્ય કેરિયર માટેના સલાહ-સૂચનો આપવા.

★ **ડિસેમ્બર-૨૦૧૪**

**Checklist for Science Students Std.11th & 12th**

ધોરણ ૧૧-૧૨ના સાયન્સના વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ માટે ચેકલીસ્ટ ડિસેમ્બર-૨૦૧૪ દરમ્યાન.

★ **જાન્યુઆરી-૨૦૧૫**

**Student Age 11 to 15/16**

બાળકનું વ્યક્તિત્વ ખીલવો. જેના માટે ૧૧થી ૧૫-૧૬ વર્ષના વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ માટે એક દિવસ અને એક રાત માટેનો પ્રવાસ કાર્યક્રમ. (જ્ઞાન સાથે ગમ્મત.)

★ **તા. ૧થી ૧૦ એપ્રિલ, ૨૦૧૫**

**Workshop for Career guidance and prospects in different educational celebers.**

૧થી ૧૦ એપ્રિલ, ૨૦૧૫ દરમ્યાન ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ માટે કેરિયર ગાઈડન્સ અને ભવિષ્યમાં કઈ લાઈન લેવાથી તેમાં થતા ફાયદા - નુકસાનની માહિતી તથા વિવિધ લાઈનમાં આગળના સંભવિત પ્રોસ્પેક્ટ્સની માહિતી. ૧૦ દિવસનો પૂર્ણ સમયનો સેમિનાર. જેમાં વિવિધ ફેકલ્ટીના લેક્ચરર, ઈન્ડસ્ટ્રીયલ અને શૈક્ષણિક સંસ્થાની રૂબરૂ મુલાકાત, જ્ઞાન સાથે ગમ્મતસભર કાર્યક્રમ.

ઉપરોક્ત કાર્યક્રમોમાં ભાગ લેવા માટે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે અમીષા ભાવસારનો સંપર્ક કરવો.

*કન્વીનર : હીરેન કે. શાહ*
*શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ*

## અભિનંદન



**શ્રી અશોક શાહ**

(મો. ૯૩૨૮૮ ૨૬૮૫૯)

ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના સચિવાલયમાં શિક્ષણ વિભાગના સેક્શન અધિકારી વર્ગ-૨ તરીકે સેવા બજાવતા શ્રી અશોક વાડીલાલ સાકરચંદ શાહ (દરશડી)ને તાજેતરમાં વર્ગ-૧ ની કક્ષામાં ઉપસચિવની બઢતી મળેલ છે. તે મુજબ હાલે તેઓશ્રી શહેરી વિકાસ અને શહેરી નિર્માણ વિભાગના ઉપસચિવ તરીકે પોતાની ફરજ બજાવી રહ્યા છે.

તેઓશ્રી ઉત્તરોત્તર પ્રગતિ સાધે તેવી શુભકામના....


**JNK Lifters Pvt. Ltd.**
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts

Kunal Gala - Director
Cel : +91 9833118836

Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ઓગસ્ટ / સપ્ટેમ્બર - ૨૦૧૪

● **બુધવાર, તા. ૩-૯-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી. ૧૦ ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. કચ્છના વિવિધ ગામોમાં આગામી દિવસોમાં વૃક્ષારોપણ કરવાની માહિતી પર્યાવરણ સમિતિના કન્વીનર ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ આપેલ હતી. ત્રણે ભવન તથા આવાસ યોજનાની ઈમ્પેક્ટ ફી બાબતે જરૂરી કાર્યવાહી ચાલુ છે તેમ જણાવાયું હતું. સમાજ સુરક્ષા સમિતિ દ્વારા વિવિધ નીતિનિયમો નક્કી થઈ ગયેલ છે, જેને આગામી ટ્રસ્ટ મંડળની મીટિંગમાં રજૂ કરી યોગ્ય નિર્ણય લેવાશે. સમાજના સભ્યોને મેડિક્લેઈમ / એક્સિડન્ટ વીમાની "શ્રાવક આરોગ્યમ્" પોલીસીનો લાભ આપવા બાબત ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ વિગતવાર રજૂઆત કરેલ. જે સભ્યો આ યોજનામાં જોડાય તેમને વ્યક્તિગત રૂા. ૫૦૦/- તથા પરિવારદીઠ રૂા. ૨૦૦૦/- વીમાના પ્રીમિયમમાં સબસીડી આપવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું.

● **શનિવાર, તા. ૬-૯-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન પર શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિની એક મીટિંગ મળેલ. જેમાં વર્ષ દરમ્યાનના કાર્યક્રમો તેમજ તેને અંતર્ગત આગામી કાર્યક્રમો અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવેલ.

● **રવિવાર, તા. ૭-૯-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો બાવનમો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ, સ્વામિવાત્સલ્ય જમણવાર તથા સામૂહિક ક્ષમાપનાનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવેલ. કુલ ૧૬૦૦ જેટલી વ્યક્તિઓએ લાભ લીધેલ હતો. પુરસ્કાર સમિતિ દ્વારા ધોરણ ૧ થી ૭ના ઉત્તીર્ણ થયેલ બધા જ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવેલ. વર્ષ દરમ્યાન યોજાયેલ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન કરી તેમને ટ્રોફી એનાયત કરવામાં આવેલ. 'મંગલ મંદિર'ના વર્ષ ૨૦૧૩-૧૪ના શ્રેષ્ઠ ત્રણ લેખકો તથા આંજો કાગર વિભાગમાં શ્રેષ્ઠ કાગળ લખનાર ત્રણ વ્યક્તિઓ પૈકી ઉપસ્થિત લેખકોનું પણ બહુમાન કરવામાં આવેલ. તથા 'મંગલ મંદિર' આકર્ષક પુરસ્કાર યોજના અંતર્ગત જાહેર થયેલા ૧૧ વિજેતાઓ પૈકી હાજર વ્યક્તિઓને પુરસ્કાર આપવામાં આવેલ. આ પ્રસંગે યોજવામાં આવેલ સમારંભમાં અતિથિ વિશેષ તરીકેનું સ્થાન નવનીત પરિવારના શ્રી શાંતિલાલભાઈ રામજી ગાલાએ શોભાવ્યું હતું. આ અવસરે આયોજિત બ્લડ ડોનેશન કેમ્પનું ઉદ્‌ઘાટન તેમના વરદ્ હસ્તે કરવામાં આવેલ. જેમાં ૭૦ જેટલી વ્યક્તિઓએ રક્તદાન કરેલ હતું. બ્લડ ડોનેશન કેમ્પના પ્રેરક ડૉ. એસ.કે. નંદા, I.A.S., એડિશનલ ચીફ સેક્રેટરી - હોમ ડિપાર્ટમેન્ટ - ગુજરાત રાજ્ય — બ્લડ ડોનેશન કેમ્પના સમયે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓશ્રીએ ભવન પર ચાલતા મેડિકલ સેન્ટરના વિવિધ વિભાગોની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી. સંસ્થાના પ્રમુખશ્રી તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ તેમજ તબીબી સેવા સમિતિના કન્વીનરશ્રી તેમજ તેના સભ્યો તેમની સાથે રહ્યા હતા. અને સમાજ પર ચાલતી વિવિધ પ્રવૃત્તિઓથી પણ તેમને વાકેફ કરવામાં આવેલ હતા. 'શ્રાવક આરોગ્યમ્' પોલીસી અંતર્ગત બહોળી સંખ્યામાં સભ્યોએ પોતાના ફોર્મ્સ આ કાર્યક્રમ દરમ્યાન ભરીને જમા કરાવેલ હતા.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા (કચ્છ - બાંઢિયા)નું તા. ૫-૯-૨૦૧૪ના રોજ અવસાન થયેલ. તેમના પરિવાર દ્વારા સમાજના સાંસ્કૃતિક હોલ ખાતે તા. ૭-૯-૨૦૧૪ના રોજ સાંજે ૪.૩૦થી ૬.૦૦ વાગ્યા દરમ્યાન પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવેલ. સભામાં બહોળી સંખ્યામાં લોકોની હાજરી હતી. તે દરમ્યાન શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - અમદાવાદ તરફથી શ્રી નવીન લાલકાએ શોક ઠરાવ વાંચી સંભળાવેલ તથા અન્ય સંસ્થાઓ અને વ્યક્તિગત રીતે આવેલ શોક સંદેશાઓ પણ વાંચવામાં આવેલ હતા.

તે દિવસે સાંજના ૬.૦૦ વાગ્યાથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી સંસ્થાના મે. ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડના પ્રમુખપદે સદ્‌ગત શ્રી વીરેન્દ્રભાઈ લોડાયાના દુઃખદ નિધન બદલ એક શ્રધ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ, સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલા, તત્કાલીન પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા વગેરેએ સદ્‌ગતની સમાજ પ્રત્યેની લાગણી અને કામગીરીનો ઉલ્લેખ કરીને શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી.

● **રવિવાર, તા. ૧૪-૯-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન પર શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિની એક મીટિંગ મળેલ. જેમાં વર્ષ દરમ્યાનના કાર્યક્રમો

*તમારે સમસ્યા હોય તો મિત્ર પાસે વિના આમંત્રણ પહોંચી જાવ.*

તેમજ તેને અંતર્ગત એપ્ટિટ્યૂડ ટેસ્ટના એક કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ. બેઠકમાં સમિતિના કન્વીનરશ્રી તેમજ સમિતિના કેટલાક સભ્યો ઉપસ્થિત હતા.

★ શ્રી કચ્છી જૈન ભવન પરના સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે મેડિકલ સેન્ટરમાં સેવા આપતા ડૉક્ટરોના વાર્ષિક સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજેલ હતો. કાર્યક્રમ દરમ્યાન મેડિકલ સેન્ટરના મુખ્ય દાતાશ્રી નવનીત પરિવારના શ્રી શાંતિલાલભાઈ રામજી ગાલા તથા મેડિકલ ચેક-અપ સેન્ટરના દાતા શ્રીમતી પ્રભાવતીબેન કાંતિલાલ વેલજી સાવલા તથા શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા અને તેમના પત્ની શ્રીમતી શીતલ સાવલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ડૉક્ટરો બહોળી સંખ્યામાં તેમના પરિવાર સાથે ઉપસ્થિત રહેલ હતા. શ્રી શાંતિલાલભાઈ ગાલાએ તેમની ઉત્તમ સેવા બદલ અભિનંદન પાઠવેલ હતા. મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિન હીરજી સાવલાએ મેડિકલ સેન્ટરની પ્રગતિ અર્થે વિગતવાર માહિતી રજૂ કરેલ હતી અને તમામ ડૉક્ટર્સ તથા સ્ટાફ વર્ગને તેમની કામગીરી બદલ બિરદાવેલ હતા. કાર્યક્રમ દરમ્યાન સંસ્થાના પ્રમુખશ્રી તથા મેડિકલ સમિતિના બધા સભ્યોએ મેડિકલ સેન્ટરની વધુમાં વધુ પ્રગતિ થાય તેવા સંકલ્પો રજૂ કરેલ હતા. કાર્યક્રમ દરમ્યાન ટ્રસ્ટીશ્રીઓએ તબીબી સેવા સમિતિના સભ્યશ્રીઓએ તેમજ દરેક ડૉક્ટરોએ પોતાનો પરિચય આપેલ. મેડિકલ સેન્ટરના વિકાસ અને વધુ પ્રગતિ માટે ડૉક્ટર્સ દ્વારા વિવિધ પ્રકારના મંતવ્યો રજૂ કરવામાં આવેલ હતા. ■

## શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ

શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળે, મંડળની ત્રણ બહેનો જેમણે ૭૫ વર્ષ પૂરા કર્યા (૧) શ્રીમતી પ્રભાવતી વિજયસેન શાહ, (૨) શ્રીમતી સવિતાબહેન પ્રભુલાલભાઈ વોરા અને (૩) શ્રીમતી પ્રભાવતી સૂરજલાલભાઈ મહેતાનું સાડી ઓઢાડી એમનું બહુમાન કર્યું હતું.

● **મંડળને ભેટ :**

શ્રીમતી રમીલાબહેન સુરેશભાઈ કોઠારી તરફથી એમની માસક્ષમણની તપશ્ચર્યા નિર્વિઘ્ને પૂર્ણ થયાની ખુશાલીમાં મંડળને રૂા. ૭૦૧/-ની ભેટ મળેલ છે. મંડળ તેનો સાભાર સ્વીકાર કરે છે.



*શ્રીમતી પ્રભાવતી વિજયસેન શાહનું બહુમાન*



*શ્રીમતી સવિતાબેન પ્રભુલાલ વોરાનું બહુમાન*



*શ્રીમતી પ્રભાવતીબેન સૂરજલાલભાઈ મહેતાનું બહુમાન*

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ ● ***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

# ઊડતી નજરે....

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| | | **માસ ઓગસ્ટ-૨૦૧૪ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ** | |
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ..........** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | • | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૧૧,૧૩૭** |
| | | જેમાંથી – | |
| | • | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.......... **૩૨૯** | |
| | • | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૩૩** | |
| | • | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .......... **૧૭** | |
| | • | સોનોગ્રાફી.......... **૯૮૨** | |
| | • | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) .......... **૨૬** | |
| | • | બોડી ચેક-અપ .......... **૩૩૯** | |
| | • | અન્ય .......... **૯,૪૧૧** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૭૦૫** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......... **૩,૫૬૦** | **૪,૨૬૫** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | • | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૨,૪૦૯** | |
| | • | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૫,૪૧૬** | |
| | • | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૩૯૩** | |
| | • | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... **૭૫૪** | |
| | • | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ.. **૧૯૬** | **૯,૧૬૮** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૩૬૦** | **૩૬૦** |
| | | માસ ઓગસ્ટ - ૨૦૧૪ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | **૨૪,૯૩૦** |

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૧૪માં ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ____________________
(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

૨૦૧૨ના વસતિ પત્રક મુજબ પરિવાર ક્રમાંક : __________ ફોન : __________ મોબાઈલ : __________

કચ્છમાં ગામ __________ તાલુકો __________ જ્ઞાતિ/પેટા જ્ઞાતિ __________

પત્રવ્યવહારનું પૂરું સરનામું ____________________

__________ પીન __________ ફોન __________

તા. – – ૨૦૧૪ વાલીની સહી __________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ - પિતા - દાદા - અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળા/કોલેજનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |

★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સરસ્વતી સન્માનના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા. ★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને - જરૂરી માર્કશીટની ફોટો નકલ સાથે મોકલાવશો. અન્યથા તે ફોર્મ રદ્દબાત્તલ થશે.

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૧-૧૦-૨૦૧૪**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૩૧-૧૦-૨૦૧૪** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબીડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) ધોરણ-૫થી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણ પત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે. **જે વિદ્યાર્થીઓના ગુણપત્રક પછીથી આવવાના હોય તેમણે તેની નોંધ ફોર્મમાં જરૂરથી લખવી.**

(૪) શૈક્ષણિક ક્ષેત્રે કોઈપણ વિશિષ્ટતા મેળવનાર વિદ્યાર્થીઓના ફોર્મ સાથે આવી વિશિષ્ટતાના અધિકૃત પુરાવા (વર્તમાન પત્રમાંના ઉલ્લેખો વગેરે)ની અધિકૃત નકલો સાથે અલગ કાગળ પર ઉલ્લેખ કરવો.

(૫) નીચેની વિગતો અનુસાર ચાલુ વર્ષે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે.

(ક) ધોરણ-૮ અને તેથી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણપત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે.

(ખ) (i) ધો. ૮થી પૂર્વસ્નાતક **(Under graduate)** સુધીના તેમજ સર્ટિફિકેટ, ડિપ્લોમા કે તેમના સમકક્ષ વર્ગની પરીક્ષામાં **૬૦.૦ ટકા ગુણ** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીના GUJCET નું પરિણામ જરૂરથી બીડવું.

(ii) સ્નાતક **(Graduate)** વર્ગની પરીક્ષામાં **૫૦.૦ ટકા** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.

(iii) અનુસ્નાતક **(Post Graduate)** વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર **દરેક વિદ્યાર્થી** પુરસ્કાર પાત્ર છે. આવા વિદ્યાર્થીઓનાં ગુણપત્રકની અધિકૃત નકલો ફોર્મ સાથે બીડવી જરૂરી છે.

(૬) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

***પુરસ્કાર સમિતિ*** **: પંકજ ગોગરી (કન્વીનર), મનીષ વીરા, શ્રીમતી સ્મિતા શાહ, શશીકાન્ત ગાલા, વિમેશ શાહ, અમીબેન શાહ, રોહિત સંઘવી**

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*





**નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....**

# જીવદયાપ્રેમીઓ દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

**કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો, લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.**

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

**કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.**

**ભજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)**

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

**: મુંબઈ ઓફિસ :**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

Wishing You All
Happy Diwali
&
Prosperous
New Year

BLUE STAR
INDUSTRIES

www.shilpaworld.com

Chandrakant K. Gada
+91 - 9825069290

STAINLESS STEEL RE-ROLLERS

Plot No. 130, G.I.D.C. Estate, Kalol-382 721. Gandhinagar.
Phone : (02764) 220330, 224330, 227030
E-mail : blustar.indu@yahoo.in

નવું વર્ષ સર્વે મિત્રો,
સ્નેહીજનો તથા
શુભેચ્છકોને
લાભદાયી નીવડે
એ જ
શુભ કામના....



GILL & CO. PVT. LTD.
IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

: BRANCHES :
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN


નવા વર્ષની નવલી શુભકામનાઓ સહિત....
પ્લોટ્સ અને વિલા ૧૫ લાખથી શરૂ
બુકીંગ ચાલુ છે.
સેમ્પલ વિલા તૈયાર છે.
Kalpavriksha
abode
Plots & Villas
@ પંચાસર
શંખેશ્વર
પ્લોટ સાઈઝ- ૫૦૦ વાર અને વધુ ના પ્લોટ્સ
● ૧ BHK - વિલા - ૯૬.વાર
● ૨ BHK - વિલા - ૧૧૫.વાર
સાઈટ એડ્રેસ :
કલશ કુબેરની બાજુમાં, પંચાસર ગામ, શંખેશ્વર, ગુજરાત
ઓફીસ એડ્રેસ :
ચોથો માળ, અંજલી હાઉસ, લાલ બંગલોની સામે, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
Contact :
M : +91 99099 44034 | Ph. : 079 2642 7001/7
Web : www.kalpavrikshaabode.com
ડેવલોપર :
DIAMOND
realty


નૂતન વર્ષ સૌને લાભદાયી નીવડે તેવી મહેચ્છા....
No 'new broom dust'
3X Longer lasting
Washable
Gala®
NO DUST
BROOM
iska bhusa
nahi nikalta!
Superior
Cleaning
Guaranteed

શુભ દિપાવલી અને
નૂતન વર્ષની
સૌને અંતરથી
શુભ કામનાઓ....

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

AN ISO 9001 - 2000 COMPANY

Wishing You all a Very Happy Diwali and Prosperous New Year

ROMAN
GROUP

Give Your Society The Best!













Pest Control

Water Purifier

Water Proofing

Building Facilities

Silicon Acrylic Paint

Water Treatment Plant

Rain Water Harvesting

Solar Water Heating Systems

Tank And Ringwell Cleaning

Property Redevelopment And solutions

Landscaping And Play Equipment For Gardens

Roman Group of Companies
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
www.romangroup.in

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to Post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978

*Wishing You All A Very Happy Diwali & Prosperous New Year....*

## A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

**INDOCEM (INDIA) PVT. LTD.**
**(An ISO 9001: 2000 Certified Company)**

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,